
॥ હરિઃૐ ॥



પૂજ્ય શ્રીમોટા રામનવમી - સાક્ષાત્કારદિન

## સ્મૃતિગ્રંથ

# જીવન સ્ફુલિંગ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા
રામનવમી—સાક્ષાત્કારદિન
સ્મૃતિગ્રંથ

# જીવનસ્ફુલિંગ

: સંપાદકો :


ઈશ્વરભાઈ જે. પટેલ
રમેશ મ. ભટ્ટ
ઈંદ્ર વસાવડા
ઈંદુકુમાર દેસાઈ



હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
દૂરભાષ : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪ / ૨૭૭૧૦૪૬
ભ્રમણભાષ : ૯૭૨૭૭ ૩૩૪૦૦
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑ **આવૃત્તિ વર્ષ પ્રત**

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૧૯૭૩ | ૧૦૦૦ |
| બીજી | ૨૦૧૬ | ૧૦૦૦ |

❑ પૃષ્ઠ : ૧૨ + ૩૨૬ = ૩૩૮

❑ કિંમત : **રૂ. ૭૫/-**

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ **મુદ્રણશુદ્ધિ :** જયંતીભાઈ જાની, ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ **ટાઈટલ ડિઝાઈન :** મયૂર જાની, મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ અક્ષરાંકન : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૩૮૦૦૧૪, ભ્રમણભાષ : ૯૩૨૭૦ ૩૬૪૧૪
Email : kanubhai.arth@gmail.com

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
દૂરભાષ : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાનાં આશીર્વચન

(અનુષ્ટુપ)

પોતાના ભક્તનું કર્મ શૂરો આટોપવા તું શો !
શા કેટકેટલા હાથ મને તે અર્થ બક્ષતો !
જેમણે જેમણે બક્ષી પ્રતિષ્ઠા, કીર્તિ, લક્ષ્મી સૌ,
તેમને તેમને પાદે વંદું ભાવથી દિલ હું.

❊ ❊ ❊

શા કેટકેટલા હાથે જેણે કર્મ કરાવિયું !
કેટલા દિલ ઉત્સાહે જેમણે મથીને કર્યું,
ને માન્યામાં ન આવે જે એવું કર્મ થઈ શક્યું,
યંત્ર બનાવી જેણે પૂરું પાર ઉતારિયું.

એવા અનેક હાથોએ પ્રેમ, ઉત્સાહ, ખંતથી,
હરિના યજ્ઞનું કર્મ કર્યું છે ચહીને મથી.
એવા અનેક હાથોનો માનું આભાર કેટલો ?
પ્રાર્થના, 'તેમનાં કર્મે કૃપા-હાથ સદા હજો.'

નડિયાદ —મોટા
તા. ૩૦-૩-૧૯૭૩

"હું સર્વત્ર વિદ્યમાન છું."

- શ્રીમોટા

'જીવનદર્શન', ૧૧મી આ., પૃ.૪૩૧

# સંપાદકીય

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનો રામનવમી-સાક્ષાત્કારદિનનો ઉત્સવ અમદાવાદમાં ઊજવવાનું નક્કી થયું. એના એક ભાગરૂપે ઉત્સવ સમિતિએ એક સ્મૃતિગ્રંથ પ્રગટ કરવાનો વિચાર અમલમાં મૂક્યો. અને એનું સંપાદન કરવા માટે ઉત્સવ સમિતિએ અમારી પસંદગી કરી એને અમે અમારું સદ્‌ભાગ્ય સમજીએ છીએ. આ નિમિત્તે અમે પૂજ્ય શ્રીમોટાના જીવન અને કાર્યનો વ્યાપક સ્પર્શ પામી શક્યા અને તેઓશ્રી પ્રેરિત લોકકલ્યાણની પ્રવૃત્તિમાં સામેલ થવા નિમિત્ત બની શક્યા છીએ, તેથી ધન્યતા અનુભવીએ છીએ.

પૂજ્ય શ્રીમોટા આવા પ્રકારના સ્મૃતિગ્રંથોના પ્રકાશન માટે સંમતિ આપતા નથી, પરંતુ સ્મૃતિગ્રંથના પ્રકાશન નિમિત્તે જાહેરખબર દ્વારા નાણાં એકત્ર કરી શકાય અને એ નાણાં લોકકલ્યાણનાં કાર્યો પાછળ ખરચી શકાય એટલા પૂરતી સંમતિ આપી છે. તે બદલ અમે તેઓશ્રીના આભારી છીએ.

આ ગ્રંથના આયોજનમાં આ વખતે પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પણ પોતાને અભિવ્યક્તિ કરવાની તક મળે એવો એક ગૌણ હેતુ હોવાથી સંખ્યાબંધ વ્યક્તિઓનો ઉમળકાભર્યો સહકાર અમને મળ્યો છે. એટલે ખરા અર્થમાં એ સર્વ સ્વજનો આ ગ્રંથના સર્જન પાછળ છુપાયેલા સંપાદકો જ છે. અને એથી જ સ્મૃતિગ્રંથનું એક પ્રકારનું નિરાળું સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું છે તથા પૂજ્ય શ્રીમોટાના જીવનનાં વિવિધ પાસાંની છાપ સુરેખ રીતે ઊઠી છે. એ લેખક ભાઈબહેનોએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેનો જે આદર વ્યક્ત કર્યો છે, એ માટે એ સૌનાં અમે ખૂબ જ આભારી છીએ.

આ ગ્રંથના નિર્માણના પ્રત્યેક તબક્કે પૂ. નંદુભાઈએ પૂરાં ખંત, ચીવટ અને ચોકસાઈથી મમતાભર્યું માર્ગદર્શન આપ્યા કર્યું છે. એમના સહકાર, સાથ અને હૂંફને લીધે અમારું આ કામ અમારા માટે હળવું બની શક્યું છે.

આ ગ્રંથમાં કેટલાક ફોટોગ્રાફ્સ મુકાયા છે. પૂજ્ય શ્રીમોટાએ એ અંગે પોતાની સ્પષ્ટ નામરજી દર્શાવેલી. 'પ્રજાના પૈસે મારી પબ્લિસિટી ન કરાય' એમ તેઓશ્રીએ જણાવેલું, પરંતુ વિના ખર્ચે અથવા એ અંગેનો કોઈ વ્યક્તિનો વિશેષ આર્થિક ફાળો હોય તો તે આધારે અમારી માગણી મંજૂર કરી હતી. આ ગ્રંથમાં પૂજ્ય શ્રીમોટાના જીવન અને કાર્યને નિર્દેશતાં સ્થળોની તસવીરો પ્રગટ થઈ છે. તેના સર્જક લેફ. કર્નલ બલવંત ભટ્ટ છે. એમણે આ ફોટોગ્રાફ્સ આ ગ્રંથમાં ઉપયોગમાં લેવા માટે ઉમળકાભરી સંમતિ આપી તે બદલ અમે એમનો આભાર માનીએ છીએ. આર. આર. શેઠની કંપનીના માલિક શ્રી ભગતભાઈ ભૂરાભાઈ શેઠે એના બ્લૉક્સ પોતાને ખર્ચે બનાવરાવી આપ્યા, તે ઉદારતાભરી લાગણી બદલ અમે એમના ઘણા જ આભારી છીએ.

પૂજ્યશ્રી પ્રત્યેના પ્રેમને કારણે આ ગ્રંથનું-સુશોભિત મુખપૃષ્ઠ વિના મૂલ્યે અને કલાત્મક રીતે બનાવી આપવા બદલ ખામગામ (વિદર્ભ) નિવાસી કલાકાર શ્રી લખમસીભાઈ ખોનાનો અમે આભાર માનીએ છીએ.

આ ગ્રંથની છપામણી દરમિયાન ઉત્સવ સમિતિના સભ્યોએ અમારા સંપાદનકાર્યમાં ઘણી જ સક્રિય સહાય આપી છે, તે સહકાર ભૂલી ન શકાય એવો છે.

હરીશ પ્રિન્ટરીના માલિક શ્રી પ્રાણલાલભાઈ અને તેમના કર્મચારીભાઈઓએ રાતદિવસ જોયા વિના જે અવિરત શ્રમ કર્યો છે અને અમારી ત્રુટિઓને સહન કરીને જે સહકાર આપ્યો છે, એથી જ ટૂંકા ગાળામાં આવા દળદાર ગ્રંથનું સમયસર પ્રકાશન થઈ શક્યું છે. એ સર્વનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

'સાહિત્ય મુદ્રણાલય'ના માલિક શ્રી વિષ્ણુભાઈ સોમનાથ પંડ્યાએ આ ગ્રંથના મુખપૃષ્ઠ અને ફોટોગ્રાફ્સ અને શરૂઆતનાં આઠ-દસ પાનાં વિના મૂલ્યે છાપી આપવાની પ્રેમભરી ઉદારતા દર્શાવી, એ બદલ એમનો ઘણો ઘણો આભાર માનીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાના સાક્ષાત્કારદિનના ઉત્સવ નિમિત્તે પ્રકટ થતો આ ગ્રંથ એમની ચેતના સાથે સંપર્ક થવામાં સૌ વાચકોને સહાયભૂત નીવડે એવી પ્રાર્થના કરી પૂજ્ય શ્રીમોટાના આ વિરલ નિમિત્ત-પ્રકાશનને પ્રણામ સહ એમનાં ચરણે ધરીને વિરમીએ છીએ.

આમાં જે ત્રુટીઓ રહી ગઈ છે તે અમારી સંપાદનશક્તિની મર્યાદાને આભારી છે. વાચકો અમને એ બદલ ક્ષમા કરે એવી વિનંતી.

**— સંપાદકો**

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાને ૧૯૩૯ના રામનવમીના પવિત્ર અને કલ્યાણકારી દિવસે કાશી મુકામે પરમ પદનો સાક્ષાત્કાર થયો. એ ધન્ય દિવસની ઉજવણી અમદાવાદમાં કરવાની યોજનાને પૂજ્ય શ્રીમોટાએ પ્રેમભરી સંમતિ આપી.

હરિઃૐ આશ્રમ દ્વારા પૂજ્ય શ્રીમોટા પ્રેરિત જે સમાજોત્થાનની કલ્યાણકારી પ્રવૃત્તિઓ યોજાય છે, એમાં સહાયરૂપ થવાના હેતુથી જ આવા ઉત્સવની પૂજ્ય શ્રીમોટા સંમતિ આપે છે.

જાહેરખબર દ્વારા નાણાં એકત્ર થઈ શકે એ કાજે એક સ્મૃતિગ્રંથ તૈયાર કરવો એવો વિચાર ઉત્સવ સમિતિએ કર્યો. એ વિચારને સાકાર કરી શકાય એ માટે આ ગ્રંથના સંપાદકોની અમને સેવાઓ મળી શકી. આ સ્મૃતિગ્રંથનો જે આકાર નીપજ્યો છે એનો યશ તો આ ગ્રંથના સંપાદકો સર્વશ્રી ઈશ્વરભાઈ પટેલ, ઇંદ્ર વસાવડા, રમેશ ભટ્ટ અને ઇંદુકુમાર દેસાઈને ફાળે જાય છે. એ બદલ ઉત્સવ સમિતિના અમે તમામ સભ્યો તેમના આભારી છીએ.

આ પ્રસંગે પૂજ્ય શ્રીમોટાને અર્પણ થનારી થેલીમાં અમદાવાદનાં અને ગુજરાતનાં અન્ય સ્થળોના દાતાઓએ દાનપ્રવાહ મોકળે મને વિકટ પરિસ્થિતિમાં વહેવડાવ્યો છે. વેપારી પેઢીઓ અને સજ્જનોએ સ્મૃતિગ્રંથમાં જાહેરખબરો આપીને પણ પોતપોતાનો ફાળો આપ્યો છે, તે બદલ અમે એમનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. અમારા કાર્યની સફળતાના એ બધા આધારસ્તંભો છે. પૂજ્ય શ્રીમોટા કહે છે તેમ 'હજારો હાથવાળા ભગવાનના' એ અંશો છે. એમની આ પ્રકારની સહાયને લઈને જ પૂજ્ય શ્રીમોટાની ચેતના સાથે સંકળાયેલ એવી વૈવિધ્યપૂર્ણ સામગ્રીવાળો હંમેશને માટે સાચવી રાખવા જેવો આ સ્મૃતિગ્રંથ 'જીવનસ્ફુલિંગ' પ્રગટ થાય છે.

અમારા આ દેખીતા પુરુષાર્થ પાછળ પૂજ્ય શ્રીમોટાની પ્રેરણાશક્તિ જ કામ કરતી અમે અનુભવી શક્યા છીએ. એ ધન્ય અનુભવનો ઉલ્લેખ પણ ન કરીએ તો એ નગુણાપણું કહેવાય. અમે જ્યાં જ્યાં ફર્યા ત્યાં ત્યાં આવા કપરા કાળમાં પણ અમને ઉમળકાભર્યો આવકાર મળ્યો છે. પૂજ્ય શ્રીમોટાનાં કાર્યો પાછળની મૌલિકતાની પ્રશંસા અને કદર સૌ કોઈએ કરી છે. જે કંઈ રકમ એકત્ર કરી શક્યા છીએ એ આદર્શરૂપ તો નથી જ. છતાં સમાજનું મુખ આવાં કાર્યો પરત્વે વળ્યું છે એની ઝાંખી તો અવશ્ય થઈ છે. અને તેથી સંતોષની લાગણી પેદા થયા વિના રહેતી નથી. 'સમાજને બેઠો કરવાના' પૂજ્ય શ્રીમોટાના આ યજ્ઞમાં આ એક નાનીશી આહુતિ છે, પણ એ થઈ શક્યું તેની પાછળ પૂજ્ય શ્રીમોટાનાં કાર્યનો પ્રભાવ છે.

'અમીન સોસાયટી'ના સભ્યોએ જે ઉત્સાહથી અને ખંતથી આ ઉત્સવના સ્થાન અંગે અને વ્યવસ્થા માટે શ્રમપૂર્વક બોજ ઉઠાવ્યો છે, તે બદલ અમે તેમના આભારી છીએ.

અંતમાં આ ગ્રંથની વાચનસામગ્રી પૂજ્ય શ્રીમોટાનો ચેતનાસ્પર્શ આપે એવી છે. સમાજ એનો યથાયોગ્ય લાભ ઉઠાવશે એવી આશા સહિત પૂજ્ય શ્રીમોટાને પ્રણામ કરી વિરમીએ છીએ.

લિ. સેવકો

**પૂજ્ય શ્રીમોટાના રામનવમી-સાક્ષાત્કારદિન ઉત્સવ સમિતિ**

**શ્રી રમણભાઈ મથુરભાઈ પટેલ**
પ્રમુખ

**શ્રી લક્ષ્મીપ્રસાદ ઉર્ફે સીતારામ ચંદુલાલ અમીન**
મંત્રી

**શ્રી હીરાલાલ હરિલાલ ભગવતી**
ઉપપ્રમુખ

**શ્રી જયંતીલાલ દલાલ**
ખજાનચી

**સભ્યો**

શ્રી હર્ષદ પ્રભુદાસ મહેતા, અમદાવાદ
શ્રી રોહિત જયંતીલાલ ગાંધી, અમદાવાદ
શ્રી ચીમનભાઈ બી. પટેલ, અમદાવાદ
શ્રી ચંદ્રકાંત આર. મહેતા, મુંબઈ
શ્રી હસમુખભાઈ રેશમવાલા, સુરત
શ્રી શશિકાંત રાવજીભાઈ પટેલ, વડોદરા
શ્રી નરસિંહભાઈ ભાવસાર, નડિયાદ
ડૉ. કાંતાબહેન પટેલ, વલ્લભ વિદ્યાનગર
શ્રી રાવજીભાઈ સી. પટેલ, આણંદ
શ્રી ચૂનીભાઈ પટેલ, (ચીખોદરાવાળા) રાજકોટ

# અનુક્રમણિકા


| | ખંડ : ૧ : જીવનપ્રાકટ્ય | | ૧-૩૭ |
|---|---|---|---|
| | **વિષય** | **લેખક** | **પૃષ્ઠ** |
| ૧. | વિભાગ : ૧ એંધાણ | પ્રા. રમેશ મ. ભટ્ટ | ૩ |
| ૨. | વિભાગ : ૨ જીવન-પ્રવેશ | પ્રા. રમેશ મ. ભટ્ટ | ૬ |
| ૩. | વિભાગ : ૩ જીવન-ઉત્ક્રાંતિ | પ્રા. રમેશ મ. ભટ્ટ | ૧૪ |
| ૪. | વિભાગ : ૪ સૂક્ષ્મ સંગ્રામયાત્રા | પ્રા. રમેશ મ. ભટ્ટ | ૨૩ |
| ૫. | વિભાગ : ૫ પરમ પદપ્રાપ્તિ | પ્રા. રમેશ મ. ભટ્ટ | ૨૮ |
| | **ખંડ : ૨ : જીવનવિચાર** | | **૩૮-૫૦** |
| ૧. | સ્વયંભૂપણાની સમગ્રતા | પૂજ્ય શ્રીમોટા | ૩૯ |
| ૨. | મુક્તની સમદૃષ્ટિ | શ્રી નંદુભાઈ | ૪૩ |
| ૩. | સાચો સેવક | શ્રી નંદુભાઈ | ૪૫ |
| ૪. | ભાવમાં ઉદ્દેશાયેલ (કાવ્ય) | પૂજ્ય શ્રીમોટા | ૪૭ |
| | **ખંડ : ૩ : જીવનપ્રતિભાવ** | | **૫૧-૧૭૦** |
| ૧. | સ્મૃતિપાત્ર પ્રસંગો | શ્રી ઉછંગરાય ઢેબર | ૫૩ |
| ૨. | પ્રેમસાગર **મોટા** | શ્રી ઈશ્વરભાઈ પટેલ | ૫૫ |
| ૩. | પૂજ્ય શ્રીમોટાની ગઈ કાલ, આજ અને આવતી કાલ | શ્રી ‘સ્નેહરશ્મિ’ | ૫૭ |
| ૪. | આજના યુગના સંત | શ્રી બબલભાઈ મહેતા | ૫૮ |
| ૫. | **મોટા** ‘માવડી’ | શ્રી ગુલાબરાય મંકોડી | ૫૯ |
| ૬. | જીવનની સાર્થકતા | શ્રી રમણભાઈ અમીન | ૬૩ |
| ૭. | પૂજ્ય શ્રીમોટાની મૌલિકતા | શ્રી કાંતિભાઈ કાંટાવાળા | ૬૪ |
| ૮. | પ્રેમગંગા | શ્રી રમણભાઈ કાંટાવાળા | ૬૭ |
| ૯. | સંસ્કૃતિના સંરક્ષક | ડૉ. આર. ડી. દેસાઈ | ૬૯ |
| ૧૦. | અનોખા સંત | ડૉ. રમણભાઈ કે. દેસાઈ<br>શ્રી કુંજવિહારી ચૂનીલાલ મહેતા | ૭૨ |
| ૧૧. | પ્રકૃતિનો સ્વામી-એક વિરલ પ્રસંગ | શ્રીમતી મીનાક્ષીબહેન દલાલ | ૭૫ |
| ૧૨. | સર્વપ્રિય શ્રીમોટા | શ્રી ચીમનલાલ પ્રા. ભટ્ટ | ૭૭ |
| ૧૩. | **મોટા**નું પિયર | શ્રી રાવજીભાઈ આ. પટેલ | ૭૯ |
| ૧૪. | પ્રકૃતિ પલટાવનાર | ડૉ. રણછોડભાઈ એમ. પટેલ | ૮૨ |
| ૧૫. | પરિવર્તન | ડૉ. મધુભાઈ વ. દેસાઈ | ૮૫ |
| ૧૬. | અનોખું વ્યક્તિત્વ | શ્રી પુરુષોત્તમ ભાવસાર | ૮૬ |
| ૧૭. | જનતાજનાર્દન પરની હૂંડીઓ | શ્રી ઈશ્વર પેટલીકર | ૮૮ |
| ૧૮. | પૂ. મોટાની મોટાઈનું રહસ્ય | શ્રી પીતાંબર પટેલ | ૯૧ |
| ૧૯. | ‘નર કા નારાયણ’ | શ્રી છગનલાલ ન. જોષી | ૯૩ |
| ૨૦. | અનાસક્ત કર્મયોગી | શ્રી છોટુભાઈ સુથાર | ૯૫ |
| ૨૧. | પત્રમંજૂષા | શ્રી સત્યેન્દ્ર ઠાકોર<br>શ્રી પૂજાલાલ કવિ, શ્રી દોરાસ્વામી | ૯૮ |

| | **વિષય** | **લેખક** | **પૃષ્ઠ** |
|---|---|---|---|
| ૨૨. | યુગધર્મના ઉદ્‌ગાતા | શ્રી વિજયગુપ્ત મૌર્ય | ૧૦૧ |
| ૨૩. | અંતર અજવાળતા **મોટા** | શ્રી ઇંદ્ર વસાવડા | ૧૦૪ |
| ૨૪. | નમ્રતાની સાધના | શ્રી સોમાલાલ ભાવસાર | ૧૦૮ |
| ૨૫. | શાંતિદાતા | શ્રી જે. પી. શાહ | ૧૧૧ |
| ૨૬. | સમર્થનો સાથ | શ્રી સુરેશભાઈ સંત | ૧૧૩ |
| ૨૭. | સંતજીવનની પીઠિકા | શ્રી મારુતિસિંહ છ. ઠાકોર | ૧૧૪ |
| ૨૮. | ગુણ, ભાવ અને શક્તિ-દર્શન | શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાય | ૧૧૭ |
| ૨૯. | ગુરુપાદ પદ્મે | શ્રીમતી સરોજબહેન કાંટાવાળા | ૧૨૦ |
| ૩૦. | **મોટા** મારી મા | શ્રીમતી પૂર્ણિમા પક્વાસા | ૧૨૪ |
| ૩૧. | પૂજ્ય શ્રીમોટા : રચનાત્મક કાર્યકર | શ્રી રતિલાલ સો. ભાવસાર | ૧૨૬ |
| ૩૨. | જેવું જાણ્યું તેવું અનુભવ્યું | ડૉ. રમણીકલાલ દોશી | ૧૨૮ |
| ૩૩. | સમાજોદ્ધારક સંતનું ભવિષ્યકથન | શ્રી શાંતિલાલ ઠાકર | ૧૨૯ |
| ૩૪. | ततः किं ततः किं ततः किं ततः किम् | શ્રી મુકુલ કલાર્થી | ૧૩૧ |
| ૩૫. | પૂજ્ય ચૂનીભાઈ સાથેનો સત્સંગ | શ્રીમતી કુરંગી દેસાઈ | ૧૩૩ |
| ૩૬. | મુ. ચૂનીભાઈનાં સંસ્મરણો | શ્રી વિભાકર મહેતા | ૧૩૫ |
| ૩૭. | પૂજ્ય મોટાને કોઈ સમજી શક્યું છે ? | શ્રી સી. વી. બારાઈ | ૧૩૮ |
| ૩૮. | **મોટા**નો વૃક્ષપ્રેમ | શ્રી રતિલાલ મહેતા | ૧૪૦ |
| ૩૯. | જીવનદર્શક **મોટા** | શ્રી છોટુભાઈ ગિ. ભટ્ટ | ૧૪૨ |
| ૪૦. | વાચં અર્થોનુધાવતિ | શ્રી ચીનુભાઈ પુ. શાહ | ૧૪૩ |
| ૪૧. | પત્રયુગ્મ | શ્રી પ્રસન્નકુમાર એન. વકીલ<br>ડૉ. ફુલવર ચેમ્બુર, (મુંબઈ) | ૧૪૫ |
| ૪૨. | ઘેઘૂર વડલો | શ્રીમતી કલા દેસાઈ | ૧૪૭ |
| ૪૩. | ...ને **મોટા**એ હુક્કો પીધો | શ્રી બાપજી શં. પટેલ | ૧૪૯ |
| ૪૪. | ભૂતકાળમાં ડોકિયું | શ્રીમતી કાશીબા | ૧૫૧ |
| ૪૫. | પતિપત્નીનો દિવ્ય સંબંધ | ‘ગોપાળ’ | ૧૫૩ |
| ૪૬. | મારા જેલના સાથી | શ્રી શાંતારામ વૈદ્ય | ૧૫૪ |
| ૪૭. | સાચો રાહ | શ્રી લલ્લુભાઈ હ. પટેલ | ૧૫૮ |
| ૪૮. | આર્ષદ્રષ્ટા | પ્રા. ધીરુ ડોબરિયા | ૧૫૯ |
| ૪૯. | પૂજ્ય શ્રીમોટાની વ્યાવહારિકતા | શ્રી નરસિંહભાઈ પ્ર. ભાવસાર | ૧૬૧ |
| ૫૦. | ભક્તાધીન **મોટા** | શ્રી વિષ્ણુપ્રસાદ સો. પંડ્યા | ૧૬૩ |
| ૫૧. | ઉન્નતગામી જીવન | શ્રી ‘મ’ | ૧૬૫ |
| ૫૨. | દિવ્ય છત્ર | શ્રીમતી ખુરશેદ અડાજણિયા | ૧૬૬ |
| ૫૩. | ગુણોનો પુંજ | શ્રી મહેન્દ્ર ગુપ્તા | ૧૬૮ |
| | **ખંડ : ૪ : જીવન-તત્ત્વસમીક્ષા** | | **૧૭૧-૨૧૩** |
| ૫૪. | અનુભવીની કામગીરી | સંપાદક : પ્રા. કાર્તિકેય ભટ્ટ | ૧૭૨ |
| ૫૫. | પૂજ્ય શ્રીમોટાને પ્રગટ વિનંતી | પ્રા. રા. બ. આઠવલે | ૧૭૩ |
| ૫૬. | કૃપા-રહસ્ય | પ્રા. અનુપરામ જી. ભટ્ટ | ૧૭૬ |
| ૫૭. | પૂજ્ય મોટાના દાનનું તત્ત્વદર્શન | ડૉ. રણધીરભાઈ ઉપાધ્યાય | ૧૮૧ |

| | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૫૮. | આત્મનિષ્ઠ પૂજ્ય શ્રીમોટા | પ્રા. જયરણછોડ સેવક | ૧૮૫ |
| ૫૯. | અમૃતનિર્ઝરિણી 'શ્રદ્ધા' | પ્રા. જ્યોત્સ્ના જાની | ૧૮૮ |
| ૬૦. | પૂજ્ય શ્રીમોટાનું જીવંત તત્ત્વજ્ઞાન | શ્રી કંચનલાલ ગ. શાહ | ૧૯૩ |
| ૬૧. | પૂજ્યશ્રીનો કવિતાપ્રસાદ | પ્રા. હેમંત દેસાઈ | ૧૯૬ |
| ૬૨. | પૂજ્ય શ્રીમોટા અને તુકારામ મહારાજની સંતકલ્પના | શ્રી દ્વારકાનાથ બિનીવાલે | ૨૦૧ |
| ૬૩. | જીવનઆહ્લાદ અને ઈશ્વરપ્રાપ્તિની ચાવી | શ્રી વિરંચિપ્રસાદ મ. ત્રિવેદી ('શ્રી સારસ્વત') | ૨૦૫ |
| ૬૪. | સદ્ગુરુ પ્રત્યે સાધકનું વલણ | પ્રા. ઇંદુકુમાર દેસાઈ | ૨૦૯ |
| | **ખંડ : ૫ : જીવન-સ્પર્શ** | | **૨૧૪-૨૮૫** |
| ૬૫. | જીવન-ઘડતર | શ્રી ચીમનલાલ માણેકલાલ શાહ | ૨૧૬ |
| ૬૬. | પ્રસંગ ચતુષ્ટય | શ્રી બેચરભાઈ સોમાભાઈ પટેલ | ૨૧૯ |
| ૬૭. | દિવ્ય યોગાનુયોગ | શ્રી શાંતિલાલ સી. દેસાઈ | ૨૨૨ |
| ૬૮. | અલૌકિક અનુભવો | શ્રી વૈકુંઠભાઈ શાસ્ત્રી | ૨૨૫ |
| ૬૯. | મારા માલિક | શ્રી હસમુખભાઈ શાહ | ૨૨૮ |
| ૭૦. | પથપ્રદર્શક **મોટા** | શ્રીમતી ચિત્રા ઉષાકાંત દેસાઈ | ૨૩૧ |
| ૭૧. | કલ્પનાતીત અનુભવો | શ્રી નાનુભાઈ નિત્યાનંદ ભટ્ટ | ૨૩૩ |
| ૭૨. | પ્રેરણાદાતા | શ્રી બાબુરાવ શાહ | ૨૩૫ |
| ૭૩. | પળ પાકી | ડૉ. ઓચ્છવલાલ ગાંધી | ૨૩૭ |
| ૭૪. | એક દર્શન | શ્રી ચંદુલાલ ભાવસાર | ૨૩૯ |
| ૭૫. | તેને ચિંતવતો પ્રભુ | પ્રા. જયરણછોડ સેવક | ૨૪૧ |
| ૭૬. | પૂજ્યશ્રીની ચેતનાનો સ્પર્શ | શ્રી રમાકાંત જોષી | ૨૪૩ |
| ૭૭. | જીવનપ્રવાસના રક્ષણહાર | શ્રીમતી પુષ્પાબહેન દલાલ | ૨૪૮ |
| ૭૮. | નિઃસ્વાર્થ પ્રેમી | શ્રી બાબુ સરકાર | ૨૫૦ |
| ૭૯. | અદ્ભુત અનુરાગ | શ્રીમતી લતાબહેન મ. દેસાઈ | ૨૫૨ |
| ૮૦. | માનવતાના હિતચિંતક | શ્રી જોઈતારામ પટેલ | ૨૫૪ |
| ૮૧. | આંગણે પધાર્યા | શ્રીમતી વિદ્યાબહેન | ૨૫૫ |
| ૮૨. | પરોપકારી સંત | શ્રી જિતેન્દ્ર જરીવાલા | ૨૫૭ |
| ૮૩. | આપત્તિ પળે સ્મરણ | શ્રી કાંતિભાઈ ફડિયા | ૨૬૦ |
| ૮૪. | ક્લેશ હરનાર | શ્રી ધીરુભાઈ મોદી | ૨૬૨ |
| ૮૫. | બધું જ ચોક્કસ | શ્રી નાનુભાઈ પટેલ | ૨૬૩ |
| ૮૬. | 'હું બંધાયેલો, તું છૂટો' | શ્રી લક્ષ્મીપ્રસાદ સી. અમીન | ૨૬૪ |
| ૮૭. | કૃપાનુભવ | શ્રી રમેશભાઈ રાવળ | ૨૬૭ |
| ૮૮. | 'એ છે મારો કૃષ્ણ' | શ્રી ચંદુલાલ મો. પટેલ | ૨૬૯ |
| ૮૯. | પ્રસંગયુગ્મ | શ્રી રમેશભાઈ એમ. શાહ | ૨૭૨ |
| ૯૦. | વત્સલ **મોટા** | શ્રીમતી કુસુમબહેન પટેલ | ૨૭૩ |
| ૯૧. | દૃષ્ટિસંસ્કાર | શ્રી વૈદ્ય પ્રભુભાઈ મ. ભક્ત | ૨૭૫ |
| ૯૨. | મૌનમંદિરનું માહાત્મ્ય | શ્રી વ્રજલાલ ગાંધી | ૨૭૬ |
| ૯૩. | પૂર્ણપુરુષ **મોટા** | શ્રી વેણીભાઈ પટેલ | ૨૭૭ |
| ૯૪. | સર્વપ્રિય **મોટા** | શ્રી 'અજ્ઞાત' | ૨૭૯ |

| | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૯૫. | નરોડા આશ્રમનાં સ્વજનોના અનુભવો | ૧. શ્રી અમૃતલાલ જેશીંગભાઈ પટેલ | ૨૮૧ |
| | | ૨. શ્રી ઉમેદભાઈ ધનાભાઈ પટેલ | |
| | | ૩. શ્રી ચૂનીભાઈ મોહનભાઈ પટેલ | |
| | | ૪. શ્રી અમૃતલાલ ગોવિંદભાઈ પટેલ | |
| | | ૫. શ્રીમતી શારદાબહેન પટેલ | |
| | | ૬. શ્રી ગોવિંદભાઈ પટેલ | |
| ૯૬. | 'જાચક રૂપ થયા જગજીવન' | શ્રી પ્રભુદાસ જાની | ૨૮૫ |
| | **ખંડ : ૬ : કાવ્યાંજલિ** | | **૨૮૬-૩૦૧** |
| ૧. | ભક્તિતણો રંગ | શ્રીમોટા | ૨૮૮ |
| ૨. | અક્ષયજન્મના શુભ દિને | શ્રીમતી પુષ્પાબહેન દલાલ | ૨૯૦ |
| ૩. | પૂજ્ય શ્રીમોટાને—રામનવમીએ | શ્રી કનૈયાલાલ દવે | ૨૯૧ |
| ૪. | અર્પણ | શ્રીમતી સરોજબહેન કાંટાવાળા | ૨૯૨ |
| ૫. | પૂજ્ય શ્રીમોટા | શ્રી હસમુખ મઢીવાળા | ૨૯૩ |
| ૬. | સમર્પણની ભાવના | શ્રીમતી ડૉ. કાંતાબહેન રામભાઈ | ૨૯૪ |
| ૭. | અમારાં અહોભાગ્ય | શ્રી સોમાલાલ ભાવસાર | ૨૯૫ |
| ૮. | સ્પર્શ પાવન તુજ થતાં | શ્રી રસિકભાઈ ૨. ભટ્ટ | ૨૯૭ |
| ૯. | પ્રેમની પરબડી | શ્રીમતી લીલુબહેન દેસાઈ | ૨૯૮ |
| ૧૦. | તારી લીલા અપરંપાર | શ્રીમતી લતાબહેન દેસાઈ | ૨૯૯ |
| ૧૧. | વંદના | શ્રી વૈકુંઠ ઉપાધ્યાય | ૩૦૦ |
| ૧૨. | गुरुदेव तेरी जय हो | श्री मौनीबाबा | ૩૦૧ |
| | **Canto : 7 : English Section** | | **302-325** |
| 1. | Mota-An Apostle On Move (Poem) | Hari Mehta | 303 |
| 2. | Champion Of Neglected Causes | Pujya Swami Shri Krishnanand | 304 |
| 3. | Sustaining Faith (Poem) | Shri Mota | 305 |
| 4. | Dedicated Sadhu | Dr. Shantilal C. Shah | 306 |
| 5. | Run To My Succour (Poem) | Shri Mota | 307 |
| 6. | Profile : The Fragrance of Platinum | Shri V. Movin Kurve | 308 |
| 7. | Never The Same (Poem) | Shri Babu Sarkar | 310 |
| 8. | My Spiritual Guide | Shri P. C. Goyal | 311 |
| 9. | A Supplication | Shri Mota | 313 |
| 10. | Shree Mota's Sustaining Grip | Prof. Shyamsundar Gupta | 314 |
| 11. | Prayer-Songs In Rev. Mota's 'JeevanDarshan' | Principal Rajanikant Jani | 319 |
| 12. | Forgive This Fool (Poem) | Shri Mota | 322 |
| 13. | Unique Saint | Shri Rasiklal Barai | 323 |
| 14. | With Raging Fires All Around (Poem) | Shri Mota | 324 |
| 15. | 'Strengthen Me' (Poem) | Shri Mota | 325 |


❊ ❊ ❊

હરિ:ૐ

# પૂજ્ય શ્રીમોટા રામનવમી—સાક્ષાત્કારદિન સ્મૃતિગ્રંથ

# જીવનસ્ફુલિંગ

## ખંડ : ૧

### જીવનપ્રાકટ્ય

પૂજ્ય શ્રીમોટાનું જીવન નજરે જોઈ શકાય એવું નથી. પૂજ્ય શ્રીમોટાએ જીવનના આ પ્રાગટ્ય માટે આકરી તપસ્યા અને હેતુપૂર્વક સાધના કરી છે, એ સાધનાનો ઈતિહાસ ઘણો જ ગૂઢ અને ન્યારો છે અને ગુપ્ત પણ છે. આમ છતાં એનો આછો આલેખ દોરી શકાય એટલી માહિતી તેઓશ્રીના પ્રકાશિત થયેલા ગ્રંથોમાંથી મેળવી શકાય.

સામાન્ય રીતે જે પ્રસંગના સાક્ષીઓ ન હોય એવી હકીકતો પૂ. શ્રીમોટા પ્રગટ કરતા નથી, પરંતુ હવે તો એમણે પ્રયોજેલા સાધનાના ઈતિહાસની કેટલીક કડીઓ પ્રકાશિત થવા દીધી છે. તેઓશ્રીની આધ્યાત્મિક સાધનાની ભૂમિકાની ઝાંખી થઈ શકે અને સાક્ષાત્કાર સુધીની પ્રક્રિયાનો આછો પણ ખ્યાલ આવી શકે એવા હેતુથી કેટલાક નોંધપાત્ર પ્રસંગો અને આંતરમંથનો આ વિભાગમાં આલેખવામાં આવ્યા છે.

**—સંપાદકો**

## સાક્ષાત્કાર

સાક્ષાત્કાર એટલે જીવનમાં એવું તે શું થઈ જતું હશે, કે જેની અદમ્ય ને અગમ્ય કલ્પના ને આકર્ષણના ઉડ્ડયનથી કંઈક યુગોથી માનવી એ પરત્વે મીટ માંડી માંડી દોડ્યા કરતો હોય છે ? માનવીના જીવનમાં જે અવ્યક્ત ઈશ્વરનું સ્વરૂપ છે, તેને એકાગ્ર ને કેંદ્રિત સાધનાના ભાવ વડે છતું કરીને, એને ક્રિયાના પ્રવાહ-સ્વરૂપમાં એની કૃપાથી વહેતું મૂકવાનું કરવું, તેનું જ નામ સાક્ષાત્કાર.

('જીવનપોકાર' પૃ. ૩૪૪) **—મોટા**

❊ ❊ ❊ ❊ ❊

કોઈ પણ ચેતનાનિષ્ઠના જીવનને યોગ્યપણે આલેખવાને જો કોઈ પાત્રતા ધરાવતું હોય તો તે માત્ર પોતે એકલો જ છે.

**—મોટા**

❊ ❊ ❊ ❊ ❊

(ગઝલ)

અમારું જે જીવન સાચું બધું અંતરનું જીવન તે,
શકે જાણી ન કોઈયે, અવરને ના ગતાગમ છે.

('જીવનસ્મરણ'માંથી) **—મોટા**

❊ ❊ ❊ ❊ ❊

અનુભવની હકીકતને અનુભવી માત્ર જાણે છે,
અનુભવ જે વિષે જેનો ખબર તેની જ તેને છે.

('જીવનતપ'માંથી) **—મોટા**

❊ ❊ ❊ ❊ ❊

તમે જે લાગણી આ જીવ પરત્વે રાખો છો, તે 'મોટા'ને નામે ઓળખાનારી વ્યક્તિ પરત્વે નહિ, પરંતુ તેનામાં જે ચેતનભાવ પ્રગટેલો છે, તે ભાવ પરત્વે અને તે ભાવના પરત્વે તે લાગણી રાખો છો.

('જીવનદર્શન' પૃ. ૧૪૪) **—મોટા**

# જીવનપ્રાકટ્ય

**પ્રા. રમેશ મ. ભટ્ટ**

(એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના ગુજરાતીના અધ્યાપક. પ્રસ્તુત ગ્રંથના સંપાદકો પૈકીના એક. પૂજ્યશ્રીનાં અનેક પુસ્તકોના સંપાદક. ગુજરાતી સાહિત્યના હાસ્ય-કટાક્ષ લેખક. 'જનસત્તા' વર્તમાનપત્રમાં 'બાવો બોલ્યો' કટારના લેખક.)

## વિભાગ ૧ : એંધાણ

**(૧) રૂપરેખા :**

ઈ. સ. ૧૮૯૮ના સપ્ટેમ્બર માસની ૪થી તારીખે વડોદરા જિલ્લાના સાવલી ગામે, એક ગરીબ રંગરેજ આશારામ ભગતને ત્યાં ચૂનીલાલનો જન્મ થયો.

બાળપણ કપરી ગરીબીમાં વિતાવી મુશ્કેલી વેઠી અભ્યાસ કર્યો. આપબળે અને હોશિયારીથી કૉલેજ સુધી પહોંચ્યા. કૉલેજનાં છેલ્લાં વર્ષમાં ગાંધીજીની હાકલને માન આપી કૉલેજ ત્યજી ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા. 'એક ડિગ્રીનો મોહ છોડી તમે બધા બીજી ડિગ્રીના મોહમાં પડ્યા છો.' એવી ગાંધીજીએ વિદ્યાપીઠના વિદ્યાર્થીઓને કરેલી ટકોરથી દેશસેવા માટે સ્નાતકની ડિગ્રીનો મોહ ત્યજનાર સૌથી પ્રથમ બે વિદ્યાર્થીઓ-શ્રી પાંડુરંગ વળામે (પૂ. શ્રીરંગ અવધૂત) અને શ્રી ચૂનીલાલ ભગત (પૂ. શ્રીમોટા).

ગુજરાત હરિજન સેવક સંઘમાં જોડાઈ છેક મંત્રીપદે પહોંચ્યા પણ નમ્રતાની કેળવણી પામવા હંમેશ એ પાછળ જ રહેતા. પોતાની જાતને શૂન્ય કરવાની હોવાથી એમણે કદી હોદ્દો માણ્યો નહિ.

એ ગાળામાં ઊંચા હોદ્દાવાળી નોકરીની બે બે ઑફરનો એમણે અસ્વીકાર કર્યો. નિષ્ઠા ટકી રહે એટલા માટે હાથમાં ગંગાજળ લઈ દેશસેવાનું વ્રત લીધું. આ રીતે ટૂંકા પગારમાં કુટુંબના ભરણપોષણની આકરી જવાબદારી બજાવી, વીસ વરસ સુધી નિષ્ઠાપૂર્વક દેશની સેવા કરી. સાથે સાથે ઊર્ધ્વ જીવન માટેની સાધના પણ કરી.

ઈ. સ. ૧૯૨૩થી દિવ્યજીવનની પ્રાપ્તિ કાજેનો યજ્ઞ આરંભાયો ગણાય. અને સન ૧૯૩૯ના માર્ચ માસની ૨૯મી તારીખે રામનવમીના દિવસે પરમાત્માનો અનુભવ થયો. એ પરમ અનુભવ અનંતલીલામાં ક્રીડા કરી રહ્યો છે. એ અવર્ણનીય ઘટનાઓના સંકેતો પૂજ્ય શ્રીમોટાના 'જીવન-અનુભવ-ગીત'ની શ્રેણીમાં આજપર્યંત પ્રગટ થયેલા બાર જેટલાં પુસ્તકોમાં પડેલા છે.

ઈ. સ. ૧૯૩૯ પછી હરિજન સેવક સંઘનું કામ ત્યજી દીધું. ત્યાર બાદ અંતઃસ્ફુરણાથી, શ્રીસદ્‌ગુરુના આદેશાનુસાર આ પ્રાકટ્યની લીલા આરંભાઈ છે.

જે જીવન 'જીવનતીર્થ' બન્યું છે, એના કિનારે બેસીને આચમન કરી, એ તીર્થજળને આંખે અડાડીને, જીભ પર મૂકી શકાય એટલા પૂરતી વિહંગયાત્રા માંડીએ :

(૨) **બીજ :**

ઊર્ધ્વજીવન માટેની સાધનાનો આંરભ ઈ. સ. ૧૯૨૩થી થયો ગણાય, પણ એ અગાઉના સમયમાં કેટલાક બનેલા બનાવોમાં જીવનવિકાસના માર્ગની ભૂમિકાનાં બીજ રહેલાં છે.

પિતા પ્રત્યે પોલીસનાં અપમાનજનક હિંસક વર્તનથી સમાજમાં માનભર્યું સ્થાન મેળવવાનો સંકલ્પ છેક બાળપણથી જ જાગેલો. પરિણામે ખૂબ ખંત, મહેનત અને ઉત્સાહથી અભ્યાસ કર્યો. વળી, મુશ્કેલ પ્રસંગોએ ડરી ન જતાં એનો ઉકેલ આણવા સક્રિય બનવું એ ગુણ પણ આ જ પ્રસંગ પરથી વર્તાય છે.

સંકલ્પબળ, હિંમત અને સક્રિયતા એમના જન્મજાત ગુણો છે. સંતસમાગમની રુચિ બાળપણમાં હતી. પેટલાદની શાળામાં અભ્યાસ કરતા ત્યારે શ્રી જાનકીદાસ મહારાજ પાસે જતા અને એમની સેવા કરતા, ત્યાંની જગા સાફ કરતા, તેમના કપડાં ધોતાં અને છાનામાના એમની પાસે બેસી રહેતા. શ્રી જાનકીદાસ બીજાઓ સાથે વાર્તાલાપ કરે એ શાંતિથી સાંભળતા. કિશોરાવસ્થાથી એમની રુચિ ઉચ્ચ કક્ષાના વાર્તાલાપ પ્રત્યે હતી.

(૩) **સંતકૃપા :**

જ્યારે તેઓ મૅટ્રિકમાં હતા ત્યારે શ્રી જાનકીદાસે એમને જલદીથી અભ્યાસક્રમ પતાવી દેવાનું સૂચવ્યું. એના કારણમાં તેઓશ્રીએ જણાવ્યું કે 'તને ભારે માંદગી આવવાની છે.'

ઉપરાંત, શ્રી જાનકીદાસજીએ સંસ્કૃત પાઠશાળાના આચાર્યને સંસ્કૃતનો અભ્યાસક્રમ ઝડપથી પૂરો કરાવી આપવા પણ ભલામણ કરી. શ્રીમોટાએ બે-અઢી મહિનાના ટૂંકા ગાળામાં આખા વરસનો અભ્યાસક્રમ શીખીને પાકો કરી લીધો. બીજા વિષયોની ગાઇડ્ઝ વાંચીને પરીક્ષા આપવા જેટલી સજ્જતા પ્રાપ્ત કરી લીધી. કામને ટૂંકા ગાળામાં પતાવવાની ત્રેવડ-કળાનો આ ગુણ જીવનવિકાસની સાધનામાં શ્રીમોટાએ ભાવપૂર્વક પ્રયોજ્યો છે.

અમદાવાદમાં એમને ગંભીર માંદગી આવી. અને લાંબા સમય સુધી ચાલી. શાળાની પ્રિલિમિનરી પરીક્ષા આપી શકાઈ નહિ, પણ તેજસ્વી કારકીર્દિને લીધે મૅટ્રિકની પરીક્ષા આપવા માટે મંજૂરી મળી અને મૅટ્રિકમાં ઊંચા ગુણે પાસ થયા.

આ માંદગી દરમિયાન શ્રી જાનકીદાસનું એમને ઘણું જ ભાવભર્યું સ્મરણ રહ્યા કરેલું અને એમના પરત્વે શ્રીમોટાને ઘણું જ વહાલ થતું. 'શ્રી જાનકીદાસ અનુભવી મહાત્મા હતા.' એમ શ્રીમોટા આજે કહે છે.

શ્રીમોટાએ સાધનાનો આરંભ કર્યો ત્યાર પછી શ્રી જાનકીદાસ મહારાજ પાસે જતા. સાધનામાર્ગની મૂંઝવણો પોતાના અંતરમાં જ રાખીને, કશું પણ કહ્યા વિના, મનોમન પ્રાર્થના કરતા શ્રી જાનકીદાસ અન્ય કોઈ સાથેના વાર્તાલાપમાં જ શ્રીમોટાના મનમાંના પ્રશ્નોનું સમાધાન સૂચવી દેતા.

એમણે પૂ. સરયુદાસજી મહારાજનો તથા નડિયાદના સંતરામ મંદિરમાં આવતા અનેક સાધુ મહાત્માઓનો સંગ કરેલો.

(૪) **ફેફરું**

યુવાન ચૂનીભાઈના ચિત્તમાં દેશસેવાની તમન્ના જાગી હતી. કુટુંબ આકરી ગરીબીમાં હતું. કુટુંબના

સભ્યોના ભરણપોષણની જવાબદારી માથે હતી. એમાં શરીરને ફેફરુંનો વ્યાધિ થયો. ગમે તે સ્થળે અને સમયે શરીર પરનો સંપૂર્ણ કાબૂ ગુમાવી બેસતા અને પડી જતા.

એક વખત નર્મદા કિનારે જવાનું થયેલું. ત્યાં એક સાધુએ એમની આવી હાલત જોઈ કહ્યું, ''છોકરા, તું 'હરિઃૐ'ના નામનો જપ કર. તારો આ રોગ મટી જશે.''

શ્રીમોટાને સાધુના આ વચન પર શ્રદ્ધા બેસતી નહોતી. એ સાધુએ જંગલની કોઈ જડીબુટ્ટી આપી હોત તો આ યુવાન કદાચ સ્વીકારત.

ભગવાનનું નામ લેવાનું એ ન સ્વીકારી શક્યા. અને 'છેલ્લે આવા નિર્માલ્ય જીવનનો ખપ શો ?' એમ વિચારી નર્મદા નદીનાં ઊંડાં વહેણમાં પડીને જીવનનો અંત આણવાનો સંકલ્પ કર્યો.

ગરુડેશ્વર આગળ જતાં નર્મદાના કિનારા પરની એક ઊંચી ભેખડની ધારથી જરાક પાછા હઠીને એકદમ દોટ મૂકીને નર્મદાનાં ઊંડાં નીરમાં પડતું મૂક્યું.

**(૫) અલૌકિક દર્શન :**

''નર્મદામૈયાના જળના પુનિત પ્રવાહનો પગને સ્પર્શ થયેલો, તેનું તાદશ્ય ભાન અત્યારે પણ છે. તેનું જીવંત ચિત્ર હજી સુધી પણ ખડું થાય છે. તે મૃદુ, કોમળ શીતળ સ્પર્શ થયો ન થયો ત્યાં તો પાણીના પ્રવાહમાંથી એક પ્રચંડ વંટોળ પ્રગટ્યો ! તે વંટોળે શરીરને ઉછાળીને ભેખડથી ક્યાંયે દૂર ઉપર ફેંકી દીધું. તે વંટોળની મધ્યમાં તે વેળાએ કોઈ અદ્‌ભુત દર્શન થયેલું. તે દર્શનનું સ્વરૂપ કોઈ સ્થૂલ પ્રકારની માતા જેવું નહોતું. તે દર્શન તો અલૌકિક પ્રકારનું હતું. તે વેળાએ આમ જે ચમત્કારિક રીતે બચી જવાનું બન્યું ત્યારથી જ દિલમાં ઊગી ગયું કે, 'By His grace, I am meant for something.'

આજકાલના બુદ્ધિયુગના જમાનામાં આવી હકીકતને કોઈ માને નહિ એ સ્વાભાવિક છે. આવી હકીકતને બહાર મૂકવી એમાં કેટલાકને ડહાપણ પણ ન લાગે, પરંતુ જે સાચો અનુભવ થયો હોય તે જગતની આગળ પ્રેમભાવે નમ્રતાથી મૂકવો તે પણ જરૂરનું લાગે છે. આપણે માનતાં હોઈએ તે જ માત્ર સાચું છે અને બીજું સાચું નથી એવી માન્યતામાં એક પ્રકારનો જડ મતાગ્રહ રહેલો છે.

આ અનુભવની હકીકતની શક્યતા ખરેખરી રીતે છે. તે માત્ર hallucination-(ભ્રાંતિ) હતું એવું મુદ્દલે નથી. આજે પણ તે દર્શન મારી આંખ સામે જીવંત છે. તે દર્શનમાંથી પ્રભુકૃપાથી મને પ્રેરણા મળેલી છે. તે ઉપરાંત, સાહસ, સહનશક્તિ, મક્કમતા વગેરે ગુણ અને તેની શક્તિ પણ મળેલાં છે. અને તે દર્શનના અનુભવથી જીવનનું જે વહેણ ઓચિંતું આપોઆપ બદલાયું તે કંઈ નાનોસૂનો પ્રસંગ ન ગણાય.''

* * *

# વિભાગ ૨ : જીવન-પ્રવેશ

**(૧) પુનઃ આદેશ-શ્રીગણેશ :**

બાળપણથી શ્રી જાનકીદાસજી, શ્રી સરયુદાસજી જેવા સંતોનો સ્પર્શ તો હતો જ. વળી, હૃદય પણ ઊર્મિ ભરેલું હતું. કાલોલની શાળાના આચાર્ય શ્રી ઘનશ્યામભાઈ નટવરરાય મહેતા - ઘનુભાઈએ શ્રીમોટાના અભ્યાસમાં પ્રગતિ કરાવેલી. એમનાં માસીબાને ત્યાં વડોદરે શ્રીમોટા રહેતા.

આ માસીબા પરત્વે એમને દિલનો ઊંડો ભાવ હતો. એમને પોતાની 'મા' લેખતા. અને એમનું બધું જ કહ્યું પણ કરતા.

એક દિવસ ફેફરુંનો હુમલો થયો. અને એમના મકાનના ત્રીજા માળના દાદરા પરથી શ્રીમોટા ગબડી પડ્યા. અને ગબડતાં ગબડતાં પરસાળ પર પડ્યા. ઈંટોની આ પરસાળ પર પડતાં શરીરને થોડીક ઈજા થઈ. ફેફરુંના હુમલામાંથી સ્વસ્થ થતાં પોતાની દૃષ્ટિ સમક્ષ એક દર્શન સ્પષ્ટ થયું. નર્મદાકિનારે મળેલા પેલા સાધુ પ્રત્યક્ષ થયા અને સ્પષ્ટ કહેવા લાગ્યા : 'અલ્યા, ભગવાનનું સ્મરણ કરી જોવામાં તારું શું જાય છે ?'

આ વિરલ દર્શન અને સાંકેતિક વાણીનો મર્મ આ યુવાનના અંતરમાં ઝિલાતો નથી. સાધુઓ પરત્વે અને એમના વચન પરત્વે એમના દિલમાં હજી પૂર્ણ દૃઢ વિશ્વાસ અને શ્રદ્ધા જામ્યાં નથી. વળી, ભગવાનનું નામ દેવાથી રોગ મટી શકે એ વાતનો સ્વીકાર એમની બુદ્ધિનો તર્ક કરી શકતી નથી. એથી, ઊલટું સાધુઓ તો સમાજ પર આર્થિક બોજારૂપ છે એવો વિચાર ઠસેલો છે. આથી, આ સાધુ મહારાજના હુકમનું પાલન કરવાની એમની તત્પરતાય નહોતી.

આમ છતાં નર્મદાકિનારે મળેલા પેલા સાધુનાં દર્શનની અને એમણે આપેલા પુનઃ આદેશની વાત એમણે એમનાં આ 'આધ્યાત્મિક મા'ને કહી. એમણે તો વહાલભરી રીતે કહ્યું; ''અલ્યા ચૂનિયા ! તું ભારે બડભાગી છે. તું ભગવાનનું સ્મરણ કર્યા કર. ઊઠતાં-બેસતાં, હરતાં-ફરતાં, ખાતાં-પીતાં બધું જ કર્મ કરતાં કરતાં એકમાત્ર ભગવાનના સ્મરણમાં તું લાગી જા. તારો રોગ જરૂર મટી જશે.''

''મને તે કાળે તે સાધુ-મહાત્મા કરતાંય મારી આ 'મા'માં વધારે વિશ્વાસ હતો. એમણે જે રીતે મને ભગવાનનું નામસ્મરણ કરવાનું સમજાવ્યું. એથી ભગવાનનું નામ લેવામાં હું પ્રેરાઈ શક્યો.' મને ગાંધીજીમાં પણ અતૂટ શ્રદ્ધા. મેં તેમને પત્ર લખી પુછાવ્યું. ગાંધીજીએ પણ નામસ્મરણ કરવા જણાવ્યું.

ફેફરું મટાડવાની જ માત્ર ઉત્કટ ગરજ હતી. ફેફરુંનો વ્યાધિ જીવનની નાલેશી હતી એમ માનેલું. એને હઠાવવા શ્રીમોટાએ 'હરિઃૐ'નું રટણ આરંભ્યું. નામસ્મરણની એમણે વ્યવસ્થિત યોજના કરી. રોજનો એક કલાક સ્મરણ એક અઠવાડિયા લગી કરવું. દર અઠવાડિયે એ સ્મરણનો ગાળો વધારતા જવું. આ સંકલ્પ અને વ્યવસ્થા ટકેલી રહે એટલા ખાતર જે દિવસે ભગવાનનું સ્મરણ કરવાનું ભુલાઈ જાય એ દિવસે ખોરાકનો ત્યાગ કરવો, એમ નક્કી કર્યું.

શ્રીમોટા કહે છે : 'ભગવાનનું સ્મરણ તો વારંવાર ભુલાઈ જતું. વળી, પાછું હું યાદ કરી કરીને

લેવા લાગતો. આમ થતાં થતાં ફેફરુંના હુમલાની તીવ્રતામાં અને એના ગાળામાં ફેર પડવા લાગ્યો. અને માત્ર ત્રણ ચાર મહિનામાં તો તે મુદ્દલે મટી ગયો.'

આ પ્રકરણે એમના જીવનમાં નવો માર્ગ ખુલ્લો કર્યો. અને ત્યારથી જીવનવિકાસની સાધના શરૂ થઈ ગણાય. ઈ. સ. ૧૯૨૩.

**(૨) ગુરુનો પોકાર અને પ્રસાદી :**

'હરિઃૐ'નું રટણ તો શરીરનો રોગ મટાડવાના હેતુથી કરેલું. ગરજ તો રોગમુક્ત થવાની હતી, પણ એમાંથી માનવજીવનના મહાવ્યાધિની ઝાંખી થઈ. અંતઃકરણ પર થર જમાવી રહેલા પોતાના રાગદ્વેષાદિનું ભાન પ્રગટ્યું. શરીરના રોગમાંથી તો મુક્ત થઈ શકાયું, પણ જીવનને અવરોધી રહેલા આવા મહાવ્યાધિને કેમ કરી નાથી શકાય ?

જે સાધને શરીરના રોગમાંથી મુક્ત કર્યા, એ જ સાધનનો અભ્યાસ એમણે જારી રાખ્યો. નડિયાદમાં હરિજનસેવાનું કામકાજ કરતાં કરતાં પણ ભજન, કીર્તન, પ્રાર્થના અને સ્મરણ થયે જ જતાં. આમ, એક વર્ષ વીત્યું.

એક દિવસ અમદાવાદથી નડિયાદ આવેલા એક મિત્રે કહ્યું : 'ચૂનીભાઈ, અમદાવાદમાં એલિસબ્રિજને છેડે એક સાધુને મેં જોયા. એ સાધુ બૂમો પાડતા હતા કે 'ચૂનીભાઈ ભગત કો બુલાઓ ?'શ્રીમોટા આ વાત માની શકે જ નહિ. વળી, પોતાના પ્રાપ્ત કર્મ પરત્વે એમની નિષ્ઠા એટલી જબ્બર કે એ છોડીને એ જાય પણ નહિ. ઉપરાંત, સાધુ-મહારાજોને જોવા, મળવાનું સામાન્ય પ્રકારનું કશું કૌતુક એમને એ કાળે હતું નહિ, કેમ કે પૂજ્ય ગાંધીજી પ્રેરિત દેશસેવાનું કર્મ જ મોખરે હતું.

દિલમાં હજી જીવનના વિકાસનો સ્પષ્ટ હેતુ પ્રગટ્યો નહોતો. અંતરમાં દેશની આઝાદીની તમન્નાનો લાવા ઊકળતો હતો. દેશની મુક્તિ ખાતર ફના થઈ જવાની પૂરી તત્પરતા હતી.

એ ફરજ ત્યજીને નડિયાદથી અમદાવાદ જવાનું એ કેમ સ્વીકારી લે ? વળી, કોઈ સાધુ 'ચૂનીભાઈ'નું નામ દઈને પોકારે છે, એ પોતે જ હોય એવું પણ શી રીતે માની શકાય ? આવા તર્કોથી કર્મમસ્ત રહેતાં રહેતાં ભગવાનનું સ્મરણ તો અવિરતપણે કર્યે જ જાય છે. એ પળે અમદાવાદના સાબરમતીને કિનારે પડેલા પેલા સાધુવાળી વાત મનમાં રમ્યા જ કરે છે. એ વિચાર એમના મનનો કેડો મૂકતો નથી. એ સાથે સાથે પેલો મિત્ર પણ કહ્યા જ કરે છે, પણ સાધુને મળવા જવા માટે રેલવેભાડાના પૈસા નથી. પેલો જ મિત્ર એ સાધુને મળવા જવા માટે રેલવેભાડાના પૈસા આપે છે. આથી, શ્રીમોટા હરિજન સેવક સંઘમાંથી ચાર દિવસની રજા લઈને અમદાવાદ આવે છે.

એલિસબ્રિજ પરથી ટાઉનહૉલ બાજુની દિશાએ જતાં પુલના શરૂઆતના ભાગમાં જ જમણી બાજુએ સાધુઓ રહી શકે એવી સાધુઓ માટેની જગા છે. ત્યાં એક બંગાળી મસ્તરામ સાધુ 'ચૂનીભાઈ'ના નામનો પોકાર પાડ્યા કરે છે, એ જોતાં જ શ્રીમોટાના વિસ્મયનો પાર ન રહ્યો. આ સાધુ કોણ હશે ? શા માટે 'ચૂનીભાઈ'ના નામનો પોકાર પાડતા હશે ?

શ્રીમોટા આજે પણ કહે છે કે, 'સદ્‌ગુરુની સાચી પિછાન તો કદી ખાસ રીતે થતી હોતી જ નથી. એ તો આગળ જતાં જતાં અંતરમાં અંતરથી થયા કરતી હોય છે. એવો પ્રગટેલો અનુભવ એ જ સાચો અનુભવ છે. શરૂ શરૂમાં સદ્‌ગુરુ પરત્વેની ભાવના પ્રગટપણે કદી કદી ઊભરાની પેઠે દિલમાં પ્રગટ્યા કરતી હતી.'

દિલમાં આવો ભાવ જે જાગતો હતો, એ આ બંગાળી સાધુ પરત્વે હતો. એમનો સ્વીકાર ગુરુ તરીકે કરતાં પહેલાં જ ગુરુએ એમને બોલાવીને એમનો સ્વીકાર કર્યો. એ ઘટના પાછળની વિલક્ષણતાનું સ્મરણ શ્રીમોટા આજે પણ કરાવે છે. તેઓશ્રી કહે છે : 'અંતરમાં ભૂમિકા હોય તો સદ્‌ગુરુ તો સામે આવીને મદદ આપે છે.'

'ચૂનીભાઈ'ના નામનો પોકાર કરતા આ બંગાળી સાધુ પાસે ચાર દિવસ રહ્યા. ત્યાં શું બનેલું ?

'એ ચારે દિવસ એમણે એટલું તો ખવડાવેલું કે ન પૂછો વાત. જે ખવડાવતા એનું વજન ઓછામાં ઓછું દશ શેર તો હશે જ. આ તો હું ઓછામાં ઓછું જણાવું છું, જેથી કોઈ ગપ્પાં ન માને. કલાકે કલાકે અને કેટલીક વાર તો અડધા કલાકે ભોજનની જુદી જુદી વાનગીઓના થાળ આવ્યા જ કરતા, અને મને તે ખાઈ જવાનો હુકમ થતો. છેક ગળા સુધી તો આવી ગયેલું હોય ને હવે તો એક કૉળિયો પણ ખાઈ શકાય એવી દશા નથી, એવું ચોખ્ખે ચોખ્ખું લાગે છતાં ખાઈ જવાતું. એમ દિવસમાં કેટલીય વાર બનતું. આથી કરીને શરીરને કંઈ જ કશું થયેલું ન હતું. કુદરતી હાજત પણ નિયમિત રહેતી.

એટલે બુદ્ધિથી તપાસીને જ સદ્‌ગુરુને સ્વીકારેલા ને એમના પરત્વે ક્રમે ક્રમે હૃદયનો પ્રેમભક્તિભાવ જાગતાં જાગતાં અને એમનો અનુભવ થતાં થતાં એમણે જ સદ્‌ગુરુનો પરિચય કરાવ્યો. તેમનું ગુરુત્વ હૃદયમાં શુદ્ધમાં શુદ્ધ સ્વરૂપે કોઈ પરમ ચેતનની લક્ષણાત્મક દશામાં અનુભવાતું ગયેલું. એવા સદ્‌ગુરુની સેવાભાવના સર્વસ્વ પ્રેમભક્તિજ્ઞાનભાવે સમર્પણ થઈ જઈ જીવતી થઈ શકે, એવી આંતરિક શ્રદ્ધા-નિષ્ઠા જીવનમાં પછીથી તો પ્રગટી શકેલી તે એવી એવી નક્કર કસોટીઓમાંથી પસાર થતાં થતાં અનુભવમાં પ્રગટેલું.*

આવા સાધુ નડિયાદ પોતાને ત્યાં પધારે એવી મનોમન પ્રાર્થના શ્રીમોટાએ કર્યા કરેલી અને એમનાં સૂચનોનું પાલન કરવાની તત્પરતા પણ દાખવતા રહેલા.

એ બંગાળી સાધુ તે પૂ. શ્રી બાળયોગી મહારાજ. શ્રીમોટાને વિદાય આપતાં પૂ. બાળયોગીજીએ રાત્રિ સ્મશાનમાં ગાળવાનું સૂચવ્યું.

ત્યારથી શ્રીમોટાએ સ્મશાનમાં જઈને સૂવાનું આરંભ્યું. ઊંઘ આવતાં લગી સ્મશાનના ભયંકર એકાંતમાં સ્મરણની સાધનાનો અભ્યાસ આરંભ્યો.

### (૩) જીવનવિકાસ-એ જ ધ્યેય :

નર્મદાનાં ઊંડાં નીરમાં ઝંપલાવીને કૃપાશક્તિથી બચી જવાયું હતું. એ પળે પ્રગટેલું ધ્યેય પૂજ્ય શ્રી.

---

* 'જીવનપોકાર' પૃ. ૧૯૪, ૯૫

બાળયોગીજીના સ્પર્શથી જાણે કે વધુ સ્પષ્ટ બન્યું. શરીરના રોગમાંથી મુક્તિ મેળવવાનું ધ્યેય તો ખૂબ જ ટૂંકા ગાળામાં પાર પડ્યું, પણ હવે તો અનંતના અનુભવની પ્રક્રિયામાં સક્રિય બનવાનું થયું.

'હવે જીવનનો એક જ મુદ્દો રહેલો કે પ્રભુને મેળવવા છે, જીવનને એની ખાતર, એની પાછળ ફના કરી દેવું છે. સદ્‌ગુરુનાં કૃપા-આશીર્વાદથી સઘળું મળી શકે છે એવી ભાવનાની વાસ્તવિકતા સ્વીકારવામાં તથ્ય હોવા છતાં એને વળગી રહેવાનું કદાપિ એની કૃપાથી અમથું અમથું કરેલું નથી. એટલે કે બતાવેલા માર્ગે ચાલી ચાલી, સદ્‌ગુરુએ ચીંધેલું એમની જ કૃપાથી કરી કરી, હવે આગળ કયો માર્ગ છે, તે પણ સમય પાક્યે સદ્‌ગુરુએ બતાવવાનું કરેલું છે.'

જીવનવિકાસના માર્ગે-પ્રભુપ્રાપ્તિના માર્ગે હવે ચોક્કસ હેતુથી પગલાં મંડાવાનાં શરૂ થાય છે. ધ્યેય નિશ્ચિત બન્યું છે : પ્રભુપ્રાપ્તિ. પ્રાપ્ત કર્મ તો પડ્યું છે : - હરિજન સેવા અને એ રીતે થતી કર્મસાધનામાંથી કુટુંબ પરત્વેની ફરજનું પાલન. અને સાધન લાધ્યું છે : **'હરિઃૐ'નું સ્મરણ અને સદ્‌ગુરુના હુકમનું પાલન-**

**(૪) સ્મશાનમાં રાત્રિવાસો :**

શ્રીમોટાની સાધનામાં ઘણી જ વિશેષતાઓ છે : એમણે કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિ એમ ને એમ સ્વીકારી લીધી નથી. આરંભમાં ગુરુની આજ્ઞાનું પાલન કરવામાં પણ ઘણી જ મૂંઝવણ અનુભવાતી હતી, કેમ કે 'દિવ્યજીવનના સ્વરૂપની સમજ શરૂ શરૂમાં ઊગી નહોતી. એથી અનેક પ્રકારના સંકલ્પવિકલ્પો પણ જાગતા હતા. આજ્ઞાને બિરદાવતાં પહેલાં ઘણી જ ગડભાંજો એમના હૃદયને અકળાવી મારતી હતી, કેમ કે આજ્ઞાના હાર્દને પૂરેપૂરી રીતે પ્રીછી શકવા જેટલી મતિ પાકટ થયેલી નહોતી.'

આમ છતાં એ આજ્ઞાનું પાલન થતાં બધું જ આપમેળે સમજાતું હતું. અને માર્ગ ધીમે ધીમે સ્પષ્ટ થતો હતો. આથી, શ્રીમોટાની સાધનામાં સદ્‌ગુરુના હુકમપાલને ઘણો જ મહત્ત્વનો ભાગ ભજવેલો છે એમ કહી શકાય.

પૂ. બાળયોગીજીને મળ્યા પછી સ્મરણ કરવાનો હેતુ સ્પષ્ટ બન્યો. ધ્યેયપ્રાપ્તિ એ જ માત્ર લક્ષ્ય. જીવન માટેનું ધ્યેય સ્પષ્ટ થતાં જ સાધનાના હેતુ પ્રત્યે સભાન રહેવાનું બન્યું.

શ્રીમોટાની સાધનાનાં મુખ્ય અંગો મૌન અને એકાંત. મૌન બહિર્મુખતા ઘટાડે અને અંતર્મુખતા કેળવે અને એકાંત અભય અને નમ્રતા કેળવે. શ્રીમોટા આખો દિવસ કામ કરવા છતાં મોટેથી ભગવાનના નામનું સ્મરણ કર્યા કરે. દિવસનો મોટો ભાગ મૌન જ પાળે. જરૂર કરતાં વધુ બોલે જ નહિ. ચર્ચામાં કે વાદવિવાદમાં રસ ન લે. એમના ઘણા સાથીદારો એમને 'કૂપમંડૂક' પણ કહે. કોક બોથડ પણ ગણે, પણ શ્રીમોટાનું ધ્યેય સ્પષ્ટ થયું હોવાથી એમના જીવનની યમુનાની ગતિ બદલાઈ ચૂકી હતી. જીવનનાં આંતરિક પ્રવાહ, વિચાર, વલણ અને વૃત્તિઓની પ્રભુ તરફની ગતિ નજરે તો જણાય જ કેવી રીતે ?

'નડિયાદમાં જેટલો કાળ રહેવાનું બન્યું, તે બધા દિવસો ગામથી દૂર એકાંતમાં સૂવાનું ચાલુ જ રાખેલું. શય્યા તો 'ભૂમિતલ' હતી. શરૂશરૂમાં તો પીવાનું પાણી પણ ન મળી શકે. સ્મશાનમાં લાકડાં સાચવવાને માટે એક ડોશીમા રહેતાં હતાં. મારે માટે તે રોજ નાની માટલીમાં પાણી ભરી રાખતાં હતાં.

સૂવાની જગા પણ વાળી રાખતાં. કડકડતી ઠંડી પડતી હોય કે મુશળધાર વરસાદ વરસતો હોય, તોપણ તે કાર્યક્રમ સદાય ચાલુ જ રહેતો. કઠણાઈ હોવા છતાં કઠણાઈને તે રીતે માની નથી.'

કેમ કે મનમાં એક પ્રકારનો ચોક્કસ નિશ્ચય પ્રગટી ગયો હતો. તેથી મુશ્કેલી હોવા છતાં મન એને મુશ્કેલીરૂપે સ્વીકારવા તૈયાર નહોતું.

શ્રીમોટા ઘણી વાર નડિયાદમાં બોકડની બાવળી જેવી ભયંકર જગા પર જઈ ઊંઘ ન આવે ત્યાં લગી સ્મરણ-ભાવમાં નિરંતરતા પ્રગટાવવાનો અભ્યાસ કરતા. ત્યાં લોકો બીવડાવવા અથવા ખૂનની ધમકી પણ આપતા. રાતના ચોર લોકો પણ ત્યાં આવતા. આ યુવાનને જોઈને કદીક એને મારવાનોય વિચાર કરતા. સાધનાના આ આરંભ ટાણે મન ચોરોની વાતો સાંભળતું પણ એથી એમણે કદી ભય પામીને એકાંત ત્યજ્યું નથી.

**(૫) ક્ષુરસ્ય ધારા :**

શ્રીમોટાએ પ્રભુપદની પ્રાપ્તિ કાજે સાધનાનો માર્ગ લીધો. દિવસ દરમિયાન સંસારમાંનાં અથડામણો અને અવરોધો તો હતાં જ પણ એ બધા જ અવરોધો ગૌણ હતા.

સ્મરણ કરતાં કરતાં સદ્‌ગુરુની કૃપાથી અંતર્મુખતા કેળવાતાં કેળવાતાં મનના સંકલ્પવિકલ્પો અને વાયુ કરતા પણ વેગીલા મનના વિચારો, તરંગો, કલ્પનાઓના સુસવાટાનું સ્વરૂપ પ્રગટ થવા લાગ્યું. શ્રીમોટાના મનમાં ધ્યેય પ્રત્યે ગતિ કરવાનો સંકલ્પ તો થઈ ચૂક્યો હતો, પણ વિકલ્પોની હારમાળા એ સંકલ્પને ઢીલો પાડવા મથતી હતી. એની સામે ધ્યેય પરત્વેની નિશ્ચયાત્મકતા પોતાનો સંગ્રામ આપતી હતી.

આ સંગ્રામની લીલા પ્રેમભક્તિપૂર્વકની હતી. શ્રીમોટાની સાધનાનું સાધન-નામસ્મરણ-પ્રેમભક્તિપૂર્વકનું અને ધ્યેય માટેના હેતુ પરત્વેની સભાનતાભર્યું હતું. મનના આડફંટાભર્યા ચિત્રવિચિત્ર તુક્કાઓનું સ્વરૂપ જોતાં શ્રીમોટાએ મનને મઠારવાનું આરંભ્યું. સાધના માટે સાનુકૂળ બનાવવા મથામણ આરંભી.

''આમાંથી 'મનને'ની ઉત્પત્તિ થયેલી છે.'' 'મનને' એ પુસ્તિકામાં એમણે મનને સાધનામાર્ગ માટે અનુકૂળ થવા ખૂબ વીનવ્યું છે. વિચાર ને મહામુશ્કેલીઓ જ્યાં એક ઠેકાણે ધ્યેયના હેતુ પરત્વે-કેંદ્રિત કરાય ત્યાં તો હાથતાળી દઈને એ મન પાછું ક્યાંક ને ક્યાંક ભટકવા ચાલ્યું જાય છે. મનના અનેક સાથીદારો પૈકીનાં તરંગ, તુક્કા, દલીલ-તર્ક અને કલ્પનાઓ ''મને 'મારા સમું બીજું કોઈ ડાહ્યું નથી' એમ મનાવીને ભમાવી મારતા. પણ મારો સંકલ્પ પ્રભુકૃપાથી દૃઢ હતો. હું મનને કહેતો : 'તું મને કદાચ છોડશે પણ હું તને કેમ છોડી શકું ? તને મથાવી મથાવીને મારી સાથે જ રાખીશ અને એકાગ્ર ચિત્તે હું તને એકાગ્ર કરીને જ છેક ડુબાડીશ. મને પણ પ્રભુએ હાથપગ આપ્યા છે. તું ક્યાં સુધી આડું રહે છે એ હું જોઈશ !' દિલમાં જો ભાવના હોય તો 'શું થવું શક્ય નથી ?' મારા દિલમાં આવો દૃઢ વિશ્વાસ વસી ચૂકેલો.''

'વળી, મારે જે ધ્યેયને પ્રાપ્ત કરવું હતું, તે ધ્યેયની ભાવના આઠે પહોર સન્મુખ રહી શકે તો ઉત્તમ, તેવી ભાવના પ્રગટેલી રહેતી. પ્રાર્થના પણ થઈ શકે, કયાં કયાં સાધનો વડે તે તત્ત્વ પ્રાપ્ત થઈ શકે, અને કેવું કેવું હોઈ શકે તેની પણ ભાવના દિલમાં પ્રગટ્યા કરે, અને તેની પાછી પ્રાર્થના થયા કરે અને તે પ્રાર્થનામાં મારે શું ગાળવાનું છે, તે પણ આવી જાય એવા પ્રકારની એક સળંગ જીવંત ભાવના

રોજ પ્રગટ્યા કરે. એવી મારા હૃદયની ભાવનાના અરીસા જેવી ધારણા 'તુજ ચરણે'માં પ્રભુકૃપાથી વ્યક્ત થયેલી છે. એમાં एની પ્રાર્થનાનો ભાવ છે, ए કયાં કયાં અને કેવાં કેવાં સાધનોથી પ્રાપ્ત થઈ શકે તેનું પણ બયાન છે. ચેતનામાં નિષ્ઠા પામેલું વિકાસ પામતું જતું ને एના પ્રસાદને પામેલું જીવન કેવું હોઈ શકે એની પણ હકીકતો તેમાં છે. ને અંતે મારે एની કને શું માગવાનું છે, તેની પણ પ્રાર્થના છે. પ્રભુકૃપાથી મને પ્રાર્થના એવા પ્રકારની પ્રગટી છે કે જેથી કરીને મારા જીવનના ધ્યેયની સન્મુખતા સદાકાળ ટકેલી રહેતી.'*

સાધનાનો માર્ગ તો ખાંડાની ધારે ચાલવા જેવો કપરો છે. હજી તો એની અણીનો જ સ્પર્શ થતો હતો. મનના વિકારો અને હૃદયની વૃત્તિઓનો પરિચય થતો હતો. અને એ બધાં અંતરમાં ખૂબ સાલતાં હતાં. આ અવરોધો મઠારાય છે સંસારના જીવનમાં. શ્રીમોટાએ આથી સાધક માટે સંસારની આવશ્યકતાનો સ્વીકાર કરેલો છે. સાધનાની પ્રગતિની કસોટી જ સંસારમાં થતી હોય છે. એ દૃષ્ટિએ 'સંસાર'નું મહત્ત્વ છે.

આમ, શ્રીમોટા સાધનાના અભ્યાસમાં રાતદિવસ મંડેલા રહે છે. એમની સાધનાની વિશેષતા આ છે : ધ્યેયની સન્મુખતા, હેતુ પરત્વેની સભાનતા અને એને કાજે જ સાધનોનો અભ્યાસ. સાધનોમાં સૌ પ્રથમ આવે છે સ્મરણ અને પ્રાર્થના.

સ્મરણમાં શરૂશરૂમાં કંટાળો આવેલો પણ પ્રાર્થનાની સહાયથી એ દૂર થતો. મનના વિકારોના ઊભરા અને વૃત્તિઓનાં તોફાનો અકળાવતાં, જીવનમાં ઊંડે ઊંડે છુપાયેલા દોષો કણાની જેમ, સર્પના દંશની વેદનાની જેમ તીવ્રપણે ખૂંચતા ત્યારે પ્રાર્થનાનો આશ્રય લેવાતો. તે દોષના ડંખને લીધે આર્તભાવે કરાતી અને એને શમાવવા આર્દ્રભાવ પણ એ પ્રાર્થનામાં ભળતો. પ્રાર્થનાથી જાગતો ભાવ પાછો સ્મરણની સાધનાના ઉપયોગમાં લેવાતો. આમ, સ્મરણ અને પ્રાર્થના જેવાં સાધનોના સમન્વયથી સાધનામાં ગતિ થતી. મન સાધનામાં એકાગ્ર બને એ સ્થિતિએ પહોંચતાં પહોંચતાં તો અનેક પ્રકારની મથામણો અને યાતનાઓ પ્રેમભક્તિથી સહ્યાં. એથી સંસારની મુશ્કેલીઓ કે આંતરિક મથામણો તપશ્ચર્યા બની જીવનને તેજસ્વી બનાવતી ચાલી.

દિવસ દરમિયાન ગવાતાં-ભજન-કીર્તનો દ્વારા પણ ધ્યેયની સભાનતા રખાતી અને મનને મઠારવાનું બન્યા કરતું.

**(૬) જીવનપ્રવેશ-વસંતપંચમી :**

રાતના સ્મશાનવાસ અને દિવસ દરમિયાન હરિજન સેવા નિમિત્તે સંસારવાસ-કરતાં કરતાં શ્રીમોટાની સાધના ચાલુ છે, પણ એમાં વેગ નથી પ્રગટતો. મનાદિકરણોનું શોધન ઝડપી બનતું નથી.

અમદાવાદના સાબરમતીને કિનારે મળેલા પૂ. બાળયોગીનું સ્મરણ થાય છે. એમની પ્રભાવક શક્તિ પ્રત્યે ભાવ જાગે છે. એમની પાસે ચાર દિવસ રહેલા એનું સ્મરણ થાય છે. ત્યાંથી વિદાય થતાં કરેલી પ્રાર્થના પણ યાદ આવે છે. એ વખતે તો મનોમન કહેલું કે 'આપ નડિયાદ પધારો તો કંઈ લાભ પ્રાપ્તિ થાય.' પણ એ વખતે 'લાભપ્રાપ્તિ' એટલે શેની પ્રાપ્તિ એનો ખ્યાલ સ્પષ્ટપણે નહોતો.

---

* 'જીવનદર્શન' પૃ. ૧૮૧-૮૨

એક વખત 'મારે પંચમહાલના દાહોદ તાલુકાના મીરાખેડીમાં અંત્યજ સેવા મંડળની કાર્યવાહક સભામાં હાજરી આપવાને જવાનું હતું. તે દિવસે સવારની ફાસ્ટ ટ્રેનમાં દાહોદ જવાને માટે ટિકિટ પણ કઢાવી અને જ્યાં અંદર જવા જાઉં છું, ત્યાં જ મારી દૃષ્ટિ એકાએક સદ્‌ગુરુ પર પડી. તેઓ પ્લૅટફૉર્મની બહાર એક ખૂણામાં શાંતપણે બિરાજેલા હતા. જેવી દૃષ્ટિ પડી કે તુરત જ હું પાછો વળ્યો ને તેઓશ્રીને દંડવત્ પ્રણામ પ્રેમભક્તિથી કર્યા અને રાજી થયો. તેઓશ્રીએ હુકમ ફરમાવ્યો કે રેલવેની ટિકિટ મારે પાછી આપી દેવી !'

એક બાજુ કર્તવ્યભાવનામાં નિષ્ઠા રાખવાની વૃત્તિ અને બીજી બાજુ ગુરુનો હુકમ પાળવાની તાલાવેલી. બન્ને વચ્ચે સંગ્રામ ચાલ્યો. કર્તવ્યનિષ્ઠાનો આગ્રહ વધુ જોરદાર બનતો હતો, પણ સદ્‌ગુરુનો હુકમ જ વિજયી નીવડ્યો. શ્રીમોટા આજે પણ કહે છે કે : 'કયા પ્રકારના બળના પ્રભાવથી મેં એ ટિકિટ પાછી આપી દીધી એ હું આજેય સમજાવી શકતો નથી.' ગુરુકૃપાની શક્તિનો એ પ્રભાવ હતો.

પૂ. શ્રીબાળયોગીજી શ્રીમોટાને ઘરે પધાર્યા. તેઓશ્રી 'મસ્તીમાં શી કૂદાકૂદ કરે ! ને આમથી તેમ નાચે ! ત્યારે નડિયાદની નરખી પોળમાં અમે રહેતાં હતાં. ત્યાં ખડકીમાં એક નાનકડી મેડી હતી. ત્યાં તેમને બેસાડ્યા. પછી તેઓશ્રીએ મને કહ્યું : 'હું તને સાધનામાં દીક્ષિત કરવા આવ્યો છું. તે માટે એક મોટું મકાન જોઈશે, એટલું જ નહિ પણ તે એકાંત જગામાં આવેલું હોવું જોઈશે. તદુપરાંત પાસે એક જળાશય પણ હોવું જોઈશે. એવું મેળવીને તું તરત પાછો આવ.'

આવું કેવી રીતે મેળવવું તેની મારે શક્યતા ન હતી કે ન તો કોઈ મને સૂઝ હતી. એટલામાં તો મારે કામે જવાનો વખત થયો. તેઓશ્રીને મેં પ્રાર્થના કરી સંમતિ મેળવી. મારી બાને તેઓશ્રીની ભાળવણી કરીને હું મરીડા ભાગોળે શાળાને કામે જવા નીકળ્યો.

રસ્તામાં આવતા વહોરવાડમાં એક કાસમ સાહેબને શ્રીમોટા દરરોજ સલામ ભરીને 'અસ્સલામ્ આલયકુમ્' કહે, પણ આજે મન સદ્‌ગુરુના હુકમમાં ગૂંથાયેલું એટલે રોજનો અતૂટ નિયમ તૂટ્યો. કાસમ સાહેબને પણ ભગતના આ વલણથી આશ્ચર્ય થયું, પણ શ્રીમોટાને એ યાદ આવતાં તરત જ પાછા ફરી સલામ કરી, પોતે કેમ ભૂલી ગયા તેની વિગત જણાવી.

'ત્યારે એ કાસમ સાહેબે કહ્યું : 'અરે ભગત ! તું મૂંઝાય છે શા માટે ? આપણો એક મોટો બંગલો ડભાણના રસ્તે છે. તે એકાંત જગામાં છે. અને પાસે જ રામતલાવડી છે. લે કૂંચી-જા તારા એ ઓલિયાને તે બંગલામાં રાખજે !'

આવું મોટું મકાન, એકાંત જગા અને જળાશય-તેઓશ્રીના માગવા પ્રમાણે જ મળી ગયાં, તેથી કેટલો બધો આનંદ મને પ્રગટેલો એ હું કેવી રીતે સમજાવી શકું ને વર્ણવી શકું ?

મને તો દોડીને ગુરુમહારાજના પગે પડી જવાનું મન થયું, પરંતુ તે કાળે કર્તવ્યનું ભાન જબરજસ્ત હતું, તેથી તેવી પ્રગટેલી ભાવનાનાં પૂરથી તણાઈ જવાનું માંડી વાળીને મળેલાં કર્મમાં જ પ્રયાણ કરવાનું રાખ્યું. કામથી પરવારી ઘેર આવ્યા પછી મેં તેઓશ્રીને ગદ્‌ગદ ભાવથી જણાવ્યું. ત્યાં તેઓશ્રીને લઈને તે મકાનમાં રહેવાનું રાખ્યું. ને ત્યાં તેઓશ્રીએ મને દીક્ષિત કર્યો.'

બધો જ સમય પૂ. શ્રીબાળયોગીની સેવામાં રહેતા, પોતાનું કર્તવ્ય પણ બજાવતા. પૂજ્ય બાળયોગીજીએ શ્રીમોટાને જીવનવિકાસના-સાધનાના માર્ગે પ્રગતિ કરાવવા પ્રભુની કૃપાશક્તિના સામર્થ્યની પ્રક્રિયા ગૂઢ હોવાથી એના પ્રાગટ્યની આવશ્યકતા પણ નથી, પણ એક દિવસ પૂ. શ્રીબાળયોગીજીએ શ્રીમોટાને પોતાની સામે બેસાડી કહ્યું.

'આંખો મીંચી દે અને દૃષ્ટિને ભ્રૂકુટીની વચ્ચે સ્થિર કર. વિચારો બિલકુલ ન આવવા જોઈએ.'

શ્રીમોટાએ સૂચના મુજબ કરવાનો પ્રયત્ન કર્યો. પછી પૂ. શ્રીબાળયોગીજીએ પૂછ્યું.

'કેમ હજીય વિચારો આવે છે ?'

'હા જી. વિચારો તો આવે છે.'

'ફરીથી પ્રયત્ન કર.'

શ્રીમોટાએ ઘણા જ પ્રયત્ન કર્યા, પણ કારી ફાવી નહિ. પૂ. બાળયોગીજી ગરજ્યા : 'હજીય વિચારો આવે છે ?'

શ્રીમોટાએ હા કહી. ત્યાં જ પાસે પડેલો ખીલો ઉપાડીને તેઓશ્રીએ શ્રીમોટાના કપાળમાં બે ભ્રૂકુટીની વચ્ચે જોરથી ફટકાર્યો. અને શ્રીમોટાનું ભાન જતું રહ્યું.

અને જ્યારે શ્રીમોટા ભાનમાં આવ્યા ત્યારે પૂ. બાળયોગીજીએ પૂછ્યું :

'કેટલો સમય સંકલ્પ વિકલ્પ વિના પસાર થયો ?'

'બે ત્રણ મિનિટ.'

'નહિ.'

'તો દશેક મિનિટ થઈ હશે.'

'નહિ.'

'પરાણે કદાચ અડધો કલાક થયો હશે !'

'નહિ-બરાબર ત્રણ દિવસ થયા.'

શ્રીમોટા ત્રણ દિવસ લગી સ્થળ-કાળનું ભાન ભૂલીને મનની સંકલ્પ વિકલ્પ વિનાની સ્થિતિમાં રહ્યા. મનની આવી સ્થિતિનો આટલો લાંબો કાળ થોડીક જ મિનિટ્સમાં પસાર થયો એ અનુભવ વિરલ હતો.

સાધનારંભ થયા પછીની ભારે મથામણ અને પ્રાર્થના પછી તૈયાર થયેલી યોગ્ય અને અનુકૂળ ભૂમિકાને લીધે પૂ. બાળયોગીજી દ્વારા પ્રભુકૃપાની આ પરમ શક્તિનું અવતરણ પૂ. શ્રીમોટામાં શક્ય બન્યું અને સ્થિર થયું.

શ્રીમોટાને દીક્ષિત કર્યા એ દિવસ ઈ. સ. ૧૯૨૪નો વસંતપંચમીનો દિવસ હતો. પ્રકૃતિ પણ આ ઋતુમાં નવપલ્લવિત થાય છે. અને અવનવા ભાવો માનવના દિલમાં જાગે છે. એ દિવસનો યોગ શ્રીમોટાના જીવનને નવપલ્લવિત કરવા કેવો સહાયભૂત થયો ! 'તેઓશ્રી મારે ત્યાં નડિયાદ પધાર્યા, તે તેમની અપાર કરુણાનું પ્રત્યક્ષ જીવતુંજાગતું દૃષ્ટાંત છે. એવી તેમની સહજ કરુણાનો પ્રતાપ કદી પણ હું વીસરી શકું એમ નથી.'

* * *

# વિભાગ ૩ : જીવન-ઉત્ક્રાંતિ

## (૧) સમર્થ સદ્‌ગુરુની અકળ-કળા

શ્રીમોટાને સાધનામાં દીક્ષિત કરીને પૂ. શ્રીબાળયોગીજીએ કહ્યું : 'સાંઈખેડામાં ધૂણીવાળા દાદા છે. તેમનો પ્રેરાવ્યો હું તારી પાસે આવ્યો છું અને સાધનામાં તને દીક્ષિત કર્યો. માટે તું એમની પાસે જઈને આશીર્વાદ લઈ આવ.'

આ તો ગુરુનો હુકમ ! શ્રીમોટા સજ્જ થયા. પૂ. દાદાજી—પૂ.કેશવાનંદજી પોતાને ત્યાં જ અડ્ડો જમાવી દેવાનો હુકમ આપે તેથી પોતે પોતાની 'નૌકાના બધા જ સઢમાંથી મુક્ત થઈ જવાનું નક્કી કર્યું.' અને સંઘમાંથી રાજીનામું આપી, ઈ. સ. ૧૯૨૪માં સાંઈખેડા ગયા અને ત્યાંની ધર્મશાળામાં નિવાસ કર્યો.

બસો મણ જેટલાં લાકડાંની ધૂણી ધખધખી રહી છે. તરતી આંખોમાંથી કયા પ્રકારનો ભાવ છે એ પારખવાની મુશ્કેલી પડે એવું છે ! શરીર આખું નિર્વસ્ત્ર છે. ચમકતું શરીર આંકડાના ફૂલના હારથી શોભે છે. પાસે નારિયેળ પણ પડેલાં છે અને ખભાના ટેકા પર એક મોટો ડંડો છે.

શ્રીમોટા નાહીધોઈને એમની તરફ ગયા ત્યારે કેટલાક લોકો પૂ. દાદાથી ડરીને દૂર ભાગતા હતા. કેટલાકે બૂમો મારી શ્રીમોટાને કહ્યું : ખસી જા ! ખસી જા ! દાદા તારું માથું ફોડી નાંખશે ! પણ પૂ. બાળયોગીજીનો આદેશ જ હૃદયમાં જીવતોજાગતો હતો. એ તો પૂ. દાદાજી પાસે પહોંચી ગયા અને એમને પગે પણ લાગ્યા.

શ્રીમોટા પોતાના જીવનવિકાસના પ્રણેતા-દિવ્યજીવન માટેના સર્વસ્વ સદ્‌ગુરુનાં દર્શને આવેલાં છે. જેમણે પરસ્પરને ક્યારેય જોયા નથી, એકબીજા સ્વપ્નેય મળ્યા નથી. છતાં જેમણે પૂ. બાળયોગીજીને સામે ચાલી નડિયાદ મોકલી, નવજીવનના માર્ગમાં દીક્ષા અપાવી છે, એ પરમ સદ્‌ગુરુ જોવા માત્રથી જ ઓળખાઈ જાય એવા સરળ નહોતા.

એ તો 'બ્રહ્માનંદમ્ કેવલમ્ જ્ઞાનમૂર્તિમ્' જેવું અકળરૂપ ધારીને બિરાજમાન હતા.

શ્રીમોટા લખે છે : 'હું તો રોજ એમની બેઠકથી પાંચ-સાત ફૂટ દૂર રહેતો. દાદા એવું તો બધું યદ્વાતદ્વા બોલે, અને કેટલીક વાર તો બીભત્સ પણ ગમે તેમ બોલે ! એમના બોલવામાં કશા પ્રકારની સળંગસૂત્રતા ન મળે. કશું ઠામઠેકાણું પણ ન જણાય. એ કારણે મારા મનમાં એક પ્રકારની ઘૃણાવૃત્તિ પણ જાગી ગઈ હતી. ત્યાંથી નીકળીને નડિયાદ પાછા ફરવાનું મન થઈ ગયેલું.'-'

પરંતુ તત્ક્ષણ બીજા વિચાર તે જ પળે એવા આવ્યા કે સમર્થ પૂ. બાળયોગીજી મહારાજના ગુરુ આ દાદા છે. પૂ. બાળયોગી મહારાજની ભાવલીલાનો અને એમનામાં કોઈક દિવ્ય ગૂઢ શક્તિ પ્રત્યક્ષ હતી, તેનો મને અનુભવ પ્રત્યક્ષ થઈ ચૂક્યો હતો. એટલે મને લાગ્યું કે આવા સમર્થ બાળયોગીના જે ગુરુ છે, તે તો વળી કેવાય સમર્થ હોવા જોઈએ ! તેથી તેઓના આવા પ્રકારના બોલવા પાછળ પણ કશું રહસ્ય હોવું જ જોઈએ, પરંતુ તે પરખાય શી રીતે ?

આવું જ્યાં મનમાં થયું ત્યાં જ દાદાજી બોલ્યા. તેઓ જ્યારે બોલે ત્યારે બે-ચાર ગાળ તો ચોપડી જ દે. અને કદી કદી સજ્જડ મારી પણ લે. એટલે આપણને તો ગાળોનો પ્રસાદ તો મળ્યો. તેઓ બોલ્યા

કે, હું બોલું ત્યારે મારી સામે ઊભેલાં ટોળાંમાંનાં લોકોના ચહેરા પર જે જે ફેરફાર થાય તે નીરખ અને એ માણસોને યાદ રાખી તેની પાછળ જઈ તેને પૂછવું.'

શ્રીમોટાએ આ પ્રયોગ કર્યો. અને એમના દિલમાં દૃઢ થયું કે પૂ. દાદાજી અંતર્યામી છે. સર્વ કોઈનું સર્વ કાંઈ એ જાણી શકે છે અને જાણે છે. શ્રીમોટાને પોતાના આ સદ્‌ગુરુ માટે નકારાત્મક વિચાર નહોતો આવ્યો પણ બુદ્ધિજીવી યુવાનને આંતરિક પ્રતીતિ મેળવવી હતી. એટલે આવો પ્રશ્ન જાગેલો.

શ્રીમોટા જેટલો કાળ સાંઈખેડા રહ્યા તેટલો કાળ અનેક પ્રકારના અવનવા બનાવો બનેલા. એ પરથી તેમ જ પોતાના દિલમાં થયેલી અનુભૂતિથી શ્રદ્ધાબળની પ્રાપ્તિ થઈ. પૂ. દાદાજી પાસે રાજાથી માંડીને રંક તેમ જ જ્ઞાની-અજ્ઞાની પાપી-પુણ્યશાળી સૌ કોઈ આવતા. અને સૌ કોઈ પોત પોતાની કક્ષા મુજબ પ્રસાદી પામતા.

શ્રીમોટા આવા સદ્‌ગુરુના આશીર્વાદ પામ્યા. પૂ. દાદાજીએ એમને કહ્યું : ''તું તારું કામ સંસારમાં રહીને કરે છે. તારે અહીં રહેવાની જરૂર નથી. મુશ્કેલી વેળાએ તું બોલાવીશ ત્યારે હું હાજર થઈશ.''

શ્રીમોટા સદ્‌ગુરુના આવા આશીર્વચન સાથે પાછા ફર્યા. સદ્‌ગુરુનું સાંનિધ્ય લાધ્યું-અભય વચન પામ્યા. અને એમની સાધનામાં એક અપૂર્વ વેગ પ્રગટ્યો.

છવ્વીસ વર્ષના આ યુવાનમાં રહેલી શક્તિ, દેશપ્રેમનું ઝનૂન, અને સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ માટેની ધગધગતી તમન્ના અને જાનફેસાનીની ઉત્કટ તત્પરતા-પ્રભુપદની પ્રાપ્તિ કાજે વળી ગયાં. શ્રીમોટાના સમર્થ ગુરુ મહારાજે આ યુવાનમાં એક અપૂર્વ વેગ પ્રગટાવ્યો. જીવનની યમુનાના નીરની ગતિ પલટાવી.

ઈ. સ. ૧૯૨૪ના વર્ષમાં શ્રીમોટાની સાધનાનો આંતરિક વેગ કેટલો ઝડપી બન્યો હશે, એ શી રીતે કળી શકાય ?

**(૨) હૃદય-સંબંધ :**

શ્રીમોટા સદ્‌ગુરુ શ્રીકેશવાનંદજી સાથે હૃદય ગાઢ કરવા મથે છે.

પુનઃ નડિયાદ પાછા ફરી હરિજનસેવાના કાર્યમાં લાગી જાય છે. દિલમાં અપૂર્વ મસ્તી, કર્મમાં ખંત, ઉદ્યમ, ચીવટ અને એકાગ્રતાનો લય જામ્યે જ જાય છે. એનો વેગ વધ્યે જ જાય છે. એ બધું જ પ્રભુનું કર્મ છે-એ પ્રભુને સમર્પણ છે. ભક્તિભાવની દૃઢતાની અને નિષ્ઠાની પ્રાપ્ત કર્મ દ્વારા પ્રતિષ્ઠા થાય છે.

રાતના સ્મશાનમાં જઈને સાધનાનો અભ્યાસ પાકો કરાય છે, પરંતુ ઘોર અંધકારભરી રાત્રીમાં અંતરમાં પણ અંધકારનાં અનેક પડળો પ્રતીત થાય છે. મન-ચિત્તના એક પછી એક સ્તરમાં રહેલી, વિચારસૃષ્ટિ કે વૃત્તિસૃષ્ટિ કેવી ઊઘડતી હશે !

એવી મથામણની તીવ્ર પળે સદ્‌ગુરુ સિવાય કોણ વહારે આવે ?

શ્રીમોટા પ્રાર્થના કરે છે : 'હે પ્રભુ, જો તું મારી કાંઈ ખબર નહિ લે તો હું ભટકી મરીશ. મારા પ્રત્યે હે પ્રભુ, જરાક નજર કર. હું જરા પણ આડો જતો હોઉં તો તું મને દોરજે.'

'હે કેશવ ! તું જો કંઈ કરુણા કરે તો જ આ અનાથ રાંક સનાથ બનશે ! માટે તારો વરદ હાથ મારા માથે મૂક કે જેથી હું આ સમુદ્ર તરું-હે ચેતન, મારામાં પ્રાણ રેડો.'

અંતરાયો અવરોધો આવ્યા જ કરે છે, પણ સમર્થની ઓથ મળી છે. શ્રીમોટાનો ધ્યેય પરત્વેનો સંકલ્પ દૃઢ બનેલો છે. પ્રભુના અવતરણ કાજેની યોગ્ય ભૂમિકા તૈયાર કરીને જ જંપવાની એમની તત્પરતા અનન્ય છે.

'પ્રભુ ! તારું આ મંદિર સારું-સ્વચ્છ કરવા હું ભારે મથામણ કરું છું. મનના વિકારો, પ્રાણની વૃત્તિઓને તારે ચરણે ગાળી નાંખવી છે. એથી ક્યાંયે કચરો ન રહે એ માટે હું હંમેશાં યત્ન કર્યા જ કરું છું, તોયે મનને પસંદ પડે એવું કામ થઈ શકતું નથી. તારે રહેવા કાજે એને પૂરેપૂરું યોગ્ય કેમ કરીને બનાવું ?'

હે પ્રભુ ! તું આ મારા મનને મંત્રમુગ્ધ કરી દે ! જેથી ક્યાંય ચસકે નહિ અને ઠરીને ઠામ રહે. પ્રભુ ! હું આટલું જ માત્ર માગું છું. આટલું થશે તો જ આ રંકનું ભાગ્ય ફળશે. અને રૂડો દી દેખાશે !

પોતાની આ સાધના માટેનો યત્ન કદી પણ ઢીલો ન પડે એ માટે પણ પ્રભુને પ્રાર્થના કરે છે. પ્રાર્થના દ્વારા, નિવેદન દ્વારા સદ્‌ગુરુ સાથે હૃદય સંબંધ બંધાય છે. અને દૃઢ થાય છે.

સદ્‌ગુરુ પ્રત્યે ભક્તિભાવભર્યું નિવેદન થાય, જે કંઈ સાધન થાય, અને કંઈ પણ દૃઢતા અનુભવાય એનું સમર્પણ થાય અને સ્તુતિ અને કીર્તન દ્વારા અંતરમાં ભાવોર્મિને છલકાવાય અને એ ભાવોર્મિનો ઉપયોગ પાછો સ્મરણમાં થાય અને એ બધું દૃઢ અને પ્રતિષ્ઠિત થઈ અંતરમાં સક્રિય બન્યા કરે.

આવી કંઈક સમન્વય અને ઉપયોગ કળાથી શ્રીમોટા સાધના કરતાં કરતાં સ્વામિત્વની દિશામાં પડી ચૂક્યા.

**(૩) નગ્ન અવધૂતનું આગમન :**

મનના અનેક સ્તરો છે અને પ્રાણના પણ અગમ્ય થરો હશે ! એ તો જે મથતું હોય તે જ જાણે. શ્રીમોટાને સાધના કરતાં કરતાં અનેક પ્રકારની આંટીઘૂંટી અકળામણો આવતી. પ્રભુને પ્રાર્થના કરતાંય ઊકલતી ન હોય એમ અનુભવાતું.

પ્રભુને જાણે કાન, આંખ કે હૃદય ન હોય અને કશું જ જોતો સાંભળતો ન હોય એમ અનુભવાતું અને અપાર ઊંડી રિબામણ થયા જ કરતી. આ વેદના-ભીંસ-શેની હશે ?

પણ હવે તો કંઈ પાછાં પગલાં ભરાય કે ? હૈયામાં હામ ધરીને પ્રભુ કને આવવા નીકળેલા પણ આ માર્ગના પોતે ભોમિયા નથી. આડે માર્ગે ચઢી જતાં શું થશે ? પણ એમની દૃષ્ટિ સમક્ષ તો ધ્યેય ધ્રુવ સમાન સ્થિર અને સ્પષ્ટ છે. એથી એ સદ્‌ગુરુને દૃષ્ટિ સમક્ષ રાખીને આગળ ડગલાં ભરે છે.

એક દિવસ કોકે આવીને કહ્યું : 'ભગત ! કોક નગ્ન અવધૂત આવી પડ્યો છે ! બિલકુલ સળવળતો પણ નથી.' આ સાંભળી એમના અંતરમાં કશાકનું સ્ફુરણ થયું. તરત જ શ્રીમોટા તો શાળામાંનું કામ બીજા શિક્ષકોને સોંપી ઘરે જઈ, નાહી, સ્વચ્છ થઈને દૂધ લઈ એ નગ્ન અવધૂત પડેલા ત્યાં પહોંચી ગયા. ત્યાં બેસી સ્મરણ, પ્રાર્થના કરવા લાગ્યા. બે કલાક પછી એ સળવળ્યા. એમની આંખ સામે જોતાં શ્રીમોટાને લાગ્યું કે આ કોઈ અવધૂત કોટિનો આત્મા છે !

એમણે એ અવધૂતને જાગેલા જોઈને પ્રાર્થના કરી : 'હે પ્રભુ ! મને કૃપા દેજો. સાધનાના મારા પુરુષાર્થમાં ચેતનવંતો વેગ પૂર્યા કરજો અને મારી સાધના એકધારી અતૂટ ચાલ્યા કરે એવા પ્રકારનું બળ પ્રેર્યા કરજો.' આવી પ્રાર્થના અને સ્મરણની મસ્તીમાં મશગૂલ બનેલા શ્રીમોટાને સમયનો પણ ખ્યાલ ન રહ્યો.

તે અવધૂતે પોતાને કોક મુસલમાનને ઘેર લઈ જવાનું શ્રીમોટાને સૂચવ્યું. આવા અવધૂત કક્ષાના લોકોના હુકમપાલનનો અભ્યાસ કેળવેલો હોવાથી કશા પણ વિચાર-તર્ક વિના એક યુનાની હકીમ સાહેબને ઘેર લઈ જવાની સંમતિ મેળવી લાવ્યા અને અંધારું થયેથી પડદા નાંખેલી ઘોડાગાડીમાં બેસાડી એ નગ્ન અવધૂતને હકીમ સાહેબને ત્યાં લઈ આવેલા. એના જોખમની સંપૂર્ણ જવાબદારીથી એ સભાન હતા.

આ અવધૂત ખાસ કશું બોલે નહિ. શરીર ઘણું જ હૃષ્ટપુષ્ટ અને ભારે પણ ખરું. રોટલો શાક ખાય. ભોંય પર વેરાયેલી રોટલાની કરચો પણ વીણીને ખાય. કદીક મરાઠીમાં તો થોડુંક ભાંગીતૂટી હિંદીમાં બોલે, પણ કશી સમજ ન પડે એવું બોલે ! રાત્રે એમની સેવા શ્રીમોટા કરે. એક દિવસ એમ કરવા દીધું.

મોં સાફ કરવાની અને મળમૂત્ર કરવાની વ્યવસ્થા કરી હતી, પણ તેનો ઉપયોગ કદી એમણે કરેલો જ નહિ. અને એ ઘરમાં તેઓ ગમે ત્યાં ટટ્ટી જતા. શ્રીમોટા એ બધું જ પ્રેમભાવે સાફ કરી દેતા. પછીના ચારેક દિવસ એ અવધૂતે મળ મૂત્ર કરેલાં જ નહિ. આશરે દસ બાર દિવસ તેઓ રહેલા પણ પરસ્પર કશા પ્રકારની વાતચીત થયેલી નહિ.

એક દિવસ તેઓ જવાની તૈયારી કરતા હોય એમ લાગતાં શ્રીમોટાએ વિદાય કરવાનો પ્રબંધ કર્યો. અને વિદાય આપવા ઉત્તરસંડાના રસ્તા સુધી ગયા ત્યારે એ અવધૂતે કહ્યું : ‘તું મારી સાથે ચાલ.’

ત્યારે શ્રીમોટાએ નમ્રતાથી પ્રાર્થનાભાવે કહેલું : ‘મળેલું કર્મ, મળેલી પરિસ્થિતિ, મળેલા સંજોગ અને તેના પરત્વે પ્રગટેલો ધર્મ શ્રીપ્રભુ પ્રીત્યર્થ યોગ્યતાથી પ્રેમભક્તિથી પાલન કરવાં-એને હું પ્રત્યક્ષ ધર્મ માનું છું. તેમ છતાં આપ જો મને સાધનામાં વેગ પ્રાપ્ત કરાવવાનું દાન આપો તો હું આવું. વળી, આપનાં દર્શન પ્રત્યક્ષ રહ્યા કરે અને આપના મુકામે આવવાના પૈસા મળી રહે, તો હું આવું.’

એ નગ્ન અવધૂત તો આટલું સાંભળી વિદાય થયા. શ્રીમોટાએ પેલા હકીમ સાહેબ પાસેથી જાણ્યું કે એ નગ્ન અવધૂત તો સાકોરીના પૂ. ઉપાસનીબાબા હતા.

**(૪) મન : સ્થિતિનો સાક્ષાત્કાર :**

બારડોલીના સત્યાગ્રહની તૈયારી ચાલતી હતી. એમાં જવાની તૈયારીવાળા સ્વયંસેવક તરીકે શ્રીમોટા હતા. સત્યાગ્રહમાં જવાનો હુકમ મળ્યો એ જ દિવસે એકાએક ઉપાસની મહારાજનાં દર્શન થયાં. અને એવું દર્શન વારંવાર થવા લાગ્યું ત્યારે શ્રીમોટાએ પૂ. ઉપાસનીબાબાને કરેલી વિનંતીનો ખ્યાલ આવ્યો. પહેલી વિનંતીનો જવાબ મળતો હતો.

વળી, વૈષ્ણવ હવેલી પાસેથી મસ્તીથી ભજન ગાતાં ગાતાં જતા હતા ત્યારે કોકે આવીને શ્રીમોટાને રૂ.૪૫-આપ્યા. શ્રીમોટા ભારે અચંબો પામ્યા. એ જ ભજન ગાતા હતા ત્યારે આ અગાઉ કોકે તમાચો પણ ચોડી દીધેલો, પણ તરત જ ખ્યાલ આવ્યો કે સાકોરી જવાનું નક્કી થઈ રહ્યું છે. શ્રીસદ્‌ગુરુની આ પ્રસાદી લઈને શ્રીમોટા સંઘમાંથી રજા લઈને સાકોરી પહોંચ્યા.

ત્યાં જઈ, નાહી ધોઈને બાબા પાસે ગયા એટલે બાબાએ પોતાની પાસે એક લાકડાના પાંજરાની બહાર બેસવા આજ્ઞા કરી. શ્રીમોટા તો ત્યાં જ બેસીને પોતાની સાધનાનો અભ્યાસ કરવા લાગી ગયા.

સાધનાનો અભ્યાસ વધારતાં મન ધીમે ધીમે પ્રભુમાં એકાગ્ર તો બન્યું જ હતું. અહીં બેઠાં બેઠાં પાંચ-છ કલાક પસાર થયા ત્યારે લઘુશંકા જવાની વૃત્તિ થઈ.

પરંતુ 'મારાથી ઊઠી જ શકાય નહિ. પગ અકડાઈ ગયા નહોતા, છતાં ઊભું થવાતું નહોતું. એ એક કૉયડો હતો. એટલે બેઠાં બેઠાં જ ખસીને જવાનું વિચાર્યું. એમ પણ શક્ય ન બન્યું. કમરમાં પણ દુઃખતું નહોતું. આ બધી કરામત પૂ. ઉપાસનીબાબાની જણાઈ. લઘુશંકાની વૃત્તિ પ્રબળ હતી. પ્રાર્થનાદિ ભાવનામાં ટકવા માટે સભાનપણે પ્રયત્ન કરી જોયા. સ્મરણ, પ્રાર્થના, ધ્યાન વગેરેની ભાવનામાં ટકવાનો પ્રયત્ન કર્યો. અને ધ્યાનમાં જવાતાં જ ધ્યાનસ્થ દશાના ભાવમાં, આવી સ્થિતિ માટે પૂ. બાબાનો હેતુ હોવો જોઈએ એનું સ્પષ્ટ ભાન થયું.' અને પોતે કરેલી ત્રીજી શરત પણ ફળતી હોવાનો સંભવ શ્રીમોટાને જણાયો હોય.

આથી, લઘુશંકા કરવા જવા માટેનો સંકોચ જતો રહેતાં જ પાર વિનાનું પાણી નીકળવા જ લાગ્યું. જાજરૂ પણ ત્યાં જ બેઠાં બેઠાં થયું. આસપાસ મળમૂત્રની ચાર ફૂટની પથારી થઈ. ચાર પાંચ દિવસ લગી ખાવા પીવાનું કંઈ જ મળેલું નહિ. આવું જોઈને લોકોએ શ્રીમોટાને મારવાનું ચાલુ કરેલું. લોકો બોલતા કે, 'સાલાને ઊંચકીને ફેંકી દો ! બાબા થઈ જવું છે એને !' પણ મળની પથારીમાં આવવાની કોઈની હિંમત ચાલે નહિ. લોકો આઘે રહીને પથ્થરો ફેંકતા. પૂ. ઉપાસનીબાબા આ બધો ખેલ જોયા કરતા. માત્ર એક બહેન લોકોને સમજાવતાં હતાં. એ બહેન તે હાલનાં પૂ. ગોદાવરીમાતા.

'આટલો બધો માર પડ્યા કરતો હતો છતાં મનાદિકરણની સમાધિના ભાવમાં જરા સરખો પણ ભંગ પડી શકતો નહિ. એક બાજુ તેવા ભાવની સતત એકધારી પતિતપાવની ગંગધારા ચાલ્યા કરતી હતી. બીજી બાજુ લોકોના મારની તૂટક તૂટક ધારા ચાલતી હતી. અને ત્રીજી બાજુ મળમૂત્રની ક્રિયાનો પ્રવાહ પણ ચાલુ રહ્યા કરતો હતો, તોપણ એકધારું સાક્ષીભાવે તે બધું નીરખવાનું બન્યા જતું હતું. તેવા ત્રણ પાસાંમાં તેવા ભાવનો સમરસ એકધારો એકસ્થપણાનો જીવતોજાગતો ટકી રહેલો અનુભવાતો હતો. પાંચેક દિવસનો સમય એક પળમાં વીતી જતો હોય તેવી તે સ્થિતિ હતી.'

ત્યાર બાદ ત્યાં બે ત્રણ દિવસ રહીને શ્રીમોટાએ પૂ. ઉપાસનીબાબાને પ્રણામ કર્યા અને નડિયાદ જવા રજા માગી. પૂ. ઉપાસનીબાબાએ જવાની સંમતિ આપી અને બોલ્યા : 'હવે તારી આ સ્થિતિ કાયમ રહેશે.'

**(૫) માતૃઆજ્ઞા-શ્રી-આજ્ઞા :**

શ્રીમોટા સાકોરીથી નડિયાદ પાછા ફર્યા. પુનઃ એ જ ચક્ર આરંભાયું-હરિજનસેવાનું કાર્ય અને સાધના. શ્રીમોટાને મન કાર્ય પણ સાધનાનું મહત્ત્વનું અંગ હતું.

શ્રીમોટાને સાંસારિક વલણો સામે પણ સંગ્રામ આપવો પડેલો, પણ એમની વિશેષતા એ હતી કે એ સર્વ કોઈ પર ઊંડો ભાવ દાખવતા પણ કોઈનીય સાધના વિરોધી સાંસારિક વૃત્તિને દાદ દેતા નથી, પણ પ્રેમભરી કળા દ્વારા ટાળી દેતા.

કુટુંબના સર્વ કોઈ પરત્વે તેમ જ અનેક કાર્યસાથીઓ પરત્વે પણ દિલનો ઊંડો ભાવ રાખી સૌ કોઈનું કામ ઉમળકાથી કરે. નમ્રતાની કેળવણી તો શ્રીમોટાએ સંસાર વચ્ચે જ લીધેલી.

રોજ રાતના સ્મશાને સૂવા જતા ત્યારે અને પાછા ફરતા ત્યારે સ્વરચિત ભજનો કે સ્તવનો ગાતાં

ગાતાં જતા. નાચતા અને કૂદતા જાય. કેટલાક મશ્કરી પણ કરે. છોકરાં કાંકરા પણ મારે. એવી પળે પોતાની નમ્રતા કેળવતાં કેળવતાં એ તો પ્રભુભક્તિની મસ્તીમાં ઊછળતા-કૂદતા જ હોય. વહેલી સવારે સ્મશાનેથી પાછા ફરે ત્યારે વહાલસોયી માને જોતાં જ એને વળગી પડે ! પાર વિનાનું વહાલ કરે. માના ખોળામાં જઈને સૂઈ રહે ! એમનાં બા તો વહાલથી ભાંડે. 'મૂઆ ! નખ્ખોદિયા ! પાડા જેવો થયો, પણ મારી સાથે સૂઈ જાય છે !' ત્યારે તો શ્રીમોટા માને વધુ ભાવથી વળગતા.

શ્રીમોટાની બા-સૂરજબાને તો પોતાનો દીકરો સ્મશાનમાં સૂવે અને દેશસેવાનું વ્રત લઈ સામે ચાલીને ગરીબી વહોરી લે એ કેમ ગમે ? પણ સાધનાની દિશાની બાબતમાં તો માની જીવદશાની એવી વૃત્તિને જરાય નમતું નહોતું આપ્યું.

'શ્રીપ્રભુકૃપાથી જીવનમાં જીવનના આદર્શનું તો સભાનપણું જીવતું જાગતું પ્રગટેલું હતું, પરંતુ તે પહેલાં જ મારી બા અને મારા મોટા ભાઈએ મળીને મારો વિવાહ કરી દીધો હતો. એમાં મારી સંમતિ લેવાની હોય જ નહિ, એવું તે લોકનું માનવું હતું. મેં પોતે તો બન્નેને કહી જ દીધું હતું કે મારે તો જીવનને કેવી રીતે ફળાવવાનું છે, તેનું એક આદર્શનું દર્શન ઝાંખું ઝાંખું પણ પ્રભુકૃપાથી મને છે, ને તેને સાકાર કરવાની પાછળ જીવનને યાહોમ થઈ જવાની એકમાત્ર હવે ઝંખના છે, ને તેની સાથે આવા થયેલા વિવાહનું સુસંગતપણું ક્યાંયે બંધબેસે તેમ નથી.

તેમ છતાં તેમણે તે બાબતનું કશું લક્ષમાં લીધેલું જ નહિ અને એમ ને એમ એ હકીકત વિસારે પડ્યા કરી. ને હું તો જાણે તે હકીકત સાવ ભૂલી જ ગયો હતો. મારા મનમાં તે અંગે કદી કશો વિચાર સ્ફુરેલો જ નહિ. જ્યારે મારી બા પાસે મારાં લગ્ન લેવાવા અંગે સને ૧૯૨૬માં વાત આવી ત્યારે તેણે મને પૂછેલું હતું ખરું, પરંતુ ત્યારે પણ મેં તો ના જ પાડ્યા કરેલી. મારી બા બિચારી મૂંઝાયા કરે ખરી, પરંતુ જ્યારે તેના પર ભારે દબાણ આવ્યું ત્યારે તે મારા પર ઘણી જ ચિડાઈ હતી, ને મને તેણે કહ્યું કે 'તમને ઉછેરવાને આ માએ બબ્બે મણ દળણાં, ખાંડણાં કર્યાં ને કેટકેટલી મહેનત કરી કરી મોટા કર્યા, તેથી માનું વચન જો પળાતું નથી તો પછી તું તારા ગુરુમહારાજનું વચન શું પાળવાનો છે ? ને આગળના વખતમાં કેટલાય ભક્ત થઈ ગયા, તેઓ પણ પરણેલા જ હતા, તે લોકે તારા જેવા ફતવા કરેલા નહોતા. હું જાણું છું કે તું ભગવાનનું ભજન કર્યા કરે છે, ને ઘરમાં પણ સૂતો નથી. શરીર માંદું હોય છતાં પણ તું રોજ રાતે ગામ બહાર ગમે ત્યાં સૂઈ જાય છે, તે બધું ખરું, પરંતુ અમારે તો સંસારમાં રહેવાનું છે ને તારે બીજા ભાઈ પણ છે, જો તું પરણવાની ના જ પાડી દે તો અમારા કુટુંબ-કૂળની તો આબરૂ જાય ને એમ થાય તો તારા બાકીના ભાઈઓનું શું થાય ? એટલે તો તારે પરણવું જ પડે.' એમ કહી મારી બાએ ભારે રોકકળાટ કર્યો, ને તે ત્યારે પણ મને સાચો લાગ્યો હતો, પરંતુ સૌથી વિશેષ તો મારી બાનું એ વાક્યબાણ કે 'અમને ઉછેરવાને માએ બબ્બે મણ દળણાં-ખાંડણાં કર્યાં, એવી માનું વચન તું પાળી શકતો નથી તો તારા ગુરુનું વચન તું શું પાળી શકવાનો છે ?' મને સોંસરવું મારા દિલમાં તીરની માફક પેસી ગયું ને હું પરણવા તત્પર થઈ ગયો.

લગ્ન કરવાની તત્પરતા દિલથી બતાવી તો ખરી, ને સાથે જીવનના ધ્યેયને સાકાર કરવાની તમન્નાની લાગણીમાં ને રોજબરોજના સાધનાના કાર્યક્રમમાં મુદ્દલે ફરક પડતો ન હતો, અથવા તો તે પ્રસંગથી મનમાં

કોઈ પણ પ્રકારની સગડગને સ્થાન મળ્યું ન હતું. માત્ર એમ થયું હતું કે જો લગ્ન થવાનું જ છે ને તે મારા દિલની તેમાં મરજી તો નથી જ. ને જો તે આપમેળે આવે છે તો ભલે હવે આવે, ને તેવા પ્રસંગોથી જ દિલના આદર્શની ભાવનાની સચ્ચાઈની ખરેખરી કસોટી-પરીક્ષા થઈ જવાની છે, ત્યારે આપણા આ મનવા કેવા ટકે છે, કેમ ઢળે છે, તે આપણને પણ જાણવા-અનુભવવા મળશે. જો દિલનો આદર્શ પરત્વેનો મરણિયો નિશ્ચય પાકો દૃઢ મક્કમ ને ગમે તે ભોગે પણ પાર પાડવાપણાનો જ હશે, તો તો તે ગમે તેવા આકરામાં આકરા ને આદર્શને ન ફળાવી શકાય એવી દશાના તે સંજોગ ભલેને હોય તેમ છતાં પણ તેમાંય જો દિલમાં દિલથી આદર્શની ભાવના જીવતીજાગતી ચેતનાત્મક જાગૃતિયુક્ત હશે, તો તે સંગ્રામ ખેલ્યા વિના કેમ બેસી રહી શકશે ? એ એવો સંગ્રામ જ્યાં ખેલાશે તેમાંથી જ ખરું શૂરાતન, પરાક્રમ, તેજસ્વિતા વગેરે પ્રકટવાનું છે, ને તેથી તો જીવન પાંગરવાનું છે. માટે હવે જ્યારે ઘણી નામરજી છતાં આવે છે તો આવવા દો. જીવનના ધ્યેયને સાકાર કરવાપણાની આપણા દિલની જિજ્ઞાસા તો અગ્નિ જેવી છે, તેમાં તો ક્યાંયે ફરક નથી. તે તો દીવા જેવી હકીકત છે. તે એવી જ્વલંત વિચારસરણીની સંગે દિલના દીવાને સતત સંકોરતા રહેવાનું શ્રીપ્રભુ કૃપાથી બન્યા કર્યું હતું.'

'આમ, લગ્ન લેવાયું. દિલને દિલ કહ્યા કરતું જ હતું કે 'બચ્ચા જો હવે જ તમને તમારી તમન્નાની ભાવનાની સાચી સમજણ પડવાની છે.' ઘેરથી (નડિયાદથી) લગ્ન કરવાં નીકળ્યો ત્યારથી જ એ દિલના આદર્શની જીવતીજાગતી જલતી રહેલી જ્યોત પ્રજ્વલિત થયેલી અનુભવતો હતો જ. આદર્શ પરત્વેની ભાવનાનો ઓઘ ઊડ્યા જતો અનુભવતો હતો. કદીક કદીક બાહ્ય ભાન ભુલાઈ પણ જવાની પળો જાગતી, ત્યારે પાછો એકદમ ઓચિંતો જાગૃતપણે ટકવાને મનમાં મનથી ભજન ગાવાને પ્રયત્નવંત થતો, ને સ્મરણ-પ્રાર્થના પણ કર્યા કરતો હતો. લગ્ન કરવાં ચોરીમાં બેઠો હતો ને ગોરમહારાજ સંસ્કૃતમાં અગડમ્ બગડમ્ બોલતા તેનું થોડુંક ભાન થયેલું. તે પછીથી ધીરે ધીરે શરીરનું ભાન જવા માંડતું હતું ત્યારે ભજન ગાવાનું કે એવી રીતે બીજું સાધન વ્યક્તપણે થયા જવાનો મોકો ન હતો, તે અજુગતું પણ લાગ્યું, ખાસ કરીને મારી બાને તે નહિ ગમે એટલું જ નહિ પણ તેને તો એટલું બધું ખરાબ લાગે ને તેને એમ પણ લાગે કે 'ચૂનિયાએ તો મારી આબરૂ લીધી.' મારી બાને કેવો ભયંકર આંચકો લાગશે, તેવા તેને થનારા દિલમાં દિલથી થનારા ભયંકર આઘાતનો જે પ્રત્યક્ષ દર્શનાત્મક વિચાર મને સ્ફુર્યો તે જ કારણથી જે પેલું બાહ્યભાન જતું રહેતું લાગતું હતું, તેને સંકોરવા ભજનાદિ સાધન થઈ જ ના શક્યું, ને એમ થતાં થતાં છેક જ એક એવા પ્રકારની ઉત્કટ ભાવાવસ્થા પ્રકટી કે જેમાં બાહ્યનું મુદ્દલે ભાન રહ્યું જ ન હતું. તેવી સ્થિતિ કલાકેક ટકી હશે. ખરી રીતે તો એ લગ્નજીવનના ખરા ટાંકણે જ જીવનના આદર્શની ભાવનાની સાથે જે પ્રસંગે ટક્કર લીધી, તેના પરિણામે જ તે જીવનની ભાવનાનો તોર ને ઝોક કેવા પ્રકારનો હતો, તેનો પ્રત્યક્ષ અનુભવ મને તે વેળા થયો. ને તેથી શ્રીપ્રભુકૃપાથી આ જીવ નિશ્ચિંત થયો.'

ખરેખરી જ્વાળામુખી સમી દિલની ભડભડતી પ્રચંડ અગ્નિ જેવી જ્યારે જીવનઆદર્શની જિજ્ઞાસા પ્રકટેલી હોય છે ત્યારે તે તેનો માર્ગ આપમેળે કરી લેતી હોય છે, એનો પણ પ્રભુકૃપાથી અનુભવ થયો કે તે યુવતીના શરીરનું મૃત્યુ લગ્ન પછીથી પાંચેક માસમાં થયું.

લગ્નસમયે જ આ જીવનું શરીર સમાધિસ્થ સ્થિતિનું હતું, તેના જોનાર આજે પણ સંસારમાં કોઈક કોઈક તો છે જ. મને પરણાવવામાં મારી સાથે કૉલેજમાં ભણનાર કેટલાક નાગર યુવાનો પણ હતા તથા હજી પણ મારાં મોટા ભાભી જીવતા છે. જેમણે આ પ્રસંગ અનુભવ્યો છે.'

**(૬) 'કેશવચરણકમળે' :**

હરતાં-ફરતાં, ઊઠતાં-બેસતાં ખાતાં-પીતાં હરિભજન થયે જાય છે. અંતરમાં ધગધગતી જ્વાળા જેવી ઝંખના છે. 'સર્વમાં સમરસ અનુભવવો છે' એ કાજે તન ન્યોછાવર થયું છે અને મન પણ વારી ગયું છે, પરંતુ હૃદય હજી હાથમાં રહેતું હોતું નથી !

અંતરની આ સચ્ચાઈભરી છતાં વેદનાભરી વાત કોને જઈને કહે ? પરમ પ્રેમસ્વરૂપ ચૈતન્યઘન શ્રીકેશવાનંદજી દાદાજી સાથે શ્રીમોટા વહાલ ભરી ગોઠડી માંડે છે અને આર્દ્રભાવે કૃપાની યાચના કરે છે. દિવસ અને રાત માથું પટકી પટકીને નિસાસા નાખે છે. આશામાં ને આશામાં ઘણા દિવસ વીતે છે, પણ હૃદયમાં હજી એકતાનતા જામતી નથી. મનને જરા પણ ચેન પડતું નથી. ક્યાંય ગોઠતું નથી. હૃદયનું આ વલણ કેમ કરીને ચરણમાં ગાળવું ? ઉરમાં ધીકી રહ્યું છે : મનોમન બળાપો કરે છે કે, 'મારે કર્મે શું આવું લખ્યું હશે કે ?'

પોતે એકે એક રીત અજમાવી જોઈ છતાં લેશ પણ ફવાયું નહિ ત્યારે આવી પ્રાર્થના અંતરમાંથી જન્મે છે. ગુરુને રીઝવવા ઘણા ઘણા યત્નો કર્યા છતાં એક પણ યુક્તિ ફાવી નહિ. બહુ તરફડિયાં અંતરમાં માર્યાં, ખૂબ ફાંફાં મારી જોયાં પણ એમના 'કશા જ ગજ વાગ્યા નહિ.'

આમ છતાં પણ શ્રીમોટા હતાશ થતા નથી. ધ્યેય પ્રત્યેની ગતિ વિલંબમાં મુકાતી નથી. ઊલટું બળ વધે છે. સંકલ્પ દૃઢ થાય છે. 'જેમ તેજે તેજ દેખાય, અને હીરે હીરો વીંધાય' તેવું ગુરુકૃપાથી થાય છે. એમ નિશ્ચિત છે. 'તેવા થવા માટે' પૃથ્વીને આભ એક કરવા જેટલા યત્નો કરી ચૂકે છે. કેમેય કરીને હાથ પર લીધેલું કામ ધ્યેય પ્રાપ્તિ વિના મૂકી ન દેવાની નિશ્ચલતા છે. 'ડુંગર જેવાં વિઘ્નોથી ડરી ન જવાની હૈયામાં હામ છે. જે કંઈ સાધન થયે જાય છે એ પણ ગુરુકૃપાનો જ પ્રભાવ છે.

ક્વચિત્ ગુરુકૃપાથી શાંતિ આનંદની દિવ્યાભૂતિનો સ્પર્શ થતો હશે ! પણ જ્યાં લગી કોઈ પણ પ્રકારની ભાવના અખંડાકાર થાય નહિ, ત્યાં લગી પરમના સ્વરૂપને અનુભવ્યું જ ન ગણાય. અંતઃકરણમાંથી કામક્રોધાદિનાં સૂક્ષ્મ બળો ધસી આવતાં, એને ખાળતાં, ભક્તિરસમાં ગાળતાં સાધનામાર્ગે ભારે મથામણો હોય છે.

મનની એકાગ્રતા થતાં અને એ એકાગ્રતા અખંડાકાર થતાં, ભાવનાના પ્રદેશમાં પ્રવેશતાં પહેલાં વૃત્તિ આદિનાં ભયાનક સ્વરૂપો દેખાતાં ભય પામી જવાતું હોય છે. સદ્‌ગુરુ સાથેનું અનુસંધાન સાધકને આવે ટાણે ટકાવે છે. આવાં દર્શનો તો પાશેરામાં પહેલી પૂણી જેવાં છે. શ્રીમોટાને કશું પણ ખંડમાં ખપે નહિ. પૂર્ણતાને પ્રાપ્ત કરવાની ઝંખનાવાળા લેશ પણ અપૂર્ણતાથી જંપી જાય નહિ.

એમને તો પ્રભુનો અમૃતરસ પળ પળ અનુભવવો છે. એ કાજે એ ઝંખી મરે છે. કામક્રોધાદિને લીધે જે વેગ જન્મે છે એ સહી લે છે. એના હુમલાથી એ ડરતા નથી. સૌ મુશ્કેલીઓને હઠાવી મર્દાનગીથી એની ઉપરવટ થઈ રહે છે. ખૂબ અભ્યાસ વડે મનમાં વૈરાગ્ય દૃઢ કરવા પ્રભુકૃપાથી ખૂબ મથ્યા. ખૂબ

માથા પટક્યાં પણ જે બન્યું નહોતું એવું ગુરુની કૃપાથી સહેજમાં બની શકેલું. એથી પળ પળ અંતર રાચી રહે છે, પણ હવે અમૃતભાવની અખંડિતતા ક્યારે થશે ?

સ્મરણની અખંડતા ક્યારે થશે ? સાધનામાર્ગે વિકસતાં પંદરથી સોળ કલાક લગી એકધારું સ્મરણ ખેંચી લઈ શકાયું હતું, પણ સ્મરણભાવ અખંડ થતો નહોતો. એ સ્મરણના અમૃતાનંદમાં અખંડ થવાની મથામણ ચાલતી હતી. અને ગુરુકૃપા કાજે યાચના થતી હતી.

૧૯૨૭ના જૂન માસથી થતી રહેલી પ્રાર્થનાઓમાં શ્રીમોટાની મથામણો આલેખાઈ છે.

**(૭) સર્પ-દંશ; કૃપા-સ્પર્શ; અખંડ સ્મરણ :**

ઈ.સ. ૧૯૨૮માં બોદાલ આશ્રમમાં શ્રીમોટા હતા. રાત પડતાં એકાંત સ્થળ શોધીને સૂવા ગયા. આશ્રમમાં ઘણી જ ભીડ હતી. એથી ઠક્કરબાપા અને શ્રીકાંત શેઠ પણ એકાંત જગા શોધતા હતા. શ્રીમોટાને એકાંતમાં જોઈને બન્ને જણ શ્રીમોટા સાથે સૂતા.

રાતમાં શ્રીમોટાની જાંઘ પર સાપે ડંખ માર્યો. સર્પદંશનું ઝેર વેગથી ચઢતું હતું. સર્પદંશના રોગીને મારી મારીને પણ જાગતો રાખવો જોઈએ. જેથી ઝેર કાઢી નંખાય તે પહેલાં એ ગુજરી ન જાય. આ સમજણથી શ્રીમોટા તો ખૂબ મોટેથી 'હરિઃૐ' જપ્યે જ જતા હતા. ઊંઘનું આક્રમણ વધતું હતું. સર્પનું ઝેર મૃત્યુનો અનુભવ કરાવવા સુધીનું વેગીલું બનતું હતું. શ્રીમોટાને કોઈ કંઈ પૂછે પણ જવાબ જ ન આપે.

કેમ કે જીવનનું ધ્યેય પ્રાપ્ત થયું નથી. જન્મનું સાફલ્ય ટાણું લાધ્યું નથી. તે પહેલાં મરણને શરણ ન જ થવાય એવો દૃઢ મરણિયો નિર્ધાર પણ હતો. જીવવું હતું પણ જીવનના ધ્યેયને ફળાવવા કાજે.

એમને જુદે જુદે સ્થળે લઈ જવામાં આવ્યા અને છેલ્લે આણંદમાં કૂકની હૉસ્પિટલમાં એમની હોજરી સાફ કરી ઝેર ઓકાવાયું. સર્પદંશ પછી ૭૬ કલાક લગી એકધારું લાગલાગટ નામસ્મરણ લઈ શકાયું. ૧૬ કલાક સુધી જઈને અટકેલી સ્મરણ-ગતિ અખંડ બની ગઈ.

'પ્રભુએ કૃપા કરીને તે પ્રસંગ જાપને અખંડ કરવાને આપ્યો. ખૂબ મોટે મોટેથી જાપ થયા જતો હતો. અજપાજપનો પ્રત્યક્ષ અનુભવ પ્રગટતો જતો હતો. એક બાજુથી વિષની અસરથી અંદરમાં બેભાન થઈ જવાપણું બન્યા કરે, ને બેભાન થયા તો મૃત્યુનો કારમો પંજો પડવાનો જ, તો તેમ ન થવા દેવા કાજે અંતરમાંથી ચેતનયુક્ત જાગ્રતિ પ્રકટાવીને નામસ્મરણ જોર શોરથી થયા કરે, એવા પ્રચંડ કારમા યુદ્ધમાં ઝંપલાવવાથી ને નામસ્મરણ સતત એકધારું તેવી પળે ચાલુ રહી શકવાનું બનવાથી સર્પદંશ અને તેના વિષની અસરથી બેભાન થઈ જવાપણું થવાની પળ જાગતાં તેનો પૂરેપૂરો ઉપયોગ જ્ઞાનભક્તિભાવે હૃદયની ચેતનયુક્ત જાગૃતિથી સામનો કરવામાં થયા કરેલો, એ જ એની પરમ કૃપા હતી. તેમાંથી જાપની અખંડતા પ્રકટી તે પ્રકટી. એમ પછીથી તો પ્રત્યેક પ્રસંગમાં પ્રભુકૃપાથી ઉપયોગથી વર્તવાનું હૃદયમાં જ્ઞાનભાન પ્રગટતું જતું ને ત્યારે આ જીવને એકાંત, શાંતિ ઘણાં ઘણાં ગમતાં, તે વેળા જ્ઞાનપણું પ્રકટતું હોવા છતાં કદી દાખવ્યું નથી. હંમેશાં નમ્રમાં નમ્ર રહેવાનું પ્રભુકૃપાથી મથ્યા જવાતું. દર વર્ષે એકાદ માસ એકાંતમાં ચાલ્યો જતો.'*

❊ ❊ ❊

* 'જીવનસોપાન' પૃ. ૩૨૨-૨૩

# વિભાગ : ૪ : સૂક્ષ્મ સંગ્રામયાત્રા

**(૧) ક્ષણે ક્ષણે નૂતન :**

મન, હૃદયના ઊંડા ઊંડા સ્તરોમાંથી અવનવાં ભાવો-વલણો જાગે છે. માર્ગમાં જે માનીને ચાલ્યા હોય એ આવી મળતાં, હજી પણ નવું અને બીજું મહદ તત્ત્વ પ્રાપ્ત કરવાનું સામે આવીને ઊભું જ રહે છે.

સ્મરણ-સાધન પ્રભુકૃપાથી અખંડ બની ગયું છે. એ સાધન પણ સૂક્ષ્મ બનીને અનેકગણી શક્તિવાળું અનુભવાય છે ! એમાંથી બીજાં ગૂઢ સાધનોની હૈયાસૂઝ પ્રગટે છે. એનો અભ્યાસ આરંભાય છે. અને એ લગાતાર થતાં એમાં એકાકાર થવાય છે.

શ્રીમોટાની સાધનાની પ્રક્રિયામાં એકાગ્રતા, કેંદ્રિતતા, સળંગતા અને આરપારપણું હતાં. એટલે એ ક્રમે સાધન પણ નવીનતા જ ધારણ કર્યા કરે.

ભીષણ દૃશ્યો દેખાય પણ ભય પમાય નહિ, કેમ કે જે પામવું છે એની સ્પષ્ટ સભાનતા દૃષ્ટિ સમક્ષ રહેલી જ છે. જેનું સ્મરણ થાય છે એના સર્વવ્યાપક ભાવને રગેરગમાં-રોમેરોમમાં અવતારીને સક્રિય કરવો છે.

શ્રીમોટાની સાધના રીતિમાં એક બીજી નવીનતા હતી. પ્રત્યેક વરસમાં એક માસની રજા લઈ એક માસ લગી કોઈ ભીષણ અને ભયંકર એકાંત સ્થળ પર જઈ સાધનાનો અભ્યાસ દૃઢ અને પાકો કરી લેવો.

**(૨) પ્રતિ વર્ષ - એક માસ :**

એક માસની રજા લઈને શ્રીમોટા એકાંત, નિર્જન સ્થળમાં, જ્યાં પાસે જળાશય હોય, એવા સ્થળે સાધનાની ઉપાસનામાં બધો સમય પસાર કરતા. 'જ્યારે જ્યારે જ્યાં જ્યાં જવાનું થતું ત્યાં ત્યાં જમવા કરવાની કે ખાવાનું કરવાની પ્રવૃત્તિમાં કદી પણ પડતો નહિ. જ્યારે જ્યારે ભૂખ લાગે ત્યારે પાસેના જળાશયનું પાણી પી લેવાનું રાખતો. જ્યાં જવાનું થતું તે સ્થળ તો સાવ તદ્દન નિર્જન અને વસ્તીથી ઘણું ઘણું દૂર અને જ્યાં કુદરતી સૌંદર્ય ભરપૂર પડ્યું હોય એવું પસંદ કરતો. એટલે ત્યાં કોઈ મનુષ્યની હડફટે ચઢી જવાનું એકદમ તો બની શકતું નહિ. ઓછામાં ઓછા ૪-૫ દિવસના કડાકા, કોઈક વખત તો એથી પણ વધારે દિવસના કડાકા નીકળી જતા. તેવા કાળના દિવસોમાં પણ ભૂખના ત્રાસે મને કદી સતાવ્યો નથી. તે ભગવાનની પરમ કૃપા, પણ ત્યાર પછીથી કોઈક ને કોઈક સમયસર ભોજનની થાળી મૂકી જતું ખરું. કોઈકને એમ જાણવામાં આવે કે કોઈક યુવાન અહીં તપ કરે છે. એટલે એ આવી સેવા બજાવી દેતા' - એમ શ્રીમોટાને કહેતા સાંભળ્યા છે.

'મને તો માત્ર એક જ વિષયની લગની લાગેલી રહેતી. જુદા જુદા પ્રકારનાં સાધનોનો અભ્યાસ જે હતો, અને તેમાંથી જે સૂઝ્યા કરતું હતું તેમાં તેમાં પ્રવેશીને તે પ્રમાણે સંચાલિત થવું ને તેમાં ગતિમાન રહ્યા કરવું, તે જ એકમાત્ર તે કાળે સૂઝ્યા કરતું, જેમ ધનુર્વિદ્યામાં એક જ પરત્વે એકાગ્રતા ને કેંદ્રિત દૃષ્ટિ રહે અને જેને તાકવાનું હોય ત્યાં જ દૃષ્ટિ એકદમ નિશ્ચયપણે ચોંટી જ રહે તેવા પ્રકારની ભાવનામાં

સદાય રહ્યા કરવાને દિલ તલપાપડ રહ્યા કરતું. જોકે તેમાં પણ મંદતાના તબક્કા અવારનવાર પ્રગટતા તો ખરા જ અને કદીક તો એવી ઓટની અસર ભયંકરમાં ભયંકર સાલતી.'

**(૩) હેતુની જ સભાનતા :**

એક વખત શ્રીમોટા ચિત્રકૂટ નામના કોઈક નિર્જન સ્થળે એક માસ માટે ગયેલા. ત્યાં એક વિદ્વાન પંડિત રોજ જમવાનું આપવા આવે. શ્રીમોટા તો કોઈની સાથે કશી વાતચીત કરે નહિ, પરંતુ સમય પૂરો થતાં નડિયાદ પાછા ફરવાનું થયું ત્યારે તે પંડિતે શ્રીમોટાના ઘરનું સરનામું લઈ લીધું.

એકવાર એ પંડિત નડિયાદ પધાર્યા. સૂરજબા પાસેથી સીધુ લઈને જાતે રસોઈ કરી. તેઓ પણ કદી ઘરમાં સૂતા નહિ. એટલે શ્રીમોટા સાથે તેઓ સ્મશાનમાં સૂવા ગયા. શ્રીમોટા તો પોતાનું સાધન કર્યા કરે. એ પંડિત પણ કશુંક સાધન કર્યા કરે. એ પંડિતની સાધના પ્રેતવિદ્યાની હતી, એવી છાપ શ્રીમોટાના મન પર પડેલી.

પછી પોતાની મંત્રવિદ્યાથી એ પંડિતે પ્રેતયોનિ પ્રત્યક્ષ કરી બતાવી અને શ્રીમોટાને કહ્યું. 'મારે આ વિદ્યાનું છેલ્લું એક પગલું ભરવાનું છે. તેની પરિપૂર્ણતા થવા કાજે અમુક પ્રકારનો યજ્ઞ કરીને તેમાં અમુક અમુક હોમવાનું આવે છે. એ બધો વિધિ કરીને આની પૂર્ણાહુતિ થાય તો મને આ વિદ્યાની પૂરેપૂરી સિદ્ધિ મળી જાય.' શ્રીમોટાએ તેમને કહ્યું કે, 'અમારે આ વિદ્યા સાથે નિસ્બત નથી.'

તોય એમણે કહ્યું કે 'આ પ્રેતવિદ્યાથી વાઈસરૉયને પણ ડગમગાવી શકાય. અને તેનો બીજા પર પ્રત્યક્ષ પ્રયોગ કરીને તેમને બતાવી પણ શકાય, પણ આ વિદ્યાની પૂર્ણાહુતિ કાજે હું તમારી પાસેથી રકમ લેવા આવ્યો છું.'

શ્રીમોટાએ તેમની આર્થિક સ્થિતિની હકીકત સ્પષ્ટપણે જણાવી. અને ઉઘરાણું કરી કરાવીને પણ રકમ આપવાની લાચારી દર્શાવી. અને એમને અમદાવાદ જવાનું ભાડું આપી વિદાય કર્યા.

**(૪) સ્થળ-દર્શન :**

શ્રીમોટા સાધનાભ્યાસ કરતાં કરતાં હવે એવા એક તબક્કે આવી પહોંચેલા કે માસના એકાંત સ્થળનું એમને અગાઉથી સ્પષ્ટ દર્શન થતું.

સ્મરણ, ભજન, કીર્તન, પ્રાર્થના, આત્મનિવેદન, સમર્પણ આદિ સાધનો સૂક્ષ્મ બનતાં જતાં હતાં. ધ્યાન, ત્રાટક આદિ સાધનો સૂક્ષ્મ બનતાં જતાં હતાં. ધ્યાન, ત્રાટક આદિનો અભ્યાસ પણ પાકો થયો હતો. ભાવાવસ્થા પણ પ્રગટતી હતી, પણ શ્રીમોટા હંમેશાં સાધનાને સળંગાકાર અને અખંડાકાર કરીને જ જંપતા.

મન હવે પ્રભુભાવમાં એકાગ્ર બનેલું હતું. છતાં એનાય સૂક્ષ્મમાં સૂક્ષ્મ હુમલાઓ આવતા. હૃદય તો પ્રભુને પોકાર પાડી પાડીને મથતું હતું. એને જ પ્રભુમાં ગળવું હતું. મનની એકાગ્રતા પછી સૂક્ષ્મ વિચારોનાં ભીષણ સ્વરૂપો ભયંકર બિહામણાં હોય છે. આવો ગાળો પસાર કરવો દોહ્યલો છે, પણ ગુરુકૃપાથી એય પસાર થઈ જાય છે. ત્યાં વળી બીજા સંગ્રામો આવે છે.

દર્શનોની આવી પ્રક્રિયામાં સ્થળનું દર્શન શ્રીમોટાને સ્પષ્ટ બનતું.

આ ગુરુઆજ્ઞાને માથે ચઢાવી એ સ્થળ ગમે તેવું ભીષણ હોય અને ત્યાં જવું મુશ્કેલ હોય તોપણ જતા જ, એ માટે મરણિયા છતાં કુશળતાપૂર્વકના પ્રયત્નો પણ કરતા.

**(૫) ધૂંવાધાર પાસેની ગુફામાં સાધના :**

એક વરસે નર્મદાજીના કિનારાના ધૂંવાધારના ધોધનું દર્શન થયા કરે. એ ધોધની સામે ઊભા રહીને જોતાં ડાબા હાથ તરફ એ ધોધને છેવાડે એક ગુફા જેવું હતું, એમાં બેસીને સાધના કરવાનો હુકમ મળ્યો.

નિશ્ચિત સમયે શ્રીમોટા તો નીકળી પડ્યા, પણ ગાડીએથી ઊતર્યા ત્યાં જ ગજવું કપાઈ ગયું. ધૂંવાધારની એ ગુફામાં ઊતરવા માટે કુશળતાપૂર્વક સાહસ કરવાનું હતું, એથી થોડોક ખર્ચ થાય એમ હોવાથી પાસે પૈસા પણ રાખેલા.

પાસે થોડો જ સમય હતો. પ્રભુએ કસોટીમાં મૂકી દીધા. શ્રીમોટાએ એક દુકાન પર જઈને વાત કરી અને કોઈ પણ પ્રકારનું કામ કરવાની તત્પરતા દર્શાવી અને જણાવ્યું કે, 'શેઠ, મારે અમુક સમયમાં જ મારું કામ પતાવવાનું છે, વધુ સમય હું વેડફી શકું એમ નથી.'

શેઠે પૂછ્યું : 'તમે વાસણ માંજશો ? કપડાં ધોશો ?'

શ્રીમોટાએ પ્રેમપૂર્વક સંમતિ આપી. એટલે શેઠે પોતાને ઘેર ટેલિફોનથી ખબર આપી કે, 'આપણને નવો નોકર મળી ગયો છે. હું એ નોકરને મોકલાવું છું.'

શ્રીમોટા તો એ ઘરમાં ઉમંગથી અને ઉત્સાહથી કપડાં-વાસણનું કામ કરે, ઘરનાં છોકરાંઓને પ્રેમથી રામાયણ, મહાભારતની વાતો કહે, જરૂર જેટલી રકમ મળી ગઈ એટલે શ્રીમોટાએ શેઠ પાસેથી રજા માગી.

થોડાક દિવસ પણ શ્રીમોટાએ શેઠના ઘરમાં રહીને જે ભાવભર્યું વાતાવરણ જમાવેલું એથી શેઠે પણ શ્રીમોટાને એમના કામ માટે માણસો આપ્યા.

શ્રીમોટા તો એ ધોધ પાસે ગયા. એ ગુફામાં જવા માટેનો કોઈ પણ સરળ માર્ગ નહોતો. ધોધના અવાજથી પણ જીવ ગભરાઈ જાય એવું એ સ્થાન હતું. 'હવે પેલી ગુફામાં પહોંચવું અને ત્યાં બેસવું અને પાછું સાધનાની ભાવનામાં પ્રવર્તવું એ કંઈ નાનીસૂની હકીકત નથી. કોઈનું પણ ગજું ન ચાલી શકે એવું તે સ્થળ હતું. 'ન ચાલી શકે' એવું વ્યક્તવ્ય પણ બરાબર નથી. ઘણાંની તો હામ જ હારી જાય, એવું તે હતું, પરંતુ પ્રભુકૃપાથી આપણને તો હુકમ મળ્યો, તેથી તેનું પ્રેમભક્તિપૂર્વક પાલન કેમ થાય, તે જ માત્ર વિચારવાનું રહેલું હતું. જ્યારે જે જે કરવાનું ખરેખરું, ઉમળકાભર્યું દિલ પ્રગટે છે ત્યારે તે કર્મ કરવાના ઉપાય અને હૈયાસૂઝ પણ તેમાંથી મળી રહે છે, એવો મારો એક વેળાનો નહિ, પણ અનેક વેળાનો જીવતોજાગતો અનુભવ છે.

શ્રીમોટાએ જીવસટોસટનું સાહસ વહોરીને એ ગુફામાં પ્રવેશ કર્યો. ત્યાં તેઓ એકવીસ દિવસ રહ્યા. એમણે ખોરાક મેળવવા વ્યવસ્થા કરેલી. એક મોટા વાંસને છેડે દોરડું બાંધીને અને દોરડાને છેડે પડીકું બાંધીને ધોધ પડતો તે બાજુથી લોકો નિશ્ચિત સમયે લટકાવતા.

એ લેવા એક તસુભાર પણ નમવું જોખમ ભરેલું હતું. ક્યારેક તો એ પડીકું ધોધમાં તણાઈ જતું. ખોરાક આપનાર લોક એમ માનતા કે ખોરાક પહોંચી ગયો છે. આવી ભારે કઠણાઈને પ્રેમભક્તિપૂર્વક વેઠીને સાધનાભ્યાસ કર્યા કરતા.

આ ગાળા દરમિયાન અંતરમાં જે અનુભવાતું હશે એ તો એ અનુભવનાર સિવાય કોણ જાણી શકે? કોઈને એની કલ્પના સરખી પણ ના જ આવે.

**(૬) જેલ-પ્રવેશ :**

દેશભરમાં સ્વાતંત્ર્ય સંગ્રામ ચાલતો હતો. દેશસેવકો જેલવાસ કરતા હતા. શ્રીમોટાને પણ જેલમાં જવાનો હુકમ મળ્યો. શ્રીમોટાને જે પ્રકારનાં દર્શનથી હુકમ મળતો હતો એ રીતનો જ આ હુકમ હશે.

દેશની આઝાદીની ભાવનાથી પ્રેરાઈને નહિ પણ સાધનાની ભાવના અંતરમાં કેટલી દૃઢ અને પ્રતિષ્ઠિત થઈ છે, એની પ્રતીતિના હેતુથી અને વિરોધી સ્થિતિમાં સાધનામાં લગાતાર રહેવાની તમન્નાથી એમણે કારાવાસમાં જવાનું નક્કી કર્યું.

એક જેલર ઘણો જ કડક હતો અને દરેક સ્વયંસેવકને પ્રવેશ આપતાં ફટકારતો. બધા હારબંધ માર ખાતાં ખાતાં આગળ વધે. શ્રીમોટા પણ હારમાં આગળ વધતા હતા, પણ પોતાની સાધનામાં એકાગ્ર હતા. ત્યાં જ એમણે એક અવાજ સાંભળ્યો. અવાજ સ્પષ્ટ હતો. મારનાર સામે ત્રાટક કરવાનું સૂચવાયું હતું. એમણે તરત જ આગળ પાછળના સાથીઓને પૂછ્યું 'તમને કંઈ સંભળાયું ?'

એ લોકોએ ના કહી. એથી દૃઢ ખાતરી થઈ કે અવાજ પોતાને માટેનો હુકમ હતો. પેલા ક્રૂર અને ઘાતકી જેલર સામે જવાનો વારો આવ્યો. એમણે એની સામે નજર માંડી. ત્રાટક કર્યું. પેલો એમને કશું જ કરી શક્યો નહિ.

જેલમાં એમને સોંપવામાં આવેલું કામ સંપૂર્ણ મૌન રહીને, પ્રાર્થનાભાવે અને સાધનાના હેતુથી કર્યા કરે. એક શબ્દ પણ કોઈની સાથે બોલે નહિ.

જેલમાં મોકલીને ગુરુમહારાજે દેશસેવકોમાં રહેલા રાગદ્વેષનાં દર્શન કરાવ્યાં. જગતનું સ્વરૂપ જાણે એમની આંખ સામે ખુલ્લું થઈ ગયું. સમાજસેવા કે દેશસેવાની ભૂમિકામાં રાગદ્વેષ હોય તો સમાજ કે દેશ બેઠો થઈ શકે જ નહિ. એવું એમને ગુરુમહારાજે સમજાવી દીધેલું હતું.

જેલમાં આવી પરિસ્થિતિ એમના ચિત્તને ડહોળાવતી નહિ. અનેક પ્રકારના અવાજો પણ એમના મન-ચિત્તની એકાગ્રતા માટે અંતરાયરૂપ બનતા નહિ. એ તો બસ પોતાને પ્રાપ્ત થયેલા અને થતા રહેલા અનેક સાધનો સિદ્ધ કરી કરીને, ઊર્ધ્વ જીવનની સંગ્રામ યાત્રામાં ઝુકાવ્યે અને ઝઝૂમ્યે જતા હતા.

**(૭) જેલમાં હૃદયપોકાર :**

સહન કરવાની શક્તિની કસોટી રૂપે મળેલા જેલવાસ દરમિયાન શ્રીમોટાના હૃદયમાં મથામણ અને સંગ્રામ ખેલાય છે.

વિચારોની સૃષ્ટિ અને વર્તનની સૃષ્ટિ બન્નેનો મેળ હજી પૂરો જામ્યો નથી. હૃદયમાં આનો સંકોચ ભીંસ જન્માવે છે. અને અનેક પ્રકારની દ્વિધાઓ જન્મવા લાગે છે. મુખે બોલાય છે તેવી કરણી ક્યારે થશે ? આ ગૂંચનો ઉકેલ ક્યારે આવશે ? મન-હૃદય વચ્ચેનો આ સંતાપ-ઝઘડાનો નિવેડો ક્યારે આવશે ?

જગતની આ શાળામાંથી પોતે ઘણું શીખ્યા છે, પણ હવે એ જગતને વીસરવું છે. જગતના વ્યવહારો બધા જ ભલે ભૂલી જવાતા ! પ્રિય સ્વજન અને સ્નેહીઓ પણ ભલે ભુલાતા ! એની એમને કશી જ પરવા નથી ! પણ 'પ્રભુ ! તારી સ્મૃતિ તું ભુલાવા ન દેતો.' એવો પ્રાર્થનાભાવ.

હૃદય અહર્નિશ કરગરે છે. જ્યાં ત્યાં સર્વત્ર બાહ્યનાં અને અંતરનાં બંધનોની ભીંસ અનુભવાય છે. પોતાનું ઊંડું પૃથક્કરણ કરી પોતાની ભૂલો શોધે છે. અને એ સુધારવા માટે મન, ચિત્ત અને હૃદયમાં શુદ્ધ થવા માટે બળની માગણી કરતી પ્રાર્થના કરે છે.

દુઃખનું મૂળ તૃષ્ણામાં છે. જીવનવિકાસના માર્ગે અનેક પ્રકારની તૃષ્ણાઓ જાગ્રત થાય છે ! એમાંથી ઊંડી પાર વિનાની નિરાશા જન્મે છે. વિષયનાં ઊંડાં ગયેલાં મૂળ સ્પષ્ટ દેખાય છે. અનેક જન્મોના સંસ્કારોથી દૃઢ થયેલી એ શૃંખલાને તોડવાની ભારે મથામણ કરવી પડે છે. આજ લગીનું જીવન કેવું વેડફાઈ ગયું-એનું ભાન, દર્દ પ્રકટાવે છે. અવનવી વૃત્તિઓ જાગીને પજવે છે. હૃદયની નિર્બળતાનું સંપૂર્ણ ભાન પણ થાય છે ! આડાઅવળા પાટાઓ ખેલાય છે. અને 'આનાથી તો મરણ સારું' એવો ખ્યાલ પણ આવી જાય છે.

જાગ્રત થયેલ સર્વ પ્રકારના સંસ્કારોના વિરોધી બળનું પ્રભુને નિવેદન કરી, બળ અને શક્તિ માટે પ્રાર્થના કરી પોતે ટકેલા જ રહે છે. કેમ કે 'હે પ્રભુ ! મારા માથે તારી મોટી મદદ છે. એથી હું ટકી શકું છું. નહિતર તો ક્યારનોય પડી ગયો હોત ! પણ રખેને તું તારી રહમ મારા પરથી ઓછી કરી દે એથી ડરીને હું તો ચાલ્યા કરું છું, હે પ્રભુ ! તું મારું હૃદય-દૌર્બલ્ય હણી દે ! અને તેં જ પ્રેરેલી સાધનામાં સતત મંડ્યો રહું એવું જોશ એ હૃદયમાં પૂરી દે !'

પ્રભુની કૃપા સહાય વડે, પોતે પોતાના પર જ મદાર રાખીને આંતરિક સંગ્રામ લડ્યે જ જાય છે, ત્યાં એકાએક આ તે કેવું અનુભવાય છે ? 'ચારેતરફ વડવાગ્નિ લાગ્યો છે ! કેવી રીતે બચી શકાશે ? ચારેતરફ ભારે જ્વાળા પ્રસરી છે. ક્યાં જવું ? હે પ્રભુ ! મન, ચિત્ત અને હૃદય સઘળું બાળી રહેલા આ અગ્નિની વચ્ચે તું જ મારો આરો છે !'

હૃદયમાં હજી હરિનો નશો કેમ ચઢતો નથી ? પ્રભુ પોતાનાં ચરણથી આ ભક્તને કેમ દૂર ધક્કેલે છે ? પણ ભક્તનો નિશ્ચય તો મરણિયો છે : 'હું તારાં ચરણે ઢળ્યો છું ને કદી પણ પાછો ફરવાનો નથી. હે પ્રભુ ! મને નિર્લજ્જને કશી પણ લાજ નથી, એ તું જાણે છે. મને તારાં ચરણે પડી રહેવા દઈને તારાં પદકમળનું પૂરું સુખ આપ ! મારા વહાલા ! હવે તો રાહ જોઉં છું. ઊંચા શ્વાસે અને ધડકતે હૈયે તારી રાહ જોઉં છું. હે પ્રભુ, મને તારાં પદકમળમાં ક્યારે સ્થાન મળશે ? મારા જીવનની આ એક માત્ર મહેચ્છા છે. જ્યાં સુધી મારું આ જીવનધ્યેય સધાશે નહિ, ત્યાં લગી કદીએ નિરાંતે જંપીને-ઠરીને બેસીશ નહિ.

પ્રભુ ! તારી સંગાથે મારા જીવનને ભેળવી દઈને મનથી સમૂળગો ભેદ મિટાવી દેવો છે. ટીપે ટીપે જેમ સરોવર પાણીથી ભરાઈ જાય છે, એવી રીતે ડગ માંડીને હું આગળ વધીશ જ.

જેલમાંનો આ હૃદયપોકાર શ્રીમોટાની હૃદયમથામણનો અણસાર આપે છે.

**(૮) ઉજાસના એંધાણ :**

શ્રીમોટાએ વિકટ અંતરસંગ્રામ માંડેલો. દિવ્ય-જીવન કાજેના સંગ્રામમાં સત જ વિજયી બને છે. અસત તત્ત્વો ઘેરી લે અને પછાડ આપે-પણ મથનારો શ્રેયાર્થી તો પાછો બેઠો થઈ સંગ્રામ આપે છે-નિરાશા આવતી હોવા છતાં શ્રીમોટા એને તાબે થયા નથી !

પ્રભુને હૃદયથી પ્રાર્થના કરી કરીને, સાધનના અભ્યાસમાં લગાતાર મંડ્યા રહીને, એને અખંડાકાર કરીને, પ્રભુમાર્ગે વેગથી આગળ વધી રહેલા શ્રીમોટાને ઉજાસનું એંધાણ લાધે છે.

ઈ. સ. ૧૯૩૦માં મનની નીરવતાનો સાક્ષાત્કાર થાય છે. મનની નીરવતાનો આ અનુભવ ક્ષણિક નથી. શ્રીમોટા સાધનામાં પગલે પગલે પ્રભુભાવના જે એંધાણ પામે છે, એને પોતાના હૃદયમાં પ્રતિષ્ઠિત કરે છે, અને એને નિરંતર કરે છે, કેમ કે સાધના દ્વારા- હેતુપૂર્વકની ઉગ્ર તપસ્યા દ્વારા એવા ભાવને સ્થિર બની ટકી રહેવા માટે એમના અંતઃકરણમાં ભૂમિકા પાકી થયેલી છે.

મનમાં હવે વિચાર સરખો રહ્યો નથી. અપૂર્વ શાંતિ મનમાં પ્રસરી રહી છે. સંસારનાં વાવાઝોડાં હવે મનને સ્પર્શતાં નથી. મન હવે સંપૂર્ણપણે પ્રભુનું બની ગયું છે. એવું નિષ્પંદ અને નીરવ મન પ્રભુપદના માર્ગમાં વેગ ભરી સહાય આપવા સમર્થ બન્યું છે. હવે સાંસારિક ભૂમિકાથી કે સાંસારિક વલણના સંસ્કારોથી કશી જ પ્રેરણા મળવાની નથી.

પણ અહીં મુકામ કે વિસામો નથી. ઊલટો અનેકગણો વેગ છે. ઊર્ધ્વ માર્ગની નવી યાત્રાનો આરંભ છે. સાધનામાં પ્રત્યેક શિખર એ એથીય નવા ઊંચા શિખરે જવાનો આરંભ બની રહે છે. ગતિ તો અનંત છે, પણ અહીં એક મોટું શિખર પ્રાપ્ત થાય જ છે.

મનની શાંતિ સાથે પ્રસન્નતા અને ઉલ્લાસ પ્રગટે છે. દેખી શકાતા સર્વ પદાર્થો રૂપ રૂપના અંબાર જેવા ભાસવા લાગે છે અને ખાદ્ય પદાર્થો મીઠા મધુર અનુભવાય છે.

આધ્યાત્મિક જીવનની સાધનામાં આ એક કળણરૂપે આવે છે. સાધકનું જીવનધ્યેય સ્પષ્ટ ન હોય, અને સાધના પાછળના હેતુની જીવતીજાગતી સભાનતા ન હોય તો આવા કળણમાંથી નીકળવું મુશ્કેલ બને છે. શ્રીમોટાની નજર સમક્ષ ધ્યેય સ્પષ્ટ હતું અને પોતાની સાધનાના હેતુ પરત્વે એ સંપૂર્ણ સભાન હતા. આથી, એમને ક્યાંય અટકવાનું નહોતું.

હવે તો વલણ-વૃત્તિઓના અવનવા સંગ્રામ માટે યોદ્ધાના ખમીરથી ઝઝૂમવાનું હતું.

સમર્થ સદ્‌ગુરુના સાથ-ઓથની સંપૂર્ણ પ્રતીતિ થયેલી હતી.

* * *

## વિભાગ : ૫ : પરમ પદપ્રાપ્તિ

### (૧) ગુપ્ત સાધના :

શ્રી હેમંતકુમાર નીલકંઠ શ્રીમોટાના કાર્યસંગી હતા. ઈ. સ. ૧૯૩૧માં સાબરમતી જેલમાં એ બન્ને સાથે હતા. શ્રી હેમંતભાઈએ શ્રીમોટાને પૂછ્યું : 'શું ગણગણ્યા કરો છો ?' પણ જવાબ મળ્યો નહિ. એકનું એક વારંવાર પૂછ્યા પછી શ્રીમોટા એટલું જ બોલ્યા : 'હરિઃૐનો જપ કરું છું.'

'સાધનાપ્રદેશના અનુભવોની તો કંઈક કંઈક એવી હકીકતો હોય છે. તે તો દિલમાં ને દિલમાં ભરાઈને જીવતી રહેલી હોય છે. તે બાબતમાં સહૃદયી આગળ પણ મૌન સેવેલું છે. પ્રભુકૃપાથી જે કંઈ

એનું કામ હતું, તે અત્યંત ગુપ્તપણે થાય એમ ઊગેલું; તેથી છેક ૧૯૨૬થી ૧૯૩૮ સુધી સાથે ને સાથે રહેલા સાથી શ્રી હેમંતભાઈને પણ કશો ખ્યાલ નહોતો આવ્યો.'

ઈ. સ. ૧૯૩૧માં બોદાલ આશ્રમમના એક ઓરડામાં વર્ગ લેતાં લેતાં સમાધિ થઈ ગયેલી. દેહભાનમાં આવ્યા પછી પણ, 'આવું મને કદી કદી થઈ જાય છે' એમ જણાવેલું. હેમંતભાઈએ રાતના બે-એક વાગ્યે શ્રીમોટાને ભીંત આગળ કે રાયણના ઝાડ હેઠળ ધ્યાનમાં બેઠેલા જોયેલા. વળી પાછા બીજા દિવસે ઊલટભેર કામ કરતાં જોતાં એમણે આશ્ચર્ય પણ અનુભવ્યું.

બોરસદના દવાખાનામાં એક ડૉક્ટરે હેમંતભાઈને કહેલું : 'આમને ભજન કરતાં કરતાં દેહભાન જતું રહે છે ને આંખમાંથી સતત પ્રેમભક્તિનાં આંસુની ધાર વહે છે, એવું મેં કેટલીયે વાર જોયેલું છે.'

લોકોએ આટલું બધું જોયેલું, જાણેલું હોવા છતાં સ્પષ્ટપણે પોતાની સાધના વિશે કોઈને કશું પણ કહ્યું નથી.

**(૨) નીરવ મનની પ્રસાદી :**

ઈ. સ. ૧૯૩૨માં શ્રીમોટા વીસાપુર જેલમાં ગયેલા. ત્યાં વિદ્યાર્થીઓને ભગવદ્‌ગીતા સમજાવવાનો આગ્રહ થયો. શ્રીમોટા પોતાના સાધનાભ્યાસમાં જ મગ્ન રહેતા, એથી કોઈ પણ પ્રકારનાં ધર્મપુસ્તકો કે શાસ્ત્રો વાંચેલાં નહિ. ગીતા પણ આ નિમિત્તે પહેલી જ વાર વાંચી.

શ્રીમોટા ગીતાનો એક અધ્યાય વાંચી, પ્રભુને પ્રાર્થના કરતાં. અને ગીતાના તે તે અધ્યાયનું તાત્પર્ય ખુલ્લું થતું. અને સરળ ગુજરાતીમાં અનુષ્ટુપ છંદમાં જે તે અધ્યાયોનું જ્ઞાન તેઓ ઉતારી લેતા.

ગીતાનું એ સરળ ગુજરાતી પદ્યાનુકરણ શ્રીમોટાના નીરવ મનની પ્રભુપ્રસાદી છે. ગીતામાં અનુભવનું જ્ઞાન છે. શ્રીમોટાએ રચેલી 'જીવનગીતા' એમનાં બા-સૂરજબાને વાંચી સંભળાવેલી. ગીતામાં શું આવે છે એનો ખ્યાલ એ બાને પણ આવી શકેલો.

આ 'જીવનગીતા' શ્રીમોટાના અનુભવપ્રદેશના વિકાસ મુજબ અવનવું સંસ્કરણ પામી પામીને બીજી આવૃત્તિ સુધી પહોંચી છે. એની પાંચ હજાર જેટલી નકલો વેચાઈ ગઈ છે.

**(૩) ઊર્ધ્વ કક્ષાની કસોટી :**

'એકવાર હરિજન સેવક સંઘમાંથી એક માસની રજા લઈને મધ્યપ્રદેશમાં ગયો હતો. તે વેળા ૨૪-૨૫ દિન બીજો કોઈ જાતનો આહાર કે પાણી કે બીજું પીણું લીધા વિના માત્ર મારો મળ જે રોજ રોજ છેલ્લા દિન લગી નીકળતો, એ જ હું ખાતો અને જે પેશાબ થતો તે પીતો. આથી, શરીરની મળશુદ્ધિ પણ સારી થયેલી ને શરીરની સ્થિતિ પણ સારી થઈ હતી.

મળ ખાતાં સૂગ નહોતી ચઢતી. મળમાં દુર્ગંધ નહોતી મારતી. છાણના જેવો સ્વાદ લાગતો હતો. ઉત્કટ ભાવનાને કારણ એવું બધું શક્ય બની શકે છે.

આને અઘોરીની સાધનાનો પ્રકાર ગણાવી શકાય, પણ મને આ સાધના કરવા કોઈએ સૂચવ્યું નહોતું. આપમેળે જ મને એમ કરવાનું સૂઝેલું.

આટલેથી મારી ભૂખ તરસ શમી શકતી. પૂરતું થઈ રહેતું.

### (૪) કારમો હુમલો :

સાધનાભ્યાસ કરતાં કરતાં પ્રાણમાં છુપાઈને પડેલી કામવૃત્તિ પોતાના સઘળા બળથી કારમો હુમલો લઈને આવે છે. શ્રીમોટાની સાધનામાં આ વૃત્તિ ભારે સંગ્રામ મચાવે છે. પ્રાર્થના અને સ્મરણમાં ખૂબ મચેલા-મસ્ત રહેવા છતાં કશો જ ફેર પડતો નથી. કડવા લીમડાનાં પાન ચાવીને જે વૃત્તિનું શમન ક્યારનુંય થઈ ગયું હતું, એનો આવો કારમો હુમલો આકરી કસોટી રૂપે આવ્યો.

પોતે જળાશયમાં કમરપૂર પાણીમાં ઊભા રહીને પ્રાર્થના કરવા લાગ્યા. ગુરુકૃપાથી આપમેળે સૂઝ્યાં તે સાધનો કરવાં લાગ્યાં.

એક ચૈત્ર માસમાં શ્રીમોટાએ એકવીસ દિવસની એક આકરી તપશ્ચર્યા કરેલી. એકાંત જંગલમાં જઈ ખુલ્લા આકાશ હેઠળ એક ઊંચા પથ્થરની આસપાસ છાણાંની ઢગલીઓ કરી, એને સળગાવી, એ પથ્થર પર તદ્દન નગ્ન થઈને બેસીને ગૂઢ-ગુપ્ત સાધના આરંભી.

આ અનુષ્ઠાન થયું હોવા છતાં વૃત્તિનો પ્રશ્ન મૂળમાંથી ઊકલ્યો નહોતો.

પોતે ઘણી જ મથામણો કરી છતાં કારી ન ફાવતાં શ્રીમોટાની અકળામણ અને વ્યથા વધી ગઈ. ગુરુને સહાય માટે પોકાર પાડ્યો. પણ બધું જ જાણે સૂનું થઈ ગયું : પૂજ્ય બાળયોગીજીનું સ્મરણ થયું. મનમાં પ્રશ્ન થયો. ગુરુને રૂબરૂ મળ્યા વિના ઉકેલ નહોતો પણ અત્યારે એમને ક્યાં શોધવા ? હરિદ્વારમાં કુંભનો મેળો હતો. ત્યાં જવાનું નક્કી કર્યું. અને શ્રીમોટા હરિદ્વાર ઊપડ્યા. કુંભનો મેળો એટલે તો હજારો સાધુઓનું સંગમસ્થાન. એમાં ગુરુમહારાજને ક્યાં શોધવા ? ચાર દિવસ અને રાત ગુરુમહારાજને પોકાર પાડતાં પાડતાં શ્રીમોટા ખાધા-પીધા વિના ફર્યા જ કરે ! પણ ગુરુમહારાજ ક્યાંય ન મળ્યા. થાકીને જ્યારે હારવાની અણી આવી ત્યાં પાસે જ ગુરુમહારાજનાં દર્શન થયાં. એકદમ દોડીને એમને ચરણે પડીને ગદ્‌ગદ ભાવે પ્રાર્થના કરી.

પૂજ્ય બાળયોગીજીએ કહ્યું : 'હું અહીં તને જોતો જ હતો.'

'અરર બાપલા ? તો તમે મને કેમ ન બોલાવ્યો ? આ છોકરાની તમને દયા પણ ન આવી ?'

'અમારે તને બોલાવવાની શી જરૂર ?' આવા લોકોની આવી ન્યારી રીત હોય છે. શ્રીમોટાએ પોતાની સઘળી વ્યથાનું નિવેદન કર્યું. એ પળથી કામવૃત્તિ પ્રભુની પ્રેમભક્તિમાં વળી ગઈ અને એ જ વૃત્તિ વિકાસમાર્ગે સહાય રૂપ બની રહી.

### (૫) મગરમચ્છ :

પૂ. બાળયોગીજી શ્રીમોટા પાસે નડિયાદ ત્રણેક વખત પધારેલા. પહેલી વખત પધારીને દીક્ષિત કર્યા પછી પણ આવેલા. બીજી એક વેળાએ હાલના હરિઃૐ આશ્રમવાળા સ્થળે પોતાની પ્રત્યક્ષ દેખરેખ હેઠળ શ્રીમોટાને સાધના કરાવેલી. ઝાડ પર ચઢીને ત્યાં રાતની રાત ઊભાં ઊભાં શ્રીમોટાએ સાધના અભ્યાસ કરેલો. અને ત્રીજી વખત પધાર્યા ત્યારે એમણે શ્રીમોટાને કહ્યું : મને 'મગરમચ્છ બતાવ.'

શ્રીમોટાને તો ભારે આશ્ચર્ય થયું. અહીં મગરમચ્છ ક્યાંથી લાવવો ? વળી, વિચાર્યું કે ગુરુમહારાજને ડાકોર લઈ જઈ ગોમતીમાંના કાચબા બતાવી દઉં.

આમ વિચારી સદ્‌ગુરુને લઈને એ તો ડાકોર ગયા. ડાકોરમાંના ગોમતીજીના કાચબા બતાવીને કહ્યું : 'પ્રભુ ! આપ કહો છો એ આ જ મગરમચ્છ.'

ગુરુમહારાજ તો ઊકળ્યા અને શ્રીમોટાને 'સાલા બુદ્ધુ જૈસા હૈ,' એમ કહ્યું. અને પછી એક મેલાઘેલા મસ્ત ફકીર* તરફ આંગળી ચીંધીને કહ્યું : 'દેખ, વો રહા મગરમચ્છ.'

તરત જ દોડીને શ્રીમોટાને લઈને એની પાસે ગયા. પેલા ફકીરની આંખમાં કોઈ અનોખા પ્રકારની મસ્તી હતી. એ બન્ને જણ કંઈ સમજણ ન પડે એવી રીતની વાતો કરતા હતા.

'કેમ ક્યાં રહો છો ?'

તો પેલો કહે : 'આકાશમાં' આવી કંઈક વાતો થઈ, પણ શ્રીમોટા તો પ્રાર્થના કરતા ઊભા રહેલા. પછી પૂ. બાળયોગીજીએ કહ્યું : જા 'ખાવાનું લઈ આવ.'

શ્રીમોટા પાસે એવી ખાસ રકમ નહોતી પણ થોડાંક ભજિયાં ખરીદી આવ્યા. એ બન્ને જણ ભજિયાં ખાવા લાગ્યા. શ્રીમોટાની સામું જોઈ પૂ. બાળયોગીજી કહે : 'તને નહિ આપીએ...' એમ કરીને હસતા હતા.

એ પછી શ્રીમોટાની ઓળખાણ પેલા ફકીરને કરાવી અને કહ્યું : 'આ છોકરો પ્રભુના પાવનકારી પંથે છે. હવે હું અહીંથી ઘણો જ દૂર જાઉં છું. એને સાધનામાર્ગમાં કંઈ મુશ્કેલી પડે અને તમારી પાસે આવે તો એને રસ્તો બતાવજો.'

આ પછી એ અવધૂત ફકીર પાસેથી શ્રીમોટાએ યથાસમય માર્ગદર્શન પણ મેળવેલું.

**(૬) પ્રભુનાં દર્શન-દ્વૈતનો સાક્ષાત્કાર :**

ઈ. સ. ૧૯૩૪માં ગીતાના પુરુષોત્તમનો સાક્ષાત્કાર થાય છે. પ્રભુનું એ દર્શન સ્પષ્ટ છે.

'બેત્રણ વાર શ્રીકૃષ્ણ જણાયા હતા, એમનાં દર્શન થયાં હતાં. તે કૃષ્ણ મુરલીધારી કે એવી રીતના નહિ, તેમ આ પાર્થિવ શરીરનાં તત્ત્વોના પણ નહિ. છતાં પરમ સૌંદર્યથી છલોછલ ભરપૂર અને અપાર તેજના અંબારથી છલોછલ ભરેલા સદેહી કૃષ્ણનાં તે દર્શન હતાં. તે બધું સૌંદર્યમય હતું. સૌંદર્ય જ સૌંદર્ય. તે દર્શન અવર્ણનીય હતું.'

'દર્શન સ્થિર નહોતું. હાલતું, ચાલતું, રમતું, પળમાં પાસે આવતું અને પળમાં થોડે દૂર થતું પણ લાગતું, તો વળી પળમાં શરીરની અંદર પેસી જતું પણ અનુભવાતું, ને તે આધારનાં જુદાં જુદાં મનાદિકરણોને સ્પર્શતું ને ત્યાં કંઈક સૂક્ષ્મ પ્રક્રિયા કરતું હોય એવું લાગ્યા કરતું હતું. ક્યાંક ક્યાંક તો તે અંદર પ્રવેશી તેનું તેનું સમારકામ કરતું પણ અનુભવાતું. ભ્રૂકુટી અને બ્રહ્મરંધ્રના ભાગમાં પોતાને પ્રસ્થાપિત કરતું ને હૃદયમાં બિરાજેલું અનુભવાતું સમગ્ર આધાર તપ્તવર્ણો અને પૂર્ણપ્રકાશથી આલોકિત થયેલો જણાતો હતો. પોતે પોતાને પણ અનુભવી શકાય એવી ભૂમિકા પણ અનુભવાતી હતી, તો કોઈક પળોમાં તેનો વિસ્તાર પણ અનુભવાતો હતો.'

* ફકીર નહિ પણ સાધુ. શ્રી નથ્થુરામ શર્મા.

**(૭) આ દર્શન પછી :**

આવાં તેનાં કૃપામય મંગળ દર્શન-અનુભવ પછીથી આધારના કેંદ્રમાં કોઈ અવર્ણનીય પલટો આવી ગયેલો અનુભવેલો હતો, ને તે પછી તે કાયમ જ રહ્યો. ઉત્તરોત્તર જીવંતપણે વધારે પ્રકાશિત, જ્વલંત પ્રગટતો રહ્યા કર્યો હતો.

એવાં પરમ દર્શનની પ્રાપ્તિ પછીથી તેનું મુગ્ધ અને આહ્‌લાદકારક પરમ ચૈતન્યથી વિલસતું હૃદયંગમ આકર્ષણ એટલું બધું તો સજીવ ચેતનાત્મકપણે જીવનમાં પ્રગટે છે કે જેનું સાતત્ય કદી પણ તૂટી શકતું નથી. તેવાં આકર્ષણનો ભાવ ઉત્તરોત્તર એટલો બધો તો ગાઢ પ્રગટ્યા કરે છે કે આપણે તેનાથી કરીને ભાવની સહજ અવસ્થામાં પ્રગટી શકતાં હોઈએ છીએ. એવો ભાવ જે પહેલાં સર્જનની સહજ અવસ્થામાં ને એકમાં એકાગ્ર અને કેંદ્રિત હતો, તે ભાવ તેની એકાગ્રતા અને કેંદ્રિતતાની સંપૂર્ણ ટોચે પહોંચે છે. ત્યાર બાદ તે જ ભાવને વિસ્તારની પાંખો પ્રગટે છે. તેવો ભાવ પછીથી તો કોઈક સુંદર રમણીય દશ્ય, કુદરતનું નૈસર્ગિક સૌંદર્ય, કોઈક નદીનું ખળખળ વહેતું દશ્ય, નવપલ્લવિત થતું વૃક્ષ, સુંદર આરોગ્ય પૂર્ણ બાળકનું દશ્ય, કે એવું સ્થૂળ રૂપનું દશ્ય, કોઈ ભાવનાત્મક વિચારનું વક્તવ્ય કે એવું કોઈ ભાવાત્મક ભજન-આવા આવા પ્રકારનું નિમિત્ત પ્રગટતાં તેવાં તેવાં દર્શનથી કરી તેવો ભાવ ઉત્કટપણે પ્રગટે છે. તે વેળાએ આપમેળે ભાવ-સમાધિ પ્રગટી જતી હોય છે અને તેથી ધન્ય બનાતું હોય છે. તેની અસર લાંબા ગાળા સુધી દિવસના કર્મવ્યવહારમાં અને રોજિંદા વર્તનમાં પણ જીવંત ચેતનાત્મકપણે રહ્યા કરે છે'*

**(૮) સગુણ દર્શન :**

શ્રીમોટાને ઈ. સ. ૧૯૩૪માં દ્વૈતનો સાક્ષાત્કાર થયો. અર્થાત્ સગુણ બ્રહ્મનો એ સાક્ષાત્કાર હતો. પોતાને થયેલાં આ દર્શનની સમજૂતી વેદાંતની પરિભાષામાં શ્રીમોટા આ રીતે સમજાવે છે.

'સગુણ બ્રહ્મની પ્રાપ્તિમાં નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિનો સમાવેશ થઈ જ જાય એમ નથી. નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિમાં સગુણ બ્રહ્મની પ્રાપ્તિ આવી જ જાય એમ પણ નથી. બન્ને જુદું જુદું છે. બન્નેનો સાક્ષાત્કાર અલગ અલગ થતો રહે છે, પણ ગમે તે એક પ્રકારના સાક્ષાત્કારથી મુક્તિ મેળવી શકાય ખરી, પરંતુ બન્નેની પ્રાપ્તિ વધુ સારી ગણાય.

સગુણ સાક્ષાત્કારદર્શન અને નિર્ગુણ સાક્ષાત્કાર વચ્ચે ભેદ છે તે સમજવા જેવું છે. સગુણ સાક્ષાત્કાર તથા નિર્ગુણ એટલે અદ્વૈતનો સાક્ષાત્કાર, તે બેમાંથી એકબીજાથી ચઢિયાતો છે તેમ ન કહી શકાય. ગમે તે સાક્ષાત્કારથી મુક્ત બની શકાય છે.

બન્ને પ્રકારનો સાક્ષાત્કાર થાય જ એવો કશો નિશ્ચિત નિયમ નથી. કોઈને નિર્ગુણનો અનુભવ વહેલો થાય અને સગુણનો ના પણ થાય કે પછીથી પણ થાય. કોઈકને સગુણનો અનુભવ પહેલો થાય અને નિર્ગુણનો ના પણ થાય. આમ હોવા છતાં બન્ને પ્રકારના અનુભવની કક્ષા એકબીજાથી ચઢતી કે ઊતરતી છે તેવું કશું નથી.

ખરો સગુણનો સાક્ષાત્કાર એટલે 'પોતાના આધારમાં ચેતનની ગુણશક્તિનો પ્રાદુર્ભાવ થવો તે'*

* જીવનદર્શન પૃ. ૩૭૮, ૩૭૯, ૩૮૦

## (૯) ધ્યેય-સિદ્ધિ ખાતર :

શ્રીમોટાના અંતરમાંથી હિમાલય જવાનો આદેશ થાય છે. કોક ચેતનાનિષ્ઠ અનુભવીને મળવાનું નિમિત્ત-કર્મ સ્પષ્ટ થાય છે. હવે તો જે કંઈ કર્મ કરવાનું છે, તે પરમ પદની પ્રાપ્તિનું કરવાનું છે. ધ્યેય-સિદ્ધિનો હેતુ તો તીવ્ર બનેલો જ છે.

પોતાની સાથે જરૂર જેટલો સામાન લઈને શ્રીમોટા હિમાલય પહોંચે છે. હિમાલય પર ચઢતા હતા ત્યારે એ અનુભવી મહાત્મા કોણ હશે ? ક્યાં હશે ? કયા સ્થળે વસતા હશે ? એ પૈકીનું કશું જ સ્પષ્ટ નહોતું. જેમ દર્શન મળે, જેવો આદેશ મળે એ પ્રમાણે કરવાનું હતું.

ત્યાં જ સ્પષ્ટ થયું કે હિમાલયના કોક અગોચર ખૂણામાં એક 'અઘોરી બાવા' રહે છે. એમણે સામર્થ્ય પ્રાપ્ત કરેલું છે. ત્યાં પહોંચવાનો માર્ગ ઘણો જ કઠણ છે. ત્યાં સામાન્ય રીતે કોઈ પણ પહોંચી શકે એવો નિશ્ચિત કેડીમાર્ગ પણ નથી. વળી ચઢાણ પણ આકરું છે, પણ હુકમનું પાલન પ્રેમપૂર્વક કરવાનો તો હવે સહજ અભ્યાસ પડી ગયો છે. પોતાનો સામાન ઊંચકીને પોતાની સાથે ચાલતા બોજીને આ સ્થળે જ મુકામ કરવા કહ્યું. પોતાની પાસે હતી એ રોકડ રકમ અને કાગળો આપીને કહ્યું : 'જો ભાઈ, તું મારો આ સામાન, પૈસા લઈને અહીં બેસ. અને પાંચ દિવસ લગી મારી રાહ જોજે. પાંચ દિવસમાં જો હું પાછો ન ફરું તો આ કાગળો ટપાલમાં નાખી પૈસા અને સામાન લઈ તું ચાલ્યો જજે.'

કઠિન માર્ગ પસાર કરતાં કરતાં મેદાન આવ્યું. આ મેદાન પર પગ માંડીને આગળ વધતાં ચાલવાની સરળતા થઈ, પણ માથું ફાટી જાય તેવી તીવ્ર દુર્ગંધનો આરંભ થયો. શ્રીમોટાને 'અઘોરી બાબા'ના નિવાસના એંધાણ રૂપ આ દુર્ગંધ જણાઈ. જેમ જેમ આગળ વધે એમ દુર્ગંધનું પ્રમાણ પણ વધતું હતું. માર્ગમાં હાડકાં, ખોપરીઓ, મળ વગેરે પડેલાં હતાં. એક મોટું વૃક્ષ આવ્યું. ત્યાં અઘોરીબાબાનો નિવાસ હોય એમ સ્પષ્ટ થયું. પણ ત્યાં કોઈ નહોતું. બધું સૂમસામ હતું. પણ શ્રીમોટા તો ત્યાં જ આસન જમાવીને પોતાનાં સાધનમાં એકરત થઈ ગયા.

મધરાત થઈ અને ભીષણ દેખાવવાળા, મેલાઘેલા અને ગંદા અઘોરીબાબા આવ્યા, પણ બન્નેમાંથી કોઈ કશું બોલ્યા નહિ. અઘોરીબાબા તો પોતાના નિત્યકર્મમાં ડૂબેલા હતા. શ્રીમોટા પણ પોતાના સાધનમાં ડૂબેલા હતા. બન્નેમાંથી કોઈ કશું જ બોલે નહિ. આમ ને આમ ત્રણ દિવસ તો પસાર થઈ ગયા.

ચોથે દિવસે બાબાએ પૂછ્યું : 'ક્યા બચ્ચા ? ભૂખ લગી હૈ ?'

'જી હાં.'

'અચ્છા યહ લે, પી જા.' એમ કહીને અઘોરીબાબાએ એક કાચલીમાં જાડું રગડા જેવું કશુંક પીવા આપ્યું અને બોલ્યા : 'બચ્ચા, ઈસમેં તેરી ભૂખ-તરસ મીટ જાયેગી'

શ્રીમોટાએ એ સ્વીકાર્યું. એમાંથી તીવ્ર દુર્ગંધ આવતી હતી, પણ સ્પષ્ટ આદેશ મળતાં શ્રીમોટા તો એ પી ગયા. અને તરત જ ભૂખ-તરસ શમી ગઈ અને ભાવાવસ્થા પ્રગટી ગઈ. લાંબો સમય તેઓ ભાવાવસ્થામાં જ રહ્યા.

જ્યારે તેઓ જાગ્રત સ્થિતિમાં પાછા ફર્યા ત્યારે અઘોરીબાબાએ કહ્યું : 'બચ્ચા તેરા મુકામ અબ નજદીક આ ગયા હૈ. તેરી મહત્ત્વાકાંક્ષા પૂર્ણ હો સકતી હૈ.'

શ્રીમોટા તો એ જ હેતુસર અહીં સુધી આવેલા. એથી પ્રેમપૂર્વક શ્રીમોટા આ સાંભળી રહ્યા, પરંતુ અઘોરીબાબાએ કહ્યું :

'મૈં તેરી મહત્ત્વાકાંક્ષા પૂર્ણ કર સકતા હૂં. મગર તુઝે યહાં હી-મેરી સાથ રહના પડેગા.' અઘોરીબાબા શ્રીમોટાને પોતાની પાસે જ આજીવન રાખવા ઝંખતા હતા. આવી ઊર્ધ્વકક્ષાએ પહોંચ્યા હોવા છતાં આવા સમર્થ લોકોમાં પણ સૂક્ષ્માતીસૂક્ષ્મ પ્રકારની ઊર્ધ્વકક્ષાની સત્તાભાવના (Hieyarchi) (હાયાર્કિ) હોઈ શકે છે એ વિચારવાનું પણ શ્રીમોટાને સ્પષ્ટ દર્શન થયું. શ્રીમોટાને ધ્યેય ફળાવવાનો હેતુ સ્પષ્ટ અને નિશ્ચિત હતો. તેમ છતાં સંસારમાં રહીને કર્તવ્ય આચરતાં ઊર્ધ્વ ભાવોની પ્રતિષ્ઠા કરવાનો પણ એમણે સાધનાના ભાવથી સ્વીકાર કરેલો. સંસારનાં કર્મોને એમણે પોતાની સાધનાના એક મહત્ત્વના અંગ તરીકે સ્વીકારેલાં હતાં. એટલે અઘોરીબાબાની માગણી સ્વીકારવામાં વિવેક ચૂકી જવાય એમ લાગ્યું. આથી, શ્રીમોટાએ અઘોરીબાબાની શરતનો પૂરી નમ્રતા અને ભક્તિભાવપૂર્વક અસ્વીકાર કર્યો. અને કહ્યું. 'હું તો બસ પ્રેમભક્તિ અને ભાવની તદ્રૂપતા ઝંખું છું.'

આ સાંભળીને અઘોરીબાબા તો ગુસ્સે થઈ ગયા. ધમકી આપતા બોલ્યા. 'અચ્છા ! તો અબ મૈં દેખતા હૂં કિ તું ઇધરસે કૈસે જાતા હૈ. જાનેકી કોશિશ કરેગા તો જાન ખતરેમેં પડેગી. તું મેરા શિષ્ય હો જા.-ઔર મેરી પાસ ઠહર જા.'

પણ શ્રીમોટાની દૃષ્ટિ સમક્ષ પોતાનું ધ્યેય અને કર્તવ્ય સ્પષ્ટ હતાં. સમર્થ સદ્ગુરુની પળેપળની ઓથ છે એવી ટકોરાબંધ જીવતીજાગતી શ્રદ્ધા હતી. એથી હૃદયમાંથી મૃત્યુનો ભય તો નામનો પણ રહ્યો નહોતો ! શ્રીસદ્ગુરુને હૃદયમાં એમણે સંપૂર્ણપણે જાગ્રત કરી દીધા હતા. આથી, તેઓ અઘોરીબાબાની ધમકીને નમ્રતાપૂર્વક ન ગણકારી પ્રણામ કરી પાછા ફર્યા.

નીચે ઊતરી નજીકમાં વહેતા ઝરણામાં સ્નાન કરીને રસોઈ બનાવી પેલા બોજીને જમવાનું આપી પોતે જમીને પરવાર્યા. ત્યાં જ એક વિચિત્ર અનુભવ થયો. પોતાને ટટ્ટી થઈ ગઈ છે-એનો પોતાને ખ્યાલ પણ ન આવ્યો.

પોતે સ્વચ્છ થઈ આવ્યા તો ફરી જવાનું થયું. અને એમને ખાતરી થઈ ગઈ કે પોતાને ઝાડા થઈ ગયા છે. સાથે સાથે એમને એમ પણ પ્રતીતિ થઈ કે આ કરામત પેલા અઘોરીબાબાની જ છે ! ઝાડાનું પ્રમાણ ઘણું જ વધવા લાગ્યું. વારેવારે સાફ કરવાની પણ મુશ્કેલી ઊભી થઈ. એટલે દૂર એકાંતમાં પેલા ઝરણાને કિનારે પાથરણું પાથરીને પોતે સૂતા. અને પેલા બોજીને પૈસા ચૂકવીને વિદાય આપી.

શરીરની હાલત કથળતી ચાલી. ક્રમેક્રમે પોતે ભાન ગુમાવતા ચાલ્યા. અને એક પળ એવી આવી કે શરીરનું ભાન સરખું પણ ન રહ્યું. છેક જ નિશ્ચેતનની જેમ પડ્યા જ રહેવાયું. આવી અવસ્થામાં પણ શ્રીમોટા પ્રભુને પોકાર્યા કરતા હતા.

એક પળે જ્યારે એ ભાનમાં આવ્યા ત્યારે કોઈક બંગાળી સાધુ એમની સેવા-ચાકરી કરતા હતા એમ એમણે જોયું. એ સાધુ પાસેથી જાણ્યું કે વીસેક દિવસથી એમના શરીરની સારવાર અને મળની સાફસૂફી એ સાધુ કરતા હતા.

શ્રીમોટાએ કૃતજ્ઞભાવે એક કામળો અને પચીસ રૂ. આપતાં કહ્યું. 'પ્રભુ, હું આપને શો બદલો વાળી શકીશ ?' 'બચ્ચા, તારે એ વિચાર કરવાનો નથી, હું તો મારા ગુરુમહારાજના હુકમથી અહીં આવેલો. તું આરામ કર, હું હમણાં આવું છું. એમ કહી એ સાધુએ પૂંઠ ફેરવી ત્યારે અદશ્ય થઈ રહેલા એ સાધુ મહાત્મામાં મોટાએ પૂ. શ્રીબાળયોગીજીનાં સ્પષ્ટ દર્શન કર્યા.

અને ગુરુમહારાજે પોતાને માટે કેવું કેવું કર્યું એના ખ્યાલથી હૃદય ભરીને ભાવાશ્રુની ધારા વહાવી રહ્યા.

**(૧૦) ધ્યેય-પ્રાપ્તિનાં એંધાણ :**

૧૯૩૮ના નવેમ્બર-ડિસેમ્બરમાં શ્રીમોટા કરાંચીમાં હતા ત્યારે ઘણાય મિત્રોની હાજરીમાં અનેક નિમિત્તે ભાવાવેશ પ્રગટતો, અને તે લાંબા ગાળા સુધી ચાલતો. આવી સ્થિતિ ત્રણેક વરસ લગી રહેલી. વારંવાર પ્રકટતા ભાવાવેશથી તેમાં પણ સહજતા અને સળંગતા પ્રકટી જાય છે. અને પછી એ અવસ્થા સહજ, જીવંત બની ગઈ છે.

કરાંચીમાં શ્રીમોટાની મસ્ત દશાના ઘણા પ્રસંગો બનેલા છે. અને સદ્ગુરુના હુકમપાલનના અભૂતપૂર્વ બનાવો પણ બનેલા છે. હુકમપાલનની એ સહજ સાધનાથી હવે ધ્યેયપ્રાપ્તિનું શિખર નિકટ આવવા લાગ્યું.

તા. ૧૩મી માર્ચ, ૧૯૩૯ના રોજ શ્રીમોટા કાનપુરથી કાશી આવ્યા. ત્યાં શરીરમાં તીવ્ર દર્દ શરૂ થયેલું પણ એથી મન લેશ પણ અસ્વસ્થ નહોતું. ઉદાસી પણ આવી નહોતી. પ્રત્યક્ષ આવી મળેલાં કર્મ પ્રભુકૃપાથી પૂરાં થયાં હતાં.

કાશીમાં રહેવા માટે બંગલાની તપાસ કરવાની હતી. એ અંગે બધાંને મળવાનું હતું. બીજું કામ પણ ગોઠવવાનું હતું. શરીરમાં દર્દ વધતું જતું હોવાથી આ બધું કામ સપાટી પરથી ચેતનાથી થતું હોય એમ અનુભવાતું હતું. કરાંચીમાં મળેલા બાબાની સૂચનાનુસાર તા. ૨૯મી માર્ચની રાત્રે કશુંક બનવાનું તો હતું જ, પણ એના વિચાર સરખા મનમાં આવતા નહોતા. શરીરનું આ દર્દ દિવસે પણ રાડ પોકારાવે એવું હતું. રાતના દર્દ વધે એવા ઘણા જ અનુભવો થયા.

ઊલટો જીવ તો ઊંડો ઊંડો ઊતરતો જતો લાગતો, એટલે બહારની ચેતના કામ પૂરતી, ઘણી ઓછી થઈ ગયેલી, ને અંદરની ચેતનાની જાગૃતિ એકદમ તીવ્રતમ થઈ ગઈ હતી.

તા. ૨૯મીની રાતે બનનારી ઘટના અંગે શ્રીમોટાએ પોતાની સાથે જે બહેન હતાં એમને જાણ કરેલી. એથી એ બહેન જરાક ઊંચા જીવે ફરતાં હતાં, પણ તા. ૨૯મી માર્ચની રાતના શ્રીમોટા તો નિરાંતે સૂતા.

'રાતના એક વાગ્યાના દસેક મિનિટ પહેલાં અમારા બંગલાની આગળથી 'હરિઃૐ'ની બૂમ એકાએક સંભળાઈ. મને જ સંબોધીને તે બૂમ પાડવામાં આવી હતી તે તરત જ સમજાયું. એટલે મેં પણ સામી તેને 'હરિઃૐ'ની બૂમ મારી. બૂમ મારનાર ભાઈ સામેથી આવ્યા. તે સંપૂર્ણ નગ્ન હતા. માથે ઘણા બધા ગૂંચળાવાળા વાળ હતા. નીચે ઊતર્યો ત્યારે જાણ્યું કે તેઓ મને એવી મધરાતે ક્યાંક લઈ જવા માગતા હતા. બહેનને એક ચિઠ્ઠી લખીને ઉપર મૂકી આવ્યો કે જેથી મારી ચિંતા ન થાય. મારી ગેરહાજરીમાં

તે જાગી ગયેલી અને મને ન જોવાથી સહેજ ફિકર ચિંતા પણ થયેલી, પરંતુ આવું બધું કરાંચીમાં બન્યા કરતું, તેથી તેને વિશ્વાસ બેઠેલો કે પછીથી બધાં ઠીક વાનાં થઈ જશે. વળી, તા. ૨૯મી માર્ચે 'કશુંક' થવાનું છે તેની પણ તેને ખબર જ હતી. એટલે નિશ્ચિંત થઈ ગઈ હતી.

પેલા ભાઈએ મને જણાવ્યું કે મારે મણિકર્ણિકાના ઘાટની પેલી બાજુ ગંગાજીની સામે પાર જ્યાં તેમના ગુરુમહારાજ રહેતા હતા, ત્યાં જવાનું હતું. તેમણે તેમને મોકલ્યા હતા અને એ ગુરુ પાસે મારે રહેવાનું હતું. મેં કહ્યું, 'હું તો રાત્રે ત્યાં આવું ને સવારે અહીં પાછો આવું. એટલી વાત કબૂલ હોય તો હું આવું. મારી ફરજ અહીં આ બહેનોની સાથે રહેવાની છે, એટલે એ મૂકીને બીજું કરવા જવું એ પરધર્મ છે-પછી ભલેને એથી મને ખૂબ જ લાભ થતો હોય !' મારી આ વાત એ નગ્ન બાવાએ સ્વીકારવાની ના પાડી. વધારામાં કરાંચીવાળાબાબાએ બતાવેલું ધ્યાન કરવાની પણ એમણે ચોખ્ખી ના પાડી. 'કરશે તો ભયંકર આફત પડશે. વળી, તે ધ્યાન શરૂ કરે ત્યારે તારી અત્યંત કાળજીભરી સંભાળ લેવાય એવી વ્યવસ્થા હોવી જોઈએ. આ બાબતમાં તારી પ્રેમભક્તિવાળી મા કે બહેન હોય તેવાની કોમળ સારવાર નીચે તારે રહેવું અથવા અમારા ગુરુજી પાસે ચાલ. તારી સેવા સંભાળ કરીશું.'

મેં કહ્યું : 'હાલમાં આ બહેનોની સંભાળ મારે લેવાની એટલે એક બે માસ પછીથી આવું' તો તેણે સાફ ના પાડી. મેં પણ એના ગુરુમહારાજ પાસે જવાની ચોખ્ખી ના પાડી. કરાંચીમાં બાબાએ અત્યંત ગુપ્તપણે આપેલી વિદ્યા વિશેનો પ્રયોગ કરવાનો છે. તે વિશે આ ભાઈ અહીં કાશીમાં કેવી રીતે જાણી ગયા ? એવા અથવા 'શું ખરેખર મને ભયંકર આફત પડશે ?' એવા બધા વિચારો મને થયા નહિ ને આ પ્રયોગની બાબતમાં જેમ થતું હોય એમ થવા દેવું એમ ધારી પાછો મેડા પર આવતો રહ્યો. અને કરાંચીમાં મળેલા બાબાએ બતાવેલો પ્રયોગ કરવા બેઠો.

હજી શરૂઆત થઈ ત્યાં જ સમગ્ર ચેતન એકાગ્ર થતું અનુભવાયું. શરીર, મન, બીજાં બધાં કરણો ભિન્ન ભિન્ન છે એવું સ્પષ્ટપણે અનુભવાતું ગયું. થોડીક વાર થઈ ત્યાં તો માથના વચલા ભાગમાં સખત ગરમીના ઝરા વહેતા હોય એમ ભાન જાગ્યું અને આખા શરીરમાં એની અસહ્ય બળતરા થઈ, ભાન ઊડી ગયું. લગભગ બેભાન થઈ ગયેલો. પડી પણ જવાયું હતું. જીભ લગભગ બળી ગયા જેવી થઈ ગઈ હતી. છાતી બળ્યા કરતી હતી. પેટથી છેક નીચેના ભાગ પર તો તે ભાગ પૂરેપૂરો બળી ગયેલો હોય તેવું જણાયું. આખું શરીર લાય જેવું ગરમ બની ગયું હતું. બીજા કોઈને કશી જ ખબર નહોતી. આની અસર બે દિવસ રહી.

આ બધાનો કશો અર્થ સમજાયો નહિ. કંઈ કશાના આડાઅવળા વિચારો પણ મનમાં ઉદ્ભવતા નહિ. એક જ પ્રકારની ભાવનામાં અખંડિતતા પ્રકટેલી હતી. ગંગાજીના પ્રવાહના જેવો એ ભાવ સતત એકધારો ટકેલો. મારું વહાણ તો ક્યાં લંગારાશે તે જાણતો નહોતો. માત્ર એક જ લક્ષ્ય એની કૃપાથી રહ્યા કરેલું. બાકી તો સમુદ્રની લહેરોની જેમ ભાવના અને આનંદ આનંદના ભાવ સાથે રોમેરોમમાં જે એક અકથ્ય ભાવ પ્રગટ્યા કરેલો તે શબ્દમાં કેવી રીતે લખી શકાય ?

એટલે ધામે તો પહોંચ્યા વિના રહેવાનું નથી એવો દૃઢ જીવંત વિશ્વાસ પ્રકટેલો.'

૨૩મી માર્ચ, ૧૯૩૯ના દિવસ પછીની આવા પ્રકારની અવસ્થા ૨૯ માર્ચ સુધી રહી.

**(૧૧) 'ઠામ નહીં કો ઠાલો રે'**

૧૯૩૯ના માર્ચની ૨૯મીની રાત્રિ છે. રામનવમીનો પરમ કલ્યાણકારી સમય છે. શ્રીમોટાનો જીવનપ્રાગટ્યનો સમય પણ આ જ દિવસે પાકે છે કે મહાકાળ સ્વરૂપ પ્રભુએ યોજેલો કેવો અપૂર્વ યોગાનુયોગ છે !

વસંતપંચમીએ પૂ. બાળયોગીજીએ કરાવેલા નવજીવન પ્રવેશ પછીની અનંત સંગ્રામની વિકટયાત્રા પછી શ્રીમોટા રામનવમીની રાત્રિએ કાશીધામમાં અદ્વૈતનો સાક્ષાત્કાર અનુભવે છે.

**'જાણે અનેક કોટિ સૂર્યનો પ્રકાશ આજુબાજુ પથરાઈ જઈને શરીરમાં પણ પ્રવેશ્યો. ત્યારે મહા સમાધિમાં ઊતરી જવાનું બનેલું. સમાધિમાંથી જાગતાં જોયું તો શરીરનો ગુહ્ય ભાગ અને તેની આજુબાજુનો ભાગ પણ બળી ગયેલો.**

**તે વેળાએ, ત્યારથી જ મુક્ત દશાની શરૂઆત થઈ ચૂકી. 'I am Omnipresent' હું સર્વત્ર વિદ્યમાન છું. એવી ચેતનાત્મક ભાવનાનો સર્વ પ્રકારે વિકાસ પ્રવર્તમાન હતો અને છે.**

તે કાળે જે અનુભવ થયો તે પણ સગુણનો એક અનુભવ હતો, પરંતુ તેમાંથી તાત્કાલિક હનુમાનકૂદકો મારીને અથવા તો હનુમાનકૂદકાથી તેમાંથી નિર્ગુણના અનુભવમાં પ્રવેશવાનું બન્યું. તે અનુભવનું પોતાના આધારમાં પ્રતિષ્ઠિત થઈ જવાપણું બનીને તેમાં સંપૂર્ણ કેંદ્રિતતા જીવંતપણે પ્રગટીને તે પછી તેના ભાવનો વિસ્તાર થયા કરતો અનુભવમાં પ્રગટ્યા કર્યો. તેમાં તે ભાવરૂપે હતો એમ પણ ન કહી શકાય. જેમાં તેમાં તે એકરૂપ પ્રવર્તતો અનુભવાય.* અને તેમ છતાં પાછો પોતે તે તે બધામાં હોવા છતાં નોખો પણ હોય+ અને એકરૂપ પણ હોય એવું સતત અનુભવાયા જતું. તાદાત્મ્યનો ચેતનનો ગુણધર્મ તે પછીથી જીવનમાં પ્રગટવા માંડ્યો એમ જરૂર કહી શકાય. માતાને બાળક પરત્વે જે તાદાત્મ્ય વૃત્તિ હોય છે તે તો પ્રકૃતિવશાત્ હોય છે અને તે પણ તેમાં સળંગ એકધારું તાદાત્મ્ય હોતું નથી. બાબર અને હુમાયુનો દાખલો એ પણ એક જીવપ્રકારની તેના પરત્વેની ઉત્કટમાં ઉત્કટ લાગણીનો પ્રાદુર્ભાવ ગણી શકાય. તેવું તો એકાદ વાર બની જાય. જ્યારે ચેતનના ગુણધર્મમાં તો તે બધું પ્રકૃતિવશાત્ બનતું હોતું નથી. અને તેવી ચેતનાત્મક તાદાત્મ્યતા સળંગ એકધારી પ્રગટેલી રહે છે.'

આમ, શ્રીમોટાનું જીવન એ જીવન-તીર્થ બની રહ્યું છે. એમણે એમનામાં દિવ્ય-જીવનનું પ્રાગટ્ય કર્યું છે. ૧૯૩૯ના માર્ચની ૨૯મી તારીખ પછીના એમના જીવને અનેક ઘટનાઓનું નિર્માણ કર્યું છે. આ જીવન-પ્રાકટ્યે અવનવા જીવનસ્ફુલિંગની અગોચર તેજોમય અકળ કળા દ્વારા લીલા આરંભી છે.

અત્યારે તો આ જીવન-પ્રાકટ્યને જીવનને ઊર્ધ્વમાર્ગે પ્રેરવા માટે નીરખીને, હૃદયથી અનુભવવા મથીએ એ જ પ્રાર્થના સહ પુનઃ પુનઃ હરિઃૐ.

❊ ❊ ❊

---

* તાદાત્મ્ય +તાટસ્થ્ય

હરિઃૐ

## પૂજ્ય શ્રીમોટા
## રામનવમી—સાક્ષાત્કારદિન
## સ્મૃતિગ્રંથ

# જીવનસ્ફુલિંગ

## ખંડ : ૨

## જીવનવિચાર

પૂજ્ય શ્રીમોટાએ પરમ પદની પ્રાપ્તિ બાદ નિકટના સંબંધમાં આવેલાં સ્વજનોને સાધનાર્થે માર્ગદર્શન આપવું શરૂ કર્યું. તે નિમિત્તે પત્રો અને પ્રસ્તાવના રૂપે વિપુલ સાહિત્ય લખાયું. એવાં લખાણોમાંથી પૂર્ણપુરુષની વિભાવના સ્પષ્ટ કરતો એક લેખ આ ખંડમાં લીધો છે. એ લેખમાં અનુભવી પુરુષની સમગ્રતા આલેખાયેલી છે તે સ્વયંસ્પષ્ટ જ છે. એ લેખ તેમ જ શ્રી નંદુભાઈના બીજા બે લેખો ‘મુક્તની સમદૃષ્ટિ’ અને ‘સાચો સેવક’ પૂજ્ય શ્રીમોટાના પ્રગટ કાર્યસ્વરૂપને સમજવામાં દૃષ્ટિપ્રેરક નીવડે અને સ્વજનોને માર્ગદર્શન મળે એવા હેતુથી અત્રે રજૂ કર્યા છે.

**—સંપાદકો**

મુક્ત દશાને પામેલા આત્માઓ આપણા વિશે કદી ગેરસમજૂત કરતા હોતા નથી. આપણે જ એમના વિશે ગેરસમજૂત કરતાં હોઈએ છીએ. જો કોઈ ગેરસમજૂત કરે એવા હોય તો એને જીવન્મુક્તનું લેબલ ન લગાડી શકાય. આપણે ઊભાં રહેલાં છીએ દ્વંદ્વની ભૂમિકા પર. અને એ જો સાચા સંત હોય તો તેઓમાં દ્વંદ્વ હોવા છતાં દ્વંદ્વની ભૂમિકામાં તેઓ ઊભેલા નથી. આપણાં સમજણ, માપ, ધોરણ એ બધાં બહુ બહુ તો નૈતિક ધોરણ પર અવલંબેલાં હોય છે. ભેદમાં અભેદ હજુ આપણે અનુભવી શક્યાં નથી. જગત તો અભેદમાં ભેદ જુએ છે. જ્યારે તે લોકોનું તેવું કશું હોતું નથી, પરંતુ તેનો અર્થ એવો નથી કે એ લોકો અનૈતિક છે. તેઓ જીવનની પરમ આદર્શ સ્થિતિમાં પહોંચવાને માટે જીવનની તેવી તેવી સ્થિતિમાંથી પસાર થઈ ગયેલા હોય છે, જેમ હોડીમાં બેસીને નદી પાર કર્યા બાદ હોડીને સાથે રાખવાની જરાકે જરૂર રહેતી નથી, તેવી રીતે તેવા લોકો સાધનનો ભાર ગળે વળગાડીને ફર્યા કરતા હોતા નથી. એવા લોકોને આપણાં માપ, સમજ, ગણતરી કે કલ્પનાથી માપવાનું કરવું એ જ આપણું અજ્ઞાન છે. સંત આપણને કદી ગેરસમજૂત ન કરે. એ તો ભૂલેલાનો જેટલો છે તેટલો કોઈનોય નથી- જો પેલો તેમનો થવાને હૃદયથી ખરેખરું ઝંખતો હોય તો.

('જીવનપરાગ', આ.૫, પૃ. ૪૨૪-૪૨૫) **—મોટા**

હરિઃૐ

* * *

# સ્વયંભૂપણાની સમગ્રતા

## પૂજ્ય શ્રીમોટા

ગુરુ એ તો ચેતનમાં સંપૂર્ણતાની કક્ષાએ સંપૂર્ણતઃ સતત વિકસતી જતી એક ભૂમિકા છે. ગુરુ એ એક વ્યક્તિ હોવા છતાં વ્યક્તિ નથી. એવા અનુભવી કેવા હોઈ શકે, તેનું વર્ણન મારી ભાંગીતૂટી બોલીમાં કરું છું, કે જેથી તેવી અવસ્થાની થોડીક પણ સમજણ વાંચકને પડી શકે. મારા આવા નાદાન પ્રયત્નને સુજ્ઞ પુરુષ પ્રેમભાવથી નિભાવી લેશે એવી પ્રાર્થના છે.

સાચો અનુભવી કેવો હોવો જોઈએ, તે વિશે જ્યાં સુધી આપણા મનમાં અમુક મંતવ્યો જડ ઘાલીને બેઠાં હોય, ત્યાં સુધી હિરણ્યમય પાત્રમાં છુપાયેલું સત્યનું મૂળ—આ ઠેકાણે અનુભવીનું સાચું દર્શન— જોવું અશક્ય છે. એને માટે પૂરેપૂરા નિરાગ્રહી, એટલે કે પરિણામની ભીતિ રાખ્યા વગર સત્યદર્શનની ઉત્સુકતા જ્યાં આપણને દોરી જાય, ત્યાં જવાની તૈયારીવાળા, સાહસવાળા અને શ્રદ્ધાવાળા માનસની જરૂર છે. તે વિના સત્યદર્શન અશક્ય છે.

પૂર્ણ પુરુષની પૂર્ણતા કંઈ સ્થૂળ આંખોથી દેખાય એવા સ્થૂળ ક્ષેત્રમાં નહિ પણ મન કે હૃદય કે આધારના સૂક્ષ્મ પ્રદેશમાં જ રહેલી છે, ને તેથી તે જોવા માટે સૂક્ષ્મ દૃષ્ટિ જ કામ લાગે, એ મહત્ત્વની હકીકત આપણે આ બાબતમાં ભૂલવી ન જોઈએ. તેથી જ અનુભવીને ઓળખવા માટે ઉપર લખેલું વિવરણ કરવું પડ્યું છે.

વળી, બીજું કારણ એ છે કે ઉચ્ચ કોટિનો આત્મા લગભગ અપારદર્શક છે, કોઈ ખટપટિયા, પ્રપંચી માણસની ચાણક્ય નીતિ હજુ પારખી શકાય, તેને પકડી પાડી શકાય, પણ પૂર્ણ પુરુષ કયા ઉદ્દેશથી અમુક કામ કરે છે તે શોધી કાઢવું ઘણું કઠણ છે. તેના ઉદ્દેશોને આપણી કલ્પના સાધારણ રીતે પહોંચી શકતી નથી. આપણે તો આપણા ક્ષુદ્ર માનસના ગજથી તેના માનસનું માપ કાઢવાં જઈએ છીએ, પણ જોકે પૂર્ણ પુરુષ પણ આપણા જેવો જ હાડચામનો મઢેલો માણસ છે, તેમ છતાં એનો દેહ તો વિભૂતિનો બહુ જ અલ્પાંશ છે, પણ તેના અસામાન્ય અદ્‌ભુત, કેટલીક વાર ચમત્કારી લાગે એવા અનુભવને લીધે, મનુષ્યરૂપ ધારણ કરનાર એ પુરુષ ખરી રીતે ગગનસ્પર્શી છે, એનું માનસ કે દિલ આકાશ જેટલા વિશાળ છે. અને તેથી એમાંથી ઉદ્‌ભવેલી કૃતિઓ બહારથી તદ્દન સાધારણ કે કેટલીક વખતે ઊલટી વિકૃત દેખાય છે, છતાં સાચી રીતે તો તે લોકોત્તર જ હોય છે.

દાખલા તરીકે જે જે પ્રસંગો સંસારના રસિયાઓને ખૂબ ક્લેશ કરાવનારા અને દિલ હલમલાવનારા થઈ પડે છે, તે તે પ્રસંગોએ એ પૂર્વવત્ શાંત જ રહેલો દેખાય. દયાહીન શત્રુનું ભયંકર આક્રમણ, દુષ્કાળરૂપી રાક્ષસનું સર્વભક્ષણ, કે બીજી કોઈ આસમાની સુલતાની, કે જીવલેણ વ્યાધિનો ઝપાટો વગેરે ઉલ્કાપાતો સુધ્ધાં એને સ્પર્શ પણ કરી શકતા દેખાતા નથી. ઉપરછલ્લી દૃષ્ટિએ આમ છેક હૃદયહીન પણ દેખાય, પરંતુ સાચી રીતે એ નિષ્ઠુર નથી. જે બીજાઓ જોઈ નથી શકતા, તે એને દીવા જેવું દેખાય છે. તેથી જ તે આવા પ્રસંગોએ નિશ્ચલ રહે છે. એ જાણે છે કે વસ્તુમાત્ર પોતે પોતાની નિયતિને અનુસરે છે ને તેથી જ વસ્તુમાત્રની ઉત્ક્રાંતિ બહારની દખલગીરી વગર-પોતાની મેળે જ થવા દેવાનું તે યોગ્ય ગણે છે ને તેથી આવા પ્રસંગે તે નિશ્ચેષ્ટ રહે છે કે દેખાય છે. વળી, તેની માત્ર સૂક્ષ્મ, મૂગી અનુકંપા બીજાઓની દોડધામ અને ધાંધલિયા પ્રવૃત્તિઓથી ક્યાંયે વધારે અસરકારક છે, તેનો એને એકલાને જ અનુભવ છે.

સરળ રીતે પોતાને માર્ગે વહી જતી નદી જેવી એની વૃત્તિ હોય છે. એ પોતાની જાતને નિર્બંધ રાખે છે અને એવી જ રીતે બીજાઓને પણ મુક્તપણે વિહાર કરવા દે છે, કે જેથી તેઓ પોતાપોતાની પ્રકૃતિ અનુસાર ઘડાય. આમ જોકે દેખીતી રીતે એ તદ્દન નિવૃત્ત લાગે છે, પણ ખરી રીતે તો બીજાઓની એ સારામાં સારી સેવા કરે છે.

એની દૃષ્ટિએ કાંઈ પણ તત્ત્વતઃ બીજાથી ચડિયાતું નથી. એ પોતાનું સ્વત્વ ભૂલે છે, અને તેથી એ બધા ભેદભાવોથી પર જઈ શકે છે. કશાની પણ એને લાલસા કે આકાંક્ષા ન હોવાથી એને કશા માટે જહેમત ઉઠાવવી પડતી નથી. એટલે એને માટે વિજય, ફળપ્રાપ્તિ કે પૂર્ણાહુતિ જેવું કશું જ રહેતું નથી. એનો આત્મા સર્વનો સમાવેશ કરે છે તેથી તે સંપૂર્ણ સમતાથી વસ્તુમાત્ર સાથે એકાકાર થાય છે અને આમ પોતાનું વ્યક્તિત્વ લુપ્ત કરે છે, તેથી સંતાત્માને કોઈ નામ નથી.

વસ્તુમાત્રથી, સંજોગમાત્રથી અને સ્થાનમાત્રથી એને પૂર્ણ સંતોષ છે. તેથી તે સદાનો સુખી જીવડો છે. ફેરફારો એને તો શાશ્વત સમુદ્રના તરંગો જ લાગે છે, અને એવા તરંગો ઉપર સહેલાઈથી તે તરે છે. કશાની પણ ખોટ, ઈચ્છા કે જરૂર એને ન હોવાથી રાજ્યકાર્ય સંભાળવાને માટે પણ એ જ સૌથી વધુ લાયક છે.

દરેક વસ્તુ આપોઆપ, પોતાની મેળે જ, એનામાં સર્જાય છે, એમ એ જાણે છે. મતમતાંતરો માટે કોઈ પણ જાતનો પક્ષપાત કે અણગમો, ભોગ કે ત્યાગ, એને હોતાં નથી એટલું જ નહિ, પણ એને પોતાને મત જ હોતો નથી. જુદાં જુદાં મંતવ્યોથી કોઈનો પણ તે વિરોધ કરતો નથી. માત્ર તે તેની પાર જાય છે ને પર હોય છે. સ્વાભાવિક રીતે અને સરળ ભાવે થઈ રહેલી બધાંની ઉત્ક્રાંતિને તે સ્વસ્થતાથી જોયા કરે છે, તેથી તે કુદરતી રીતે પરિણામ પામતી વસ્તુસ્થિતિમાં આડખીલીરૂપ થતો નથી.

તે પરમ તત્ત્વમાં સદાય ડૂબેલો હોય છે, અને તેથી તે પોતે જ અંતિમ જ્ઞાન છે. તે કોઈ પણ જાતની રચના કરતો નથી, તેથી તે કશાનો વિનાશ કરતો નથી. તે પ્રત્યક્ષ અનુભવમાં જ રહ્યા કરે છે. એના પર સંસ્કારો પડે છે પણ તે તેને સંઘરી રાખતો નથી. અનુભવની પહેલાં કે પછી તે વિશે તે કશો વિચાર કરતો નથી. ભાવિ માટે તેને કશી પણ ઉત્સુકતા હોતી નથી અને તે બાબત તે તદ્દન નિઃસ્પૃહ રહે છે. જેવી અદશ્ય રીતે વખત પસાર થાય છે, તેવી જ રીતે ભૂતકાળ એનામાંથી પસાર થઈ જાય છે. તેને માટે વર્તમાન જેવું પણ કશું નથી. બહારની દુનિયાનું સભાન અવલોકન કે આંતરિક દુનિયાનું સભાન સંવેદન એને થતું નથી. પ્રત્યેક ચીજમાં એ તે તે રૂપે આનંદ માણે છે. અને પ્રત્યેક સ્થળ અને પ્રત્યેક ફેરફારને તે અનુકૂળ થાય છે. જીવન ને મરણ માટે તેને કશી પરવા નથી હોતી. એનું મન ખાલી છે. જે કંઈ છાપ એનામાં પડે છે તે છાપ એની ચેતનામાં પડે છે. એનો આત્મા તો અલિપ્ત રહે છે, પરંતુ સામાન્ય રીતે એને એવી કશી છાપ પડતી હોય એવું ભાન હોતું નથી. કોઈક વખતે જ્યારે એની ચેતનામાં છાપ ઊઠે છે ત્યારે તે ભગવત્કાર્યમાં પરિણામ પામીને આપોઆપ પાછી વિલીન થઈ જાય છે, પણ અનુભવીઓની આવી વૃત્તિને કોઈ પણ બંધનકારક પાળ હોતી નથી, એટલે અનુભવીઓની વૃત્તિને આપણે પામી શકતાં નથી. ખરી રીતે જોતાં તો એમને વૃત્તિ હોતી જ નથી.

એ તો માત્ર સ્વયંસંચાલિત તત્ત્વ છે. કોઈ વાર એ શાંત ઉપાયોથી કામ લે છે, તો કોઈ વાર બીજી રીતે. જેવી પ્રસંગની જરૂર અને પરિસ્થિતિ, પરંતુ એની ભૂમિકા તો ગુણોથી પર રહે છે. કોઈક વાર વળી ગુણોમાં પણ હોય છે, ને કેટલીક વાર તો ગુણોમાંયે નહિ ને ગુણોથી પર નહિ એવી કોઈ અગમ્ય મધ્યમ સ્થિતિમાં પણ એની ભૂમિકા રહે છે. જે કંઈ અનિવાર્ય છે તે એ વિધિનું નિર્માણ જાણે છે, અને તેથી તે હંમેશાં સ્વસ્થ રહે છે. દેખીતી રીતે તે બીજાઓને અનુપયોગી છે, પણ એના અસ્તિત્વ માત્રથી જ આપોઆપ સમસ્ત વિશ્વના ઉત્ક્રાંતિમાર્ગમાં તે ભાગ લે છે. આમ, પૂર્ણ પુરુષ પ્રત્યેકને પોતપોતાની પરિપૂર્ણતાની પ્રાપ્તિ તેમને તેમની રીતે કરવા દે છે. તત્ત્વથી વિરોધાત્મક એવું એને કશું દેખાતું નથી. તે સ્તુતિનિંદાથી પર છે. તેની પ્રકૃતિનાં સ્વરૂપ ને લક્ષણો જુદી જુદી જાતનાં હોય છે. કાળના પ્રવાહ ઉપર તે તરતો વહે છે, અને કશાનોયે આગ્રહ રાખી પકડી રાખતો નથી. તે કદી ઊંચે ને કદી નીચે હોય છે.

બનાવો પ્રત્યે એ સદાય પ્રશાંત હોય છે. એ પોતે પ્રસંગોને પ્રસંગો જ માત્ર ગણે છે, ને તેમ વર્તે છે. પ્રસંગો તેને પોતાના પ્રવાહમાં તાણી શકતા નથી. પ્રસંગોની ગતિ, એનું જોમ અને તેનો વળાંક તે પોતાનામાં વાળે છે.

એ પોતે જ પરાકાષ્ઠા છે, કારણ કે તે કાળચક્રની ગતિને પારખે છે. તેથી કાળથી થતાં પરિવર્તનો તેને અસ્વસ્થ કરી શકતાં નથી. આમ, જ્યારે તે કાળને પારખે છે ત્યારે તે તેનાં કારણો શોધવા બેસતો નથી. વિસંવાદી ઘટનામાં પણ એ સંવાદ જુએ છે. એને 'હું' જેવું કશું નથી, તેથી તેને કશામાં રાગ નથી અને પરિણામે કોઈ જાતનાં યુદ્ધ કે હાર તેને વેઠવાં પડતાં નથી. વિધિની કૃતિઓ એને હલમલાવી શકતી નથી, એનામાં સદ્‌ગુણો છે, પણ જાણે નથી એવો જ એ દેખાય છે. તે શરીરથી માનવ છે ખરો, પણ તે માણસ જેવો સ્પષ્ટ જણાતો નથી. એ કોઈ જાતની યોજના ઘડતો નથી, તેથી તેને તેના જ્ઞાનની જરૂર પડતી નથી. એનાં વિચાર-વર્તનમાં કોઈ જાતની ન્યૂનતા નથી, તેથી તેને નૈતિક સિદ્ધાંતોની જરૂર રહેતી નથી. એનામાં કોઈ પરત્વે પાર્થિવ પ્રેમ નથી, પરાક્રમથી મળે એવી કોઈ સિદ્ધિ તેને જોઈતી નથી. તેથી નિષ્ફળતા માટે શોક કે વિજય માટે હર્ષનું તેને કારણ રહેતું નથી. એને કશું ભૂલી જવાપણુંયે નથી ને યાદ રાખવાપણુંયે નથી. તે જાતે જ શુદ્ધ અનુભવ છે, તેથી તે શુદ્ધ વિજ્ઞાન છે. પ્રકૃતિ અને પુરુષનું તે એકીકરણ છે અને વસ્તુમાત્રને તત્ત્વમાં સરખી રીતે જુએ છે. એને માટે વસ્તુઓ વચ્ચે ક્યાંય પરસ્પર વિરોધ નથી, ને તે તે વસ્તુઓને તેમના અનુભવની દૃષ્ટિએ જુએ છે. બધાંની ઉપર, બધાંની અંદર અને બધાંની વચ્ચે તે તત્ત્વરૂપે છે. તેથી તે ખાલી છે અને ભરપૂર પણ છે. તેને પોતાની અલગ અસ્મિતાનું ભાન નથી હોતું, કારણ કે તે સહજપણે તત્ત્વથી સરળપણે સર્વત્ર હોય છે. આમ, તે અદ્‌ભુત રીતે પોતાની જાતનું એકીકરણ અને સમીકરણ પોતાની બીજી જાત સાથે કરે છે. તે ગુણોની સમગ્રતા છે. અસ્તિત્વ માત્રની, સર્જનની, પ્રેરણાની, જડ અને ચેતનની, મન અને પદાર્થની, કાળ અને અવકાશની એ બધાંની સમગ્રતા પણ તે જ છે. ટૂંકમાં પ્રકૃતિના સ્વયંભૂપણાની સમગ્રતા પણ તે પોતે જ છે.

એક રીતે એ કશું જ કરતો નથી, કારણ કે પ્રત્યેક જે તે કંઈ સ્વયંભૂ છે, પરંતુ તે સ્વયંભૂત્વની સમગ્રતા હોવાથી બીજી રીતે જોતાં તે બધું જ કરે છે. આમ, સર્જન ન કરતો હોવા છતાં તે સર્જન કરે છે. એને તો બધું જ સર્જન અને વિનાશની મર્યાદામાં સપડાયેલું લાગે છે. વળી, એને વિનાશની પ્રક્રિયા દેખાય છે. સર્વવ્યાપી, પૂર્ણ શાંત, કલ્યાણકારી સતથી જુદી એવી એને એકે ઇચ્છા નથી, તે આમ નિવૃત્તિમાં પ્રવૃત્ત રહે છે, એ કશું અયોગ્ય કરતો નથી, તે રડે છે, તે હસે છે, વિનોદ કરે છે, બોલે છે, વાતો કરે છે, ગણગણે છે કે બબડે છે અને એવી બધી ક્રિયાઓ કરે છે, પણ તે આપોઆપ અનુકંપાથી નિર્મળ સરળતામાં વિહરે છે અને સર્વ સાથે અભેદ અનુભવે છે. વ્યક્તિગત વલણ જેવું એને કશું હોતું નથી. આપોઆપ એની અસર સર્વવ્યાપી થાય છે. અને આમ જે તે કંઈ પોતાના સ્વરૂપને મેળવે છે. કોઈ વાર તે નિશ્ચેષ્ટ દેખાશે, તો કોઈ વાર ખૂબ સ્ફૂર્તિવાળો ને પ્રવૃત્તિમાન જણાશે, કદીક સ્થિર, સ્વસ્થ ને શાંત તો કદીક ઉદાસીન. આમ, તે સર્વ આવેશ અને વૃત્તિઓની પણ સમગ્રતા છે ને તેની પાર તે જાય છે. આવી રીતે પ્રવૃત્તિમાં પણ નિવૃત્ત રહે છે. એને ને કીર્તિને કશું લાગતું વળગતું નથી. એ

કશાનો માલિક નથી અને બધાંનો માલિક છે. એ અનંતની સાથે તન્મય હોય છે. એનું મન આરસી જેવું છે, તેથી તે પરિસ્થિતિ પ્રત્યે કુશળ વર્તન રાખી શકે છે, પરંતુ પરિસ્થિતિ એને કદી પણ આવરી લઈ શકતી નથી.

કાળના સમજુપણાની અને તેના હેતુની તથા સંજોગોની યથાર્થતાની તેને સૂઝ પડી જાય છે અને તે રીતે દુનિયાને તે પોતાનું સંભાળી લેવા દે છે. એ કોઈનું પણ અનુકરણ કરતો નથી, કેમ કે અનુકરણથી સમય-યોગ્ય વર્તન થાય નહિ. એને એકલા એની પોતાની જ સાથે સરખાવી શકાય, બીજા કોઈની સાથે નહિ, એવો એ અનેરો છે. તે બીજા કશા ઉપર આધાર રાખતો નથી અને તે પોતે સ્વતંત્રપણે સંપૂર્ણ હોય છે.

ઘણી ચીજો તરફ એ એક સમાટું લક્ષ આપે છે, પણ તેમાં તે તણાઈ જતો નથી. અને ઘણો બોજો ઉઠાવે છે, છતાં તેનું હૈયું હળવું જ રહે એવી એની કળા તેનામાં એની મેળે પ્રગટ થયેલી હોય છે. વસ્તુમાત્રની તાત્ત્વિક સમતાનું જ્ઞાન એને હોય છે, દેખીતા ભેદમાં એ તો સત્ય દૃષ્ટિએ એકતા જ જુએ છે. આમ, તે અગમ્ય છે. તેને માટે ''नेति-नेति'' જ શબ્દો વપરાય.

(શ્રી કિશનસિંહ ચાવડાની 'જ્ઞાનેશ્વરની ગુરુઉપાસના' પુસ્તકની પૂજ્ય શ્રીમોટાએ લખેલી પ્રસ્તાવનામાંથી સંપાદિત.)

* * *

# મુક્તની સમદૃષ્ટિ

## શ્રી. નંદુભાઈ

સામાન્ય મનુષ્યની દૃષ્ટિએ મુક્ત પુરુષની સમદૃષ્ટિ એટલે સર્વ પ્રત્યે સરખી દૃષ્ટિ, સરખો વર્તાવ અને સરખું જ બહિર્વર્તન અને તેનું વક્તવ્ય જરાક પણ ઓછાવધતા ભાવવાળું ના હોય. તેની વાણીમાં એકસરખી ઉષ્મા હોય. તેના આવકારમાં એકસરખો થડકારો હોય, વર્તનના વ્યવહારમાં એકધારાપણું હોય.

આવું ન જોતાં સામાન્ય મનુષ્ય મુક્ત પ્રત્યે અન્યથા ભાવ સેવે છે. તેમાં તે મુક્તને સામાન્ય જનની કક્ષાએ મૂકે છે. લોકો કહે છે મુક્ત બધાંને એકસરખી રીતે કેમ ચાહતા નથી ? તેમની ભાવનાનું વક્તવ્ય એકસરખું કેમ કરતા નથી ? વધતું ઓછું કેમ હોય છે ? તેમના કહેવા અનુસાર, મુક્ત પાસે જતાં તે કોઈને પ્રેમથી બોલાવે તો કોકની અવગણના કરે. કોઈને સામાન્ય આવકાર આપે. કોઈને મિષ્ટ વાનગી અલાયદી મૂકીને આપે. કોકને સામાન્ય વસ્તુઓ આપે. કોકને કશુંય ન આપે. કોઈને સામાન્ય દોરવણી પણ ન આપે, કોઈને સ્પષ્ટ વ્યક્ત વહાલ કરે, તો વળી કોઈના સામું પણ ન જુએ.

પરંતુ સાચી વાત તો એ છે કે મુક્તના બહિર્વર્તન કે સામાન્ય જનના પણ વર્તનને બહિર્વર્તનના ધોરણે માપવામાં આપણે અન્યાય આચરીશું. સામાન્ય મનુષ્યને પણ જો અન્યાય કરી બેસીએ તો મુક્તનું તો પૂછવું જ શું ?

સર્વને એકસરખા જોવાનો સ્વભાવ એનો અર્થ એ થાય કે મુક્તના હૃદયમાં કરુણાનો ભાવ સર્વ પ્રતિ એકધારો ને એકસરખો રહે. સર્વનું શ્રેય વાંછવાની ભાવના એકસરખી. તે કદી કોઈનું અહિત નહિ ધારે-નહિ વાંછે. કોઈ પ્રતિ નકારાત્મકવૃત્તિ તેને નહિ ઊઠે. સર્વની પ્રતિ તેની પ્રેમધારા એકસરખી વહી રહેતી હોય છે, પરંતુ વક્તવ્યમાં જરૂર સામાન્ય દૃષ્ટિએ ફેર પડવાનો.

પ્રથમ તો કર્મ ઉપરથી કોઈનેય માપવાનું ન કરી શકાય. કર્મની પાછળ રહેલા ભાવનું જ મહત્ત્વ છે. અને અંતર્ગત ભાવની તો બીજાને શી રીતે ખબર પડે ? એટલે ઉત્તમ વસ્તુ તો તેમને માપવાનું જ ના કરાય તે છે. છતાં માનવ મન માપ્યા વિના રહી શકતું નથી.

બીજું સમદૃષ્ટિ એટલે અંતર્ગતપણે હૃદયમાં એકસરખો ભાવ. મુક્તને કોઈનાય પ્રતિ અભાવો ના હોય. તે રાગદ્વેષ રહિત હોવાનાં કારણે અંતર્ગતપણે ન્યૂનાધિક ના હોય, કારણ તે સર્વમાં આત્માને-પોતાના આત્માને નીરખી શકે છે અને નીરખે છે. आत्मवत् सर्वभूतेषू । પરંતુ બહિર્વર્તાવમાં આવું વલણ દાખવે તે અશક્ય છે. તો તો ગોટાળો જ થઈ જાય.

આપણને આપણી મા ઉપર, પત્ની ઉપર, પુત્રી ઉપર, બહેન ઉપર એકસરખો આંતરિક ભાવ હોવા છતાં તે ભાવને વ્યવહારમાં બહિર્પણે વ્યક્ત કરતાં એકસરખી રીતે તેનું વ્યક્તવ્ય કદી નહિ કરીએ. શેઠને જેમ મુનીમ પ્રત્યે, ગુમાસ્તા પ્રત્યે, પટાવાળા પ્રત્યે એકસરખી પ્રીતિ હોવા છતાં વ્યવહારમાં તો તેઓની સાથે જુદી જુદી રીતે જ વર્તવાનું થવાનું.

બહિર્વર્તાવના વ્યક્તવ્યમાં એકસરખાપણું હોત તો આ જગત જ ન હોત, કારણ કે ખુદ પ્રભુએ કોકને શ્રીમંત તો કોકને રંક, કોકને રાજા તો કોકને રૈયત, એમ જુદા જુદા થર યોજ્યા છે. તો શું તેના સર્જનમાં વેરોઆંતરો હશે ? શ્રીકૃષ્ણ કૌરવોને છોડી પાંડવોના પક્ષે ગયા. પાંડવોમાં પણ ગીતાના અધિકારી એકલા અર્જુનને બનાવ્યા. રામે વાલિને મારી સુગ્રીવને ગાદી આપી અને રાવણને સંહારી વિભીષણને રાજ્યાસને બેસાડ્યો. શું એ બધાંમાં તેઓએ પક્ષપાત કર્યો ? ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છે : ''ये यथा मां प्रपद्यन्ते तास्तथैव भजाम्यहम् ॥'' (૪।૧૧) 'જે મને જેવી રીતે ભજે છે, તેને તે રીતે હું ભજું છું.' બીજી જગ્યાએ, ગીતામાં કહ્યું છે : 'भक्तास्तेऽतीव मे प्रियाः ॥' (૧૨।૨૦) 'મને મારા ભક્તો ઘણા વહાલા છે.' બીજી બાજુ એ જ ગીતામાં કહેવામાં આવ્યું છે કે 'ચાંડાળ, વેશ્યા, પંડિત સર્વે હું છું. અને આ સર્વ પ્રતિ મારી સમ્યક દૃષ્ટિ છે.' તેનો અર્થ એ નહિ કે શ્રીકૃષ્ણ શ્વાન અને પંડિત પ્રત્યે પોતાના ભાવનું વક્તવ્ય એકસરખું કરશે.

મુક્ત તેના ભક્તમાં કે નિંદકમાં આંતરિકપણે એકસરખા ભાવવાળો હશે. એકના ભોગે બીજાને અન્યાય નહિ કરે. એકનું ભલું ઇચ્છશે અને બીજાનું બૂરું ઇચ્છશે તેમ કદી નહિ કરે. તેની આંતરિક કરુણા બન્ને પ્રતિ, સર્વ પ્રતિ એકસરખી વહેશે, કારણ કે તે સર્વમાં પોતાને જ જુએ છે છતાં બહિર્પણે તો તેનો વર્તાવ સામાન્ય માનવીના વર્તાવ જેવો જરૂર લાગવાનો છે, પરંતુ તેની પાછળની ભૂમિકા તો દિવ્ય છે. તે દિવ્ય ભૂમિકા પર સ્થિર રહીને હંમેશાં અલિપ્તપણે વર્તતો હોય છે. Human in front, divine in back. એટલે જેવો આપણો ભાવ તે પ્રમાણેનું તેનું પ્રત્યાભાસી વ્યક્તવ્ય આપણે અનુભવીશું. આઘાત પ્રત્યાઘાતના નિયમથી પર અને છતાં એ નિયમને આચરનાર પણ તે છે. તુલસીદાસની પંક્તિઓ છે :

‘રામ ઝરુખે બૈઠકર સબકા મુજરા લેત
જિસકી જિતની ચાકરી ઈતના તનખા દેત.’

ટૂંકમાં આપણે મુક્ત પ્રત્યે પૂરેપૂરો ભક્તિભાવ રાખવો નથી અને તેનો પ્રેમભાવ પૂરેપૂરો વાંછવો છે. એ ક્યાંનો ન્યાય ? મુક્ત તો આરસીરૂપ છે. જો જાગૃતિ સેવી શકાય તો તેમનું વર્તન આપણને આપણા વિશે વિચાર કરતાં કરી મૂકવા માટે યોગ્ય પ્રસંગરૂપ બની રહે છે.

શ્રીકૃષ્ણે સુદામાના પગ ધોયા ને ચરણામૃત લીધું. બધા બ્રાહ્મણોને તેવો આવકાર ન મળે. શ્રીરામકૃષ્ણ પરમહંસ પણ વિવેકાનંદને એક બાજુમાં લઈ જઈ મીઠાઈ ખવડાવતા. આપણે મુક્તની નજીક આવનારાંઓએ આ સમજી લેવું ઘટે.

(મૌનમંદિરના સાધકોને પોતાની સાધનામાં સમાધાન અને વિશદતા જન્મે એટલા માટે લખેલી શ્રી નંદુભાઈની ‘આશ્રમની અટારીએ’ નામની હસ્તલિખિત નોંધપોથી*માંથી)

* * *

## સાચો સેવક

### શ્રી નંદુભાઈ

**सेवा धर्मो परमगहनो योगिनामप्यगम्यः ॥**

યોગીઓને પણ દુષ્કર એવો સેવાધર્મ છે. એનો અર્થ એ કે શરણાગતિ બરાબર કેળવાય નહિ, ત્યાં સુધી સેવાધર્મ બરાબર બજાવી શકાય નહિ. સેવા અને શરણાગતિ સાથેસાથે થાય છે. અને શરણાગતિ અહમ્‌ના ઓગળ્યા વિના અશક્ય છે.

સાધનાનાં સર્વોચ્ચ સોપાનનો સ્પર્શ કર્યા વિના અને ત્યાં સ્થિત થયા વિના સાચા સેવક થવું શક્ય નથી. એટલે જો સાચી સેવા કરતાં આવડી જાય તો જીવનનું કલ્યાણ આપોઆપ થઈ જાય.

સેવક એટલે સદા તત્પર. સેવક એટલે જીવનવિકાસના માર્ગમાં જ્ઞાનપૂર્વકનો સ્વીકાર. કશુંય તેને ના આવડે કે ના આવડી શકે તેવું ના હોય. જોકે તે બધાંમાં પારંગત ન હોઈ શકે. છતાં જેની જરૂર પડે ત્યારે તે તેને પ્રાપ્ત બની રહે અથવા તો શીખી લઈ શકે. તેને શીખવું મુશ્કેલ બને કે તે કંટાળે એવું બને નહિ. કશાથી તે ભાગે નહિ. તેની ગ્રહણશક્તિ સતેજ હોય. ધારણશક્તિ ધીર, સ્થિર હોય. એટલે સેવક સદા ગતિશીલ ને સદા ઉલ્લાસિત, ઉમંગી અને ગમે તે પરિસ્થિતિને પહોંચી વળવાની શક્તિ ધરાવતો હોય. સાચા સેવકમાં નીરોગીપણું પણ હોવું જોઈએ.

સાચા સેવકની સ્મૃતિ યથાયોગ્ય સમયે યથાવત્ કામ આપનારી હોવી જોઈએ. આને માટે એકાગ્રતા-concentration જોઈએ. ધ્યાનાભિમુખતા-attentiveness જોઈએ. વળી, તેની અવલોકન શક્તિ-Observation power તીવ્ર હોવી જોઈએ.

---

* હાલમાં પુસ્તકરૂપે પ્રાપ્ત છે.

સાચા સેવકનો ઊંઘ પર કાબૂ તો હોવો જ જોઈએ. ભૂખ, તરસ તેની તાબાની વસ્તુ બની રહેવી જોઈએ. સ્ફૂર્તિ, ચપળતા, દક્ષતા, સાવધાનતા, ચકોરતા, ત્વરિતતા તેનામાં હોવી જોઈએ. જો તેનામાં ઝડપ નહિ હોય તો તેનાં કામ યથાયોગ્યપણે નહિ થાય. છતાં દક્ષતા અને ઝડપનો સુમેળ હોવો જોઈએ. ઝડપ એ સેવાનું આવશ્યક અંગ મનાયું છે. ઝડપ એટલે ગતિ-રજસ ઉપરનો કાબૂ અથવા જ્ઞાનપૂર્વકનો રજસ. આ બધા ઉપરાંત મનની નીરવતા જેટલા પ્રમાણમાં વધુ તેટલી તેની સેવા વધુ દીપી ઊઠવાની. જો મન શાંત, નીરવ ના હોય તો પ્રસન્નતા નહિ હોય, શરણાગતિ નહિ હોય.

આમ, સેવકે સત્ત્વગુણમાં પ્રતિષ્ઠિત બનેલા હોવું જોઈએ. આમ હોય તો જ બુદ્ધિ પણ તેજસ્વી ને તીક્ષ્ણ હોય. સેવકની બુદ્ધિ પણ સૂર્યસમ તેજસ્વી જોઈએ. આ બધા ગુણસમૂહ ઉપરાંત કળશરૂપે ભક્તિ પ્રગટી ગયેલી હોવી જોઈએ. ભક્તિ વિના સર્વાંગી સાચી સેવા અશક્ય છે. આમ, આપણે જોઈશું કે સેવા એટલે જ્ઞાન, કર્મ અને ભક્તિનો ત્રિવેણીસંગમ, ત્રણે યોગમાં પારંગત. આ બધું જોતાં આધ્યાત્મિક ઊંચી કક્ષા પ્રગટ્યા વિના સેવાધર્મ અપનાવી શકાય નહિ. જીવનવિકાસ કાજે સેવાધર્મ અપનાવવો સહાયક છે. પ્રભુના, ગુરુના કે કોઈના પણ સાચા સેવક થવું એટલે જીવનવિકાસનાં સર્વોચ્ચ સોપાને સ્થિત થવાનો આદર્શ સેવીને તેને પ્રાપ્ત કરવો. વળી, સકળ સેવાનાં કાર્યો કરતાં કરતાં ભક્તિ અને ભાવ વિકસાવવાનો જાગ્રત ખ્યાલ જો રહી શક્યો તો તેથી કરાયેલ સેવાનો હેતુ બર નહિ આવી શકે. આવાં જ બધાં કારણોને લીધે સેવાધર્મને ગહન ગણ્યો હશે.

('આશ્રમની અટારીએ' માંથી)

• • •

## સેવકની આત્મલક્ષીદૃષ્ટિ

સમાજસુધારાની કે એવી કોઈ પણ બીજી પ્રવૃત્તિમાં આપણે એકલક્ષી રહીએ, પરંતુ તેમાં બીજાને ક્યાંયે અવગણવાનું ન હોય. ઊલટું આપણે વધારે ને વધારે નમ્ર થઈએ અને બીજાની લાગણી ઓછામાં ઓછી દુભાય એ રીતે વર્તીએ. પોતે ભલે વધારેમાં વધારે સહન કરીએ, પોતાનાં આત્મજનોને પણ પોતાની ધૂનમાં વાળવાને માટે આપણામાં કશોયે આગ્રહ ન રહેવો જોઈએ. તેમ જ આપણી આગળપાછળનાં વડીલો, સ્વજનો, મિત્રો ને બીજી જાણીતી વ્યક્તિઓ માટે આપણે તેમનાથી બીજા કોઈ વિચારની ધૂનમાં જતા હોઈએ તોપણ તેમના પ્રત્યે આદરભાવ રહ્યા કરે, તેમને સમજવાનો પ્રયત્ન આપણે રાખીએ, તેમની પ્રત્યે સહાનુભૂતિ રહે, ખૂબ આદર અને પ્રેમભાવ રહે એવી આપણી દૃષ્ટિ સદાય રહેવી જોઈએ. ઘણા સુધારકોની દૃષ્ટિમાં સમાજની બીજી વ્યક્તિઓ પ્રત્યે અવહેલના અને અવગણનાની લાગણી કંઈક અંશે રહેલી છે, પણ સમાજના કોઈ પણ અંગને તુચ્છકારીને આપણે કદી આગળ વધી શકવાનાં નથી. આવી દૃષ્ટિને લીધે સુધારો સમાજનાં અંગેઅંગમાં જીવંતપણે પ્રવેશી શક્યો નથી. બાકી જે કંઈ સુધારાની ધૂન હતી, તેમાં કશુંયે ખોટું તો ન હતું. સમાજ તેને સાંગોપાંગ જીવનમાં ઉતારી શક્યો હોત, તો એ ઘણો આગળ વધી શક્યો હોત, પરંતુ સમાજ-સુધારાના ધુરંધરોમાં એવી આત્મલક્ષી દૃષ્ટિ પૂરતા પ્રમાણમાં ન હતી. પોતાના જ વિકાસ અર્થે, ને તે પણ નમ્રમાં નમ્ર રહીને અવગણનાપાત્ર થવું પડે તો પોતે

અવગણના સહન કરી લઈને, માત્ર પ્રભુને જ લક્ષમાં રાખીને જે કંઈ કરવું પડે તે કરવાની દૃષ્ટિ તેમનામાં ઝાઝે ભાગે ન હતી. એટલે આપણે તો જે કંઈ કરવાનું છે, તેમાં ઉપરોક્ત દૃષ્ટિ રાખવાની છે. આપણાં જે જે આત્મીય જનો આપણી લાગણીથી બીજી બાજુનાં હશે, તેમની પ્રત્યે સદાય સરળ નમ્રતાવાળા, સહાનુભૂતિ ધરાવનારા, તેમને પણ સમજી શકવાની દૃષ્ટિવાળા ને બની શકે ત્યાં સુધી તેમના જીવનમાં રસ લેનારા રહી શકીશું, તો તેમાંના કોઈનો આપણા પ્રત્યે અન્યથાભાવ થશે નહિ. અને તેમની દૃષ્ટિએ વિરોધી એવા આપણા કામમાં પણ તેમનાં આશીર્વાદ, સહાનુભૂતિ ને પ્રેમ આપણને મળ્યા કરશે. આપણે બધાંએ જુવાનીના જોશમાં ને સુધારાનાં પૂરમાં આ બધું વિચાર્યું નથી. તેનાં માઠાં ફળ પણ આપણને મળ્યાં જ છે, ભલે એ બીજાને ન સમજાયું હોય.

('જીવનપગથી' પૃ. ૧૧૮-૧૧૯) **—મોટા**

* * *

# ભાવમાં ઉદ્દેશાયેલ

**પૂજ્ય શ્રીમોટા**

: અનુષ્ટુપ :

મારાં સ્વજન પોતાનાં ભાવે ઠેરવવા હૃદે,
-શક્તિનો પરચો સાચો બતાવાયો કૃપાથી છે. ૧

બેસે મારા પરે શ્રદ્ધા હૃદે યથાર્થ બેઉને,
દિવ્ય દર્શન તે કાજે હતું એ શક્તિનું ખરે. ૨

કૈં અભિમુખતા હૈયે શ્રીહરિના પરત્વેની?
-ઊંડામાં ઊંડી શેં જાગે તે અર્થે તે થયું સ્તવી. ૩

ચમત્કાર નહોતો તે, ભાવ હોવાતણું ખરું,
-દર્શન કેવું પ્રત્યક્ષ કૃપાથી જે થયેલ શું! ૪

ઊંડું મહત્ત્વ કિંતુ તે પ્રસંગનું ઊગ્યું ન છે,
ગણું દારિદ્ર્ય એને હું ભલે હો લક્ષ્મી પાસ તે. ૫

કોઈક ગૂઢ હેતુએ એણે ભેળાં કરાવિયાં,
સધાવા હેતુ તે, મારા ભણી જુઓ કરી કૃપા. ૬

તમે જે સ્હાય આપી છે કૃપા અપાર કીધી છે,
કિંતુ તેથી ન સંતોષ મારે હૈયે થયેલ છે. ૭

સંસારમાં પૂરેપૂરાં હોવા છતાં બધી રીતે,
હરિભાવતણો યજ્ઞ ચલાવવો જ શ્રેષ્ઠ તે. ૮

સંસારે આપણું જે કૈં ચાલે જે શક્તિથી બધું,
'કોની તે શક્તિ છે ?' એવું હૈયે વિચારજો ઊંડું. ૯

સર્જવાને મનાદિ સૌ તાકાત આપણી ન છે,
જે તે બધું મનાદિની શક્તિથી થાય જીવને. ૧૦

જે આ સંસાર આજે છે રહેવાનો ન કાલ તે,
તેમાં મોહાઈને પૂરું જીવવું સર્વ વ્યર્થ છે. ૧૧

સંસારનાં બધાં કર્મો પ્રભુપ્રીત્યર્થ ધારીને,
-પદે સમર્પવા માટે સૌ કર્મ પૂજારૂપ છે. ૧૨

પૂર્ણ સંતોષ દેવાને હરિને દિલ ભાવથી,
પ્રભુપ્રીત્યર્થ જે કર્મ કરાયેલાં જ યોગ્ય તે. ૧૩

સ્વાર્થ પડ્યો પનારે છે કદી છૂટ્યો ન તે છૂટે,
પ્રભુપ્રીત્યર્થનો ભાવ તેમાં દૃઢાવવો ઘટે. ૧૪

એવો અભ્યાસ રોજિંદો વ્યવહારે જ પાડતા
-રહી કર્મ કરે છે જે आज કે काल ફાવતા. ૧૫

સંસાર ને સગાંવહાલાં आज છે काल તે ન છે,
અનિત્ય તેથી સંસાર નિત્ય તો હરિ માત્ર છે. ૧૬

રાગદ્વેષ હઠ્યા વિના હરિ-માર્ગ પળાય ના,
પડે ઉખેડવા એને જડમૂળ થકી ઊંડા. ૧૭

રાગદ્વેષ હઠ્યા વિના શકે પાંગરી ભાવ ના,
ટકે મનાદિમાં કૈં ના ઉદારતા વિશાળતા. ૧૮

પરમાર્થે વળી ત્યાગે મનાદિ પલળે જ ના,
રાગદ્વેષ જતાં રોકે શ્રેય માર્ગ પ્રયાણમાં,
ઊડતાં રોકી રાખે છે રાખે જકડી ભોંયમાં,
પ્રેરાવા દૃષ્ટિ તે ઊંચી થવા દે કેમયે જ ના. ૧૯-૨૦

સંસારમાં રહો પૂરાં, છતાંયે હરિમાં હૃદે
-ભાવની ધારણાથી તો હરિમાં રમવું ઘટે. ૨૧

ઉગારનાર કોઈ જો સંસારે હો ખરેખરો,
શ્રીહરિ એકલો માત્ર તે કાજે યોગ્ય પાત્ર શો ! ૨૨

*હરિ કેવો નિરાકાર દેખાતો ક્યાંય તે ન છે,*
*એને તો પછી શી રીતે કરવું ભજવાનું તે ? ૨૩*

*સાકાર ગુણ ભાવે તે સાકાર 'પરમાર્થ'માં,*
*ધારણા યોગ્ય જો તેવી પ્રતીતિ થાય દિલમાં. ૨૪*

*ભાવની ધારણા હૈયે અખંડ પ્રગટ્યા વિના*
*-અનુભવ થવો પૂરો મુશ્કેલ દોહ્યલો જ ત્યાં. ૨૫*

*જીવનમાં બઢ્યા વિના ગુણ ને ભાવ યોગ્ય તે,*
*હરિના ભાવમાં કેમે ટકવું સાવ દુર્લભે. ૨૬*

તેથી સૌ નિમ્ન વૃત્તિને ર્હેવું ઉચ્છેદતાં સદા,
કૈં પ્રોત્સાહન દેવાનું તેને રાખવું ના કદા. ૨૭

શ્રેયને અર્થ સાચી કૈં જે હકીકત હોય તે.
-કહ્યા વિના કશો મારો ક્યાંયે ના છૂટકો જ છે. ૨૮

'મને ગણી તમારો તો ઓછું મારા પરે કશું,
-લાવશો ના ભૂલેચૂકે', પ્રાર્થના એટલી કરું. ૨૯

બેળેબેળે કશું મારે લાદવાનું ન છે કશું,
જ્યારે થયેલ પોતાના તેને શ્રેય બતાવવું. ૩૦

જે લાગે સાચું, મારાથી બોલી દેવાય છે ખરું,
તેથી તમોતણી માફી દિલથી માગી હું લઉં. ૩૧

'ઉદ્દેશાયેલ છે ભાવે આ જોડકણું મારું જે,
યથાર્થ ભાવથી તેને લેજો સ્વીકારી', પ્રાર્થું તે. ૩૨

પનારે જ્યાં પડેલો છું એને સંઘરજો હૃદે,
સંપૂર્ણ દિલનો ભાવ રેડ્યા તો કરજો તમે. ૩૩

* * *

# સદ્‌ગુરુનો ભાવ ક્યારે પરિણમે ?

ઉત્તમ પ્રકારની ભાવના હોવા છતાં જીવ કોટિનો જીવ અસલ ભાવનાને તેના મૂળ અસલના સ્વરૂપમાં રહેવા દઈ શકતો નથી. ભાવનાના અસલ સ્વરૂપની મૂળ ઉત્તમતા અને સઘનતા જીવ પોતે પોતાના વડે કરીને બીજા પ્રકારની કરી નાંખે છે, તેમાં પોતાનાં સ્વરૂપ ને પ્રકૃતિ ભેળવીને. માટે આપણે તે બાબતમાં ખાસ જાગૃતિ રાખવાની છે. એક વેળા કોઈ ઉચ્ચાત્માનો અનુભવ તેની ચેતનની કક્ષામાં, અને જીવકક્ષાથી ઉપરની દશામાં પૂરેપૂરો ખાતરીપૂર્વકનો આપણને થયો હોય, જેના વિશે કશી કોઈ જાતની આપણને શંકા ન રહે, તો પછી એના તે પ્રકારના બીજા વહેવારમાં બીજું કશું આઘાપાછાપણું ના હોય, વળી, ઉત્તમ પ્રકારના સંતાત્માના ભાવમાં જ્યારે સામા જીવનો રાગ ભળે છે ત્યારે સામા જીવમાં પેલા ઉચ્ચાત્માના મૂળ અસલ સ્વરૂપની ભાવની જે ઉત્તમતાની અસર પ્રગટવી ઘટે તે પ્રગટી શકતી નથી. અલબત્ત, તે કાળ પૂરતી. માટે આપણે હૃદયના ભાવની ઉત્તમતા ને ઉત્કટતા વધાર્યા કરવી ને એ રીતે જો કેળવાયા કરીએ, તો અસલના મૂળ ભાવનું આપણામાં જરૂર અવતરણ કરી શકીએ,

સંતાત્મા અને જીવના શરૂ શરૂના સંપર્કમાં જીવસ્વભાવને ગડમથલો જરૂર થવાની, પરંતુ ત્યારે જીવે અનુમાન દોરવાને કે મત બાંધવાને એકદમ તૈયાર ન થવું. અનુભવથી મળેલી સમજણને વારંવાર જીવતી કરવી. હૃદયમાં હૃદયથી ભાવનાને વિશેષપણે જાગૃત કરવી. હૃદયનો ભાવ જો જાગૃત રહ્યા કરે તો જેમાં ને તેમાં તે જીવતો રહી શકે. ભાવ જાગતો જો ન રહી શક્યો તો સાધક તૂટી પણ પડે. તેને તો પછી જે તે બધું ભારે બોજા કે ભારરૂપ લાગે. એને તે વેળા કંટાળો, ત્રાસ, સંતાપ, અમૂંઝણ, અડચણ, અશાંતિ, ક્લેશ આદિ બધું જ લાગ્યા કરવાનું. તેથી જ્યારે એવું લાગે ત્યારે ત્યારે આપણે પોતે વધારે ઊંડા ઊતરી અંતર્મુખ બની પ્રભુની કૃપામદદ માટે પ્રાર્થના કર્યા કરવી. તેમ કરી કરી હૈયામાં પાછો ભાવ જાગ્રત કર્યા કરવો. ભાવ એ પરમ સાધન છે. ભાવ એ શક્તિનું મૂળ છે. એ જ જીવનનો સાચો સાથી છે. એની ઓથ કે હૂંફ અનુભવે જ સમજાય. ભાવ જો રહ્યા કર્યો તો સાધક જેની તેની ઉપર તરતો રહી શકવાનો. બાકી તો કોઈનું કંઈ કશું ગજું નથી. જેમાં તેમાં ભાવની તો ખાસ જરૂર રહેવાની જ. ભાવ વિના કશું જ ન બને.

('જીવનસોપાન' પૃ. ૧૧૦ અને ૧૮૧) **—મોટા**

❋ ❋ ❋

હરિઃૐ

## પૂજ્ય શ્રીમોટા
## રામનવમી—સાક્ષાત્કારદિન
## સ્મૃતિગ્રંથ

# જીવનસ્ફુલિંગ

ખંડ : ૩

## જીવનપ્રતિભાવ

પૂજ્ય શ્રીમોટાનું જીવનકાર્ય દિનપ્રતિદિન વિશાળ ફલકને આવરવા મંડ્યું છે. સમાજજીવનના વહેતા અનેક પ્રવાહોને એ સ્પર્શ કરે અને એ અંગેના અનેક પ્રતિભાવો જાગે એ સ્વાભાવિક છે. એમનાં એ જીવનકાર્યોના સાક્ષીરૂપ બનેલા સમકાલીન સમીક્ષકોએ જીવનનાં વિવિધ ક્ષેત્રમાં કામ કરતાં કરતાં પોતાનાં આગવાં દૃષ્ટિબિંદુથી એને મૂલવવાનો પ્રયાસ કર્યો છે. એ અંગેનાં વિવિધ દૃષ્ટિબિંદુઓને સહગામી સંસ્મરણો સાથે અત્રે રજૂ કરવામાં આવ્યાં છે. છતાં આ બધાં દર્શનો તાત્ત્વિક દૃષ્ટિકોણથી તો આંશિક જ રહેવાનાં, એ પ્રત્યે વાચકોનું નમ્રપણે ધ્યાન દોરીએ છીએ.

—સંપાદકો

જીવનનો સાચો યોગ તો સમન્વય કરી જાણવામાં સમજે છે, વિસંવાદમાં પણ સંવાદ તે અનુભવે છે.

જીવનઆદર્શ પ્રમાણેનાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ જે જીવ જીવનમાં જાગતા પ્રસંગોમાં જીવતા રાખી શકે છે, તેને અંતરમાંથી હિંમત, ધીરજ, ઓથ, સહાનુભૂતિ, પ્રેમ વગેરે મળ્યા કરતાં તે અનુભવી શકે છે.

('જીવનસંશોધન', પૃ. ૧૩૯) **—મોટા**

❈ ❈ ❈

આપણા સાધન પ્રત્યે તો આપણે આગ્રહ રાખવાનો હોય જ. એના પ્રત્યે તો સોયે સો ટકા આગ્રહ રાખવાનો છે. ધ્યાન વખતે સંકલ્પશક્તિને કામે લગાડવી જોઈએ. એ એક પ્રત્યે આગ્રહ રાખ્યા કરીને એના સિવાય સર્વ પ્રત્યે અનાગ્રહવૃત્તિ આપણે કેળવવાની છે. તે ઉપરાંત, જેનાથી આપણા સાધનમાં ભાવ વધે એ પ્રત્યે પણ આપણને રસ રહે તે સ્વાભાવિક છે ને યોગ્ય છે.

('જીવનપગરણ', પૃ. ૧૦૯) **—મોટા**

❈ ❈ ❈

આપણે એટલું ધ્યાનમાં રાખવાનું છે કે આપણે જગતનાં ઋણી છીએ, જગત કંઈ આપણું ઋણી નથી. દુનિયા માટે કશુંક પણ કરવાનું આપણને મળે તો આપણાં ધનભાગ્ય ગણાય. જગતને મદદ કરવામાં આપણે ખરી રીતે આપણી જાતને મદદ કરીએ છીએ. જેટલા પ્રમાણમાં માનવી પોતાને ઓળખે છે અને પોતાની સેવા કરે છે તેટલા પ્રમાણમાં તે જગતને ઓળખે છે ને જગતની સેવા કરે છે. આપણી જાતને જાણવાની અને મદદ કરવાની આપણી પ્રક્રિયામાં આપણે જગતની અવગણના ન કરવી ઘટે.

('જીવનમંથન', પૃ. ૧૧) **—મોટા**

❈ ❈ ❈

સંતને સમજવા અને ઓળખવા માટે આપણાં આંખ, મન, હૃદય તેવા પ્રકારનાં થઈ ગયાં હોય, તો જ તેવાને ઓળખી શકાય, જાણી શકાય, બાકી તો નહિ.

કોઈ પણ માનવઆત્મા સમગ્રપણે ઓળખાવો તે લગભગ દુર્ઘટ હકીકત છે.

('જીવનપરાગ', પૃ. ૭૧) **—મોટા**

❈

# સ્મૃતિપાત્ર પ્રસંગો

## શ્રી. ઉછંગરાય ઢેબર

(જૂના સૌરાષ્ટ્ર રાજ્યના પ્રથમ મુખ્ય પ્રધાન અને અખિલ ભારતીય કૉંગ્રેસ (અવિભક્ત)ના ભૂતપૂર્વ પ્રમુખ.)

પૂજ્ય મોટા સાથેનો મારો પરિચય ત્રણ વખતની મુલાકાતથી વિશેષ નથી. એક વખત શ્રી મંકોડીભાઈને ત્યાં મળેલો અને એમના ગીતાના પુસ્તક વિશે વાતચીત થયેલી. તે વખતે સાચા અર્થમાં એમની શરીરની અનેક તકલીફોની વચમાં કર્મયોગની સાધના જે રીતે એ કરી રહ્યા છે, એ જોઈને કેટલીય પ્રેરણા મળેલી. અનેક પ્રકારના રોગોથી ઘેરાયેલું એમનું શરીર એ જાણે મનથી, બુદ્ધિથી અને અંતઃકરણથી જુદી જ વસ્તુ ન હોય ! અન્ય ચાર મહાપુરુષોને પોતાની સાધનાના ભાગરૂપે સ્વીકારેલાં જનકલ્યાણનાં કાર્ય કરતા મેં જોયેલા. તેમાં મને આવું જ દર્શન થયું હતું. એટલે તે ચારમાં પૂ. મોટાનો નવો ઉમેરો થયો. પૂ. વિનોબાજી આંતરડાંના વ્યાધિ સાથે માઈલોના માઈલો ચાલે અને છતાં તેમનાં નિઃસ્પૃહતા, ખુશમિજાજ અને દરેક પળે વિચારની સ્પષ્ટતા જોઈને છક થઈ જઈએ. શ્રી કિશોરલાલભાઈ મશરૂવાળા દમના વ્યાધિથી પીડાતા હતા, છતાં ખાંસતાં ખાંસતાં એમની સાધના ચાલુ જ હોય. પૂજ્ય શ્રી રણછોડજી મહારાજ દમથી અને ઝીણા તાવથી પીડાતા હોય, છતાં મુલાકાતો આપ્યે જ જતા હોય, પ્રવાસો ખેડ્યે જ જતા હોય, નેત્રયજ્ઞો કર્યે જ જતા હોય અને કોઈક ઠેકાણે કુદરતી આપત્તિ આવી પડે તો તરત જ હાજર. તેવી ચોથી વ્યક્તિ જગુબાપા. એમનો વૈદકનો વ્યવસાય અદ્‌ભુત રીતે ચલાવ્યે જાય. કોઈ પાસેથી પૈસો પણ લે નહિ અને આપણે એમને જોઈએ તો ફૂટેલું માથું અને ભાંગી ગયેલ હાડકાં એ બધાંનું જાણે એક બંડલ પથારીમાં પડ્યું ન હોય ! પૂ. મોટાને વિશે પણ એ જ કહી શકાય. ગીતાનો કર્મયોગ એમણે એટલી હદ સુધી પચાવ્યો છે કે સામા માણસને એમનું જીવન જોયા પછી કર્મયોગ એટલે શું એ પૂછવાપણું ન રહે.

એક બીજી વખત મુલાકાત થઈ તે એમના ઉત્સવના સમારંભમાં હું પ્રમુખ હતો ત્યારે. મારી તબિયતને કારણે હું મોડો પડ્યો. એમણે તો ઘડિયાળના કાંટા પ્રમાણે સમારંભનું કામ શરૂ કરાવી દીધું. અને મને સંબોધીને કહ્યું પણ ખરું કે તબિયત સારી ન હોય તો પ્રમુખપદ સ્વીકારવું ન જોઈએ. ત્યારથી હું પ્રમુખપદ સ્વીકારતાં અત્યંત સાવધ રહું છું. એમની વાતમાં બરડ સત્ય હતું. સત્ય મીઠું હોઈ શકે અને બરડ પણ હોઈ શકે. બરડ સત્યની ઉપાસના કરનારાઓએ કેટલું સહન કરવું પડતું હોય છે એ મીઠા સત્યની ઉપાસના કરનાર જ સમજી શકે. આ એક ગૂઢ વાક્ય છે. બરડ સત્ય ઉચ્ચારનાર ગૂંચવાડાને નોતરતો હોય છે અને એમાં મહાલતો હોય છે. આ મહાલવાનો આનંદ મીઠું સત્ય ઉચ્ચારનાર ક્વચિત્‌ જ માણી શકતો હોય છે. પૂ. મોટા એ આનંદ માણતા હોય છે.

ત્રીજી અંગત મુલાકાત તે જ દિવસે રાષ્ટ્રીયશાળામાં થઈ. અને ત્યારે એમણે મને વિકાસનું મહત્ત્વ

બહુ જ સ્પષ્ટપણે સમજાવ્યું. એમણે કહ્યું કે, 'જે રાજકીય પ્રવૃત્તિ અને સામાજિક વિકાસની પ્રવૃત્તિમાં તન્મય થઈને ભાગ લઈ રહ્યા હોય છે એમને કેટલી કિંમત ચૂકવવી પડે છે એ તો તમે જાણો છો. પોતાનું શરીર પોતાની અનુકૂળતા-પ્રતિકૂળતા, પોતાની પ્રતિષ્ઠા, પોતાનો પરિવાર, ધન, સંપત્તિ એ બધું હોમવાની તૈયારી રાખવી પડે છે. તેવી જ રીતે આધ્યાત્મિક પ્રવૃત્તિમાં પણ પૂરી માનસિક તૈયારી વગર ચાલતું નથી. આ તૈયારી હોય તો સમય કેટલો લાગે કેટલો નહિ તે જુદી વસ્તુ પણ પ્રગતિ તો થતી જ હોય છે. તે વિશે શ્રદ્ધા વધતી જતી હોય છે અને માનસિક તૈયારી પણ વધતી જતી હોય છે.'

આ ત્રણ મુલાકાતોમાં પાયાની વસ્તુઓ આવી જાય છે. એટલા પૂરતો હું એમનો ઋણી છું. અને એ ઋણ સ્વીકારું છું.

※ ※ ※

## સમયપાલનનું મહત્ત્વ

**પ્રશ્ન** : *મોટા,* સમયપાલન પર આપ આટલો ભાર શા માટે મૂકો છો ? સાધનામાં એની શું ખૂબ અગત્યતા હોય છે ?

**ઉત્તર** : હા, ભાઈ, સાધનામાં સમયપાલનની ખૂબ જરૂર છે. જે સાધન પકડ્યું એ દરરોજ અમુક ચોક્કસ સમયે થવું જ જોઈએ. સ્થાન અને સમયનું એમાં ઘણું જ મહત્ત્વ છે. એ વાત બાજુએ રાખીએ તોપણ પોતાના દરરોજના જીવનમાં સાધક યદ્વાતદ્વાપણે જીવી શકે નહિ. ગાંધીબાપુએ આપણને શીખવ્યું છે કે જો ગરીબોની સેવા કરવી હોય તો તેની સાથે તાદાત્મ્ય કેળવવું પડશે એ તાદાત્મ્ય કેવી રીતે કેળવાય ? ગરીબો જેવા થઈને રહીએ તો. એના જીવનધોરણથી ઊંચા જીવનધોરણે ન જીવીએ. એના જીવન સાથે તાલ મિલાવવાથી જ તાદાત્મ્ય કેળવી શકાય. તેમ જો તમારે ભગવાનને માર્ગે જવું હશે તો ભગવાને પેદા કરેલી આ સૃષ્ટિ સાથે તાદાત્મ્ય કેળવવું પડશે. જુઓ, કુદરતમાં ઋતુપલટા કેવા સમયસરના થાય છે ? સૂર્યોદય અને સૂર્યાસ્ત નિયત સમયે થતા હોય છે. એવી નિયમિતતા જો આપણે કેળવીએ તો જ કુદરત જોડે તાદાત્મ્ય કેળવી શકાય અને એ ભગવાનને રસ્તે જવામાં મદદરૂપ થાય.

(સંપાદક : **શ્રી ઈંદુકુમાર દેસાઈ**)

※ ※ ※

# પ્રેમસાગર *મોટા*

## શ્રી ઈશ્વરભાઈ પટેલ

(વલ્લભ વિદ્યાનગર યુનિવર્સિટીના ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર, ગુજરાત રાજ્ય યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડના ચૅરમૅન અને હાલમાં ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર. ચારુતર વિદ્યામંડળ આણંદના પ્રમુખ તેમ જ પ્રસ્તુત સ્મૃતિગ્રંથના સંપાદક.)

એક મિત્ર અચાનક ભેટી ગયા. પૂછવા લાગ્યા, ‘ઘણા વખતથી મનમાં થયા કરતું હતું કે તમારે અને *મોટા*ને છે શું ?’

મેં કહ્યું, ‘પૂર્વજન્મનાં પ્રેમનાં બંધન. વાસ્તવમાં પૂ. મોટા એ પ્રેમમૂર્તિ છે. આપણને જોઈને, મળીને એ એવા પ્રેમથી છલકાય કે એ આપણા હાથ પકડે ત્યારે સમજાય કે એક પ્રેમપ્રવાહ એ હૃદયમાંથી આપણા હૃદયમાં, એ દેહતંતુમાંથી આપણા દેહતંતુમાં પ્રવેશી ચૂક્યો છે.’

‘પણ પ્રેમમાં પૈસાની આડ હોય કે ?’

‘તમે શું સૂચવો છો તે ચોખ્ખે ચોખ્ખું કહોને ?’

‘હું એમ કહું છું કે એ પ્રેમમૂર્તિ હોય, પ્રેમસાગર હોય તો કોઈને ત્યાં પધારવા એ પૈસાની માગણી કેમ મૂકે છે ? અરે, એમની પધરામણી પ્રસંગે ભાવપૂર્વક યજમાન દાન દક્ષિણા મૂકે, પણ આ તમારા *મોટા* તો દિવસે કોઈને ત્યાં રહે તો હજાર રૂપિયા લે અને વળી રાત રોકાય તો બીજા હજાર લે ! આ તે પ્રેમ, હિસાબ કે ગણતરી ?’

મેં કહ્યું ‘તમારી વાત એ માન્યતા પર આધારિત છે કે પ્રેમ એ વ્યવહારઅંધ હોય, વ્યવહારબધિર હોય, વ્યવહારવિમુખ હોય. સંસારથી દૂર રહી માત્ર સાધનામાં ડૂબેલા, સિદ્ધિ અર્થે મથતા વિરક્તને માટે એ સ્થિતિ કદાચ બરાબર હોય પણ પરમ તત્ત્વને પેખી, એનો પ્રેમાસ્વાદ માણી, સંસાર અને સંસારી જીવો પ્રત્યેના પ્રેમને વિવશ બની, સંસારના ઉત્થાન માટે મથતા વિરક્તને માટે તો, પોતાના વા પોતા પ્રત્યેના પ્રેમને વિવશ બની સંસારી જન પોતાના ઉપાર્જનનો જેટલો વધુ હિસ્સો પરકલ્યાણાર્થે આપે તેટલો અપાવવામાં સહાયરૂપ થવું એ સિદ્ધિની યથાર્થતા છે, એની કૃતકૃત્યતા છે.’

‘તમારી આ પ્રેમના ઉચ્ચ તત્ત્વજ્ઞાનની વાત તો ઠીક છે પણ રાતદહાડો ભાંગેલા દેહે, લોકો પાસે પોતાના દેહને ઊંચકાવી, ઊંચકાવીને આ *મોટા* આટલા બધા પૈસા શું કરવા ભેગા કરે છે ? એમનેય કંઈક પરમાર્થનો લોભ લાગ્યો નહિ હોયને ?’

‘ખૂબી જ એ વાતની છે એમ મને સમજાયું છે. આ સમગ્ર પ્રક્રિયા એમની દીક્ષા ને એમની પરમ પ્રાપ્તિનું રહસ્ય છે.’

‘એ રહસ્યનો સ્ફોટ કરોને ?’

‘વાત એવી છે કે એમને સિદ્ધિને પંથે દોરી જનાર ગુરુને સર્વોચ્ચ દર્શનની ક્ષણે એમણે જણાવ્યું કે

પોતાની પાસે ગુરુદક્ષિણા ધરવા માટે એક પણ પાઈ નથી તો એ પોતે ગુરુદક્ષિણા કેવી રીતે અદા કરે !'

ગુરુએ જણાવ્યું, 'દક્ષિણામાં મારે કોઈ પાઈ પૈસાની આવશ્યકતા નથી, હોય પણ નહિ, મારી દક્ષિણા તો સમગ્ર માનવજીવનના ઉત્થાનમાં કંઈ હિસ્સો આપી શકાય તો તે લેખાય. એટલે હવે પછીના જીવન દરમિયાન સમાજમાં ગુણ, ભાવ, ભાવના, બહાદુરી, નિર્ભિકતા, ધૈર્ય વગેરે ખીલે તેવી પ્રવૃત્તિઓ યોજવા પ્રયત્નશીલ રહેવું.'

ચરમસિદ્ધિના પ્રસંગે ગુરુચરણે ધરેલ દક્ષિણારૂપી સંકલ્પ, એ પૂજ્ય મોટાની જીવનોન્નતિલક્ષી પ્રવૃત્તિઓનાં મંગળાચરણ અને એ પ્રવૃત્તિઓ માટેના દાનની વૃત્તિ ખીલવવાની ને કાયમ કરવાની એમની અવિરત ધગશનું સ્રોત છે.

ખૂબી એટલી છે કે શ્વાસે શ્વાસે એ આ સંકલ્પને આચારવંત કરવા, જીવનની સમગ્ર તાકાતથી ઝઝૂમે છે. સામાન્ય રીતે સ્વાર્થરત જીવોને પરમાર્થ પંથે પળાવવા જે આગ્રહની આવશ્યકતા છે એ આગ્રહનાં દર્શન, મને એમના દિનવાસ કે રાત્રિવાસની અલગ અલગ દક્ષિણાની માગમાં થયાં છે.

સંતોનો આવો આગ્રહ જ જંજાળી જનોને આટલી વધુ રકમ આપવા પ્રેરે, આશ્વાસન પ્રેરે, એ જ એમની ખૂબી ને એ જ એમની સિદ્ધિ.

❊ ❊ ❊

## પ્રેમ—આધાર

તમારા સર્વના જોરે હૈયે જોર હૃદે રહે,
શક્તિ રે' પગમાં તેથી ઊભી હું શકું હિંમતે.
તમારી પ્રેમભીનાશે હૈયે ભાવ ઝર્યા કરે,
તમારી ભાવનાથી તે પ્રેરાવાનું બને હૃદે.
તમારા જોમથી મારે ફાલવાનું સદા રહ્યું,
વેગ ત્યાં આવશે હૈયે જીવો જો વેગથી બધું.
તમારો પ્રેમ એ મારા જીવનને પ્રાણ પૂરશે,
તમારો પ્રેમ વ્હાલાનું તે પ્રતિબિંબ પાડશે.
સળેકડા સમો હું તો શક્તિ ગુંજાશ મારી શી !
તમે જો ના રહો હૂંફે તૂટી લૂલો હું તો બનું.

('પુનિત પ્રેમગાથા' પૃ. ૫૨-૫૩) **—મોટા**

# પૂજ્ય શ્રીમોટાની ગઈ કાલ, આજ અને આવતી કાલ

## શ્રી 'સ્નેહરશ્મિ'

(ગુજરાતી સાહિત્યના અગ્રગણ્ય કવિ, નવલિકાકાર અને નવલકથાકાર, પ્રસિદ્ધ કેળવણીકાર અને ઇતિહાસલેખક, અમદાવાદની સી. એન. વિદ્યાવિહાર સંસ્થાના મુખ્ય સંચાલક અને હાલમાં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ.)

ભારત સંતોની ભૂમિ છે અને તેમાંય ગુજરાત ખૂબ પ્રાચીનકાળથી સંતોનું પરમ ધામ લેખાતું આવ્યું છે. એની તાપી, રેવા, મહી, સાબરમતી આદિ નદીઓ, ગિરનાર, પાવાગઢ, શેત્રુંજો આદિ પહાડો અને દ્વારિકા, ડાકોર આદિ તીર્થસ્થાન, ગુજરાતના બહુજન સમાજમાં પડેલી માનવતા અને આધ્યાત્મિકતાનાં આજપર્યંત જીવંત પ્રતીક રહેતાં આવ્યાં છે. એવાં સંસ્થાનોએ ગુજરાતને એની સંતપરંપરાની અણખૂટ ધારા આપી છે. પૂ. શ્રીમોટા એના એક દીપ્તિમંત મણકા જેવા છે. રાષ્ટ્રીય પુનરુત્થાન યુગમાં એ જન્મ્યા. પુરુષાર્થની બાલ્યકાળથી જ દીક્ષા લીધી. અભય અનાયાસે કેળવતા થયા. અને રાષ્ટ્રીય ઉત્થાનના પ્રચંડ જુવાળમાં થોડો વખત એના શિખર ઉપર રમી, દેશદર્શન કરી, એ દેશ સાથે એકરૂપ બની જવાના સંકલ્પ સાથે એમણે આત્મસમર્પણ કર્યું.

ગાંધીજીએ એક જગ્યાએ કહ્યું છે કે, 'મારે તે મરે, મરે તે તરે.' શ્રીમોટાએ પોતાની ઐહિક વાસનાઓને નિર્મૂળ કરી. તેઓ જીવનના અફાટ સાગર ઉપર હલકા ફૂલની જેમ તરતા બની ગયા. અને છેલ્લા અર્ધા સૈકાથી એ પોતે સત્યશોધક હોવા ઉપરાંત અનેકના પથપ્રદર્શક પણ બન્યા છે.

આજે દેશ જ્યારે પ્રબળ ઝંઝાવાતોમાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે એ ઝંઝાવાતોથી વિચલિત થયા વિના, ચોમેર જામતા અંધકારના થર ઉપર થરથી દૃષ્ટિ ગુમાવ્યા વિના પોતાના જીવનને એક નાનકડી મીણબત્તીની જેમ બનાવી ચોમેર પ્રકાશ રેલાવતા એ જીવન નિર્ગમી રહ્યા છે. અને એ પ્રકાશ નિરક્ષર, ગભરુ બહુજન સમુદાયથી માંડી, અતિસુશિક્ષિત ભદ્ર લોકોમાંના અનેકોના માત્ર પથપ્રદર્શક નહિ પણ જાણે જીવનના આધારરૂપ બની રહ્યા છે.

પ્રજાજીવનની પુનર્ઘટના કેમ થઈ શકે એની અનેક નવી નવી દિશાઓ એ ઉઘાડતા રહ્યા છે. ભારતનાં બધાં રાજ્યોમાં દરિયા કિનારાની બાબતમાં ગુજરાત મોખરે છે. હજાર માઈલની એની સાગરરેખાએ ગુજરાતને અનાદિ કાળથી અખૂટ તાકાત અને સાહસની ઊર્મિઓ બક્ષેલી છે. છેલ્લા થોડા સમયમાં, બ્રિટનના ભારત પ્રવેશે એમાં જે વિક્ષેપ કર્યો તેની સાથે ઝઘડો કર્યા વિના શ્રીમોટાએ ગુજરાતના જુવાનોને સાગરખેડૂ બનવાની નવી દિશા ચીંધી. એ માટે ટહેલ નાખી એમણે એક નાનકડી રકમ એકઠી કરી એમાં ભાવિ વિકાસનાં બીજ વાવ્યાં. આજે હજુ એની શરૂઆત જ છે પણ આવતા બેએક દાયકામાં ગુજરાત આ દિશામાં ઘણી મોટી સિદ્ધિઓ મેળવવા સદ્‌ભાગી બનશે અને એ સદ્‌ભાગ્ય કેવળ ગુજરાતનું નહિ હોય, સારાય ભારતનું હશે. તે વખતે લોકો **મોટા**ની આજની આ પ્રવૃત્તિનું સાચું મૂલ્ય પિછાની શકશે.

એ જ પ્રમાણે પ્રજાની આગવી સંપત એ એનું વિચારધન. અને વિચાર એ નિત્ય વર્ધમાન એવું જીવંત તત્ત્વ છે. એ દિશા તરફ શ્રીમોટાની નજર ગયા વિના કેમ રહે ? તેથી સારસ્વત ઉપાસનાની અનેક યોજના એમણે હાથ ધરી. ગુજરાતમાં જ્ઞાનની ભાગીરથીઓ વહેતી થાય, 'જ્ઞાનગંગોત્રી'નાં અનેક ઝરણોથી ગુજરાત નવપલ્લવિત બની જાય એ દૃષ્ટિએ એમણે ગુજરાતની સારસ્વત સંસ્થાઓ, જેવી કે સાહિત્ય પરિષદ, વિદ્યાપીઠો આદિ સાથે આત્મીયતા સાધી અનેક યોજનાઓ તરતી મૂકી. એનાં પરિણામ જોવાની દૃષ્ટિએ આપણે એટલા નજદીક છીએ કે એનું પૂરું મૂલ્ય આજે કદાચ આપણને નહિ સમજાય, પણ ભાવિ પેઢીઓ જોશે કે જે યુગમાં ગાંધીજી જન્મ્યા તે યુગે વિવિધ ક્ષેત્રમાં પ્રજાજીવનને દોરે એવા મનીષીઓ પણ ઉત્પન્ન કર્યા. શ્રીમોટા એ માનાર્હ પંક્તિમાંના એક છે.

જીવનના સાત દાયકા તે વટાવી ગયા છે. બાઈબલનિર્દિષ્ટ જીવન એમણે વિતાવી દીધું છે, પણ આવા પુરુષોને માટે શરીર તો કેવળ નિમિત્તમાત્ર છે. એઓ અમર છે એમની ભાવનાથી, એમની વાણીથી અને એમના માનવપ્રેમથી. આજે શ્રીમોટા સમક્ષ જે ક્ષેત્ર મીટ માંડીને બેઠું છે તે ગાંધીજીએ નિર્દેશેલી બુનિયાદી તાલીમનું છે. **શ્રીમોટાએ પોતાના જીવન દ્વારા દાખવ્યું છે કે અક્ષરજ્ઞાન તો એક પ્રકારનું કૌશલ્ય છે. સાચું જ્ઞાન તો અનુભૂતિનું છે. આપણી કેળવણી અનુભૂતિવંચિત છે કારણ કે એના પર અક્ષરજ્ઞાનનું ભારણ છે. એમાંથી એને ઉગારી મુક્ત હવામાં આપણી કેળવણી વિહરી શકે એવા પુરુષાર્થ કરવાની પ્રેરણા જે ગણીગાંઠી વ્યક્તિઓ આજે આપણને આપી શકે એમ છે એમાં શ્રીમોટાનું સ્થાન મહત્ત્વનું છે.** જ્યાં જ્યાં એઓ રોટલા ખાવા જાય છે ત્યાં ત્યાં તેઓ આ બાબતની નાની નાની દીપિકાઓ પ્રગટાવવા માંડે અને વર્ષો પહેલાં શ્રી બબલભાઈએ થામણામાં જે કંઈ કર્યું હતું. શ્રી જુગતરામ છેલ્લા ચાર દાયકાથી વેડછીમાં ધૂણી ધખાવી જે કંઈ કરી રહ્યા છે, સ્વ. નાનાભાઈએ આમલામાં જે એક નાની દીપિકા આજથી ત્રણ-ચાર દાયકા પહેલાં પ્રગટાવેલી અને જેમાંથી સાણોસરા, મણાર આદિ સ્થળોએ દીપમાળાઓ પ્રગટી છે, તેવાં સંસ્કારધામોથી ગુજરાત સભર બની જાય એવી પ્રેરણા શ્રીમોટા પાસેથી અવશ્ય મળશે એવું મારા જેવા અનેક એમના આ અમૃતમહોત્સવ પ્રસંગે અનિવાર્ય રીતે ઝંખે. આપણી એ ઝંખના પાર પાડવા પૂ. મોટાનો સાથ ગુજરાતને ગાંધીજી જે ઝંખતા હતા તેવા સો અને એક કોડી વર્ષપર્યંત લાધો અને પરમાત્માના આપણા પર એવા આશીર્વાદ ઊતરો.

❊ ❊ ❊

## આજના યુગના સંત

### શ્રી બબલભાઈ મહેતા

(ગુજરાતના જાણીતા મૂક સેવક, ભૂદાન કાર્યકર અને
સર્વોદય વિચારધારાના આજીવન ભેખધારી.)

જગતના ક્રમ પ્રમાણે સારું અને નરસું બધી જગ્યાએ રહેવાનું જ. એમ આપણા સાધુસમાજમાં પણ કેટલાક સાધકવૃત્તિના અને બીજા ધંધાદારીઓ હોય છે. સાધકવૃત્તિના સંતોમાં પણ વિવિધ પ્રકારના સાધુઓ હોય છે. એ બધામાં શ્રીમોટા એક વિશિષ્ટ પ્રકારના સંતપુરુષ છે.

દરેક મનુષ્ય જન્મે છે ત્યારે એનું બીજ તત્ત્વ અને વારસો સાથે લાવે છે. ત્યાર બાદ જે સ્થિતિમાં જેવા પુરુષોના સત્સંગમાં એનો ઉછેર થાય છે એ પ્રમાણે એનું ઘડતર થાય છે. અને એમાં વળી પાછો એનો પુરુષાર્થ ભળતો હોય છે.

શ્રીમોટા આવા જ વિશિષ્ટ બીજ, વારસો, સત્સંગ અને પુરુષાર્થની નીપજ છે. એથી, એ અન્ય સાધુસંતોથી જુદા તરી આવે છે.

એમની સાધના પરમાત્મપરાયણતાની તો છે જ, પણ માનવસમાજમાં પડેલા પરમાત્મતત્ત્વને પણ તેઓ પિછાને છે. એથી, એ સામાન્ય જનથી જુદા દેખાતા હોવા છતાં સમાજથી અતડા નથી પડી ગયા. સમાજનું ઉત્થાન થાય એવી પુરુષાર્થવૃત્તિ તેઓ સમાજમાં જાગૃત કરે છે. **પોતે ઊંચા ચડ્યા છે અને બીજાને ઊંચે ચડાવતા જાય છે. દરેકને એની શક્તિ પ્રમાણે કૂદકો મારવાનું તેઓ શીખવે છે. આત્મા જ આત્માનો ઉદ્ધાર કરી શકશે, એ તત્ત્વને તેઓ પ્રસારતા જાય છે. અને દરેકમાં પડેલા આત્મતત્ત્વનું એને ક્રમશઃ ભાન કરાવતા જાય છે. સ્થૂલ ધંધાધાપામાંથી બધા માણસો એકદમ છૂટી શકતા નથી. એવાઓને *મોટા* એમના ધંધાની કમાણી કે આવડત-સમાજમાં પડેલું 'સુ' જગાડવામાં વાપરવાની પ્રેરણા આપે છે, પરંતુ આમ કરવા જતાં એમનામાં પડેલું 'સુ' પણ વિકસતું જ જાય છે.**

સમાજનાં વિવિધ અંગો-બાળકો, જુવાનો, બહેનો, પુરુષો, દરેકની ઉન્નતિ થાય, દરેકની સમજ અને શક્તિ વધતી જાય એવી યોજનાઓ તેઓ રજૂ કરતા જાય છે. લોકો એને પાર પાડતા રહે છે. એમની કરુણાવૃત્તિ, લીધેલાં કાર્યને પાર પાડવા જરૂરી ધૃતિ અને 'સબ મહીં રમી રહ્યા પ્રભુ એક'નું એમનું સ્પષ્ટ દર્શન બધાંને સ્પર્શી જાય છે.

એમના જીવનમાં ભક્તિ, કર્મ અને જ્ઞાનનો સમન્વય થયો છે. એટલે એઓ આપણા આ યુગ માટે જરૂરી એવા એક સંત છે. એમના સત્સંગથી, એમની પ્રવૃત્તિઓથી અને એમની વ્યવહારુ યોજનાઓથી સમાજના વિવિધ વર્ગો સભાન અને શક્તિશાળી બનતા જાય છે. આ એક પ્રકારનું સમાજના ધારણ અને પોષણનું જ કામ છે. એમના આવા ઉન્નત અને પ્રસંગોચિત પ્રદાન બદલ ગુજરાત સદા એમનું ઋણી રહેશે.

* * *

## *મોટા* 'માવડી'

**શ્રી ગુલાબરાય મંકોડી** એમ. એસસી.

(નિવૃત્ત આઈ. એ. એસ., ગુજરાત રાજ્યના ખેતીવાડી, સહકાર, પંચાયત અને સર્વોદય ખાતાના ભૂતપૂર્વ મંત્રી, ગુજરાત રાજ્યના પબ્લિક સર્વિસ કમિશનના ભૂતપૂર્વ સભ્ય અને ચૅરમૅન, હાલ મુંબઈ નિવાસી.)

પૂજ્ય શ્રીમોટા વિશે, નડિયાદમાં તાજા જ નિમાયેલા એક ઉચ્ચ અધિકારીએ મને વાત કરી, એટલે મને ઇચ્છા થઈ કે દર્શનનો લાભ લેવો જોઈએ. તે જ દિવસે તે ન બન્યું, પણ તે પછી થોડા સમયમાં એ તક પ્રભુએ આપી.

એ પ્રથમ મિલનની મારા મન પરની છાપ એ છે કે પૂજ્ય શ્રીમોટા પ્રેમમૂર્તિ છે. અને એક સહજ-સ્વાભાવિક વ્યક્તિ છે, એટલે કે તેમનામાં, કે તેમની આજુબાજુનાં વાયુમંડળમાં કોઈ પણ પ્રકારની, અંશમાત્ર પણ કૃત્રિમતા નથી. મને આવી સ્વાભાવિકતા અને પ્રેમપૂર્ણતા આકર્ષે છે. પરિણામે પૂજ્યશ્રીના સાંનિધ્યમાં જેટલો સમય જ્યારે જ્યારે પણ મળે એવો હોય તો તે હું મેળવતો, અને દરેક મિલનથી વધુ ને વધુ તેઓશ્રીના પ્રેમાર્દ્રતામાં નાહતો. મિલન માટેનો સમય સવારના પાંચ અને છની આસપાસનો રહેતો, અને નડિયાદ આશ્રમમાં તે સમયે પહોંચવા માટે હું અમદાવાદથી સવારે ચારેક વાગ્યે નીકળી પડતો. આ હકીકત ગૌણ હોવા છતાં એટલા માટે કહું છું કે એ મિલનનું આકર્ષણ કેટલું હશે તેનો ખ્યાલ આવે.

આશ્રમ પણ કેટલો સાદો ! કોઈ આડંબર નહિ. કોઈ જાહેરાતની ખેવના નહિ. શાંત, પવિત્ર વાતાવરણ ! એક ઝાડ ઉપર એક પાટિયું લટકતું હતું તે કહેતું હતું;

આવે તેને એક સલામ !<br>
જાય તેને સો સલામ !<br>
ન આવે તેને હજાર સલામ !

એ વાંચતાં, અહીંના સંચાલકની 'અસંગ'વૃત્તિ, સાત્ત્વિક અને નમ્ર છતાં ખુમારીભરી દૃષ્ટિ સ્વયં સ્પષ્ટ થઈ. પૂ. બાપુ (મહાત્મા ગાંધીજી)નું સૂત્ર "BE QUICK, BE BRIEF, BE GONE." ના જેટલી જ સરલતા, સચ્ચાઈ અને સ્પષ્ટતા પૂજ્ય શ્રીમોટાના આશ્રમના ઉપરનાં પાટિયાનું લખાણ વાંચતાં પ્રતીત થઈ. હકીકતમાં આપણે સામાન્ય માનવીઓ આપણી દુન્યવી કામગીરીમાં સમયની જે કિંમત આંકીએ છીએ, તે કરતાં સમયની અનેકગણી કિંમત આધ્યાત્મિક સાધકને હોય છે. એને કેવળ નાની મોટી દુન્યવી વાતોમાં કાળક્ષેપ કરવો પરવડે નહિ. એ દૃષ્ટિએ જ મેં પૂજ્ય શ્રીમોટાના આશ્રમનાં પાટિયાનો અર્થ ઘટાવેલો, કે જેને આ દિશામાં રસ છે તેઓ જરૂર જરૂર પધારો. તમોને અમારા દિલના સલામ છે ! પણ જેને આમાં રસ નથી, તેમણે પોતાનો અને અમારો સમય બગાડવો નહિ ! 'ન આવે તેને હજાર સલામ'માં તોછડાઈ નથી, પણ આ ભાવ છે. મીરઝા ગાલીબે પણ ગાયું છે :

'બૈઠે હૈં હમ રહ ગુજર પે. ગર હમેં ઉઠાયે ક્યું ?'

આશ્રમનાં જુદાં જુદાં પાટિયાં પરનું લખાણ વાંચતા જઈએ તેમ તેમ એના આત્માનાં - પૂજ્ય શ્રીમોટાનાં-વ્યક્તિત્વનાં પાસાંઓ દેખાતાં જાય. સચ્ચાઈ, નમ્રતા, સરલતા, ઋજુતા, ચોકસાઈ, હૃદયનો પ્રેમ અને આશ્રમની શિસ્તનો આગ્રહ વગેરે.

સાધનાની અનુકૂળતાની દૃષ્ટિએ, આશ્રમે આવનાર મુલાકાતીઓ માટે સમય નક્કી થયેલા છે. મને એ બાબતની જાણ થઈ ત્યારથી મેં એ સમયોનો ભંગ મારાથી ન થાય તેની કાળજી રાખેલી. મારા કામકાજ અંગે પ્રવાસો સતત રહ્યા કરે અને નડિયાદ કે સુરત આશ્રમ પાસેથી પસાર થતી વેળા ઘડિયાળ જોઈને જો સમયમર્યાદા થઈ ગઈ હોય તો, પૂજ્યશ્રીને મળવાની પ્રબળ ઈચ્છા છતાં હું આશ્રમે ન જવાનું

રાખતો. પૂજ્ય શ્રીમોટાના પરિચયમાં આવ્યા પછી, વરસવંટોળમાં મારી નિમણૂક ભારત સરકારમાં મુંબઈ ખાતે થઈ. એટલે વારંવાર પૂજ્યશ્રીને મળવાની તકો ઘટી. એક વખત મુંબઈથી અમદાવાદ મોટર રસ્તે જતાં જતાં નડિયાદ લગભગ છએક વાગ્યે આવ્યું. સ્વાભાવિક ઈચ્છા પૂજ્યશ્રીનાં દર્શનની થઈ, પણ આશ્રમનો સમય થઈ ગયેલો એટલે ડભાણમાં શ્રી રાવજીભાઈ પટેલને ઘેર પૂજ્યશ્રીના પ્રવાસ કાર્યક્રમની વિગત જાણવા જવા વિચાર્યું. લગભગ સવા છ આસપાસ ત્યાં પહોંચ્યો. તો પૂજ્યશ્રી ત્યાં હાજર ! મારા આનંદનો પાર ન રહ્યો. અને "यादृशी भावना यस्य, सिद्धिर्भवति तादृशी ॥"ની પ્રતીતિ થઈ. ડભાણ જવાની ભાવના થઈ તે તેઓશ્રીની પ્રેરણા કે મારો પુરુષાર્થ તે તો કહેવું મુશ્કેલ છે, પણ મારું મન તેને પૂજ્યશ્રીની પ્રેરણા ગણવા પ્રેરાય છે.

એમની પાસે જતા લોકોમાં જાતજાતની વ્યક્તિઓ હોય છે. આજે પ્રવર્તતી સામાજિક આબોહવાના પ્રલોભનોને વશ થયેલી વ્યક્તિઓ પણ તેમાં હોય. એમની તરફનો પણ પૂજ્ય શ્રીમોટાનો પ્રેમાળ વર્તાવ જોઈને પ્રથમ દૃષ્ટિએ જરા વિસ્મય થાય, પરંતુ જરાક ઊંડો વિચાર કરતાં પ્રતીત થાય કે એક માતા પોતાનાં બાળકોના ગુણ અવગુણ તપાસીને તેના પ્રત્યે હેત કરતી નથી, પણ હેત કરવું એ માતાનો સહજ સ્વભાવ છે. એમ જ પૂજ્યશ્રી જેવી પ્રેમમયી વ્યક્તિ જેને એમની પ્રેમભાવના જોતાં 'મોટા' કહેવા કરતાં 'માતા' કે 'માવડી' કહેવું વધુ ઉચિત અને યથાયોગ્ય છે. તેઓ આવી વ્યક્તિઓ માટે પણ પ્રેમ રાખે એમાં શું ખોટું ? મહારાષ્ટ્રમાં જ્ઞાનેશ્વરને 'માઉલી' કહે છે. કોઈ જ્ઞાનેશ્વરી પણ કહે છે. 'માઉલી' એટલે માવડી ! પ્રેમમૂર્તિ બની ગયેલ દરેક સંત વ્યક્તિને માવડી કે માઉલી કહેવું સર્વથા ઉચિત જ ભાસે છે. ઊંધે રસ્તે ચઢી ગયેલ બાળકોને, બાપ કરતાં માતા વધારે સફળ રીતે સુધારી શકે છે એના દાખલાઓ મારી આંખ સામે તરે છે, પણ કોઈ વ્યક્તિનો ઉલ્લેખ કરવો અયોગ્ય ગણી તે કરતો નથી. દરેક વાચક પોતાના અનુભવની દૃષ્ટિએ આ બાબતની યથાર્થતા ચકાસી પછી આ વાત સ્વીકારશે એમ મને શ્રદ્ધા છે. એક વખત સુરતના આશ્રમે એક વહેલી સવારે પહોંચ્યા. થોડી આડીઅવળી કુશળઅંતરની વાતો પછી પૂજ્યશ્રીએ હાજર સમુદાય સાંભળે એમ મને કહ્યું, 'મંકોડી સાહેબ ! તમારી ભૂમિકા ઊંચી છે, સારી છે પણ અભ્યાસ કરતા નથી !' અભ્યાસનો અર્થ અહીં, સાધકે કરવાનું ધ્યાન વગેરે સાધન એ છે. અને પૂજ્યશ્રીની વાત સો ટકા સાચી હતી, કારણ ધ્યાન વગેરેનો મારો અભ્યાસ નથી. પૂજ્યશ્રીને મારી વિનંતી છે કે જેમ માતા બાળકને કોઈ નવો ખોરાક આપે તેનો પ્રથમ સ્વાદ ચખાડે અને પછી બાળક એ સ્વાદે ચઢી જાય, એમ મારા પૂજ્ય 'મોટા-માવડી'એ મને પાસે બેસીને ધ્યાનના અભ્યાસનો સ્વાદ એકવાર ચખાડવો પડશે. પછી મન તેમાં જરૂર ચોંટી જશે એ બાબત મને શંકા નથી. એ પુનિત દિવસની હું રાહ જોઉં છું અને પૂજ્યશ્રીની એ કૃપાપ્રસાદી મળે તેવી આશા સેવું છું. દરમિયાન તેઓશ્રીની એવી કૃપાને લાયક થવાય એવું જીવન જીવવા પ્રયાસ કરું છું.

પૂજ્યશ્રીના આધ્યાત્મિક વિચારોમાં એમણે એ બાબતો ઉપર ખૂબ ભાર મૂક્યો છે. ગુણ અને ભાવનાનો વિકાસ કરવો અને રાગ અને દ્વેષને મોળા પાડવા. આટલો બોધ ખરેખર ઘણો છે. એનો અમલ કરનાર દરેકને એ બોધ કેટલો સાચો અને શ્રેયસ્કર છે તે અનુભવે પ્રતીત થશે.

ખેડા જિલ્લો સ્પષ્ટ વક્તાઓનો પ્રદેશ. સીધું અને સટ જે પોતાને લાગે તે કહેતાં ખેડા જિલ્લાવાળા અચકાય નહિ અને શરમાય પણ નહિ. ભક્તિ, કુતૂહલ, પરીક્ષાવૃત્તિ વગેરે જુદી જુદી ભાવનાઓ સાથે આવેલ સમુદાયને પૂજ્યશ્રી ઘણી વાર કહે છે, 'કોઈ મોદીની દુકાને જઈને બે પૈસાની વરિયાળી મફત માગો ને જુઓ કે તે મફત આપે છે ! ભાઈઓ, મેળવવા જેવી વસ્તુ મફત મળતી નથી, તેની કિંમત ચૂકવવી પડે છે.' આ સ્પષ્ટ વક્તવ્ય ઘણું જ અર્થગંભીર છે. આજે ગુરુવાદ-Gurudom-નો જે પવન વાય છે, તેને પૂજ્યશ્રી આ સ્પષ્ટ વાત દ્વારા કેવો નકારી કાઢે છે ! દરેકે પોતપોતાની પ્રકૃતિ, પરિસ્થિતિ અને વૃત્તિને અનુકૂળ થાય તેવી સાધના કર્યા વગર માત્ર દર્શન કર્યે કે થોડી સેવા કર્યે કાંઈ ભવપાર ન થવાય, એવું સૂચન આ બે પૈસાની વરિયાળીવાળી વાતમાં પડ્યું છે.

પૂજ્યશ્રીની લોકસેવાની કેટકેટલીય પ્રવૃત્તિઓ ગુજરાતમાં જગજાહેર છે. તેઓશ્રી તો સ્પષ્ટ જુએ છે કે આવી રહેલા સમય માટે સુસજ્જ થવું હોય તો આપણાં યુવકયુવતીઓએ, સાહસિક, ખડતલ અને ખેલદિલીવાળાં બનવું અત્યંત આવશ્યક છે. જ્ઞાનનો વિકાસ તો ખરો જ પણ આ ગુણો અને સામાજિકતા સાથેસાથે કેળવવી જરૂરી છે.

આ દૃષ્ટિએ જ, બંગાળી નવયુવાન મિહિર સેન જ્યારે ઇંગ્લિશ ચૅનલ તરનાર વ્યક્તિ તરીકે જાહેર થયા ત્યારે આખા હિંદુસ્તાનમાં તેમની પ્રથમ કદર કરનાર વ્યક્તિ હતી પૂજ્ય શ્રીમોટા. એ જ રીતે આજે શ્રેષ્ઠ પાક ઉગાડનાર નિષ્ણાતો-પછી, તે બાજરા, કપાસ કે તંબાકુના હોય-તેમને સુવર્ણચંદ્રકો અર્પી તેમની જાહેર કદર બૂજનાર પણ છે આ અમીર-ફકીર પૂજ્ય શ્રીમોટા. આ બધાં માટે તેઓશ્રીને આપણા સૌનાં લાખ લાખ વંદન !

પૂજ્ય શ્રીમોટા, મારી દૃષ્ટિએ એક કર્મયોગી સંત છે. એક વખત પૂ. શ્રી રણછોડદાસજી મહારાજની ઓરિસ્સા, બિહારમાંની દુષ્કાળ રાહત અંગેની પ્રવૃત્તિઓ તથા ગરીબીવાળા પ્રદેશોમાં નેત્રયજ્ઞોની પ્રવૃત્તિની હું પૂજ્ય શ્રીમોટાને વાત કરતો હતો ત્યારે એમણે સ્ફોટ કર્યો, 'શ્રી રણછોડદાજી મહારાજ જેવી પહોંચેલી વ્યક્તિ આવી પ્રવૃત્તિઓ શા માટે કરે છે તે જાણો છો ? એઓ આપણને-સામાન્ય જનોને દૃષ્ટાંત સાથે સમજાવી રહ્યા છે કે દરિદ્રનારાયાણની સેવા એ જ સાચી પ્રભુસેવા છે.' તેઓશ્રીના આ શબ્દો તેમને પોતાને જ કેટલા બધા લાગુ પડે છે ! ખરેખર પૂજ્ય શ્રીમોટાને કંઈ પણ કરવાપણું હોય ખરું ? ''योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते ॥'' (ગીતા ૬।૩) પરંતુ આપણી આંખ ઉઘાડવા માટે, પોતાને શરીરમાં અનેક વ્યાધિઓ હોવા છતાં, તેઓશ્રી સતત, નિરંતર, લોકસંગ્રહની પ્રવૃત્તિઓ કરતા જ રહે છે. એક રીતે જોઈએ તો તેઓ 'નિત્યસંન્યાસી' છે, કારણ, નથી એમણે કષાય વસ્ત્રો ધારણ કર્યાં, નથી એમણે દંડ-છડી ગ્રહણ કર્યાં, નથી એમણે વિદ્વત્મંડળનો સંઘ સાથે રાખ્યો, પરંતુ એમણે તો જીવન આચર્યું છે ભારતમાતાની સેવા માટે, દીન દલિતની સેવા માટે, અને શ્રેયાર્થી સાધકોને પથદર્શન-પ્રેમભર્યું પથદર્શન કરાવવા માટે. ગીતાની વ્યાખ્યા મુજબ 'ज्ञेयः स नित्यसंन्यासी, यो न द्वेष्टि न कांक्षति ।' (૫।૩) પૂજ્ય શ્રીમોટા ખરા નિત્યસંન્યાસી છે. તેમને આપણા શત શત પ્રણામ.

* * *

આપણા જીવનમાં ઊંડે ઊંડે જડ ઘાલીને બેઠેલાં સર્વ સંસ્કાર, વૃત્તિ, સમજણ, માન્યતા વગેરે વગેરેનો વારસો ગુરુનો હુકમ થતાં વેંત જ એકદમ બદલાઈ જવાનો છે એમ માનવું નરી મૂર્ખામી છે ને નર્યું અજ્ઞાન છે. સદ્‌ગુરુ તો દૃષ્ટિ પ્રેરે. આપણને જુદી જુદી પરિસ્થિતિ પરત્વે યોગ્ય વિચાર કરવાને પ્રેરાવે. જીવનવિકાસના હેતુનું લક્ષ્ય રાખવાને સમજાવે. બાકી, બીજું બધું તો આપણે જ કરવાનું રહે છે. પોતાના જીવનને આમૂલાગ્ર પરિવર્તન પમાડવાને જે જીવને કશી ઊથલપાથલ થતી નથી, જે જીવનું તે પરત્વેનું સંપૂર્ણ લક્ષ પ્રગટેલું નથી, જે જીવ એ પરત્વેની કશી કોઈ પ્રકારની હિલચાલ પણ કરતો નથી, ને તેવો જીવ ગુરુ પર બધા પ્રકારનો મદાર રાખે છે એમ તે માને છે, તો તેવું તેનું માનવું ને બોલવું તદ્દન મિથ્યા છે. તેવો જીવ ગુરુ પર તો શું પણ કોઈના પર પણ મદાર રાખી શકે એવી સ્થિતિનો હોતો નથી. જો જીવનનો વિકાસ કરવો હોય અને તેવી સાચેસાચી દિલની ભાવના પ્રકટી હોય તો તેણે મથ્યા વિના છૂટકો નથી.

('જીવનમંથન', પૃ. ૩૫૮) **—મોટા**

# જીવનની સાર્થકતા

## શ્રી રમણભાઈ અમીન

(પૂજ્યશ્રી પ્રત્યે અનુરાગ ધરાવનાર જાણીતા ઉદ્યોગપતિ. એલેમ્બિક ગ્રુપ, વડોદરાના મૅનેજિંગ ડિરેક્ટર.)

પૂજ્ય મોટાનાં પુસ્તકો 'જીવન' નામથી શરૂ થાય છે એ બાબત આપણને વિચાર કરતાં કરી મૂકે છે કે જીવન ઉપર કેમ આટલો બધો ઝોક આપ્યો હશે ? પૂજ્ય મોટાનો બીજો ઝોક હેતુ અને ધ્યેય ઉપર છે અને ત્રીજો ઉપયોગ અને ઉપભોગ ઉપર. શરૂ શરૂમાં તો આનો આપણને સ્પષ્ટ ખ્યાલ નથી આવતો, પણ જ્યારે વારંવાર આ ને આ વાત જુદી જુદી રીતે આપણી સમક્ષ મૂકવામાં આવે છે ત્યારે આપણી દૃષ્ટિ ખૂલે છે ને આપણે સમજવાં માંડીએ છીએ.

આપણા જીવન ઉપર આપણે નજર નાખીએ છીએ અને થતી દરેક વસ્તુ તટસ્થતાથી નિહાળીએ છીએ તો એની સમજ પડવા માંડે છે કે ક્યાં આપણને વધારે આનંદ થાય છે, ક્યાં વધારે સંતોષ મળે છે. કઈ તરફ જવાને આપણે પ્રેરાઈએ છીએ, કઈ વસ્તુ આપણે આપણા માટે અને બીજાઓને માટે વધારે સારી રીતે કરી શકીએ છીએ. આપણામાં રહેલું કુદરતી વલણ આપણને આપણા જીવનના ધ્યેય અને હેતુ તરફ ખેંચતું જાય છે. આપણને આપણા પોતાના જીવનની સાર્થકતા શામાં રહેલી છે તેનો ખ્યાલ આવતો જાય છે.

આપણામાં ધ્યેય અને હેતુ વિશેની સમજ ઊઘડી જાય, પછીથી એ તરફ જવાનો માર્ગ આપણને દેખાવા માંડે છે. આપણા પ્રયત્નો પણ એ દિશામાં શરૂ થાય છે અને વધારે ને વધારે જોર પકડતા જાય છે. શરૂ શરૂમાં પૂજ્ય મોટા જ્યારે કહેતા કે જે કાંઈ કરીએ તેમાં ઉપયોગ અને ઉપભોગનો ખ્યાલ રાખીને કરવું ત્યારે બરાબર સમજ પડેલી નહિ. જ્યારે સ્પષ્ટ રીતે ખ્યાલ આવ્યો કે ધ્યેય અને હેતુ જીવન જીવવા અગત્યના છે ત્યારે જ સમજ પડી કે જે કાંઈ કરીએ તેમાં ઉપયોગનો ખ્યાલ રાખીએ તો આપણા લક્ષ તરફ એક ડગલું આગળ જઈએ છીએ. જે કાંઈ કરીએ તેમાં ઉપભોગનો ખ્યાલ રાખીએ તો જ્યાં છીએ ત્યાં જ ફસાઈ જઈએ અને આપણી પ્રગતિ અટકી પડે.

આપણા જીવનમાં દરેક પળે આપણને આપણા ધ્યેય અને જે કાંઈ કરીએ તેમાં ઉપયોગનો-એટલે ધ્યેય તરફ જવાનો ખ્યાલ સૌથી મોખરે રહ્યા કરે, તો આપણે આપણું જીવન સાર્થક કરી શકીએ.

પૂજ્ય મોટાએ આપણને રસથી ભરપૂર જીવન જીવવાનો આ સરળ માર્ગ દેખાડ્યો છે.

* * *

જે જે મળેલું છે તે તે શક્તિ પોતે જ છે. એનો જેવી રીતે જીવ ઉપયોગ કે ઉપભોગ કરે છે, તેમ તેમ તેવી તેવી રીતે એનો પટ વહ્યા કે બન્યા જતો હોય છે. જ્ઞાની અને અજ્ઞાનીમાં કશો જ ફરક દેખાતો નથી. એક છે તે ઉપયોગ કર્યા કરે છે અને બીજો છે તે ભોગવ્યા જ કરે છે.

('જીવનપ્રેરણા', પૃ. ૧૧૭) —મોટા

* * *

## પૂજ્ય શ્રીમોટાની મૌલિકતા

### શ્રી કાંતિભાઈ કાંટાવાળા

બી.ઈ. એમ. આઈ.ઈ. (ઇંડિયા)

(અમદાવાદ નગરપાલિકાના ભૂતપૂર્વ કમિશનર, ગુજરાત રાજ્યના નિવૃત્ત ચીફ ઍંજિનિયર, હાલમાં ગુજરાત હાઉસિંગ કૉર્પોરેશનના અધ્યક્ષ)

પૂજ્ય શ્રીમોટાએ સુરત મુકામે ઊજવાયેલા દીક્ષાદિનના ઉત્સવટાણે 'દીક્ષા'નો અર્થ સમજાવતાં કહેલું કે દીક્ષા એટલે સર્વ ભાવે સમર્પણ કરવું તે. તેમણે જણાવ્યું કે જીવનના ઉચ્ચતમ આશયમાં હોમાઈ જવું તેનું નામ 'દીક્ષા'. આપણું આ જીવન કેવળ સાંસારિક સુખો માટે નથી, પરંતુ આપણને મળેલાં પ્રાપ્તકર્મ કરવા માટે છે. માટે સંસારને મનમાંથી કાઢી નાખવો જોઈએ. મનમાંથી સંસારને કાઢી નાખી જે કાંઈ કર્મ કરીએ, તે પ્રભુપ્રીત્યર્થે અને પ્રજાના લાભાર્થે કરવું જોઈએ. આ સંસારમાંથી કે ગૃહસ્થાશ્રમમાંથી ભાગી છુટાતું નથી. "There is no escapism". એ દૃષ્ટિએ પૂજ્ય શ્રીમોટાને ચીલેચલુ સંન્યાસમાં બહુ શ્રદ્ધા નથી. હા, કોઈક વિવેકાનંદ, રામકૃષ્ણ, રમણ મહર્ષિ જેવાની વાત જુદી છે. જેનો ચેતનાગ્નિ એકદમ ભભૂક્યો છે એવાઓને સંન્યાસનો અધિકાર છે. પૂજ્ય શ્રીમોટાએ ભગવાં નહિ પહેર્યાં, પરંતુ તે ભગવાન માટે જીવે છે. સમાજસેવા એ પ્રચલિત શબ્દ છે. એટલે તે શબ્દનો ઉપયોગ પૂજ્ય શ્રીમોટા કરે

છે. બાકી, તેમનાં પ્રત્યેક કાર્યમાં તે ભગવાનનું કામ કરે છે તેમ તેમને સતત લાગ્યા કરે છે. અને તેથી જ અનેક રોગોના ઘર થઈ ગયેલા શરીર સાથે પણ તેઓશ્રી તેમનો કર્મયોગ અસ્ખલિત ચાલુ રાખી શકે છે. મારી દૃષ્ટિએ દીક્ષાનો આ પ્રકારનો અર્થ તદ્દન મૌલિક જ છે. વળી, એમણે બીજી પણ એક વાતનો સંકેત કર્યો છે. એ પણ ઘણો જ સૂચક છે. તેઓશ્રી 'સમાજ'ને ભગવાનરૂપે જુએ છે. અથવા વધુ સ્પષ્ટપણે કહેવા જઈએ તો પૂ. મોટાને મન 'સમાજ' એ 'ભગવાન'નો પર્યાય છે.

'સમાજ' અને 'દીક્ષા' એ શબ્દો અંગે મને વિચાર કરતાં એમ લાગ્યું છે કે પૂજ્ય શ્રીમોટા જે સામાજિક ઉત્થાનની પ્રવૃત્તિ કરે છે, એ પાછળ એક ઘણો જ ઊંડો અને માર્મિક હેતુ રહેલો છે. એમના કાર્યના આધ્યાત્મિક અંશોની તપાસ કરવાનું મારું કામ નથી, પણ તેઓશ્રીએ 'સમાજ' અને 'દીક્ષા' એ શબ્દોના જે અર્થો દર્શાવ્યા એ પરથી મને એમ સ્પષ્ટ લાગે છે કે સમાજને ચરણે સર્વ ભાવે અને સર્વ રીતે તેઓશ્રી એક પ્રકારની સમર્પણ ગંગા વહાવે છે. આમ કહેવા કરતાં મને એમ કહેવું વધુ ઉચિત લાગે છે કે વ્યક્તિઓમાં ભાવ જગાવીને એમનામાં સમાજના ઉત્થાનના કાર્ય માટે પુરુષાર્થ પ્રેરે છે. આથી, એક પ્રકારનું સામાજિક ઉત્થાન તેઓશ્રી કરી રહ્યા છે.

તેઓશ્રીનું સમગ્ર જીવન ગરીબીમાં જ વીત્યું છે. આમ છતાં પ્રભુપદ પામ્યા પછી આજપર્યંત તેઓશ્રીનાં પચાસ જેટલાં પુસ્તકો પ્રકાશિત થયાં, એના વેચાણની સંપૂર્ણ આવક લગભગ એક લાખ રૂપિયા ઉપરાંતની થઈ છે. અને સમાજ માટે જ વપરાઈ છે. એમની આ સમર્પણ-સેવા તેમ જ એમનું 'mission' વેગવંત બનતાં સૌ કોઈ દ્વારા આખો સમાજ કેવી રીતે ઉત્કર્ષ સાધતો હશે એવો વિચાર ઘણાંને આવે છે ખરો ?

**પૂજ્ય શ્રીમોટાના 'mission'નું એ મહત્ત્વ છે કે એમણે યોજેલાં કાર્યો દ્વારા સમાજમાં ગુણ અને ભાવ વિકસે છે. તેઓશ્રીને જ સમુદ્રતરણ સ્પર્ધાઓ યોજવાનો સૌથી પ્રથમ વિચાર આવ્યો છે. વૈભવ અને વિલાસમાં ડૂબી રહેલા સમાજ સામે શૌર્ય, સાહસ અને હિંમત જેવા ગુણોથી કદરભક્તિનું આ કેટલું મોટું દૃષ્ટાંત છે એનું મૂલ્યાંકન તો ભવિષ્યમાં ઈતિહાસકારો કરશે,** પણ ભારતનો વિશાળ સાગરકિનારો પ્રત્યેક ભારતવાસીનો છે. એમાં સૌ કોઈ આવી શકે. આથી, ગુણની ભૂમિકા પર એક પ્રકારની એકતા પણ સધાય. મિહિર સેન અને નાથુભાઈ પહાડે જેવા તરવૈયાની કદર જગતના અન્ય દેશો કરે અને ભારત એમાં ઊણું ઊતરે એ શરમને દૂર કરવાનું કાર્ય પૂજ્ય શ્રીમોટા દ્વારા થયું છે.

**પૂજ્ય શ્રીમોટા એક સંતપુરુષ છે. સમાજના બધા જ સ્તરને સ્પર્શે, સમાજનાં સર્વ અંગો વિકસે એવા એમના વ્યાપક હેતુનાં દર્શન એમણે કરેલી યોજનાઓમાં જોવા મળે છે. વૈજ્ઞાનિકોની સંશોધન શક્તિની કદર કરવાનું અને વૈજ્ઞાનિકોની પ્રતિભાને પ્રેરવાનું આજપર્યંત કોઈ પણ સંતપુરુષને સૂઝ્યું હોય તો તે પૂજ્ય શ્રીમોટાને. વૈજ્ઞાનિકની બુદ્ધિશક્તિ અને એનું સંશોધન આખીય માનવજાતિને ઉપયોગી થતાં હોય છે. પૂજ્ય શ્રીમોટાએ ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, મેડિકલ વિજ્ઞાન, આયુર્વેદ, ખેતીવાડી જેવી વિજ્ઞાનની વિવિધ શાખાઓમાં સંશોધન પ્રેર્યું છે. અને એમાં જ્યાં જ્યાં સંશોધન થયું છે, ત્યાં ત્યાં સામે ચાલીને પૂજ્ય શ્રીમોટાએ એની ઉમળકાથી કદર કરી છે.** ધર્મ અને વિજ્ઞાન એ એક બીજાના વિરોધી નથી, પણ વિજ્ઞાન મતલબ કે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ, વૈજ્ઞાનિક સંશોધન ધર્મને વધુ તેજસ્વી અને હવેના

યુગમાં વધુ સ્વીકાર્ય બનાવનારું એક અસરકારક પરિબળ છે. એ વાત પૂજ્ય શ્રીમોટા જેવા સંતના આવાં કાર્યો દ્વારા મને સમજાયું છે.

પૂજ્ય શ્રીમોટાએ સુરતમાં એમ કહ્યું કે, 'મારા ગુરુમહારાજે મારામાં જે દીવો પ્રગટાવ્યો છે, એ રીતે દીવાથી દીવો ન પ્રગટે ત્યાં લગી મેં ગુરુનું ઋણ અદા કર્યું ન ગણાય.' જોકે પૂજ્ય શ્રીમોટાની આ વાત તો ઘણી જ ગહન વાત છે, પણ સમાજમાં પણ ગુણોનો પ્રસાર ગુણથી જ થઈ શકે. એ વાત મને ઠીક ઠીક સમજાઈ છે. પૂજ્ય શ્રીમોટા ગુણ સાથે ભાવનું મહત્ત્વ સંપૂર્ણપણે સ્વીકારે છે. એનું તાત્પર્ય એ છે કે ગુણો જો ઊર્ધ્વગામી હેતુ પરત્વે ચોંટાડી રાખનારા ન બને તો માનવજાતિ માટે એ સર્વથા પ્રેરક ન પણ બને. આથી, જે ગુણો ઉચ્ચ ભાવનાગામી બનાવતા હોય છે એવી શક્તિની કદર ભાવભર્યા હૃદયથી કરવી, અને એવી ગુણશક્તિને પ્રેરવાનું કામ પૂજ્ય શ્રીમોટા દ્વારા થાય છે. સમાજમાં આ પ્રકારના વિચારનું જ માત્ર નહિ, પણ એ વિચારને કાર્ય દ્વારા પ્રસાર કરવાનું કામ પૂજ્ય શ્રીમોટા કરે છે.

પૂજ્ય શ્રીમોટાની આ 'mission' પાછળની આ પ્રકારની મૌલિકતા છે એમ મારી સમજમાં આવ્યું છે. ગુણ ગુણને પ્રેરે છે. અને એવા ક્રમિક વિકાસથી સમાજ ગુણો પરત્વે જાગ્રત થાય છે. એ રીતે સમાજ બેઠો થાય છે. પૂજ્ય શ્રીમોટાએ પોતાની મૌલિક દાન-યોજનાથી લેખનશક્તિને પણ બહાર આણી છે. એનો ઉલ્લેખ કરી મારી વાત પૂરી કરું. પૂજ્ય શ્રીમોટાએ કિશોરભારતી, બાલભારતી, જ્ઞાનગંગોત્રી, વિવિધ કોશ વગેરેનું પ્રકાશન પ્રેર્યું છે એ કેટલું ચિરંજીવ કાર્ય છે એ તો જે તે વિષયના નિષ્ણાતો સમજશે, પણ આ પ્રકારની લખવાની શક્તિ ગુજરાતમાં જે જે વ્યક્તિઓમાં હતી, એમની શક્તિને પ્રકાશમાં આવવાનું બન્યું છે એ તો દેખીતું જ પરિણામ છે. વળી, આ પ્રકારનું અક્ષરકાર્ય ભાવિ પેઢીને માર્ગદર્શક પણ થઈ પડશે તોય એનું શ્રેય ઓછું નથી. વિપુલ પ્રમાણમાં પ્રકાશિત થઈ રહેલાં સાહિત્યની હીનતા સામે બરાડા પાડવા કરતાં એથી ચઢિયાતા તેમ જ દીર્ઘકાળ સુધી ઉપયોગી બની રહે એવા સાહિત્યનું પ્રકાશન કરવું એ પૂજ્ય શ્રીમોટાનાં કાર્યની દીર્ઘદૃષ્ટિભરી મૌલિક સૂઝ દર્શાવે છે.

ગુજરાતનો પ્રજાવર્ગ આ બધાં પાસાંનો આ રીતે વિચાર કરશે તો પૂજ્ય શ્રીમોટાના 'mission' માટે એ સક્રિય બની રહેશે એવી મને શ્રદ્ધા છે. આવી ભાવના સાથે પૂજ્યશ્રીને નમ્ર વંદન કરી વિરમું છું. હરિઃૐ

❊ ❊ ❊

## મૌલિકતાનાં મૂળ

**પ્રશ્ન** : **મોટા,** આપે તરણસ્પર્ધા, સાઈક્લિંગ હરીફાઈ વગેરે માટે દાન કર્યાં છે. તો એવાં દાનને અને અધ્યાત્મને શો સંબંધ ? આવું દાન કોઈ આધ્યાત્મિક સંતે કર્યું સાંભળ્યું નથી.

**ઉત્તર** : સાહસના પ્રસંગોને ખાસ આવકારવા જોઈએ. એવા મળેલા પ્રસંગ એ તો પ્રભુની કૃપાતક છે. જો જીવનધ્યેયનો હેતુ લક્ષમાં હોય તો મળેલો પ્રસંગ તો જીવનના ઘડતરની એરણ છે. જીવનમાં શ્રીભગવાન ઉપરની જ્ઞાનભક્તિપૂર્વકની શ્રદ્ધા વિના આ પંથમાં એક ડગલું પણ આગળ ભરી શકાશે નહિ. એવી શ્રદ્ધાને પરિણામે સાહસના પ્રસંગને આપણી કેળવણીને અર્થે જ્ઞાનપૂર્વક વધાવી લઈશું તો જીવનમાં સાહસ, હિંમત, ધીરજ

ઉત્સાહ વગેરે ગુણોનો સંચાર થશે. તે ગુણો પણ હોડીના સઢની કે પવનની ગરજ સારે છે. આપણે સામાન્ય લોક તો સહીસલામતીને જ ખોળીએ છીએ. કેમ કરીને જીવનમાં એશઆરામ ને સુખચેન વધારેમાં વધારે મળે અને સાહેબી ભોગવી શકાય એ જ એકમાત્ર દૃષ્ટિબિંદુ આપણું હોય છે, પરંતુ આ માર્ગના પ્રવાસીએ તો એવી સહીસલામતીને, ઉપભોગની લાલસાને, તિલાંજલિ આપી દેવાની છે. સહીસલામતીની વૃત્તિના સકંચામાં જે રહ્યા કર્યો તે તો મૂઓ જ સમજવો. એવાનામાં આત્મબળ ક્યાંથી પેદા થાય ? એટલે સહીસલામતીની પકડમાં રહ્યા કરીને જે કંઈ થતું હોય તે કરવું, એવી દૃષ્ટિ ને એવી ટેવ છોડી દેવાના જો પ્રસંગો આવે, તો તે પ્રસંગોને ઊલટા વધાવી લેવાના છે. માટે જ આવાં કાર્ય માટેનાં દાન એ મારાં મૌલિક કાર્યો છે. સાચો અનુભવી મૌલિક જ હોય. ગતાનુગતિક ચાલે એ અનુભવી નહિ. મારા ગુરુમહારાજ કહેતા કે બધાં કરે એવું તું ન કરતો. કોઈને ન સૂઝે એવું મૌલિક જ તું કરજે.

**(સંપાદક : ઈંદુકુમાર દેસાઈ.)**

* * *

# પ્રેમગંગા

## શ્રી રમણલાલ કાંટાવાળા

એમ. એ. એલ એલ. બી.

(મુંબઈ હાઈકોર્ટના વિદ્વાન વડા ન્યાયાધીશ.)

પૂજ્ય શ્રીમોટાની જીવનદૃષ્ટિ અતિ વિશાળ, સચોટ અને સત્યભાસી છે. સંસારીજીવન પ્રત્યે તેમને અનુરાગ નથી. માણસને સંસારમાં રહી ઈશ્વરાભિમુખ કેમ થવું, આત્માનો વિકાસ કેમ સાધવો તે જિજ્ઞાસુને સહજ રીતે તેઓ બતાવે છે. તેમની વિદ્વત્તા, જ્ઞાન અપૂર્વ હોવા છતાં ક્યાંય આડંબર દેખાતો નથી. એ તેમની નમ્રતા છે. એમના વિચારમાં તત્ત્વજ્ઞાનની ઝાંખી થાય છે. તેમની વાણીમાં નમ્રતા વહે છે. તેમનાં કર્મમાં એકરાગતા, કીર્તન, શ્રદ્ધા, પ્રભુનામસ્મરણ, પ્રેમ, ધ્યાન સ્પષ્ટ ભાસે છે. તેમનાં પુસ્તકો સરળ, સચોટ અને હૃદયસ્પર્શી છે. તેમની વાણી અને ભાષા સરળ છતાં મર્મગામી છે. તેઓશ્રી જીવનમાં કાર્યશીલતા અને સત્સંગ પર ભાર મૂકે છે. પ્રભુને પામવા હોય તો સતત નામસ્મરણ કરવું, રાગદ્વેષ ઓછા કરવા, દરેક કાર્ય ઉત્સાહ, ઉમંગથી, નમ્રભાવે પ્રભુપ્રેરણાથી થયું છે, એ ભાવ સાથે પ્રભુને અર્પણ કરી કર્યા કરવું, એ તેમનો આદેશ છે.

પૂજ્ય શ્રીમોટાના સાંનિધ્યમાં લાંબો સમય રહેવાનો અમૂલ્ય અવસર હજુ મને સાંપડ્યો નથી, પરંતુ મારા પૂજ્ય ભાઈ શ્રી કાંતિભાઈને પૂજ્યશ્રી સાથે ખૂબ નિકટતા પ્રાપ્ત કરવાનું, તેમનો અપૂર્વ પ્રેમભાવ મેળવવાનું અને તેમની ચેતનાને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સાક્ષાત્ અનુભવવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે. પૂ. કાંતિભાઈની સાથે પૂજ્યશ્રીએ અમારા આખાય કુટુંબને, બધાંય ભાઈબહેનોને તેમનાં સ્વજન બનાવી તેમના પ્રેમની અવિરત વહેતી ભાવગંગામાં અમને તરબોળ કર્યાં છે. દિવાળી કે અન્ય શુભ પ્રસંગોએ

શુભેચ્છાભરી ભાવલાગણી-આશીર્વાદ પોતાની મેળે યાદ કરીને આપે છે. આમાં તેમના હૃદયમાં રહેલી અમારા પ્રત્યેની આત્મીયતાનાં દર્શન થાય છે. પૂજ્યશ્રી સાથેનો મારો સંપર્ક છેલ્લાં ચારપાંચ વર્ષનો જ છે, પણ આજે તેમના ભાવમાં જન્મોજન્મની જૂની પ્રીતનાં અમી વરસે છે. તેમના ભાવમાં ક્યારેય કમીના નથી. તેમને મળતાં, ચરણમાં નમતાં એક અપૂર્વ પ્રેમનું દર્શન થાય છે. ઘડીભર તો હૈયાને ગદ્‌ગદ કરી નાખે તેવો પ્રેમ તેઓ વરસાવે છે. તેમની આંખોમાં પ્રેમ અમીરસ નીતરે છે. તે જોતાં તેમાં વડીલના વાત્સલ્યની ઝાંખી થાય છે. શબ્દોમાં એનું વર્ણન કે મૂલ્યાંકન કરવાની મારી શક્તિ નથી.

પૂજ્ય શ્રીમોટા ઉદાર, ઉદાત્ત અને મહાનુભાવી આત્મા છે. તેમની અમારા પ્રત્યેની આત્મીયતાનાં દર્શન અમને બે રીતે થયાં છે. એક તો મારા પૂ. પિતાશ્રી માણેકલાલ ચૂનીલાલ કાંટાવાળાનું નામ વિદ્યાર્થી આલમમાં અમર રાખવા તેમના સ્મરણાર્થે પૂજ્યશ્રી મોટાએ, 'કિશોરભારતી'ના વીસ ગ્રંથો પ્રગટ કરવા હરિઃૐ આશ્રમ પ્રેરિત રૂપિયા બે લાખનું દાન કર્યું છે. બીજું અમે ખંભાતનિવાસી હોઈ ખંભાતની જનતાને મારા પિતાશ્રીનું નામ સ્મરણમાં રહે એવું રૂપિયા ચૌદ હજાર જેટલી રકમનું દાન, ખંભાત મ્યુનિસિપાલિટીને દર વર્ષે સાઇકલ હરીફાઈ યોજી, તે રકમના વ્યાજમાંથી પ્રથમ આવનારને ઇનામ આપવા માટે આપ્યું છે. પૂજ્યશ્રીને શારીરિક સંપત્તિ અને સાહસ પ્રત્યે પ્રેમ હોવાથી એવા ગુણોની વૃદ્ધિ માટે ગુજરાત તેમ જ મહારાષ્ટ્રની સરકારોને મોટી રકમ ભેટ આપી છે. અમારા આત્મજન બનીને અમારે કરવાનાં કાર્યો તેમણે કર્યાં છે અને એ રીતે અમને દીપાવ્યા છે. તેમાં આ પ્રેમને ઝીલવા અમે સૌ પાત્ર નથી. આમ, પૂજ્યશ્રીનો અમારા પ્રત્યેનો પ્રેમભાવ, સહૃદયતા એક અકળ અને અદ્‌ભુત ઘટના છે. મારા જીવનમાં પૂજ્યશ્રીની પ્રેમગંગા પ્રભુકૃપાથી અવિરત વહેતી રહે એવું હૃદયપૂર્વક ચાહું છું. અને તેમની સદ્‌ભાવનાનું પ્રતિબિંબ મારા જીવનમાં પડતું રહે એવું પ્રાર્થું છું. પૂજ્યશ્રીને મારાં સહસ્ર વંદન.

* * *

## સાધનાનું હૃદય—ભાવ.

**પ્રશ્ન** : *મોટા*, જીવનવિકાસ કાજે સૌથી પહેલી આવશ્યકતા કઈ ?

**ઉત્તર** : મનથી આપણે નોખાં છીએ એવો અભ્યાસ કેળવતાં રહીએ તો જ જીવનવિકાસ થઈ શકે. બાકી, મન તો જરૂર 'જીવ'-પણામાં જ રખાવે. મનનું કહ્યું કરવામાં રાચ્યા તો તો પછી ઉપર આવી જ ન શકાય. તેથી તો 'મન જ નર્ક કે મોક્ષનું દ્વાર' એમ કહેલું છે. મનના તરંગોને તો કદી પણ વશ ન થવાય, એટલી ને એવી જાગૃતિ રખાય તો ઉત્તમ.

મનમાં જે મનોમંથન થાય એમાંથી જીવનને યોગ્ય પરિવર્તન પમાડે, એવી નક્કર ભાવના પ્રગટતી રહે, તો મનોમંથન યોગ્ય પ્રકારનું સમજવું. બાકી તો મન નકામા નકામા તરંગે ચઢીને જીવનને ઊથલાવી પણ નંખાવે. જે માર્ગની પ્રાણપ્રતિષ્ઠા હૃદય કરાવવાનું છે એવા હૃદયથી કેળવાઈ જવાનું ત્યારે જ બને કે બધા નિમ્ન પ્રકારનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ શમી જાય, ને જીવનવિકાસની લગની પ્રગટે. લગની પ્રગટતાં જે ભાવ પ્રગટે છે, તેવો ભાવ જ મનાદિના પ્રકૃતિસ્વરૂપને પલટાવવા શક્તિવંત બની શકે.

**પ્રશ્ન** : *મોટા*, એનો અર્થ એવો કે જીવનવિકાસની સાધના કાજે લગની એ આવશ્યક શરત ગણાય એમને ?

**ઉત્તર** : હા, પણ લગની પ્રગટતાં જે ભાવ પ્રગટે તે મહત્ત્વનો છે. સાધનામાં ભાવ મુખ્ય અને મહત્ત્વનો ભાગ ભજવે છે.

**પ્રશ્ન** : તો *મોટા*, સાધકોએ ભાવ પરત્વે જ ઝોક આપવો જોઈએને ?

**ઉત્તર** : સાધકે જ્યાં ત્યાં કર્મ કરતાં કરતાં ભાવને જ પ્રાધાન્ય દેવું ઘટે. ભાવ વિનાનું કર્મ, ને તે પણ જીવનવિકાસ પરત્વે જો ન હોય તો તે કર્મ ભલેને ઉત્તમ હોય, પણ બંધન જ થાય. અનેક જન્મોનું કારણ તે બનવાનું. પણ જો કર્મ ગમે તે પ્રકારનું હોય પણ તેમાં હૃદયનો ભાવ પ્રભુભાવનાનો કર્યો હોય તો તે કર્મનો પ્રકાર કર્મની રીતે નથી રહેતો, કર્મ કરતાં કરતાં જે ભાવ મહત્ત્વપણે જ્ઞાનભક્તિપૂર્વક હૃદયમાં જીવતો હોય છે, તે પ્રમાણે જ કર્મનાં સંસ્કાર અને પરિણામ હોવાનાં. માટે ભાવ જ ઉપયોગી છે.

(સંપાદક : **પ્રા. રમેશભાઈ ભટ્ટ.**)

* * *

# સંસ્કૃતિના સંરક્ષક


## ડૉ. આર. ડી. દેસાઈ

બી.એ.એમ.એસસી. (બોમ્બે) ડી. એસસી. (લંડન)
એફ. આર. આઈ. સી., એફ. આઈ. આઈ. એસસી.,
એફ. એ.એસ. સી., એફ. એન. આઈ.

(એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ અને એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના ભૂતપૂર્વ આચાર્ય અને ખ્યાતનામ વૈજ્ઞાનિક-રસાયણશાસ્ત્રી. ઑલ ઇંડિયા સાયન્સ કૉલેજના રસાયણ વિભાગના એક વખતના પ્રમુખ. ઑલ ઇંડિયા કેમિકલ સોસાયટીના ભૂતપૂર્વ પ્રમુખ.)


શ્રી ચૂનીલાલ ભાવસારના નામથી પૂર્વાશ્રમમાં ઓળખાતા અને અત્યંત ગરીબ કુટુંબમાં જન્મેલા છતાં પાછળથી ઉગ્ર તપશ્ચર્યા કરી બ્રહ્મનો સાક્ષાત્કાર કરી પૂજ્ય શ્રીમોટાના નામે પ્રસિદ્ધ થયેલા યોગીપુરુષ ગુજરાતના પારસમણિ છે. આધુનિક જમાનામાં માણસ ભૌતિક સુખની પાછળ આંધળો થઈને દોડે છે અને અધ્યાત્મની ઉપેક્ષા કરે છે. **અધ્યાત્મ એટલે ઈશ્વરના અસ્તિત્વને માનવું અને હૃદયમાં રહેલા પરમાત્માને પારખી મન, બુદ્ધિ અને ઇંદ્રિયોનો નિગ્રહ કરી તેનો અનુભવ કરવો.** હાલમાં લોકો ત્યાગ અને વૈરાગ્યની ઠેકડી કરી, ભોગમાં મસ્ત રહી સંસારમાં ડૂબેલા રહે છે. પાશ્ચાત્ય સંસ્કૃતિની પકડ એટલી બધી મજબૂત થતી ચાલી છે કે ભૌતિક સુખો મેળવવા ધર્મ અને નીતિના નિયમોને નેવે મૂકવામાં આવે છે. ક્ષણિક સુખ મેળવવા ગમે તે કરવા વ્યક્તિ પ્રવૃત્ત થાય છે અને તેથી સમાજ અધોગતિને પંથે ઘસડાઈ રહ્યો છે. જૂની અને નવી સંસ્કૃતિ ટકરાવા લાગી છે. પુરાણી અને નવી પેઢી વચ્ચે માનસિક અને વૈચારિક સંઘર્ષણ રોજિંદી બાબતો બની ગઈ છે. જ્ઞાન, વય અને સત્તા વગેરેને માન તથા સત્કાર મળવાને બદલે તેમની હાંસી થાય છે. કેળવણી, નૈતિક આચારવિચાર તથા આર્ય સંસ્કૃતિ વગેરેનાં અવમૂલ્યન થયાં છે. જ્યાં જુઓ ત્યાં ભ્રષ્ટતા, લાંચરુશવત અને ખુશામતખોરી જોવામાં આવે છે. આવા કપરા કાળમાં સદાચારનું રક્ષણ કરવા તથા સમાજને માર્ગદર્શન આપવા સંતપુરુષો જન્મે છે અને પોતાના

જીવનમાં વિચાર, વાણી અને વર્તનથી બહુજન સમાજને ધર્મ, નીતિ અને સદાચાર તરફ વાળે છે. આવી સંતશ્રેણીમાં આપણા મહાન સંત પૂજ્યશ્રી મોટાની ગણના થાય છે.

પૂજ્ય શ્રીમોટા તેજસ્વી તો છે જ, પરંતુ એમની નેત્રજ્યોતનો પ્રભાવ એવો અવર્ણનીય છે કે ભલભલા એમનાથી આકર્ષાઈ જાય છે. દર્શને આવેલો માણસ ઘરે પાછો ફર્યા બાદ પોતાનામાં કંઈક ધાર્મિક કે નૈતિક સંસ્કાર રેડાયા હોય એમ અનુભવે છે, કારણ કે પરમાત્માપદે પહોંચેલામાં સામાન્ય માણસને પોતાના આત્મતત્ત્વ પ્રત્યે વાળવાની અને એ રીતે પરમાત્મા તરફ ખેંચવાની શક્તિ હોય છે. આ કારણથી બધાંને 'પૂજ્ય મોટા તો મારા જ છે.' એવું લાગ્યા કરે છે. તેઓ જ્યાં જ્યાં જાય ત્યાં દર્શનાર્થીની ભીડ રહે છે. તેઓ નિર્દોષ ભાવે બધાંને આવકારે છે. બાળકની સાથે બાળક જેવા, યુવાન સાથે યુવાન જેવા અને વૃદ્ધો સાથે વૃદ્ધો જેવા થઈ વાતચીત કરવા લાગી જાય છે.

જૂના અને આધુનિક વિદ્વાનોમાં પણ શ્રીમોટા બહુ પ્રિય છે. દાકતર, વકીલ, ઍન્જિનિયર, કૉન્ટ્રાક્ટર, પ્રોફેસર, આચાર્ય વગેરે નાના મોટા અધિકારીઓ દર્શન માટે આવે, અનેક પ્રશ્નો ઉપસ્થિત કરે અને તેમને સમાધાન થાય ત્યાં સુધી શ્રીમોટા જવાબ આપે. કોઈ સાધકને તેની પ્રગતિમાં અવરોધ દેખાય તો શ્રીમોટાને પૂછે અને માર્ગદર્શન મેળવે. તેઓ બધાંમાં ઈશ્વરભાવ નિહાળે છે. તેઓશ્રીમાં જ્ઞાન, કર્મ અને ભક્તિનો અવિરલ ત્રિવેણીસંગમ જોવામાં આવે છે. પાશ્ચાત્ય સંસ્કૃતિના સંઘર્ષથી ભારતવાસીઓમાં જે લઘુતાગ્રંથિ આવી છે તે દૂર કરવામાં શ્રીમોટાની પ્રવૃત્તિઓ ફાળો આપે છે. **આસ્તિકતા એટલે મનુષ્યમાં પોતાનામાં શ્રદ્ધા. એ શ્રદ્ધાનો અભાવ એટલે નાસ્તિકતા. દેવ કે ઈશ્વરમાં શ્રદ્ધા એટલે આસ્તિકતા એ વ્યાખ્યા પૂર્ણ નથી.** પૂજ્ય શ્રીમોટાની આધ્યાત્મિક વિચારધારાથી વ્યક્તિ આવી આસ્તિકતા કેળવતો થાય છે. ઈશ્વરને મેળવવા મનુષ્ય સેવા કરે છે. અભય કેળવી સાધના કરે છે.

વળી, અધ્યાત્મ સાથે વિજ્ઞાનને કેળવવા ઉપર તેઓ ભાર મૂકે છે. વિદ્યાર્થીઓમાં તેઓ ચારિત્રઘડતર, ખડતલ શરીર તથા સેવાભાવની આશા રાખે છે. આ માટે તેઓ ઇચ્છે છે કે વિદ્યાર્થીઓએ ધર્મના મૂળ સિદ્ધાંતોનો અભ્યાસ, વ્યાયામ અને શ્રમદાન વગેરે કરવું જોઈએ. હિંદુ સંસ્કૃતિમાં ત્યાગની ભાવના જૂની છે. મુનિઓ, કવિઓ, યોગીઓ, સંન્યાસીઓ વગેરે આપણને સતત યાદ કરાવે છે કે 'તમે ફક્ત તમારે માટે જ જીવતા નથી, પણ જે સમાજનું તમે અંગ છો તેને માટે પણ જીવો છો.' પૂજ્ય શ્રીમોટાના વિચારો જેમાં વિશ્વધર્મ અને વિશ્વબંધુત્વનાં બીજ રહેલાં છે. તેની દુનિયાને આજે જરૂર છે. તેઓમાં પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિનો સમન્વય છે. એકની પાસે ભૌતિક વિજ્ઞાન તથા મનુષ્ય માટે સુખ અને સંપત્તિનાં સાધન છે. જ્યારે બીજાની પાસે આધ્યાત્મિક જ્ઞાન તથા શરીરનાં મન, આત્મા અને અંતઃકરણને સુખ અને આનંદ આપવાનાં સાધનો છે. આ બન્ને સરખા પક્ષકાર બની સમન્વય સાધે, એમાં કોઈ યાચક નથી, કોઈ દાની નથી, આવું કંઈક તેઓ ઇચ્છે છે. વળી, ક્રિયાશીલ સંન્યાસી એકલી સમાધિમાં જ આનંદ માનતો નથી, પરંતુ લોકકલ્યાણનાં કાર્યો કરી પ્રવૃત્તિમાં નિવૃત્તિ ધારે છે.

બીજી રીતે જોતાં સૃષ્ટિ અને સ્રષ્ટા બન્નેની ઉપાસના આપણે કરવી છે અને તેમ કરવાથી જ આપણને સાચી જીવનદૃષ્ટિ મળશે, પણ સૃષ્ટિની ઉપાસના અધ્યાત્મવિદ્યાના માર્ગદર્શન પ્રમાણે કરવી જોઈએ. વિજ્ઞાન જીવનની ગતિ વધારશે પણ અધ્યાત્મ યોગ્ય દિશા આપશે. અધ્યાત્મવિદ્યા આ જમાનાની માગ છે. અધ્યાત્મવિદ્યા મારા અને તારાના ભેદ મિટાવવાનું કહે છે. વિજ્ઞાન પણ તે જ વાત કરી રહ્યું

છે કે એ ભેદ ન મટે તો આપણે પોતે જ ખતમ થઈ જઈશું. માનવ તથા માનવતા બન્ને નષ્ટપ્રાય થઈ જશે. આમ બન્ને એક જ વાત કરતાં હોય તો અધ્યાત્મવિદ્યાનું સામાજિકરણ થવું ખૂબ જરૂરી છે. ગુરુ-શિષ્યોના એકાંતમાં અને ગિરિકંદરાઓ અને ગુફાઓમાં જ પ્રાપ્ત થતી બ્રહ્મવિદ્યાની ગંગાને હવે લોકો વચ્ચે લાવવી પડશે. અર્થાત્ તેને ઘેર ઘેર પ્રવેશ કરાવવો પડશે. સામાજિક બ્રહ્મવિદ્યા આજે ઐતિહાસિક આવશ્યકતા છે. આના સંદર્ભમાં પૂજ્ય શ્રીમોટાનાં મૌનમંદિરોનું સંચાલન અને પોતાના ગુરુશ્રીને આપેલાં વચનપાલન માટે ભક્તો પાસેથી લઈને વહાવેલી દાનગંગાની યથાર્થતા સમજાશે. એઓશ્રી દીર્ઘાયુષ્ય ભોગવી આપણને સૌને ઉન્નત જીવન તરફ પ્રેરે એવી પ્રભુપ્રાર્થના.

* * *

## ખોવાયેલાં ઘેટાં

સંતો પાસે કાળા બજારિયા અને ચારિત્ર વિનાના આવે અને તેમના આમંત્રણથી તેઓ તેમના ઘરે જાય પણ ખરા. ત્યારે કેટલાંક અણગમો દર્શાવતા હોય છે. પૂજ્યશ્રી માટે પણ તે અંગે કેટલાંક ટીકા કરતા હોય છે. તે પરથી તેમણે સ્પષ્ટતા કરતાં કહ્યું : 'અમારો ધર્મ ચાહવાનો છે, કોઈનાં દુષ્કર્મ જોવાનો નથી.' ભ્રષ્ટ ચારિત્રની એક સ્ત્રી ઉપર જુલમ કરવા તૈયાર થયેલા લોકોને ઉદ્દેશીને જિસસ ક્રાઈસ્ટે શું કહ્યું હતું તે જાણો છો ? તેમણે કહ્યું હતું કે, 'તમારામાંથી જેણે એક પણ પાપ ન કર્યું હોય અને જે પવિત્ર હોય તે આ સ્ત્રીને પહેલો પથરો મારે.' ટોળાંમાંથી દરેકે પોતાની જાતને તપાસી અને ધીરે ધીરે વીખરાઈ ગયાં. કોઈ પથ્થર મારવા તૈયાર થયું નહિ... 'ખોવાયેલાં ઘેટાંની સંભાળ રાખવાનું કામ અમારું છે. બધાં ઉપર સદ્ભાવ રાખો. ગિરીશ ઘોષ કેવો માણસ હતો ? છતાં શ્રીરામકૃષ્ણ પરમહંસ તેને કેટલા ચાહતા હતા ? જાણતા ના હોય તો વાંચી જજો.' પૂજ્યશ્રીની આ વાત કેટલી યથાર્થ છે ! શ્રીરામકૃષ્ણદેવ કહેતા, 'સંતો એ દવાખાનું છે સંસારીઓનું.'

* * *

એક સ્વજનના સંસારમાં કેટલાંક કારણસર ઘણો ક્લેશ પ્રવર્તે. પૂજ્યશ્રી તે ભાઈને ત્યાં એક દિન ને રાત રોકાયેલા. વહેલી સવારે ત્યાંથી તેઓશ્રી વિદાય થવાના હતા ત્યારે પેલા સ્વજન એમની દૃષ્ટિથી બહાર એક ખૂણામાં બેઠેલા. તેમનાં પત્ની અને માતુશ્રી પૂજ્યશ્રીની નજીક બેઠેલાં. કોઈ કાંઈ ખાસ બોલે નહિ. વાતાવરણમાં ગંભીરતા છવાયેલી. એ લોકોના મનમાં કંઈક એવા પ્રકારનો અસંતોષ હશે કે 'પૂજ્યશ્રી પધાર્યા, પણ અમારા જીવનમાં શાંતિ પથરાય એવું કાંઈ કરતા ગયા નહિ. કોઈને ઠપકાના બે શબ્દો આપવા જેવા હોય તેવું પણ કંઈ કર્યું નહિ.'

પૂજ્યશ્રી કોઈને સીધી શિખામણ તો આપે નહિ. તેમની રીતો અનોખી છે. વળી, તેઓ કહે છે કે, ''અમારે કોઈનાં દુષ્કર્મ સામે જોવાનું હોતું નથી. અમારો ધર્મ બધાંને ચાહવાનો છે : તેમાં વળી 'ખોવાયેલા'ને વિશેષ.''

પૂજ્યશ્રીને ત્યાંથી ઊઠવાનો સમય થયો. ઊભા થવું મુશ્કેલ છતાં તેઓશ્રી ઊઠ્યા ને દૂર ખૂણામાં બેસી રહેલા સ્વજન પાસે જઈને તેને ભેટ્યા ને વહાલ કર્યું. પછી દરવાજા આગળ આવતાં ભીંત પર ટાંગેલા સાંઈબાબાના ફોટાની સામે હાથ કરીને બધાં ઊભેલાં સ્વજનોને ઘેરા ગંભીર કડક અવાજે કહ્યું, 'આ મરી ગયો નથી. જીવતોજાગતો બેઠો છે. તેની આગળ હૃદય વલોવાઈ જાય એવી પ્રાર્થના કરો. કોઈને કાંઈ કહેવાથી કશું વળશે નહિ.' એ અવાજમાં રહેલી એક પ્રકારની ઊંડી ભાવના, દર્દ ને કંઈક ચેતવણી હજુયે ગુંજ્યા કરે છે.

(શ્રી રતિલાલ મહેતા સંપાદિત 'પૂજ્યશ્રીની લીલાકળા'માંથી)

# અનોખા સંત

## ડૉ. રમણભાઈ કે. દેસાઈ

## શ્રી કુંજવિહારી ચૂનીલાલ મહેતા

(ડૉ. રમણભાઈ સુરત શહેરમાં હૃદયરોગના અગ્રગણ્ય નિષ્ણાત છે. ગુજરાત મેડિકલ કાઉન્સિલના પ્રમુખ, અને ઑલ ઇંડિયા મેડિકલ કાઉન્સિલના સભ્ય. શ્રી કુંજવિહારી મહેતા સુરતની એમ. ટી. બી. કૉલેજના આચાર્ય અને ગુજરાતી સાહિત્યના વિવેચક.)

ભારતની એક ખુશનસીબી છે કે એને ઠેઠ સંસ્કૃતિના ઉદ્ગમકાળથી સંતોની પરંપરા પ્રાપ્ત થઈ છે. આ સંતોએ આપણા પ્રજાજીવનનાં નૈતિક, ભૌતિક અને આધ્યાત્મિક પુનરુત્થાનમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. શ્રીમોટા આપણી સંતપરંપરાના એક સંત હોવા છતાં એમનું વ્યક્તિત્વ અનેક રીતે નિરાળું પડે છે. શ્રીમોટાએ સમાજની વચ્ચે રહીને સમાજની સેવા કરી સમગ્ર સમાજને અને સમાજના નાના મોટા માનવીઓને જીવનનાં ઉચ્ચ મૂલ્યો તરફ અભિમુખ કરવાનો પ્રયત્ન કર્યો છે. આ પ્રયત્નમાં એમણે વ્યક્તિના પોતાના પુરુષાર્થ ઉપર ભાર મૂકી એને એ દિશામાં પુરુષાર્થ કરવા પ્રેર્યો છે. જીવનથી અળગા રહી વનમાં જઈ સંન્યાસ સ્વીકારવાથી જ આત્માનું કલ્યાણ થાય એવી પણ આપણી એક મોટી પરંપરા છે, પણ શ્રીમોટા એ સિદ્ધાંત સાથે સંમત થતા નથી. એઓ માને છે કે જ્યારે સમષ્ટિ દુઃખમાં સબડતી હોય ત્યારે વ્યક્તિ સમષ્ટિથી અળગી થઈ કેવળ પોતાના આધ્યાત્મિક કલ્યાણનો માર્ગ વિચારે એમાં સ્વાર્થ છે. શ્રીમોટાનો આખો સિદ્ધાંત પ્રૅક્ટિકલ એસેટિસિઝમનો-વ્યવહારુ સાધુતાનો છે.

આજના વિજ્ઞાનયુગમાં પણ આપણે અનેક ચમત્કારોની વાતો વાંચીએ છીએ. પ્રજાજીવનનું માનસ કંઈક એવું છે કે જે ચમત્કાર કરે કે ચમત્કાર કરી બતાવે તે જ સાધુ. આ માન્યતામાં એક બાજુ પ્રજાની બૌદ્ધિક પંગુતા વ્યક્ત થાય છે તો બીજી બાજુ પ્રજાની ભિખારી વૃત્તિ પણ વ્યક્ત થાય છે. આપણે આપણા કશા પુરુષાર્થ-પ્રયત્ન વિના કેવળ કોઈક સાધુનો હાથ માથે મુકાય એટલે જીવનની સિદ્ધિ મેળવી લઈએ, આપણાં દુઃખોનું નિવારણ શોધી લઈએ, એ માન્યતાના પાયામાં જ ભિખારી વૃત્તિ સમાયેલી છે. શ્રીમોટાએ આવી કોઈ વૃત્તિને ઉત્તેજન કે પ્રોત્સાહન આપ્યાં નથી. જે કોઈ એમની પાસે ગયા છે, તેમને એમણે તેમના પ્રયત્નથી માનસિક શાંતિ મેળવવાને પ્રેર્યા છે. એમનો મંત્ર 'હરિઃૐ'નો છે, જે આપણો શાંતિમંત્ર છે. માનવી એકાંતવાસ સેવી આ મંત્રનું રટણ શ્રદ્ધાપૂર્વક કરે-અને શ્રીમોટાના આશ્રમનું વાતાવરણ જ એવું છે કે જે માનવીના હૃદયમાં શ્રદ્ધા પ્રેરે-તો માનવી બીજું કશું નહિ પણ પરમ આધ્યાત્મિક અને માનસિક શાંતિ પ્રાપ્ત કરે. આજના સમયમાં જેને આવી માનસિક શાંતિ પ્રાપ્ત થાય તે વ્યક્તિ બડભાગી ગણાય. આજના જીવનવ્યવહારમાં આપણે આપણું માનસિક શાંતિનું મહામૂલું રત્ન ખોઈ બેઠાં છીએ. શ્રીમોટાના વ્યક્તિત્વનું આ એક અનોખું પાસું અમે ગણીએ છીએ.

**વૈજ્ઞાનિક દૃષ્ટિ :**

શ્રીમોટાની દૃષ્ટિ સતત વૈજ્ઞાનિક રહી છે. એમણે ક્યારેય કોઈ વળગણ પોતાના વ્યવહારમાં કે પોતાના આચરણમાં કે પોતાના સિદ્ધાંતમાં આવવા દીધું નથી. જ્યારે જ્યારે તેઓ માંદા પડ્યા છે ત્યારે ત્યારે શરીરના દુઃખને તદ્દન તટસ્થભાવે એમણે સહન કર્યું છે. દુઃખ વધારે કષ્ટકારી બન્યું હશે ત્યારે આધ્યાત્મિક ચિંતન તરફ એમનું મન વળ્યું હશે પણ તે સાથે એમણે પોતાના શરીરની ચિકિત્સા સંપૂર્ણપણે આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિથી થવા દીધી છે. જ્યારે જ્યારે ડૉક્ટરોએ એવી ચિકિત્સા માટે જે જે પ્રસ્તાવો મૂક્યા હશે, તે તે એમણે તરત કશા પણ દુરાગ્રહ કે હઠાગ્રહ વગર સ્વીકારી લીધા છે. આ વલણમાં શ્રીમોટાની નિર્મળતા સાથે સાહજિક વિજ્ઞાનલક્ષી વૃત્તિ અને દૃષ્ટિ દેખાય છે. મનની અપાર સ્વસ્થતા અને તે સાથે આવી આધુનિકતાનો સમન્વય ઘણો વિરલ કહેવાય.

અહીં એક વાત નોંધવાનું મન થાય છે. શ્રીમોટાના આગળના જીવનનાં સંસ્મરણોમાં ક્યાંક નોંધાયું છે કે એમને હિસ્ટીરિયાની આંકડીઓ અવારનવાર આવતી હતી, પણ એ અંગે નોંધાયેલી હકીકતો ઉપરથી એટલું સ્પષ્ટપણે કહી શકાય કે એ હિસ્ટીરિયા નહોતો. આવું સ્વસ્થ મન, જીવનને એની તમામ કઠોર વાસ્તવિકતા સાથે સ્વીકારવાની તત્પરતાવાળી વૃત્તિ અને જીવનની સમતા જેમને સહજ છે તે હિસ્ટીરિયાથી ક્યારેય પીડાય નહિ. એમને જે રોગ થયેલો તેનાં લક્ષણ જોતાં એ રોગ (Epilepsy) એપિલેપ્સિ (ફેફરું)નો હતો એમ કહી શકાય અને અહીં એક બીજી અદ્‌ભુત ઘટના નોંધવી પડે. જગત આખાને ખબર છે કે એપિલેપ્સિ એકવાર થયા પછી ક્યારેય મટતો નથી, દેહના અવસાન સાથે જ એ રોગ જાય. અગર તો મુશ્કેલીથી કાબૂમાં લાવી શકાય છે, પણ શ્રીમોટાએ પોતાના તપથી, તિતિક્ષાથી, પોતાની આધ્યાત્મિક અને માનસિક શક્તિથી આવા અસાધ્ય રોગને પણ જીતી લીધો અને આજે એ અંશમાત્ર પણ એમના દેહમાં નથી. વિજ્ઞાનને પણ મૂંઝવે એવી આ ઘટના છે. એ એમના તપનો અને અથાક મનોબળનો પ્રભાવ મનાય.

**વિરલ સમન્વય :**

શ્રીમોટાએ આપણાં શાસ્ત્રોનું અધ્યયન મુદ્દલે કર્યું નથી અને છતાં આપણા પ્રાચીન ઋષિઓની ભારતીયતા આત્મસાત્ કરી છે. અને બીજી બાજુ આધુનિક વિજ્ઞાનની પ્રગતિનાં પ્રત્યેક સોપાનના સંપર્કમાં રહી પોતાની દૃષ્ટિને વૈજ્ઞાનિક બનાવી છે. આમ, આધ્યાત્મિક દૃષ્ટિ અને વૈજ્ઞાનિક દૃષ્ટિનો વિરલ કહી શકાય એવો યોગ એમના વ્યક્તિત્વમાં સધાયો છે. આ વિરલ યોગે શ્રીમોટાને આપણી વૈજ્ઞાનિક પ્રગતિને પ્રોત્સાહન આપવા પ્રેર્યા છે. આ દૃષ્ટિથી પ્રેરાઈને જ વિજ્ઞાનક્ષેત્રે સંશોધનકારોને પુરસ્કારવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને અને તબીબી ક્ષેત્રમાં થતાં સંશોધનને પુરસ્કારવા ઑલ ઇંડિયા મેડિકલ કાઉન્સિલને, કૃષિક્ષેત્રમાં સંશોધન કરે તેને પુરસ્કારવા ઇન્ડિયન ઍગ્રિકલ્ચર કાઉન્સિલને એમણે માતબર દાનો આપ્યાં છે. શ્રીમોટાએ તો સાહિત્યના જગતની અધૂરપો પૂરવા પોતાની કમર કસી જ્ઞાનગંગોત્રીની ગ્રંથમાળાનો પ્રવાહ શરૂ કરાવી દીધો. બાળસાહિત્યને વિકસાવવા તરફ એમની દૃષ્ટિ ગઈ છે. માનવીની આધ્યાત્મિક સંપત્તિ ત્યારે જ વિકસે જ્યારે એની શારીરિક સંપત્તિ પણ એટલી જ વિકસેલી હોય. નીડર માનવી જ માનવજીવનનું ગૌરવ બની શકે અને તેથી શરીરવિકાસ અને સાહસવૃત્તિ વિકસાવવા શ્રીમોટાએ સ્થળે

સ્થળે તરણકુંડો સ્થાપ્યા. મરદાનગીની રમતો, તરણસ્પર્ધાઓ યોજવા ઉત્તેજન આપ્યું. આપણું જીવન અનેકવિધ રીતે માતબર બને એ જોવાની એમની અનોખી મહેચ્છા છે.

**અનોખા સંત :**

શ્રીમોટા એક અનોખા સંત છે. પ્રજાકલ્યાણ માટે પ્રજા પાસેથી એમણે દાનો ઉઘરાવ્યાં છે. અને મોકળે હાથે તે પ્રજાના કલ્યાણ માટે વાપર્યાં છે. મજાકમાં પોતાને એ 'ભિખારી' કહે છે, પણ આ એક એવા ભિખારી છે કે જેમને ભીખમાં અનેક દાનો અને અઢળક સંપત્તિ મળતી હોવા છતાં પોતે અકિંચનના અકિંચન રહે છે. પોતાના શરીર ઉપર એકથી બીજું કપડું ધારણ કરતા નથી. એમની વાણીમાંથી સતત વિવેકપૂર્ણ વચનો ઝરે છે. એમના મુખ ઉપરનું સ્મિત ક્યારેય વિલાતું નથી. એમનું હાસ્ય જેટલું નિખાલસ એટલું શુદ્ધ હોય છે. એમના અવાજનો રણકો સતત કાનમાં ગૂંજ્યા કરતો રહે છે. એમની પાસે થોડોક સમય ગાળવો એ પણ જીવનનું એક શિક્ષણ છે. આજે જ્યારે પ્રજાની નાડ પારખી તેને સાચું કહી તેને વ્યવહારુ માર્ગે અને તેના પુરુષાર્થથી જ જીવનના ઉચ્ચ ક્રમે દોરનાર સંતપુરુષની ખોટ છે એવા જમાનામાં શ્રીમોટાના જીવનકાર્યથી એ ખોટ પુરાય છે. સમગ્ર ગુજરાત શ્રીમોટાનું અનેકગણું ઋણી છે. આજે આપણે એમનો સાક્ષાત્કારદિન ઊજવી કૃતાર્થ થઈએ છીએ, પણ આપણે એમનું ઋણ કંઈક અંશે પણ જ્યારે ચૂકવીશું ત્યારે વધારે કૃતાર્થ થઈશું.

* * *

## સ્મરણ

સ્મરણમાં ભાવ જેને છે, સ્મરણની શક્તિ જબ્બર છે,
સ્મરણ જેને જીવતું છે, સ્મરણ તેને તરાવે છે.
બધો ગુણધર્મ બુદ્ધિનો નર્યો પલટાય છે ત્યારે,
મતિ ભક્તિથી રંગાતાં નવો અવતાર પામે છે.
સ્મરણ એ તો ખરેખર મુજ જીવનનું ચલણી નાણું છે,
જીવન-સોદા શું અણમોલા, સ્મરણથી મેં ખરીદ્યા છે.
સ્મરણ શી આંધળા જનની પથે છે લાકડી રૂપે !
અજાણ્યો પંથ છોને હો છતાં તે ઠામ પહોંચાડે.
સ્મરણ પારસમણિ જેવું કરે લોઢાનું કંચન તે,
અતિશયોક્તિ આ ના છે, જીવન સુવર્ણ બનાવે છે.

(**પૂજ્ય શ્રીમોટા** વિરચિત વિવિધ પુસ્તકોમાંથી તારવીને.)

# પ્રકૃતિનો સ્વામી-એક વિરલ પ્રસંગ

## શ્રીમતી મીનાક્ષીબહેન દલાલ

પીએચ. ડી.

(સંસ્કૃતના અનુરાગી એવાં અભ્યાસી સમાજસેવિકા અમદાવાદ.)

तस्माद्यस्य महाबाहो निगृहीतानि सर्वशः ।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥
(ગીતા ૨।૬૮)

હવે તો *મોટા*ને મોટરમાંથી ઊંચકી ઘરમાં લાવવા પડે છે, અને એ જ પ્રમાણે એ અમારા ઘરે પધાર્યા ત્યારે થયું. તે દિવસે પૂજ્ય મોટાની તબિયત કંઈક વધુ અસ્વસ્થ જણાઈ. એટલે મેં પૂજ્યશ્રીને પૂછ્યું કે, '*મોટા*, આપની તબિયત કેમ છે ?' અને એમણે હસતાં હસતાં જવાબ આપ્યો કે, 'તબિયત તો જરાય સારી નથી.' માથું પણ દુઃખતું હોય તો આપણું તો મોં વિલાઈ જાય છે, પરંતુ પૂ. મોટા જ્યારે અનેક રોગોનો સામનો કરતાં કરતાં જે ભયંકર શારીરિક યાતનામાંથી પસાર થાય છે એની તો માત્ર કલ્પના કરવી રહી. એમના તેજસ્વી મુખ પર છાઈ રહેલી પ્રસન્નતા તો એનો અંદાજ કળાવા દે તેમ નથી.

બીજે દિવસે સાંજે એમની તબિયત વધુ બગડ્યાના સમાચાર જાણી અમે જ્યારે એમને મળવા ગયા, ત્યારે જોયું તો પડખાંમાં અસહ્ય દર્દ થતું હતું. શ્વાસની તકલીફ, ડાયાબિટીસ, ઍસિડિટી વગેરે અનેક દર્દોની પીડા તો હતી જ, તેમાં વળી આ નવા રોગનું દ્વિમુખી આક્રમણ ! સામાન્ય માનવી તો વેઠી જ ન શકે, પરંતુ પૂજ્ય મોટાની સહનશક્તિ ગજબ હતી. આ દારુણ દુઃખમાં પણ ए્ની સાથેની એકતા વીસરાતી ન હતી. બલકે તીવ્ર વેગે સ્વયંસ્ફુરિત કવિતારૂપે એમના મુખકમલમાંથી વહેતી હતી. વારંવાર કાગળ પેન્સિલ લઈ એ લખી લેતા હતા કે લખાવતા હતા. શરીરની પ્રકૃતિ પરનું કેવું અદ્‌ભુત પ્રભુત્વ ? દેહાધ્યાસનો સમૂળગો ધ્વંસ ! આત્મા અમર છે, નાશવંત શરીરનો મોહ તજવો જોઈએ એવી વાતો તો ઘણી સાંભળી હતી, પરંતુ ગીતાના આદર્શને સાક્ષાત્ મૂર્તિમંત થતો પ્રત્યક્ષ નિહાળ્યો તો તે દિવસે જ. પગ તો ઠંડા પડી જતા હતા છતાં મુખમાંથી એનો ઉલ્લેખ સુધ્ધાં નહિ. કોઈને યાદ આવે તો પગ પર ઓઢાડી ઓશીકાં મૂકે. બાકી એમને તો 'યું હી ભી વાહવાહ ઔર યું હી ભી વાહવાહ.' આમ, પૂજ્યશ્રી કવિતાની મસ્તીમાં અને ડૉક્ટરો રોગ મટાડવાની પેરવીમાં મશગૂલ ! હૉસ્પિટલમાં દાખલ થવાનું નક્કી થયું તો પૂજ્ય મોટા કહે, 'આવતી કાલનો કાર્યક્રમ તો રદ ન જ થવો જોઈએ.' જેમ તેમ એક રાત હૉસ્પિટલમાં રહેવા કબૂલ થયા ! વળી કહે કે, 'એક મરણોન્મુખ શેઠિયાને પોતાની કમાણીમાં ખોટ ન જાય એને માટે મહેનત કરતો મેં જોયો છે તો હું તબિયતને કારણે મારા ધંધામાં ખોટ શાની જવા દઉં ?' ભાવના અને આદર્શનો કેવો સુંદર વિકાસ ! પરમાર્થને આટલી હદે કેળવવો એ તો કોઈ વિરલ સંતને જ વરે.

આખી રાત હૉસ્પિટલમાં યથાવત્ સ્થિતિ રહી. ડૉક્ટરોની કૉન્ફરન્સ થઈ. જ્યાં અસહ્ય પીડા થતી હતી ત્યાં ઇન્જેક્શન અપાયાં. વાયુ છૂટી જાય એ માટે એનિમા વગેરે અનેક ઉપાયો યોજાયા, પરંતુ કોઈ

કારી ફાવી નહિ. પૂજ્ય મોટાએ રજાઈ, ગોદડાં અને ઓશીકાંના ડુંગર વચ્ચે બેઠાં બેઠાં આખી રાત વિતાવી. સવારે આઠ વાગ્યાની આસપાસ પૂજ્યશ્રીએ ઘડિયાળ સામું જોયું અને કહ્યું કે, 'સાડા આઠ વાગ્યે ડૉક્ટર આવવાના છે.' પછી જરા વાર રહીને કહે 'મને ઊંઘ આવતી હોય એવું લાગે છે તો જરા સૂઈ જાઉં. રજાઈ, ઓશીકાંના ઢગ ખસેડી પૂજ્યશ્રીને સુવાડ્યા. જેવા સૂતા તેવા **મોટા** તો ઘસઘસાટ ઊંઘી ગયા ! કોટિ ઉપાયે જે વાયુ પેટમાંથી છૂટતો ન હતો તે વિના તકલીફે સહજ રીતે છૂટવા લાગ્યો. આશ્ચર્યનું આશ્ચર્ય ! શરીરની પ્રકૃતિ પર સહનશક્તિનો વિજય તો અત્યાર સુધી જોયો હતો, પરંતુ ખુદ પ્રકૃતિને નાથી એને પોતાની ઈચ્છાને અનુરૂપ વર્તાવવી એ તો અદ્‌ભુત કહેવાય. ડૉક્ટરો આવે તે પહેલાં સારા થઈ જવું જેથી પોતાનો કાર્યક્રમ બગડે નહિ—પોતાના કર્તવ્યમાં ખામી આવે નહિ.

આ ધન્ય વિરલ પ્રસંગ જોવા, જાણવાનો અને અનુભવવાનો અનેરો લહાવો મળતાં મારું મન પ્રભુની અપાર અનુકંપાથી દ્રવી ઊઠ્યું અને ગદ્‌ગદ થઈ ગયું. સાથે સાથે પૂજ્યશ્રીનાં ચરણે અહોભાવથી નમી રહ્યું.

* * *

## શરીરનાં દર્દ

શરીરનાં દર્દ તે મુજને તને ચોંટાડી દેવાને
-મનાદિને વિષે, કેવો હરિ ઉપાય શોધ્યો તેં !
બધી તે સારી ખોટીમાં પ્રભુ તુજ રીત કેવી કે,
મને તારા સ્મરણની તે ઝલક દિલ કેવી પ્રગટે છે.
શરીરનાં દર્દને કોઈ ન ઉત્તમ તો ગણી શકશે,
શું આશીર્વાદ છતાં તારો મળેલાં દર્દ વિષે તે.
વિસારી એક પણ ક્ષણ ના શકાયે મુજથી તુજને,
થવા કૃતાર્થ આ દર્દ—થવા ધન્ય—મળેલાં છે.

**—મોટા**

* * *

## શરીરદુઃખ—ઈશ્વરની કૃપા

એક ભાઈને ઍસિડિટીનો રોગ ને પેટમાં વારંવાર દુખ્યા કરે. થોડા સમય પર પૂજ્યશ્રી સુરત ખાતે ક્લિનિકમાં આરામ અને દાક્તરી સારવાર માટે રહેલા. ત્યારે પેલા ભાઈ પૂજ્યશ્રીનાં દર્શને ગયેલા. એ ભાઈને વહાલ કર્યા પછી પૂજ્યશ્રીએ તેમની તબિયતના સમાચાર પૂછ્યા, 'હવે કેમ રહે છે ? ખોરાક લેવાય છે ? પેટમાં દુઃખે છે ?' પેલા ભાઈ કહે '*મોટા,* હવે બે-ત્રણ માસથી બહુ સારું છે. પેટમાં જરાયે દુઃખતું નથી. સામાન્ય ખોરાક લેવાય છે. ડૉક્ટરે પણ ચાલુ ખોરાક લેવાની રજા આપી છે.' 'તો તો બહુ સારું' પૂજ્યશ્રીએ ખુશી વ્યક્ત કરી. 'ભઈલા, મને જ્યારે જ્યારે પેટમાં દુઃખે ત્યારે હું ભગવાનને રાજી થઈને એવી પ્રાર્થના કરું કે, 'હે ભગવાન ! તારી અપાર કૃપા છે કે મને આ દુઃખે છે.'

(**શ્રી રતિલાલ મહેતા** સંપાદિત **'પૂજ્યશ્રીની લીલાકળા'**માંથી)

# સર્વપ્રિય શ્રીમોટા

## શ્રી ચીમનલાલ પ્રા. ભટ્ટ

(પૂ. ગાંધીજીના વિચાર અનુસારની પાયાની કેળવણી અને સર્વોતોમુખી રચનાત્મક પ્રવૃત્તિના કેંદ્ર સમા શ્રી જુગતરામ દવે સ્થાપિત સ્વરાજ્ય આશ્રમ, વેડછીના હાલના પ્રમુખ. અને વર્ષોથી બુનિયાદી કેળવણીના ભેખધારી. એક ભક્તહૃદયી સુંદર કીર્તનકાર.)

શ્રીમોટાએ કેટલાં બધાં ભાઈબહેનોને પોતાની કેટલી ઊંડી માયા લગાડી દીધી છે ! અને એમની ખૂબી એ છે કે તે કોઈ સામાન્ય સંસારીની માયા નથી, પણ તે તો સ્પષ્ટ રીતે ઉન્નત જીવનની, સદાચારની, રાગદ્વેષ રહિત વ્યવહારની, માનવતાનાં મૂલ્યોને જીવનમાં પ્રતિષ્ઠિત કરવાની, બળવાન પ્રેરણા છે. જે પ્રજામાં આવા જીવનને શુદ્ધ, સમૃદ્ધ કરવાની પ્રેરણા આપતા જંગમ તીર્થરાજ જેવા સત્પુરુષોની અખંડ હારમાળા ચાલતી રહે છે, તે પ્રજા ભાગ્યશાળી છે અને તેની સર્વાંગી-નૈતિક, આધ્યાત્મિક અને ભૌતિક પ્રગતિ થતી રહે છે. શ્રીમોટા આ સંતકક્ષાના પુરુષ છે. શ્રીમોટાનો આધ્યાત્મિક વિકાસ તેમના દૃઢ અને શુભ સંકલ્પબળનું પરિણામ છે. 'હરિઃૐ'નો તારક મંત્ર તો તેમને એક સાધુ મહાત્માએ આપ્યો, પરંતુ તેનો સ્વીકાર તો તેમણે વિશિષ્ટ અનુભવોને આધારે કર્યો. ગાંધીજીના મનમાં રામનામ જેમ અમોઘ ઈશ્વરીશક્તિનું પ્રતીક હતું, તે જ રીતે શ્રીમોટાને મન 'હરિઃૐ' છે.

મને શ્રીમોટાનો સામાન્ય પરિચય તો તેઓ શ્રી પરીક્ષિતલાલ સાથે હરિજનસેવાનું કામ કરતા ત્યારનો છે. તે સમયે તો અમે તેમને ચૂનીભાઈ ભગત તરીકે ઓળખતા. ત્યાર પછી તો ઘણાં વર્ષો એમ ને એમ વીતી ગયાં, પરંતુ જ્યારે તેઓએ સુરતમાં તાપી કિનારે 'હરિઃૐ' આશ્રમ સ્થાપ્યો ત્યાર પછી પ્રસંગોપાત્ત અમારો પરિચય સહજ રીતે વધતો રહ્યો. મારા કેટલાક મિત્રો જેઓએ શ્રીમોટાને પોતાના જીવનપથપ્રદર્શક અને પ્રેરણામૂર્તિ તરીકે સ્વીકાર્યા તેમની પાસેથી શ્રીમોટાની સાધના અને આત્મોન્નતિ વિશે જાણ્યું અને તે પછી અવારનવાર તેમને મળવાના પ્રસંગો બન્યા. તેમના વિશાળ શિષ્યમંડળ ઉપર તેમનો સાત્ત્વિક અને ઉપકારક પ્રભાવ જોઈને મારું ચિત્ત પ્રસન્ન થયું.

અહીં એક પ્રસંગનો ઉલ્લેખ કરું. શ્રીમોટાના શિષ્ય અને મારા જેલના સાથી મિત્ર શ્રી શાંતિલાલ તમાકુવાલાની પુત્રીનાં લગ્ન એક સુશીલ મહારાષ્ટ્રી યુવક સાથે ગોઠવાયાં હતાં. અને તેમનાં લગ્નની વિધિ ગુજરાતી ભાષામાં સાદાઈથી અને ગાંધીજીએ ચલાવેલી પરંપરા પ્રમાણે કરાવવાનું ધર્મકાર્ય મારે કરાવવું એવી શ્રી શાંતિભાઈની ખાસ ઇચ્છા હતી અને તે મેં ખુશીથી સ્વીકારી હતી. તે પ્રસંગે શ્રીમોટા પણ વરવધૂને આશીર્વાદ આપવા ખાસ આવ્યા હતા. અમારો પૂર્વનો પરિચય તો હતો જ. અને આ પ્રસંગથી તે પુષ્ટ બન્યો. લગ્નવિધિને અંતે ભોજન સમયે અમે સાથે જ જમવા બેઠા અને કુદરતી રીતે અમે વાતે વળગ્યા. અમારી વચ્ચેની ટૂંકી પ્રશ્નોત્તરી અહીં આપું છું :

હું : પૂર્વજન્મ અને પુનર્જન્મમાં તમે માનો છોને ?

શ્રીમોટા : હા, જરૂર.

હું : તો તમારા પૂર્વજન્મોની સ્મૃતિ તમને છે ખરી ?

શ્રીમોટા : હા, છે.

હું : તો તમારા પૂર્વજન્મની વાત કહેશો ?

શ્રીમોટા : એ માટે તમે કોઈ વાર નિરાંતે આવશો તો વાત કરીશું.

આ રસિક વાર્તાલાપ આગળ ચલાવવાની ઈચ્છા હોવા છતાં તે માટેનો સુયોગ હું મેળવી શક્યો નથી. જોકે એ વિચાર મારા મનમાં તો વારંવાર જાગી ઊઠે છે.

શ્રીમોટા જેવા સત્પુરુષ કોઈ નિરાંતના સમયે પૂર્વજન્મને ગુપ્ત રાખતો પડદો ઉપાડે તો એક રહસ્યનો સ્ફોટ થવા પામે અને આપણી સંસ્કૃતિમાં પૂર્વજન્મ અને પુનર્જન્મ વિશે પરંપરાગત બળવાન શ્રદ્ધા છે તે પુષ્ટ બને, અને આ વિજ્ઞાનયુગમાં આત્મવિદ્યાને ઓળખવાના વિશેષ પુરુષાર્થને વેગ મળે.

**શ્રીમોટા કોઈ ધર્માચાર્ય નથી. છતાં ધર્મના વિશાળ અર્થમાં તેઓની લોકકલ્યાણની અનેકવિધ પ્રવૃત્તિઓ શુદ્ધ નિષ્કામ ધર્મકાર્ય જ છે. ભારતમાં અનેક ધર્માચાર્ય છે, તે માત્ર ગાદીપતિ ન રહેતા શ્રીમોટાની જેમ લોકોન્નતિનાં કાર્યો માટે ત્યાગ માર્ગે લોકોને પ્રેરે અને તે રીતે અગ્રેસર બને તો પ્રજાને સાચા ધર્મનો સાક્ષાત્કાર કરાવી શકે.** સાધુપુરુષો લોકોરૂપી ક્ષેત્રમાં ત્યાગ, સમર્પણનાં બીજ વેરવાનું કામ કરતા રહે એ જ તેમની સાધનાની સફળતા છે. શ્રીમોટા પણ ત્યાગી છે, છતાં સંસારી લોકોનાં જીવનને સન્માર્ગે દોરવામાં તેઓ ઊંડી આત્મીયતા ધરાવે છે.

થોડાંક વર્ષો પર એક જાણીતા આશ્રમના વ્યવસ્થાપક અને મારા મિત્રની સુશિક્ષિત પુત્રીએ પોતાના જીવનસાથી તરીકે એક સુશીલ, વિદ્વાન હરિજન અધ્યાપકની પસંદગી કરી. તેણે એ નિર્ધાર પરિપક્વ વિચારને અંતે કર્યો હતો અને તે પાછો ગાંધીચીંધ્યા આદર્શ પ્રમાણેનો પણ હતો. એટલે બન્ને બાજુનાં સ્વજનોની સંમતિ મળી. તે વરવધૂનો લગ્નવિધિ શ્રીમોટાએ પ્રેમથી કરાવ્યો અને તેમને પોતાના આશીર્વાદ આપ્યા. હિંદુસમાજની આગેકૂચ માટે વર્ષો સુધી નિષ્ઠાવાન હરિજન સેવક હતા તેવા શ્રીમોટાનું તેમનું આ પગલું ઘણું પ્રેરક અને માર્ગદર્શક ગણાય.

શ્રીમોટાની મોટાઈ સર્વતોમુખી છે. તેનું મુખ્ય કારણ ઈશ્વરમાં અનન્ય શ્રદ્ધા, કારુણ્ય, નિર્ભયતા, નિરહંકાર અને વૈરાગ્ય છે એમ જરૂર કહી શકાય. તેઓ શ્રી રવિશંકર મહારાજ વિશે એક લેખમાં લખે છે. 'પૂ. શ્રી રવિશંકર મહારાજ વિશે મારા જેવો એક નાનકડો માનવી શું લખી શકે ? સૂરજની આગળ જેવી આગિયાની સ્થિતિ તેવું મારું ગણાય.' આ શબ્દોમાં તેમની સહજ અકૃત્રિમ નમ્રતા જોવા મળે છે.

સાચા સાધુઓમાં જગતના સર્વ પદાર્થો વિશે, અરે પોતાના દેહ વિશે પણ 'इदं न मम'નો તીવ્ર ભાવ સદા જાગ્રત રહે છે અને તેથી તેઓ લોકકલ્યાણનાં મહાન કાર્યો કરે છે. તેમાં પણ 'इदं न मम'ની જ વૃત્તિથી જે થાય છે તે ઈશ્વરની ઇચ્છા પ્રમાણે થાય છે એ વૃત્તિથી બધું 'કૃષ્ણાર્પણ' કરતા રહે છે. આમ, તેઓ દિનપ્રતિદિન ઈશ્વરની વધારે ને વધારે સમીપ પહોંચતા હોય છે. અને તે સ્થિતિ જ તેમને માટે સાક્ષાત્કારનો જીવંત અનુભવ બની જાય છે.

આવા શ્રીમોટા સાચે જ મોટા છે અને તેમના આત્માની મોટાઈ ઘણા ઘણા લોકોને સત્કર્મ કરતાં કરતાં આત્મોન્નતિ, ઊર્ધ્વગતિ કરવા પ્રેરે છે. આવા પુણ્યાત્મા વિશે તો એવી જ ભાવના, પ્રાર્થના મનમાં

ઉદ્ભવે કે ઈશ્વર તેમને સો વર્ષનું દીર્ઘ અને નીરોગી આયુષ્ય આપે, જેથી એમને હાથે પ્રજાહિતના લોકોનાં ગુણવિકાસનાં અનેક કાર્યો સતત થતાં રહે.

❋ ❋ ❋

## પુનર્જન્મ

દરેક જીવની જન્મોજન્મની સમગ્ર ને સળંગ સંસ્કારશક્તિ કેવા પ્રકારની છે અને મૃત્યુટાણે તેના આધારે તે જીવની કેવી ગતિ રહે છે તેના પર જલદી કે મોડો તે જીવનો જન્મ થવાનો આધાર રહે છે.

પુરુષશરીરી જીવ બીજા જન્મમાં સ્ત્રી પણ જન્મે અને સ્ત્રી-શરીરી જીવ પુરુષ પણ જન્મે, પુરુષ હોય તે પુરુષ જ જન્મે ને સ્ત્રી હોય તે સ્ત્રી જ જન્મે એવો કશો અફર ને અટલ નિયમ નથી.

('જીવનપરાગ', પૃ. ૧૯૫) **-મોટા**

❋ ❋ ❋

આપણી આ ભવની પ્રકૃતિની ગતિ ને દિશા જેવા પ્રકારની હોય તેવા પ્રકારનો આપણો પુનર્જન્મ છે.

('જીવનપરાગ', પૃ. ૬૨) **-મોટા**

❋ ❋ ❋

## સાધનામાં અભય અને નમ્રતા

સૌથી પહેલાં આપણે સર્વ રીતે અભય બનવાનું છે. ભય એક જાતનો નથી. ભયના પ્રકાર પણ ઘણા ઘણા છે. એક પ્રકારનો ભય ટાળવા જતાં બીજા પ્રકારનો ભય માથું ઊંચું કરીને જન્મતો જ હોય છે. સર્વ પ્રકારે અભય થયા વિના મમતા, રાગ, કામ, ક્રોધ, લોભ, મદ, મોહ વગેરે ટળી શકતાં નથી. સાધનામાં પહેલાં અભયનો પાયો મજબૂત કરવો પડે છે. તેટલા માટે મને તો શ્રી ગુરુમહારાજે સ્મશાનમાં સૂવાનું સૂચવેલું. શહેરમાં સૂવાની મનાઈ હતી. પૂરેપૂરો બધી જાતનો અભય કેળવાયા વિના સાધનાના ભાવમાં નિષ્ઠા પ્રગટી શકતી નથી. છેલ્લામાં છેલ્લો ગુણ નમ્રતાનો છે. સાચો જ્ઞાની કે અનુભવી નમ્રમાં નમ્ર હોય છે, પણ તેની નમ્રતા એ કાયરની નમ્રતા નથી. તેની નમ્રતા તો તેજસ્વી ને સદાય પ્રગટતી શક્તિ જેવી હોય છે. એવી નમ્રતાને પિછાનવી અને જીરવવી ઘણી અઘરી છે.

('જીવનમંથન', પૃ. ૧૧૮) **-મોટા**

❋ ❋ ❋

# *મોટા*નું પિયર

## શ્રી રાવજીભાઈ આશાભાઈ પટેલ

(પૂજ્ય શ્રીમોટાના પ્રેમીજન, ખેડા જિલ્લાના આગેવાન
કાર્યકર, અગ્રગણ્ય વેપારી અને ખેતી નિષ્ણાત.)

પૂજ્ય શ્રીમોટા સાથેનો મારો પ્રથમ પરિચય પ્રસંગોપાત્ત જ થયેલો. ઈ. સ. ૧૯૬૫ની ખેડા જિલ્લા લોકલ બોર્ડની ચૂંટણી હતી. હું કૉંગ્રેસ પક્ષનો ઉમેદવાર હતો. મહાગુજરાતની ચળવળને પરિણામે તે વખતે કૉંગ્રેસ થોડી મુશ્કેલીમાં હતી. એટલે મારે કમ્મર કસવાની હતી. બિલોદરા આજુબાજુના લોકો મને

મત આપે એવી કંઈક વેતરણ કરવી જોઈએ એમ લાગતાં તે તરફ આશ્રમ નાખીને પડેલા આ કોક સાધુબાવા મને એ મતો અપાવશે એમ માની જવાનું થયું. કોઈ સામાન્ય મનુષ્યને મળીએ તે જ મુજબ મળીને તેમને મત અપાવવાની યાચના કરી. પ્રભુકૃપાથી હું ચૂંટાઈ પણ આવ્યો. ત્યાર બાદ ત્રણ વર્ષ પછી શ્રી કેરાવાલા સાહેબ નામના ઑફિસર મિત્ર સાથે ફરીથી મળવાનો પ્રસંગ પડ્યો. ત્યારે પણ મારા મન ઉપર એવા ખાસ ભાવે સંસ્કાર પડ્યા નહિ, પરંતુ એ જ આરસામાં **'જીવનદર્શન'** પુસ્તક છપાઈને બહાર પડ્યું હતું. તે ત્યાંથી ખરીદ્યું. રાત્રે થોડું થોડું વાંચવાનું શરૂ કર્યું. મારાં ધર્મપત્નીને પણ એમાં રસ પડ્યો. એટલે એ કોણ છે એ જાણવાની ઈચ્છા થતાં અમો બન્ને જણાં આશ્રમે ગયાં. પુસ્તકનાં લખાણ મુજબના પૂજ્ય શ્રીમોટા તેમના દેહદર્શનથી તો તેવા લાગતા ન હતા અને એમણે એ કદી જણાવા પણ દીધું ન હતું.

આમ છતાં મારું ત્યાં જવાનું આછું-પાતળું જ રહેતું, કારણ કે આશ્રમના નિયમાનુસાર પાંચ વાગ્યા પછી જવાય નહિ અને દિવસભરનો સમય મને વેપારનાં કાર્યોને લીધે અનુકૂળ ન હતો.

ત્યાર બાદ એક દિવસ મારે ઘરે ડભાણ આવવા મેં એમને આમંત્રણ આપ્યું. રૂપિયા એકસો એક આપવાની શરતનું પાલન કરી ઘરે બોલાવ્યા. રાત્રે ભજનો કર્યાં. તે વખતે મારો દીકરો કીર્તિકુમાર ખૂબ જ સૂકલો અને બીમાર હાલતમાં રહેતો. પૂજ્ય મોટાએ પૂછ્યું, 'આ આમ કેમ છે ?' અને જણાવ્યું, 'ચાલો ભગવાનને કહીશું કે ત્રણ મહિનામાં આના વજનમાં ફેર પડે. મને દર માસે તેનું વજન જણાવતા રહેશો.' એમની આજ્ઞાનુસાર અમે જણાવતા રહ્યા અને એ રીતે વજન વધતું પણ રહ્યું. આનો આનંદ વ્યક્ત કરવા માટે બિલોદરાની નિશાળમાં છોકરાંઓને *મોટા*એ મીઠાઈ પણ વહેંચી. આથી, પૂજ્ય મોટાની ચાહના માટે મને તીવ્ર આકર્ષણ રહેવા લાગ્યું.

તે વખતની મારી સ્થિતિ પણ કેવી હતી ! વેપાર અને ખેતી સિવાય ભગવાન જેવી કોઈ વસ્તુ છે કે કેમ તે વિશે વિચારતો પણ નહિ. કાર્યભારને કારણે કે આહારવિહારની બેકાળજીને પરિણામે તે મને ખબર નથી, પરંતુ માથામાં ખૂબ સણકા માર્યા કરતા. હૃદય પર ખૂબ બોજો હોય એવું લાગતું. તે દરમિયાન **મોટા**એ મને ત્રણ દિવસ મૌનમાં બેસાડ્યો અને ભગવાન પ્રત્યેના વિચારનાં બીજ મૂક્યાં. એ તો અત્યારે સમજાય છે પણ તે કાળે તો મને તે પણ સમજાયું ન હતું.

એક દિવસની વાત છે. એક સવારે જાણીતા સાહિત્યકાર અને સાધક શ્રી કિશનસિંહ ચાવડા પૂજ્ય શ્રીમોટા જોડે કોઈ પુસ્તકની વાતો કરતા હતા કે વાંચન કરતા હતા. તે વખતે હું ત્યાં જઈ પહોંચ્યો. મને ઘણા વખતથી મનમાં થયા કરતું હતું કે આવા મોટા સંત મહાત્મા સાથે આપણે શિષ્યભાવે તો રહી શકીએ નહિ, કારણ કે શિષ્ય તરીકેની જે પવિત્રતા, નિષ્ઠા, પ્રામાણિકતા જોઈએ તે મારાથી તો જાળવી શકાય નહિ. એટલે મેં અનાયાસે તે દિવસે માગી લીધું, '*મોટા*, આપણે બાપદીકરાનો સંબંધ રાખવો છે.' મારા મનમાં કે છોરું કછોરું થાય પણ માવતર કંઈ કમાવતર થાય ? પૂજ્ય મોટાએ એ કબૂલ રાખ્યું અને આજ દિન સુધી તે પ્રમાણે જ ચલાવ્યું. હજુ આજે પણ હું જ્યારે જ્યારે એમનાં શરીરનાં દર્શન કરું છું ત્યારે મને એ જ ખ્યાલ રહે કે અમે બે બાપદીકરા છીએ, અને એ હિસાબે કેટલીક વાર અદબ પણ સચવાય નહિ. વાણી પર પણ કાબૂ રહે નહિ. કંઈકનું કંઈ બોલાઈ જાય, પરંતુ પૂજ્ય શ્રીમોટા ઘણા પ્રેમથી મારું ગાડુંઘેલું સંભાષણ સાંભળે અને રાજી થાય. આ છે બાપદીકરાના સંબંધનું પાલન.

મને બીજા પાસે કંઈ પણ માગતાં ખૂબ જ સંકોચ થતો. પૂજ્ય શ્રીમોટાની દાનગંગાના ફંડો ઉઘરાવતાં મનની આવી સંકુચિતતા ધીરે ધીરે ઓછી થઈ. ઈ. સ. ૧૯૫૯થી પૂજ્ય શ્રીમોટા સાથે નિકટના સંબંધમાં આવવાનું થયું. એમનાં કામોમાં યથાશક્તિ ફાળો આપવાનું બન્યું. ઈ. સ. ૧૯૬૫ની સાલ અમારા જીવનમાં યાદગાર બની રહી છે. તે વર્ષે મારા પર એક ભયંકર આફત આવી હતી. તેવે વખતે પૂજ્ય શ્રીમોટા તમાકુની ધૂળ ઊડતી હતી, તેને સહન કરીને પણ અમારી સાથે બે મહિના રહ્યા. તે કાળ ભુલાય તેમ નથી. વિસ્તારના ભયે અહીં તેને અંગે વિગતવાર લખતો નથી. એક વાતનો ઉલ્લેખ જરૂરી છે. તે કાળ દરમિયાન પૂજ્ય શ્રીમોટાએ જણાવ્યું, 'આ મારું પિયર છે.' પિયરનો અર્થ હું કે ઘરનાં કોઈ સમજતાં ન હતાં. હવે તો મોટા જાહેરમાં અનેક વખત 'પિયર'નો ઉલ્લેખ કરી ચૂક્યા છે. એક વખત મેં વાતવાતમાં 'પિયર' કેમ કહો છે તે અંગે પૂછ્યું. તેમણે જણાવ્યું, 'તમારાં બધાંની સમજમાં આવતાં સમય લાગે પણ **પિયર એટલે ઠરવાનું ઠેકાણું.'**

પૂજ્ય શ્રીમોટાના ફાળાના કામ માટે પણ કોઈક વાર મારા મનમાં વિચિત્રતા પ્રવેશી જતી, પણ મને દિલથી સમજાયું છે કે નિમિત્ત પડ્યા સિવાય કંઈ પણ સમજણ આવે નહિ. હું પોતે જ્ઞાની કે અભ્યાસી નથી. એટલે આવી સમજ માટે અભ્યાસની પણ જરૂર ખરી. પૂજ્ય શ્રીમોટાએ તો તેવો અભ્યાસ કરવાનું પણ દિશાસૂચન કર્યું નથી. એટલે પ્રભુકૃપાથી પૂજ્ય શ્રીમોટાના સમાગમથી થયેલા લાભનું લેખન દ્વારા વર્ણન કરી શકું તેમ નથી. પૂજ્ય શ્રીમોટાએ મને દીકરા જેવો જ ગણીને રાખ્યો છે. સંસારવહેવારમાં અને વેપારને કારણે લોકો સાથે તથા અનેક બીજા સામાજિક સંબંધો થયા છે અને હજુ થતા હોય છે, પરંતુ પૂજ્ય મોટા સાથેનો મારા જીવનનો સંબંધ કંઈક જુદો જ અનુભવાયો છે અને તે અનુભવોની પરંપરા ચાલુ જ રહી છે. જ્યારે પૂજ્યશ્રીની હાજરી ના હોય ત્યારે પણ મને તેમની હાજરીના ભણકારા વાગ્યા જ કરે છે. એ મારે માટે ઓછું નથી. બીજા અનેક પ્રસંગો છે પણ તેનું તો એક પુસ્તક થાય. અત્રે આટલું બસ છે.

અંતમાં ઈ. સ. ૧૯૬૧માં પૂજ્ય શ્રીમોટાના સમારંભો શરૂ કરવાની મને ખૂબ ઇચ્છા થઈ. સૌ કોઈ ભાઈઓએ એને વેગ આપી તેને વધારી અને એ રીતે જનકલ્યાણના કામમાં તથા પૂજ્ય શ્રીમોટાના નિમિત્તમાં ભાગીદાર થવાની ઉત્કંઠા દાખવી અને જગાડી. તથા ટ્રસ્ટને સૌ કોઈએ ઘણા ઘણા દિલથી મદદ કરી તે બદલ હરિઃૐ આશ્રમ, નડિયાદ વતી આભાર માનવા પ્રેરાઉં છું. અને 'સૌનું કરો કલ્યાણ દયાળુ પ્રભુ સૌનું કરો કલ્યાણ.' એવી પૂજ્ય શ્રીમોટાને પ્રાર્થના સહ વંદન કરી વિરમું છું.

* * *

## સ્વજનોને

(શિખરિણી-મંદાક્રાંતા)

મળેલાં સદ્‌ભાગ્યે, મુજ જીવનમાં રો' ફળંતાં સદાયે,
મળેલાં સદ્‌ભાગ્યે જીવન ફળવા પૂરજો ભાવ હૈયે.
મને ટેકો દેજો, મુજ જીવનનો ધર્મ સંભાળવાને,
સદા લેતાં રે'જો મુજ રવડતાકેરી સંભાળ પ્રેમે.

પ્રભુ મારો વહાલો સ્વજન રૂપ તે આ એના થઈને,
સદા શી હૂંફાળી કરકમલની બાથ લેજો મને તે !
તમારા હૈયામાં જરીક સરખું ક્યાંક કો એક ખૂણે,
રહેવાને દેજો જીવિત બનીને સ્થાન આનંદરંગે.

પ્રભુએ ભેટાવ્યાં કંઈ ન અમથાં કો વિના હેતુ વિશ્વે,
રસીલા વહાલાની અકળ રચનામાં અકસ્માત ના છે,
સમાયેલો હેતુ અણુ અણુ વિશે કોઈ ને કોઈ રીતે,
થતો રે'તો વ્યક્ત કંઈ કંઈ નવા ફેરફારે થઈ તે.

મને મારાં વહાલાં જગતપ્રભુએ ભેટમાં જે દીધેલાં,
કરું વાંછ્યા ઊંડો રસ નીતરતો પ્રેમ હું એમનો ત્યાં,
મળે જો વહાલાંનો સ-રસ-હૃદનો પ્રેમ ના, તો વીંધાતું,
મને લૂખું લૂખું જીવન જીવવું ખૂંચતું સાલતું શું !

—મોટા

* * *

## પ્રકૃતિ પલટાવનાર


### ડૉ. રણછોડભાઈ એમ. પટેલ

બી. એસસી. (એગ્રિ.) ઓનર્સ

એમ. એસ. પી. એમ. ડી. (વીસકોન્સીન, યુ. એસ. એ.)

(સંચાલક કૃષિ ગો વિદ્યાભવન, આણંદ)


પૂજ્ય શ્રીમોટા તથા તેમના હરિઃૐ આશ્રમની વાત સૌ પ્રથમ વખત મને ઈ. સ. ૧૯૫૫માં સાંભળવા મળેલી, આણંદના ગ્રામસેવક તાલીમ કેંદ્રના આચાર્ય તરીકે ખેડા જિલ્લાનાં ગામડાંઓમાં મૂકવામાં આવેલા તાલીમાર્થીઓની ચકાસણી કરવા મારે વારંવાર નડિયાદ થઈને જવાનું થતું. પાકી નિષ્ઠાથી પોતાના જ કામમાં વધુમાં વધુ સમય અને શક્તિ ખર્ચવી એવી દૃઢ માન્યતાને કારણે માર્ગમાં આવતા હરિઃૐ આશ્રમમાં જવાના મારા સાથી કાર્યકર્તાઓના સૂચનને હું વારંવાર ઠુકરાવતો. 'આવા બાવાઓએ આ દેશનું નખ્ખોદ વાળ્યું છે.' એવું હું કહેતો, માનતો અને મનાવતો પણ ખરો. આમ છતાં મિત્રોના સહૃદયી અને સતત પ્રયત્નોને લીધે એકવાર આશ્રમમાં જવાનું નક્કી થયું. પૂજ્ય મોટા તે વખતે હાજર ન હોવાને કારણે જોયેલા નહિ પણ મનમાં ધારેલું કે તેઓ શરીરે ખૂબ તગડા હશે, લાંબા વાળ અને દાઢી રાખતા હશે અને પાનની પિચકારીઓ મારતા હશે.

પાંચસાત વર્ષ એમ જ વીતી ગયાં. તે દરમિયાન સંતસાધુઓ અને ધર્મસંપ્રદાય વગેરેમાં મને વધુ ને વધુ તિરસ્કાર પેદા થતો ગયો. એ અરસામાં પૂજ્ય શ્રીમોટા ખેતીવાડી સંસ્થામાં ડભાણના ડૉ. રાવજીભાઈને ત્યાં અવારનવાર પધારતા અને દરેક વખતે ડૉ. રાવજીભાઈ મિત્રભાવે મને પૂજ્યશ્રીનાં

દર્શન કરવાં આવવા આમંત્રણ આપતા, છતાં પણ હું તો તેમને મળવાનું ટાળતો જ હતો. ઈશ્વર, મહાત્માઓ, ધર્મ અને આધ્યાત્મિક બાબતોમાં મને ઊંડી અશ્રદ્ધા હતી. એટલે એવાઓને મળવાનું અને તેમનાં કાર્યક્ષેત્ર અંગે વિચારવાનું તો મારા માટે બાજુએ રહ્યું પણ ઉપરથી તેવા લોકોને નિંદતો.

સ્વામીનારાયણ સંપ્રદાયના સમર્થ ગુરુ પૂજ્ય શ્રીયોગી મહારાજે પણ, મારા તરફથી અજ્ઞાનને વશ થઈ સતત અવહેલના થતી હોવા છતાં મારા એ દોષોને જોયા સિવાય મારા પ્રત્યે મમતા રાખ્યા કરી છે અને મને આ માર્ગનો ગુણાનુરાગી બનાવ્યો. ઈ. સ. ૧૯૬૬માં પૂનાના શ્રી ગુળવણી મહારાજ પાસે મેં સિદ્ધયોગની દીક્ષા લીધી અને આધ્યાત્મિક બાબતો પ્રત્યે ખેંચાયો હોવા છતાં પૂજ્ય શ્રીમોટા પ્રત્યેનો મારો અભાવ તો ચાલુ જ હતો અને ડૉ. રાવજીભાઈનાં આમંત્રણો પણ ચાલુ જ હતાં. ડૉ. રાવજીભાઈની ભલી લાગણીઓને સંતોષવા ખાતર પણ જવું જોઈએ એમ માની પૂજ્યશ્રીને સૌ પ્રથમ મળવાનું થયું. તે વખતે જોકે તેઓ પાન તો ખાતા જ હતા, છતાં તેમના શરીર વિશેની મારી કલ્પના ખોટી હતી. આમ, તેમના વિશાળ હૃદય તથા સૌના સમભાવનો થોડો ઘણો અનુભવ તો થયો. છતાં મને તેમના પ્રત્યે ખાસ મમતા કે પ્રેમ જાગેલાં નહિ. ડૉ. રાવજીભાઈ પૂજ્યશ્રીને દર મહિને એક વખત તો બોલાવતા જ. અને મને તથા બીજા ઘણા મિત્રોને દર્શનનો તથા સત્સંગનો લાભ મળતો.

આમ, કેટલોક સમય ચાલ્યા કર્યું અને એક દિવસ પૂજ્યશ્રીનો ડૉ. રાવજીભાઈ ઉપર પત્ર આવ્યો કે રણછોડભાઈ સાહેબને ગમે અને ઘરમાં સૌ રાજી હોય તો અનુકૂળ દિવસે તેમને ત્યાં રોટલો ખાવા આવું, પણ શરત એટલી કે પૈસા લેવાના નહિ. પૂજ્યશ્રી દક્ષિણાની શરતે જ આમંત્રણ સ્વીકારતા એટલે એ શરત સિવાય, મારે ત્યાં પધારવાનું વિચાર્યું તેથી હું ઘણો પ્રભાવિત થયો અને દિવસ નક્કી કરી પૂજ્યશ્રીને જણાવી પણ દીધું. પૂજ્યશ્રી આવ્યા ત્યારે ગુલાબનાં તાજાં પુષ્પોનો સુંદર હાર તેમને પહેરાવ્યા પછીથી મારાથી છૂટા મોંએ ખૂબ જ રડી પડાયું. આમ થવું તે મારી પ્રકૃતિની વિરુદ્ધ હતું છતાં તેમ શાથી બન્યું તે હજી પણ સમજાતું નથી. **મોટા**એ મારા માથા ઉપર બન્ને હાથ રાખી ખૂબ ઉમળકાથી મને હૃદય સરસો ચાંપી રાખ્યો. કેટલીક વાર પછી હું શાંત થયો. આ પ્રસંગ પછી તેઓ પ્રત્યેની શેષ રહેલી ઉપેક્ષાવૃત્તિ હતી તે સદંતર નાશ પામી.

આપણા ખેતીપ્રધાન દેશમાં ખેતીના વિકાસ માટે રૂઢિગત રીતો અપનાવાય છે. જુવાન ખેતીવૈજ્ઞાનિકોને સખત કામ કરવા પ્રેરે અને તેમના સારા કામને બિરદાવે એવી કોઈ વ્યવસ્થા નથી. આવું પ્રેરણાદાયી કામ કરવા પૂજ્ય શ્રીમોટાએ ગુજરાત ઍસોસિએશન ફોર ઍગ્રિકલ્ચરલ સાયન્સિસને રૂપિયા ત્રીસ હજારનું દાન આપી ટ્રસ્ટ રચવા વિચાર્યું અને એ ટ્રસ્ટના હેતુઓ તથા કાર્યક્ષેત્ર વગેરેનો મુસદ્દો નક્કી કરવાનું કામ મને અને ડૉ. ગોરધનભાઈને સોંપ્યું. આ કામ માટે અમારે પૂજ્યશ્રીને અવારનવાર મળવાનું થતું ત્યારે એક વખત પૂજ્યશ્રીએ કહ્યું, 'અલ્યા, તમે લોકો ભણાવ્યા જ કરશો કે બીજું પણ કંઈક કામ કરશો ?' મેં જવાબ આપ્યો કે '*મોટા*, અમે રહ્યા માસ્તર એટલે એ તો કરવાનું જ છે પણ સાથે સાથે બીજું પણ કામ હોય તો બતાવો. શક્ય હશે એટલું બીજું પણ કામ કરીશું.' પૂજ્યશ્રીએ મને આજ્ઞા કરી કે પૈસા ઉઘરાવી આપો જેથી સમાજને ઉપયોગી એવાં કામ કરી શકાય અને સમાજમાં એ વિચાર અંગે જાગૃતિ પણ થાય. એ વખતે મને પણ ખૂબ નવાઈ લાગી કે *મોટા* મને આવું કામ શું કામ સોંપતા હશે ? પણ આજે મને સમજાયું છે કે એમ પૈસા માગવા નીકળતાં મારો અહમ્ ઓછો થાય છે તથા મારી ગ્રંથિઓ

અને મડાગાંઠો તૂટે છે. તિરસ્કાર કરે તોપણ પગે લાગી નીકળવું એમ સંકલ્પ કરી આણંદમાંથી લગભગ રૂ. ૨૨૦૦/- જેટલી રકમ એકઠી કરી આપેલી.

હરિઃૐ આશ્રમના મૌનમંદિરના ક્ષેત્રમાં હું નવો હોવાથી જુલાઈ, ૧૯૬૯માં મેં ફક્ત એક દિવસ મૌનમાં બેસવાનું વિચાર્યું. મારી રોજિંદી ટેવને વશ થઈ જમ્યા પછી દસેક મિનિટ આડો પડતાં મૌનમંદિરમાં હું ઊંઘી જ ગયો. અર્ધો કલાક પણ થયો નહિ હોય અને બહારથી કોઈએ 'હરિઃૐ 'ની બૂમ પાડી અને હું જાગ્યો. ચિઠ્ઠી દ્વારા જણાવવામાં આવ્યું કે 'વીજળી બંધ હોવાથી પાણી બંધ છે, એટલે ડોલમાં પાણી મોકલ્યું છે. અર્ધા અર્ધા કલાકે નાહવાનું રાખજો અને અનુકૂળ લાગે તો કપડાં કાઢી નાખીને પણ રૂમમાં રહી શકશો.' આમ, ચિઠ્ઠી આવી ન હોત તો આખો દિવસ ઊંઘમાં જ વીતત. વ્યવસ્થાપકોને ચિઠ્ઠી આપવાની પ્રેરણા આપીને મૌનરૂમમાં જાણે 'મોટા'ની સતત હાજરી ન હોય ! એમ મને પ્રતીત થયું. આમ, પૂજ્ય શ્રીમોટા પોતા પ્રત્યે જ્યારે કોઈને ખેંચે છે ત્યારે તે માણસની નાની નાની બાબતોની પણ કાળજી રાખે છે અને તેમનો હેતુ બર લાવવા મથે પણ છે. પૂજ્યશ્રીના અન્ય ભક્તો જેટલી ભક્તિ મારામાં જાગેલી નહિ છતાં એમના ઉત્સવોમાં હાજર રહેવાનું અને ડૉ. રાવજીભાઈને ત્યાં એમની સાથે પ્રસાદ લેવાનું મારું સદ્‌ભાગ્ય સમજું છું. મારા કોઈક એમની સાથેના ઋણાનુબંધને કારણે જ આવાં નિમિત્તોથી સંબંધ જાળવી રાખી શકાય છે અને યત્કિંચિત્ આધ્યાત્મિક પ્રગતિ કરી શકાય છે. આમ, મને આધ્યાત્મિકતા તરફ અભિમુખ કરવામાં પૂજ્યશ્રીનો ફાળો અનોખો છે.

પૂજ્યશ્રી સાથેના થોડા પણ નિકટના પરિચયથી પ્રતીતિ થાય છે કે એમને હૈયે સમાજના નીચલા થરની સ્થિતિ વિશે ખૂબ દુઃખ છે. એમને પાકી શ્રદ્ધા છે કે આપણા ભાવિનો આધાર કેળવણીકારો, સ્ત્રીઓ, બાળકો, કૃષિ વગેરેના વિકાસ પર અવલંબે છે. આ હેતુઓ બર લાવવા તેમણે પોતાના ભાંગતાં શરીરનો પણ વિચાર કર્યો નથી. આપણો પણ જયવારો પૂજ્યશ્રીએ ચીંધેલા માર્ગે જ છે. એમ ખાતરી હોવા છતાં વધુ સેવા હું નથી આપી શકતો તેનું મને દુઃખ છે અને તે અંગે પૂજ્યશ્રી મને માફ કરે એવી પ્રાર્થના.

* * *

## 'હિંમતે મર્દા તો મદદે ખુદા'

પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનાં હૃદય અને સદ્‌ભાવથી હૃદયને ભેળાવીને તેમાં મળીને ત્યાં ગળી જઈને પ્રભુની પ્રાર્થના કર્યા કરવાનું જો શહૂર ન જાગી શકતું હોય, તો પછી 'મોટા' શું મરે ? મારે તો એવાં સ્વજનનો ખપ છે કે જેઓ પળેપળ જીવનને પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક ન્યોછાવર કર્યા કરે ને એવા ન્યોછાવર થવામાં તો હૃદયનો નર્યો ભક્તિભાવ હોય. જેના વર્તનમાં નર્યો ભક્તિભાવ હોય છે, તે ભક્તિભાવ કંઈ થોડો જ છાનો રહી શકે છે ? હૃદયનો ઉમળકો તો વ્યક્ત થયા વિના રહી શકતો નથી. નિરાશા, ઉદ્વેગ, સંતાપ, ત્રાસ, કંટાળો, મુશ્કેલી આદિ સંતાડ્યાં સંતાડેલાં રહી શકતાં નથી. સમજપૂર્વક કોઈ જીવ તેમ કરે તોપણ તેની નબળાઈની ક્ષણોમાં તેણે જોર કરીને દબાવી રાખેલું જે હોય તે બહાર નીકળ્યા વિના રહી શકતું નથી. તેથી નિરાશાની પળોમાં મને ન કહેવાય એવો હેતુ નથી, પણ નિરાશા થતાં એની સાથે કેવી રીતે જ્ઞાનપૂર્વકનો સંગ્રામ કર્યો, એવા શૂરવીર પરાક્રમથી ભરપૂર, જીવનની ન્યોછાવરીના બલિદાનની કથા મારે તો ખપે છે. મારે તો કોઈનાં રોદણાં સાંભળવાં નથી. એવાં રોદણાં તો જીવને નામર્દ બનાવે છે. જે હિંમતપૂર્વક હૃદયમાં ભગવાનની ધારણા કરે છે તેવો જીવ જ ટકી શકે છે.

('જીવનસોપાન', પૃ. ૨૮૩) —મોટા

* * *

# પરિવર્તન

## ડૉ. મધુભાઈ વ. દેસાઈ

બી.એસસી. (એગ્રિ. ઓનર્સ) એમ.એસસી. (ગુ. યુનિ.)
પી.એચડી. (આયોવા, યુ.એસ.એ.)

(વનસ્પતિ રોગશાસ્ત્રી, કૃષિગોવિદ્યાભવન, આણંદમાં આવેલા અખિલ ભારતીય તમાકુ સંશોધન કેંદ્રના પ્લાન્ટ પૅથૉલૉજિસ્ટ અને વડા અધિકારી, તથા ત્યાંના રાષ્ટ્રીય નિદર્શન યોજનાના માનદ સંયોજક. કૃષિગોવિદ્યાભવનના માનદ પ્રાધ્યાપક)

સાધુ અને સંતો પ્રત્યે મને પહેલેથી જ નફરત. ભોળા અને ધાર્મિકવૃત્તિ ધરાવતાં લોકોની સદ્‌ભાવનાનો ગેરલાભ ઉઠાવનારા, મફતનું ખાઈને તાગડધિન્ના કરનારા અને વ્યસની, એવા સાધુસંતો વિશેના મારા ખ્યાલ. એટલે જ્યારે કોઈ સાધુસંત આંગણે આવે એટલે પહેલાં બાગમાં કામ કરવાનું કહું, એટલે એ બિચારા ઊભા જ ન રહે. મારી આ ભ્રમણા હતી, ખોટા ખ્યાલો હતા, એ હવે મને સમજાયું છે, કારણ આજ દિન સુધી હું સાચા સાધુસંતોના સમાગમમાં આવ્યો જ ન હતો.

ચોક્કસ વર્ષ તો યાદ નથી પરંતુ મને યાદ છે ત્યાં સુધી ૧૯૬૪ના ડિસેમ્બરમાં પૂજ્ય શ્રીમોટાના સંપર્કમાં પ્રથમ વાર આવવાનું બન્યું ત્યારે પણ ઉપરના ખ્યાલો સાથે જ મળેલો. ત્યાર બાદ અવારનવાર એઓશ્રીના સમાગમનો લાભ મળવા લાગ્યો. તેમ જ હરિઃૐ આશ્રમ દ્વારા થતાં કાર્યોની ઝાંખી થવા લાગી.

ભારતમાં જુદા જુદા ધાર્મિક સંપ્રદાયો, મહંતો અને સંતો ખૂબ મોટી સંપત્તિ ધરાવે છે. તેમની કુલ આવકનો ઘણો નાનો હિસ્સો જનહિત, દેશહિત કે સમાજહિતનાં કાર્યોમાં વપરાય છે. બાકીનો ભાગ અનુયાયીઓ અને પોતે મિષ્ટાન્નમાં અને મોજશોખમાં વાપરે છે. કેટલાક તો વળી ભોગવિલાસમાં વાપરતાંય અચકાતા નથી. આવા સંપ્રદાયો અને સંતો એષણાઓને સંતોષવા દાન, ભેટ અને ફાળા પણ સારા એવા પ્રમાણમાં સ્વ-ઉપભોગ માટે ઉઘરાવતા હોય છે. સમાજ ઉપર પોતાનો હક્ક અને અધિકાર છે એવું માને છે અને એ પ્રમાણે આચરે છે, પરંતુ આત્મખોજ કરીને જોયું નથી, સ્વીકાર્યું નથી કે એ સમાજ અને પ્રજા તેમના ઉપર શો હક્ક અને અધિકાર ધરાવે છે. આજે જેમ પૂ. ગાંધીજીના નામે કેટલાય લોકો ચરી ખાય છે તેમ આ મહંતો અને સંતો ભૂતકાળમાં થઈ ગયેલા ઉચ્ચ કોટિના સંતોને નામે કેવળ ચરી જ ખાય છે એવું કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. તેમની પાસે એમનું સ્વત્વ જ નથી.

આ સંપ્રદાયો, મહંતો અને સંતો ખૂબ સંકુચિત માનસ ધરાવે છે. દરેક પોતપોતાના વાડા બાંધી અલગ અલગ ચોકામાં પોતાના પીઠુઓ સિવાય અન્યને ચંચુપાત કરવા દેતા નથી. સર્વધર્મસમભાવ એ એમના મગજમાં ઊતરતું નથી અને ઊતર્યું હોય તો અમલ કરી શકતા નથી.

આમ, જ્યારે ચારેતરફ અંધકાર દેખાય છે ત્યારે ક્યાંક ક્યાંક આશાના દીવડા પણ પ્રકાશ વેરતા પથરાયેલા જોવા, જાણવા અને અનુભવવા મળે છે. જો એની પરખ કરતાં આવડે તો !

પૂજ્ય શ્રીમોટા પોતાને મળતી સમગ્ર દાનની રકમનો દેશના ઉત્થાનમાં, તરુણોમાં શૌર્ય જન્માવવા, કેળવણીમાં, બાળકોના અને સામાન્ય જનતાના જ્ઞાનની વૃદ્ધિ કરવા માટે, ખેત ઉત્પાદકોના ઉચ્ચતમ લક્ષ્યાંકો સિદ્ધ કરવા, સંશોધન દ્વારા ખેતીની પેદાશ વધારવાના પ્રયત્નો કરનાર સંશોધનકારોને પ્રોત્સાહિત કરવા, એમ અનેક પ્રકારની પ્રવૃત્તિઓમાં જ ઉપયોગ કરે છે. આશ્રમના ઉપયોગમાં આ રકમ વાપરી નથી. એ એઓશ્રીની આગવી વિશિષ્ટતા છે.

સૌ કોઈને માટે આશ્રમનાં દ્વાર ખુલ્લાં છે. પછી ભલે તે ગમે તે ધર્મ કે જાતિનો હોય. મૌનમંદિરમાં કે આશ્રમમાં અન્ય પોતાને મન ફાવતા દેવનું ધ્યાન અને રટણ કરી શકે છે, કોઈ પણ જાતના વાડા બાંધ્યા નથી. પૂ. ગાંધીજીનો સર્વધર્મસમભાવ અહીં જ સ્પષ્ટપણે અનુભવી શકાય છે. આ પણ હું જાણું છું ત્યાં સુધી હરિઃૐ આશ્રમની આગવી વિશિષ્ટતા છે.

આ બે વિશિષ્ટતાઓએ મારી ભ્રમણા ભાંગી નાખી અને મારા વિચારોમાં પરિવર્તન આવ્યું. પૂજ્યશ્રીએ પરોક્ષ રીતે મારાં મનઃચક્ષુ ખોલી નાખ્યાં. એઓશ્રીને મારા વંદન.

* * *

## ભાવ, રસ, લગની

બધું સમૃદ્ધ રસથી છે, ભર્યું સૌંદર્ય જ્યાં ત્યાં છે,
બધું આનંદથી ઊછળે, શી રેલમછેલ રસની છે!
જીવનમાં રસ વિના જીવવું, નકામું સર્વ ફોકટ છે!
અનુભવથી પ્રમાણ્યું કે, 'જીવન આ માત્ર રસમાં છે.'
થતું જેવું મનન-ચિંતવન ભૂમિકા તેમ જાગે છે,
મનન-ચિંતવન થતાં ઊર્ધ્વે પ્રદેશો ઊર્ધ્વ પ્રગટે છે!
લગની, રસ તીવ્ર જેનાં છે શી તેની યાદ ઝળકે છે!
મનાદિને પરોવાવી સતત તેમાં રખાવે છે.
('જીવનસૌરભ'માંથી) **—મોટા**

* * *

# અનોખું વ્યક્તિત્વ

## શ્રી પુરુષોત્તમ ભાવસાર

એમ. કૉમ.

(ગુજરાત રાજ્યના ડાયરેક્ટર ઑફ એકાઉન્ટ્સ અને ટ્રેઝરીઝ)

પૂજ્ય શ્રીમોટા સાથે સહેજ પણ પરિચયમાં આવતાં તેમનું નિખાલસ અને પ્રબળ વ્યક્તિત્વ આપણને મુગ્ધ કરે છે. એમનાં સરળ હાસ્ય, સર્વગ્રાહી ચિંતનશીલતા આપણામાં શ્રદ્ધા અને વિશ્વાસ ઉત્પન્ન કરે છે અને તરત જ આત્મીયભાવ સ્થાપિત થાય છે.

તેઓશ્રીનું આધ્યાત્મિક પાસું એક વિશિષ્ટ અંગ છે જ. પ્રશિક્ષિત અને બુદ્ધિજીવી ભદ્ર વર્ગ ઉપર પણ તેમણે કેવી ઊંડી અસર ઉપજાવી છે, તેની પ્રતીતિ તો એક મિત્ર સાથેની રાંદેર (સુરત) આશ્રમની પ્રથમ મુલાકાત વખતે જ થઈ હતી. આધ્યાત્મિક શાંતિ તરફની પ્રગતિ માટે તેઓશ્રીએ કરેલી સહાયનાં દૃષ્ટાંત અઢળક છે. આશ્રમોનું શિસ્તબદ્ધ, સ્વચ્છ, સાદું પરંતુ કુદરતી સૌંદર્યમંડિત વાતાવરણ તથા વહીવટની વિશદતા અને આત્મા સાથે એકાકાર થવા માટેની અદ્ભુત અનુકૂળતા સાધકો માટે અનેરું આકર્ષણ છે.

પરંતુ આ સાથે જ પૌરુષ અને જ્ઞાનનાં શિખરો સર કરવા સમાજોત્કર્ષ માટે તેઓશ્રી જે કડીઓ સ્થાપી રહ્યા છે એ એક અભૂતપૂર્વ પ્રક્રિયા છે. અને આ દિશામાં તેમની વ્યવહારદક્ષતા, હૈયાસૂઝ તથા કાર્યક્ષમતા અનન્ય છે. આવો એક પ્રસંગ જોઈએ.

ભાવસાર જ્ઞાતિ વિવિધ ગોળોમાં વહેંચાયેલી છે અને તેને એક કરવાના સર્વગ્રાહી પ્રયાસના અભાવે તે જ્ઞાતિ કેળવણી ક્ષેત્રે પછાત રહી હતી. ભૂતકાળમાં ઘણા પ્રયાસો થયા હોવા છતાં એક યા બીજા કારણે એ પ્રયાસોને સફળતા વરી નહોતી. ગુજરાત રાજ્યની રચના થયા પછી આવો એક સર્વગ્રાહી પ્રયાસ ગુજરાત ભાવસાર સમાજની સ્થાપનાથી થયો. કુદરતી રીતે જ કાર્યકર્તાનું ધ્યાન જન્મે ભાવસાર જ્ઞાતિના એવા પૂજ્ય શ્રીમોટા તરફ ખેંચાયું. તેઓશ્રીના સંપર્કમાં આવતાં જ અને કાર્યકરો વિશે જાણ્યા પછી તેઓશ્રીએ આશીર્વાદ આપ્યા કે આ કાર્ય જરૂર સફળ થશે. આ સમયે કાર્યકરોમાં ફક્ત ધગશ જ હતી, પરંતુ એ કાર્ય સિદ્ધિને વરશે કે નહિ તે વિશે ભારોભાર શંકા હતી. અને કોઈ જાતનું ભંડોળ પણ નહોતું. આ આશીર્વાદથી કાર્યકરોમાં અનેરો ઉત્સાહ પ્રગટ્યો. અને પૂજ્ય શ્રીમોટાનું અવારનવાર માર્ગદર્શન લઈ કાર્ય ઉત્સાહથી ધપાવ્યે રાખ્યું. પરિણામે પૂજ્ય શ્રીમોટાના અતિથિવિશેષપદે પચીસ હજાર ઉપરાંતનાં ભાઈબહેનોનું એક વિશાળ સંમેલન ભરાયું. છાત્રાલયનું ખાતમુહૂર્ત થયું. અને તે પછીના વર્ષે જ બીજું સંમેલન ભરાઈ લગભગ અઢી લાખને ખર્ચે બંધાયેલ છાત્રાલયનું વાસ્તુ પૂજ્ય શ્રીમોટાને હસ્તે થયું. હવે ત્રણ વર્ષથી આ છાત્રાલય સુંદર રીતે ચાલી રહ્યું છે.

આમ, કેળવણી ક્ષેત્રે પ્રગતિ માટે એક સધ્ધર સંસ્થાનું શૂન્યમાંથી સર્જન થયું, તેમાં પૂજ્ય શ્રીમોટાનો એક વિશિષ્ટ ફાળો છે. તેઓશ્રીએ કાર્યકરોને સમજાવેલું કે કોઈના પર પણ આધાર રાખી બેસી ન રહેતા, ગામેગામ ફરો, લોકોને તમારી વાત સમજાવો, અને ખાતરી રાખો કે તમારી સાચી, નિઃસ્વાર્થ અને નિષ્ઠાયુક્ત માગણીને જનતાનો ચોક્કસ ટેકો મળશે. ફાળો એકત્ર કરવા તથા લોકોમાં ઉત્સાહ પ્રગટાવવા માટે તેઓશ્રીએ અમૂલ્ય વ્યવહારુ સૂચનો પણ કરેલાં. તેઓશ્રીને સમર્પિત થયેલાં સમાજલક્ષી દાનોમાંથી જ્ઞાતિ જેવા એક વિભાગ માટે સહેજ પણ ભાગ વાળ્યા સિવાય, તેઓશ્રીએ પોતે માર્ગદર્શન આપી ઉદ્બોધન કરી તથા આધ્યાત્મિક શક્તિ વડે સહાય કરી છે તે વિરલ છે. આવા અનોખા વ્યક્તિત્વપૂર્ણ સંતનું છાયાછત્ર મેળવી ભાવસાર સમાજ પણ બીજા સમાજો સાથે ધન્ય બન્યો છે.

* * *

## મૂંઝવતા પ્રશ્નો

**પ્રશ્ન :** *મોટા*, સાધક દશામાં કોઈ કારણથી મનમાં ક્લેશ થાય, અકળામણ થાય, સંતાપ થાય અને તેની અસર ઘણા વખત સુધી ટકે તો તે વેળા શું કરવું ?

**ઉત્તર :** એવા એ વિખવાદના ઝઘડામાં મન પરોવવા કરતાં અને તેના સંતોષ અને ક્લેશની ચિંતામાં પડવા કરતાં તેના ઉપાય વિચારી તે પ્રમાણે વર્તવું. વિખવાદનું મૂળ ન રહે તેમ પ્રવર્તાય તો ઉત્તમ. વ્યક્તિ વ્યક્તિ વચ્ચે સુમેળ ને સદ્ભાવ ખરેખરો હૃદયથી પ્રગટ્યા કરે તો પરસ્પરથી એવા ઝઘડા ઉત્પન્ન થવાનો સંભવ રહેતો નથી. એવી સ્થિતિ ન થઈ હોય ને અથડામણ થવાની શક્યતા હોય તેવી વેળાએ આપણે જાગ્રત થઈ જઈને ભિન્નતાની કે ઉદ્વેગની પકડમાં પરોવાઈ ન જવું. આપણી રીત અથવા આપણી સમજણ એ જ સાચી છે એમ પણ માનીને બેસી ન જવું. સામો પણ તેની રીતે સાચો હોવાની પૂરી શક્યતા છે. વ્યાવહારિકતાની દૃષ્ટિએ કોઈ વ્યક્તિ અમુક રીતે અમુક કામ કરે ને કોઈ બીજાને તેની સૂઝ ઓછી હોવાથી બીજી રીતે પણ કરે, ને એમ પાસે પાસે રહેલા હોવાથી કોઈક વખત અન્યથા ભાવ પ્રગટે, પરંતુ જે સાધક છે તેવાએ તો જાગૃતિ રાખીને તેવા કાળે તેવા અન્યથાપણામાંથી બચી જવું ઘટે.

**પ્રશ્ન :** *મોટા*, આપ કહો છો એ સાચું, પરંતુ એ તો સમજ થઈ, એ બાબતમાં સાધકે એક પછી એક વ્યવહારુ પગલાં શાં લેવાં જોઈએ એ સમજાવશો ?

**ઉત્તર :** પરસ્પર પ્રકૃતિ ભેદને કારણે, વ્યવહારુ અવ્યવહારુપણાને લીધે જે જે સંઘર્ષણ જાગે ત્યારે સાધક હંમેશાં પોતાના પરત્વે જ જે તે લઈ લે છે. પોતાના જ દોષ જુએ છે. આમ, તે જાગ્રતપણે ચેતવાને મચ્યો રહે છે. અને અન્ય પ્રત્યે સદ્ભાવ જ પેદા કર્યા કરતો હોય છે. સાધકના દિલનો સદ્ભાવ અને પ્રેમ જો તેવી તેવી અથડામણમાંથી વિશેષ ને વિશેષ જાગ્રત અને તેજસ્વિત થયા કરશે તો સુમેળ ને સંવાદ પ્રગટવાનો છે તે નક્કી જાણજો.

(સંપાદક : **શ્રી ઈંદુકુમાર દેસાઈ**)

* * *

## જનતાજનાર્દન પરની હૂંડીઓ

### શ્રી ઈશ્વર પેટલીકર

(ગુજરાતી સાહિત્યના અગ્રગણ્ય નવલકથાકાર અને નવલિકાકાર, સામાજિક અને રાજકીય પ્રવાહોના ખ્યાત-નામ વિશ્લેષક એવા કટારલેખક. સમાજસુધારાના અગ્રણી અને ગુજરાતી 'સંસાર' સામયિકના તંત્રી.)

નરસિંહ મહેતાની હૂંડીઓ ભગવાને સ્વીકારેલી તે કથાઓને આજે પણ ભાવિકો શ્રદ્ધાપૂર્વક સાંભળે છે અને એ ચમત્કારથી પ્રભાવિત થતા રહે છે, પરંતુ પોતાની નજર સમક્ષ સ્વીકારાતી એવી હૂંડીઓનો ચમત્કાર ધ્યાનમાં આવતો નથી. હરિઃૐ આશ્રમના સંસ્થાપક પૂજ્ય શ્રીમોટાની રૂપિયા બાવન લાખની હૂંડીઓ આજ સુધી સ્વીકારાઈ છે. તે નરસિંહ મહેતાની હૂંડીઓ કરતાં નાનોસૂનો ચમત્કાર નથી.

વળી, પૂજ્ય શ્રીમોટાએ છેલ્લી ત્રણ હૂંડીઓ કુલ સાડાદસ લાખની લખી હતી અને તે સ્વીકારવા માટે તેમણે ટહેલ નાખી હતી. આ હૂંડીઓ લખવાની પરંપરા નરસિંહ મહેતા અને બીજા સંતોના જેવી છે, પરંતુ એનો પ્રકાર તદ્દન નવો છે. છેલ્લી ત્રણ હૂંડીઓ એમણે જે લખી છે તે જોઈશું તો એનો ખ્યાલ આવશે. દર વર્ષે પદાર્થવિજ્ઞાનની ઉત્કૃષ્ટ શોધો માટે પારિતોષિકો આપી શકાય તે માટે રૂપિયા સાડાચાર

લાખની હૂંડી લખી છે. એ રકમ 'યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન'ને આપી છે. અને તેના વ્યાજમાંથી એ પારિતોષિકો આપે. એ જ રીતે અનાજ અને કઠોળના ઉત્પાદનમાં મૌલિક સંશોધકોને પારિતોષિકો આપવા માટે રૂપિયા ત્રણ લાખની હૂંડી લખી છે. એ રકમ 'ઇન્ડિયન કાઉન્સિલ ઑફ એગ્રિકલ્ચર રીસર્ચ'ને આપી છે અને તેના વ્યાજમાંથી એ પારિતોષિકો આપે. ત્રીજી હૂંડી દર્દોના નિવારણ માટે દવાના ઉત્કૃષ્ટ સંશોધકોને અપાય. એ રકમ 'મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા'ને આપી છે અને તેના વ્યાજમાંથી એ પારિતોષિકો આપવાનાં છે.

આમ, આ હૂંડીઓના પ્રકાર જોતાં લાગશે કે ભૂતકાળના કોઈ સંતે આ પ્રકારની હૂંડીઓ લખી જાણી નથી. એ જ રીતે પાછલી બાવન લાખની હૂંડીઓની વિગત જોવા જાવ તો એ પણ એટલી નવા પ્રકારની જોવા મળે છે. વર્ષો પહેલાં પૂજ્ય શ્રીમોટા આટલા જાણીતા ન હતા ત્યારે એમણે રૂપિયા પચીસસોની શ્રી મિહિર સેનને માટે લખેલી હૂંડી એવી જ મૌલિક છે. બંગાળના મિહિર સેન ઇંગ્લૅન્ડ કાયદાના અભ્યાસ માટે ગયા હતા. એ વસવાટ દરમિયાન એમણે જોયું કે જગતના જુદા જુદા દેશોના તરવૈયાઓ ઇંગ્લિશ ખાડી તરવા આવે છે, પરંતુ ભારતમાંથી કોઈ આવતું ન હતું. એમને થયું કે બીજું કોઈ ન આવતું હોય તો એની ચિંતા છોડી દઈ મારે તે કામ કરવું જોઈએ. એ માટે તાલીમ અને મહાવરો જોઈએ. એનું મોટું ખર્ચ કરવું પડે. મિહિર સેને ભારતના વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરુને પત્ર લખ્યો હતો. એ માટે નહેરુએ અમુક રકમ મોકલી હતી. તે સમાચાર છાપાંમાં પ્રગટ થયા હતા. વાંચીને પૂજ્ય શ્રીમોટાએ વર્ષો પહેલાં રૂપિયા અઢી હજાર મોકલી આપ્યા હતા. મિહિર સેન ઇંગ્લિશ ખાડી ભારતના પહેલા તરવૈયા તરીકે તરી ગયા એટલું જ નહિ, પણ એમણે બીજી ખાડીઓ તરીને જગતના તરવૈયાઓમાં એક ભારતીય તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે.

પૂજ્ય શ્રીમોટાની આ પ્રકારની પ્રવૃત્તિઓ જાણીને પરંપરાગત સાંપ્રદાયિક વર્ગને એમ થવાનું કે આને ધર્મનું કામ શી રીતે કહી શકાય ? એને શિક્ષણનું કામ જરૂર કહી શકાય. તેવાં કામો શિક્ષણ સંસ્થાઓ કરે છે અને તેમને તે માટે લોકો તરફથી રકમ મળે છે. પૂજ્ય શ્રીમોટા સંત છે અને તેમની પ્રવૃત્તિ ધાર્મિક હોવી જોઈએ.

સામાન્ય લોકોમાં જ નહિ પણ શિક્ષિત વર્ગમાં પણ ધાર્મિક કાર્યની સમજ ઉપર વ્યક્ત કરેલ વિચાર જેવી રૂઢ છે ત્યારે લોકોને નવો ધર્મ ચીંધવાનું અને એમને એ માર્ગે દોરવાનું કામ આગવી પ્રતિભા હોય તેવા ધર્મગુરુઓ કરી શકે. બાકી, જે અનુયાયી કક્ષાના હોય તે રૂઢ પરંપરાનાં પગલાંમાંથી બહાર નીકળી શકતા નથી. બુદ્ધિથી એ સમજતા હોય કે બહાર નીકળવું જોઈએ, પરંતુ એ ભાવિકોને પસંદ નહિ પડે તેથી પોતાનું સ્થાન જોખમાશે એમ માનીને એમને શ્રદ્ધા નથી તેવી રૂઢિને પણ વળગી રહે છે. આજે એવા ધર્મગુરુઓ છે જે પોતે અસ્પૃશ્યતામાં માનતા નથી, પણ એમના ભાવિકોને નહિ રુચે તે બીકે તે કહેવાની હિંમત કરતા નથી. જ્યારે સ્વામી દયાનંદ સરસ્વતી અને સ્વામી વિવેકાનંદ જેવા આગવી પ્રતિભાને લીધે અસ્પૃશ્યતા નિવારણનો નવો ધર્મ ચીંધતાં પાછા પડ્યા નથી. પૂજ્ય શ્રીમોટાની પણ આગવી પ્રતિભા હોવાથી તેમણે મનુષ્યજીવનના વિવિધ ક્ષેત્રની ઉન્નતિને ધર્મનું કાર્ય ગણીને તેને લોકો સમક્ષ મૂક્યું છે. એટલું જ નહિ, પણ ધર્મગુરુઓને પણ ધર્મ ચીંધ્યો છે. સાંપ્રદાયિક આચારવિચારના સંકુચિત ક્ષેત્રને ધર્મ

માનવાનું છોડી દો અને લોકોનો સર્વાંગી વિકાસ થાય તેવા વ્યાપક ધર્મને સ્વીકારો. સામાન્ય રીતે સંતો અને ધર્મગુરુઓને અમુક માની લીધેલા ધર્મના કાર્યમાં પુણ્ય માટે દાન આપવાની લોકોની મનોવૃત્તિ હોય છે. જ્યારે પૂજ્ય શ્રીમોટા એથી જુદા પ્રકારના ધર્મ કાર્ય માટે પોતાની ટહેલ છે તેમ આગળથી જણાવતા હોય છે. જેથી આપનારને ખબર હોય છે કે પોતે આપેલી રકમ શામાં જવાની છે. એ પ્રકાર નવો હોવા છતાં એને ધર્મનું કાર્ય સ્વીકારી ભાવિકો રકમ આપે છે. તે પૂજ્ય શ્રીમોટા પ્રત્યેની શ્રદ્ધાને આભારી છે. એ પ્રકારની પ્રતિભા જે ધર્મગુરુમાં હોય તે ભાવિકોને નવે માર્ગે દોરી શકે.

આ હૂંડીઓની રકમ લાખોની હોવા છતાં એણે વિક્રમ તોડ્યો છે તેમ ન કહી શકાય. ગુજરાતમાં એવા દાનવીરો પાક્યા છે કે જેમના નામે એ કરોડની જંગી રકમ નોંધાયેલી છે. છતાં જે રકમ હજુ અર્ધા કરોડની પણ થઈ નથી તેનું મહત્ત્વ એટલા માટે અનેરું છે કે કોઈ ધાર્મિક સંતપુરુષે લોકોને દાનનો આ પ્રકારનો પ્રવાહ વહેવડાવવાનું શિક્ષણ આપ્યું નથી. પૂજ્ય શ્રીમોટાએ જ એનો આરંભ કર્યો છે. આજે સાંપ્રદાયિક આચારધર્મમાં દાનનો પ્રવાહ વહે છે તેની સ્થિતિ મહદ અંશે નદીનો પ્રવાહ વ્યર્થ વહી જાય તેવી છે. જો નહેર દ્વારા નદીના પ્રવાહને ખેતરોમાં વહેવડાવવામાં આવે તો સમૃદ્ધિનો પાર રહેતો નથી. લોકોમાં દાનનો પ્રવાહ છે પણ તે નહેર દ્વારા સમૃદ્ધિમાં વધારો કરતો નથી. પૂજ્ય શ્રીમોટાએ ધાર્મિક પુરુષ તરીકે એનો આરંભ કર્યો છે. એમાંથી આવતી કાલે બીજાઓ પ્રેરણા મેળવી નવે માર્ગે પ્રવાહને વાળશે. એમના આશીર્વાદ સમાજના સર્વાંગી વિકાસ માટે આપણને ફળદાયી બનો તેવી પ્રભુને પ્રાર્થના !

* * *

## થીંગડાંથી ન સંતોષાશો

આપણે જરાતરા, અહીંતહીં જીવનના કે જગતના કે સુખદુઃખના કૉયડાનું કંઈક સમાધાન મેળવી લીધે ચાલવાનું નથી. ત્યારે જ આપણને ખાતરી થશે કે અત્યારે ને અત્યારે જ આ બધું કરી શકાય તેવું નથી. અને જીવનની બધી સમસ્યાઓ અને બધા પ્રશ્નોના ઉકેલ આપણે પૂરેપૂરો કરી શકીશું અને તે અત્યારે ને અત્યારે જ, એવું જે માનવાપણું બનેલું છે એમાં કેવળ અજ્ઞાન રહેલું છે, તે નક્કી જાણજો. થીંગડાં દીધે નવી વસ્તુ બની જતી નથી. આ બધા પ્રયત્નોની પાછળ ને તેના હાર્દમાં ચેતનાનું બળ નથી.

આવા બધા સમાજના સુધારણાના પ્રયત્નમાં સાચી પ્રમાણિકતા હોય, વફાદારી હોય, નેકદિલી હોય અને પૂરી સચ્ચાઈ પણ હોય, તેમ છતાં 'આ એક જ સાધન એવું છે કે જેની પરિપૂર્ણતા થતાં સમાજનો પૂરેપૂરો ઉદ્ધાર થઈ જશે' એવી પ્રચારની ઉગ્રતા જ્યારે પ્રગટે છે ત્યારે તેમાંથી સત્યની શક્તિ મોળી પડી જાય છે. સત્ય કોઈ એક જ પ્રકારનું હોઈ ન શકે. સત્ય અનેક રીતે વ્યક્ત થયા કરે છે. એટલે જ્યારે 'આ જ ખરું અને બીજું નહિ' એવી સમજણ જે જે પ્રયત્નમાં પ્રગટેલી રહે છે, ત્યાં ત્યાં ચેતનાનું સાચું પૂરું વ્યક્તિત્વ નથી એમ સમજવું.

('જીવનમંથન' પૃ. ૨૮૨-૨૮૩) **-મોટા**

* * *

## સાધક અને સુધારો

**પ્રશ્ન :** *મોટા,* સાધકે સાધનાનો પથ સ્વીકાર્યા પછી રૂઢિબંધનો વગેરે તોડવાની સામાજિક સુધારણામાં પ્રવૃત્ત રહેવું જોઈએ ખરું ?

**ઉત્તર :** સાધકે સમાજનાં રૂઢિબંધનોની ગ્રંથિમાંથી તેવા તેવા પ્રસંગ મળે ત્યારે ભાવના કેળવવાને અર્થે મુક્ત બનવાનું છે. કેવળ સમાજનાં રૂઢિબંધનો તોડી નાખવા ખાતર એટલે સમાજસુધારાના હેતુથી કશી કોઈ પ્રવૃત્તિ એ ન કરે. પ્રભુકૃપાથી તેવા પ્રસંગ સાંપડે તો રૂઢિનાં બંધન તોડતાં અચકાવું નહિ કે ગભરાવું નહિ. નરસિંહ મહેતાનો જીવનહેતુ સમાજને સુધારવાનો તો મુદ્દલે ન હતો, પરંતુ પરિસ્થિતિ એવી પ્રગટી કે હરિજન ભાઈઓએ ભજન કરવા આમંત્રણ આપ્યું તો તે ત્યાં જતાં અચકાયા પણ નહિ, ને તે રૂઢિગ્રસ્ત જમાનાની જ્ઞાતિને સમસમતો કોરડો પોતાના શરીર પર શ્રીભગવાનની કૃપાપ્રસાદી તરીકે ઝીલ્યો ને સ્વીકાર્યો. તેવી રીતે વર્તવાથી સમાજને એક ચિરંજીવ જીવનઆદર્શ પોતે આપી ગયા. રૂઢિનાં બંધનથી મુક્ત થવાનું છે. તે તો આપણી ભાવના તેજસ્વીપણે પ્રગટે તે માટે અને જીવનનું ખમીર તે રીતે સંજોગોના વર્તનમાં પ્રગટે તેવા હેતુથી.

(સંપાદક : **શ્રી ઈંદુકુમાર દેસાઈ**)

* * *

# પૂજ્ય મોટાની મોટાઈનું રહસ્ય

## શ્રી પીતાંબર પટેલ

(ગુજરાતી સાહિત્યના આગેવાન નવલિકાકાર. નાટ્ય પ્રવૃત્તિમાં ઊંડો રસ ધરાવનાર ગુજરાત નાટ્યકલા ઍકેડેમીના સભ્ય. ગ્રામજનતાના સર્વાંગી ઉત્કર્ષના સ્વપ્નશિલ્પી તથા નૂતન ગ્રામજીવનના ઘડવૈયા.)

હરિઃૐ આશ્રમવાળા પૂજ્ય મોટા આધ્યાત્મિક જગતમાં એક સિદ્ધ સંત તરીકે સાધકોમાં અને જિજ્ઞાસુઓમાં જાણીતા છે. મારો એમનો પરિચય એ દિશામાં નથી. એમની સિદ્ધિનો કે એમના આધ્યાત્મિક ચિંતનનો મને અનુભવ કે સ્પર્શ થયો છે તેમ નહિ કહેવાય. મારે તો સાહિત્ય પરિષદના મંત્રી તરીકે તેમણે પરિષદને આપેલાં દાનનાં કારણે એમનો પરિચય થયો છે. એથી ગુજરાત તેમને 'મોટા' શાથી કહે છે તેનું રહસ્ય મારે તો હજુ અગમ્ય જ રહ્યું છે.

એકવાર પૂજ્ય મોટા શ્રી કાંટાવાળાને ત્યાં ઊતરેલા. વંદન કરી હું સામે બેઠો. વાત કરવાની તક મળી તેથી મેં સીધો સવાલ કર્યો.

'મારે થોડુંક પૂછવું છે !'

'પૂછોને !'

'આપને લોકો 'મોટા' શાથી કહે છે ? આપની મોટાઈ શામાં રહેલી છે ? તે મારે સમજવું છે.' અને એ નિખાલસતાથી નિર્મળ હાસ્ય વેરી રહ્યા.

'હું મારી જાતને 'મોટા' તરીકે' ગણતો જ નથી. હું પણ તમારા જેવો સામાન્ય માનવી જ છું.'

'પણ આપનામાં કંઈક મહાનતા, કંઈક સિદ્ધિ હશે તો જ લોકો દર્શન કરવાં આવતા હશેને !'

'એવું કંઈ નથી. હું પણ પ્રભુનો ભક્ત છું. એની કૃપાથી જ બધું ચાલે છે. હું તો માત્ર નિમિત્ત છું.'

બીજાં દર્શનાર્થીઓ આવતાં તે વાર્તાલાપ લાંબો ચાલ્યો ન હતો, પણ ત્યારે જ એમની નિર્ભેળ નિખાલસતા મને સ્પર્શી ગઈ હતી, તેમનું પારદર્શક વ્યક્તિત્વ જ એવું છે કે તેમની પાસે કશા જ

પ્રકારનો દંભ કે દેખાડો ન ચાલે. પોતે સ્પષ્ટભાષી છે. એ સૌને સાચી વાત કહે છે અને સાચી સલાહ આપે છે. બહુજનસમાજ સમજે એવી સંસારી ભાષામાં પણ તે પ્રભુના મર્મની વાતો કરે છે, અને સૌને સમાજધર્મ સમજાવે છે. મને એમની જન્મતિથિનું એક પ્રવચન સાંભળવાની તક મળેલી ત્યારે પણ તેમના વ્યક્તિત્વની નિર્ભેળતા અને નિર્વ્યાજ નિખાલસતા હૃદયને સ્પર્શી ગયેલી. ધર્મ અને તત્ત્વજ્ઞાન, ચિંતન અને સાધનામાં એમણે ઘણી મોટી સિદ્ધિ મેળવી હશે એવી પ્રતીતિ જિજ્ઞાસુઓને એ કરાવી શક્યા છે.

એ કારણે ઘણાં બધાં એમને 'મોટા' કહેતાં હશે. પણ હું તો તેમને ગુજરાતનું જ્ઞાનવિજ્ઞાન વિકસે તે માટે ગ્રંથો તૈયાર થાય, પૌરુષ ખીલે અને યૌવનનાં વીરત્વને ચાનક લાગે તે માટે સ્પર્ધાઓ યોજવા અને જીવનમૂલ્યોની રખેવાળી થાય તેવું સાહિત્ય સર્જાય તે માટે લાખો રૂપિયાનું ગુજરાતને દાન આપનાર એક પરમ કલ્યાણકારી સંત તરીકે ઓળખું છું. જે કાર્ય સરકાર કે સંસ્થાઓ પણ ન કરી શકે તે કાર્ય પૂજ્ય મોટાએ એકલે હાથે પાર પાડ્યું છે. એથી તો ગુજરાતમાં જ્ઞાનકોષ તૈયાર થાય છે. સંદર્ભગ્રંથો પ્રસિદ્ધ થઈ રહ્યા છે. તરવાની ને બીજી સાહસિક સ્પર્ધાઓ યોજાય છે. ગુજરાતમાં એક નવી હવા ઊભી થઈ છે. પૂજ્ય મોટાના કારણે મોટેરાં અને બાળકો માટેના ગ્રંથો પ્રકાશિત થઈ રહ્યા છે. પૂજ્ય મોટા નવાં નવાં કાર્ય આરંભે છે. વૈજ્ઞાનિકોને, ખેતીસંશોધકોને, પ્રગતિશીલ ખેડૂતોને પ્રોત્સાહિત કરવા પારિતોષિકો અને ચંદ્રકો માટે રકમ પ્રાપ્ત કરે છે. તેમની દિનચર્યામાં શુભ કાર્યો માટે દાન પ્રાપ્ત કરવું તે પણ એક મહત્ત્વનું કાર્ય બની ગયું છે.

પૂજ્ય મોટાના નડિયાદ, સુરત, કુંભકોણમ્ વગેરેમાં આશ્રમો ચાલે છે. જિજ્ઞાસુઓને અને સાધકોને તેઓ માર્ગદર્શન આપે છે, પણ કદીય એ આશ્રમના સંચાલન માટે દાન માગતા નથી. એને તેઓ પોતાની અંગત ચિંતાનો વિષય ગણે છે. તેઓ ગુજરાતના હેમખેમની ચિંતા કરે છે. એમની આ પ્રેરણા અને પ્રોત્સાહનથી જ જ્ઞાનકોષો અને સંદર્ભગ્રંથો પ્રસિદ્ધ થઈ રહ્યા છે. આધારભૂત ગુજરાતી વ્યાકરણ પણ તૈયાર થઈ રહ્યું છે. પૂજ્ય મોટાની આ સેવા તો નિત્ય યાદગાર બની રહેશે. તે માટે ગુજરાત હંમેશ તેમનું ઋણી રહેશે. તેમની સમક્ષ પ્રવૃત્તિઓ છે, લોકકલ્યાણ છે, તેથી તેમની થેલી ભરાઈ જાય છે. જ્યાં જાય છે, ત્યાં તેઓ આવાં કાર્યો માટે દાન માગે છે. ગુજરાત બહાર વસતા ગુજરાતીઓ પાસેથી પણ દાન ખેંચી લાવે છે. એક વ્યક્તિનો આ કાંઈ નાનોસૂનો પુરુષાર્થ નથી. એક વ્યક્તિએ ઉઘરાણું કરીને કરેલાં દાનમાં પૂજ્ય મોટા જેટલી માતબર રકમ મેળવનાર ગુજરાતમાં ભાગ્યે જ કોઈ નીકળશે.

બીજાઓને મન પૂજ્ય મોટાની મોટાઈ બીજાં ગમે તે કારણે હોય, મારે મન તો એમની મોટાઈ તેમની આ દાનની ગુજરાતના સર્વાંગી વિકાસની વિશિષ્ટતામાં દેખાય છે. આવતી કાલના નાગરિકોને સર્વદેશીય માર્ગદર્શન મળી રહે તેવી એમની લોકહિતની અને લોકકલ્યાણની વિશાળ પ્રવૃત્તિઓ ગુજરાતમાં જીવતી રહેશે. એથી જ મારા જેવાને પૂજ્ય મોટા માટે આદર અને પૂજ્યભાવ બન્ને પ્રગટ્યા છે. આ મોટાઈ માપવા માટેનો મારો ગજ પણ નાનો પડે છે. પૂજ્ય મોટાના હસ્તે પ્રભુપ્રેરિત ગુજરાતના વિકાસનાં કાર્યો થતાં રહો એવી અભ્યર્થના.

* * *

# 'નર કા નારાયણ'

## શ્રી છગનલાલ ન. જોષી

(આજીવન હરિજન સેવક. ગાંધીજીના સાબરમતી સત્યાગ્રહ આશ્રમના
અંતેવાસી. સને ૧૯૨૬-૨૮ના ગાળામાં તે આશ્રમના સેક્રેટરી.)

'ઉત્તમ કરણી કરે તો નર કા નારાયણ બને' એનો સાક્ષાત્ પુરાવો શ્રીમોટાનું જીવન છે.

હું ગૂજરાત વિદ્યાપીઠના નિરીક્ષક તરીકે હરિજન શાળાઓ અને પ્રાથમિક શાળાનું નિરીક્ષણ કરવા ૧૯૨૧-૧૯૨૨માં એકવાર નડિયાદ ગયો હતો ત્યારે શ્રી ચૂનીલાલ ભાવસાર-પૂજ્ય મોટા અંત્યજ સેવા સમિતિ તરફથી શ્રી ઇંદુલાલ યાજ્ઞિકની શિસ્તમાં રહીને હરિજન શાળામાં કામ કરતા હતા. નાનું કે મોટું જે કંઈ કામ **મોટા**ના હાથમાં આવ્યું, તે તેમણે ભગવાનની ભેટ સમજીને સ્વીકાર્યું છે.

પરમ પૂજ્ય શ્રીમોટાના જીવનનાં અનેક પાસાંઓ છે. હરિજન સેવક સંઘના જોડિયા મંત્રી શ્રી પરીક્ષિતલાલભાઈ સત્યાગ્રહની લડતમાં જેલમાં ગયા ત્યારે હરિજન સેવક સંઘના સહમંત્રી તરીકે બધી જવાબદારી શ્રીમોટાએ ઉપાડી લીધી હતી. વળી, સંઘ જ્યારે જ્યારે આર્થિક ભીંસમાં હતો ત્યારે પૂજ્ય મોટાએ શહેરોમાં અને ગામડાંમાં ફરીને ઝોળી ફેરવી અને તેમના તપને લીધે ઝોળી ભરાઈ ગઈ હતી.

અત્યારે મને યાદ આવે છે કે તે દિવસોમાં તેઓ આશ્રમના અતિથિગૃહમાં નંદિનીના ઓટલા ઉપર ઘણી વાર રાતના એકલા બેઠાં બેઠાં ભજન ગાતા હતા અને નામસ્મરણમાં મસ્ત રહેતા હતા.

મદ્રાસ ઇલાકામાં રચનાત્મક કામ માટે હું ફરતો હતો ત્યારે **મોટા**ની સાધના પૂરી થવા આવી હતી. લગભગ સિદ્ધ થઈ ગયા હતા અને નંદુભાઈની પેઢી પરના ઉપરના માળામાં રહેતા હતા. *મોટા* હાથમાં બંગડી પહેરતા હતા અને બહેનોના જેવી સાડી ઓઢતા હતા. આ જરાક મને ત્યારે નવાઈ જેવું લાગતું હતું.

'The teacher is known by his taugh' શિષ્યના પ્રતાપે ગુરુની નામના વધે છે એવું કેટલાંક સંતપુરુષો વિશે કહી શકાય ખરું. પૂ. કેદારનાથજીની ઓળખ ગુજરાતમાં તો કિશોરલાલભાઈના ગુરુ તરીકે કરવામાં આવે છે. *મોટા*ના સમાગમમાં આવ્યા પછી પોતાનું જીવન કેટલું પલટાઈ ગયું અને *મોટા*ના પ્રતાપે પોતાનું હૃદયપરિવર્તન કેમ થઈ ગયું એના નાનામોટા દાખલા જ્યારે **મોટા**ના અનુયાયીઓ પાસેથી સાંભળીએ છીએ ત્યારે આવો લહાવો મને જીવનમાં ક્યારે સાંપડશે એમ ઘડીક થઈ આવે છે.

અનેક ઉચ્ચ કોટિની પદવી પ્રાપ્ત કરનારા અનેક રાજપુરુષો અને મોટા મોટા અમલદારોને જ્યારે 'મોટા'ને સાષ્ટાંગ પ્રણિપાત કરતા જોઉં છું ત્યારે ઘડીભર વિચારમાં પડી જાઉં છું.

પૂજ્ય મોટા તો પોતાના શિષ્યને પણ મારા વહાલા કરીને છાતી સાથે ભેટે છે અને તમે બહુ મોટી સાધના કરી છે એમ આશ્વાસન આપી વખાણ કરે છે. ત્યારે 'મોટા' દરેકના ઘટઘટમાં ભગવાન જુએ છે એવી ખાતરી થાય છે.

ગાંધીજી આશ્રમમાં બહેનોના ખભા ઉપર હાથ મૂકીને લાકડી ગણીને બહાર ફરવા જતા એની આશ્રમમાં અને અંતરંગમંડળમાં ગુસપુસ વાતો થવા લાગી હતી અને એની આલોચના કરવા શ્રી નિર્મળકુમાર બોઝે-નોઆખલીના ગાંધીજીના મંત્રીઓ-હિંદુસ્તાન પાકિસ્તાનના ભાગલાના સમયે બહુ બેહૂદી ટીકાવાળા લેખો લખ્યા અને ઈ. સ. ૧૯૪૭માં પુસ્તક પણ પ્રગટ કર્યું. આ *મોટા*એ જાણ્યું ત્યારે ગાંધીજીના એક વખતના સાથી તરીકે મને બોલાવ્યો હતો અને આંખ સામે આંખ મિલાવીને મને કહ્યું, 'આ ગાંધીજીની-વિરાટ પુરુષની-દિવ્ય શક્તિ તમે વામણાઓ શું જાણો ? આવું વિચારતાં પણ જરા શરમાઓ.' આ નિમિત્તે તેમણે નિર્મળકુમાર બોઝ અને તેના જેવા વિચારકોની જે ઝાટકણી કાઢી હતી ને પુણ્યપ્રકોપ ઠાલવ્યો હતો તે આ જીવનમાં કદી ભુલાય તેમ નથી. ગાંધીજીને સાચી રીતે ઓળખનાર *મોટા* છે એમ પ્રતીતિ થયા વગર રહેતી નથી.

મારા પરમ મિત્ર શ્રી ઢેબરભાઈ દિલ્હીમાં કૉંગ્રેસના પ્રમુખ બન્યા ત્યારે મારે સૌરાષ્ટ્ર છોડીને તેમની સાથે દિલ્હી જવું કે કેમ તે *મોટા*ની સલાહ પૂછી. એમણે તરત જ વાંસો થાબડીને કહ્યું કે જરૂર જાઓ. આ રીતે કૉંગ્રેસના રચનાત્મક કામ કરતાં કરતાં ભારતનો પરિચય થશે અને તમારું એમાં કુશળ થશે. આ મારા માટે અભય વચન હતું. પછી બીજા કંઈ તર્કવિતર્ક કર્યા વગર સૌરાષ્ટ્રની બહાર લગભગ છ સાત વર્ષ રહ્યો, તેમાં જીવનમાં અપરંપાર લાભ થયો છે. એ **મોટા**ના આશીર્વાદનું ફળ છે એમ માનું છું.

પૂજ્ય મોટા પોતાના ભક્તોનાં દર્દ હરી લે છે એવી અનેક અનુભવીઓ પાસેથી વાતો સાંભળી છે. આવો એક અનુભવ મને નજરોનજર જોવા મળ્યો છે. મારી સાથે સૌરાષ્ટ્રમાં ૧૯૫૩-૧૯૫૪માં પછાત વર્ગ બોર્ડમાં મુખ્ય અધિકારી તરીકે શ્રી વજુભાઈ જાની કામ કરતા હતા. તેઓ *મોટા*ના ભક્ત બન્યા હતા. અને તે રાજકોટની સાંકડી શેરીમાં ડુગડુગીવાળા નાનકડા ઘરમાં રહેતા હતા. સૂવાનું, લખવાનું અને રસોડું એક જ ઓરડામાં હતું. ત્યાં *મોટા* અને તેમના બીજા શિષ્ય-ગાંધીજીના એક વખતના 'યંગ ઈન્ડિયા'ના તંત્રી વિભાગના કાર્યકર્તા ભાઈ હેમંતભાઈ નીલકંઠ-વજુભાઈ સાથે 'જીવનપોકાર' વગેરેનું સંપાદન કરવા મહિનો માસ રહ્યા હતા. આ દહાડામાં હું તેમને અવારનવાર મળવા જતો હતો ત્યારે 'મોટા' આટલા બધા દિવ્ય પુરુષ હશે એમ કોઈને કલ્પના નહોતી. આજે તો *મોટા*એ અનેક પથ્થરોને તાર્યા છે. શારીરિક, માનસિક અને વૈજ્ઞાનિક ઉન્નતિ થાય એટલા માટે એકાવન લાખ રૂપિયા સુધીનાં નાનાં મોટાં દાન યુનિવર્સિટી અને સરકારી તંત્રો મારફતે કર્યાં છે, પણ મારે મન તો *મોટા* વજુભાઈ જાનીના સાથી માર્ગદર્શક તરીકે રમે છે. વજુભાઈ જાની કમભાગ્યે કૅન્સરમાં સપડાયા. શરીરનું એક અંગ પણ હાલી શકે નહિ. આંખ ઊંચી કરતાં પણ વેદના થાય. એવા દિવસો છેલ્લી અવસ્થામાં તેમને ગાળવા પડ્યા હતા. શ્રીરામકૃષ્ણ પરમહંસ અને ભગવાન રમણ મહર્ષિ કૅન્સરથી પીડાતા હતા, એ દૃશ્યો તાજાં થતાં હતાં. વજુભાઈ તો ઈશ્વરભજનમાં લીન રહેતા અને અમે તેનું દુઃખ જોઈ રડતા હતા, પણ વજુભાઈ તો કેમ જાણે *મોટા*માં સમાઈ ગયા હોય એવી શાંતિ ભોગવતા હતા.

*મોટા* સિદ્ધ પુરુષ થયા છે પણ તેમનું શરીર ખેડા જિલ્લાની માટીનું બનેલું છે એની ખાતરી હમણાં રાજકોટમાં તેમનો જન્મઉત્સવ ઊજવાયો ત્યારે થઈ. શ્રી ઢેબરભાઈ આ સમારંભના પ્રમુખ હતા. માંદગીને કારણે જરાક મોડા થયા એટલે જાહેર રીતે ઢેબરભાઈને ટકોર કરતાં તેઓ અચકાયા નહિ. હું જ્યારે

તેમને પગે લાગ્યો અને 'આપનાં દર્શન કરવાં આવ્યો છું' એમ કહ્યું ત્યારે મને પણ ટકોર કરી, 'દર્શન તો ભગવાનનાં કરાય. આવું તમે માનતા નથી ને કેમ બોલો છો ?'

ગુજરાત હરિજન સેવક સંઘના કામ માટે ફાળો કરવા નીકળ્યા ત્યારે સંઘના મહામંત્રી શ્રી ઠક્કરબાપાએ ભણામણચિઠ્ઠી પણ ન લખી આપી. અને સારું ફંડ ભેગું કરીને સંઘમાં જમા કરાવ્યું તોયે ઠક્કરબાપાએ અભિનંદનનો કે શાબાશીનો કાગળ સરખો ન લખ્યો, તેની વાત હજુ *મોટા* કરે છે એ સાંભળતાં જરાક મગજ ચક્કરે ચડી જાય છે.

*મોટા* સાચે જ આખાબોલા છે. સાથોસાથ એટલું કબૂલ કરવું જોઈએ કે 'મોટા' કુટુંબના સુખદુઃખમાં ભાગ લઈને પ્રેમથી નવરાવનારા પણ છે. મારા મિત્ર ગુજરાત હરિજન સેવક સંઘના પ્રમુખ શ્રી ડાહ્યાભાઈ નાયક હવે ૭૦ વર્ષ બાદ જીવન કેમ વિતાવવું તેના આત્મનિરીક્ષણ માટે *મોટા*ના નડિયાદ આશ્રમમાં બે માસ પહેલાં સાત દિવસ મૌનમાં બેઠા. તેમણે જે શાંતિ અનુભવી છે અને *મોટા*ના અપ્રત્યક્ષ સમાગમથી તેમને જે લાભ થયો છે એ વાતો સાંભળું છું ત્યારે *મોટા*માં સમાઈ જવાની શક્તિ અને તેમને સર્વસ્વ સમર્પણ કરવાની શક્તિ આપણા બધાંમાં આવો એવી પ્રાર્થના સાધકો સાથે બેસીને અને તેઓશ્રીના ખાટલાની આજુબાજુ બેસીને કરવાની ઝંખના થાય છે.

* * *

## પામર જીવનું માપન

જે જીવ ખરો સાધક છે, તે તો મુશ્કેલીઓ, વિઘ્નો આદિ જીવનમાં પ્રગટતાં વધારે સાબદો બને છે. આ જીવની જીવનની કથની લખું તેમાં સાર પણ ન હોય, પણ મહાત્મા ગાંધીજીના જીવનને જુઓ અને વિચારો. એમણે પોતે એકલા હાથે, કેટકેટલી મુશ્કેલીઓ તથા વિઘ્નો આવતાં, કેટકેટલો પુરુષાર્થ કરેલો છે ! નિરાશાની પળો જેવું ઘણાંને લાગતું, તેમ છતાં તે તો સતત પોતાના ધ્યેયને પંથે વળગેલા રહ્યા કરેલા હતા. એવું જ્યાં પ્રત્યક્ષ વરતાય, ત્યાં તેવો જીવ સાચો આરપાર પારદર્શક છે એમ ગણી શકાય. એવા જીવને આપણા જેવા પામર જીવો પામવાનું કે માપવાનું કરીએ તે જ આપણાં અજ્ઞાન અને મૂર્ખામી છે. એવાને જો ખરી રીતે હૃદયથી સમજવાનું ઇચ્છતાં હોઈએ, તો તે તે રીતે જીવીને તેમ થઈ શકતું હોય છે.

('જીવનસોપાન', પૃ. ૨૭૮) **—મોટા**

* * *

# અનાસક્ત કર્મયોગી

## શ્રી છોટુભાઈ સુથાર

(વલ્લભ વિદ્યાનગર હાઈસ્કૂલના ભૂતપૂર્વ આચાર્ય. પોતાનાં લેખો અને પુસ્તકો દ્વારા ગુજરાતમાં વિજ્ઞાનનો અને ખાસ કરીને ખગોળશાસ્ત્રનો રસ પેદા કરનાર જાણીતા કેળવણીકાર. હાલ આણંદનિવાસી.)

સંત કબીરદાસે ગાયું છે –

ગુરુ ગોવિંદ દોનો ખડે, કાકે લાગું પાય,
બલિહારી ગુરુ આપકી, ગોવિંદ દિયો બતાય.

ગુરુની મહત્તા ગોવિંદ બતાવવામાં છે, પણ ગુરુ ગોવિંદને ક્યારે બતાવી શકે ? ગુરુએ પોતે ગોવિંદને ઓળખ્યા અને જોયા હોય ત્યારે. ગોવિંદનો પરિચય ગુરુને હોય ત્યારે જ.

પ્રશ્ન થશે કે ગોવિંદનાં દર્શનનો શો અર્થ કરવો ?

**ઈશ્વર સર્વત્ર વ્યાપી રહેલો છે. એ જડ અને ચેતન સૌમાં રહેલો છે. કુદરતના હરેક રૂપમાં એને નીરખવો એનું નામ ઈશ્વરદર્શન છે. જે ઈશ્વર આપણામાં છે તે સામી વ્યક્તિમાં પણ છે. અને એ રીતે એનો અનાદર ન કરી શકાય.**

ઉપર્યુક્ત હકીકતનો બુદ્ધિપૂર્વક સ્વીકાર કરવા છતાંય મનુષ્યે એનો હૃદયપૂર્વકનો અમલ ઓછો જ કર્યો છે. કદાચ એણે ઊલટી વાત અખત્યાર કરી છે. એણે માનવી માનવી વચ્ચે ઊંચનીચના તેમ જ ગરીબ તવંગરના અકુદરતી ભેદ ઉત્પન્ન કર્યા છે, અને એ દ્વારા અનેક પ્રકારનાં દુઃખો પેદા થવા દીધાં છે. આટલું જાણે બસ ન હોય તેમ મનુષ્યનાં સુખદુઃખનાં કારણ માટે મનુષ્યની સ્વાર્થાંધતાને દોષિત ઠરાવવાને બદલે મનુષ્યના નસીબને દોષ દઈ એવો જડ અંધવિશ્વાસ જન્માવ્યો છે કે દુઃખી મનુષ્ય એ વિચારચૂડમાંથી છૂટી ન શકે. પરિણામે કુદરતે મનુષ્યને જે અર્થ માટે ઉત્પન્ન કર્યો છે, તે પુરુષાર્થ હણાય છે અને પ્રારબ્ધવાદના અંચળા હેઠળ માનવી દુઃખી, અસંતોષી, નિરુત્સાહી, બીકણ અને અકર્મણ્ય બનતો જાય છે.

ઉપરની વાતને બીજી રીતે આમ મૂકી શકાય, મનુષ્યે કેટલુંક એવું કર્યું છે કે જે કુદરતે કદી કર્યું જ ન હોત. ખરી રીતે તો મનુષ્યને ઉત્પન્ન કરી કુદરતે એની જફા વહોરી છે. કુદરત એ પીડામાંથી જલદી મુક્ત થવા પ્રયત્ન અવશ્ય કરે છે, પણ એ માટેનો એનો રસ્તો ધીરી ગતિવાળો છે. કુદરત મનુષ્ય દ્વારા થતા પોતાના નુકસાનને બને ત્યાં સુધી મનુષ્ય દ્વારા જ મિટાવવા ઇચ્છે છે.

મનુષ્ય પશુ છે જ. એના આવિર્ભાવમાંથી માંડીને આજ સુધીના અસ્તિત્વનો ઇતિહાસ જોઈશું તો એની જબરદસ્ત ટોળાંવૃત્તિ અને સ્વાર્થવૃત્તિનાં દરેક તબક્કે દર્શન થશે. વળી, તે સાથે મનુષ્યજાતને સીધે માર્ગે લઈ જનારા સંતમહાત્માઓ વિવિધ યુગોમાં આવિર્ભાવ પામેલા પણ જોવા મળશે. એ સંતો દ્વારા કુદરતે પોતાનું કામ કરાવ્યું છે અને મનુષ્યને બુદ્ધિશાળી પશુના રૂપમાં સાવ બહેકી કે પલટાઈ જતો રોક્યો છે.

પહેલાં નહોતી તેટલી માનવજાત આજે ત્રસ્ત છે. એણે ઊભી કરેલી દુનિયા એને ટૂંપો દે એવી પરિસ્થિતિ ઉત્પન્ન થઈ છે. અને ત્યારે ઈશ્વરના દૂતોના, એમની પોતાની રીતના, માનવજાતિને દુઃખ-મુક્ત કરાવવાના પ્રયત્નો ચાલુ જ છે. સામાન્ય રીતે સંતો મુક્ત આત્માઓ હોય છે. સુખદુઃખનાં દ્વંદ્વથી મુક્ત હોવાને કારણે તેઓ માનવજાતને માર્ગદર્શન આપી શકે છે. સંતોને આત્મદર્શન થયેલું હોય છે અને એ કારણે *'આત્મવત્ સર્વ ભૂતેષુ'*નું તેઓ આચરણ કરી શકે છે. પૂજ્ય મોટા આવા એક સંતપુરુષ છે. એમની પહેલાં થઈ ગયેલા સંતોની પેઠે એમણે પણ જનતાજનાર્દનનું દુઃખ હળવું કરવામાં પોતાની શક્તિઓ લગાડી છે. એમણે પ્રજા તરીકેની આપણી નાડ પારખી છે. અકર્મણ્ય અને અપુરુષાર્થી બનતી જતી પ્રજામાં આત્મનિર્ભરતાનો રણકો ઊઠે તે માટે પુરુષાર્થ પ્રેરક અનેકવિધ કાર્યો દ્વારા જનતામાં નવી

ચેતના પ્રગટાવવાનું કામ એમણે કર્યું છે. દબાતી ભીંસાતી જતી પ્રજામાં ઉમંગ પૂરવા કેળવણી તેમ જ એને આનુષંગિક અન્ય ક્ષેત્રોમાં વિશિષ્ટ કાર્યશક્તિ અને કૌશલ્ય દાખવનારને સન્માનવા ઉપરાંત, રમતગમત, સાહસ, સેવા, વિશિષ્ટ સામાજિક કર્તવ્યપાલન વગેરેનાં ક્ષેત્રોમાં પોતાની આગવી શક્તિ દર્શાવવા યુવક યુવતીઓને એમણે પ્રેરણાત્મક આહ્‌વાન આપ્યાં છે. પોતાના શક્તિબળે વિકાસ સાધવા ઇચ્છતાં સૌ કોઈ માટે એમણે તકનાં દ્વાર ખુલ્લાં કર્યાં છે. 'મારી પરિસ્થિતિ ખરાબ હતી' એવું નમાલું રોદણું રડનારા માટેનો યુગ એમણે પલટાવી નાખ્યો છે. દેશ અને દેશબાંધવોની ઉત્તમ સેવા અર્થે એમણે માર્ગ ચીંધ્યો છે. હવે અપેક્ષા માત્ર એટલી રહે છે કે સંતોચીંધ્યા માર્ગે આપણે આગળ વધીએ અને આપણા જ પુરુષાર્થબળે સારું કામ કરી જીવનની ધન્યતા અનુભવીએ.

સંતો પૈસાનો મોહ રાખતા નથી. જૂની પ્રણાલિકાગત ભાષામાં કહીએ તો તેઓ દ્રવ્યનો સ્પર્શ કરતા નથી એમ કહેવાય, પણ પૂજ્ય મોટા તો સામેથી રકમો માગે છે. આમ કેમ ? 'એમની એ રીતની માગણીમાં ઔચિત્ય છે ખરું ?' એવો પ્રશ્ન કેટલાક પૂછે છે. એનો ખુલાસો એ છે કે જેમની પાસે વધુ પૈસા છે, તે લોકો એ ધનના ટ્રસ્ટી છે. એમને મળેલી એ સંપત્તિ રૂપ થાપણ તેઓ જનતાના હિતમાં વાપરે એમાં કશું અનુચિત નથી. ધન વાપરવાની વૃત્તિ જૂના જમાનાથી આજ સુધી ચાલતી આવી છે. પહેલાંના જમાનામાં એ માટે ઝાઝી ટહેલ નાખવી નહોતી પડતી પણ આજનો જમાનો સહેજ જુદી પરિસ્થિતિવાળો છે અને એ કારણે પૂજ્ય મોટા ઉપર્યુક્ત ભાવના-પ્રવાહ જીવંત રહે એ હેતુથી પ્રેરાઈ, સૌ સમક્ષ સૌની ભલાઈનાં કામ અર્થે પૈસા માટે ટહેલ નાખે છે. જનતાજનાર્દનના ઉત્કર્ષ માટે પૂજ્ય મોટા દ્વારા મેળવાતાં દાનની એક વિશેષતા છે. તેઓ દાન મેળવીને કામની યોજના બનાવતા નથી. એ રીતે કામ કરવામાં યોજનાનું સ્વરૂપ, મળતી દાનરકમ અનુસારનું રહે છે. પૂજ્ય મોટા પોતાની પાસે રાતી પાઈ રાખતા ન હોવા છતાં અમુક વિશિષ્ટ કાર્યો માટે પોતે રકમ આપવાનું જાહેર કરે છે અને પછી એ રકમ લોકો પાસેથી મેળવી આપે છે. ખૂબ જ સ્વાભાવિકતાથી તે પોતાની યોજના જાહેર કરી તેને પૂરી કરનારા પ્રયોજકોને આમંત્રે છે. નિષ્કામીની આ ઉપાસના આશ્ચર્યજનક છે.

સંભવ છે કે પૂજ્ય મોટાના સંસર્ગમાં ન આવેલાને એમની આ પ્રકૃતિ અને પ્રવૃત્તિ જરા અકળાવનારી લાગે, પણ એના મૂળમાં એક કારણ દર્શાવી શકાય. આપણા સૌના દિલમાં આપણને સૌ કોઈ મદદ કરે એ ભાવ જેમ બેઠેલો છે તેવી રીતનો આપણે સૌને સહાયભૂત થવું જોઈએ એવી લાગણીનો કે દિલેરીનો ભાવ વિકસ્યો નથી. પૂજ્ય મોટા આ લાગણીનાં મૂળ નાખવાનું અને એ રીતે સંપત્તિવાનોની દાનવૃત્તિને વિકસાવવાનું મહદ કાર્ય કરી રહ્યા છે.

પૂજ્ય મોટાના આ યજ્ઞમાં આપણે Stain (ચરિત્ર ઉપર ડાઘ-ચોર) ન ગણાવાનું કામ કરીએ તો તે પણ ઘણું લેખાશે. બેઠાખાઉ સાધુઓ અને બાવાઓની સરખામણીમાં પૂજ્ય મોટા જેવા કર્મયોગીની નિષ્કામ સેવા વધુ વેગવતી બનો અને એનો વ્યાપ વધો એવું આપણે જરૂર ઇચ્છીએ. અને એ માટે ઈશ્વર પૂજ્ય મોટાને દીર્ઘાયુ બક્ષે એવી કામના કરવી વધુ ઉચિત લેખાશે.

* * *

# અનાસક્તિ

આપણામાં વૈરાગ્ય બાબત જુદા જુદા ખ્યાલ રહેલા છે. સાધારણપણે લોકો વૈરાગ્ય એટલે કુટુંબીજનોથી વિખૂટાં પડવું ને કંઈ કામકાજ ન કરવું એને વૈરાગ્ય સમજે છે, પણ તે સાચું નથી. વૈરાગ્ય શબ્દના મૂળ અર્થમાં જઈએ તો રાગ એટલે આસક્તિ અને વિરાગ એટલે આસક્તિ જતી રહી હોય તે સ્થિતિ અથવા અનાસક્તિ. વિરાગ અને વૈરાગ્ય એક જ અર્થના શબ્દો છે. આપણે ભાગે આવેલાં સર્વ કર્તવ્યોને કરવાનાં તો છે જ. આપણને જો આપણા ધ્યેયની ખબર પડી ના હોત તો આપણે કેટલાંય નવાં નવાં બંધનોમાં પડતાં જતાં હોત. હવે જ્યારે આપણો આદર્શ નક્કી છે ને એ જ જીવનનો સાચો ઉદ્દેશ છે, એમ ચોક્કસ નિશ્ચય થયો છે ત્યારે આપણે સમજણપૂર્વક ખ્યાલ રાખવો ઘટે છે કે જેટલાં કર્તવ્યો હોય અને તેમાંથી પણ જેટલાં યોગ્ય હોય તેટલામાં જ આપણે રહેવાનું છે, અને તે પણ અનાસક્તિથી. અનાસક્તિથી એટલે જીવ વિના તે બધાં થયાં જશે એમ નહિ, પણ એ કરતી વખતે આપણે પરિણામની આશા દિલમાં ન રાખીએ. વળી, તે કાર્યમાં આપણી મર્યાદાનો તથા કાર્ય પૂરતી જ જવાબદારીનો ખ્યાલ રાખ્યા કરી તે તે જેમ આવતાં હોય તેમ કર્યા કરીએ, તે વિશે મનમાં પહેલાં કે પછીથી એના વિશે વિચારો ના કર્યા કરીએ, મનને એથી ડામાડોળ ન થવા દઈએ, આપણે ભાગે આવેલું કામ કરીને મનમાં પછી કશું ન રાખવું.
('જીવનપગરણ', પૃ. ૨૦૮) **—મોટા**

❊ ❊ ❊

# પત્ર-મંજૂષા

(શ્રી સત્યેન્દ્રભાઈ ઠાકોર લાંબા સમયથી શ્રીઅરવિંદાશ્રમ પોંડિચેરીમાં સાધક તરીકે જીવન નિર્ગમન કરે છે. મહર્ષિ શ્રીઅરવિંદના અંગત સાંનિધ્યમાં અને સેવામાં રહેવાનું સૌભાગ્ય તેમને પ્રાપ્ત થયું હતું. પૂજ્ય શ્રીમોટાના તેઓ પ્રત્યક્ષ અને નિકટના પરિચયમાં આવ્યા છે. પ્રેમાળ વ્યક્તિત્વ ધરાવનાર અને સત્તુભાઈના હુલામણા નામે જાણીતા છે. તેમણે ગુજરાતના અન્ય સંતોનાં પણ પ્રેમપડખાં સેવ્યાં છે. શ્રી પૂજાલાલ તો પચાસેક વર્ષથી શ્રીઅરવિંદાશ્રમમાં જ સાધકનું જીવન જીવે છે અને સાવિત્રી પ્રકાશન સંભાળે છે. એમને શ્રીમોટાનો પરોક્ષ પરિચય જ છે. એઓ ગુજરાતી સાહિત્યના ઉત્તમ કવિ છે. ૯૧ વર્ષની ઉંમરના દોરાસ્વામી શ્રીઅરવિંદપ્રેમી છે. અને દક્ષિણ ભારતના તામીલભાષી આગેવાન નિવૃત્ત ધારાશાસ્ત્રી છે અને શ્રીઅરવિંદાશ્રમમાં જ રહે છે. એઓ પૂજ્યશ્રીના સંબંધમાં આવ્યા છે. એમનો મૂળ અંગ્રેજીમાં લખાયેલો પત્ર ગુજરાતીમાં ભાષાંતર કરીને મૂક્યો છે. ત્રણે પત્રોના પ્રસ્તુત ભાગો અત્રે રજૂ કરી ત્રણે સાધકોની શ્રદ્ધાંજલિ પૂજ્યશ્રીનાં પાદપદ્મે અર્પીએ છીએ.)

(૧)

**ભાઈશ્રી....**

પૂજ્ય શ્રીમોટાના સાક્ષાત્કારદિનની ઉજવણી આવતી રામનવમીએ કરવા ધાર્યું છે તે જાણ્યું. તે શુભપ્રસંગે સ્મૃતિગ્રંથ પ્રગટ કરવાનું નિરધાર્યું છે જાણીને આનંદ. તે અંગે મારી પાસે પ્રસંગને યોગ્ય લેખની માગણી કરી છે. તેના જવાબમાં શું લખવું તે સમજાતું નથી.

પૂજ્ય શ્રીમોટા માટે મને ઘણું માન છે એટલું જ નહિ વહાલ પણ છે. વર્ષોથી વખતોવખત એમનાં દર્શનનો લાભ મળતો રહ્યો છે અને સમય જતાં વહાલમાં વધારો જ થતો રહ્યો છે, પણ એમને વિશે કંઈ લખવાનું મારી શક્તિ બહાર છે. કોઈ પણ સંત-મહાત્મા-વિભૂતિ વિશે મેં હજુ કદી લખવાનો પ્રયત્ન કર્યો નથી. અંદરથી પ્રેરણા કે આદેશ પણ મળ્યાં નથી. અહીં હું ૧૯૩૫ના ફેબ્રુઆરીથી રહું છું. બાર વર્ષ શ્રીઅરવિંદની અંગત સેવામાં પણ હતો. જ્યારે એમણે શરીર છોડ્યું ત્યારે હરિજન આશ્રમના શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાયે એમને વિશે કંઈક લખવા સૂચવેલું ત્યારે મારે લાચારી દર્શાવવી પડેલી.

શ્રીઅરવિંદની છાયામાં આવતાં પહેલાં મારે એક બીજા ગુરુ પણ થયેલા-ગોધરાના શ્રી પુરુષોત્તમ ભગત. ઈ. સ. ૧૯૨૬માં એમણે શરીર છોડેલું. એમને વિશે મહાદેવભાઈ દેસાઈએ 'એક સંતનો દેહત્યાગ' મથાળાં નીચે 'નવજીવન'માં, ગાંધીજીના કહેવાથી લેખ લખેલો. બીજા એક ભાઈએ પણ પુસ્તક લખેલું. એ વાંચીને મેં સંતોષ માનેલો. લખવાની મને ટેવ કે ફાવટ નથી....ટેવ તો જોઈએને !

પૂજ્ય મોટા સાથે એ રીતનો પરિચય નથી. જોકે એમની આંતરસ્થિતિનો ખ્યાલ છે ખરો. અને એમની બીજી પ્રવૃત્તિઓ તો ગુજરાતમાં જાણીતી જ છે. એકાંત સાધના માટેની સગવડો પૂરી પાડવા ઉપરાંત, પુસ્તકો, પત્રો, ભજનો, સત્સંગ દ્વારા એ ઘણાંને દોરવણી આપે છે, આપતા રહ્યા છે. અને શરીરની અનેક ઉપાધિઓ છતાંયે હસતે મોંએ, આનંદથી ભક્તોની મદદ અર્થે મુસાફરી કરતા રહે છે. તે પણ આપણે જોઈએ છીએ...અને ફંડફાળા ઉઘરાવીને ઊછરતી પ્રજાને નવી દોરવણી આપવાના એમના પ્રયાસ પણ જાણીતા છે. એમનાં દર્શનમાં, તેમ જીવનમાં આંતરિક નિવૃત્તિ અને બાહ્ય પ્રવૃત્તિનો સમન્વય સાધવાનો સંદેશો સ્પષ્ટ જણાઈ આવે છે-કશી એકદેશિયતા નથી. તેથી આનંદ થાય છે, કારણ કે લાગે કે ભવિષ્યમાં એવા સમન્વય પર રચાયેલો સમાજ જ સુખી થશે અને જીવન સાર્થક કરવા તરફ આગળ વધશે...

...એમનું માર્ગદર્શન મેળવવાને તમે ભાગ્યશાળી થયા છો. તે માટે અભિનંદન. સંતો તો સમાજની શોભારૂપ છે. એ શોભા કાયમ ટકજો.

....ભાઈ, લખાય એમ હોત તો જરૂર લખત અને આટલો લાંબો કાગળ તમને લખું છું તે પણ પૂજ્યશ્રી માટેના મારા પ્રેમને ખાતર...માફ કરજો...

તમારી યોજનાને પૂરેપૂરી સફળતા ઇચ્છીએ છીએ. શુદ્ધ પ્રેમથી, ભક્તિભાવથી, નિષ્કામ ભાવે કરેલું કાર્ય સફળ જ થશે એવો વિશ્વાસ છે.

**લિ. ભવદીય**
**સત્યેન્દ્રના સપ્રેમ હરિઃૐ**
**વંદન...જય જય**

* * *

(૨)

**સદ્ભાવી ભાઈ....**

પૂજ્ય શ્રીમોટા માટે કંઈ લખી મોકલવા માટેના તમારાં બે આમંત્રણો આવ્યાં, હું જવાબ પણ આપી શક્યો નહિ તે બદલ તમને જેવું લાગે છે તેવું મને પણ લાગે છે, પરંતુ આદરણીય શ્રીમોટાની સાથે મારો પ્રત્યક્ષ પરિચય થયેલો ન હોવાથી હું નિરુપાય હતો. હું તો પચાસેક વરસથી દેશનિકાલની દશામાં છું. મેં પૂજ્યશ્રીને જોયા પણ નથી. માત્ર એમની છબી જોઈ છે. અલ્પસ્વલ્પ એમનું ભાવિક લખાણ વાંચ્યું છે, ને એમની પ્રતિ ભાવભર્યો એક પ્રકારનો આત્મીય સંબંધ રાખ્યો છે.

તેમ છતાં એ એક એવા પુરુષ છે કે જે પ્રભુના પ્રિય ભારતવર્ષમાં ઋતુએ ઋતુએ પાકતા જ રહે છે અને જનતાને પોતાની જીવનસાધનાનું સુફળ પ્રસાદરૂપે આપતા રહે છે. આવા સાધુઓ, સંતો,

સાધકો અને સિદ્ધો આપણા સારા નસીબે આપણને મળતા રહ્યા છે ને એમણે આપણા અધઃપતનને અટકાવી આત્માઓને ઊંચે આણ્યા છે.

પૂજ્ય શ્રીમોટા આવાઓમાંના એક છે અને આપણી વચમાં એ જે શ્વાસોચ્છ્વાસ લઈ રહ્યા છે, તે સ્વર્ગની સુવાસથી આપણા વાતાવરણને તરબતર રહી રહ્યા છે.

એમણે આ લોકનો ઉપરના જગત સાથે ને ઉપરના જગતનો આ લોક સાથે સંપર્ક વધારી આપવામાં પોતાનો ઉત્તમ ફાળો આપ્યો છે અને હજુયે એ આપતા જાય છે તેમ આપતા રહેશે.

આપણે તો પ્રાર્થીશું કે એ ગુજરાતને પોતાની દિવ્ય સંપત્તિથી વધારે ને વધારે સંપન્ન કરતા રહે અને જિજ્ઞાસુઓને તથા અભીપ્સુઓને આંતરપ્રેરણા આપી પ્રભુમય જીવન પ્રત્યે પ્રેરતા રહે.

ગુજરાત એમનું ભારે ઋણી છે, પણ એમણે તો જે આપ્યું છે તે પાછું લેવા માટે નહિ પણ માનવ-જીવનમાં સહસ્રગણું બનીને પાંગરવા માટે જ છે. એને આમ પાંગરતું રાખવું એ જ ગુજરાતને ઋણમુક્ત બનાવી શકે, ને આપણે દેવાળિયાં નથી એ આપણે દિવ્યજીવન ઉપર પ્રેમ વધારતાં રહી અને આપણને જે કંઈ શુભ પ્રાપ્ત થયું હોય તે ઉદારતાથી વેરતાં રહી સિદ્ધ કરી બતાવવાનું છે.

ગુજરાત સ્વધર્મપાલનના કાર્યમાં કમજોરી નહિ બતાવે.

**લિ. ભગવદીય**
**પૂજાલાલના**
**ભગવન્નમસ્તે !**

* * *

(૩)

**વહાલા શ્રી....**

તમારો નમ્ર પત્ર મળ્યો. મેં મારા જીવનમાં પુસ્તકો, પત્રિકાઓ, સામયિકો દ્વારા કે અન્ય કશું લેખનકાર્ય કર્યું નથી. એ હેતુસરની મિત્રોની વિનંતીઓ અને દબાણોને મેં એકધારી રીતે ઈન્કાર્યાં છે.

એ વાત બાજુએ રાખીએ તોપણ પહેલી વાર ઈ. સ. ૧૯૬૫માં અને પછી ઈ. સ. ૧૯૬૭માં પૂજ્ય શ્રીમોટા મહારાજને મળ્યો ત્યારે સદ્‌ભાગ્યે એમણે મને કહેલી વિગતો સિવાય એમના જીવન કે આધ્યાત્મિક કક્ષા અથવા કાર્યો વિશે ખરેખર હું શું જાણું છું ? એમની આધ્યાત્મિક કક્ષા અથવા આધ્યાત્મિક ક્ષેત્રમાં એમનાં કાર્યો વિશે કશું કહેવા માટે હું યોગ્ય છું એમ મને લાગતું નથી.

એઓ વિવિધ ક્ષેત્રોમાં સેવાનું સમર્પિત જીવન જીવ્યા છે-હું ધારું છું એ સેવા હજુ પણ ચાલુ છે. મારી માન્યતા છે કે એ બધી જ પ્રવૃત્તિઓનું મૂળ એમનાં ચૈતન્યમાં છે, પરંતુ આ વિશે હું ઘણું ઓછું જાણું છું.

હું જે જાણું છું તે તો ફક્ત એમનો અગાધ પ્રેમ, ઉમદા, અમર્યાદિત, સહજ આત્માર્પણ. બદલાની કશી અપેક્ષા વિના-આભાર પણ નહિ-હંમેશાં સહાયરૂપ નીવડવાની તત્પરતા.

આ મેં સઘન રીતે અનુભવ્યું છે અને મારા હૃદયને એ સ્પર્શી ગયું છે અને ત્યાં જ વસી રહેશે.

ઈ.સ. ૧૯૬૬માં મને અને મારાં પત્નીને અત્યંત આવશ્યક એવી મદદ કરવા પૂજ્ય શ્રીમોટા આગળ આવ્યા અને અમને સહારો આપ્યો તે મારાથી કદાપિ ભૂલી શકાય એમ નથી. તે હું કૃતજ્ઞતાપૂર્વક

હંમેશાં સંભારીશ, પરંતુ એ સંપૂર્ણ અંગત અને ગોપિત છે અને પ્રકાશન માટે નથી.

હું તમારી (લેખ લખવાની) વિનંતીને સ્વીકારી શકતો નથી તે માટે દિલગીર છું, એ બદલ ક્ષમા આપશો.

**આપનો સ્નેહાળ**
**દોરાસ્વામી**

* * *

## શ્રીઅરવિંદ-દર્શને જતા સાધકને

ત્યાં બધા જીવો સાધના કાજે ભેગા થયેલા છે. તેમણે પણ પ્રયોગશાળા માંડી છે. તેઓ પ્રામાણિકપણે, પ્રેમભક્તિથી પ્રયોગ કરી રહેલા છે. તેમાંથી જગતને લાભ થવાનો છે - જો જગતને તે લેવાની હૃદયની સાચેસાચી જિજ્ઞાસા પ્રગટી હશે તો. જે માનવી જ્ઞાનપૂર્વકની જાગ્રતિના ભાવ સાથે અને જીવનના તેવા હેતુ સાથે પ્રયોગ કરે છે, તેની પાછળ કંઈ અંધશ્રદ્ધા નથી હોતી, પરંતુ જીવંત શ્રદ્ધા હોય છે.

એવાના થતા રહેતા પ્રયોગમાંથી જગતને સાચું જાણવાનું મળે છે. ત્યાં આપણે આપણા આગ્રહો, મતમતાંતરો, આપણી રીતરસમો, સમજ કે દૃષ્ટિબિંદુના સકળ મદારને છોડીને - માત્ર જિજ્ઞાસુભાવે સંપૂર્ણ જ્ઞાનપૂર્વકની નમ્રતા ધારણ કરી કરીને જેટલું સ્વીકારાત્મક ભાવે સમજવાને મથીશું, તેટલું સમજવાનું, જાણવાનું અને અનુભવવાનું વિશેષ મળશે.

ત્યાં બધો સમય ભાવનાથી ગાળવો, એકાગ્રતાથી ગાળવો, નકામી નકામી ચર્ચાનાં ચૂંથણામાં ન પડવું. ખુલ્લા થવું અને ખુલ્લા રહેવું. સાચી સમજણને સ્વીકારવાને તત્પર રહેવું. ત્યાં રહેવાય તેટલા દિવસ ખૂબ ખૂબ આનંદમાં-પ્રસન્નતામાં ને તે વાતાવરણનો હૃદયસ્થ ખૂબ ખૂબ લાભ લેવાય તેમ જાગ્રતિપૂર્વક, જ્ઞાનભક્તિપૂર્વક રહેવું.

દર્શનસમય પહેલાં ભાવનાથી કોઈ એક પ્રાર્થનાના ભાવ સાથે એકાગ્રતા કેળવવી. દર્શનની પળે પણ તેવી એકાગ્રતા સાથે તેવી પ્રાર્થના ભાવપૂર્વક કરવી. લાઈનમાં પોતાને જ્યાં ઊભા રહેવાનું આવે, ત્યાં દૂરથી ત્રાટકના એકાગ્રભાવ સાથે હૃદયસ્થ ભાવને પ્રેરી પ્રેરીને એમની સાથે જ્ઞાનભક્તિપૂર્વકનું તાદાત્મ્ય હૃદય હૃદયથી સંધાયા જાય એમ પ્રવર્તવું. આવું કંઈ એકદમ નહિ બને, ને આપણે દર્શન પહેલાંના પંદરવીસ દિવસના ગાળામાં ભાવનાને એકાગ્ર ને કેંદ્રિતપણે રાખી રાખીને, દૃઢાવી દૃઢાવીને આપણે વર્તવાનું છે, તે લક્ષમાં રાખશોજી. ત્યાંના વાતાવરણનો સૂક્ષ્મ ભાવ શાહીચૂસની જેમ ચૂસી લેવાને માટે હૃદયથી સ્વીકારાત્મક બનવાનું છે, તે જાણશો. એઓશ્રીનાં દર્શન કરવાંનો પ્રત્યક્ષ સમય આવે, તે પહેલાં મનની સ્થિતિ ધ્યાનની મધ્યસ્થ વેળાએ જેવી રહે તેવી કરવાની છે. પહેલેથી કશા વિચાર ન કરવા કે ન ઉદ્ભવવા દેવા. તે સમયે આમ કરીશ કે તેમ કરીશ, એવું કશા પરત્વે દ્વિધાપણું ન થવા દેવું, ભાવથી ભાવમાં એકાગ્રતા ને કેંદ્રિતતા થાય તો એમાંનું કશું ન ઉદ્ભવતાં આપમેળે તે ભાવમાં જરૂર રહી શકાય.

('જીવનમંથન', પૃ. ૨૬૬-૨૬૭, ૩૨૦-૩૨૧ પરથી સંપાદિત) **–મોટા**

* * *

# યુગધર્મના ઉદ્ગાતા

## શ્રી વિજયગુપ્ત મૌર્ય

('જન્મભૂમિ' પત્રના તંત્રીમંડળના સભ્ય. પ્રસિદ્ધ પત્રકાર અને નામી કટારલેખક. વિજ્ઞાનવિષયક સૈદ્ધાંતિક પ્રશ્નોની ઊંડી સૂઝ દાખવનાર અને વિશેષે ગુજરાતમાં પ્રકૃતિની લાડકવાયી પંખીસૃષ્ટિના ઊંડા અભ્યાસી.)

પૂજ્ય શ્રીમોટાના રામનવમીના ઉત્સવની ઉજવણી ટાણે સ્વાભાવિક રીતે જ આપણને સવાલ ઊઠે

કે એમને સાક્ષાત્કાર કેવી રીતે થયો ? આજ સમાજ અને રાજકારણના ક્ષેત્રે નિરીક્ષણ કરીએ તો બધે વિરોધાભાસ દેખાય છે. એક બાજુ જડવાદ ફૂલતો ફાલતો જાય છે. ઐહિક સુખો અને ઐશ્વર્ય માટે સ્પર્ધા જામી છે. કરવાં યોગ્ય અને ન કરવાં યોગ્ય કામો કરીને કે કોઈ હોદ્દા પર પહોંચીને પણ ધનવાન થઈ જવું છે. અથવા ધનવાન થઈને સત્તાવાન બનવું છે અને ઐશ્વર્ય માણવું છે. આ બન્નેમાં પહેલો ભોગ સદાચારનો લેવાય છે.

બીજી બાજુ ધર્મક્ષેત્રે પણ જિજ્ઞાસુઓનો જુવાળ ચડે છે અને ધર્માચાર્યો હવે અખબારોમાં પણ ચમકે છે. પોતાને ભગવાન, પરમહંસ યોગીરાજ, મહાત્મા, બાલયોગી, બાલયોગિની, મહામુનિ, મહર્ષિ, સતીમાતા વગેરે વિવિધ વિશેષણો લગાડતા ધર્મગુરુઓની જાહેરાતો અને તેમના વિશેના પ્રશંસાત્મક પરિચયો વર્તમાનપત્રોમાં પણ છપાય છે. ઘણા તો દમામ અને ઐશ્વર્ય ભોગવી પોતાનું વિમાન અને વિમાની મથક પણ રાખે છે. આમ, ધર્મગુરુ થવું એ પણ એક કૌશલ્યપૂર્ણ ધંધો થઈ ગયો છે. કેટલાકની પ્રવૃત્તિ પોતાના પ્રદેશ કે દેશ પૂરતી મર્યાદિત નથી. યુરોપ-અમેરિકામાં પણ તેઓ પોતાના અનુયાયી ધરાવે છે. વાક્ચાતુર્ય, વક્તૃત્વકળા, અંગ્રેજી પર કાબૂ, છટાદાર વ્યક્તિત્વ, તત્ત્વજ્ઞાન અને વ્યવહારમાં કૌશલ્ય વડે કેટલાકે આંતરરાષ્ટ્રીય નામના કાઢી છે. તો કોઈએ પોતાના નવા પંથ કે સંપ્રદાય કાઢ્યા છે.

આ બધામાં પૂજ્ય શ્રીમોટા નિરાળા છે. તેમનો કોઈ પંથ નથી. કોઈ સંપ્રદાય નથી. કોઈ વાડો નથી. તેમને ઐશ્વર્ય નથી જોઈતું. પ્રસિદ્ધિ નથી જોઈતી. કીર્તિ નથી ખપતી. ધન કે વૈભવ કે શિષ્યો નથી જોઈતા. તેઓ નિષ્કામ યોગી છે. પણ પોતાને યોગી તરીકે ઓળખાવતા નથી. આજના ઘણા ધર્મગુરુઓ રાજર્ષિ હોય છે. પૂજ્ય શ્રીમોટા બ્રહ્મર્ષિ છે. તેઓ કોઈને સંસારત્યાગ કરીને વૈરાગી સાધુ થઈ જવાનું કહેતા નથી, કારણ કે તેઓ શ્રીકૃષ્ણે ઉદ્બોધેલા કર્મયોગમાં માને છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પૈડાંનાં વાહન પર સંસારની યાત્રા થવી જોઈએ અને તે સદાચારના માર્ગે થવી જોઈએ.

પૂજ્ય શ્રીમોટા વીતરાગી છે. પણ તેઓ માત્ર પોતાના આત્માના ઉદ્ધાર માટે જ આત્મલક્ષી બનીને જગતને, પોતાની આસપાસના સમાજને ભૂલી નથી જતા. તેઓ પોતાને ભૂલી જાય છે પણ સમાજની ચિંતા તો તેમને પહેલી છે. તેમને માંદગીનું કષ્ટ હોવા છતાં તેઓ એ કષ્ટ ભૂલી જાય છે, કારણ કે તેઓ આત્માનો વિચાર કરે છે, શરીરનો નહિ. સમાજની ચિંતા કરે છે, પોતાની નહિ. હું એમ માનું છું કે સંસાર પર ખરો વૈરાગ્ય આવ્યો હોય તોપણ માત્ર પોતાના મોક્ષ માટે જ પ્રવૃત્તિ કરવી અને સમાજમાંથી દૃષ્ટિ ખેંચી લઈને પોતામાં જ કેંદ્રિત કરવી એ યોગ્ય નથી. પૂજ્ય શ્રીમોટા આ બન્ને ત્રુટિઓથી મુક્ત છે. એ તેમને એક નિરાળા ધર્મગુરુ બનાવે છે.

ધર્મનો અર્થ સદાચાર છે અને સદાચારનું મૂળ જ્ઞાનમાં છે. જ્ઞાન હશે તો વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન પણ મેળવી શકાશે. જેમ સદાચારી જીવન માટે મનનું આરોગ્ય જરૂરી છે તેમ બધી દૃષ્ટિએ તંદુરસ્ત જીવન માટે મનનું આરોગ્ય અને ખડતલપણું જરૂરી છે. પૂજ્ય શ્રીમોટા ધ્યાન વડે મનને કેળવીને તેના ઉપર કાબૂ મેળવવાનો બોધ આપે છે, પણ તેમની દૃષ્ટિ એટલી મર્યાદામાં જ સમાઈ જતી નથી.

સંસારમાં પ્રલોભનો છે, વાસનાઓ છે, ઐહિક સુખો માણવાની તૃષ્ણાઓ જાગે એવાં આકર્ષણો છે. પશ્ચિમની આ આયાત આપણા દેશ માટે ભયરૂપ છે. પૂજ્ય શ્રીમોટા આપણા સમાજને આ અનિષ્ટોથી

બચાવવા માગે છે. અને તંદુરસ્ત સમાજનું ઘડતર કરવા માગે છે. આમ, સમાજ તેમના માટે બધું છે. પૂજ્ય મોટાનો મને આ રીતે સાક્ષાત્કાર થયો છે. સમયે સમયે ઈશ્વરે આ ભૂમિ પર મહાન વિભૂતિઓને મોકલીને તેમના દ્વારા કામ કરાવ્યું છે. પૂજ્ય મોટાનું આવું જ મિશન છે. એવું ન હોત તો નર્મદામાં પડ્યા પછી ભુલાઈ ગયા હોત.

પૂજ્ય શ્રીમોટાની આધ્યાત્મિક અને સામાજિક પ્રવૃત્તિ પરસ્પરની પૂરક છે. પ્રાચીન કાળમાં જ્ઞાન માટે જરૂરી શારીરિક સ્વાસ્થ્ય અને માનસિક શાંતિના નિપજરૂપ એકાગ્રતા ગુરુકુલો કે બૌદ્ધવિહારોમાં પ્રાપ્ત થતી. પૂજ્ય મોટાએ સ્થાપેલા આશ્રમો કેળવણીના ધામ નથી, પણ આધ્યાત્મિક તાલીમનાં ધામ તો છે જ. એ મનને જીતતાં શીખવે છે, પરંતુ મન જીત્યા પછી વૈરાગી સાધુબાબા થવાની જરૂર નથી. આપણા દેશમાં એની ખોટ નથી. આપણને તો નિષ્કામ ભાવે નવી પેઢી અને પ્રજાનું ઘડતર કરે એવા કર્મયોગીઓ જોઈએ છે.

પૂજ્ય મોટા એવા કર્મયોગી તરીકે પ્રવૃત્તિ કરે છે. માટે એમને સાધ્ય તરીકે નહિ પણ સાધન તરીકે નાણાં તો જોઈએ. એટલે પૂ. ગાંધીજીના ટ્રસ્ટીપણાના સિદ્ધાંતનો અમલ પૂજ્ય મોટા ધનવાનો પાસે કરાવી રહ્યા છે. તરણસ્પર્ધા, જ્ઞાન-સંસ્કારનું ઘડતર કરનાર સાહિત્ય, સત્કર્મોને ઉત્તેજન વગેરે સામાજિક ઉત્કર્ષની યોજનાઓ દ્વારા સર્વાંગી મુક્તિ દ્વારા તંદુરસ્ત સમાજનું ઘડતર *મોટા* કરાવી રહ્યા છે, કોઈ ધર્મગુરુને મેં આવા ઘડવૈયા તરીકે જોયા નથી. આવો સાક્ષાત્કાર મને પૂજ્ય શ્રીમોટામાં જ થયો છે. વળી, પૂજ્ય શ્રીમોટાનાં સ્વપ્નોને સાકાર કરે એવા સાથીઓ પણ એમને મળી ગયા એ પણ આપણું સદ્ભાગ્ય.

ધાર્મિક પ્રવૃત્તિના ખ્યાલ જમાના પ્રમાણે બદલાવા જોઈએ. કબૂતરને ચણ, સાધુબાવાઓ માટે સદાવ્રત, કીડીને લોટ, કૂતરાને રોટલા, હવન-હોમ આદિ રૂઢિગત કર્મકાંડ વગેરે પ્રવૃત્તિને આજના યુગ સાથે કશો સંબંધ નથી. આપણા મોટા ભાગના આગેવાનો ગંદા રાજકારણમાં પડ્યા છે. તેમને આવું કરવા કે વિચારવાની પણ ફુરસદ નથી. એથી પ્રજાઘડતરનું રચનાત્મક કામ ઉપેક્ષિત રહ્યું છે. ઈશ્વરે પૂજ્ય શ્રીમોટાને અવતાર કૃત્ય સુઝાડ્યું છે. એમાં *મોટા*ની પ્રવૃત્તિને જેટલો વધુ સહકાર મળશે તેટલી તે પ્રવૃત્તિ વધુ વ્યાપક અને ઘેરી બનશે અને તેથી પ્રજાનું વધુ કલ્યાણ થશે.

* * *

## 'ખરો તે રાજ્યકર્તા છે.'

(ગઝલ)

ગરીબનું દુઃખ ભાંગે જે, અદલ ઈન્સાફ તોળે જે,
ગરીબની ભાળ જે લે છે, ખરો તે રાજ્યકર્તા છે.
તવંગર કે ભિખારીને જુએ છે એકસરખું જે,
બધાં પર પ્રેમ સરખો છે, ખરો તે રાજ્યકર્તા છે.
બધી રૈયતતણી માતા સમી સંભાળ રાખે જે,
પ્રજાહિત જે હૃદય ધારે, ખરો તે રાજ્યકર્તા છે.

જમાડીને જમે છે જે, સુવાડીને સૂવે છે જે,
રમાડીને રમે છે જે, ખરો તે રાજ્યકર્તા છે.
જીવનનો ધર્મ પાળીને, પળાવે ધર્મ સહુને જે,
કરે જે ધર્મની રક્ષા, ખરો તે રાજ્યકર્તા છે.
પ્રજા કાજે જીવે છે જે, પ્રજા કાજે મરે છે જે,
'પ્રજાજીવન' મુકુટ જેનો, ખરો તે રાજ્યકર્તા છે.
પ્રજાદિલને ચઢી તખ્તે, પ્રજાનો પ્રેમ ઝંખે જે,
પ્રજાને પ્રાણથી પ્યારો, ખરો તે રાજ્યકર્તા છે.
પ્રજા કાજે સદા જેના બધા દરબાર ખુલ્લા છે,
પ્રજાને જે જીવન માને, ખરો તે રાજ્યકર્તા છે.
જીવનના સર્વ પાસાંમાં ઊંચે લાવે પ્રજાને જે,
કરે છે ન્યાલ રૈયતને, ખરો તે રાજ્યકર્તા છે.
જીવન નિજનું સમાવીને પૂરેપૂરું પ્રજાજીવને,
ભળે છે એકરસથી જે, ખરો તે રાજ્યકર્તા છે.
ગળી જઈને પૂરેપૂરો પ્રજામાં એકભાવે જે,
રસાયેલો પ્રજાદિલમાં, ખરો તે રાજ્યકર્તા છે.

**—મોટા**

# અંતર અજવાળતા *મોટા*

## શ્રી ઈંદ્ર વસાવડા

(દીર્ઘકાળપર્યંત ગુજરાત રાજ્યના કેળવણી ખાતાના જોઈન્ટ ડિરેક્ટર, હિંદી સાહિત્યના અભ્યાસી અને લેખક. બાળકોમાં ઊંડો રસ ધરાવનાર સદ્‌ભાવી સજ્જન. નિવૃત્તિ બાદ પૂજ્યશ્રીના કાર્યમાં રત રહેનાર. પ્રસ્તુત સ્મૃતિઅંકના સંપાદકમંડળના એક સભ્ય.)

સવારના સાડા દસ વાગ્યા હતા. 'શાંતિ આશ્રમ' ભાદરણમાં પહોંચ્યા અને મારા મિત્ર સાથે અમે આશ્રમમાં પ્રવેશ્યા. સ્વામી કૃષ્ણાનંદે આવકાર આપ્યો અને અમે વાતે વળગ્યા.

વાતચીત દરમિયાન મેં પૂછ્યું, 'સ્વામીજી, આપનાં પુસ્તકો મેં વાંચ્યાં. ઘણાં સુંદર છે, પરંતુ એક સ્થળે આપે આપેલ કૉયડો હું ઉકેલી શક્યો નથી.'

'કયો કૉયડો ?' તેમણે પૂછ્યું.

મેં કહ્યું, 'એક પ્રસંગ આપે આપ્યો છે, જેમાં ગુજરાતના એક વેપારીબંધુના જીવનમાં આમૂલ પરિવર્તન આણતા એક અનુભવી સંતનો ઉલ્લેખ છે. એ વાર્તામાં આપે એ અનુભવી મહાપુરુષનું નામ તો આપ્યું નથી, પરંતુ એક કૉયડો, ઉખાણું આપી લખ્યું છે કે આ સંતને વાચક ઓળખી લે.'

'ઓહ ! સમજ્યો.' તે બોલ્યા. ત્વરિત ગતિએ તે પાસેના ઓરડામાં પ્રવેશ્યા. પુસ્તક હાથમાં લઈ તે આવ્યા અને પુસ્તકની એ વાર્તાનું છેલ્લું પૃષ્ઠ કાઢી મને બતાવતાં બોલ્યા, 'આ રિડલ (Riddle)ની વાત કરો છોને ?'

પુસ્તક અંગ્રેજી હતું. મેં તે જોયું.

'હા, આ જ પ્રસંગ, અને આ જ રિડલ-કૉયડો. જે હું જરા સમજ્યો નથી.'

કાવ્યમય એ કૉયડો મને વાંચી સંભળાવતા એ બોલ્યા, 'આ કાવ્યની પંક્તિમાંથી શું નિષ્પન્ન થાય છે ?'

મેં કહ્યું, 'ઍટમ, ATOM.'

'બરાબર' તે બોલ્યા, 'હવે તેને ઊલટાવો, કયો શબ્દ થાય છે ?'

મેં કહ્યું, 'MOTA-મોટા.'

'બરાબર તો એ અનુભવી સંતપુરુષ તે *મોટા*.' તે હસતાં હસતાં બોલ્યા.

'ઓહ ! તો વાર્તા-પ્રસંગમાં જે ભાઈનું જીવનપરિવર્તન થયું તે પૂજ્ય મોટાના પ્રતાપે ?'

'હા, પૂજ્ય મોટાના પ્રતાપે.'

મેં કહ્યું, 'વાર્તાના અંતભાગમાં, મૌનમંદિર વિશે જે ઉલ્લેખ છે તેનાથી મને લાગતું હતું કે પૂજ્ય મોટા હશે, પણ મારી જડ બુદ્ધિ આપનું ઉખાણું ઉકેલી શકી ન હતી.'

તે મારી સામું જોઈ સહેજ હસ્યા. સ્વામીજીએ પુસ્તકમાં આપેલો ઉપરનો પ્રસંગ આ પ્રમાણે છે.

ગુજરાતમાં રહેતા અને ધીકતો ધંધો કરતા એક વેપારી ભાઈના જીવનનો એ પ્રસંગ છે. વેપારી બંધુ પૈસેટકે ઘણા સુખી હતા. પત્ની અત્યંત સેવાભાવી તથા પ્રેમાળ અને માયાળુ. વેપારી બંધુ જ્યાં પૈસા વેરે ત્યાંથી દસગણા પૈસા રળે એવી પ્રભુની કૃપા એમના ઉપર. વેપારધંધો ખૂબ ચાલે અને સંસારની દૃષ્ટિએ કુટુંબ સુખી ગણાય.

પરંતુ આ વેપારી બંધુને એક બૂરી લત દારૂ પીવાની. ખૂબ દારૂ પીવે મોજમજા કરે. પત્ની પ્રેમથી વારંવાર સમજાવે, 'તમે દારૂ ઓછો કરો. હમણાં તમને મઝા આવે છે પણ દારૂ તમારા જીવનને ખાઈ જશે. તમારા સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડશે.

પતિદેવ પત્નીદેવીની વાત સાંભળે ને હસતાં હસતાં એ વાતો બીજા કાનેથી કાઢી નાખે. પત્ની ઘણી દુઃખી થાય પણ શું કરે ? ત્યાં રાજ્યમાં આવ્યો દારૂબંધીનો કાયદો. પત્ની રાજી થઈ. હાશ, હવે તો લત છૂટશે ! પણ એમ લત છૂટે ખરી ? ગુજરાતમાં નહિ તો બીજાં રાજ્યોમાં ક્યાં નથી મળતો ? અરે, વેપાર અર્થે પરદેશ ક્યાં નથી જવાતું ? અને ત્યાં કોણ રોકી શકે ? ત્યાં કોણ ટોકી શકે ?

અને વેપારી બંધુ પોતાના વેપારના કામકાજ અંગે પરદેશ જાય. ત્યાં દારૂની મહેફિલો ઊડે અને એ વ્યસન સાથે સંકળાયેલાં બીજાં અનિષ્ટો પણ જીવનમાં દાખલ થયાં. આ બધાંના પરિણામે તબિયત લથડવા લાગી.

આ જોઈ પત્નીએ ફરી વાર કહ્યું, 'તમારે માટે નહિ તો અમારે માટે, મારે માટે, આ લત છોડો તો કેટલું સારું ?'

પતિદેવ બોલ્યા, 'જીવન સાથે આ લત જડાઈ ગઈ એ છૂટે એમ લાગતું નથી.'

'પ્રયત્ન કરો, દઢ નિશ્ચય કરો તો કેમ ન છૂટે ?'

'પ્રયત્ન કરી જોઈશ, પણ મને નથી લાગતું આ લત છૂટે ?'

'ન કેમ છૂટે ? અમારા ખાતર એ છોડવી જ જોઈએ.' પત્ની અશ્રુનયને બોલી, પણ તેનાથી એ લત ન છૂટી તે ન જ છૂટી.

આખરે તે ભયંકર માંદગીમાં પટકાયા.

એ ભયંકર માંદગી એવી કે વેપાર અંગે ચેકો લખવા પડે તે પણ લખી ન શકાય. હાથ ધ્રૂજે એવી પરિસ્થિતિ સુધી માંદગી પહોંચી.

આ જોઈ પત્ની રડે. પણ એ લત છૂટે નહિ. માંદગીને બિછાને પડેલા એ ભાઈના ઓરડામાં ટેબલ પર પડેલી દવાઓ ઉપરાંત દારૂની બાટલી પણ ખરી. દારૂ પીધા વિના તેમને એક ક્ષણ પણ ચાલે નહિ, તેમનાથી જિવાય નહિ એવી પરિસ્થિતિ.

એક દિવસની વાત છે.

પૂજ્ય મોટા એમના ઘેર કોઈ કામ અંગે ગયા હતા. આંખમાં આંસુ લાવી બહેન બોલ્યાં,

'હું તો હવે જીવનથી કંટાળી ગઈ છું.'

'કેમ ?' પૂજ્ય મોટાએ પ્રશ્ન કર્યો.

'પેલા ઓરડામાં જુઓ. સખત માંદગીમાં તે પટકાયા છે. ઘણું કહું છું પણ તે દારૂ છોડતા નથી. હાથમાં કલમ પકડતાં પણ હાથ ધ્રૂજી ઊઠે છે. ચેક પર સહી કરી શકતા નથી. બોલો, શું કરું ? તમે કંઈ ન કરો ? તેમની આ લત છૂટે એવું કંઈક તો કરો, *મોટા* !'

એક ક્ષણ *મોટા* વિચારમાં ગરકી ગયા. બીજી ક્ષણે બોલ્યા, 'ક્યાં છે ભાઈ ?'

'પેલા ઓરડામાં.'

'ચાલો મારી સાથે.'

તે ઓરડામાં *મોટા* ગયા અને જોયું તો ભાઈના મુખમાં દારૂની બાટલી.

*મોટા* બોલ્યા, 'આ શું ? આવી માંદગીમાં પણ તમે આ લત છોડી શકતા નથી ?'

ભાઈ બોલ્યા, 'તો છોડાવોને આ લત ! હું શું કરું ? મારાથી છોડાતી નથી એ હકકીત છે.'

'એમ ?'

'હા.'

*મોટા* કંઈ બોલ્યા નહિ. ત્યાંથી ઘરમાં પાછા ફર્યા. પાણી માગ્યું. તે બહેનને આપીને કહ્યું, 'બહેન આ પાણી તેમને પાજે.' અત્યંત શ્રદ્ધાથી બહેને એ પાણી પતિદેવને પાયું.

સ્વામીજી તેમના પુસ્તકમાં લખે છે કે આ પછી જ્યારે એ વેપારી બંધુએ દારૂનો પ્યાલો મોઢામાં રેડ્યો તો એ એટલો સ્વાદ વગરનો અથવા બેસ્વાદ લાગ્યો કે એ પ્યાલાનો તેમણે ઘા કર્યો. અને પછી તો દારૂ પીવા જાય પણ એવો બેસ્વાદ લાગ્યો કે દારૂ તરફ તેમને નફરત, ઘૃણા જાગી, પછી તેમણે દારૂનો સદંતર ત્યાગ કર્યો.

દારૂના ત્યાગ સાથે સાથે જ તબિયતમાં સુધારો થવા લાગ્યો. જૂની આદતો છૂટવા લાગી. અંતરમાં શ્રદ્ધા પાંગરી. અંતરમાં ગુણવિકાસ થવા લાગ્યો. અને આજે એ લતથી તો તે મુક્ત છે જ પણ સાથે સાથે તેમનામાં અજબ ગુણવિકાસ થતાં તે પૂજ્ય મોટાના પરમ ભક્ત બન્યા છે.

મેં સ્વામીજીને પૂછ્યું, 'આ વ્યક્તિ જીવે છે ? તેઓ બોલ્યા, 'હા જીવે છે. તેમનો વેપાર ધંધો ધીકતો ચાલે છે. અને તે પૂજ્ય મોટાના પરમ ભક્ત બન્યા છે અને નડિયાદમાં જ રહે છે.'

આ સાંભળતા હું આશ્ચર્ય-વિમુગ્ધ બની સ્વામી કૃષ્ણાનંદજીનું મુખ નીરખી રહ્યો. તેમના સ્વમુખે આ વાત સાંભળતા હું વિચારી રહ્યો, 'કેવો મોટો ચમત્કાર સર્જ્યો *મોટા*એ ?' મને યાદ આવ્યો-નડિયાદ મુકામે યોજાયેલ પૂજ્ય મોટાનો તે ઉત્સવ.

બપોરને વખતે કોઈએ પ્રશ્ન કરેલો ચમત્કાર વિશે. પૂજ્ય મોટા જવાબ આપતાં બોલેલા 'ચમત્કાર ! સ્વામી સહજાનંદજીએ પેલા ચોર લુટારાનું જીવન પલટી નાખ્યું. તેણે પોતાનો ધંધો છોડી દીધો. એટલું જ નહિ તેમનો પરમ ભક્ત બન્યો અને સેવાનાં અનેક કાર્યોમાં તેમને સાથ આપી મહાન સંત બન્યો. શું એ મહાન ચમત્કાર નથી ? આથી મોટો ચમત્કાર કયો હોઈ શકે ?'

વેપારી બંધુના જીવનમાં *મોટા*એ આમૂલ પરિવર્તન આણ્યું. તેમનાં અંતરમાં પ્રકાશ રેલાવી ગુણવિકાસ કર્યો. શું એ મહાન ચમત્કાર નથી ?

પૂજ્ય મોટાએ એવા કેટલા બધા લોકોનાં અંતર અજવાળ્યાં છે !

* * *

## 'એ છે પ્રતાપ પદની રજધૂલિકાનો'

સને ૧૯૪૪ની સાલ હશે. ભાઈ કેરાપટ્ટી રહેતા હતા. આ જીવ તેમની ટ્રિચિની પેઢીએ થોડાક દિવસ રહેવા ગયેલો. ત્યાં તેમના કોઈ સગાંનું શરીર ઠીક રહેતું ન હતું. તેથી ત્યાં પૂજ્ય મામાને જણાવ્યું કે 'અહીં મોટેથી નામસ્મરણનો જપયજ્ઞ ચાલુ કરી શકાય કે કેમ ? કારણ કે બહાર ઘરાક વગેરે આવે કરે, ને મોટેથી નામસ્મરણ થયા કરતું હોય, તો તેથી તેમને અડવું નહિ લાગ્યા કરેને ?' તેમણે જણાવ્યું, 'અહીંના લોકોને તો ઊલટું તે ઘણું સારું લાગશે.' મેં કહ્યું, 'આજે આ જીવથી નામસ્મરણ થયા કરે, તેમાં મારી બહેન પોતાનાં મન-દિલ રાખ્યા કરે ને ધીમે ધીમે નામસ્મરણ કર્યા કરે. ચાર દિવસમાં બશેર-ત્રણશેર વજન વધવાનું હોય તો વધે.' એવી રીતે પ્રભુકૃપાથી આ જીવે ત્યાં પેઢીએ સતત મોટેથી નામસ્મરણનો જપયજ્ઞ આરંભેલો. તેમાં આ જીવનો જે સંકલ્પ હોય તે હોય. એથી કરી તે બહેનનું વજન ત્રણેક શેર જરૂર વધેલું, અંદાજ ૮૮નું ૯૧ થયેલું, એટલું જ નહિ પણ બીજા જે જીવો તે વાતાવરણમાં હતાં, ને જેણે જેણે તે સાંભળ્યા કરેલું, તેમનું વજન પણ વધેલું. તેમાંનો એક જીવ આપણી...બહેન પણ હતી. પરંતુ જે તે સાથે આવું કરી બતાવવાના અખતરા જ્યાં  ને ત્યાં આ જીવથી કંઈ થઈ શકે નહિ. પ્રભુકૃપાએ આ જીવને જે જે જીવો મળેલાં છે, તેમને તેમને તેમનામાં શ્રદ્ધા પ્રગટી શકે તેવી રીતે પ્રભુકૃપાથી જ્ઞાનપૂર્વક, તેના હેતુ સાથે, કંઈક ને કંઈક કરેલું છે. કિંતુ તેનો યોગ્ય પૂરતો લાભ કોઈ જીવ લઈ શકેલો નથી, તે તેમના ભાગ્યની વાત છે. તેનું કારણ એ છે કે તે તે જીવોને આ માર્ગની હજી સાચી ભૂખ, ખરેખરી ઝંખના પ્રગટેલી જ ન હતી. ઉપલી એવી હકીકતોને પણ તેના યોગ્ય ભાવમાં ને યોગ્ય વાસ્તવિકતામાં ભાગ્યે જ કોઈ જીવ સ્વીકારી શક્યો હશે. કોઈને પણ સાચી રીતે પોતાની પડી જ હોતી નથી. સહુ કોઈ એક પ્રકારનો જીવનનો ઢસરડો જાણે બસ તાણ્યા જ કરતાં હોય એવું લાગે છે.

('જીવનપોકાર', પૃ. ૩૧૫-૩૧૬) **—મોટા**

* * *

# નમ્રતાની સાધના

## શ્રી સોમાલાલ ભાવસાર

(બાળકેળવણીમાં જેમણે જીવન વિતાવ્યું અને એ અંગે શ્રી ગીજુભાઈ બધેકાના સાથી, બાળગીતોના રચયિતા, લગભગ ૬૦ જેટલાં બાળકેળવણીને સ્પર્શતાં પુસ્તકોના લેખક. શ્રીમોટાના અનુજ. હાલ સ્વર્ગસ્થ.)

સાધનાકાળની 'મોટા'ની હકીકતનાં બધાં પાસાં આપણામાંનાં કોઈ જાણતાં નથી, મને પણ પૂરાં ખબર નથી. તે કાળમાં 'મોટા' જ્ઞાનપૂર્વક નમ્રતાનું પાસું સેવતા હતા. એ નમ્રતાનાં પાસાંને છેક શૂન્યતાની હદ સુધી લઈ જવાની કેળવણીમાં તેઓ હતા. *મોટા* જ્યારે હરિજન સેવક સંઘમાં સહમંત્રી તરીકે કામ કરતા હતા, તે કાળમાં તેમના જીવનમાં બનેલા પ્રસંગો એ સ્પષ્ટ રૂપે દર્શાવે છે. *મોટા* ક્યાં સુધીની કેટલી સમજણ કેળવી શકેલા તેની સમજણ એ પ્રસંગો આપે છે. જે તે કોઈ સર્વ પ્રસંગોમાં, સંજોગોમાં, સ્થિતિમાં, સાધનાની વિકાસની ભાવનાને જ્ઞાનભક્તિપૂર્વક હેતુની સભાનતા સાથે અમલમાં મૂકી તેની યથાયોગ્યતા કેટલા પ્રમાણમાં જળવાય છે, તેનું તેઓ બરાબર ધ્યાન રાખતા.

હરિજન સેવક સંઘના મંત્રી તરીકે સમિતિએ ઠરાવ કરીને તેમને તે પદ પર નીમ્યા હતા. એટલાં બધાં વર્ષો સુધી તેમણે એકધારું ને નિષ્ઠાથી કામ કર્યું હતું. તેમનાં કામથી બધાંને સંતોષ હતો. જ્યારે તેઓ તે કામમાંથી નિવૃત્ત થયા ત્યારે જે સમિતિએ તેમને ઠરાવ કરીને નીમ્યા હતા, તે સમિતિના સભ્યોને કે કોઈને પણ તેમના માટે આભાર પ્રદર્શિત કરવાનો ઠરાવ સુધ્ધાં કરવાનું દિલમાં જાગ્યું સરખું પણ નહોતું. આ પરિસ્થિતિ *મોટા* જાણતા હોવા છતાં તે પછીથી તો ત્રણ વાર, હરિજન સેવક સંઘમાં કંઈ પણ કશા પદ પર *મોટા* ન હોવા છતાં, સારી પેઠે તેમણે સંઘને મદદ કરી હતી.

સને ૧૯૪૨ની ચળવળ વખતે બધા જ જેલમાં હતા, કોઈ પણ જાહેર કાર્યકર્તા બહાર હતા નહિ. ત્યારે હરિજન છાત્રાલયો, કન્યા છાત્રાલયો, શાળાઓ વગેરે સંસ્થાઓ ચલાવવાને માટે મુદ્દલે નાણાં હતાં નહિ ત્યારે તો *મોટા* છેક દક્ષિણમાં તિરુચિરાપલ્લિમાં હતા. ૧૯૪૨ની સપ્ટેમ્બરની કોઈક તારીખે *મોટા*ને લાગ્યું કે અત્યારે એ સંસ્થાઓ ચલાવવાને માટે હરિજન સેવક સંઘને ખરેખરી નાણાંની ભીડ છે ત્યારે છાનામાના એક ખૂણે પડી રહેવાય નહિ. તે વખતે *મોટા* હરિજન સેવક સંઘના કોઈ પણ પદ પર નહોતા. તેમને મદદે ચઢવાનું કોઈએ લખ્યું પણ નહોતું. તેઓએ તો પોતાના હૃદયની સ્વયંપ્રેરણાથી તે ઉપાડ્યું હતું. તેઓ ૧૯૪૨ના સપ્ટેમ્બરમાં મુંબઈ ગયા ત્યારે મુંબઈના રસ્તાઓ પણ તેઓ ન જાણે. કોઈ લાગવગ કે ઓળખાણપિછાણ પણ મળે નહિ. છતાં એક વરસના ખર્ચનાં નાણાં ભેગાં ન થાય ત્યાં સુધી મુંબઈમાંથી ખસવું નહિ, એવો તેમનો દૃઢ મરણિયો નિશ્ચય હતો. ઈ. સ. ૧૯૪૨ના જેલજીવનમાં તો આપણાં ભાઈબહેનોને ખાસ્સો આરામ હતો. ખરો ભયંકર ત્રાસ બહાર દેશમાં હતો. સંપૂર્ણ ભય અને ત્રાસ ફેલાવી દે એવું પોલીસનું રાજ્ય ચાલતું હતું. તે વખતે *મોટા*એ તો કંઈ વેશ બદલ્યો નહોતો. ત્રણચાર વખત તો એમને પોલીસે પકડીને લઈ જઈને માર પણ માર્યો હતો. એક વખત મારબાવડીની

પોલીસ  લૉકઅપમાં તેમને પૂર્યા હતા. બે દિવસ સુધી તો પાણી ને ખોરાક પણ આપવામાં આવેલાં નહિ. આવી ભયંકર હાડમારી ને ત્રાસ ભોગવ્યા છતાં તેમણે હરિજન સેવક સંઘના નાણાં ઉઘરાવવાનું કામ મૂકી નહોતું દીધું.

આ ઉપરાંત, ભાઈશ્રી હેમંતકુમાર નીલકંઠની સાથે *મોટા*એ હરિજન સેવક સંઘનું કામ શ્રી પરીક્ષિતભાઈ અને બીજાની ગેરહાજરીમાં તેઓ બહાર આવ્યા ત્યાં સુધી વિના વેતને ચલાવ્યા કર્યું. સદ્ગત ઠક્કરબાપા પણ આ હકીકત જાણતા હતા. એ બધા બહાર આવ્યા ત્યારે *મોટા*એ નાણાં તો એટલા એકઠાં કરેલાં કે સંઘનું કામ બે અઢી વરસ સુધી નિરાંતે ચાલ્યા કરે. આમ, આટલું બધું કર્યું છતાં કોઈને એમ ન થયું, કે 'મોટા'ની કદર કરતો ને આભાર માનતો ઠરાવ કરીએ. પ્રતિષ્ઠિત ગણાતા અને સાચા સેવક ગણાતા ભાઈઓમાં પણ કેટલી બધી વિવેકશૂન્યતા હોય છે, તેનું આ પ્રત્યક્ષ ઉદાહરણ છે. *મોટા*ને મન તો આ હકીકતનું કશું મનમાં હતું નહિ. બીજી વાર ઈ. સ. ૧૯૪૫માં પણ તેમણે તો શ્રી નંદલાલભાઈ શાહની સાથે દક્ષિણમાં ફરીને પાંત્રીસ-સાડત્રીસ હજારની રકમ એકઠી કરીને લાવી આપી હતી. આ અંગેનો પણ તેમની કદર કરતો કે આભાર માનતો કોઈ ઠરાવ કે એવાં લખાણનો કાગળ પણ *મોટા* ઉપર કોઈએ લખ્યો નથી. ઈ. સ. ૧૯૪૨-૧૯૪૩ની સાલમાં મુંબઈમાં ફરીને એમણે જે ફાળો ઉઘરાવ્યો અને ઈ. સ. ૧૯૪૫ની સાલમાં જે ફાળો ઉઘરાવ્યો તે બન્ને વખતની મુસાફરી વગેરેનું ખર્ચ થયેલું તે વિશે પણ હરિજન સેવક સંઘના કોઈ કાર્યકર્તાને કશું જ પૂછવાનું દિલ ન થયું, તે કેટલી મોટી દિલગીરી ભરેલી તાજુબીની હકીકત છે ! આટલું પણ પૂછવાનો વિવેક દાખવ્યો નહિ તે વિચારતાં મારા દિલમાં તે લોકોની તેવા વર્તનની હકીકત એક પ્રકારનો લાગણીનો આઘાત જન્માવે છે. આ હકીકતો એટલી બધી તો સાચી છે કે આજે પણ હરિજન સંઘમાં જઈને જેને આ માટે તપાસ કરવી હોય તો તે કરી શકે છે.

આવી હકીકત હોવા છતાં *મોટા* કોક કોક વાર હરિજન સેવક સંઘને મદદ કર્યા વિના રહ્યા નથી. જ્યારે જ્યારે શ્રી પરીક્ષિતભાઈએ કોઈકને મદદ કરવા *મોટા*ને કાગળ લખ્યો હશે ત્યારે તેમણે અવશ્ય મદદ કરી જ છે. *મોટા*એ પોતાની અંગત રકમની મૂડીમાંથી હરિજન સેવક સંઘને લોન પણ ધીરેલી હતી. આ બધી હકીકત લખવાનું કારણ તો એ છે કે ઉપલા પ્રસંગોનું *મોટા*ના દિલમાં મુદ્દલે મહત્ત્વ ન હતું. દિલમાં તો તેઓ દઢપણે એમ સમજે છે કે આ બધા પ્રસંગો શ્રીપ્રભુકૃપાથી પોતાની કેળવાતી જતી નમ્રતા કેટલા પ્રમાણમાં પરિપક્વ થતી જતી હતી તે ચકાસવા માટેના પ્રભુકૃપાના પ્રસંગો છે.

આવી નમ્રતાની હકીકતના કિસ્સા મેં *મોટા* પાસેથી સ્વમુખે સાંભળ્યા છે. એટલે છેક શૂન્ય હદ સુધીની નમ્રતાની વાત જાણીને *મોટા*ની સાથે સંકળાયેલાં એવાં લાગણીવાળાં ભાઈબહેનોને જરૂર આનંદ થશે અને ઉદાહરણરૂપ નીવડશે.

સંઘમાં કામ કરતાં કરતાં પણ તેમને અનેક હાડછેડ અને અન્યાયના અનુભવ થયા હતા. તેમની ઘણી બધી અવગણના થતી હતી. જોકે તેઓ સંઘના મંત્રીપદે હોવા છતાં કશાની ગણતરીમાં જ તેઓ નહોતા. આ બધું આટલું વાસ્તવિકપણે હોવા છતાં *મોટા*ના દિલમાં તેવું કશું સંઘરાયેલું હોય એવું લાગતું

નથી. તે વખતે પણ તે પરત્વેની કોઈ પણ જાતની કડવાશ તેમના દિલમાં નહોતી. તેઓ તો તે વખતે હસતા, ખેલતા, કૂદતા અને આશ્રમના વાતાવરણમાં કિલ્લોલ કરતા હતા. અને તેમની ભજનની મસ્તીમાં રહ્યા હતા. આવી નમ્રતાની સાધના તેઓ કરતા હતા તેવું ભાન ત્યારે તો કોઈને પણ ક્યાંથી હોય ! અને *મોટા* આવી વાત તે કાળે કોઈને કહેતા પણ નહિ.

એમના જીવનમાં કેટલુંય આવું બધું અજાણ્યું પડી રહ્યું હશે. એમની નિકટ આવેલાં એવાં કોઈ ભાઈબહેનોએ એવું જાણવાનો પ્રયત્ન પણ કર્યો હશે કે કેમ તે હું જાણતો નથી. *મોટા* આવી બધી બાબતો બહાર પાડવામાં માનતા નથી તે હકીકત હું જાણું છું. ઉપરની હકીકત પણ એટલા માટે સ્પષ્ટ કરી છે કે શ્રેયાર્થીને ખબર પડે કે કેટલી હદ સુધીની નમ્રતા કેળવવી જોઈએ. આપણા માટે બધું બરાબર કે ઠીક થયું નથી એમ આપણને લાગતું હોય તોપણ બધાં પરત્વે એકમાત્ર જીવતોજાગતો સદ્‌ભાવ જ રાખવો. એ વાત *મોટા*ના વર્તન ઉપરથી જ આપણને શીખવાની મળે એ જ માત્ર હેતુ આ લખવાનો છે.

❋ ❋ ❋

## જ્ઞાનપૂર્વકની નમ્રતા

આ જીવે જ્ઞાનભક્તિપૂર્વક તેના સકળ પ્રકારના જીવનવહેવારમાં નમ્રતાનો ગુણ કેળવવાનો સતત એકધારો પ્રયાસ કરેલો છે. ને નમ્રતાને શૂન્યમાં શૂન્યની હદે લઈ જવાને પ્રભુકૃપાથી આ જીવ જ્ઞાનપૂર્વક મથ્યા કરતો હતો, એની જાણ ભાગ્યે જ આપણામાંનાં કોઈકને પ્રગટેલી હશે. નમ્રતા એટલી બધી હદ સુધીની કે આપણામાંનાં ઘણાં તેને 'ભોટ' ગણતાં અને જાણતાં. નમ્રતા એમ ને એમ કંઈ કેળવાતી નથી. જીવનમાં અનેક પ્રકારનાં સમજણો, માન્યતાઓ અને આગ્રહો વગેરે પરત્વેનું જોશ ઘટ્યા વિના સાચી નમ્રતા પ્રગટેલી જાણી નથી. તેથી કરીને તો મારી પોતાની આગવી સમજણને જરા પણ મહત્ત્વ આપ્યા વિના બીજા બધાંની સલાહ સૂચનાને પ્રેમભક્તિભાવે સ્વીકારવાનું કર્યા કરતો, તે હકીકત પણ બધાંની જાણમાં છે.

('જીવનદર્શન', પૃ. ૫૯) **—મોટા**

❋ ❋ ❋

નમ્રમાં નમ્ર અને ધૂળથી પણ ધૂળ છીએ એવો નિશ્ચય પ્રગટ્યા વિના અને તેવા આપણે બન્યાં વિના કશું આપણે કરી શકવાનાં નથી.

('જીવનપરાગ', પૃ. ૨૮) **—મોટા**

❋ ❋ ❋

નમ્રતા એટલે પોતે કશું જ નથી એકમાત્ર ભગવાન જ સર્વ કંઈ છે, એવી નિષ્ઠાપૂર્વકની જ્ઞાનયુક્ત ભાવના.

('જીવનપરાગ', પૃ. ૭૦) **—મોટા**

❋ ❋ ❋

# શાંતિદાતા

## શ્રી જે. પી. શાહ

બી. એસસી., એમ. એસ. ડબલ્યુ., એમ. બી. એ (મિશીગન)

(વડોદરા ફર્ટિલાઈઝરના પરસૉનેલ ડિપાર્ટમેન્ટના
વડા ઑફિસર અને પૂજ્યશ્રીના અનુરાગી.)

નાનપણથી માતાના અને મામાના સંસ્કારોને પરિણામે સંતસમાગમ અને ધર્મજિજ્ઞાસા રહેતી, પરંતુ પૂજ્ય મોટા જેવા સંત પૈસા ભેગા કરવાની પ્રવૃત્તિમાં પડે એ પસંદ ન હોવાથી જતો ન હતો. સર્વશ્રી ઈશ્વરભાઈ, લાલજીભાઈ અને ધીરુભાઈની સાથે એકવાર જવાનું થયું. પૈસા ન મૂકવા એવો નિશ્ચય કરેલો, માંદા અસ્વસ્થ સ્થિતિમાં સૂતેલા પૂજ્ય મોટા અને આશ્રમને હું ઝીણવટથી જોતો હતો. તેમના હેત-નીતરતા ઉદ્‌બોધનથી અને લાગણીભર્યા આવકારથી અસર પામ્યો. મારી ઓળખ વિધિ થઈ. પૂજ્ય મોટાએ ફર્ટિલાઈઝર વિશે રસ દાખવ્યો અને હું 'ફર્ટિલાઈઝરવાળો શાહ' એવું નામાભિધાન તે દિવસથી પામ્યો.

ત્યાર બાદ પણ હું એમને મળવાનું ટાળતો. શ્રી લાલજીભાઈ, શ્રી ધીરુભાઈનો ફોન આવે તોપણ ગાપચી મારી જતો. એક દિવસ ઓચિંતો ફોન આવ્યો. 'પૂજ્ય મોટા નડિયાદ જતા તમારા ઘેર પધારે છે.' કુટુંબના સભ્યોમાં આનંદ પ્રવર્ત્યો. અન્ય સ્નેહીઓને પૂજ્યશ્રીને મળવા આમંત્રણ આપ્યું. અમારા ચીફ સિક્યૂરિટી ઑફિસરના પિતાશ્રી બૂચસાહેબ પણ આવેલા. એમના પૂજ્યશ્રી સાથેના પૂર્વપરિચયને કારણે *મોટા* ગદ્‌ગદિત થઈ ગયેલા. સત્યાગ્રહ વખતે કોરડા અને બૅટનના મારમાંથી બૂચસાહેબે *મોટા*ને બચાવી લીધેલા તે પ્રસંગો પૂજ્યશ્રીએ ભાવપૂર્વક તાજા કર્યા.

આર્થિક સધ્ધરતાના અભાવે નહિવત્ રકમ પૂજ્યશ્રીને ચરણે ધરવાનો ક્ષોભ થતો હતો. પૂજ્ય મોટા મનની ગડમથલો જાણી ગયા હોય એમ દાન કરવા માટે ફક્ત રકમની જરૂર નથી એવી વિચારભૂમિકા રચાય. સમયનું દાન થઈ શકે, શ્રમનું દાન થઈ શકે, એટલે મીઠાપુરના ફંડ એકત્ર કરવાના અનુભવે પૂજ્ય મોટાના ફંડમાં નાણાં એકત્ર કરવાનાં કાર્યોમાં પરોવાયો. જ્યુથિકા રેનો કાર્યક્રમ યોજ્યો. અને રાવજીભાઈ સાથે દાન ભેગાં કર્યાં. વિચિત્ર અનુભવો થયા. ટીકા ટીપ્પણી થતી. પૂજ્યશ્રી વિશે પણ વિચિત્ર વિધાનો સાંભળવા મળતાં. કસોટી થતી હતી. અપમાનો સહન કરવાનું શીખવવા *મોટા*એ આ પરિસ્થિતિ ઊભી કરી હશે એવું મનમાં ઘટાવતો. 'ખોટું સહન કરવું નહિ' 'જડબાતોડ જવાબ આપી દેવો' 'સામનો કરી લેવો' 'લડી લેવું' વગેરે વ્યગ્રતા ધીમે ધીમે રૂપ બદલવા લાગી. મને સીધો કરવા સરખો ચલાવવા વડીલ સૌજન્યમૂર્તિ અને નમ્રતાથી ભરપૂર એવા મિત્ર રાવજીભાઈ પટેલની મિત્રતા પૂજ્યશ્રીએ જ કરાવી ન હોય ! અમારી વચ્ચે વ્યવસાય, અભ્યાસ, અનુભવ, રીતરસમ બધી જ રીતે અસમાનતા છતાં નિકટના મિત્રો બની ગયા.

પૂજ્ય મોટા પાસે છે સ્વ-સંશોધનનો માર્ગ, નમ્રતા, સૌજન્યતા અને કર્મયોગ. સાથે નિર્ભયતાની દાન તત્પરતા. એ બધું 'એમના' અંદરના ટેકાથી મળતું જ રહે. આવા સંતપુરુષો ટેકારૂપ છે. તેઓની મદદથી આપણને 'નિમિત્ત' થઈ જવાનો ચાવીરૂપ રાહ મળે છે.

દ્વેષ અને 'મારામારી'ની મનોદશામાં આપણો સમાજ ખળભળી રહ્યો છે. ચોરી અને પ્રપંચથી ખિસ્સા ભરનારાંઓનો કોઈ સામનો કરવા તૈયાર નથી. ચશ્મપોશી, બિનકાર્યદક્ષતા, સ્વાર્થપટુતા વગેરે યુવાન પેઢીને રૂંધી રહ્યા છે. ઉત્પાદનલક્ષી માનવ પરિબળનો ઉપહાસ થઈ રહ્યો છે.

આની સામે મારામાં ઉગ્રતા રહ્યા કરતી. મેં કોઈને ફરિયાદ કરી નથી. પરંતુ પૂજ્ય મોટાના અનોખી રીતે થતા સામાજિક યજ્ઞમાં યત્કિંચિત્ આહુતિ આપવાનાં કર્મોમાંથી જાતને ફરિયાદ કરતા શીખ્યો છું અને ઘડાતો જાઉં છું. જેટલું આપવાથી મળે છે તેટલું 'ઇચ્છા' રાખવાથી મળતું નથી, એનું ભાન થતું જાય છે. 'ન્યાય' માગવાથી મળતો નથી, પરંતુ હસતે મોઢે અન્યાયને સહન કરવાથી શક્તિ વધે છે. લાંબા સમય સુધીની એકસરખી રીતની વ્યવસાયી નિષ્ઠાથી આત્મસંતોષ, નિર્ભયતા અને ઉચ્ચતા પ્રાપ્ત થાય છે. આ બધું પૂજ્ય મોટા દ્વારા જ સમજાયું છે, એટલે એમના સત્સંગમાં ભળ્યો છું. એ પ્રવૃત્તિ માટે પણ લોકનિંદા અને આક્ષેપો સહન કરવાના આવે છે. છતાં નાનપણનો મંદિરોનાં દર્શનનો અને દેવસેવાનો રંગ સંતસમાગમના રંગમાં પલટાયો છે તેનાથી સંતોષ છે.

મારા જીવન પર પૂજ્યશ્રીએ શાંતિપ્રદ અસરો પેદા કરી છે. મારાથી મારા કુટુંબના ઝઘડાઓ સહન થતા નહિ. હું બહુ જ ક્રોધી, એટલે કૌટુંબિક પ્રશ્નો મને ત્રસ્ત કરતા. ભાઈઓ સાથે વૈમનસ્ય થઈ ગયેલું. આ બધાંની રીસનો ભોગ 'બા' બને. એ બધું જ સહન કરી લે. મને માફ પણ કરતી કારણ કે મારે વિશે સાચું એ જ જાણે, છતાં હંમેશાં સહન કરી લેવાની શીખ આપે. બાએ પૂજ્ય મોટાને મનની વાતો કરીને પોતાના પુત્રોનું શ્રેય, સુખ, તેઓ વચ્ચેની આત્મીયતા અને પ્રેમ સંબંધ માંગેલો. અમે ભાઈઓ સુખી થઈને એકબીજા સાથે પ્રેમ રાખીએ, એકબીજાનું જતું કરીએ એવી માની અભિલાષા પૂજ્યશ્રીના પ્રતાપે સાકાર થઈ. આ એક શ્રેષ્ઠ અનુભવ પૂજ્ય મોટા તરફથી મને મળ્યો છે.

❋ ❋ ❋

## મનની ગુલામી

આપણામાં જે moods—મન કે લાગણીના આવેગ-આવ્યા કરે છે, તે આપણને કબજે કરી લે છે. એ આપણા શેઠ બની બેસે છે, ને આપણને પોતાનું એક તંત્ર કે યંત્ર બનાવી દે છે, અથવા વિચારતા તો રાખે છે, પણ એની ગતિ પ્રમાણે ને એના જ પ્રવાહમાં ને એને યોગ્ય લાગે તે રીતમાં જ વિચારતા રાખ્યા કરે છે. આપણું સત્ત્વ ત્યારે અસ્તિત્વમાં રહેતું જ નથી, એવી વલે ત્યારે આપણી થાય છે. એમાંથી આપણે બચવાનું છે.

('જીવનપગથી', પૃ. ૨૮) —મોટા

❋ ❋ ❋

# સમર્થનો સાથ

## શ્રી સુરેશભાઈ સંત

એમ.એ.

(સ્ટેટ બૅંક ઑફ ઇંડિયાના અમદાવાદની ઑફિસના પરસૉનલ ઑફિસર અને પૂજ્યશ્રીના યુવાન અને નિષ્ઠાવાન ચાહક.)

પૂજ્ય મોટા વિશે કંઈ પણ લખવું મુશ્કેલ લાગે છે, કારણ એક તો આંતરિક અનુભવની વાત યોગ્ય રીતે વ્યક્ત કરવી એ અઘરું કામ છે અને બીજું કે, પૂજ્ય મોટાનાં વ્યક્તિત્વના વિધવિધ પાસાંનાં દર્શન થયાં છે, તેમાંથી કયું દર્શન રજૂ કરવું એનો નિર્ણય કરી શકાતો નથી. સમગ્ર રીતે પૂજ્ય મોટાના વિરાટ વ્યક્તિત્વને રજૂ કરવાનું મારા જેવા માટે શક્ય નથી. છતાં પૂજ્ય મોટાએ મારા જીવનમાં જે અસર ઉપજાવી છે, તે ધ્યાનમાં લઈ તેઓશ્રીને હૃદયની એક અંજલિ આપવાની તક લઉં છું.

પૂજ્ય મોટાને હું પ્રથમ મળ્યો ૧૯૬૦ના મેની પહેલી તારીખે. ગુજરાત રાજ્યની સ્થાપના થઈ તે દિને પૂજ્ય મોટા હરિજન આશ્રમ (સાબરમતી)માં પધારેલા. માથે કાઠિયાવાડી ઢબનો ફેંટો, ખુલ્લું શરીર અને દક્ષિણ હિંદની પદ્ધતિથી પહેરેલી સફેદ લુંગી-એવો પૂજ્ય મોટાનો પહેરવેશ હતો. પૂજ્ય મોટાની પહેલી મુલાકાતમાં સૌથી વધુ કોઈ વાત મને સ્પર્શી હોય તો તે તેમનો પ્રેમ. જે પ્રેમથી તેમણે અમારી સાથે વાતો કરી તે પ્રેમનો અનુભવ ઉત્તરોત્તર વધતો ગયો. ત્યાર બાદ પૂજ્ય મોટાને મળવાનું બનતું. પણ ઈ. સ. ૧૯૬૭ની શરૂઆતમાં હું પ્રથમ વાર મૌનમાં બેઠો ત્યારે પૂજ્ય મોટાની કૃપાનો અનુભવ થયો. પ્રથમ જ પ્રયત્ને ૨૮ દિવસ સુધી શ્રીહરિનું નામસ્મરણ લઈ શકાયું એ મારે માટે તો સાક્ષાત્ કૃપા હતી.

આ પ્રથમ મૌનયજ્ઞ દરમિયાન જ મને નોકરીની બદલીનો પત્ર મળ્યો. ત્યાં બધી રીતે પરિસ્થિતિ વિકટ હતી અને કામ કરવામાં વાતાવરણ જરા પણ અનુકૂળ ન હતું. મને મનમાં ઘણી મૂંઝવણ થઈ. મેં પૂજ્ય મોટાને દિલથી ઘણી પ્રાર્થના કરી. તે સમયે પૂજ્ય મોટાએ જે શબ્દ મને કહેલા તે કદી ભૂલી શકાય તેમ નથી. તેઓશ્રીએ કહ્યું, 'જરાયે ગભરાયા વગર પ્રેમથી તું કામ કરજે. તને એક સમર્થનો સાથ છે. તું બરાબર ખાતરી કરી લે કે તારી પાછળ એક સમર્થ ઊભો છે. એની તને જો સાચી ખાતરી થઈ જાય તો તારે જીવનમાં બીજું કાંઈ વિચારવાનું રહેશે નહિ અને જીવનમાં સાચું ખમીર પ્રગટશે.' આવું અભય વચન મળ્યું અને તેનો અનુભવ પણ થયો. જે વાતાવરણ પ્રતિકૂળ હતું તે ખૂબ જ અનુકૂળ બન્યું અને કામકાજ પણ સારી રીતે થઈ શક્યું. ત્યાં જ 'સમર્થના સાથ'નો બીજો અનુભવ પણ કરાવ્યો. કામકાજમાં એક એવી મુશ્કેલી ઊભી થઈ કે જેની મૂંઝવણ અપાર હતી. તે મુશ્કેલી દૂર કરવાના બધા જ શક્ય પ્રયત્ન કરવા છતાં એ દૂર ન થઈ. છેવટે પ્રાર્થનાનો આશરો લીધો. તે દરમિયાન હું ફરી મૌનમાં બેઠો અને પ્રાર્થના દિલના ઊંડાણમાંથી થયા કરતી. છેવટે એ મુશ્કેલી દૂર થઈ અને એ પણ મારી પ્રાર્થનાના પરિણામ રૂપે ઊતરેલી કૃપા હતી એવી મને પાકી ખાતરી છે. આ અનુભવ પણ મારે માટે ખૂબ જ મહત્ત્વનો હતો.

એવા તો ઘણાયે પ્રસંગો છે કે જ્યાં પૂજ્ય મોટાએ હંમેશાં મારાથી ન બની શકે એવાં કામ, મારી સાથે રહી કરાવ્યાં છે. બીજાનું કામ સારું ન થાય તેવી પરિસ્થિતિમાં મારું કામ દીપાવ્યું છે. વિકટ પરિસ્થિતિમાં દિલમાં એક પ્રકારની હળવાશ અને પ્રસન્નતાનો અનુભવ થયો છે. તે પણ પૂજ્ય મોટાની કૃપા જ છે. કુટુંબના પ્રશ્નો પણ પૂજ્ય મોટાની કૃપાથી સરળતાથી ઉકેલાતા રહ્યા છે. બધાં કાર્યોમાં 'કોઈક'ની સક્રિય મદદનો અનુભવ થતો રહ્યો છે.

આવા ઘણા અનુભવો છતાં દિલમાં જે શ્રદ્ધા જીવંત થવી જોઈએ અને જે પૂરેપૂરી શરણાગતિ થવી જોઈએ તેનો અભાવ છે. એ મારી કમનસીબી છે. કંચનના સ્પર્શથી કથીર પોતાનો સ્વભાવ ન બદલે તો તેમાં કંચનનો દોષ નથી.

જે અનુભવો પોતાના અંગત જીવનમાં થયા છે, જેની ઊંડી અસર જીવનના પ્રવાહ પર થઈ છે, જે મારે માટે અનુભવજન્ય સાચા છે, તેનાથી ખાતરી થઈ છે કે પૂજ્ય મોટાના અનુગ્રહથી મારા જીવન પર થોડી ઘણી અસર થઈ છે, તે જ મારા જીવનની સાચી મૂડી છે, કમાણી છે. એ માટે પૂજ્ય મોટાનો જન્મોજન્મનો ઋણી રહીશ.

⁂ ⁂ ⁂

## યોગ્ય સમર્થને શરણે

બીજાનું કહ્યું જ્ઞાનપૂર્વક કરવાથી આપણે નિરાગ્રહી થતાં જઈએ છીએ. બીજાનું કહ્યું કરવામાં આપણી સમજણથી બીજી રીતે પણ વર્તવું પડે છે. બીજાનું આનંદથી કહ્યું કરવા જતાં આપણે ગુલામ નથી બની જતાં, ઊલટું આપણે સામાનાયે કરતાં આપણી જાતને ઊંચે પ્રકટાવ્યે જઈએ છીએ; જેમ ભારવાળી વસ્તુ હલકી ને હલકી બનતી જાય, ને છેકમાં છેક હલકી બની જાય તો તે હવામાં પણ ઉપર રહી શકે તેમ એટલે હેતુપૂર્વક સામાનું કહ્યું કરવામાં જીવનની ઉન્નતિ છે.

સ્વયં ઉત્સાહથી, સ્વયંસ્ફૂર્તિથી, આપણા વિકાસ અર્થે સર્વસ્વપણે ને સર્વપ્રેમભાવે કોઈ યોગ્યને શરણે થઈ જવામાં જીવનનું તેવું બનતું હોય છે. એવા શરણનું તો મહામૂલું રહસ્ય છે. શરણ એટલે ગુલામી નથી. એવો વિચાર તો અજ્ઞાની લોકનો છે. શરણે જવાની ભાવના કેળવવામાં, રાખવામાં ને તેમ વર્તવામાં ખરી ખૂબી રહેલી છે, જો દુભાયેલા દિલે, કંટાળા ભરેલી રીતે, નાછૂટકાની રીતે, હારીને કે નિરાશાથી બીજાનું કહ્યું કરીએ તો આપણે વધારે ને વધારે કચરાઈશું. તો હળવાં ફૂલ જેવાં નહિ જ બની શકીએ. સામાનું કહ્યું કરવામાં કેટલા પ્રમાણમાં ઉલ્લાસ, ઉમંગ ટકે છે, ને ઉત્કટતાવાળી મનોભાવનાથી ને કેવા હેતુથી તે કરીએ છીએ, તે આપણે જોવાનું રહે છે. આ મહત્ત્વપૂર્ણ હકીકત લક્ષમાં રાખશો તો તમને મનમાં કોઈ ગૂંચ નથી રહેવાની.

**—મોટા**

⁂ ⁂ ⁂

# સંતજીવનની પીઠિકા

## શ્રી મારુતિસિંહ છત્રસિંહજી ઠાકોર

(પૂજ્ય શ્રીમોટાના મોટા ભાઈ જમનાદાસના કાલોલના બાળગોઠિયા. રાષ્ટ્રીય પ્રવૃત્તિના રંગે રંગાયેલા. હાલમાં કાલોલ તાલુકા કૉંગ્રેસ (સંસ્થા)ના પ્રમુખ, ભક્તહૃદયથી *મોટા*ને ચાહનાર વડીલ સજ્જન.)

આ પ્રસંગોને વર્ષો વીતી ગયાં, પરંતુ કેટલાંક ચિત્રો તો સ્મરણપટ પર અંકિત થઈ ગયાં છે. મારા વિદ્યાર્થીજીવનમાં દરરોજ શાળાએ જતાં એક દૃશ્ય જોવા મળે. બજારની નજીક મોચીભાઈ, ધોબી અને એકાદ બે દરજીભાઈઓની વસ્તીમાં એકાદ રૂમ અને તેના પ્રમાણસરના નાના ખુલ્લા ઓટલાવાળા મકાનમાં લૂગડાં રંગવાનું કામ કરવા સાવલી ગામેથી ઘણાં વર્ષોથી આવીને આશારામ ભાવસાર વસેલા. આશારામ ભગત દરરોજ સવારે ભજન ગાતાં ગાતાં ફળિયે ફળિયે ફરે અને જે કંઈ રંગવાનું મળે તે લઈ ભજનની ધૂનમાં ઘેર આવી પોતાનો વ્યવસાય ચલાવે. આર્થિક સ્થિતિ તદ્દન નરમ. બીજી કોઈ આવક નહિ. રંગવાના કામની મજૂરીમાં ચાર બાળકોનું પોષણ કરવાનું હતું. **નરસિંહ મહેતાનો અવતાર કહીએ તો ખોટું નહિ.** આખો દિવસ અને રાતના તથા વહેલી સવારના ચાર વાગ્યાથી ભજનની ધૂન શરૂ થાય. સવારના રંગવા આણેલાં કપડાં રસ્તા પર ચૂલો સળગાવી રંગાય અને પતિપત્ની રંગેલાં કપડાં વાયરે વીંઝી સૂકવે. તે વખતે પણ ભજનની ધૂન ચાલુ જ હોય. મારી ઉંમર તે વખતે દસ કે અગિયાર વર્ષની હશે. મારા વર્ગમાં ભાઈ આશારામના મોટા દીકરા જમનાદાસ હતા. એટલે શાળાએ જતાં આવતાં સાથે જ હોઈએ. ભણવામાં હું પાછળ રહેતો. થોડોક રમતિયાળ સ્વભાવ અને તોફાની વૃત્તિ પણ ખરી. એટલે શાળાના શિક્ષક મારે. 'બાપુ' નામથી સંબોધન કરી થોડો હાથથી તો થોડો સોટીથી પ્રસાદ આપે. મારી ફરિયાદ શિક્ષકો ઘર સુધી પહોંચાડતા. માતાપિતાની હૂંફ નાનપણથી જ મેં ગુમાવેલી એટલે કાકાની દેખરેખ નીચે ઊછરવાનું હતું. તાલુકામાં ફોજદારી કરેલી એટલે કાકા પણ કડક. જરી જરી બાબતમાં ગુસ્સો કરે. મને માર પણ પડે. મારતાં બબડે, ''તારે ધોબી, મોચી અને ભાવસારની સોબતમાં રહી જિંદગી બરબાદ કરવાની નથી. ભાવસારના છોકરાની ભાઈબંધી ચાલશે નહિ. ફરીથી જોઈશ તો ત્યાં જ ફટકારીશ.'' આવી સખત ધમકી અને દાબ હોવા છતાં ભાઈ જમનાદાસની મૈત્રી છૂટી જ નહિ. જમનાદાસનું અને મારું બન્નેનું ભણતર સરખું, પણ કુદરતની કૃપા અજબ હતી કે ભાઈ જમનાદાસ સુંદર કવિતાઓ તથા વાર્તાઓ લખી શકતા, ગાઈ શકતા અને છટાદાર વાણીમાં પ્રવચન પણ કરી શકતા. ભાઈ જમનાદાસને ત્રણ ભાઈઓ ચૂનીલાલ, મૂળજીભાઈ અને સોમાભાઈ. સામાન્ય રીતે બાળપણના જીવનમાં બાળકોને તોછડા નામથી બોલાવાય છે. તેમ ભાઈ ચૂનીલાલને પણ સૌ કોઈ ''ચૂનિયો'' નામથી બોલાવતું. ભાઈ ચૂનીલાલ (હાલના પૂ. મોટા) ભણવાની જબરજસ્ત ઉત્કંઠા ધરાવતા. તે સમયે ઈ. સ. ૧૯૧૨માં અંગ્રેજીના ચાર પાંચ ક્લાસની શરૂઆત કાલોલમાં થઈ. તેમાં ચૂનીલાલની ભણવાની તીવ્ર ઇચ્છાને કારણે તે દાખલ થયા. નાગર ગૃહસ્થ શ્રી ઘનશ્યામભાઈ મહેતા અને શ્રી વિભુકુમાર દેસાઈ શિક્ષક તરીકે કામગીરી બજાવતા. ચૂનીભાઈ ભણવામાં હોશિયાર અને તીવ્ર બુદ્ધિવાળા હોવાને કારણે એમનો શિક્ષકો સાથે ઘનિષ્ઠ સંબંધ બંધાયો. તેમનો ઘણો સમય નાગરવાડામાં જ પસાર થતો હતો. ચૂનીભાઈ (પૂ. મોટા)નો સ્વભાવ મૂળથી જ પારકાં માટે ઘસાવાની વૃત્તિવાળો અને ગમે તેનું કામ કરવામાં તેમને જરીકે સંકોચ થતો નહિ.

પિતાની છત્રછાયા ગુમાવી બેઠેલા પૂ. મોટાને અભ્યાસ અંગે શ્રી ઘનશ્યામ મહેતા તથા શ્રી વિભુકુમાર દેસાઈની હૂંફ હતી. એમની માતા તે વખતે બાળકોના પોષણ માટે દળણાં દળતી. એ (ચૂનીલાલ) ભારતના એ એક ઊંચી કોટિના સંત પુરુષ તરીકે જીવન જીવશે એવી તો કોઈને કલ્પના પણ ન હતી.

સૌના દિલમાં એક જ ભાવના કે અનાથ બાળકો ભણીને પોતાનું જીવન સુવ્યવસ્થિત રીતે ચલાવે. પૂ. મોટાના મોટા ભાઈ શ્રી જમનાદાસ ભક્ત નામથી ઓળખાતા. સને ૧૯૨૬ની પ્રથમ રાજકીય પરિષદ ગોધરામાં ભરાઈ તેમાં હું સ્વયંસેવક તરીકે ગયેલો અને ત્યાંથી આવ્યા બાદ અમે બે રાજકીય જીવનની વાતો કરતા. બંગાળના ક્રાંતિવાદીઓના સમાચાર સાંભળતા. ભાઈ જમનાદાસ આર્યસમાજના આગેવાનોના સંસર્ગમાં આવ્યા. અને તેમાંથી પ્રેરણા મેળવવા લાગ્યા. તે અરસાની હોમરૂલ લીગની ચળવળમાં પણ જોડાયા. અને ત્યાર બાદ ઈંદુલાલ યાજ્ઞિકનો સમાગમ થયો એટલે હરિજન પ્રવૃત્તિમાં જોડાઈને નડિયાદમાં સેવાનું ક્ષેત્ર પસંદ કર્યું. એ અરસામાં મહાત્માજીના સંસર્ગમાં આવ્યા. ભાઈ જમનાદાસે 'રૂડો મારો રેંટિયો' એ ગીત ગાંધીજીને સંભળાવેલું અને કાલોલમાં મહાત્મા ગાંધીજીના મંદિર આગળ બહેનોની સભા થઈ તેમાં ભાઈ જમનાદાસને જોઈ ગાંધીજીએ એમને બોલાવી રેંટિયાનું ગીત ગવડાવેલું એ મને યાદ છે. ભાઈ જમનાદાસની આર્થિક સ્થિતિ નહિ જેવી. હરિજન પ્રવૃત્તિ અને ભાષણોને લઈ ક્ષયની બીમારીનો ભોગ બની ઈ. સ. ૧૯૨૦માં નડિયાદની હૉસ્પિટલમાં દાખલ થયેલા, પરંતુ એ રોગ જીવલેણ નીકળ્યો અને પૂ. મોટાના ભક્ત મોટા ભાઈનું પચીસ વર્ષની ઉંમરે અવસાન થયું. પૂજ્ય મોટાને માથે બીજા બે ભાઈઓ અને વૃદ્ધ માતા તથા મોટા ભાઈની પત્ની અને બે બાળકોની જવાબદારી આવી પડી. એ અરસામાં પૂ. મોટાએ મહાત્મા ગાંધીજીની હાકલને માન આપી બી. એ.નો અભ્યાસ છોડી દીધો. વિદ્યાપીઠમાં દાખલ થઈ તેને પણ છોડીને સત્યાગ્રહ આશ્રમમાં હરિજન પ્રવૃત્તિમાં પડ્યા. કુટુંબની કે પોતાની ભાવિ જીવનની દરકાર કર્યા સિવાય ફકીરી પસંદ કરી. વિચારોમાં સૌમ્યતા અને એકલક્ષી જીવનને કારણે ધાર્મિક જીવન તરફ ઢળ્યા. કમાવાનું લક્ષ્ય રહ્યું નહિ. ઈશ્વરોપાસનામાં લીન થયા. સ્મશાનમાં સૂઈ રહેવું, શરીર પર નહિવત્ કપડાં ધારણ કરવાં વગેરે કરતા. આ સ્થિતિમાં કાલોલ પણ આવેલા. તેમની વૃત્તિઓ તે વખતે સ્થિતપ્રજ્ઞની સ્થિતિમાં રહેતી.

સામાન્ય રીતે અંધારી રાત્રીએ સ્મશાનમાં એકલા અવધૂતની માફક રાત ગાળવી એ સામાન્ય માણસનું ગજું નહિ, પણ આ ધૂની પૂ. મોટા પૂર્વજન્મના સંસ્કારોએ જ સંતની કોટિમાં પહોંચી શક્યા છે. પંચમહાલ જિલ્લાનું એ સદ્ભાગ્ય છે કે એક જ કાળમાં એણે જંગમતીર્થ જેવા ત્રણ ત્રણ સંતપુરુષો પેદા કર્યા. એક ગોધરાના 'બાપજી' જ્ઞાતિએ પ્રજાપતિ. બીજા 'રંગ અવધૂત' પણ આ જ જિલ્લાના. અને ત્રીજા પૂજ્ય મોટા આ જિલ્લામાં જ ઊછરી મોટા થયા. **પૂજ્ય મોટાના બાળપણનો વિચાર કરું છું ત્યારે થથરી જાઉં છું.** એમના ઘરની આજુબાજુ મોચી ભાઈઓ તથા ધોબીઓ વસે. તેઓમાંના મોટા ભાગના દરરોજ રાતના દારૂમાં ચકચૂર રહે. જીભની ઉપર કાબૂ પણ રાખી ન શકે. રાત અને દિવસ બીભત્સ ભાષા વાપરે. આવા અસંસ્કારી લત્તામાં પણ પરમાત્માની કૃપાથી સંતો પાકે છે એનો જીવતોજાગતો દાખલો પૂજ્ય મોટા છે.

* * *

## શેહ શરમ કોઈની નહિ

સંતજીવનનાં લક્ષણો રાતોરાત પ્રગટતાં નથી. જીવનસાધનાના પરિપાક રૂપે એ જન્મે છે. અન્ય સંતોની બાબતમાં એ જેટલું સાચું તેટલું જ પૂજ્ય શ્રીમોટાના જીવન માટે પણ સાચું. સંતનું મુખ્ય લક્ષણ અભય. કોઈની શેહ શરમ એને ન નડે. વિદ્યુત વેગે દેશનું નવનિર્માણ કરવાના નવજાગૃતિના એ દિવસો હતા. ગૂજરાત વિદ્યાપીઠ એનું

કેંદ્ર હતું. બી. એ.ના છેલ્લાં વર્ષમાં ગાંધીજીની હાકલને માન આપી યુનિવર્સિટીનું શિક્ષણ ચૂનીલાલ ભાવસારે છોડ્યું. અને અનેક યુવાનો સાથે ગૂજરાત વિદ્યાપીઠમાં એઓ પણ જોડાયા. વિદ્યાપીઠમાં ગાંધીજીએ પોતાના પ્રવચનમાં ટકોર કરી, 'તમે તો એક પદવીનો મોહ છોડી બીજી પદવીના મોહમાં પડ્યા.' આ ટકોરે ચૂનીલાલ ભાવસાર માટે તાતા તીરની ગરજ સારી. જવાબ રૂપે વિદ્યાપીઠનું શિક્ષણ છોડનાર એકલ વીર પણ ચૂનીલાલ ભાવસાર જ. હરિજન પ્રવૃત્તિ અંગે નડિયાદના મરીડા ભાગોળે એક હરિજન શાળા એઓ ચલાવે. પ્રજામાં જાગૃતિ લાવવા દેશનેતાઓ દેશનો પ્રવાસ કરે. થિયૉસૉફી અને હોમરૂલ ચળવળના નેતા પરદેશી સન્નારી શ્રીમતી ઍની બિસેન્ટ ભારતીય બનીને ભારતીય પ્રજાના હૃદયસિંહાસને બિરાજેલાં. તે વખતની કૉંગ્રેસનાં પ્રમુખ પણ બનેલાં. પોતાના કાર્યક્રમ નિમિત્તે એમને એકવાર નડિયાદ પધારવાનું થયું. કાર્યકરોની ઇચ્છા એમને પ્રજામાં થતાં પાયાનાં કામ બતાવવાની હતી. કાર્યકરોએ શ્રી ચૂનીભાઈ ભગતની હરિજન શાળાની મુલાકાત ગોઠવી. સાંજે પાંચ વાગ્યાનો સમય નક્કી થયો. આગેવાનોએ ચૂનીભાઈને સૂચના આપેલી કે, 'છોકરાંઓને છોડી મૂકશો નહિ. રોકી રાખજો.' ભગતે સૂચનાના અમલનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો. પાંચ વાગ્યા, સવા પાંચ થયા, સાડાપાંચ થયા. કોઈ ચકલુંયે ન ફરકે. અર્ધો કલાક રાહ જોઈને સવારનાં આવેલાં બાળકોને ચૂનીભાઈએ છોડી મૂક્યાં. વીસેક મિનિટ બાદ નેતાઓ અને કાર્યકરોના જૂથથી વીંટળાયેલાં ઍની બિસેન્ટ આવી પહોંચ્યાં, પરંતુ બાળકો ન મળે. સ્થાનિક નેતા રાતાપીળા થઈ બોલ્યા, 'ભગત, આ શું કર્યું ? તમને કહ્યું હતુંને છોકરાંઓને રોકી રાખજો !' ચૂનીભાઈએ સણસણતો જવાબ આપ્યો, 'શું છોકરાંઓ ઘેટાંબકરાં છે ? નાનાં બાળકોને આમ પૂરી રાખવું હિતાવહ છે ? તમે લોકો સમય ન સાચવી શકો તો તેની શિક્ષા બાળકોને કરવાની? પૂછો ઍની બિસેન્ટને જ. એ એવું ઇચ્છે છે ખરાં ?' અને ચૂનીભાઈએ કોઈની શેહશરમ રાખ્યા વિના ઍની બિસન્ટને પૂછી પણ નાખ્યું. ઍની બિસેન્ટ તો મહામના અને કરુણાની મૂર્તિ હતાં. એઓ તો ચૂનીભાઈ સાથે સંમત થઈ ગયાં, કારણ કે એમનું હૃદય કેળવણીકારનું હતું. એમણે ચૂનીભાઈને બિરદાવ્યા. અને નેતાઓ અને કાર્યકરોનાં મોં વીલાં પડ્યાં. આ ચૂનીભાઈ તે આપણા પરમ પૂજ્ય શ્રીમોટા.

(પ્રસંગ આલેખક : **શ્રી ઈંદુકુમાર દેસાઈ**)

* * *

# ગુણ, ભાવ અને શક્તિ-દર્શન

## શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાય

બી. એ., બી.ઍડ્.

(વર્ષોથી કેળવણી ક્ષેત્રે પૂ. ગાંધીજીના સાબરમતી હરિજન આશ્રમમાં ધૂણી ધખાવીને બેઠેલા પૂજ્ય શ્રીમોટાના સાબરમતી આશ્રમના નિવાસ દરમિયાનના સૌથી જૂનાં સ્વજનોમાંનાં એક. આશ્રમની માધ્યમિક શાળાના આચાર્ય. ગુજરાતી તેમ જ હિંદી ભજનોના રચયિતા. તેમ જ આર્તહૃદયથી મીઠી હલકે એ ભજનોને ગાનાર.)

પૂજ્ય મોટા લોકસંગ્રહનો યજ્ઞ અવિરતપણે ચલાવી રહ્યા છે. પૂજ્ય મોટાની આ પ્રવૃત્તિને સાચી રીતે સમજવામાં ઘણા બુદ્ધિમાનોને પણ મુશ્કેલી પડતી હોય તેવો ભાસ ઘણીયે વાર જોવામાં આવે છે. તેઓશ્રીની મૌનમંદિરની પ્રવૃત્તિને તેની સૂક્ષ્મતામાં ભલે યથાર્થ રીતે ન સમજતા હોય છતાં તે પ્રવૃત્તિને આધ્યાત્મિક પ્રવૃત્તિ તરીકે સ્વીકારવામાં સંકોચ જણાતો નથી. પરંતુ ગુણ, ભાવ, શક્તિ-વિકાસના લોકસંગ્રહના યજ્ઞને યોગ્ય રીતે સમજવા-સ્વીકારવામાં ઘણાને મુશ્કેલી જણાય છે. આ યજ્ઞને એક સારી સમાજહિતની પ્રવૃત્તિ તરીકે સ્વીકારવામાં કોઈને હરકત નથી, પરંતુ પૂજ્ય મોટા જેવા સંતપુરુષે પોતે જ

આવાં કામમાં સક્રિયપણે શા માટે પડવું જોઈએ ? એ સવાલ થાય છે. 'પૂજ્ય મોટાને વળી આવું ઘેલું ક્યાં લાગ્યું !' એવું આશ્ચર્ય પણ ઘણાંને થાય છે.

પૂજ્ય મોટાની આ પ્રવૃત્તિને તેની સૂક્ષ્મતામાં જોઈએ તો તે સંપૂર્ણપણે આધ્યાત્મિક સાધનાની જ પ્રક્રિયા કે પ્રવૃત્તિ છે. આ બાબતને બે છેડેથી જોવી જોઈએ. સિદ્ધ પુરુષની લોકસંગ્રહની પ્રવૃત્તિની દૃષ્ટિથી અને સાધકની દૃષ્ટિથી. પૂજ્ય મોટા જેવા સિદ્ધ પુરુષની હરકોઈ પ્રવૃત્તિ અરે તેમનું સમગ્ર અસ્તિત્વ-શ્વાસોચ્છ્વાસ લોકસંગ્રહ જ હોય. આવા લોકો તો તેઓ શું બોલે છે ને કરે છે તેનાં કરતાં પણ તેઓના હોવા માત્રથી જ જગતને વધારે ઉપયોગી હોય છે. આપણા સંસ્કારોને કારણે આપણે અમુક પ્રકારની આકારની પ્રવૃત્તિને આધ્યાત્મિક તરીકે સ્વીકારતાં હોઈએ છીએ. અને તેથી આધ્યાત્મિક, સામાન્ય અથવા વ્યાવહારિક એવા ભેદની દૃષ્ટિએ જોવા ટેવાયેલાં છીએ. સિદ્ધ પુરુષની પ્રવૃત્તિને આવી રીત જોવી ને સમજવી યોગ્ય નથી.

સિદ્ધ પુરુષ પોતાની આસપાસ સર્વત્ર પરમાત્માનાં જ દર્શન સહજ રીતે કરતાં હોય છે. આથી, જ્યાં જ્યાં ગુણનાં, ભાવનાં, શક્તિનાં દર્શન થાય તેની સહજ રીતે જ ઊંડા દિલથી કદર કરવાનો તેમને ઉમળકો આવ્યા કરતો હોય છે. જો આપણે સાધનાને અનંત માનીએ તો સિદ્ધ થયા પછી પણ પ્રકારાન્તરે તેમની આ સક્રિય સાધના જ છે એમ સમજવામાં મુશ્કેલી ના જણાય. અને તેને પોતાની આસપાસ દૃષ્ટિગોચર થતાં ગુણ, ભાવ અને શક્તિની કદર, કેવળ લાગણી કે પ્રશંસાથી કરવામાં જ પર્યાપ્તિ થઈ જતી નહિ હોવાથી, તે કદરની ભાવનાને આકાર આપવાનું સહેજે દિલ થાય જ. ભાવ કે પ્રેમ સેવામાં જ સાકાર થાય. સામાન્ય વ્યવહારમાં પણ આપણે અનુભવીએ છીએ કે જ્યારે આપણે કોઈ સ્વજન તરફ પ્રેમની ઊંડી લાગણી અનુભવીએ છીએ ત્યારે તેને માટે કંઈક કરી છૂટવાની ઊંડી તમન્ના પણ અનુભવીએ છીએ. આમ થયા વિના તૃપ્તિ જ ન થાય. એટલે સ્વાભાવિક રીતે જ સિદ્ધ પુરુષ જગતમાં દેખાતાં ગુણ, ભાવ અને શક્તિમાં પોતાના વહાલા શ્રીહરિનાં જ દર્શન કરે છે તેથી તેની કદર ને સેવા પોતાની સાધનાનાં જ એક અવિચ્છિન્ન અંગ રૂપે કરવા પ્રેરાય છે. અને આથી જ આવા પુરુષો સામાન્ય સમાજસેવકોથી જુદા તરી આવે છે. સાત્ત્વિક ભાવે સેવા કરતો હોવા છતાં સામાન્ય સમાજસેવકને પોતે કંઈક ઉપકારનું કાર્ય કરી રહ્યો છે એવું સૂક્ષ્મ ભાન રહ્યા કરતું હોય છે. અને જ્યારે એના એવા સેવાકાર્યની કદર ન થાય ત્યારે ઊંડેથી અપ્રસન્ન પણ રહે છે પરિણામે જેની પોતે સેવા કરી રહ્યો છે, તેના તરફ જ ઊંડા પ્રછન્ન અભાવની અને ક્યારેક તિરસ્કારની લાગણી અનુભવે છે. સિદ્ધ પુરુષમાં ઊંડે ઊંડે આવી ઉપકારની ભાવનાને બદલે વહાલા પ્રભુની સેવાની ભાવના જ હોય છે. તેનો તો તે સ્વધર્મ બની જાય છે. તેથી તે પોતાનાં સેવાકાર્યો માટે લોકોની કદરની ભૂખ ધરાવતો નથી. સેવાકાર્યોની પરોપકારની વ્યવહારુ દૃષ્ટિએ તો તે પોતે પોતાને માત્ર નિમિત્ત જ સમજે છે. સેવાદૃષ્ટિએ જુઓ તો તે પોતે તેને સ્વધર્મ જ સમજે છે. સંતની દૃષ્ટિમાં કોઈ 'પર' કે 'સ્વ' હોતું નથી. જે જે કંઈ છે તે માત્ર પોતાનો વહાલો ભગવાન જ છે.

હવે આપણે સાધકને છેડેથી આ વાત વિચારીએ. સદ્‌ગુરુ પોતે જ પ્રત્યક્ષ રીતે જગતમાં ગુણ, ભાવ અને શક્તિનાં દિલથી સન્માન, સત્કાર કરી સાધકને પદાર્થપાઠ આપે છે. ગુણ, ભાવ અને શક્તિને

શ્રીહરિનું જ દર્શન સમજી તેની કદર કરતાં શીખવે છે. કદર પણ કોરી કોરી નહિ પણ સેવાના આકારના રૂપમાં, પરંતુ સતત એકધારી રીતે દિલથી એવી કદર કરવાનું કામ સહેલું નથી. રાગ હોય ત્યાં દોષ પણ ગુણ જેવો દેખાય, દ્વેષ હોય ત્યાં ગુણ પણ દોષ દેખાય. કદાચ ગુણને ગુણ રૂપે સમજવા જેટલી તટસ્થતા રહી હોય તોપણ તેની દિલથી કદર કરવાનું તો દોહ્યલું જ છે. રાગદ્વેષનું પ્રાબલ્ય હોય ત્યાં એકધારો સરલ ભાવ તો ટકી જ શી રીતે શકે ? આમ, ગુણ, ભાવ અને શક્તિની કદરના ઉત્તરોત્તર વિકાસ માટે સક્રિય સેવા કરવી તે અત્યંત અઘરું કામ છે. આથી જ કહેવાયું છે કે, 'સેવાધર્મ પરમ ગહન છે અને યોગીઓને માટે પણ કઠિન છે. આમ, સાધકને ભાન થાય છે કે સદ્‌ગુરુ અખંડ યજ્ઞની જેમ, શ્વાસોચ્છ્‌વાસની જેવી સહજ લીલાની જેમ શી રીતે 'કદર કરવાની' ઉપાસના કરી રહ્યા છે. સદ્‌ગુરુને પોતાની પ્રકૃતિ પર અંકુશ છે, સાધકને નથી. આમાંથી આગળનો માર્ગ નીકળે છે.

પોતાની પ્રકૃતિને પોતાના માલિક બનવા દેવાને બદલે પોતે તેના સ્વામી બનવું એ જ તો છે સાધનાનું એક લક્ષ્ય. તો પછી ગુણ, ભાવ અને શક્તિની કદરને સાધનાનું જ કાર્ય સમજવામાં શી મુશ્કેલી ?

પૂજ્ય મોટામાં વ્યક્ત થઈ રહેલાં ગુણ, ભાવ બન્ને શક્તિની અલૌકિકતાથી ને અસાધારણતાથી આપણે તેમને સંત તરીકે, સિદ્ધ પુરુષ તરીકે બિરદાવીએ છીએ. ભાવથી અનેક વાર ભીંજાઈએ છીએ. તેમની અસાધારણ શક્તિનાં દર્શન કરીએ છીએ. છતાં આપણાં ચિકિત્સક મન, આપણી ચિકિત્સક બુદ્ધિ, ન્યાયાસને બેસી જાય છે. અને એ રીતે તેમનાં ગુણ, ભાવ અને શક્તિની યથાર્થ કદર કરી શકવામાં મુશ્કેલી અનુભવીએ તો પછી ઇતર જનનાં ગુણ, ભાવ અને શક્તિની કદર કરવાનું તો કેવી રીતે બને ? અહીં જ પાઠ શરૂ થાય છે. એટલે આપણે પૂજ્ય મોટાના માર્ગદર્શન નીચે સાધક હોઈએ કે કોઈ અન્યના, સાધનાનો પ્રારંભ હોય કે ઠીક ઠીક આગળ વધ્યા હોય, તોપણ આ પ્રવૃત્તિને લોકસંગ્રહના હેતુથી સક્રિય સાથ આપી શકીએ.

પરંપરાગત દાનના ઉપયોગ કરતાં પૂજ્ય મોટાના હેતુઓ વર્તમાન સમાજને વધારે ઉપયોગી છે. એ સમજવા જેટલી આપણી બુદ્ધિ જો હોય તો આ ગોવર્ધનધારણાની ભગીરથ સાધનાને સૌએ મોકળે મને સાથ આપવો જોઈએ.

* * *

## કદરનો આધ્યાત્મિક પાયો

કોઈનાથીયે થોડીક પણ સારી ભાવના કોઈકમાં જન્માવી શકાઈ હોય, તો તે તેટલા પ્રમાણમાં ઉત્તમ છે. એ દૃષ્ટિએ મૂલ્યાંકન કરવાનો સદ્‌ગુણ આપણામાં જીવનસાધનાની દૃષ્ટિએ પ્રગટવો જોઈશે. બીજાના દોષ તરફ નજર નાખવાને બદલે તેના ગુણ તરફ નજર દિલમાં જો રહ્યા કરે, તો તેવા ગુણ આપણામાં પણ વિકસશે. સાધનામાં જ શું, જીવનનાં બીજાં ક્ષેત્રમાં પણ કદરભાવના અને ગુણગ્રાહકતાનો ગુણ અતિ ઉપયોગી અને જરૂરી છે. આપણું લક્ષ જેના ઉપર રહેશે, તે તત્ત્વ જાણ્યેઅજાણ્યે વહેલુંમોડું આપણામાં ખેંચાશે. પરસ્પર આકર્ષણની હકીકત સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ સૃષ્ટિમાં પણ પ્રવર્તે છે. માટે, આપણા પોતાના શ્રેયને માટે સદ્‌ગુણો તરફ નજર રહે તેની એટલે કે ગુણદૃષ્ટિ કેળવવાની ઘણી ઘણી જરૂર છે.

જીવનવહેવારમાં બીજાં સંબંધીઓ કે માનવી પણ મળ્યાં કરવાનાં. તેમના દેખાતા દુર્ગુણ તરફ દુર્લક્ષ કરી તેમના તેમના સદ્‌ગુણ દિલ જોયા કરે અને એવો સળંગ જીવતો અભ્યાસ પ્રગટે, તોપણ દિલમાં ભાવનાનું સાતત્ય જીવ્યા ને રહ્યા કરે છે, ને તે પણ શ્રદ્ધાપ્રેમભક્તિનો એક ઉપાય છે. કર્મનું મૂલ્યાંકન કર્મનાં સ્થૂળ પરિણામની નજરે નહિ, પરંતુ તેમાં

રહેલા અને પરિણામે તેમાંથી નીતરતા ભાવની નજરે મુખ્યપણે કરવાથી પણ એવો ગુણ વિકસે છે. કેટલીક વાર સ્થૂળ પરિણામો પણ પ્રભુકૃપાથી સફળ નીવડે, તો તે તરફ લક્ષ આપવાથી પણ શ્રદ્ધાભક્તિ બઢ્યા કરે છે. આમ, એક કે અનેક રીતે જીવનમાં પ્રેમ, શ્રદ્ધાભક્તિ કેમ કરીને પ્રગટે અને વધે તે તરફ આપણે લક્ષ ઘણું ઘણું આપવાનું છે.

('જીવનસંશોધન', પૃ. ૮૫ અને પૃ. ૧૦૩ પરથી સંપાદિત) **—મોટા**

* * *

# ગુરુપાદ પદ્મે

## શ્રીમતી સરોજબહેન કાંટાવાળા

બી. એ.

(ઈ. સ. ૧૯૫૮થી એટલે છેલ્લાં પંદર વર્ષથી નિયમિત સાધના અંગે મૌનમાં બેસનાર પૂજ્ય શ્રીમોટાના ભક્તહૃદયનાં અનુરાગી અને સ્વરચિત ભજનોને મીઠી હલકથી ગાનાર મુંબઈનાં સન્નારી.)

ગુરુ ગોવિંદ એક જ રૂપે, હૈયે ધારું નિત;
ગુરુ પ્રત્યક્ષે પ્રભુ પરોક્ષે સૂક્ષ્મનું સ્થૂળ પ્રતીક.
ચર્મતણાં ચક્ષુ થકી ના પ્રભુ દર્શન થાય.
નેત્રો દિવ્ય ખૂલી જતાં આતમ દર્શન થાય !

આજે રામનવમીનું શુભ પર્વ. પૂજ્ય શ્રીમોટાને થયેલ પ્રભુસાક્ષાત્કારનો આજે મંગલ દિન. એમના માનવદેહમાં પ્રભુની દૈવી ચેતનાનું અવતરણ થયાનો આજે ધન્ય અવસર.

પ્રભુના પરમ ચેતનમાં નિષ્ઠા પામેલ મુક્ત આત્માનો જીવનમાં સંપર્ક થવો એ જ એક મોટું સદ્‌ભાગ્ય છે.

પ્રભુની પરમ કૃપાથી મળેલ એ એક મહા અનુભવ ગણાય કે આવા આત્માનો સંપર્ક થાય, સંબંધ થાય, તોય તે આત્માને તેના યથાર્થપણાના ભાવે દિલની ભાવનાથી ઓળખવો એ તો એથી પણ મોટું સદ્‌ભાગ્ય છે. અને ઓળખ થયા પછી પણ આવા આત્મા સાથે નિષ્ઠાપૂર્વક જોડાઈ રહેવું, ટકી રહેવું એ તો અતિ દોહ્યલું છે. પામર માનવમનનું તો ગજું નહિ. એમની ચેતના જ ટકાવે, નભાવે ને વળગેલાં રાખે, એવી કરુણામયી ચેતનાને કોટિ પ્રણામ હજો.

પૂર્વજન્મના પુણ્યસંચયે અને પ્રભુની અપાર કૃપાના પરિણામે મને આવા ઉચ્ચ વિરલ દૈવી આત્માની પ્રાપ્તિ આ જન્મે થઈ છે. એ મારું જીવનનું પરમ સૌભાગ્ય લેખું છું. તેમના ચૈત્યસંપર્કથી ને સહારાથી દિલનો વિકાસ થયા કરે, જીવનનો ઉત્કર્ષ થયા કરે, પ્રેમના એક પછી એક ઊંચાં સોપાને ચઢતાં ચઢતાં અંતે ધ્યેયના અંતિમ ઉચ્ચતમ શિખરે એમની કૃપાથી પહોંચાય એ જ હવે જીવનનું મહાકાર્ય બની રહો.

આજથી પંદર વર્ષ પૂર્વે, તેમના મેળાપના પ્રથમ તબક્કામાં જ પ્રાર્થના સ્ફુરણનો અદ્‌ભુત અનુભવ મને પ્રભુકૃપાથી થયો. અને એ જ જીવનનો સહારો આજ લગી રહ્યો છે. મારા હૃદયની જડ, શુષ્ક રેતાળ મરુભૂમિમાં ભાવનાનું ઝરણું એકાએક વહેતું થયું. ભાવભક્તિની ફોરમ રેલાવતાં ભાવપુષ્પો-પ્રાર્થના કાવ્યો એકાએક ખીલી ઊઠ્યાં ! ને આ અનુભવ પાંચ પાંચ વર્ષના લાંબાગાળા સુધી રહ્યા કર્યો એ ચમત્કાર નહિ તો બીજું શું કહેવાય ?

પ્રભુકૃપાથી વહેતા બનેલા આ ભાવપ્રવાહથી મારી આંતરશુદ્ધિ થતી રહી છે. જીવનના સામાન્ય સ્તરમાંથી ઊંચે ઊઠવાનું બન્યું છે. પૂજ્ય ગુરુદેવના આગમનથી મારો નૂતન જન્મ થયો. જીવનની કાયાપલટ થવી શરૂ થઈ. જીવન પ્રતિનાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણોમાં ઝડપી પરિવર્તન થતું અનુભવ્યું. ચેતનાકૃપા (Divine Grace)નો આ નક્કર અનુભવ માનું છું.

જીવનનો માર્ગ તો છે અતિ વિકટ, વસમો, ખાડાટેકરાવાળો ને લપસણો. આવા વિષમ જીવનપંથે એમનો સથવારો મળ્યો. માર્ગદર્શન મળ્યું. તેમની સહાય મને ડૂબતીને તરણા સમાન થઈ પડી. જીવનનાવનું સુકાન તેમના કરમાં હવે સુરક્ષિત બની રહ્યું છે.

'સંસાર તો છે જીવનની સાચી પાઠશાળા.' આ છે તેમનો આદેશ. હિમાલયની ગુફામાં એકાંતમાં બેસી તપ કરવાની સલાહ તેમની નથી. બહારના ગેરુઆ રંગના વૈરાગ્યનો એમને ખપ નથી. અંતરના વૈરાગ્યના રક્ત રંગે રંગાવાનું છે. બહારના કોઈ પણ પ્રકારના દંભ કે આડંબર વિનાનો આંતરિક વૈરાગ્ય એ જ સાચો વૈરાગ્ય છે. સંસારની ઉપાધિઓથી ત્રાસીને દૂર ભાગી જઈ કાયર બનવાનું નથી, પરંતુ સંસારની સર્વ વિષમતાઓને હસતે મુખે સહી લેનાર ભડવીર બની જીવનની ખુમારીથી જીવવાનું છે. પ્રભુ આકાશમાં અધ્ધર લટકતો નથી. પણ સંસારમાં મળેલ સર્વ સ્વજનમાં પ્રભુનાં સ્વરૂપનાં દર્શન કરતાં શીખવાનું છે. પ્રત્યેક આવી મળેલ કર્મમાં પ્રભુનો ભાવ રેડીને એને જ ચરણે સમર્પીને તે કરવાનું છે. જીવનમાં જે પરિસ્થિતિ પ્રભુદત્ત મળી છે, તે આપણા કલ્યાણાર્થે ને આપણા ઉત્થાન માટે જ મળી છે, એવાં દૃઢ શ્રદ્ધા ને આત્મવિશ્વાસથી તેનો સહર્ષ સ્વીકાર કરી જીવનના વિકાસને માર્ગે આગળ ડગલાં ભરતાં રહેવાનું છે. આ છે એમની જીવનસાધનાનો આદર્શ.

પૂજ્યશ્રીની સાધનાનો જીવનમંત્ર છે ત્યાગ અને સમર્પણ. હૈયાના ઊછળતા ઉમળકાથી થતા ત્યાગ-સમર્પણના નક્કર પાયા ઉપર જીવનની ભવ્ય સાચી ઈમારત ખડી કરવાની છે. જીવનમાં બેળે બેળે ને નાછૂટકે ત્યાગ તો સૌ કોઈ કરે છે. કરવો પડે છે. પણ એનાથી કશું વળતું નથી. જીવન કચડાયે જાય છે. જ્યારે હૈયાના નીતરતા આનંદ, ઉમંગથી થતા ત્યાગથી તો જીવન નવપલ્લવિત બને છે. જીવનની ફોરમ પ્રસરે છે. ત્યાગ ભોગવવાની ક્રિયા, ત્યાગ કરવાની ક્રિયા કરતાં ઊંચી છે, ઘણી ઊંચી છે.

જીવન આનંદ માટે છે. રડાકૂટ માટે નહિ. આ છે એમનું નિત્ય મનન કરવા યોગ્ય મંગળસૂત્ર. સંસારમાં તો જ્યાં ત્યાં ભેદ પ્રવર્તતો જણાય છે. ત્યાં આપણે અંતરના નિરપેક્ષ નિર્મળ પ્રેમથી અભેદનું સામ્રાજ્ય રચવાનું છે. આ છે એમની જીવનભાવના.

સંસારમાં રહીને સાધના કરવાની અનોખી રીત એમણે દર્શાવી છે. **જીવનનો પૂર્ણપણે સ્વીકાર એ એમનો મહામૂલો આદેશ છે. એવી રીતે સ્વીકાર કરવામાં જે મંથન થાય છે ને એમાંથી જે નવનીત પ્રગટે છે એ જ છે જીવનયોગ. સાચો પ્રેમ એટલે જીવનમાં મળેલ સ્વજનોને હૈયાના ભર્યા ભર્યા સદ્ભાવથી નિરપેક્ષપણે ચાહવું. સાચી ભક્તિ એટલે માનવમાત્રના હૃદયમાં પ્રભુનું દર્શન કરવું. સાચું કર્મ એટલે ફળની આશા અપેક્ષા રહિત એકમાત્ર પ્રભુના ભાવથી જ રંગાયેલું ને એનાં જ ચરણે સમર્પિત થયેલું કર્મ. સાચું જ્ઞાન એટલે દિલમાં ઊઘડેલી ને ઊંડી ઊતરેલી સમજણને જીવનના તાણાવાણામાં**

**વણી લેવાનો જ્ઞાનભક્તિપૂર્વકનો જાગૃત અથાગ પરિશ્રમ. આ છે એમની જીવનસાધનાનો મર્મ. ટૂંકમાં કર્મ, ભક્તિ ને જ્ઞાનના ત્રિવેણીસંગમમાં સ્નાન કર્યા વિના મુક્તિને આરે પહોંચવું અતિ દોહ્યલું છે. જીવમાંથી શિવ સ્વરૂપે પ્રગટવા માટે ભગીરથ પુરુષાર્થ કરતા રહેવું એ જ સાચી સાધના છે.**

તેમની પ્રેમની ભાવના અતિ ઊંચી છે. માત્ર ચાહવા ખાતર જ ચાહવું. કોઈ પણ પ્રકારની આશા અપેક્ષા કે સોદાની લાગણી વગર ચાહવું. હક્કદાવા ને માલિકીહક્કને પ્રેમમાં સ્થાન નથી. પ્રેમની કુમાશ સૌ કોઈને ગમે છે પણ પ્રેમની કઠણાશ જીરવી શકાય ત્યારે જ સાચું ઘડતર થાય. **'વજ્રાદપિ કઠોરાણિ, મૃદુની કુસુમાદપિ'** આવી છે દિવ્ય પ્રેમની ભાવના.

જીવનમાં ગુણ ને ભાવનાનો વિકાસ થાય ને સમાજ બેઠો થાય, જીવનમાં સર્વ ક્ષેત્રમાં ગુણભાવના કાર્યસાધક બને તેવી ભાવનાથી લોકકલ્યાણની પ્રવૃત્તિ તેમણે આદરી છે. લાખોનું દાન સમાજમાંથી ઉઘરાવી પાછું સમાજનારાયણને ચરણે દેવાનું. આ કાર્ય હાલ તેમનું મુખ્ય મિશન બની રહ્યું છે.

પૂજ્ય શ્રી વિનોબાભાવેનો જેમ 'ભૂદાન'નો એક યજ્ઞનો પ્રકાર છે તેમ આ પૂજ્ય શ્રીમોટાનો 'શ્રીદાન યજ્ઞ' અવિરતપણે જલી રહ્યો છે. તેમનાં સ્વજનો ભાવથી ને યથાશક્તિ યથાભક્તિ તેમના આ વિરલ યજ્ઞમાં આહુતિઓ અર્પી રહ્યા છે. દાનપ્રવાહ પ્રભુકૃપાથી અખંડપણે વહી રહ્યો છે.

પૂજ્યશ્રીનો દેહ અનેક પ્રકારના રોગોથી ગ્રસ્ત છે. પીડિત છે છતાં તેમની આ બાહ્ય પ્રવૃત્તિ તો વણથંભી ચાલ્યા જ કરે છે. દેહભાવથી પર થયા વિના આવી શરીરની વેદનાભરી સ્થિતિમાં આવી હાલાકી સહન થઈ ના શકે. કાર્ય તો થઈ જ ના શકે. ચેતનમાં પ્રતિષ્ઠિત આત્મામાં જ આ શક્તિ હોય. મુક્તિ પામેલ આત્માને શરીરનાં સુખદુઃખ સ્પર્શી શકતાં નથી.

ભાવ વિનાનું જીવન લૂણ વિનાના અન્ન સમું ફિક્કું છે. નીરસ છે. ભાવ જીવનની મહામૂલી મૂડી છે. હાલના જીવનમાં તો ભાવ ને ભાવનાનો સર્વત્ર અભાવ વર્તાય છે. ભાવરહિત હૃદયથી જીવનમાર્ગે ચાલતાં થાક જણાય છે. શ્રમ લાગે છે. નિરાશાની ઊંડી ખાઈમાં ધસી પડવાની પળેપળ ભીતિ રહે છે. એટલે જીવનનો થાક હરી લે ને તાજગી બક્ષે એવી ભાવરૂપી ઔષધિ સતત દિલમાં ઘૂંટ્યા કરવી એ જ જીવનનો હેતુ હોઈ શકે. ભાવ જીવનની સંજીવની છે.

પ્રભુ પ્રતિ અચળ, અખૂટ શ્રદ્ધા એ જ માત્ર ભાવનું સાતત્ય જાળવવા માટેનું સબળ સાધન છે. શ્રદ્ધારૂપી નાવને કર્મરૂપી હલેસાં વડે ભવસાગરનાં અફાટ ગર્જતા નીર તરીને પેલે પાર પ્રભુના પરમ ધામે પહોંચવાનું છે. શ્રદ્ધા જો તૂટી કે નાવમાં ગાબડું પડ્યું તો ભવજલના અતલ ઊંડાણમાં ડૂબ્યા વિના આરો જ નથી. એટલે અંતર્યામી પ્રભો ! તારાં વિમલ ચરણે પ્રાર્થના છે કે,

શ્રદ્ધાકેરી નાવડી, ભક્તિકેરાં નીર,
કર્મ હલેસું હાથમાં, પાર કરો રઘુવીર.

પૂજ્યશ્રીના આશ્રમોમાં ચાલી રહેલ 'મૌનમંદિર' એમની મૌલિક ને વિરલ સાધના પદ્ધતિ છે. સંસારમાં રહીને સાધના કરનાર માટે આ મૌનએકાંતનો ગાળો મહામૂલો છે. વિકાસ માટેની આ અનેરી તક છે. આ ગાળો વિરલ પ્રકારનો પુનિત 'જપયજ્ઞ' છે. સંસારથી થોડો વખત અલિપ્ત થઈ આમ

એકાંતવાસમાં રહી, મૌન સેવી, પ્રભુસ્મરણમાં લગાતાર રહી શકવાની આવી સરળતા એ એમની કૃપાનું દાન છે. આવા મૌનએકાંતના ગાળામાં અંતરનાં દ્વારો ખૂલી જતાં અનુભવાય છે. જીવન પ્રતિ જાગૃતિ આવે છે. મંથન અનુભવાય છે. પોતાના દોષોનું ઊંડું ભાન પ્રગટે છે. તે નિવારવા માટેની મથામણ જાગે છે. અંતરમાં સુષુપ્ત પડેલી શક્તિઓ પણ છતી થતી અનુભવાય છે. આવો છે આ મૌનએકાંતની સાધનાનો અનોખો પ્રકાર. પૂજ્યશ્રીની આ આંતરપ્રવૃત્તિ સાધકને ખૂબ લાભદાયી બની રહે છે, કારણ મૌન લેનાર, પ્રત્યેક જીવ સાથે આ ગાળામાં એમની ચેતનાની સાંકળ જોડાયેલી રહે છે ને જે સંસ્કાર પડે છે, તે વજ્રલેપ જેવા બની રહે છે.

પૂજ્યશ્રી મોટાનું જીવન નિહાળતાં જણાય છે કે સામાન્ય સ્થિતિમાંથી ને અત્યંત કષ્ટદાયી ગરીબાઈની પરિસ્થિતિમાંથી તેઓ પોતાના પ્રખર પુરુષાર્થ ને વિરલ આત્મબળ વડે, અને અંતરની સાચી ઊંડી પ્રભુ પ્રતિની લગન ને આત્યંતિક શરણાગતિ કેળવીને આ સ્થિતિને પામ્યા છે. એટલે આપણને સૌને તેમના જીવનમાંથી પાઠ મળે છે. તેમની સાધનાવસ્થામાંથી પ્રેરણા ને પ્રોત્સાહન મળે છે. સામાન્ય દેખાતો વામણો માનવી પણ ધારે તો અખૂટ શ્રદ્ધા ને આત્મવિશ્વાસથી મહામાનવ બની શકે છે.

એમનાં પુસ્તકો ને સાહિત્ય સ્વજનોને લખાયેલ વ્યક્તિગત પત્રો હોવા છતાં સમષ્ટિને સ્પર્શે છે. રોજિંદા જીવનમાં પણ પળેપળ સાધના થતી રહે છે, જો તે અંગેની જાગૃતિ ને દૃષ્ટિ ખૂલી હોય તો એ એમનાં પુસ્તકોમાંથી સમજાય છે. એમનું કાવ્યસાહિત્ય ને હાલ એક પછી એક બહાર પડતી ગઝલો આપણને અંતરમાં ઊંડે સ્પર્શે છે, કારણ એ એમનાં હૃદયના ઉદ્‌ગારો છે. પ્રભુચરણે થતા પોકારો છે. એમની જીવનસાધનાનો એ અમૂલ્ય ઇતિહાસ છે. સાધકને એમાંથી માર્ગદર્શન મળતું રહે છે.

આમ, જીવનપથના સાચા ભોમિયા તરીકે પૂજ્ય ગુરુદેવનો જીવનમાં પ્રવેશ થયો છે. પિતાની તીવ્ર વેધક દૃષ્ટિથી એમણે મારા અનેક અવગુણો પ્રતિ મારું લક્ષ દોર્યું છે. ને તે નિવારવાની મથામણ હૈયામાં પ્રગટાવી છે. માતાના વાત્સલ્યભર્યા પ્રેમાળ હૃદયનું અમીપાન કરાવી મને મારા જીવનના આકરા ચઢાણે તાજગી ને જોમ બક્ષ્યાં છે. બંધુ બની પ્રેમમાં રહેલી નિર્મળતાના વિરલ દર્શન કરાવ્યાં છે. સખા બની જીવનના કપરા પ્રસંગોમાં ખુમારીથી ટટાર ને અણનમ ઊભા રહેવાની તાકાત આપી છે.

તેમના આદેશને પ્રમાણિકપણે વળગી રહેવાની ને તેને જીવનના તાણાવાણામાં સાંગોપાંગ વણી લેવાની શક્તિ પ્રભુ મને આપો ને એમની સાથેનું જોડાણ સાર્થક થાઓ એ જ પ્રાર્થના છે.

વડલાની શીળી છાંય અર્પી જીવનનો વિસામો બનનાર હૃદયના ભાવને મૂર્તિમંત કરવાની, વાણીમાં વ્યક્ત કરવાની શક્તિ ને પ્રેરણા દેનાર, કાવ્યસર્જનની કળા બક્ષનાર, દિલની ઊંડી સૂક્ષ્મ સમજણનાં દ્વાર ખોલનાર, ભાવને જીવનનાં વર્તનવ્યવહારમાં સાકાર કરવા માટેની મથામણ જગાડનાર એવા મારા પૂજ્ય ગુરુદેવનાં ચરણયુગલે આજે દિલના અનેકાનેક પ્રણામ હજો. જે કંઈ છે તે બધું તેમનું છે, તેમની પ્રસાદી છે. પ્રભુ મને સદાય ખાલી રાખો. તેમનું તેમને સમર્પણ. તેમની ચેતના મારા સકલ આધારની શુદ્ધિ કરી મને અધિકાધિક નિર્મળતામાં પ્રગટાવી પ્રભુનું યંત્ર બનાવજો એ જ પ્રાર્થના છે.

❋ ❋ ❋

# ગુરુ-શિષ્ય સંબંધ

ભાવથી જે શીખવવામાં આવે છે, ને જેણે શીખવું છે એવા જીવનો, જેના તરફથી શીખવાનું છે એના પરત્વે વિરોધ જરા પણ નહિ હોય, પણ જો પરસ્પર હૃદયનો પ્રેમભાવયુક્ત સુમેળ પ્રકટેલો હશે, જે સદ્‌ભાવ આદર પેલા શીખનાર જીવમાં શીખવનાર પરત્વે જાગેલા હશે, તો તેને જે શીખવાનું છે, તે પેલા જીવને ગળે એકદમ ઊતરી જતું હોય છે. આ હકીકત જેમ સમજાય તેવી છે, અને બુદ્ધિથી કબૂલ થઈ શકે તેવી છે, તેવો જ તે હૃદયનો ભાવસંબંધ ગુરુશિષ્યમાં પરસ્પરમાં પ્રકટેલો હોય તો ઉત્તમ ગણાય. કોઈ પરત્વે જાગેલી સદ્‌ભાવ-આદરયુક્ત ભાવના આપણને ઘણું ઘણું સાંત્વન, ધીરજ, આશ્વાસન, સંતોષ, સુમેળભાવ વગેરે વગેરે પ્રેર્યા કરે છે. ગૂંચ, મુશ્કેલી, અકળામણ, અશાંતિ, ઉપાધિ, જીવનના અનેકવિધ કૉયડાઓમાં કે એવા સંજોગોમાં અથવા તો જીવનના ઘર્ષણના કાળમાં, એવા કોઈ પરત્વે પ્રકટેલી હૂંફ ને ઓથ આપણને જીવનમાં તેવી વેળાએ કોઈ ઑર પ્રકારનાં પ્રેરણાત્મક સહાનુભૂતિ, ધીરજ, શાંતિ આદિ પ્રેર્યા કરે છે, એ તો જાતમાહિતીની હકીકત છે. આવી હકીકત તે અનુભવના પ્રદેશની છે, એમાં જરા પણ કલ્પના નથી. આપણા હૃદયમાં એવા કોઈ પરત્વે જીવતો ચેતનવંતો સદ્‌ભાવ-આદર પ્રકટેલો હોય છે, તેનો સહારો કોઈ અવર્ણનીય હોય છે. એ સહારો જેણે અનુભવ્યો છે, તેને કેટલો બધો જીવનમાં આત્મવિશ્વાસ પ્રકટી જાય છે ! જેને સમર્થની ઓથ મળે તે કેટલો બધો નિરાંતવાળો બની જાય છે ! માટે આપણે જો જીવનવિકાસની સાધના કાજે સદ્‌ગુરુ કર્યા હોય, તો મનાદિકરણોને જ્ઞાનભાવ પ્રકટાવવાના હેતુ અર્થે તેમાં પરોવ્યા કરવાનો જીવતો અભ્યાસ જીવનમાં રાખ્યા કરવાનો છે, તે જાણજો.

('જીવનપોકાર', પૃ. ૧૪૪-૧૪૫) **—મોટા**

* * *

# *મોટા* મારી મા

## શ્રીમતી પૂર્ણિમા પક્વાસા

(પ્રસિદ્ધ સમાજસેવિકા. મુંબઈના મૂળ 'શક્તિદળ' અને હાલના 'ઋતંભરા વિશ્વવિદ્યાપીઠ'ના પ્રણેતા. સ્ત્રીઓની ઉન્નતિ અને વિકાસમાં ઊંડો રસ દાખવી મૂળગામી કાર્યમાં ખૂંપી જનાર શક્તિશાળી બહેન.)

પૂજ્ય મોટાને પ્રથમ વાર મળવાના પ્રસંગને પરમાત્માએ ખાસ મારા માટે મોકલેલો અનુગ્રહ સમજું છું.

દસેક વર્ષ પહેલાંની વાત છે. હું ભારતસ્કાઉટ અને ગાઇડ તરફથી યોજાયેલી નેશનલ કમિશનર્સ કૉન્ફરન્સમાં મહારાષ્ટ્રની સ્ટેટ કમિશનર તરીકે હાજરી આપવા દિલ્હી જવા નીકળી હતી. છેલ્લા બે દિવસ થયા મારું મન કોઈ સંતનાં દર્શન માટે અત્યંત તીવ્રતાથી ઝંખી રહ્યું હતું. આખો વખત એ જ વિચાર આવે કામ કરતાં પણ એ જ વિચાર આવે કે કોઈ સંતનાં દર્શનનો લાભ મળે તો કેવું સારું ! આવી માનસિક સ્થિતિ વચ્ચે સ્ટેશન આવતાં આવતાં પણ મનમાં એ જ વિચારો પ્રબળ વેગે વહેતા હતા કે સ્ટેશન પર કોઈ સંતનું દર્શન લાધે તો કેવું સારું ! અરે, છેવટે રેલગાડીમાં તો મને દર્શન થશે જ એમ લાગ્યું. આ છેલ્લા વિચારે મારા મન પર કબજો જમાવ્યો અને મનમાં કોઈ અજ્ઞાત પ્રતીતિ થવા લાગી કે મને જરૂર દર્શન થશે જ અને મારું વ્યગ્ર મન પ્રસન્ન બની ગયું.

સ્ટેશને પહોંચ્યા અને અમારા માટે રિઝર્વ્ડ થયેલા ડબ્બામાં સામાન મૂકીને હું બહાર આવી. ત્યાં શો ચમત્કાર ! અમારા ડબ્બાની સામે જ ગામઠી પાઘડી અને લુંગીના વેશમાં ઉઘાડે શરીરે ફૂલની માળા ધારણ કરેલી એક વ્યક્તિને મેં જોઈ. મને મનમાં થયું કે આ પવિત્ર વ્યક્તિ આ ગાડીમાં જ પ્રવાસ કરવાની હોય તો કેવું સારું ! અને વળી અમારી જ બોગીમાં હોય તો તો ખૂબ સરસ ! મારું અધીર મન વારંવાર ત્યાં જ નજર ઠેરવી રહ્યું હતું કે ક્યાંક આ વ્યક્તિ પાછી ન ચાલી જાય, પરંતુ પરમાત્માએ મારા આતુર હૃદયની પ્રાર્થના સાંભળી હશે, તેથી ગાડી ઊપડવાના સમયે તે વ્યક્તિએ અમારા ડબ્બામાં પ્રવેશ કર્યો અને અમારા બાજુના જ કમ્પાર્ટમેન્ટમાં સ્થાન લીધું. મારા હર્ષનો પાર ન રહ્યો. હવે આ અજાણી વ્યક્તિને મળવું શી રીતે ? તેઓની સાથે ત્રણ ચાર સજ્જનો પણ હતા. મેં ડબ્બાના એટેન્ડન્ટને બોલાવ્યો અને કહ્યું કે બાજુના કમ્પાર્ટમેન્ટમાં જે સંત બેઠેલા છે તેમને કહી આવ કે અમે બે બહેનો તેમને મળવા માગીએ છીએ. તેમના તરફથી પરવાનગી મળે તેની રાહ જોતાં અમે બેઠાં હતાં, ત્યાં તો તેઓ પોતે જ ઝડપથી આવી પહોંચ્યા. અમે તો આશ્ચર્યથી ઊભા થઈ ગયાં અને સામે જઈને પ્રણામ કરતાં કહ્યું, 'આપે શા માટે તસ્દી લીધી ? અમને જ બોલાવવા હતાંને !' તેઓએ અત્યંત પ્રેમ અને વાત્સલ્યથી કહ્યું, 'મારી મા મને યાદ કરે ને હું ક્ષણનોયે વિલંબ કેમ કરી શકું ?' તેઓ સહજભાવે અમારી પાસે બેસી ગયા. તેમની સહજતા અને સરળતા મને બહુ જ ગમી. તેમની વાણી અને નમ્રતાથી નીતરતા ભાવમાં એક પ્રકારની અજબ આત્મીયતા હતી.

સૌથી પહેલી મારા પર તેમની અસર પડી જે આજે પણ કાયમ છે તે એ કે પૂજ્ય મોટામાં મેં માતૃવાત્સલ્યનાં દર્શન કર્યાં અને માતાનો અનુભવ કર્યો. મને તો તેઓ મારી મા જેવા જ લાગે છે. ગમે ત્યારે તેમને મળવા જાઉં ત્યારે મારા હૃદયને માને મળ્યા જેટલી તૃપ્તિ અને પ્રસન્નતા થાય છે. માનું હેત પામવું હોય તો *મોટા*નું હૃદય તેનો અખૂટ ભંડાર છે એમ કહી શકાય.

પછી તો પૂજ્યશ્રીએ મને ઘણી વાતો પૂછી. શું કામ કરું છું ? ભવિષ્યમાં શું કરવા માગું છું ? જીવનનું ધ્યેય શું ? આદિ. મેં સાધના વિશે થોડી વાતો કરીને શક્તિદળ સંસ્થાની પ્રવૃત્તિઓ વિશે તેમને જણાવ્યું. ભારતીય કન્યાઓ અને મહિલાઓને શારીરિક અને આધ્યાત્મિક તાલીમ આપીને તેમને સ્વસ્થ, સ્વાવલંબી, શિસ્તપ્રિય, બહાદુર અને ચારિત્ર્યશીલ બનાવીને સર્વાંગી વિકાસ પ્રતિ દોરવા અમે પ્રયત્નશીલ છીએ. સ્ત્રીઓમાં સુષુપ્ત પડેલી મહાન શક્તિને જાગૃત કરીને તેમને આદર્શ માતા-ગૃહિણી બનાવવા તરફ પ્રેરવા અમારું લક્ષ્ય છે, વગેરે જણાવ્યું. આ બધું સાંભળીને પૂજ્યશ્રીને બહુ જ આનંદ થયો. તેમણે કહ્યું કે 'માના હાથમાં જ બાળકને યોગ્ય અને ચારિત્ર્યશીલ નાગરિક બનાવવાની ચાવી પડેલી છે. એક મા જો જાગૃત હશે તો તેનાં બાળકોમાં સુયોગ્ય નાગરિક બનવાનાં તમામ લક્ષણો પ્રગટ થશે જ. આ તમારું કાર્ય તો મને બહુ જ ગમે. આવું કાર્ય ગુજરાતમાં શરૂ ન થાય ?' તેમણે પૂછ્યું. મેં કહ્યું, 'જરૂર થાય. જો આપના આશીર્વાદ હોય તો.' તેમણે તરત જ ઉત્સાહપૂર્વક કહ્યું, 'ગુજરાતમાં શક્તિદળની પ્રવૃત્તિ શરૂ કરવા માટે રૂપિયા એક લાખ ભેગા કરવાનો હું સંકલ્પ કરું છું. તમે યોજના બનાવો.' અને લગભગ આઠ નવ મહિનાના ગાળામાં તેઓએ રકમ ભેગી કરી. રાજપીપળામાં શક્તિદળની મુખ્ય કચેરીની સ્થાપના થઈ. એક વગદાર સમિતિની રચના થઈ. તેનાં પ્રમુખ શ્રીમતી ઇંદુમતિ શેઠ છે. અને મહામંત્રી

શ્રી ચીનુભાઈ શાહ છે. શારીરિક તાલીમક્ષેત્ર અને શિક્ષણક્ષેત્રનાં આગેવાન ભાઈબહેનો આ સમિતિના સદસ્યો છે. ગુજરાત મહાજન શક્તિદળ દ્વારા બહેનો માટે પ્રતિવર્ષ તાલીમ શિબિરો યોજાય છે, તેમ જ સાઈકલસ્પર્ધા અને તરણસ્પર્ધા અને સ્પોર્ટસ્પર્ધાઓનાં સફળ આયોજનો થાય છે. ગુજરાતની બહેનોને પૂજ્ય મોટાના પ્રેમપૂર્ણ સંકલ્પને લઈને આવો સરસ લાભ મળે છે.

મારા જીવનમાં આ પ્રસંગની ઘણી ઊંડી અસર અને પરિણામ છે. આ મધુરું સ્મરણ હૃદયમાં સદાય હરિયાળું રહશે.

* * *

## પૂજ્ય શ્રીમોટા : રચનાત્મક કાર્યકર

### શ્રી રતિલાલ સો. ભાવસાર

(ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીને નાતે રાષ્ટ્રીય રંગે રંગાયેલા અને 'ગુલશને બહાર'ના ઉપનામથી ગઝલોના લેખક. કુમારોના તંદુરસ્ત માનસિક વિકાસ માટે ઉપયોગી મનોવૈજ્ઞાનિક-સાહિત્યના વડોદરા નિવાસી સર્જનક. પૂજ્યશ્રીના ઊંડા અનુરાગી.)

પૂજ્ય શ્રીમોટા સંત છે, નવીન સાધના પ્રણાલીના સંશોધક છે, સાહિત્યકાર છે. આધ્યાત્મિક જીવનને લગતાં ગદ્ય અને પદ્યમાં ૪૮ જેટલાં પુસ્તકો એમણે લખ્યાં છે. અને ગાંધી વિચારધારાના પ્રખર કર્મવીર પણ છે. આત્મસૂઝને અજવાળે, સ્વપ્રયત્નથી જ એમણે આવું પરમ સાધ્ય પ્રાપ્ત કર્યું છે એમ કહેવાય. જરા પણ અતિશયોક્તિ વગર કહી શકાય કે એમના ઊર્ધ્વગામી જીવનના 'કૌમારં-યૌવનં-જરા' એવા ત્રણેય તબક્કા મહત્ત્વાકાંક્ષી પુરુષાર્થથી ભરચક ભરેલા છે. અને છેક આજની ઘડી-પળ સુધી અખંડ એકનિષ્ઠપણે એમનો પુરુષાર્થ ચાલુ જ રહ્યો છે !

એમની કર્મભક્તિ વિશે પૂજ્ય શ્રી રવિશંકર મહારાજે કહેલું છે, 'એમણે સતત એકધારા કર્મમાં જીવન ગાળ્યું છે. કામ કરતાં કરતાં પ્રભુપરાયણ રહેવાનું ભક્તિભાવભર્યું ધ્યાન રાખેલું હોવાથી જ્ઞાન એમનામાં ઊગી નીકળેલું છે. એ કર્મ એવી રીતે કરતા આવ્યા છે કે કોઈનેય જણાવા ન દે કે કામ ખૂબ કરે છે. ભમરડો જેમ ખૂબ જોરથી ફરે ત્યારે સ્થિર દેખાય છે તેવું એમને વિશે છે.'

સાચે જ, પૂજ્ય શ્રીમોટાના જીવનતપની જોડ નથી ! પહેલપ્રથમ ક્ષણેક્ષણથી અને કણેકણથી સમયે *મોટા*ને ઘડ્યા છે-અને હવે નવીન ઓજારો વડે *મોટા*એ સમયને ઘડવા માંડ્યો છે એમ કહીએ તો ચાલે! આ કાજે તેઓ લોકજીવનથી અળગા રહ્યા નથી. એમની જીવનદૃષ્ટિ, એમની સાધનાપ્રણાલી અને એમની યોજનાદાન-પદ્ધતિ ત્રણે લોકજીવનને અનુકૂળ રહી છે. જીવન અને સમાજવિકાસ માટે એમણે આપેલું માર્ગદર્શન માત્ર ગુજરાતને જ નહિ, બલકે આખા ભારતને માટે ઉપયોગી છે એમ લાગ્યા વિના રહેતું નથી.

એમનું આધ્યાત્મિક પાસું જોતાં જણાય છે કે અધ્યાત્મવિજ્ઞાનની પ્રયોગશાળા સમાં 'મૌનમંદિર' અને તેની સાધનાશૈલી એ એમની એક અપૂર્વ કહી શકાય એવી મૌલિક અને શીઘ્ર પરિણામકારક શોધ છે.

એમાં, ૨૫ વર્ષની વયના કૅનેડિયન યુવક મિ. રોબિનનો દાખલો જાણવા જેવો છે. ઠેઠ અમેરિકાથી આધ્યાત્મિક રહસ્યની ખોજમાં નીકળેલા આ નવયુવકે સતત 'હરિઃૐ'નો જપ કરતાં સુરત આશ્રમ ખાતે ૯૮ દિવસ અને કુંભકોણમ્ આશ્રમ ખાતે ૩૮૮ દિવસ મૌનએકાંતની સ્મરણભક્તિમાં ગાળ્યા છે.

કેવળ નામસ્મરણના પ્રયોગથી આધ્યાત્મિક અનુભૂતિ પામીને ભારતથી કૅનેડા ગયા પછી પૂજ્ય મોટા ઉપરના એક પત્રમાં મિ. રોબિને લખ્યું છે, 'જીવનને સમજવા માટે અને પ્રભુના અંશ બનવા માટે જે સૌથી વધુ પવિત્ર અને ઝડપી માર્ગો છે એમાંનો એક માર્ગ આ પ્રકારનું મૌનએકાંત છે એવી મારી સ્પષ્ટ માન્યતા છે.' મૌનએકાંતના અનુભવની નોંધપોથીઓમાં સ્વહસ્તે નોંધાયેલી એવી ચેતનાત્મક ઘટનાઓની એક લાંબી હારમાળા જોવા મળે છે.

આજના નવા યુગની નાડ પારખી પૂજ્ય શ્રીમોટાએ ગુજરાતની નવી પેઢીને ગુણ-ભાવની ધોધમાર પ્રેરણાઓ આપી છે. તેઓ કહે છે, 'આજે કાળક્રમે ધર્મનું સ્વરૂપ બદલાયું છે. ત્યાગ અને પરમાર્થ જ્યાં ના હોય ત્યાં ધર્મ સંભવી ના શકે. આજના યુવક-યુવતીઓમાં જીવનને જરૂરી એવા ગુણ-ભાવ પ્રગટે તો જ સમાજ શુદ્ધ અને તેજસ્વી બને, ને ત્યારે જ સાચો ધર્મ પેદા થાય. ઊછરતી પ્રજા સહુ પ્રથમ પરાક્રમી, શૌર્યવાન, ધૈર્યવાન, હિંમતવાન, દેશાભિમાની, સદાચારી, સહનશીલ અને પરોપકારની ભાવનાવાળી થવી જોઈએ. મારે સમાજને બેઠો કરવો છે.'

ગુણ-ભાવના સંવર્ધનની અને લોકકલ્યાણને લગતી એ બધી પ્રવૃત્તિઓ પાછળ પૂજ્ય શ્રીમોટાએ લાખે લેખાં માંડ્યાં છે ! તેઓ પોતાને 'ભગવાનની પ્રેમપેઢીના મુનીમ' ગણાવે છે અને એવી 'મુનીમગીરી'થી આજ સુધીમાં એમણે રૂ. ૫૧ લાખ ઉપરાંતની રકમ એકત્રિત કરી એ દાનપ્રવાહને નવી જ દિશાઓમાં વાળ્યો છે.

આમ, પોતાની અમોઘ શક્તિઓને કેંદ્રિત કરી તેઓ રોજબરોજ ઉત્કર્ષ-અભ્યુદયના નવા નવા વિક્રમો સહજપણે સાધતા જ જાય છે ! જ્ઞાન, ભક્તિ અને કર્મથી રસાયેલી અને સમાજની સમગ્રતાને સ્પર્શતી એમની વિશાળ વ્યાપક યોજનાઓ, અને તે દરેકની સંચાલન પદ્ધતિ જોતાં પૂજ્ય શ્રીમોટા સાચા અર્થમાં, એક સમર્થ રચનાત્મક કાર્યકર સિદ્ધ થાય છે. અધ્યાત્મની ઉચ્ચ ઊર્જસ્વી ભૂમિકાએ રહીને એમણે આત્મરચનાત્મક અને સર્જનાત્મક કાર્યોની નવી ક્ષિતિજો ઉઘાડી છે.

આજે તો એમનું સમગ્ર વ્યક્તિત્વ એમના આ ભગીરથ પુરુષાર્થમાં, એમના આ 'Mission'માં સંપૂર્ણપણે ઓતપ્રોત થયેલું છે. ખરેખર, એમનો આધ્યાત્મિક, શૈક્ષણિક, સાહિત્યિક અને સાંસ્કારિક વારસો ગુજરાતની પ્રજાને ઘણા લાંબાકાળપર્યંત પ્રકાશ, પ્રેરણા અને પ્રોત્સાહન આપતો રહેશે એ ખાતરીબંધ વાત છે !

એમનો અને એમની કલ્યાણકારી યોજનાઓનો લાભ હજુ વધુ ને વધુ મળતો રહે એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના !

* * *

# જેવું જાણ્યું તેવું અનુભવ્યું

## ડૉ. રમણીકલાલ દોશી

(આણંદના આંખના પ્રખ્યાત સેવાભાવી ડૉક્ટર. જાણીતા પરંતુ મૂક સર્વોદયી સમાજસેવક. નેત્રયજ્ઞના પ્રણેતા અને માનવતાના પૂજારી.)

પૂજ્ય મોટાનાં દર્શનથી પ્રભાવિત થવાનું પહેલી વખત સુરત આશ્રમમાં થયું. સત્પુરુષોની જગ્યાની આસપાસ કેટલી શાંતિ, સરળતા અને કેવો દિવ્ય ઉલ્લાસ હોય છે તેનો અનુભવ આ પવિત્ર ભૂમિમાં થયો.

પૂજ્ય મોટા જ્યારે હરિજન આશ્રમમાં હતા ત્યારે તેમના અંગે સાંભળેલું. તેઓ પણ કોઈ કોઈ આંખના દર્દીને મારી પાસે મોકલતા. તે વખતે મળવાની ઈચ્છા થતી પણ મારી મનની અતિ મંદતાને લીધે દર્શનનો લાભ મળતો નહિ.

હું જેમાં સક્રિય ભાગ લેતો તે ગુજરાતમાં ચાલતી નેત્રરાહત પ્રવૃત્તિને પૂજ્ય મોટા અવારનવાર આશીર્વાદ મોકલતા. તેમની નાદુરસ્ત તબિયત અને શરીર ક્ષીણ થતું જતું હોવા છતાં તેઓ જંબુસર નેત્રયજ્ઞમાં ખાસ પધાર્યા હતા. અને દરદીઓને દર્શન આપી આશીર્વાદ આપ્યા હતા. આવા સંતપુરુષના આશીર્વાદથી સમાજનાં કામોને કેટલી સરળતા થાય છે તે મેં જાતે અનુભવ્યું છે. સમાજસેવા, શિક્ષણ, યુવાનમનના વેગને સદ્‌પ્રવૃત્તિ તરફ વાળવું વગેરે કાર્યનું દર્શન તેમના જીવનવ્યવહાર અને પ્રવૃત્તિમાંથી જોવા મળ્યા કરે છે. અને મારા જેવા સામાન્ય કામો કરનારને દીવાદાંડી સમાન રહી માર્ગદર્શન મળે છે. તથા તેમની નજીક આવનાર દરેકને પોષણ અને સિંચન મળે છે. એવાં કાર્યોનો હેતુ કદાચ મારા જેવા સામાન્ય કામ કરનારને સમાજ આગળ મૂકી નાનાં નાનાં કાર્યના ગુણોનો વિકાસ કેમ વધે તે દૃષ્ટિ હશે તેમ લાગે છે. પ્રભુ તેમને દીર્ઘાયુષ્ય આપીને માનવી અને માનવતાનું અંતર સદા ઘટાડે એ જ પ્રાર્થના.

* * *

### અગમ્ય સહાય

રકમ ઓચિંતી આપમેળે ક્યાંકથી આવી પડી ! વળી, તેની સાથે ઉર્દૂનું લખાણ લખેલું હતું. તે શ્રી કુરેશી સાહેબ પાસે વંચાવ્યું હતું. આવા તાજુબીભરેલા બનેલા પ્રસંગથી કોઈકને શંકા અને સંશય પણ પેદા થયાં હતાં. મારી પાસે એવી કોઈ રકમ ન હતી, કે જે હું ટપાલમાં ભરીને મોકલાવી શકું. ઉર્દૂ લખાણ લખેલું તે તો કોઈ એમ માને કે ધારો કે કોઈકની પાસે લખાવ્યું હોય, પરંતુ તે દિવસોમાં હું ક્યાંયે બહાર નીકળતો નહિ, તેની બધાંને સારી પેઠે ખબર છે. ક્યાંય પણ શહેરમાં ગયા વિના અમદાવાદની ભદ્રની સેશન્સ કોર્ટની પોસ્ટ ઑફિસની છાપ તે રકમવાળા પાકીટ પર હતી. મારે અમુક દિવસે જ કરાંચી જવું, તેનું કશું અગાઉથી નક્કી થયેલું પણ ન હતું. એટલે તેવી પ્રેરણા અને તે માટેની રકમ આભમાંથી મારે માટે  પડી. આ બધા પ્રસંગોના સાક્ષીઓ આજે બધાં જીવતા છે.

('જીવનદર્શન', પૃ. ૯૦) **—મોટા**

* * *

# ‘સમાજોદ્ધારક સંત’નું ભવિષ્યકથન

## શ્રી શાંતિલાલ ઠાકર

એમ. એ., બી. ટી. વિદ્યાભાસ્કર

(માધ્યમિક શાળાના નિવૃત્ત આચાર્ય અને જાણીતા કેળવણીકાર. સામયિકોમાં ધાર્મિક, આધ્યાત્મિક અને તત્ત્વજ્ઞાન વિષયક લેખો લખનાર સંસ્કૃતના સારા અભ્યાસી. મૂળ વતન નડિયાદ.)

પૂજ્ય શ્રીમોટા સાથે હું બાવીસેક વર્ષનો હતો ત્યારથી સંપર્કમાં આવ્યો છું. ત્યારે તે ચૂનીભાઈ ભક્ત તરીકે સંબોધાતા હતા. શ્રી ઠક્કરબાપાના ભીલ સેવા મંડળમાં કામ કરતા ભાનુપ્રસાદ પંડ્યા, ભગવતી વગેરે સાથે તે મારી ભૂલા ઠાકરની પોળમાં મારાં ચંચળભાભીને ત્યાં આવતા. નાનપણથી જ પ્રભુનામ-સ્મરણ તેઓ કર્યા કરતા. પૂજ્ય શ્રીમોટાને તે ઉંમરમાં પણ કોઈ અગમ્ય ભોમકામાં વિહરતા હું જોતો. તેમને ત્યાગ સાહજિક વરેલો હતો. દુનિયાની વાતોમાં તેમને કોઈ રસ ન હતો. તેઓ દુનિયામાં રહેતા પણ દુનિયાના ન હતા. છતાં જગતના કલ્યાણ સાથે તેમણે જીવનનો સતત સંપર્ક રાખ્યો છે. મહાત્મા ગાંધીજીની વિચારસરણીની તેમના પર અસર પડેલી. પરિણામે ભારતના સ્વાતંત્ર્ય માટેના દેશપ્રેમથી તેઓ રંગાયેલા. તેથી જ તેઓ ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા હતા. સ્વાતંત્ર્યસંગ્રામમાં પણ તેમને મજા પડતી, કારણ કે તેમાં ત્યાગની અપેક્ષા હતી અને ત્યાગ તેમના સ્વભાવનું જીવતું મૂળતત્ત્વ હતું. આને પરિણામે પાછળથી તેઓ પૂજ્ય મોટા બન્યા ત્યારે પણ દેશકલ્યાણની તથા વિશ્વકલ્યાણની ભાવનાથી રંગાયેલા તે સંત છે. વેદોને સરળ પુસ્તિકાઓ રૂપે પ્રકાશિત કરવી, કન્યાઓના વ્યાયામમાં રસ લઈ દેશની બહેનોનો શરીરનો બાંધો સુદૃઢ બને તે જોવું, વિજ્ઞાનનાં વિવિધ ક્ષેત્રોમાં સંગીન શોધખોળ કરનારને પારિતોષિકો દ્વારા ઉત્તેજન આપી તે બાબતમાં પણ ભારત દુનિયાની હરોળમાં ગર્વોન્નત મસ્તકે ઊભું રહી શકે તેવી યોજના કરવી, ચારિત્ર્યસંગઠન દ્વારા જેણે સારામાં સારું કામ વર્ષ દરમિયાન બજાવ્યું હોય તેની કદર કરી તેને પ્રોત્સાહન મળે તે હેતુથી ઇનામ આપવું, મર્દાનગીનાં કાર્યને કરનાર શ્રેષ્ઠ જવાંમર્દને ઇનામ દ્વારા પ્રોત્સાહિત કરી દેશના બીજા જુવાનો તેનું અનુકરણ કરે તેવી યોજના કરવી-આ અને આવી બીજી અનેક યોજનાઓને નક્કર સ્વરૂપ આપવા માટે પૂજ્ય શ્રીમોટાએ અનેક ટ્રસ્ટ-ફંડો ઊભાં કર્યાં છે. કાલિદાસે રઘુવંશમાં કહ્યું છે તેમ त्यागाय संभृतार्थानाम् । ત્યાગ માટે રઘુવંશી રાજાઓની પેઠે તે ધનનો સ્વીકાર કરે છે.

ઈ. સ. ૧૯૩૦ના અરસાની વાત છે. પૂજ્ય શ્રી પ્રકાશાનંદ ગોદડિયા મહારાજ તે વખતે નડિયાદમાં છાંગેશ્વર મહાદેવની ધર્મશાળાની એક ઓરડીમાં ઊતર્યા હતા. તેમની ભાવિદર્શનની ગૂઢ શક્તિ એવી મહાન હતી કે તેમણે રમતમાં કહેલાં ઘણાં ભાવિકથનો મારે માટે તેમ જ બીજાઓ માટેનાં અક્ષરશઃ સાચાં પડ્યાં છે તે મારા અનુભવની વાત છે. એકવાર રાતે હું તથા શ્રી ચૂનીભાઈ ભક્ત (પૂજ્ય મોટા) તેમના પગ દબાવતા બેઠા હતા. વાત નીકળતાં મેં કહ્યું ‘બાપજી, આપના જેવા સંતોએ જગતના ઉદ્ધાર

માટે કંઈક સક્રિય કામ કરવું જોઈએ. એકલા ધ્યાનધારણા કરી કૈવલ્ય પ્રાપ્તિ કરી લેવી તે તો સ્વાર્થ કહેવાય.' ઝટ દઈને પૂજ્ય શ્રી ગોદડિયા મહારાજે ચૂનીભાઈ ભક્ત તરફ આંગળી ચીંધીને કહ્યું, 'એવો સંત તો આ રહ્યો, મારું એમાં કામ નહિ.' આ ભાવિકથન પણ કેટલું સાચું સાબિત થયું છે તે તો ખુલ્લો ઈતિહાસ છે.

પૂજ્ય શ્રીમોટા ધૂણીવાળા દાદા પૂજ્ય શ્રી કેશવાનંદજી પાસે પણ જતા. ત્યાંની અવધૂતી-સાધના-પ્રણાલીની પણ તેમના પર સારી એવી અસર છે. પૂ. ગોદડિયા મહારાજની પેઠે, તે પણ (પૂજ્ય શ્રીમોટા) જુવાનીમાં ઘણી વાર રાત્રે નડિયાદના સ્મશાનમાં—નાના કામનાથ મહાદેવમાં—જતા તે મેં જોયું છે. ત્યાં ઈષ્ટમંત્રનો, હરિનામનો અખંડ જપ તેઓ કરતા. તેથી જ તેઓ આધ્યાત્મિક સાધનામાં જપનો મહિમા વારંવાર ગાય છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે यज्ञानां जपयज्ञोऽस्मि । (૧૦।૨૫) બધા પ્રકારના યજ્ઞોમાં હું શ્રેષ્ઠ જપયજ્ઞ છું. મનને વશ કરવા માટે શાસ્ત્રમાં જપને-હરિનામસ્મરણને દંડ કહ્યો છે-જપદંડ. તે સિવાય પૂજ્ય શ્રીમોટાની સિદ્ધિમાં અનેક મુસ્લિમ ફકીરો, ઓલિયાઓ, પીરોની પણ અસર વિદ્યમાન છે. આમ, તેમણે ગુરુ દત્તાત્રેયની માફક, અનેક ગુરુઓ પાસેથી બોધબિંદુઓ મધુકરવૃત્તિથી એકઠાં કરી, પોતાની સાધનાને વિશાળ, વિશ્વતોમુખી, સર્વસારગ્રાહી બનાવી છે. આ પ્રકારનો સમન્વય એ સાચી વિવેકશક્તિનું પરિણામ છે. પોતે તો ત્યાગી જ છે. તદ્દન સંયમી, સાદું જીવન જીવે છે. પણ ઉનાળામાં નદી સાગરના જલને લઈ, તેને મીઠું બનાવી, ચોમાસામાં વૃષ્ટિ કરતાં વાદળની પેઠે, તે સમાજના કલ્યાણ માટે, આધ્યાત્મિક ઉત્થાન માટે શ્રીમંતો પાસેથી ધન લઈ અનેક જનકલ્યાણની સરવાણીઓ વહેવરાવે છે. હરિઃૐ આશ્રમમાં, તેમણે એકાંત ઓરડામાં સાધકને જે આત્મનિરીક્ષણની, આત્મ-સાધનાની, સંસ્કારોને પ્રગટ થવા દઈ નિર્મૂલ કરવાની, હરિનામસ્મરણની ધૂનની યોજના કરી છે, તે માનસશાસ્ત્રીય અને આવકારપાત્ર યોજના છે.

આ રામનવમીના તેમના સાક્ષાત્કારદિનના શુભ પ્રસંગે આટલી મધુ સ્મરણિકા તેમનાં ચરણમાં અર્પણ કરી હું કૃતકૃત્યતા અનુભવું છું.

* * *

## રાહબરીની હાજરી

સદ્ગુરુના હૃદયના ભાવને જ્યારે સાધક જીવ પ્રેમભક્તિ વડે હૃદયમાં હૃદયથી પકડતો બની શકે છે, તે વેળાથી સાધકના જીવનનો વિકાસ ઘણો ઝડપી બની જતો હોય છે. સમર્થ દોરનાર મળી ગયો છે, એવો જ્ઞાનાત્મક ને નિર્ણયાત્મક અનુભવ જ્યારે જીવને થાય છે ત્યારે જ સાચી નિષ્ઠા એના હૃદયમાં જીવતીજાગતી પ્રકટ્યા કરી, એને કદી પણ પોતે એકલો છે એવું મનાવા દેતી નથી. પોતાના જીવનના પ્રાણપ્યારા રાહબરની હાજરી તે સદાય અનુભવતો જ રહે છે, ને એનાથી કરી તે પોતાનું કામ સાધ્યે જ જતો હોય છે.

('જીવનપોકાર', પૃ. ૨૭) **—મોટા**

* * *

# ततः किं ततः किं ततः किं ततः किम् ।

## શ્રી મુકુલ કલાર્થી

(ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક. નવજીવન પ્રકાશિત, ખાસ કરીને કુમાર અને કન્યાઓના ચારિત્ર્યઘડતર કરે એવાં સાહિત્યને સમાજ સમક્ષ મૂકવાનો પ્રયત્ન કરનાર સંનિષ્ઠ શિક્ષક. સ્વરાજ આશ્રમ બારડોલીમાં આવેલી માધ્યમિક કક્ષાની કન્યાઓની શાળાના સંચાલક.)

એકવાર એક ભક્તે શ્રીરામકૃષ્ણ પરમહંસને પૂછ્યું : 'ગુરુદેવ, શિષ્યના જીવનમાં ગુરુનું મહત્ત્વ શું છે ? ગુરુથી શિષ્યને શો લાભ થાય ?'

શ્રીરામકૃષ્ણે સામો પ્રશ્ન પૂછ્યો, 'વત્સ, પેલી સામે નૌકા દેખાય છે, એને અહીંથી કલકત્તા પહોંચતાં કેટલા કલાક થાય ?'

શિષ્યે જવાબ આપ્યો, 'કદાચ ચાર કે પાંચ કલાક લાગે.'

પરમહંસે પૂછ્યું, 'હવે જો, પેલી બાજુની જે આગબોટ દેખાય છે, એની સાથે એ હોડીને બાંધી દેવામાં આવે, તો કેટલા વખતમાં એ હોડી કલકત્તા પહોંચી જાય ?'

શિષ્યે કહ્યું, 'ગુરુદેવ, અડધા કલાકમાં જ.'

'વત્સ, ગુરુનું પણ આવું જ મહત્ત્વ છે. શિષ્યને જીવનમાં જે પ્રગતિ સાધવા માટે વર્ષોનાં વર્ષો સુધી કઠોર સાધના કરવી પડે છે, તે ગુરુકૃપાથી સહજ અને બહુ ઓછા સમયમાં સાધ્ય થઈ શકે છે.'

પરમ પૂજ્ય ગુરુદેવ 'મોટા'નું સ્મરણ કરતાં આ પ્રસંગ યાદ આવી જાય છે અને મનમાં અહોભાવ જાગી ઊઠે છે કે, પરમ કૃપાળુ પરમાત્માની કેટલી મહદ કૃપા કે આપણને પૂજ્યશ્રી મોટા જેવા સમર્થ ગુરુનો સમાગમ પ્રાપ્ત કરવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું છે, પરંતુ એ સાથે જ શ્રીમદ્ શંકરાચાર્યના ગુરુ-અષ્ટકમાંના શ્લોકો ચિત્તમાં ગુંજી ઊઠે છે, જાણે શ્રીમદ્ શંકરાચાર્યજી બુલંદ અવાજે કહી રહ્યા છે :

शरीरं सुरूपं तथा वा कलत्रं
यशश्चारु चित्रं धनं मेरुतुल्यम् ।
मनश्चेन्न लग्नम् गुरोरंध्रिपद्मे
ततः किं ततः किं ततः किं ततः किम् ।

—શરીર સુંદર હોય, પત્ની પણ રૂપવતી હોય, યશ પણ વિવિધ ક્ષેત્રમાં સારો મળ્યો હોય, ધન મેરુ પર્વત જેટલું **પ્રાપ્ત થયું હોય**, પરંતુ જો ગુરુનાં ચરણકમળમાં મન લાગ્યું ન હોય, તો પછી (આ બધી **પ્રાપ્તિઓનો**) શો અર્થ ? .... (કશો જ નહિ !)

कलत्रं धनं पुत्रपौत्रादि सर्वं
गृहं बांधवाः सर्वमेतद्धि जातम् ।

गुरोरंध्रिपद्मे मनश्चेन्न लग्नम्
ततः किं ततः किं ततः किं ततः किम् ।

—પત્ની, ધન, પુત્ર-પૌત્રાદિ, ઘરબાર, સગાંવહાલાં એ બધું **પ્રાપ્ત થયું હોય**, પરંતુ જો ગુરુનાં ચરણકમળમાં મન લાગ્યું ન હોય, તો પછી (આ બધી **પ્રાપ્તિઓ**નો) શો અર્થ ? .... (કશો જ નહિ !)

षडङ्गादिवेदो मुखे शास्त्रविद्या
कवित्वादि गद्यं सुपद्यं करोति ।
गुरोरंध्रिपद्मे मनश्चेन्न लग्नम्
ततः किं ततः किं ततः किं ततः किम् ।

—ચાર વેદ અને વેદનાં અંગ ગણાતાં છ શાસ્ત્રો મોઢે **આવડતાં હોય**, સારી કવિતા રચતાં **આવડતી હોય** અને ગદ્યમાં સરસ લખતાં **આવડતું હોય**, પરંતુ જો ગુરુનાં ચરણકમળમાં મન લાગ્યું ન હોય, તો પછી (આ બધી **સિદ્ધિઓનો**) શો અર્થ ? .... (કશો જ નહિ !)

विदेशेषु मान्यः स्वदेशेषु धन्यः
सदाचारवृत्तेषु भक्तो न चान्यः ।
गुरोरंध्रिपद्मे मनश्चेन्न लग्नम्
ततः किं ततः किं ततः किं ततः किम् ।

– પરદેશમાં સારી **પ્રતિષ્ઠા** મળે, સ્વદેશમાં સારી **નામના** મળી હોય, અને **સદાચારી** તરીકે આગળ પડતું સ્થાન મળ્યું હોય, પરંતુ જો ગુરુનાં ચરણકમળમાં મન લાગ્યું ન હોય, તો (આ બધી **પ્રતિષ્ઠા** મેળવ્યાનો) શો અર્થ ? .... (કશો જ નહિ !)

यशो मे गतं दिक्षु दानप्रतापात्
जगद्वस्तु सर्वं करे मत्प्रसादात् ।
गुरोरंध्रिपद्मे मनश्चेन्न लग्नम्
ततः किं ततः किं ततः किं ततः किम् ।

—દાનેશ્વરી હોવાને કારણે ચારે દિશામાં **કીર્તિ** ફેલાયેલી હોય, દુનિયાની બધી **સમૃદ્ધિ** હાથમાં હોય, પરંતુ જો ગુરુનાં ચરણકમળમાં મન લાગ્યું ન હોય તો પછી (આ બધી **પ્રાપ્તિઓ**નો) શો અર્થ ? .... (કશો જ નહિ !)

આ અમૃત-વાણી આપણને ઘણું ઘણું કહી જાય છે. સદ્‌ગુરુશ્રી પરમ પૂજ્ય મોટા માટે આવો જાગ્રત ભક્તિભાવ આપણા અંતરમાં સર્વદા રહે એ જ પ્રાર્થના.

तव चरणं मम हृदये ।
मम हृदयं तव चरणे ॥

* * *

# પૂજ્ય ચૂનીભાઈ સાથેનો સત્સંગ


## શ્રીમતી કુરંગી દેસાઈ

પી.એચડી.


(સાક્ષરવર્ય નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાનાં દોહિત્રી. બનારસમાં પૂજ્યશ્રી જે બે બહેનોની દેખભાળ લેવા વાલીની જગાએ રહેલા તેમાંનાં એક બહેન. બનારસમાં પૂજ્યશ્રીના ખિસ્સામાંથી ચોરાયેલાં 'ઘરેણાંવાળા પ્રસંગના સાક્ષી.)

વિદ્યાર્થીજીવન દરમિયાન મને અમુક વ્યક્તિઓના સત્સંગનો લાભ મળ્યો હતો. તે વ્યક્તિઓમાંના એક મુ. પૂજ્ય ચૂનીભાઈ હતા. તેમની સાથેના મારા સંબંધને હું મારું મોટું સદ્ભાગ્ય સમજું છું.

મારા પિતાશ્રીના કુટુંબ સાથે મુ. ચૂનીભાઈનો ઘણાં વર્ષોનો સંબંધ. તેમની જ પાસે સાંભળેલું કે અત્યંત મુશ્કેલ પરિસ્થિતિમાં તેમનો ભણવાનો ઉત્સાહ વધારવામાં તેમ જ એ ભણતર માટેની વ્યાવહારિક મદદ આપીને તેમનો આત્મવિશ્વાસ વધારવામાં મારા પિતાશ્રીનાં કુટુંબીઓનો સારો એવો ફાળો હતો. મારા પિતાનો પોતાનો પણ તેમની સાથેનો મીઠો સંબંધ મને તેમનો પરિચય થયો, તે પહેલાંનાં કેટલાંક વર્ષોથી હતો.

મને તેમનો પ્રત્યક્ષ પરિચય થયો ઈ. સ. ૧૯૩૭ની આસપાસ. પહેલાં વડોદરા-અમદાવાદમાં અને પછી કરાંચીમાં. એ તેમનો સાધનાકાળ હતો. હું તો સાધનામાં બહુ સમજું નહિ. આજે પણ સમજતી નથી, પણ કરાંચીમાં મુ. ચૂનીભાઈ રહેતા ત્યારે મારા પિતાશ્રી સાથે તેમને વાતો અને ચર્ચા થતી, તેથી એવી છાપ મન ઉપર પડેલી કે ચૂનીભાઈ કંઈક સાધના કરે છે.

મારે માટે તો તે દિવસોમાં તેઓ વત્સલ વડીલબંધુ હતા. (આજે પણ તેમનો વિચાર હું વડીલ બંધુ તરીકે જ કરું છું. તેમના તરફથી એક જાતની હૂંફ મને મળતી. મારા પિતા તરફથી મળવી મુશ્કેલ પડે તેવી વ્યાવહારિક સમજણ પણ મને તેઓ આપતા. મારા પિતાનો સ્વભાવ લાગણીપ્રધાન. અમે મા વિનાનાં બાળકો, જરા પણ તકલીફ વેઠીએ તે તેમને ગમે નહિ. હંમેશાં તકલીફમાંથી બચાવ્યા કરવાનો જ યત્ન કરતા હોય. તેવે વખતે ચૂનીભાઈએ, તેમને સમજાવીને, અમને જીવનની મુશ્કેલીઓ માટે તૈયાર કરવાની દૃષ્ટિએ, મુશ્કેલીમાં ઝંપલાવવાની હિંમત કેળવવામાં મદદ કરી. તેમનો એ અભિગમ મને જીવનમાં ખૂબ ઉપયોગી નીવડ્યો છે. તેમની મદદ મને ના મળી હોત તો મારું જીવન પ્રત્યેનું વલણ વધુ પડતું સુખાળવું રહી ગયું હોત.

એ તેમનો સાધનાકાળ હોવાથી તેમની સિદ્ધિઓના આવિષ્કારના અમુક પ્રસંગોના સાક્ષી બનવાનું પણ મારે આવ્યું હતું. તેમાંના એક-બે પ્રસંગો સાથે તો હું સીધી રીતે સંકળાયેલી પણ હતી. તે પ્રસંગોમાંના કેટલાકનો તેમના પત્રસંગ્રહોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે, પરંતુ મારા જીવન ઉપર જેની ઊંડી અસર પડી તે એ ચમત્કારિક પ્રસંગોની નહિ, પણ મેં જે સદ્ગુણો ચૂનીભાઈમાં જોયા તેની અને અલબત્ત, તેમના તરફથી જે મને વાત્સલ્ય મળ્યું તેની.

ચૂનીભાઈના ગાઢ પરિચય દરમિયાન તેમના સદ્‌ગુણોનું સાચું મહત્ત્વ મને સમજાતું હતું કે નહિ તે આજે ખ્યાલ નથી આવતો. આજે તો ચોક્કસ લાગે છે કે તેમના કેટલાય સદ્‌ગુણોનો અનુભવ મારે માટે જીવનપાથેય સમો બની રહ્યો છે.

તેમનો પહેલો સદ્‌ગુણ મારા ધ્યાનમાં આવેલો તે ખંત. એક વાત તેમણે મન પર લીધી તે કર્યે જ જંપે. એ કરવામાં મુશ્કેલી આવે, વાર લાગે, આસપાસનાં લોકો તરફથી મશ્કરીના કે નિરાશાના સૂર સંભળાય પણ કશાથી તેઓ ડગે નહિ. એટલું ચોક્કસ કે તેઓ પૂરો વિચાર કર્યા વિના કોઈ બાબત માટે દૃઢ નિશ્ચય કરે જ નહિ. તેમને લાગે કે અમુક કામ પોતાના કે પોતાનાં સ્વજનોના વિકાસ માટે ઉપયોગી અને જરૂરી છે તો જ તેની પાછળ મંડ્યા રહેવાનું નક્કી કરે, એટલે કે તેમનો આગ્રહ વિવેકપૂર્ણ હોય એમાં શંકા નહિ.

તેમનો બીજો સદ્‌ગુણ તે જવાબદારીનું ભાન. મારે અને મારી બહેનને કૉલેજની પરીક્ષાઓ આપવા બનારસ જવું પડતું. ત્યાં કોની સાથે રહેવું તે વિશે મારા પિતાને શરૂઆતમાં ચિંતા રહેતી. એકવાર ચૂનીભાઈ આગળ તેમણે એ ચિંતા વ્યક્ત કરી ને ચૂનીભાઈએ કહ્યું, ‘એ કામ તમે મને સોંપી દો. હું સંભાળી લઈશ.’ બસ, થઈ રહ્યું. ત્યાર પછી જેટલી વાર અમારે પરીક્ષા આપવા જવાનું હોય તેટલી વાર ચૂનીભાઈ હજાર કામ મૂકીને અમારી સાથે આવવા તૈયાર થઈ જાય.

તેમની વત્સલતાનો અનુભવ પણ એ પરીક્ષાઓની તૈયારી દરમિયાન થતો રહ્યો. મારા અભ્યાસમાં પણ તેમની મદદ મળતી. સવારમાં વહેલા ઊઠવામાં મદદ કરે. પોતે ગમે તે વિષય વાંચી લઈને તે સમજાવવામાં મદદ કરે. મને વાંચતાં કંટાળો આવે ત્યારે સાથે સાથે વાંચવા લાગે. વાંચતાં વાંચતાં વાતોએ ચઢી જવાય તો ટકોર કરીને ફરીથી લાઇન પર લાવે. મારો વખત બચાવવા નોંધોની, પ્રશ્નપત્રોની, ઉતારાઓની નકલો કરી આપે. આમ શિક્ષક, મોટા ભાઈ, મા વગેરે અનેક વ્યક્તિઓ ભેગી થઈને વિદ્યાર્થીને જે મદદ કરી શકે તે મને તેમના એકલાની પાસેથી મળતી !

ચૂનીભાઈનો ત્રીજો સદ્‌ગુણ તે સ્વમાન. પ્રેમનાં બંધનમાં બંધાઈને કોઈની ગમે તેટલી સેવા કરવા તૈયાર, પણ એ પ્રેમસંબંધમાં સામા માણસમાં અધિકારભરી અપેક્ષાનો ભાવ તેમની નજરે પડે, કે ઘડીના છઠ્ઠા ભાગમાં તેમનું કામ કરવાની ના પાડીને ઊભા રહે. સ્વેચ્છાથી સેવક થાય પણ કોઈના અધિકારનું બંધન ન સ્વીકારે. જોકે ના પાડે તો ખૂબ સૌજન્યથી કે જેથી સામા માણસને ખોટું ના લાગે. છતાં પેલા ભાઈ ખોટું લગાડે તો પછી તે પ્રત્યે પૂરી ઉપેક્ષા સેવે. તેમની બીજી ખૂબી એ કે એ જ અહંકારી વ્યક્તિ સાથેનો બીજો સંબંધ પહેલાં જેવા જ સ્નેહથી ચાલુ રહે ને ખાતરી રાખે કે પોતે એ વ્યક્તિનો અધિકાર ન સ્વીકારવા છતાં સ્નેહથી તેને જીતશે જ. આવું બનતું મેં જોયું પણ છે.

આ ઉપરાંત, એક ચોથી બાબત હું તેમની પાસેથી શીખી તે જીવનમાં અગત્યનું શું ને બિનઅગત્યનું શું તે વિશેનું તુલનાત્મક મૂલ્યાંકન. અમનચમન કરવું, પૈસાથી મળતી સુખસગવડનો લાભ લેવો, સામાજિક પરિસ્થિતિ પ્રમાણે વ્યવહારમાં વર્તન રાખવું, એ કશાનો તેઓ વિરોધ ન કરે. માત્ર સાથે સાથે પોતાના જીવનની વાતોથી બીજાનાં દૃષ્ટાંતોથી એવી જુદી જુદી રીતે મારા મન ઉપર એવી છાપ પાડતા જાય કે સુખ, સગવડ, ઉપભોગ અને સમાજવ્યવહાર એ બધાં કરતાં વિશેષ ઉપયોગી-અને ઊંડાણથી વિચારતાં

વિશેષ આનંદદાયી-એવી બીજી બાબતોને પણ જીવનમાં સ્થાન હોવું જોઈએ. તે રીતે તેમણે વ્યવહારનું ગૌણપણું, સંયમ, દાન, અનાસક્તિ, સહિષ્ણુતા, સમાજના નીચલા થર પ્રત્યેનું ઋણ, એવી એવી બાબતો વિશે વિચાર કરવા મને પ્રેરી. આમેય મારા પિતા સત્સંગના શોખીન. તેમણે મને નાનપણથી આસપાસના સમાજમાંથી જ સત્સંગ કરવા લાયક વ્યક્તિઓને શોધીને તેમનો લાભ લેતાં શીખવેલું, પરંતુ પિતાએ રોપેલાં એ બીજને ફૂલવા ફાલવાની તક મળી તે ઘણે અંશે ચૂનીભાઈના સત્સંગને લીધે.

સંસ્કૃતના એક સુભાષિતકારે પૂછ્યું છે : सत्संगतिः कथय किं न करोति पुंसाम् (સત્સંગ શું ન શીખવે જનોને ? કહોને !) આ સવાલનો જવાબ હું એમ આપું કેઃ 'સત્સંગ ઉન્નતિ પથે મુજને ચઢાવે.'

* * *

## ભીડભંજન ભગવાન

એક દિવસ સાંજે અમે બધાં નદીકિનારે એક સાધુ-મહારાજનાં દર્શને જતાં હતાં. તે વેળા મારી સાથે હસમુખભાઈ, અમદાવાદવાળા નાનુભાઈ ભટ્ટ તથા બીજા પણ કોઈક હતા. (જેનો ખ્યાલ અત્યારે પ્રગટતો નથી). નદીના કિનારાની અને સ્થળની લગભગ નજીક આવી પહોંચતાં એક ઠેકાણે ફાટેલાંતૂટેલાં લૂગડાંની વાળેલી પોટલી જેવું મારી નજરે ચડ્યું, ને તે હાથમાં લઈને ખોલતાં તેમાંથી એક સોનાની કંઠી નીકળી. તેની સાથે પણ તામિલમાં લખાણ હતું. તે લખાણમાં પણ 'તારા પોતાના ઉપયોગ માટે આ છે,' એમ હતું. તે કંઠી શ્રી હસમુખભાઈએ બજારમાં વેચીને તેની રકમ મને આપી, અને પ્રભુકૃપાથી તેનાથી મારી ભીડ ભાંગી.

એક વખતે કરાંચીથી સાબરમતી આશ્રમમાં પાછો આવ્યો અને જુલાઈ, ઑગસ્ટ અને સપ્ટેંબરનો અડધોએક માસ ત્યાં (સાબરમતીમાં) રહેવાનું બન્યું હતું. પાછું મારે કરાંચી જવાનું હતું. ક્યારે જવું તે નક્કી થયેલું ન હતું, પરંતુ ઓચિંતું એક દિવસે ટપાલીએ આવીને મારા હાથમાં રજિસ્ટર્ડ પાકીટ મૂક્યું, તો તેમાંથી રૂપિયા (૬૦) સાઠની નોટો નીકળી અને ઉર્દૂ લિપિમાં જે લખ્યું હતું તે તમે જ શ્રી કુરેશી સાહેબ પાસે જઈને વંચાવી આવ્યા હતા. લખાણમાં એમ હતું કે 'તારે તારા જન્મદિવસે જ કરાંચી જવું ને તે પણ ઊડીને જ જવું એવો હુકમ છે.' ચાર સીટનું એક નાનકડું વિમાન ત્યારે જતું. તેમાં ટિકિટ મળવી બહુ મુશ્કેલ હતી. શરૂ શરૂમાં તો ટિકિટ નહિ મળી શકે એવું જ લાગ્યું. બે-ત્રણ વાર તપાસ કરતાં ટિકિટ તો મળી અને તે દિવસે 'હવાઈ જહાજ'માં બેસીને 'પૈદાઈશ કે દિન' મુસાફરી કરી.

('જીવનદર્શન', પૃ. ૮૮-૮૯) **—મોટા**

* * *

# મુ. ચૂનીભાઈનાં સંસ્મરણો

## શ્રી વિભાકર મહેતા

(ભાઈ વિભાકર એ શ્રી ઘનુભાઈના સુપુત્ર. શ્રી ઘનુભાઈ આજન્મ શિક્ષક. પૂજ્ય મોટા બાલ્યકાળમાં એમના હાથ નીચે ભણ્યા હતા. એમના ઘરે જ મોટે ભાગે રહેતા. શ્રી ઘનુભાઈની ઉંમર હાલ વર્ષ ૮૬ વટાવી ગઈ છે. એમણે કહેલી વાતો ઉપરથી અને કંઈક પોતાના સ્મૃતિપ્રસંગો પરથી શ્રી વિભાકર મહેતાએ આ લેખ તૈયાર કર્યો છે.)

મારા પિતાજી શ્રી ઘનુભાઈ મહેતાની ઉંમર ૮૬ વર્ષની છે. વાંચવા માટે બિલોરી કાચ વાપરવો

પડે. અને શ્રવણશક્તિ પણ ખૂબ જ મંદ. પૂજ્ય શ્રીમોટા વિશે કંઈક લખવાની વાત કરી એટલે કહે, ‘આજે આશારામ હયાત હોત તો તે કંઈ લખત ખરા ? અને કોઈ લખવા કહેત તો તે એક જ વાક્યમાં જવાબ આપી દેત, ‘ચૂનિયો મારો-લાલ-દીકરો છે. એના જન્મથી જ હું એના સંપર્કમાં છું. પછી પરમાત્માએ એને મોટો ‘શ્રીમોટા’ કર્યો છે.’

પિતાજીએ વાત લંબાવતા કહ્યું, ‘પરંતુ મારો જવાબ જુદો છે.’ વાસુદેવ શ્રીકૃષ્ણને એક દિવસના હતા ત્યારે નંદને ઘેર મૂકી ગયા હતા. જ્યારે મારો ચૂનિયો સાત આઠ વર્ષની ઉંમરે મને મળ્યો. મારા ચૂનિયાના પાવન પગલે મારું ખોરડું પાવન થયું છે, એનું મને ગૌરવ છે.’

‘મારો ચૂનિયો...મારો ચૂનિયો...મારું હૃદય દ્રવી ઊઠે છે.’

મેં પિતાજીને પૂછ્યું, ‘પરંતુ ચૂનિયાના વિકાસમાં તમે કંઈ ફાળો તો આપ્યો હશેને ?’

તેમણે ઉત્તર આપ્યો, ‘ચૂનિયાના જીવનમાં એને મળેલ અનુભવો, થયેલા ફેરફારો એ કશામાં હું મારો હિસ્સો જોતો નથી. શ્રીકૃષ્ણે જે કંઈ જીવન વિતાવ્યું તેમાં નંદ ફક્ત દ્રષ્ટા જ હતા. તેમ ચૂનિયાના આખાયે જીવનનો હું એક દ્રષ્ટા જ રહ્યો છું.’

‘તમે ચૂનિયા પર ખાસ કંઈ વિશેષ ધ્યાન આપેલું જ નહિ ?’ મેં પૂછ્યું.

‘આ જમાનામાં જ આવો પ્રશ્ન ઊઠે. આજે કોઈ પણ વ્યક્તિ અન્ય પરાયાં છોકરાને પોતાને ઘેર રાખીને ભણાવે એવું ભાગ્યે જ સાંભળવા મળે, પરંતુ ઈ. સ. ૧૯૦૦ના પહેલા દસકામાં આ બનતું તે સ્વાભાવિક ગણાતું. ચૂનિયો એટલો બધો આપ્તજન હતો કે એને વિશે મારા બીજા કુટુંબીજન કરતાં વધુ ધ્યાન આપેલું નહિ.’

આવા વાર્તાલાપોમાંથી જે કંઈ પૂજ્ય મોટાના અમારી સાથેના સંબંધોની ઝાંખી થયેલી તે મધુર સ્મરણો તરીકે આલેખાયેલી રહેશે.

હું ત્યારે નાનો. ચૂનીભાઈ મને બહારથી આવીને ઊંચકી લે. ઊંચકી ઊંચકીને દડાની માફક પથ્થરના ચોકમાં ઉછાળે. સામાન્ય રીતે તો માબાપનો જીવ આવા પ્રસંગે તાળવે ચોંટી જાય અને ના જ પાડે પણ મારા વડીલોને તો તેમાં ચૂનીભાઈની આત્મીયતા અને આત્મશ્રદ્ધાનો રણકો જણાતો.

ઘરમાં ન હોય તો ચૂનિયાને ક્યાં શોધવો ? ભૂતનો વાસ પીપળે. ચૂનિયાને કાલોલ ગામની નદી ગોમા તટે મહાદેવના મંદિરમાં જ શોધવાનો. જ્યારે જોઈએ ત્યારે ત્યાં ભજન ગણગણતો હોય કે પલાંઠી વાળી અર્ધ બેભાન અવસ્થામાં આંખમાં પાણી સાથે પણ મળી આવે. ચૂનિયાની આવી હાલતથી પિતા આશારામને એક બાજુ ચિંતા થાય ત્યારે બીજી બાજુ પ્રભુની પ્રસાદી મળ્યાનો તેમને બધાને અવ્યક્ત આનંદ પણ થાય. મુ. ચૂનીભાઈ મૅટ્રિક પાસ થયા. કૉલેજના ભણતર માટે મારા પિતાજીએ તેમનાં માસી અને દીવાન બહાદુર મણિભાઈ જશભાઈનાં પુત્રવધૂ સ્વ. ગં. સ્વ. પ્રભાલક્ષ્મીબહેનને ભાળવેલા. આમ, પ્રભાલક્ષ્મીબહેન પૂજ્ય મોટાનાં ‘બા’ બન્યાં. આથી પણ મારા પિતાશ્રીનું તો માનવું છે કે કૉલેજના ભણતરમાં પણ તે ચૂનિયાનું કશું કરી શક્યા નહિ. માત્ર દ્રષ્ટા રહ્યા.

ગાંધીજીની હાકલને માન આપી દેશસેવામાં જોડાયા પછી ચૂનીભાઈ પોતાની પ્રવૃત્તિઓમાંથી વખત કાઢી ઘરે આવતા. ચૂનીભાઈનાં ઘરમાં જન્મદાતા પૂજ્ય સૂરજબાનું ઘર, સ્વ. ગં. સ્વ. પ્રભાલક્ષ્મીબા

રહેતાં તે ઘર, અમારું ઘર અને કરાંચીમાં મારા કાકા શ્રી પરસદભાઈ રહેતા તે ઘરનો સમાવેશ થાય છે. કરાંચીમાં આઠથી દસ મહિના હું પણ એમની સાથે રહેલો એ ખૂબ જ યાદ રહી ગયું છે. એ સમયના કેટલાક પ્રસંગો પણ નોંધપાત્ર છે.

પરસદભાઈને અમે બધા 'બાપુ' કહેતા. તેમના સઘળા પૈસા પૂજ્ય મોટા પાસે જ હોય. એટલે તે તો 'બાપુના છે' એમ કહી તેમાંથી એક પાઈ પણ ખર્ચે નહિ. ઘણી વખત કોઈ સારાં કાર્યમાં પૈસા આપીને મદદ કરવા જેવું પૂજ્ય મોટાને લાગે અને એમની પાસે તો પૈસા હોય નહિ. છતાં બાપુના પૈસામાંથી તો વાપરે જ નહિ. એમની ઉત્કટ ઇચ્છા મદદ કરવાની હોય તે પણ એટલું જ સાચું. તેવે પ્રસંગે ક્લિફ્ટનની રેતી પરથી કે સડક પરથી તેમને પાંચ કે દસ રૂપિયાની નોટો મળી આવતી તેનો હું સાક્ષી છું.

કરાંચીનો મારો છેલ્લો અનુભવ તો ભૂલ્યો ભુલાય એમ નથી.

કોઈ કામ અંગે ચૂનીભાઈને અમદાવાદ જવાનું થયું. હું, બાપુ, બાપુની બે દીકરીઓ અને ચૂનીભાઈ કાર્યક્રમ અંગે વાતો કરતાં બેઠાં હતાં. તે દિવસોમાં જ ચૂનીભાઈનો જન્મદિવસ આવતો હતો. અમદાવાદથી પાછા આવવાના હોવાથી જન્મદિવસે ચૂનીભાઈ અમારી સાથે હોય એમ અમે બધાં ઇચ્છતાં હતાં. એટલે અમે આગ્રહ કરવા લાગ્યા. મેં કહ્યું, 'ચૂનીભાઈ તમે આવી જજોને યાર ! તમારો જન્મદિવસ હોય અને તમે જ ઘરે ના હો તે કેવું ?' 'અલ્યા મૂરખ !' ચૂનીભાઈએ સંભળાવી દીધું. 'એ દિવસ સુધી તો મારું કામ ચાલશે. પછી એક પણ ટ્રેન અમદાવાદથી એવી રીતે ઊપડતી નથી કે હું જન્મદિવસ પહેલાં આવી શકું.' મને મારો આનંદ લૂંટાઈ ગયો લાગ્યો. એટલે કહી દીધું, 'ચૂનીભાઈ, ગાડીમાં નહિ તો ઍરોપ્લેનમાં તો આવી શકાય. એટલો સમય તો જરૂર મળશે.'

વાત ત્યાં પૂરી થઈ. અમે બધાં એમને સ્ટેશને વળાવવા ગયાં. આવજો ! કરતાં કરતાં મેં કહી દીધું, 'ચૂનીભાઈ પ્લેનમાં આવી જ જજો યાર !' તેઓ વહાલભર્યું હસીને વિદાય થયા.

એમના જન્મદિવસનું પ્રભાત થયું. પણ ચૂનીભાઈ તે દિવસે તો નહોતા, પરંતુ દિવસના ભાગમાં ટેલિફોનની ઘંટડી રણકી ઊઠી. રિસીવર ઊપડ્યું. ચૂનીભાઈ સામે છેડે-ઍરોડ્રોમ પરથી વાત કરતા હતા. ગાડી મંગાવી એ ઘેર આવ્યા. અમારો ઉત્સાહ માતો નહોતો, પરંતુ ચૂનીભાઈ પ્લૅનમાં કેવી રીતે આવ્યા ? એમણે વિગતે સમજાવ્યું ત્યારે જ ખબર પડી.

તેઓ ટ્રેનમાં જે દિવસે અમદાવાદથી નીકળવાના હતા, તે દિવસે તેમને એક ઉર્દૂ લિપિમાં લખેલો મનીઑર્ડર મળ્યો. તેમાં જે રકમ મોકલવામાં આવી હતી, તે રકમ ટ્રેનનાં ભાડામાં ઉમેરે તો પ્લેનની ટિકિટ મળે એટલી જ હતી. તેમાં તે પ્રમાણેની સૂચના પણ હતી.

આવી નાની મોટી ઘણી વાતો બની છે. પણ તેની નોંધ રખાઈ નથી, અમને બધાંને ચૂનીભાઈ સાથે નિકટ જીવન જીવવાનો ઈશ્વરે જે સુયોગ આપ્યો, તે માટે ઈશ્વરનો પાડ માનવો રહ્યો. આવા શ્રીમોટાને કોટિ કોટિ વંદન.

* * *

# પતિત પાવની ગંગા

ઈ. સ. ૧૯૪૨ની સાલમાં બધા જ કાર્યકર્તાઓ જેલમાં હોવાથી હરિજન સેવક સંઘને નાણાંભીડ ભોગવવી પડી. પૂજ્યશ્રીએ મુંબઈમાં પૈસા ઉઘરાવવાનું નક્કી કર્યું. એક દિવસે સ્ટેશને ઉતાવળા એક ડબ્બામાં ચડી બેઠા. સામે જ ટિકિટચેકર. તેણે પૂછ્યું, 'તમારી પાસે ફર્સ્ટ ક્લાસની ટિકિટ છે ?' **મોટા**એ કહ્યું, 'હું ઉતાવળમાં બેસી ગયો છું.' ટિકિટચેકર ઊતરતાં ઊતરતાં ઈશારા સાથે કાનમાં કહે, જોજો ! સંભાળજો, અંદર વેશ્યાઓ છે.' **મોટા**એ તો ડબ્બામાં બેસી પોતાની નોંધો, લેખન વગેરે કરવા માંડ્યું. પેલી બહેનોને આ કોઈ જુદી જ માટીનો પુરુષ લાગ્યો હશે. જ્યારે ખબર પડી કે હરિજનોનાં બાળકો માટે પૈસા ઉઘરાવે છે, એટલે પૂછ્યું, 'અમારા પૈસા લો કે નહિ ?' પૂજ્યશ્રીએ કહ્યું, 'જરૂર લઉં.' તરત બીજો પ્રશ્ન આવ્યો, 'અમારે ઘરે આવીને લો ખરા ?' **મોટા** કહે, 'જરૂર આવું.' નિશ્ચિત તારીખે **મોટા** તો જઈ પહોંચ્યા. ગણિકાબહેનોએ પૂજ્ય મોટાને આદરપૂર્વક સત્કાર્યા 'અમારા ઘરની ચા પીશો ખરા ?' એવું પૂછ્યું. **મોટા**એ કહ્યું, 'જરૂર પીશ. પણ તમારાં વાસણો ખૂબ જ સ્વચ્છ કરીને ચા મૂકજો.' પૂજ્ય મોટાએ ચા પીધી. ગણિકાબહેનોએ આપેલી આશરે રૂ. ૨૭૭૫/- જેટલી રકમ હરિજન આશ્રમના ચોપડે ગણિકાબહેનોના નામે જમા થયેલી છે. પૂજ્યશ્રી ઘણી વાર કહે છે, 'લક્ષ્મીને દોષ નથી. દોષ તો મનની જે રીતે ઘટમાળ ચાલે છે અને અનીતિથી લક્ષ્મી પેદા કરવામાં આવે છે તેમાં છે.'

(પ્રસંગ આલેખક : **શ્રી ઈંદુકુમાર દેસાઈ**)

# પૂજ્ય મોટાને કોઈ સમજી શક્યું છે ?

## શ્રી સી. વી. બારાઈ

(પૂજ્યશ્રીનાં ત્રીસ વર્ષના જૂના સંબંધી એવા મદ્રાસમાં વસવાટ કરતા ગુજરાતીભાષી વેપારી.)

આવતી રામનવમીએ *મોટા*નો સાક્ષાત્કારદિન ગુજરાતના પાટનગરમાં ઊજવાય છે. એ પ્રસંગે એક સોવેનિયર-સ્મરણસંહિતા-પ્રગટ કરવાના છે. તેમાં ઘણા લખનારાને આમંત્રણ મળ્યાં છે. હું વણનોતર્યો દોડું છું. પંગતમાં પાતલ નાખશે કે ભૂખ્યો પાછો ફરીશ તે કહી શકાય તેમ નથી. ભરતી અને ઓટમાં સપડાયેલાં ભાંગેલાં વહાણ જેવી દશા હોય, તેને આવા પ્રસંગોમાં સ્થાન હોતું નથી એવું હાલનો પલટાયેલો યુગ કહે છે. તેનો અફસોસ કરનાર મૂર્ખ કહેવાય.

સને ૧૯૪૨થી પૂજ્ય મોટા તે વખતના હરિજન સેવક શ્રી ચૂનીલાલ ભગતને નામે ઓળખાતા. પૂ. ઠક્કરબાપાની છાયા નીચે હરિજનોની સેવા અને સાથોસાથ સાધના કરતા હતા. તે વખતનું ચૂનીલાલનું ભ્રમણ અને કર્તવ્ય જુદી દિશામાં હતું. શ્રી નંદુભાઈની બાએ એમને મોટા પુત્ર તરીકે અપનાવ્યા અને 'મોટા'નું સંબોધન શરૂ કર્યું ત્યારથી તેઓ 'મોટા' થયા. પછી તો વ્યવહાર અને પ્રચારથી તેમ જ કાર્યદિશા બદલવાથી અત્યારે બહુ- મોટા-મહાન થયા છે.

આ લખનારને પૂજ્ય મોટાના સહવાસમાં ઈ. સ. ૧૯૪૨થી આવવાનું થયું છે. એમની સાથે ઘણો ઘણો વાર્તાલાપ, પત્રવ્યવહાર વગેરે થયો છે. પૂજ્ય મોટાના કહેવાતા ભક્તો, પ્રચારકો, અનુયાયીઓ

એમનામાંથી (પૂજ્ય મોટામાંથી) કાંઈ ને કાંઈ આશા રાખતા હતા અને હજી રાખે છે. કોઈને પુત્ર, કોઈને પત્ની, કોઈને પૈસા, કોઈને આબરૂ, કોઈને સરકારી નોકરી તો કોઈને હોદ્દો કે માનઅકરામની ઇચ્છા હોય છે. ભણેલા કે અભણ, વિદ્વાન કે નિરક્ષર સૌ એવી જ ભાવના કે ઉત્કંઠાથી સાષ્ટાંગ પ્રણામ કરતા હોય છે. મીઠી મધ જેવી કે વિચિત્ર વાણીમાં એમનું સન્માન કરતા હોય છે. એ બધું *મોટા*ની સમજ બહાર રહ્યું હોય એમ આ લખનાર માનતો નથી. વેપારીઓ કે વાણોતરો પણ તૃષ્ણા-પ્રણામથી દૂર રહ્યા નથી. કંઈક મેળવવાની આશાથી કોઈ મુક્ત રહ્યો નથી. પૂજ્ય મોટાએ પણ પોતાની પદ્ધતિ બદલી પૈસા વગર પધરામણી કરવાનું બંધ કર્યું. પૈસો આવે તે શુભ અને શુદ્ધ કાર્યોમાં વાપરતા ગયા. લાખો આવ્યા, અપાયા, ટ્રસ્ટ થયાં, હજીયે એ વિધિ ચાલુ છે. આવે છે અને આપે છે. એ પ્રવાહ કુદરતની ઇચ્છા હશે ત્યાં સુધી ચાલશે, પણ એક મહત્ત્વનો મુદ્દો વીસરાઈ જાય છે. પૂજ્ય મોટામાં તે યુગમાં અપાર ભક્તિ અને શક્તિ ભરેલી હતી. એમના બોલનું મહત્ત્વ હતું. એ કહેતા તે સત્ય ઠરતું. આજની તો મને ખબર નથી. હવે તો *મોટા* મહાન સાગરમાં ઝૂલે છે, પણ આટલાં વર્ષોમાં પૂજય મોટાને સમજનારા એમની સાધનાશક્તિને પિછાણનારા અને એમાંથી તપ કરીને પ્રાપ્તિ કરનારા કોણ નીકળ્યા? તે પૂજ્ય મોટા સિવાય બીજું કોણ સમજે ? ઘણા અંતેવાસીઓ છે. એક, બે, ત્રણ, ચાર, પાંચ નંબરના ભક્તો પણ છે. કાર્યમંત્રી, પ્રચારમંત્રી, સેવકોનાં ટોળાં ને ટોળાં છે. ધનલોભી, માનલોભી અને નિઃસ્પૃહી જિજ્ઞાસુઓ પણ છે. એમના નિંદકો પણ છે, પણ પૂજ્ય મોટાની પ્રભુક્તિને કે સાધનાશક્તિને અંશમાત્ર પણ સમજવાનો પ્રયત્ન કોણે કર્યો છે ? તે પૂજ્ય મોટા જ કહી શકે. માન અને કીર્તિના લોભી તો અસંખ્ય પડ્યા છે, પણ મૂંગી સેવા કરીને એક ખૂણામાં નિઃસ્વાર્થ ભાવે બેસનાર એકલવ્ય જેવો કોઈ ભક્ત છે કે નહિ તે પણ *મોટા* જાણતા જ હશે. ધન કમાવા માટે વેપારની રુખ પૂછનારા તો ઘણા હશે પણ ભક્તિભાવે ભિખારી થઈને ચૂપ બેસી રહેલા પણ હશે જ. તે *મોટા*થી અણજાણ હશે નહિ. પૂજ્ય *મોટા*નો ફોટો રાખીને પૂજનારા તો પાર વગરના છે, પણ માત્ર એમનું મૂગું સ્મરણ કરીને સંતોષ માનનારા પણ કોઈક તો હશે જ ને ? ધનવાનોને આવો, પધારો, બિરાજો કહેનારા આમંત્રણ આપનારા અંતેવાસીઓ કંગાલ તરફ નજર ન કરે તે સ્વાભાવિક છે, પણ એવા કંગાલોમાં પણ કોઈકમાં સાચી ભક્તિ હશે, એવું પૂજ્ય મોટા જરૂર જરૂર જાણતા હશે. કોઈ દુઃખી વેદનાપૂર્ણ જીવ *મોટા*નું સ્મરણ કરતો હશે. તે કદાચ એમના મહાન સેવકોને ખબર ન હોય પણ આર્ષદૃષ્ટિવાળા *મોટા*થી અજાણ્યું ન હોય. એટલે આવા એક મહાન સંતનો સાક્ષાત્કારદિન ઊજવાય છે, તે વખતે એ સાક્ષાત્કારના વારિધિમાંથી આવા લખનારને એક બિંદુ મળે તોપણ ધનભાગ્ય માનીને આ પ્રસંગે પ્રણામ-પ્રણામ-પ્રણામ કરે છે.

❋ ❋ ❋

## સાધકનું લક્ષણ

સદ્‌ગુરુએ આમ કેમ કર્યું અને તેમ કેમ કર્યું એવા પ્રશ્નમાં ઊતરવા કરતાં આપણા પોતાના શ્રેયને અર્થે આપણા તરફથી તેને પોતાનું તેવું નિમિત્ત સાંપડેલું હોવાથી તે તેમ વર્તતો હોય એમ માનવામાં ને લક્ષમાં રાખવામાં બન્નેને ન્યાય થાય છે અને આપણું શ્રેય થાય છે. છોડની આસપાસનાં ઝાંખરાં કે એવું બીજું જે ઊગેલું હોય તેને નીંદવું પડે છે. વળી, કોઈ મોટું ઝાડ ઉછેરવાનું હોય તો એક મધ્યની ઊભી થડ જેવી ડાળી સિવાયની બીજી બધી ડાળીઓ કાપી નાખવામાં આવે છે કે જેથી મૂળમાંથી મળતો રસ બીજાં ડાળાંપાંદડાંના પોષણ માટે ન જતાં મુખ્ય થડને જ તે પોષ્યા કરે ને તે મજબૂત અને દૃઢ થાય. એટલે પછી આગળ જતાં ભલેને એમાંથી બીજી ડાળીઓ ફૂટે. એવી રીતે આપણામાં સુષુપ્ત રીતે પડી રહેલા અનેક પ્રકારના નકારાત્મક સંસ્કારો, સ્વભાવનાં વલણો, મનાદિકરણની ટેવો, જે 'અજ્ઞાત મન' કે 'અર્ધજાગ્રત મન'માં ખૂંપાઈને ભરાઈને પડેલું બધું હોય છે તે બધાંને તો ઊંઘમાંથી જગાડીને નિર્દયપણે (જોકે એ જ ખરી દયા છે, દાક્તરના નસ્તરની જેમ) જડમૂળથી લય પમાડવાના અને ઊર્ધ્વગામી કરવાના છે. કોઈ સાધકમાં એવી સગડગની વૃત્તિ હોય તો તેને વારંવાર જગાડીને તેનો તો લય કર્યે જ છૂટકો છે. તેમ કરવા જતાં સામેથી તે સાધકનો પૂરેપૂરો હૃદયપૂર્વકનો સહકાર જો ન મળી શકે, તો તે કર્મ અધૂરું પણ રહે છે. પ્રાણની નીચલા થરની વૃત્તિઓને જાણી જોઈને તો ઉશ્કેરવાની ન હોય, પરંતુ જ્યાં સુધી આપણે જીવદશાવાળાં છીએ, ત્યાં સુધી પ્રાણની નીચલા થરની વૃત્તિઓ વ્યક્ત તો થયા કરવાની. તે તે વેળા આપણને પોતાને સાધના માટેની ઉત્કટતા, તત્પરતા ને ધગશ કેટલી છે તેની સમજણ પડી જવાની છે. **—મોટા**

* * *

## *મોટા*નો વૃક્ષપ્રેમ

### શ્રી રતિલાલ મહેતા

એફ. સી. એ.

(મુંબઈના વેસ્ટર્ન ઈંડિયા હાઉસમાં આવેલી મહેતા ઍન્ડ કંપનીના સંચાલક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ. અવારનવાર પૂજ્યશ્રીના અંગે વર્તમાનપત્રો અને સામયિકોમાં લખનાર લેખક. મુંબઈ સમાચાર પત્રમાં લાંબા સમય સુધી 'વીણેલાં મોતી' નામે પૂજ્યશ્રીના પ્રસંગોના આલેખક અને પૂજ્યશ્રીના આશક.)

પૂજ્ય શ્રીમોટાનો વૃક્ષપ્રેમ કેવો છે તે તેમના આશ્રમોની મુલાકાત લેનારને તરત જ સમજાઈ જશે. જાણે ધરતીમાનું ઋણ અદા કરવાનું હોય એમ તેમણે અનેક સ્થળે જાતે મહેનત કરીને વિવિધ વૃક્ષો વાવ્યાં છે, ઉછેર્યાં છે ને સુસ્થિતિમાં રાખ્યાં છે.

જુવાનીમાં જ્યારે તેઓશ્રી નડિયાદ ખાતે અને હરિજન સેવક સંઘના સેવક તરીકે જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં તેમણે વૃક્ષો ઉછેર્યાં છે. સાબરમતી આશ્રમમાં ઈ. સ. ૧૯૩૮માં તેમણે એક પીપળો વાવેલો-ઉછેરેલો. તે પીપળો હજુ પણ રસ્તા પર ઊભેલો છે ને કપાઈ જવા દીધો નથી. જ્યારે શ્રીમોટા સંઘમાંથી વિદાય થયા ત્યારે તેને પાણી પાવાનું કાર્ય શ્રી નંદુભાઈએ પ્રેમથી સ્વીકારેલું.

આશ્રમમાંનાં વૃક્ષોને તેઓ બનતા સુધી કાપવા દેતા નથી. ખાસ મુશ્કેલી પડતી ના હોય તો તે સહી લેવી એવો તેમનો હુકમ છે. સુરત આશ્રમ આંબા, પપૈયાં, ફણસ, જાંબુ, ગુલાબ, મોગરાનાં ઝાડથી કેવો ઝૂમી રહેલો દેખાય છે ! ભાવનાના પ્રતીક સમું કબીરવડનું વૃક્ષ ગુજરાતમાં જાણીતું છે. કબીર સાહેબ

આપણા રાજ્યમાં પધારેલા ત્યારે એ વડ વાવેલો, એવી ઐતિહાસિક હકીકત છે. ધીમે ધીમે કબીરવડ જીર્ણ થતો ગયો. પૂજ્ય શ્રીમોટાના ધ્યાનમાં એ વાત આવી. એટલે એનો પુનરુદ્ધાર કરવા માટે તેમણે ભરૂચ જિલ્લા પંચાયતને રૂ.૨૫૦૦ની રકમ સોંપી છે ને બીજી રૂ. ૫૦૦૦ની રકમ ગુજરાત રાજ્ય સરકાર તરફથી તે જ કાર્ય માટે અપાવી. આથી, કબીરવડનું સ્થાન પર્યટન માટે વધુ આકર્ષક બન્યું છે. વૃક્ષારોપણના વિશિષ્ટ કાર્ય માટે પણ ખેડા જિલ્લા પંચાયતને સહાય આપેલી.

નડિયાદ આશ્રમની શોભા તેના વિસ્તૃત વડ અને આંબાના ઝાડને લીધે છે. તેનો ઉદ્ધાર તેમણે કર્યો છે. પહેલાં ત્યાં ઝાડ નહોતાં થતાં. કુંભકોણમ્ આશ્રમની શોભા પણ ૫૫-૬૦ આંબાનાં અને અન્ય વૃક્ષોને લીધે ઑર આકર્ષક છે.

નડિયાદ આશ્રમમાં વડની વડવાઈઓને ભૂંગળામાં મૂકી તેમાં માટી નાખી ઉછેરવાનો વિશિષ્ટ પ્રયોગ એમણે કરેલો જે અન્ય જનો અને સંસ્થાઓને અનુકરણીય લાગેલો. કઠવાડાથી કણભા ગામ જતાં વચ્ચે રસ્તાઓ પર વડવાઈઓને એવી રીતે ઉછેરવાનું પી.ડબલ્યુ.ડી. એ શરૂ કરાવેલું છે. એ આનો પુરાવો છે.

તેઓશ્રી સાધનાકાળમાં ગાઢ એકાંત જંગલમાં સાધના અર્થે એકાદ માસ આસન વાળીને બેસી જતા. પૂજ્યશ્રીનું કહેવું છે કે, 'કુદરતની સાથે પ્રેમભક્તિભર્યો સહવાસ થવાથી આપણામાં નિર્મળતા, નિર્દોષપણું અને એક એવા પ્રકારની દૃષ્ટિ ઊગે છે કે બીજા કશાશી કેળવાઈ શકાતી નથી. કુદરત સાથેની તાદાત્મ્યતા, એની સાથેનો પ્રેમભર્યો સહકાર, સહવાસ ને એનામાં જ સતત રહેવાથી આપણા જીવનમાં જે વિકાસ થાય છે, એની અનુભવીને જ સમજણ પડે.'

* * *

## કર્મનું બંધન ક્યારે નહિ ?

એક પરમ, દિવ્ય, ગૂઢ ચેતન-એવી અવસ્થાને કઈ રીતે નિર્દેશ કરવી ! અનુભવીઓએ એને સચ્ચિદાનંદ રૂપે વર્ણવેલી છે. સત્+ચિત્+આનંદ, સત્=હોવાપણું, ચિત્=Consciousness ચેતના, આનંદ-આનંદ. જેમ જે છે, તેમ તે નામ યોગ અનુભવથી પડેલું છે, એનો આવિર્ભાવ જ્યાં ત્યાં થયા કરેલો છે જ. એના આવિર્ભાવથી પર ને તેની અંદર પ્રગટી રહેલ ચેતનનાં બે સ્વરૂપોનાં તત્ત્વને સમજવાં જરૂરનાં છે. તે છે પુરુષ ને પ્રકૃતિ. આ બે તત્ત્વને જુદાં જુદાં નામ પણ આપે છે. એને વળી કોઈ કોઈ તો આત્મા ને માયા પણ કહે છે. તો વળી કોઈ ઈશ્વર ને શક્તિસ્વરૂપ કહે છે.

આ બધું ગમે તેમ હો, પરંતુ પુરુષ ને પ્રકૃતિ એવી બે સ્થિતિઓ-બે કક્ષા-આપણે કાજે હોઈ શકે છે, એવો સંભવ પણ છે, ને તે શક્ય છે. એવું જો આપણને આ માર્ગનું કંઈક દિશાસૂચન થયેલું હોય તો તે સમજમાં ઊતરી શકે તેવું છે. જીવપણાની આપણી કક્ષામાં પ્રકૃતિ અજ્ઞાનમય છે, તે તો જાણીતું છે. પુરુષ સુષુપ્ત દશામાં છે. પુરુષ ને પ્રકૃતિ એ બન્ને તત્ત્વનું સભાનપણે આપણે પોતે ઐક્ય અનુભવી શકતાં હોઈએ છીએ.

જ્યારે પુરુષ તત્ત્વ પ્રકૃતિનાં તત્ત્વો પર સ્વામિત્વ મેળવી લે છે ત્યારે જ તે ચેતનાના સમગ્રત્વનો અનુભવ લેવાને શક્તિમાન થઈ શકે છે. આવી દશામાં પુરુષ પોતે પ્રકૃતિનો ઉપર જણાવ્યું છે તેમ ભર્તા, ભોક્તા, જાણનાર, સંપૂર્ણ સ્વામિત્વ ને પ્રભુત્વ પ્રકૃતિ પર જેનું પ્રગટેલું છે એવો બની શકેલો હોય છે, એટલું જ નહિ પણ તે પોતે સાક્ષીપણે તટસ્થ, મન, પ્રાણ અને શરીરથી જુદો થઈ શકે છે, એટલું જ નહિ બલકે પોતે છૂટો રહીને કે થઈને પ્રકૃતિને પોતાનાથી જુદી જોઈ શકે છે. આવી દશામાં પ્રકૃતિથી થતાં કર્મ એને બંધનરૂપ હોતાં નથી. **– મોટા**

* * *

# જીવનદર્શક મોટા

## શ્રી છોટુભાઈ ગિ. ભટ્ટ

બી. એ. બી. ટી.

(વડોદરાની માધ્યમિક શાળાના આચાર્ય અને ગુજરાતના યુવાનોના શારીરિક ઘડતરમાં ઊંડો રસ ધરાવનાર કેળવણીકાર. એ જ વિષયના સામયિક 'વ્યાયામ'ના તંત્રી.)

આ વિજ્ઞાનયુગમાં, વિજ્ઞાનથી પર એવી આધ્યાત્મિકતાનો અનુભવ કરાવનાર પૂજ્ય મોટા એક મહાન સંત છે. તેમના સમાગમમાં આવવું એ મુમુક્ષુ માટે પરમ અવસર-પ્રાપ્તિની એક ધન્ય ક્ષણ બની રહે છે. માણસ ઉચ્ચ જીવન માટે સંશોધનનો માર્ગ ગ્રહણ કરે છે ત્યારે સ્થૂળમાંથી સૂક્ષ્મમાં અને સૂક્ષ્મમાંથી વિશ્વના આત્મા સાથે અને ત્યાંથી પરાત્પર સાથે તાદાત્મ્ય અનુભવવાનો એક સરળ માર્ગ તેને સ્પષ્ટ થાય છે.

પૂજ્ય મોટા શ્રીઅરવિંદની જેમ જીવનનો સ્વીકાર કરે છે. આ જગત પ્રભુની અનંત લીલા છે. તેને આનંદમય, સુખમય બનાવવા આધ્યાત્મિકતાને જીવનમાં ઉતારવાની જરૂર છે. જગતના વ્યવહારમાં સુખ, શાંતિ, દિવ્યતા લાવવા માટે જગતના બધા વ્યવહારો અને માનવવ્યાપારો આધ્યાત્મિક મૂલ્યો, સમભાવના-માનવતાના આદર ઉપર બંધાવા જોઈએ. ભોગ કરતાં ત્યાગમાં વધારે આનંદ આવે, પ્રભુને માટે જીવવું, જે પરિસ્થિતિમાં રહેવાનું થાય તેમાં રહી સતત તેનું સ્મરણ કરી તેની હાજરી અનુભવવામાં દિવ્ય આનંદ આવે છે. સદાયે પરમ સત્યનું અનુશીલન કરવામાં જીવનસિદ્ધિ છે. એ અનુભવ નાનોસૂનો નથી. પૂજ્ય મોટામાં આવું આત્મતેજ છે. પૂજ્ય મોટાનું જીવન એક દીવાદાંડી જેવું છે. જીવનનાવને વાવાઝોડાં વચ્ચેથી ખડકોને પાર કરી યોગ્ય સિદ્ધિએ પહોંચાડવા એક પરમ માર્ગદર્શક છે. दैवायत्तं कुले जन्म मदायत्तं तु पौरुषम् । (કુળમાં જન્મ થવો દૈવાધીન છે, પૌરુષ-પરાક્રમ મારા પર આધાર રાખે છે.) ગુજરાતની સત્પ્રવૃત્તિઓ અને અસ્મિતાના તે ગુણાનુરાગી બની તેના દ્યોતક, ગોપક અને પોષક બન્યા છે. પછી તે આધ્યાત્મિક પ્રવૃત્તિના, હરિઃૐ આશ્રમમાં હોય કે સાહસવીર પુરાણી પારિતોષિક, મહાજન શક્તિદળ, જ્ઞાનગંગોત્રી, ખેતીવાડી વિજ્ઞાન સંશોધન, સમુદ્રતરણ, વિજ્ઞાનની શોધખોળ, અરવિંદ તત્ત્વજ્ઞાન, લાંબી દોડ હોય, જ્યાં ગુજરાતનું ખમીર વધે તેવી પ્રવૃત્તિના તે પ્રાણ બની શક્યા છે. પ્રભુએ તેમને ગુરુદેવ દ્વારા પ્રેરણા આપી અને તેમના શિવસંકલ્પ સિદ્ધ થયા.

સ્થૂળ કરતાં સૂક્ષ્મમાં તેમનું દર્શન વિશાળ છે. થોડા વખત ઉપર મને તેમણે કહ્યું, 'હાડમાંસને ચૂંથશો નહિ. તેનાં ગુણગાન વધારે પડતાં ગાયા કરશો નહિ. પણ તેમાં રહેલા પ્રાણ, મન અને આત્માથી જગતને જે દેણગી મળી હોય તેના ગુણાનુરાગી થાઓ. તેમાં ખરી પ્રેમભક્તિ છે. તેમાં આદર્શની પાછળ જવાની સાચી અભીપ્સા છે. ઉત્તમ વિચારો તે સારું છે. તે પ્રમાણે જીવન વિતાવો તે વધારે સારું છે, પણ ગુરુના આદર્શને મૂર્તિમંત કરવો તે શ્રેષ્ઠ છે.'

આધ્યાત્મિકતાના રસાયણથી તેમનો અનેક રીતે રોગગ્રસ્ત દેહ ટકી શક્યો છે. તે દેહ બીજાનું દુઃખ લઈ શકે છે. અપાર વેદનામાં પણ બ્રહ્માનંદ ભોગવતા દેહની સમીપ જતાં બ્રહ્મતેજનાં અનંત કિરણો અંધકારને અજવાળીને સન્માર્ગ બતાવે છે. તેમનાં ચરણમાં મસ્તક મૂકતાં એક શિરછત્રતીર્થનો આશ્રય

મળી રહે છે, દુઃખ દૂર થાય છે, ચિંતા મટે છે અને ઊર્ધ્વ મહત્ત્વાકાંક્ષા અને પ્રકાશ-સત્યનો માર્ગ મોકળો થાય છે. ધનનો સદુપયોગ કરવાને સન્મતિ મળે છે. યજ્ઞમય જીવન બને છે.

શ્રીમોટાએ પોતાના જીવનમંથનમાંથી ધબકાર પામતાં લાગણી અને આવેગોને સાહિત્યમાં શબ્દ રચના-ગદ્ય અને પદ્યમાં વિવિધરૂપે મૂર્તિમંત કરી છે. તેમાં જીવન માટે ઊર્ધ્વકાંક્ષી અને અનુભૂતિનો પ્રધાનસૂર છે. એટલે એ સાહિત્ય શ્રેયાર્થીને માર્ગદર્શક બને છે. સાથે સાથે ચિરંજીવ બની રહેશે. ઊર્ધ્વ જીવનની ઝંખના મનુષ્યમાં હશે, ત્યાં સુધી આ સાહિત્ય અનંત પ્રેરણા જ આપશે. આપણું સદ્ભાગ્ય છે કે પૂજ્ય મોટાના સમકાલીન આપણે બધાં છીએ. તેમાંથી શ્રદ્ધા અને પ્રેરણા મળે એટલું બસ નથી પણ તેમની ઉત્કટ તપશ્ચર્યાથી જે સાધના એમણે આપણા સૌ માટે સરળ બનાવી છે, ગુરુમાર્ગ મોકળો અને સરળ બનાવ્યો છે, તેની કૃપાકરુણા લઈ આપણે અનુસરીએ તો વચ્ચે આવતી મુશ્કેલીઓ પૂજ્ય મોટાની અપાર કરુણાથી દૂર થઈ જાય છે. શ્રદ્ધાનું આપણું ભાથું સતત રાખીએ તો તે જ માર્ગે સફળ યાત્રા થશે. પૂજ્ય શ્રીમોટા અને શ્રીઅરવિંદ બન્ને આપણને સાધનામાર્ગમાં ત્રણ જ સરખાં પગથિયાં સૂચવે છે. અભીપ્સા, પરિવર્જન અને સમર્પણ.

નીરવ મનમાં ઉચ્ચ અભીપ્સા રાખી માર્ગમાં આવતા અવરોધોને ત્યજી દઈ જીવન પ્રભુને સમર્પણ કરવાથી પરમ પુરુષાર્થ પ્રગટ બને છે. સાધના પ્રગતિ કરે છે. તેટલા પ્રમાણમાં પ્રભુની અનંત કરુણા નીચે અવતરણ કરે છે. એટલે સાધના સુકર-સુગમ બને છે. નરમાંથી નારાયણ થવાની ગુરુચાવી હાથ આવે છે. આવો સરળ માર્ગ પૂજ્ય મોટાએ જીવનમાં જીવી જાણ્યો છે. એટલે તેમની આશિષ આપણને ધ્યાનમાર્ગમાં આનંદવિભોર બનાવે છે. આથી, એમનું જીવન ધન્ય બન્યું છે. આપણું જીવન ધન્ય બનાવવા તે સતત ચિંતનશીલ કાર્યપ્રવૃત્ત રહે છે. ભક્ત નરસિંહ મહેતાએ ગાયું છે કે :

ભરતખંડ ભૂતળમાં જન્મી જેણે ગોવિંદના ગુણ ગાયા રે,
ધન ધન રે તેનાં માતપિતાને, સફળ કરી તેણે કાયા રે.

એવા પરમ ભક્તને અમારા અંતરનાં અનેક વંદન હો.

* * *

## વાચં અર્થોનુધાવતિ

### શ્રી ચીનુભાઈ પુ. શાહ

(શ્રી છોટુભાઈ પુરાણી વ્યાયામ વિદ્યાલય-રાજપીપળાના આચાર્ય. ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળના મંત્રી અને આજીવન કાર્યકર. મહાજન શક્તિદળના પણ મંત્રી.)

સંતોની વાણીને અર્થ અનુસરે છે અને તેમનો સંકલ્પ ભગવાનનું કાર્ય બની રહે છે. પૂજ્ય શ્રીમોટા વિરલ સંત છે. અને તેઓશ્રીનો સંકલ્પ છે કે, 'મારે સમાજને બેઠો કરવો છે.' એટલે સમાજમાં અત્યારે જે દંભ, દર્પ, અભિમાન, ક્રોધ, લોભ, મોહ વગેરે આસુરી સંપત્તિનું પ્રાબલ્ય વધી ગયું છે. તેને દૂર કરી તેની જગાએ અભય, સત્ત્વસંશુદ્ધિ, જ્ઞાન, સત્ય, અહિંસા, અક્રોધ, દાન, દયા, ધૃતિ, સ્વાધ્યાય, તપ વગેરે દૈવી સંપત્તિના ગુણોનું પ્રસ્થાપન કરવું, એનું નામ જ 'સમાજને બેઠો કરવો.' પૂજ્ય શ્રીમોટાના આ સંકલ્પ પાછળ ખરેખર ભગવાનની પ્રેરણા છે અને જીવનના દરેક ક્ષેત્રે સમાજને બેઠો કરવા માટે

જે કલ્યાણકારી અનેક યોજનાઓ તેમણે હાથ ધરી છે, તેમાંથી તેની પ્રતીતિ મળી રહે છે. પૂજ્યશ્રીએ ઉપાડેલું આ કાર્ય અરવિંદ આશ્રમ પોંડિચેરીમાં મહર્ષિ અરવિંદ અને માતાજીના કાર્ય(કર્મધારા)ને મળતું આવે છે. વિશ્વમાં દૈવી સત્તાના અવતરણ માટે માનવીનું ઊર્ધ્વીકરણ આવશ્યક છે. સમાજને બેઠો કરવાનો પૂજ્યશ્રીનો સંકલ્પ દૈવી સત્તાના અવતરણ માટે જ કાર્ય કરી રહ્યો છે તે નિર્વિવાદ છે.

ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ અને પુરાણીબંધુઓ પ્રત્યે પૂજ્ય શ્રીમોટાને સવિશેષ મમતા છે. અને મંડળના કાર્યકરો પૂજ્ય શ્રીમોટાને શ્રદ્ધેય આપ્તજન માને છે. તેઓશ્રીએ ઈ. સ. ૧૯૬૧માં ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળને મંત્ર આપ્યો, 'ભક્તિ શૂરવીરની સાચી...ભક્તિનો અધિકાર શૂરવીરને જ છે. ગુજરાતના યુવક-યુવતીઓ અભય કેળવી બહાદુર બને તથા જીવન પ્રત્યે દૃષ્ટિ અને નિષ્ઠા કેળવે તે વર્તમાન સમાજ અને રાષ્ટ્રના ઉત્થાન માટે અત્યંત અગત્યની બાબત છે.' પછી તો ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળે તેઓશ્રીની પ્રેરણા અને આર્થિક સહાયથી ગુજરાતની વીરશ્રીને સન્માનવાની પુરાણીજી પારિતોષિક યોજના હાથ ધરી તે અનુસાર અકસ્માત પ્રસંગે અથવા દુષ્કાળ, જળપ્રલય, આગ, રોગચાળો વગેરે સામે વીરતાભરી જીવસટોસટની કામગીરી માટે, ચોર, લુટારા, ધાડ કે હિંસક પ્રાણીના હુમલા સામે જીવના જોખમે સ્ત્રી, બાળકો, પ્રજાજનો કે ગામનું રક્ષણ કરવા માટે, પ્રવાસ, તરણ, ઉડ્ડયન કે ગિરિઆરોહણ ક્ષેત્રે સાહસિક વિક્રમ માટે, અસાધારણ પ્રમાણિકતા કે નૈતિક તાકાત દાખવવા માટે, સાહસવીરોને તેમના સાહસિક કાર્યની ગુણવત્તાને અનુલક્ષીને દર વર્ષે રૂ. ૧૫૦૦/- સુધીના પારિતોષિકો, ચંદ્રકો તથા પ્રમાણપત્રો આપી સન્માનવામાં આવે છે. અત્યાર સુધીમાં આ યોજના નીચે ૫૪ ભાઈઓ તથા ૧૧ બહેનોને વિવિધ સાહસક્ષેત્રે પારિતોષિકો આપવામાં આવ્યાં છે.

ઈ. સ. ૧૯૬૪માં પૂજ્ય શ્રીમોટાએ ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળને મંત્ર આપ્યો, 'ભાવિ પેઢીનું ઉત્થાન નારીશક્તિ પર નિર્ભર છે, અને આને માટે ગુજરાતની બાળાઓ, યુવતીઓ અને સ્ત્રીઓ વ્યાયામ-સંસ્કાર પ્રવૃત્તિઓ મારફતે પોતાનું શરીર સુંદર બનાવવા સાથે જીવન પ્રત્યે ઇષ્ટ દૃષ્ટિ કેળવી આત્મશ્રદ્ધા, નીડરતા, સ્વાવલંબન વગેરે ગુણો વિકસાવી ચારિત્ર અને સંસ્કાર ઘડતર કરે તે જરૂરી છે.' અને પછી તો ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળે તેઓશ્રીની પ્રેરણાથી અને સહાયથી 'મહાજન શક્તિદળ' સંસ્થાની સ્થાપના કરી. જેના આશ્રયે બહેનો માટે દર વર્ષે ઉનાળાની રજાઓમાં વ્યાયામ અને રમતગમતોની ૨૧ દિવસની તાલીમ શિબિરો યોજવામાં આવે છે. દરેક જિલ્લામાં બહેનો માટે ૩૦ કિલોમીટર સાઈકલ સ્પર્ધા અને ૭ કિલોમીટર દોડસ્પર્ધા તથા રાજ્યકક્ષાએ ૧૦૦ કિલોમીટર સાઈકલ સ્પર્ધા યોજવામાં આવે છે. તદુપરાંત રાજ્યકક્ષાએ બહેનોના શક્તિદળ શિલ્ડ, વૉલીબૉલ સ્પર્ધાઓ તથા રાઈફલ શૂટિંગ, તરણ તેમ જ યોગાસનોના સ્થાનિક વર્ગો પણ યોજવામાં આવે છે.

ઈ. સ. ૧૯૭૨માં પૂજ્યશ્રીએ ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળને મંત્ર આપ્યો, 'લાંબું અંતર દોડવાથી સમગ્ર શરીર કસાય છે અને મજબૂત બને છે. ગુજરાતનાં યુવક-યુવતીઓને લાંબું અંતર દોડાવો. સ્ત્રીઓની શક્તિ પુરુષો કરતાં ઓછી ના આંકશો.' અને પછી તો તેઓશ્રીની પ્રેરણાથી મંડળે નાથાલાલ દેસાઈ સ્મારક દોડસ્પર્ધા ઈ. સ. ૧૯૭૩થી શરૂ કરી. તે અનુસાર દર વર્ષે ફેબ્રુઆરી માસના પહેલા રવિવારે ભાઈઓ માટે ૩૫ થી ૪૨ કિલોમીટર અને બહેનો માટે ૮ થી ૧૫ કિલોમીટર અંતરની દોડસ્પર્ધા યોજવાનું અને લાયક વિજેતાઓને પારિતોષિકો આપી સન્માનવાનું શરૂ કર્યું છે.

આ બધી સાહસિકતાપ્રેરક પ્રવૃત્તિઓમાં વીર સાવરકર સમુદ્રતરણ સ્પર્ધા યોજના, ગુજરાતના લગભગ ૧૮૦૦ કિલોમીટર જેટલા વિસ્તારમાં પથરાયેલા સાગરકિનારાને તથા પૂર્વકાલીન ગુજરાતના સાગર-ખેડૂઓની વિશ્વવિખ્યાત સિદ્ધિઓને લક્ષમાં લેતાં પૂજ્ય શ્રીમોટાની આર્ષદષ્ટિનું મહાપ્રસ્થાન છે.

જનકલ્યાણના આ વિરાટ કાર્ય પાછળ પૂજ્ય શ્રીમોટાનો સંકલ્પ છે. મહર્ષિ અરવિંદ અને શ્રીમાતાજીના કાર્યનું સંધાન છે. અને તેથી તે ભગવાનનું કાર્ય બની ગયું છે. હૈયાના અતલ ઊંડાણમાંથી નીકળેલી પૂજ્ય શ્રીમોટાની વાણીમાં અપાર બળ છે. તેઓશ્રીના સંકલ્પ પાછળ ભગવાનની પ્રેરણા છે. અને તે સફળ થઈને જ રહેશે તે નિર્વિવાદ છે.

* * *

## પત્રયુગ્મ

## ૧. શ્રી પ્રસન્નકુમાર એન. વકીલ

## ૨. ડૉ. ફુલવર ચેંબુર (મુંબઈ)

(એક વખતના કૉલેજના અધ્યાપક શ્રી પ્રસન્નકુમાર વકીલ હાલ સારાભાઈ કેમિકલ્સ, વડોદરાના પરચેઝ ડાયરેક્ટર તરીકે ઉદ્યોગોમાં સેવા આપી રહ્યા છે. લેખ લખવાનું ઉમંગથી સ્વીકાર્યું હતું છતાં માંદગીને કારણે તેમ ન કરી શકતાં જે પત્ર લખ્યો છે, તે સાદર અમે અત્રે રજૂ કરીએ છીએ. ડૉ. ફુલવર પૂ. ચાચાજી (શ્રી ગુરુદયાળ મલ્લિકજી)ના પ્રેમી સ્વજન અને એ નાતે પૂજ્યશ્રીના પણ સિંધીભાષી ચાહક છે. એઓ હાલ મુંબઈ ચેંબુરમાં દવાખાનું ચલાવે છે.)

સ્નેહી ભાઈશ્રી....

આપને મેં પરમ પૂજ્યપાદ શ્રીમોટાના ગ્રંથમાં લેખ લખવાનું વચન આપેલું, જે પાળી શક્યો નથી માટે ક્ષમા કરશો....મારું મસાનું ઑપરેશન સારી રીતે થઈ ગયું. હાલમાં નિયમિત ડ્રેસિંગ અને હોજરી સાફ રાખવાના ઉપાયો સિવાય એ વિશે કંઈ કરવાનું નથી. થોડો સમય ખૂબ દરદનો ગયો, એ સહન કરવાનું બળ મને હરિઃૐના જપમાંથી મળ્યું. શારીરિક યાતના હોય તોપણ મુખ અને મન પ્રફુલ્લિત રાખવું અને સ્વજનોને ચિંતા કે અસ્વસ્થતામાંથી બને એટલાં મુક્ત રાખવાં એ કામ એ મંત્રના બળે જ થઈ શકે, એની મને નાનકડી માંદગી દરમિયાન બરાબર પ્રતીતિ થઈ. પૂજ્યશ્રીનું સતત સ્મરણ રહેતું કે, મારું શારીરિક દુઃખ જેની આગળ તુચ્છ છે એવા દુઃખમાં પણ તેઓ જે સૌમ્યતા ધારણ કરી સૌનાં નાનાવિધ સુખ-દુઃખની પૃચ્છા કરે છે તે તો ખરેખર 'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને' એની જ અનુભૂતિ કરાવી જાય છે. એમની જીવનકલામાંથી પ્રેરણા મેળવી શક્યો તે બદલ એમને લાખ લાખ વંદન.

**લિ. પ્રસન્નનાં**
**સ્નેહસ્મરણ**

પ્રિય ભાઈશ્રી....

આપનું આમંત્રણ મળ્યું. શું લખું ? છતાં એક પ્રસંગ લખવાનું મન થાય છે. પૂજ્ય ચાચાજીએ દેહ છોડ્યો, તે પહેલાં લાંબા સમયની સારવાર માટે મારે ત્યાં જ રહેતા હતા. ચાચાજીને ગળાનું કૅન્સર હતું. જોકે આમ કહેવું અમારા ડૉક્ટરોની દૃષ્ટિએ યોગ્ય નથી, કારણ કે એમણે કશું જ નિદાન કરવા દીધું ન

હતું. છતાં લક્ષણો એ જ હતાં એની મને ખાતરી છે. ખાવાનું તો બનતું જ નહિ. માંડ માંડ થોડું પ્રવાહી ગમે તેમ કરી ઉતારતા. ક્ષણે ક્ષણે ગળામાંથી અવાજ કરીને પોતાને થતા દુઃખને સહન કરવાનો પ્રયાસ કરે. એક ઘડીપળ માટે પણ ગળાની આ પ્રકારની ઘરઘરાટી બંધ ન રહે. વારંવાર કફ બહાર આવે. એવા દિવસોમાં પૂજ્ય શ્રીમોટા એમની ખબર લેવા આવ્યા. ચાચાજીને બેસાડ્યા. પ્રાસ્તાવિક મિલન પછી પૂજ્ય શ્રીમોટાએ હરિઃૐની ધૂન શરૂ કરી. એ ધૂન અમે ટેપરેકૉર્ડ પણ કરી લીધી છે. લાંબો સમય ધૂન ચાલી. પૂ. ચાચાજી તકિયાને અઢેલી ટટાર બેઠા હતા. આંખો બંધ. ઊંડા ઊતરી ગયા હતા. લાંબા સમય સુધી ગળાની એ ઘરઘરાટી અદૃશ્ય થઈ. કોઈ વેદનાનાં ચિહ્નો દેખાય નહિ. મોઢા પર પૂરી પ્રસન્નતા વ્યાપી ગયેલી. કેટલાય દિવસોથી ઘડીપળ પણ વેદનાયુક્ત ઘરઘરાટી અને કફ વિના ન ગયેલી એટલે અમે તો આશ્ચર્યચકિત થઈ ગયા. મારી પોતાની અંતરની ખૂબ ઊંડી શ્રદ્ધા સાથેની ખાતરી છે કે એ વેદનારહિત સમયગાળો માત્ર પૂજ્ય શ્રીમોટાની ત્યાંની ઉપસ્થિતિને કારણે જ હતો. અમારાં અનેક સ્વજનો પણ આ જ શ્રદ્ધા ધરાવે છે. આ મધુર સ્મરણ જીવનભર વાગોળ્યા કરીશું.

**લિ. આપના**
**ફુલવરનાં વંદન.**

* * *

## પત્ર-લેખન

સ્વજનોને કે કોઈને પણ પત્રો લખો ત્યારે માત્ર કોરી હકીકતવાળા જ કાગળો ન લખતાં એમાં લાગણી, ભાવ, વ્યક્તિગત પ્રેમ-સ્પર્શ વગેરે પ્રગટવા દેવાં. તે લખતી વેળા આપણે જાણે તેમના દિલની પાસે હોઈએ, આપણી ચેતના જાગ્રતપણે ત્યારે આપણામાં જ સમાયેલી રહે, એવું થઈને લખવું. પત્રલેખનને પણ સાધનાનું અંગ ગણવું પડશે ને બનાવવું જોઈશે. આપણા હૃદયના પ્રેમભાવને વધારે વેગ આપવાને માટે આપણા પ્રેમીની સાકાર ચેતના અથવા વધુ સારું તો ભાવાત્મક ચેતના આપણી સામે સાધન તરીકે આપણે જગાડવાની છે.

● ● ●

સ્વજનોને કે સંબંધીઓને પત્ર લખતી વેળા કે તેમનો પત્ર વાંચતી વેળા આપણે એટલું હૃદયનું સાંનિધ્ય ને સંપર્કનો અનુભવ જો એકબીજા ન અનુભવીએ તો આપણા હૃદયના પ્રેમમાં કંઈક ઊણપ છે એમ એનો અર્થ નીકળે.

● ● ●

પત્રલેખન જો ચેતના-સાંકળથી સંકળાયેલા રહીને લખતી વખતે લક્ષમાં ભાવમૂર્તિને હૃદય સમક્ષ રાખ્યા કરીને લખવાનું રાખીએ તો દિલમાં ઘણો આનંદ રહ્યા કરતો અનુભવાશે.

● ● ●

મારે હિસાબે તો પત્રલેખન એ એક જોડાણ માટેનું સાધન છે. પ્રેમની સાધનાનું એક અંગ છે, પ્રિયના સ્મરણના ઉઠાવ માટેની એક તક છે. દિલના દરિયાવ ભાવ જગાડીને એમાં પરોવાવા માટે, એકાગ્ર થવા માટે ને દિલના દરિયામાં જો એની કૃપા હોય તો કોઈ મહારમણે જાગે ને પ્રેમની યાદથી કંઈ એને હલાવવું હોય તો હલાવે એવું એવું પત્રલેખનમાં સમાયેલું છે.

('જીવનપરાગ', પૃ. ૩-૯૨-૧૨૯-૧૩૫) **-મોટા**

* * *

# ઘેઘૂર વડલો

## શ્રીમતી કલા દેસાઈ

(પૂજ્યશ્રીનાં મૂક અનુરાગી એવાં શિક્ષિકાબહેન.)

સમાજમાં ચારેકોર અશાંતિ પેદા થાય, પ્રજા અવનતિને પંથે જાય, ચોમેર અંધકાર પ્રવર્તતો દેખાય ત્યારે સંતો પેદા થાય છે અને લોકોના દિલને અજવાળે છે. પૂજ્ય મોટાનું પણ આ અવતારકાર્ય હોય એમ લાગે છે. એમણે પોતાનો સંસાર છોડ્યો છે, પણ બીજો એક એવડો મોટો સંસાર ઊભો કર્યો છે કે સામાન્ય માણસનું તો એ સંસાર નિભાવવાનું ગજું જ નહિ. ગુજરાતના દક્ષિણ છેડેથી માંડી ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને વળી ગુજરાતની બહાર દિલ્હી, બેંગલોર અને મદ્રાસ સુધી એમનાં કેટકેટલાં સ્વજનો પથરાયેલાં પડ્યાં છે ! કેટલું બહોળું કુટુંબ ! અને કુટુંબના સભ્યો પણ કેટકેટલા ! એ બધાંને એ પોતાનો પ્રેમ સદા એકધારો આપતા જ રહ્યા છે.

એમની એ પ્રેમ કરવાની રીત પણ અનોખી છે. એમની પધરામણી જે સ્થળે થઈ હોય, ત્યાં એમનાં સ્વજનોની એ વણથંભી વણઝાર અતૂટ સવારથી સાંજ સુધી પ્રવાહની માફક આવ્યા જ કરતી હોય છે.

એ દરેકને એ પોતાની ઉષ્માથી આવકારે છે. દરેકને પોતપોતાની નિરાળી રીતે ખબરઅંતર પૂછે. વ્યવસાય, વેપારવણજ, નોકરી વિશે તરતપાસ કરે. માંદગી, બાળકોનું ભણતર, ઉત્તરોત્તર તેમના થતા વિકાસને જાણવાની પણ ચિંતા કરે.

બાળકો પ્રત્યે તો તેમને વિશેષ ભાવ. બાળક મળવા આવે કે તરત તેમના અભ્યાસ વિશે પૂછે. માબાપ વહાલ કરે છે કે નહિ તે પૂછે. માબાપ લડતાં હોય તો તેમને ઠપકો પણ મળે. કંઈ લાવી ન આપતાં હોય તો *મોટા* તે અપાવવાનું સૂચન કરે. વળી, કોક કોક વાર ઠેકડી કે ગેલ કરવા પણ મંડી પડે. કોઈક કડક બાપનાં બાળકોને બાપ ઉપર ઠંડા પાણીનો લોટો રેડવાનું કહે. તો કોઈ ઠંડી માને ઝોડની માફક વળગી પડવાનું સૂચન પણ બાળકને કરે. ખૂબ ચિડાતાં માબાપને પજવવાનું પણ બાળકને કહે. માબાપની વારંવાર ભૂલો કાઢી, તેમને ખૂબ ટોકવાની કળા શીખવે 'માબાપ હોળી કેમ રમવા ન દે ? તમે રમશો અને એ ખિજાશે તો એમને દંડ કરીશું', કહી બાળકને ચડાવે. ઘરે બાળક પણ આપણને ધમકી આપતાં થઈ જાય, 'આમ કરશો કે આમ ન કરશો તો હું *મોટા*ને કહી દઈશ.' આને કારણે એમના પરિવારના સભ્યોનાં બાળકોમાં પણ *મોટા* વિશેનું આકર્ષણ એટલું જ જબરું પેદા થાય અને *મોટા* આવ્યા હોય ત્યાં જવા બાળકો માબાપનો જીવ ખાઈ જાય.

ઉપર ઉપરથી તો એમ લાગે કે જાણે બાળકો નિરંકુશપણે વર્તતાં થશે, પરંતુ અંદરથી તો માબાપ અને બાળકો વચ્ચેના તંગ સંબંધોને પૂજ્યશ્રી હળવા કરે. એકબીજાને એકબીજા પ્રત્યે હળવા બનવા પ્રેરે. માબાપ અને બાળકો વચ્ચેની સાચા પ્રેમની ગાંઠ મજબૂત કરે. કોઈ કોઈ સ્વજનોને તો બાળકોના વકીલ થઈને તેમની બાજુ પણ એવી રીતે રજૂ કરે કે વડીલોને તે સ્વીકારવી પડે. અને પછી ધીરે રહી એમની આગવી કુશળતાથી બાળક આગળ શરત મૂકી દે કે આ બધું ક્યારે થાય કે કોઈને આપણા કામ માટે આપણને ટોકવું ન પડે, વાંચવા બેસવાનું કહેવું ન પડે તો જ. આમ, બાળકોને પણ પોતાની જવાબદારી

અને ફરજોનું ભાન કરાવે, પણ આ રીત જ એવી મૌલિક કે માબાપનાં વર્ષોના ટકટકારા, ધાકધમકી, દબાણ દ્વારા બાળક પોતાની જવાબદારી અદા ન કરતું હોય તે *મોટા*ના માત્ર એકવારના સૂચનથી કરતું થઈ જાય.

બાળકોને ખૂબ ખૂબ પ્રેમ કરવાનું સૂચન દરેક સ્વજનને *મોટા* એકધારું કરે છે. નાનાં બાળકો જ નહિ તારુણ્યમાં પ્રવેશ કરતાં કુમાર કુમારિકાઓ પણ એમનાં કેંદ્ર સ્થાને હોય છે. એ ઉંમરે જન્મતા જાતીય ફેરફારોને લક્ષમાં રાખી એમની સાથે કેવું વર્તન કરવું, જેથી બાળકોની જાતીયવૃત્તિનું ઊર્ધ્વીકરણ થાય એનું સૂચન એક અચ્છા મનોવૈજ્ઞાનિકની અદાથી કરે. યુવાનીમાં આવતા પુત્રને પોતાના શરીરને નિઃસંકોચપણે ખૂબ વળગાડવો એવું માતાને અને યુવાન પુત્રીને ખૂબ વહાલ કરવાનું અને પંપાળવાનું પિતાને સૂચન કરે. આ કેટલું મોટું મનોવૈજ્ઞાનિક સત્ય છે. એની તો સામાન્યજનોને શી ખબર હોય !

પૂજ્ય મોટાએ આ બધું માત્ર વિચારની ભૂમિકા પર જ સ્વજનોને સૂચવ્યું છે એવું નથી. એનો અમલ એમણે સ્વાનુભવે કરી બતાવેલો છે. કેટકેટલાં બાળકોનાં નામ તેમણે 'હરિ' પાડેલાં છે ! એ બધાં બાળકોનાં 'નિમિત્ત સંબંધો' શા હશે તે તો એઓશ્રી પોતે જ જાણે, પણ આપણને સંસારી જનોને સમજાતી વાત એ છે કે સંતો દરેકમાં હરિને નીરખે પણ બાળકોમાં તો એમને હરિ સાકાર થતો લાગે. જે સ્વજનોએ એમના આવા એક 'હરિ'ના ઉછેર વિશે જાણ્યું છે તે બધાં જ જાણે છે, કે બાળકોને પ્રેમપૂર્વક ઉછેરવાના એમના વિચારોનો અમલ એમણે કેટલી હદ સુધી કર્યો છે, અને એ કસોટી એ કેવી રીતે પાર કરી ગયા છે.

સ્ત્રીઓ પ્રત્યે તો એમનો ખાસ પક્ષપાત. સ્ત્રીઓને પુરુષોના હાથે કચડાવાનું ન બને છતાં તેઓ પોતાની સાંસારિક ફરજો ઉમદા રીતે અદા કરતી રહે એવા અનેક નુસખાઓ એમણે એમનાં સ્વજનોમાં અજમાવ્યા છે. કેટલાક પુરુષોને એવી ટીકાટીપ્પણ કરતા પણ સાંભળ્યા છે, 'આ સંત બૈરાંને ફટવી મારે છે, એ તો ભાઈ ભારે દુઃખ !' સાક્ષાત્ 'મા'નું હૃદય લઈ જન્મેલા અને આત્મસાક્ષાત્કાર પામી જન્મમરણના ભવચક્રમાંથી મુક્ત થયા છતાં સ્વેચ્છાએ બીજા જન્મે 'સ્ત્રી'નો અવતાર લેવાના ઓરતા સેવનાર સ્ત્રીઓ પ્રત્યે પક્ષપાતી હોય એમાં શી નવાઈ !

સ્ત્રી-પુરુષની સમાનતાનો વા વાયો છે ત્યારે સ્ત્રીઓને સ્વચ્છંદતાને માર્ગે ન જવા દેતાં તેમને પોતાનું આગવું સ્થાન આપી, સન્માની, પોતાની જવાબદારીઓ વિશે પ્રેમપૂર્વક ભાન કરાવવાનો આ અનોખો ઉપાય એ *મોટા*ની નાનીસૂની સિદ્ધિ નથી. ઉપર કહેલી પુરુષની ટકોરમાં પણ એ વાતનો ઊંડો ઊંડો સ્વીકાર રહેલો છે એની પ્રતીતિ થાય છે.

સ્ત્રીઓના પાકશાસ્ત્રમાં રસ લઈ એમના પતિઓની ફરિયાદો સાંભળી પતિઓ આગળ એમના વકીલ થઈને કેટકેટલાં દાંપત્ય જીવનમાં નવો પ્રાણ એમણે પૂર્યો છે ! એ તો એમનાં સ્વજનો પોતાની વાત કહે ત્યારે જ ખબર પડે.

વૃદ્ધો સાથે પણ એમની ચાહવાની કળા આગવી જ છે. દરેકની શારીરિક તકલીફો, બાળકો સારસંભાળ લે કે નહિ, તેમના પુખ્ત ઉંમરનાં બાળકો વિશે હસતાં હસતાં આડું બોલી એમનામાં પ્રેમનો તાંતણો ટકાવી રાખી ઘડપણમાં સંજીવની આપી પ્રાણ પૂર્યા જેવું કરે છે. દરેક દીકરા અને દરેક વહુઓ

વિશે અવળું બોલી ક્યાં તો વૃદ્ધો પાસે ટાપસી પુરાવી અથવા ઈન્કાર કરાવી એમના મનને હળવું બનાવવું, ખાલી કરવું, એ એમની વિરલ કળા છે.

પરિણામે કુટુંબના તમામ સભ્યોમાં માબાપ અને બાળકો વચ્ચે, પતિપત્ની વચ્ચે, વૃદ્ધો અને કુટુંબના અન્ય સભ્યો વચ્ચે એકબીજાને સમજવાની એકબીજા સાથે પ્રેમપૂર્વક વર્તાવ કરવાની વર્તનકળા પેદા થતી જાય છે. વળી, સ્વજનો પણ 'મોટા' પોતાના પ્રશ્નોમાં, સમસ્યામાં રસ લે છે એમ સમજી હૂંફ મેળવે, જોમ મેળવે અને એથી જીવન જીવવાની ધગશ પેદા કરે છે. થોડી તરતપાસ માત્રથી એમના એ વિશાળ પરિવારના સભ્યોને કેટકેટલી હૂંફ, કેટકેટલો ટેકો અને કેટકેટલું સાંત્વન મળતું હોય છે ! પોતે તો તદ્દન નિઃસ્પૃહી છે. નિઃસંગી છે. નિરિચ્છ છે. છતાં પોતાનાં સ્વજનોના હિત માટે એ કેટલી બધી ચિંતા કરતા હોય કે અજાણ્યાને તો ઘડીભર એમ જ લાગે કે આ સાધુને સંસારમાં કેટલો બધો રસ છે !

આમ કરવાની એમની રીત પણ અનોખી છે. ઘણી વસ્તુ વિશે એવી રીતે પૂછે કે જાણે એ બાળક હોય, અજ્ઞાન હોય, એ વિશે બરાબર જાણતા નહોય. છતાં આશ્ચર્ય તો એ કે બધાં વિશે એમને તો સારામાં સારી જાણકારી હોય પણ આ વાત સામી વ્યક્તિને સહેજે કળાય નહિ. એમની એ કળા એ ક્ષણે તો એટલી અકૃત્રિમ, નિર્દંભ, સ્વાભાવિક, સરળ અને સહજ છે કે સામી વ્યક્તિ સહજ ભાવે એ બધું સમજાવવા બેસી જાય અને તત્ક્ષણ પૂરતા તો એ પોતાની કૂતુહલતા માટે એટલા જ સાચા અને પ્રામાણિક છે. પ્રશ્ન એ જ રહે કે આપણે એમને સામો એટલો પ્રેમ આપીએ છીએ ? અનેક રીતે આપણે એમનાં આંતરસ્વરૂપને ઈજા પહોંચાડતા હોઈએ છીએ. એમની આ ચાહનાકળા, એમનો વહેતા પ્રેમનો પ્રવાહ એટલો તો પ્રબળ છે કે સહરાનું રણ જાણે યુગોથી પાણી માટે તરસ્યું હોય, તલસતું હોય ! આપણામાં એમના પ્રેમોદધિના બાષ્પીભવનનો સ્વીકાર કરીને માત્ર વાદળ બનવાની શક્યતા પેદા થાય તોપણ કૃતાર્થતા અનુભવીશું. ઘેઘૂર વડને છાંયે વિશ્રાંતિ લેતાં આપણે વડની ચિંતા કરીએ છીએ ખરાં ?

* * *

## ...ને *મોટા*એ હુક્કો પીધો

### શ્રી બાપાજી શંકરભાઈ પટેલ

(પૂજ્ય શ્રીમોટા હરિજનોની સેવા કરતા, તે વખતે તેમનાં કાર્યોને અંગે આ લેખના લેખક સાથે સંપર્કમાં આવવાનું બનેલું. લેખક ખેડા જિલ્લાના બોરસદ ગામમાં લાકડાના વેપારી હતા. હાલ બનાસકાંઠા રાધનપુરમાં નિવાસ કરે છે.)

સને ૧૯૨૯ના ચોમાસામાં ખેડા જિલ્લાના બોરસદ, આણંદ ને પેટલાદ તાલુકામાં ગામોમાં ગામની ધાર પર આવેલાં હરિજન, પાટણવાડિયા, વાઘરી વગેરે ભાઈઓનાં ઘરો વધુ વરસાદથી પાણી ભરાવાનાં કારણે બેસી ગયાં હતાં. આ લોકોની નિરાધાર સ્થિતિની માહિતી પૂજ્ય ઠક્કરબાપાને સને ૧૯૩૦માં ખેડા જિલ્લામાં આપી. ઠક્કરબાપાએ અને શ્રી મોતીભાઈ અમીન સાહેબે ૩૫ હજાર રૂપિયાના ખર્ચની મંજૂરી આપી અને મને એ કામ સોંપ્યું. હું એકલો હતો અને સાથે બોરસદમાં લાકડાંનો વેપાર કરતો હતો તેથી પહોંચી ના વળ્યો. આથી, બાપાએ તે વખતના ચૂનીલાલ ભગત અને હાલના પૂજ્ય મોટાને મારી

મદદમાં બોરસદ મોકલ્યા. પૂજ્ય મોટા સને ૧૯૩૦ના ફાગણમાં બોરસદ આવ્યા. કામો પૂરાં થતાં સુધી ત્રણ, સાડાત્રણ માસ મારે ત્યાં રહેલા તે વખતે મને હુક્કો પીવાની એટલી ખરાબ કુટેવ હતી કે સવારના કામે જવા *મોટા* તો તૈયાર થઈ જાય ને હું તો હુક્કામાંથી ઊંચો જ આવું નહિ. એક દિવસ તૈયાર થઈને *મોટા* કહે, 'આ હુક્કામાં શું સ્વાદ આવે છે ? પાંચ માઈલ ચાલવાનું છે. ઉનાળો છે ને તમે પરવારતા નથી.' 'તમે એક વખત પીવો તો તમને પણ ખ્યાલ આવે કે કેવો સ્વાદ આવે છે.' એમ કહી મેં આગ્રહ કર્યો. તેમણે કહ્યું, 'મકાનોનું કામ પૂરું થયે હું જઈશ ત્યારે જતી વખતે હુક્કો પીઈશ.' કેટલાક દિવસ બાદ તે કામ પૂરું થઈ ગયું. જતી વખતે મને તો કશું જ યાદ ન હતું. પણ *મોટા* ભૂલ્યા ન હતા. મને કહ્યું, 'હુક્કો તો પીવાનો રહી જ ગયો.' મેં તો હુક્કો એમના હાથમાં ધરી જ દીધો. *મોટા*એ તો એક ફૂંક મારી. પરંતુ તરત જ ઉધરસ ચઢી ગઈ અને આંખમાંથી પાણી નીકળવા લાગ્યું. એ જોઈ મને પસ્તાવો થયો મનોમન વિચારવા લાગ્યો, 'મેં ક્યાં ભૂલ કરી ! જે ધુમાડી ના લઈ શકે તેને મેં હુક્કાનો આગ્રહ શું કામ કર્યો ?'

આ વાતને વર્ષો વીતી ગયાં. ત્રણેક સાલ પહેલાં પૂજ્ય રવિશંકર મહારાજનું મોતિયાનું ઑપરેશન કરાવ્યું હતું. પૂજ્ય મોટા દાદાને મળવા આવ્યા. હું પણ ત્યાં હતો. પૂજ્ય મોટાએ દાદાને હસતાં હસતાં કહ્યું, 'આ બાપાજીભાઈએ મને હુક્કો પાયો છે.' ત્યારે રવિશંકર દાદાએ કહ્યું, 'પૂછો તો ખરા કે હવે પીવે છે કે નહિ ?' મેં કહ્યું, 'પંદર વર્ષથી છોડી દીધો છે.' આજે ૪૨ વર્ષે પણ *મોટા* એ હુક્કાને ભૂલ્યા નથી. આ તો ગમ્મતની વાત થઈ, પરંતુ તે વખતે બીજા પણ અનેક પ્રસંગો બનેલા કે જેમાં *મોટા*માં રહેલાં ઉદાત્ત તત્ત્વોની ઝાંખી તે વખતે મેં કરેલી.

*મોટા* સાથે જ્યારે હું ગામડે જતો ત્યારે તેમની પાસે થેલીમાં રૂપિયા ત્રણ, ચાર, પાંચ હજાર હોય જ. *મોટા* તો તે થેલી ચોરામાં ખૂંટીએ લટકાવી ગામના હરિજનવાસમાં જાય. હું કહું, 'ભગત થેલીમાં પૈસા છે ને ચોરામાં ક્યાં મૂકો છો ? સાથે લઈએ.' ત્યારે કહેતા, 'માનવ તરીકે આટલો વિશ્વાસ આપણે રાખવો જોઈએ.' આશ્ચર્યની વાત તો એ કે અમારી થેલીમાંથી કોઈ વખત રૂપિયા ઓછા થયા નથી.

આ મકાનોના રૂપિયા અમારે પેટલાદ મિલના મૅનેજર શ્રી હરિવલ્લભ પરીખ પાસેથી લાવવાના રહેતા. તેઓ જ હિસાબ રાખતા. કામનો હેવાલ અમે પરીખ સાહેબને આપતા. એક વખત પરીખ સાહેબે *મોટા*ના કામ બાબત દાહોદ ઠક્કરબાપાને કંઈક લખ્યું. કંઈક ફરિયાદ જેવું હશે એમ મારું માનવું છે. ત્યારે બાપાએ તેના જવાબમાં પરીખભાઈને મીઠો ઠપકો આપતાં લખ્યું, 'મારો ચૂનીલાલ ભગત (બાપા *મોટા*ને આ નામે પત્ર લખતા) સો ટચનું સોનું છે. પણ તમે વાણિયા થઈ હીરાની પરીક્ષા ના કરી શક્યા તેનું મને દુઃખ છે.' આમ, બાપાને *મોટા* પર અનન્ય પ્રેમ અને વિશ્વાસ હતો. અને *મોટા* પણ જે કામ બાપા સોંપે તે ઘણી જ ઝડપથી ને ઉત્સાહથી પૂરાં કરતા.

*મોટા*નો શરીરશ્રમ કરવા પ્રત્યેના પ્રેમ પણ ખૂબ જ. સ્વભાવ માયાળુ અને અત્યંત સાદાઈ. જાતે જ પોતાનાં કપડાં વગેરે ધોઈ લેવાની ટેવ મને પણ તેમને જ લીધે પડી છે. પેટલાદ તાલુકાના બોરિયા ગામના હરિજનોનાં ઘરો તૈયાર થતાં હતાં ત્યારે તેમને સરસામાન લાવી આપ્યો હતો. નળિયાં પણ લાવી આપેલાં, પરંતુ હરિજનો ઘર પર ચઢાવે નહિ. એક વખત હું અને *મોટા* અગિયાર વાગ્યે તાપમાં બોરિયા ગામે ગયા. એક હરિજનભાઈ ઘર તૈયાર કરે નહિ. અને ગયા ત્યારે છાયામાં ઓઢીને સૂતેલો.

એટલે *મોટા*એ કહ્યું, 'રાજવી, ઊઠો તડકો ઉપર આવ્યો છે છતાં નળિયાં ચઢાવતા નથી. લાવો અમે નળિયાં છાપરા પર ચઢાવી આપીએ.' ત્યારે હરિજનભાઈએ જવાબ આપ્યો, 'તમે તો મોટા માણસ દૂધ ઘી ખાધેલાં છે. તમે કામ કરી શકો અમને તો છાશ પણ મળતી નથી. શી રીતે નળિયાં ચઢાવી શકીએ ?' અને *મોટા* નળિયાં ચઢાવવા મંડી પડ્યા. આ હતી એમની શરીરશ્રમની પ્રતિષ્ઠા. પેટલાદ તાલુકાના સીમરડા ગામની ભાગોળે હરિજનોનાં ઘરો અમારા દ્વારા તૈયાર થયેલાં તેનું નામ *મોટા*એ 'અમૃતપુરા' રાખેલું. એ હજુયે યાદ છે. પૂજ્ય મોટાને મારા ભાવભર્યા પ્રણામ.

* * *

## ભૂતકાળમાં ડોકિયું

### શ્રીમતી કાશીબા

(ગં. સ્વ. કાશીબા પૂજ્ય શ્રીમોટાનાં વડીલ ભાભી. હાલ સાબરમતી આશ્રમમાં પુત્રપરિવાર સાથે રહે છે. એમણે પૂજ્ય શ્રીમોટાનો જન્મ અને લગ્નનો પ્રસંગ ટાંક્યો છે. પૂજ્ય શ્રીમોટાના જન્મ વખતે એ તો પરણીને સાસરે પણ નહોતાં આવ્યાં, પરંતુ સાસુ સૂરજબાએ એમને પાછળથી એ પ્રસંગ અનેક વાર કહેલો. લગ્નપ્રસંગ તો એમણે જાતે અનુભવ્યો છે.)

### સૂરજબાની કસોટી

પૂજ્ય મોટાની માતાનું નામ સૂરજબા અને પિતાનું નામ આશારામ. સૂરજબાનું પિયર સાવલી પાસે સોખડા કરીને ગામમાં હતું. ત્યાં સૂરજબા સુવાવડ પ્રસંગે સાવલીથી સોખડા ગયાં હતાં. છેલ્લા દિવસો જતા હતા અને *મોટા*ના જન્મને પંદરેક દિવસની વાર હતી.

આ અરસામાં સાવલીમાં પ્લેગ ફાટી નીકળ્યો. આ પ્લેગની અંદર સૂરજબાની સાસુનું મૃત્યુ થયું. ત્યાં સૂરજબાની સાસુની સ્મશાન વિધિ પૂરી થયા પછી એક ભાઈ સૂરજબાને સમાચાર આપવા સોખડા ગયા. પેલા ભાઈને જોતાવેંત સૂરજબાએ ઘેર ચાર વર્ષનો નાનો દીકરો મૂકીને આવેલાં તેને ઉદ્દેશીને પેલા ભાઈને પૂછ્યું 'કેમ ભાઈ, મારો જમનો સારો છેને ?' પેલા ભાઈએ કહ્યું, 'હા.' પણ બહેન તારે નાહવાનું છે. સૂરજબાને ધ્રાસકો પડ્યો અને પૂછ્યું, 'કોનું નાહવાનું છે ?' તારા ઘરનું છે. તારાં સાસુ પ્લેગમાં ગુજરી ગયાં.' ભાઈએ જવાબ આપ્યો. સૂરજબાએ નાહી ધોઈને સાવલી જવાની તૈયારી કરી ત્યારે હાલની જેમ મોટરગાડી કે એવું કાંઈ સાધન નહિ. એક બાજુ સખત વરસાદ. પૂજ્ય મોટાનો આજ કાલમાં જન્મ થવાનો. આ બધી પરિસ્થિતિમાં સૂરજબાએ હઠ પકડી કે ના મારે તો ઘેર જવું જ છે.

વરસતા વરસાદમાં જવાનું. નદીમાં પૂર આવેલું એ જમાનામાં ગોળી વડે નદી પાર કરાવે, તે રીતે નદી પાર કરવાની. ગોળીથી નદી પાર કરાવે તે ભાઈએ તો આવી પરિસ્થિતિમાં સૂરજબાને નદી પાર કરાવવાની ના પાડી. સૂરજબા તો ઘણું રડે. નાછૂટકે પેલા ગોળીવાળાને દયા આવી. તેણે ગોળીની અંદર પાંચ નાળિયેર વગેરે મુકાવ્યું અને સૂરજબાને ગોળી વાટે નદી પાર કરાવી અને વડોદરા આવ્યાં. ત્યાંથી ગાડા મારફતે સાવલી આવી પહોંચ્યાં.

આ પછી થોડા દિવસ થયા અને પૂજ્ય મોટાના પિતા આશારામના નાના ભાઈ હતા, તેમનાં

પત્નીને પણ પ્લેગ થયો અને તે પણ ગુજરી ગયાં. આ રીતે આ કુટુંબ ઉપર એકાએક દુઃખ આવી પડ્યું. આ બધાંનું બારમું કર્યું. તે બારમાના દિવસે બધાંને જમાડ્યાં.

પછી સૂરજબાએ રસોઈયો મહારાજ હતો તેને પૂછ્યું, 'કેમ મહારાજ, હવે કોઈ બાકી છે ?' મહારાજ કહે 'હા એક વિદ્યાર્થી બાકી છે.' પેલા વિદ્યાર્થીને જમવા બોલાવ્યો, તે વિદ્યાર્થી કહે હું અહીં નહિ જમું.' મહારાજે કહ્યું, 'તું અહીં ના જમે તો ઘેર લઈ જા.' આ વિદ્યાર્થી ભોજનની થાળી લઈને પગથિયાં ઊતરે છે તે ટાણે સંધ્યા કાળે રામજી મંદિરમાં આરતી થતી હતી. તે વખતે પૂજ્ય મોટાનો જન્મ થયો.

*મોટા*ના જન્મને બે દિવસ થયા ત્યાં તો *મોટા*ના મોટા ભાઈ જમનદાસ જે ચાર વર્ષના હતા તેમને પ્લેગ થયો સૂરજબા તો ખાય નહિ, પીવે નહિ. તેમણે ઘી અને ભાત નહિ ખાવાની બાધા લીધી. *મોટા*ના પિતાજીએ કોટે ઠીંકરું બાંધીને ખીચડી ખાવાની બાધા લીધી. ઈશ્વર ઇચ્છાથી જમનાદાસને સારું થયું. પૂજ્ય મોટાને છ આંગળી હતી. સૂરજબાને ચિંતા થઈ કે આને છ આંગળી છે તે ભણશે શી રીતે ? તેઓ તો ડૉક્ટર પાસે જઈને એક આંગળી કપાવી આવ્યા.

## પૂજ્ય મોટાનાં લગ્ન

પૂજ્ય મોટાના મોટા ભાઈ જમનાદાસે *મોટા*ની સગાઈ અમદાવાદમાં કરેલી. ચાર વર્ષ સુધી સગાઈ રહી. પછી જમનાદાસ બીમાર પડ્યા. અને ટી.બી. થયો ત્યારે આ રોગની કોઈ દવા નહિ. ગરીબ પરિસ્થિતિમાં પણ જમનાદાસની *મોટા*એ ઘણી દવા કરી, પણ બચ્યા નહિ અને ગુજરી ગયા.

ઘરમાં નાનાં મોટાં સાત જણાંને આવી પરિસ્થિતિમાં શું ખવડાવવું ? આ બધી જવાબદારી તેમને માથે આવી પડી. મોટા ભાઈની બીમારીમાં ઘણું બધું દેવું થઈ ગયેલું. ઘરમાં *મોટા*નાં બા સૂરજબા તથા હું મજૂરી કરીને ઘરખર્ચમાં મદદ કરતાં. મોટા ભાઈના ગુજરી ગયા પછી *મોટા*નાં લગ્ન લીધાં. *મોટા* તો ના જ પાડતા હતા, પણ બાની આજ્ઞાને માનીને પરાણે લગ્ન કર્યાં. આ વખતે છોકરીની ઉંમર પંદરેક વર્ષની અને *મોટા*ની ઉંમર પચીસેક વર્ષની હશે.

લગ્ન લીધાં. ઘેર ગણેશ બેસાડ્યા. બે દિવસ સગાંવહાલાંને જમાડ્યાં. લગ્નને દિવસે સવારમાં વરઘોડાનો વખત થયો. *મોટા* તો ઘોડા ઉપર બેસીને સ્ટેશને આવ્યા. જાનમાં પણ લગભગ પંચોતેર માણસો હશે. *મોટા*એ તો બધાંની ટિકિટ કઢાવી. જાન અમદાવાદ પહોંચી. રાત્રે જમણવાર થયો. બધાં જાનૈયાઓએ જમી લીધું અને રાત્રે અગિયાર વાગ્યે વરરાજા પરણવા બેઠા. કન્યાને પધરાવી. આ વખતે કન્યાને સખત તાવ હતો. મહારાજે ઉતાવળ કરીને હસ્તમેળાપ કરી દીધો. ત્યાં લગ્નમંડપમાં *મોટા*ને સમાધિ આવી અને તે લગભગ એક કલાક સમાધિ અવસ્થામાં રહ્યા. ત્યાર પછી જાનીવાસે આવ્યા. બે દિવસ જાન અમદાવાદ રહી અને ત્રીજે દિવસે પરણીને નડિયાદ ઘેર આવ્યા. કન્યાને માંદગી હતી, તેથી તેના કાકા તેને આવીને તેડી ગયા. *મોટા*ના માગશર મહિનામાં લગ્ન થયેલાં અને ફાગણ મહિનામાં તો કન્યાનું મૃત્યુ થયું.

જ્ઞાતિના રિવાજ પ્રમાણે બધાં કાણ કરવા આવે તે પ્રમાણે અહીં ઘર આગળ કાણે બધાં આવેલાં. *મોટા* તો બહાર ગયેલા. તે ભજન ગાતાં ગાતાં ઘેર આવ્યા. આ બધું જોઈ તેમણે બાને કહ્યું, 'આ બધું શું ? આપણને આવું બધું ના શોભે.'

* * *

# પતિપત્નીનો દિવ્ય સંબંધ

## 'ગોપાળ'

('ગોપાળ' ઉપનામથી લખતા લેખક પૂજ્યશ્રી સાથે સારી રીતે સંકળાયેલા છે.)

આદિ પરમહંસોથી માંડીને આજના મુક્તોના જીવન જોતાં સ્ત્રી-જાતિ માટે પક્ષપાત હોય તેમ વર્તતા તેઓ જોવામાં આવે છે. પૂજ્ય મોટાના જીવનમાં એ પ્રત્યક્ષ જોવા મળે છે. તેમણે બહેનો અને માતાઓ માટે કરેલું સેવાકાર્ય ઉપલકપણે જાણવા છતાં સ્થૂળ અને સૂક્ષ્મ રીતે તેમણે ભજવેલા ભાગની ઘણાંને ખબર નથી. મનમેળના અભાવે વિખૂટાં પડેલાં પતિપત્ની વચ્ચે પુનઃ પ્રેમ પ્રગટાવવાનું જટિલ કામ તેમણે સફળતાથી કર્યું છે. સાધુ બની ગયેલાને સ્પષ્ટ સંભળાવી દીધું છે કે જે સંસારથી ભાગી છૂટવા માગે છે, તે સાધના શું કરી શકવાનો હતો ? એમ કહીને ફરીથી તેમને સંસારનો સ્વીકાર કરાવડાવ્યો છે. પૂજ્યશ્રીએ એ બહેનનું ભાવિ જોઈ લીધું હશે, એટલે તેને ફરીથી અભ્યાસ ચાલુ કરાવી ઉત્તેજન આપ્યું. થોડા કાળ બાદ તે બહેન વિધવા બને છે. આજે એ શિક્ષિકા તરીકે કામ કરી ગૌરવભેર પોતાનું ગુજરાન ચલાવે છે.

પતિપત્ની વચ્ચે ક્લેશભર્યા જીવનમાં શાંતિ ને સુમેળ સ્થાપવાના પૂજ્યશ્રીના પ્રયાસો હંમેશાં સફળ થાય એવું ના પણ બને. કોઈ પુરુષ પૂજ્યશ્રી પ્રત્યે ભાવ ધરાવતો હોવા છતાં પ્રકૃતિવશાત્ નિમ્ન પ્રકારના જીવનમાં ફંગોળાઈ ગયો હોય અને ગુરુ માટે 'પ્રવેશવાનું' પોતાનું હૃદયદ્વાર તેણે બંધ કરી દીધું હોય ત્યારે તેની પત્ની પૂજ્યશ્રી પ્રત્યે અન્યથા વિચાર ધરાવતાં એવો બળાપો કરે કે, 'મારો પતિ *મોટા* માટે આટલું કરે છે તોપણ તેઓશ્રી અમારો સંસાર સુખના પાટા પર કેમ ચડાવી દેતા નથી ?' આ કિસ્સામાં સત્યતઃ એ દંપતીનું એક જણ પણ પૂજ્યશ્રીની સલાહ માનવાની તૈયારી જ બતાવતા ના હોય તો તેમની ચેતના કશું કરી શકે નહિ. આમ છતાં તેઓશ્રી તેવાં જોડાંના બન્ને ભાગીદારીને કદી અવગણતા હોતા નથી, બલકે જે 'પડેલાં' છે, 'ખોવાયેલાં' છે તેને તેઓ વધુ ચાહતા હોય છે.

પૂજ્યશ્રી ચીલા તોડનારા, ઉદ્દામવાદી સુધારક છે. બહેનો સાહસિક, પુરુષ સમોવડી, સુસંસ્કૃત ને સ્વતંત્ર બને તેવું તેઓ ઈચ્છે અને તેવું સક્રિયપણે કર્યું પણ છે. આમ છતાં તેઓ સ્વચ્છંદી બને એમ ઈચ્છતા નથી. પરિણીત જીવનમાં બેમાંથી કોઈ અસહિષ્ણુ બને એમ જરા પણ સહન કરી શકતા નથી.

જો કોઈ પતિ તેની પત્ની પર જુલમ ગુજારતો હોય તો તેને તેઓશ્રી પ્રેમથી સહન કરીને પતિનો પ્રેમ જીતી લેવા પ્રયાસ કરવાનું શીખવે છે, છૂટા થવાનું હરગિજ નહિ. તેમનું આ વલણ સમાજસુધારકોના વલણથી તદ્દન ઊલટું છે, કારણ કે તેઓ તો જીવનના સર્વ પ્રસંગોને, કર્મોને, પરિસ્થિતિ અને સંજોગોને જીવનવિકાસના દ્યોતક તરીકે અપનાવી લેવાનું શીખવતા હોય છે. તેમનું અંતિમ ઉચ્ચતમ લક્ષ આધ્યાત્મિક જીવનવિકાસ છે, ઐહિક નહિ.

પતિપત્નીના સંબંધને તેઓશ્રી 'દિવ્ય સંબંધ' લેખે છે, કેમ કે 'એમાંથી દૈવી સર્જન થઈ શકે, પરંતુ આપણા સમાજમાં પતિપત્નીના જીવનની આવી દિવ્યકલ્પના ભાગ્યે જ કોઈ જોડું સમજતું હશે.'

સંસારમાં પતિપત્નીના કકળાટોનું મુખ્ય કારણ પોતપોતાની પ્રકૃતિની પરવશતા છે. પૂજ્યશ્રી તે સંબંધમાં આબાદ પૃથક્કરણ કરતાં લખે છે કે, 'બધાં જ પોતપોતાને વ્યક્ત કરવાને એક યા બીજી રીતે મથે છે, પણ તે પોતાના સ્વભાવને કે પ્રકૃતિને વશ વર્તીને. નહિ કે એની ઉપરવટ થઈને.' જેમ પૂજ્યશ્રી પત્નીને પતિનું જે તે બધું સારું નરસું સહર્ષ સ્વીકારી લેવાનું સૂચવે છે તેમ પતિને પણ એની પવિત્ર ફરજ અદા કરવાનું સમજાવે છે. ગમે તેવી પત્ની હોય પણ તેના પરત્વે માતૃત્વની ભાવના વિકસાવો એમ તેઓશ્રી કહે છે. અને આવો ભાવ પત્ની વિશે પતિમાં જાગે ત્યારે માલિકીપણાની ભાવના આપોઆપ ઓગળી જતાં અનંત સુખ મળે. આવો આદર્શ જીવનવ્યવહારમાં મૂકવાની સલાહ પૂજ્યશ્રીએ એક કિસ્સામાં આપેલી તે યાદ આવે છે. એક આધેડ વયના સરકારી અધિકારીને યુવાન પત્ની અને સંતાનો હતાં. દરમિયાનમાં પત્ની એક નવયુવાનમાં આસક્ત થઈ અને છૂટાછેડા લેવાની હદ સુધી તૈયાર થઈ ગઈ. ત્યારે એ ભાઈ પૂજ્યશ્રીની સલાહ લેવા આવ્યા. તેમણે સલાહ આપી કે, 'તમારી પત્નીને છૂટો દોર આપી દો તેના માર્ગની આડે આવશો નહિ. અને તે થાકી જાય અને તમારી પાસે પાછી આવવા માગે તો તેને પ્રેમથી સ્વીકારજો.'

આ ઉપરથી આપણાં પુરાણોમાંનું એ દૃષ્ટાંત યાદ આવે છે. એક પતિ ચાલી શકવાને તદ્દન અસમર્થ હોવા છતાં પરદારામાં આસક્ત હતો. તેથી તેના એવા સુખ માટે પણ તેની પત્ની પોતાના પતિને ટોપલામાં બેસાડી પોતાના માથે મૂકીને પરદારાને ત્યાં લઈ જાય છે ! જોકે આવાં પતિપત્ની અપવાદ રૂપે જોવા મળે છતાં *'ત્યાગસ્ત્યાગાચ્છાન્તિરનન્તરમ્'* (ગીતા ૧૨।૧૨) એ સત્ય છે. ત્યારે પૂજ્યશ્રી મોટાના આ અંગેના વિચારો કેટલા બધા સુખકર, જીવનપોષક અને જીવનવિકાસને દ્યોતક છે, એ પુરવાર થાય છે.

આમ, પૂજ્યશ્રીનો હેતુ જે જે સ્વજનોમાં ભેદ હોય, ત્યાં અભેદ પ્રગટાવવાનો છે, પણ સ્વજનો તેમનાં હૃદયદ્વાર બંધ કરી દે તો પૂજ્યશ્રીની શક્તિ શી રીતે કામ કરી શકે ? તેઓશ્રી કહે છે, 'પતિપત્નીના જીવન બે નથી એક છે-જેમ ગુરુ-શિષ્યના જીવન એક છે. તેમ...તમે જેટલા આનંદથી તેનામાં એક થશો તેટલા તમારા જીવનસાથી તમારામાં એક થવાના છે...પણ આપણી લાલસાઓ, માની લીધેલી જીવનની સમજણો, માન્યતાઓને આપણાં બધાંનો જડ સ્વભાવ તે સામે બળવો કરે છે ને આપણને ઉદ્વેગ કરાવે છે.'

* * *

## મારા જેલના સાથી

### શ્રી શાંતારામ વૈદ્ય

(વ્યવસાયે સુરતના વૈદ્ય અને નાઝર આયુર્વેદિક કૉલેજના ભૂતપૂર્વ પ્રોફેસર.)

સન ૧૯૩૦ની સાલમાં કૉંગ્રેસમાં જોડાવું એટલે માર ખાવા જોડાવાનું. તે વખતે હું ઓગણીસ વર્ષની અંદરનો હતો. ત્યારનું જેલજીવન પાછળના વખતમાં હતું તેવું આરામદાયક કે હવાખાવાનું સ્થળ ન હતું. ત્યાં તો કોણ જાણે કેવી રીતે પણ મને ચૂનીભાઈ ભગતનો ભેટો થઈ ગયો. સાવ એકલા, કદાચ

પોતાની જાતમાં ખોવાઈ ગયેલા, કોઈ જાતની લપ્પનછપ્પન વિનાના તેઓ મને લાગેલા. જાણે કશામાં જ તેમને રસ ન હતો. એટલે એવા માણસની સાથે ટીખળ કરવાનું સૌ કોઈને ગમે. તેમને ચીઢવવા હું પ્રયત્ન કરતો, પણ મને કદાપિ સફળતા મળેલી નહિ. મને નવાઈ લાગતી કે આવા માણસને તપાવવા પ્રયત્ન કરીએ તોયે તે ટાઢાબોળ કેવી રીતે રહી શકતા હશે ? પણ અમારો સત્સંગ વધુ ના ચાલ્યો. જેલબદલીમાં તેઓ ક્યાંક ચાલ્યા ગયા. તેમની ગેરહાજરી મને સતત સાલતી રહી અને મારા માનસ ઉપર એક એવી છાપ રહી ગઈ કે તેઓ અહીં રહ્યા હોત તો સારું, પણ ત્યાર બાદ જેલમાંથી છૂટ્યા પછી પણ તેઓ ક્યાંથી આવ્યા હતા અને ક્યાં ગયા હશે તેનો પત્તો નહિ લાગેલો. વીસ વર્ષ બાદ અણધાર્યા સંજોગોમાં તેમનો ભેટો થયો ત્યારે તેમને હું ઓળખી પણ નહિ શકેલો. દરમિયાન સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય તરફથી એક નાની કાવ્યની પુસ્તિકા 'મનને' વાંચવા મળેલી. પણ તેના લેખક કોણ હતા તે તો ઉપર લખેલું ન હતું. છતાં તે કાવ્ય મને વાંચવાનું ગમ્યું. ઘણા વખત બાદ તેના લેખક શ્રીમોટા હતા તેવું જાણવા મળ્યું. પણ તેઓ જ મારા જેલના સાથી હતા તે વીસરાઈ ગયેલું. જેલમાંથી છૂટ્યા બાદ ઘણા મિત્રોને તેમને વિશે ઉત્સુકતાથી પૂછેલું પણ કશા જ વાવડ મળતા નહિ.

વર્ષો વિત્યાં બાદ નડિયાદ મહાગુજરાત હૉસ્પિટલમાં હું આર.એમ.ઓ. હતો ત્યારે મારી પાસે એક દરદી આવ્યા. વળી, તેઓ તો કવિ હતા. કૃષ્ણમૂર્તિના સારા અભ્યાસી પણ જણાયા. તે શ્રી મૂળજીભાઈ ભક્ત હતા. પાછળથી તેમની સાથે ઘણી જ આત્મીયતા માણી વાતવાતમાં એક દિવસ મારાથી પુછાઈ ગયું કે ચૂનીલાલ ભક્ત કરીને એક ભાઈ અમારી સાથે જેલમાં હતા, તેઓ બિલકુલ ખિજાતા નહિ. હાલ તેઓ ક્યાં છે તેની માહિતી મળતી નથી. તેમના વિશે તેઓ કંઈ જાણતા હતા કે કેમ ? તેમણે તરત જ કહ્યું કે તેઓ તો તેમના મોટા ભાઈ થાય અને હવે તો તેઓ એક મોટા સાધક થઈ ગયા છે. અને યોગમાર્ગમાં ઘણા જ આગળ નીકળી ગયા છે. તેમના ગુરુઓની વાત પણ તેમણે મને કરી. મને તે બધું જાણવામાં બહુ આનંદ આવ્યો. અને તેમને મળવાનો ઉત્સાહ પણ વધી ગયો. મેં તેમને કહ્યું કે તેઓ અહીં આવે તો તેમની સાથે મને ભેટો કરાવી આપજો. એક શુભ પ્રભાતે ઘણા જ વહેલા મૂળજીભાઈ એક ભાઈ સાથે સીધા જ મારા ઘરે આવીને ઊભા રહ્યા, અને મને કહે કે આમને ઓળખો છો ? આ મારા મોટા ભાઈ ચૂનીભાઈ ભક્ત અને મારા આનંદનો તો પાર ના રહ્યો. અમે ભેટી પડ્યા. તેમને હવે બધાં 'મોટા' કહેતા. અને તેમનું ભક્તમંડળ પણ ઘણું વિશાળ હતું. તે મને ધીમે ધીમે સમજાયું. એવી એક મંડળીમાં મને મૂળજીભાઈ લઈ ગયા ત્યારે તેમના પ્રત્યેનો તેમના ભક્તોનો ભાવ જોઈને હું દંગ રહી ગયો, અને 'મોટા' પણ પોતાના ભક્તમિત્રોને મળતાં અડધા અડધા થઈ જતા મેં જોયા. મારામાં જબરું મંથન શરૂ થઈ ગયું. એક બાજુ મારું અતડાપણું અને બીજી બાજુ *મોટા*નો ઊભરાતો પ્રેમ. મને *મોટા* માટે ઘણું માન વધી ગયું. પણ એક દિવસ હસતાં હસતાં મેં તેમને કહ્યું કે *મોટા*, હું તમને ગુરુ તરીકે નહિ સ્વીકારી શકું. આપણો સંબંધ તો જેલમાં હતો તેવો મિત્રોનો જ રહેશે. મને તો આજે પણ તમારી મશ્કરી કરવાનું મન થાય છે ! તેમણે ખુશીથી મારા ભાવને સ્વીકાર્યો અને કહ્યું કે હા, આપણો સંબંધ પહેલાં હતો તેવો જ રહેશે. ઘણા વખત બાદ મને સમજાયું કે *મોટા* સાથે જુદા પ્રકારનો મૈત્રીસંબંધ રાખવો યોગ્ય કહેવાશે નહિ. તો આજે પણ તેમની સાથે મારો કેવા પ્રકારનો સંબંધ છે તે નક્કી નથી

કરી શકાતું, પણ કોઈક પ્રકારનો સંબંધ તો છે જ તે ચોક્કસ. જૂના જમાનાના ગુરુઓની જેમ *મોટા* કંઈ ગંભીર મુખમુદ્રા ધારણ કરી કેવળ પરલોકનો જ ઉપદેશ કરનાર આચાર્ય નથી. સામાન્ય માણસની સામાન્ય અને અસામાન્ય એવી બધી મુશ્કેલીઓનો તેમને ખ્યાલ છે. અને તેવાની સાથે તેવી કક્ષાએ નીચે ઊતરીને તેઓ વાત કરતા હોય ત્યારે આપણને એમ લાગે છે કે આ તો પાકા સંસારી છે. આજે આપણા સમાજને બેઠો કરવાનું જે મિશન તેમણે સ્વીકાર્યું છે અને તેને માટે તેઓ રાતદિવસનો જે પુરુષાર્થ કરી કરી રહ્યા છે, તે સ્પષ્ટપણે બતાવે છે કે આજના યુગના સંતો કેવા હોવા જોઈએ. પોતે જે કામ સ્વીકાર્યું છે, તેમાંથી તેઓ ગમે તેવી મુશ્કેલીઓમાં પણ જરાયે ચસે એવા નથી. ગુજરાતના પૌરુષને ઉજાળવા જે અનેકદેશીય પ્રવૃત્તિઓ તેમણે આદરી છે તે કેવળ 'અદ્ભુત' સિવાય બીજા કોઈ વિશેષણથી નવાજી નહિ શકાય. પોતાના ખિસ્સામાં એક કાણો પણ પૈસો ન હોય તે માણસ પાસે લાખો રૂપિયા ક્યાંથી આવતા હશે અને કેવી રીતે આવતા હશે તેનો વિચાર આપણને આવે છે ? એ કાંઈ સોનાચાંદીના ઢગલામાં આળોટતા ધનિકોની તિજોરીમાંથી નથી આવતા.

દુનિયામાં સારી રીતે ઘડાયેલા એક સદ્ગૃહસ્થની જેમ પોતાના ભક્તોના અંગત, કૌટુંબિક, સામાજિક, આર્થિક વગેરે અનેક પ્રકારના પ્રશ્નોમાં ઝીણવટભર્યો રસ લઈને તેમને યોગ્ય દોરવણી આપતા જોઈએ તો નવા આગંતુકને તો પ્રશ્ન થાય કે આ કયા પ્રકારના સંત હશે ? કાળક્રમે મને તેમની સાધનાવસ્થાના જુદા જુદા પ્રસંગો જાણવા મળ્યા અને કેટલીક બુદ્ધિમાં ઊતરે નહિ તેવી વાતો પણ સાંભળી છે. આપણી શક્તિઓની ઉપરવટની પણ કોઈ સત્તા જરૂર અસ્તિત્વ ધરાવે છે અને તે कर्तुं, अकर्तुं, अन्यथाकर्तुम् પણ હોઈ શકે છે, પણ શંકાશીલ જીવને તો ગમે તેટલી પ્રતીતિજનક દલીલ કરો કે પ્રત્યક્ષ હકીકત બતાવો પણ તેવા જીવ ભાગ્યે જ એકના બે થતા હોય છે ત્યારે બહુ ડાચાકૂટ કરવાનો અર્થ નથી હોતો અને ચૂપ રહેવું તે જ ઉત્તમ ઉપાય લાગે છે.

*મોટા*ની માનવતા પ્રત્યે મને ભારે આદર છે, કદાચ તેમનામાં રહેલી દિવ્યતાનો અનુભવ કોઈને ના થાય એવું બને, પણ તેમની માનવતા જોતાં પણ અંતર તો જરૂર જ નમી પડે.

મારી બીજી દીકરીનાં લગ્ન નડિયાદમાં હતાં ત્યારે તેમને કંકોત્રી આપવા જાતે જ જવું જોઈએ, પરંતુ સંસારી રીતે આટોપવાના પ્રસંગમાં બોલાવવા મને યોગ્ય નહિ લાગેલું. એટલે મેં તેમને ટપાલમાં કંકોત્રી મોકલેલી. બહુ બહુ તો તેમના લેખિત આશીર્વાદ મળે તોપણ મને ઘણો સંતોષ થાય, પણ અમારા બધાંની નવાઈ વચ્ચે લગ્નના ટાણે *મોટા* જાતે જ આવીને હાજર થઈ ગયા અને મારી આંખો આંસુથી ઊભરાઈ ઊઠી. 'અરે, હું કેવો નાલાયક ! તેમને રૂબરૂ આમંત્રણ આપવા પણ ન ગયો અને તેઓ કેટલા ઉદારદિલ કે સામે ચાલીને મારાં બાળકોને આશીર્વાદ આપવા પધાર્યા ?'

અહીં સુરતમાં ચારેક વર્ષ ઉપર એક વેપારી ભાઈને ખોટ ગઈ અને મારા તેમને ત્યાં રોકેલા પૈસા સલવાઈ પડ્યા. કોઈ રીતે *મોટા*ના જાણવામાં તે વાત આવી અને તે ભાઈ *મોટા*ના શિષ્ય હતા, એટલે *મોટા*એ તેમને કહ્યું કે, 'ભઈલા, કોઈ પણ રીતે તેના પૈસા આપી દેજે. તેના પૈસા ના રખાય.' અને મને ખબર મળી છે કે વારંવાર આ વાત *મોટા* તે ભાઈને યાદ કરાવતા રહ્યા છે. આ વસ્તુને મારે શી રીતે સમજાવવી ?

બીજો એક પ્રસંગ છે તેમનાં સહોદરની દીકરી અમારી આયુર્વેદિક કૉલેજમાં ભણે. તે દીકરી લગ્ન બાદ તેના ઘરે ગઈ અને તેની છેલ્લી પરીક્ષામાં તેને પાસ કરવાની ભલામણ કરવા તેના સસરા મારે ઘેર આવ્યા ! તેમને દીઠે હું ઓળખું નહિ એટલે તેમનું ઓળખાણ આપીને તેમણે મને *મોટા*ના સંબંધના નાતે ભારપૂર્વક આગ્રહ કર્યો. મારા ગુસ્સાનો તો પાર ન રહ્યો. માત્ર એટલો જ જવાબ આપ્યો કે આવી બાબતમાં તમારે ભલામણ કરવા આવવાનું ન હોય. બીજું શું કહું ? આ વાત જ્યારે *મોટા*ના જાણવામાં આવી ત્યારે તેમને ઘણું દુઃખ થયું અને મારી માફી માગતો તેમણે એક પત્ર લખ્યો કે મારું માથું શરમથી ઝૂકી જાય છે. તેમનું આવું લખવાથી તો ઊલટાનું મારું માથું વધુ ઝૂકી ગયું ! *મોટા* સિવાય કયા સંત આવું લખે ?

હું નડિયાદ છોડીને સુરત ગયો. તે બાદ થોડા અરસામાં લગભગ પંદર વીસ વર્ષ પહેલાં એક દિવસ તેમના આશ્રમે અચાનક જઈ ચઢ્યો. મને હેમંતભાઈએ કહ્યું કે *મોટા*ની સ્થિતિ ઠીક નથી. એટલે હું તેમને મળ્યા વિના જ પાછા જવાનો વિચાર કરી રહ્યો હતો. તેવામાં હેમંતભાઈને કંઈક યાદ આવ્યું કે *મોટા*ને કોઈક રીતે હું વૈદકીય મદદ પહોંચાડી શકું એમ બને, અને તેઓ મને તેમની પાસે લઈ ગયા. તેમને શ્વાસની તકલીફ ને હાંફ જેવી સ્થિતિને કારણે મને સાચે જ દુઃખ થયું પણ ત્યાં જંગલમાં હું શું કરી શકું ? દવા તો મારી પાસે હોય જ ક્યાંથી ? એટલે રસોડામાંથી મેં થોડો અજમો અને આદું મંગાવ્યું. બાગમાંથી તુલસીનાં પાન તોડી લાવ્યો અને જરા બહાર નજર કરી તો ત્યાં ધતૂરો જોવા મળ્યો. (તે ઝેરી છે, પણ અમુક સ્થિતિમાં સરસ કામ પણ કરી શકે છે.) પ્રમાણસર બધું મેળવી તેને લસોટી તેનો રસ કાઢ્યો અને મધ નાખીને *મોટા*ને પાઈ દીધું અને એકાદ બે માત્રામાં તો તેનો પ્રભાવ જોવા મળ્યો. *મોટા*નો દમ બેસી ગયો અને તેમને બોલવાની તકલીફ પણ ઓછી થઈ ગઈ. હેમંતભાઈ તો ખૂબ રાજી થયા. *મોટા*ને પણ રાહત લાગી અને મને પણ *મોટા*ની આવી ઈમરજન્સિમાં કંઈક કરી શક્યાનો સંતોષ થયો. અહીં સુરતમાં આવીને પણ મને તેમની દવા કરવાનું સૌભાગ્ય મળ્યું છે. *મોટા*ને આયુર્વેદ માટે ઘણો જ પ્રેમ છે અને મારી એક ચોપડીની તે કારણે તો તેમણે મને મઝાની પ્રસ્તાવના લખી આપી છે. અને આયુર્વેદ યુનિવર્સિટીને પણ સારી એવી મદદ રીસર્ચ માટે આપી જ છે.

પહેલાં તો તેઓ ‘ભક્ત’ હતા. હવે તેઓ કર્મયોગી બની રહ્યા છે. આજે તેમના આવા યોગની સમાજને જરૂર પણ ઘણી છે. છતાં ઉપરના વર્ગથી બહિષ્કૃત થયેલ સામાન્ય જનસમાજને તેમની જરૂર પહેલાં કદી ન હોય તેવી આજે છે, તેવું નહિ હોય ? તેમની ઉત્ક્રાંતિનાં હવે પછીનાં કયાં પગથિયાં હોઈ શકશે તે આજે આપણે શું જાણીએ ? સામાન્ય માનવને બેઠો કરવા તેમની ભાંગેલી કમરે આજે *મોટા*એ જે કમર કસી છે, તેનો જોટો જડે એમ નથી, પણ પાછા ક્યારે તેઓ પોતાના એકાંતમાં ખોવાઈ જાય, તે વિશે શું કહેવાય ?

વૈદરાજ બાપાલાલની ષષ્ઠિપૂર્તિ મહોત્સવમાં અમે તેમને અતિથિવિશેષ તરીકે લઈ આવેલા. *મોટા*ની વિચારસરણી પ્રત્યે ત્યારે બાપાલાલભાઈને પ્રેમ ન હતો. છતાં એ પ્રસંગે *મોટા*એ ઘણા જ પ્રેમપૂર્વક એમને બિરદાવેલા. રાગદ્વેષથી *મોટા* કેવા અલિપ્ત છે તે આ પ્રસંગથી મને સમજાયું.

અમારો એકબીજા સાથેનો તંતુ અવિચ્છિન્ન છે. તેમની સાધનાપદ્ધતિ સાથે કદાચ મારી ઉપાસનાનો ઓછો મેળ બેસે. છતાં તેમના મૌનએકાંતનો શરીર, મન, આત્મા ઉપર કેવો પ્રભાવ પડે છે, તેનો સ્વાનુભવ કરવા માટે એક વખત હું તેમના મૌનમંદિરમાં બેઠો છું. તે વખતે મેં તેમને જણાવેલું કે હું મારી રીતે તેમાં સમય ગાળીશ. તેમણે પ્રેમપૂર્વક મારી રીતે વર્તવાની મને છૂટ આપેલી, એટલું જ નહિ પણ મારા ગુરુની દોરવણી મુજબ મારે તેમાં વર્તવું જોઈએ તેવું મને લખેલું. આ તેમનાં દર્શનની Catholic-(કૅથલિક)-વ્યાપક ઉદારતા છે અને એટલે પણ *મોટા* મને વિશેષ ગમે છે.

* * *

## સાચો રાહ

### શ્રી લલ્લુભાઈ હરિભાઈ પટેલ

બી. એ., એલ એલ. બી.

(સુરત જિલ્લા લોકલ બોર્ડના ભૂતપૂર્વ પ્રમુખ અને કતારગામના કૉંગ્રેસના જૂના કાર્યકર.)

પૂજ્ય મોટા સાથેનો અમારા કુટુંબનો સંબંધ ઘણાં વર્ષો જૂનો છે. અમારા મોટા ભાઈ ભીખુભાઈ તો કુટુંબકબીલો છોડી જહાંગીરપુરાના હરિઃૐ આશ્રમમાં વર્ષો થયાં ધૂણી ધખાવીને બેઠા છે. અને તેમણે તેમનું સર્વસ્વ *મોટા*ને ચરણે આશ્રમ પ્રવૃત્તિ માટે અર્પી દીધું છે. પોતાનો નાનકડો બંગલો, જમીન તથા બીજું જે કાંઈ હોય તે વેચીને તેનાં તમામ નાણાં આશ્રમને સ્વહસ્તે આપી દીધાં છે. આ માટે એમનો કેટલો ઉદાત્ત ભાવ હશે, એમને *મોટા*નામાંથી કેટલું ઊંચું અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત થયું હશે કે આ છોડી તેમણે આશ્રમને બધું ચરણે ધરી દીધું છે ! ભીખુભાઈ એમનાં પત્ની વિદ્યાબહેન ગુજરી ગયાં પછી એકલા જ છે, પરંતુ એમણે આશ્રમને પોતાનું ઘર બનાવ્યું છે અને આશ્રમવાસીઓને એમના પરમ સ્નેહી કુટુંબીઓ બનાવ્યાં છે.

શ્રી વિદ્યાબહેન દિવસોના દિવસો સુધી મૌન રાખતાં. વિદ્યાભાભી એ વિશે જ્યારે વાત કરતાં ત્યારે બહુ તલ્લીન થઈને કહેતાં કે દીપકની જ્યોત સામે એકધારી રીતે ત્રાટકી રહી કલાકો પછી એ દીપકની જ્યોતિમાંથી એક પ્રકારનો પ્રકાશપુંજ નીકળી આપણા હૃદયની જ્યોત સાથે મળી જીવનમાં એક અદ્‌ભુત ચૈતન્ય આવી જાય છે. આની પાછળ એ બન્નેની અડગ શ્રદ્ધા કામ કરી જાય છે. આવી શ્રદ્ધા અમારાં માજી અને બહેન કીકીબહેનમાં પણ છે. એ લોકો પણ અવારનવાર મૌનમાં બેસે છે. માજી તો ઘણી વાર 'vaccum' પૂરવા પણ જતા. હવે તો વારો આવતો નથી. માજી પણ ભગવાનમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખી આખો વખત ભજનકીર્તન અને પ્રાર્થના આદિ કરે છે અને *મોટા*ની એમના ઉપર પણ ભારે અસર છે. કુસુમબહેન પણ ઘણી વખત મનની શાંતિ માટે આશ્રમમાં રહી મૌન પાળે છે. મનને શાંતિ તો મળે છે, પરંતુ તે ભૌતિક વસ્તુઓ છોડી કેવી રીતે આધ્યાત્મિક જ્ઞાન મેળવે છે, તેનું હૂબહૂ વર્ણન એમણે

એમના મૌન વિશેના અનુભવ વર્ણનમાં કર્યું છે. હજી મને આ મૌનનો અધ્યાત્મઆનંદ મળ્યો નથી. ક્યારે મળશે તે ભગવાન જાણે. આમ, અમારા કુટુંબમાં *મોટા*ની સુંદર છાયા છે તથા અમે બધાં કૃતકૃત્ય છીએ. પ્રભુ તેમને દીર્ઘાયુ બક્ષે અને જનતાનાં કામ કરવા વધારે શક્તિ અર્પે. આજે જ્યારે જગત અને તે સાથે ભારત પણ ઊંધી દોટ મૂકી રહ્યું છે તેને સાચા રસ્તે દોરવી રહે !

* * *

## આર્ષદ્રષ્ટા

### પ્રા. ધીરુ ડોબરિયા

એમ.એ.

(વલ્લભ વિદ્યાનગર આણંદમાં ગુજરાતીના અધ્યાપક શ્રી ધીરુભાઈએ પૂજ્યશ્રી વિશે ત્યાંના વિદ્યાર્થીઓમાં રસ પેદા કર્યો છે. એ રીતે પૂજ્યશ્રી સાથે સંકળાયેલા બુદ્ધિજીવી યુવાન છે.)

વિશ્વ અત્યારે એક એવા તબક્કે આવીને ઊભું છે કે માનવીય મૂલ્યોની પહેલાં જેટલી જરૂર નહોતી જણાઈ તેનાથી આજે અનેકગણી આવશ્યકતા ઊભી થઈ છે. વિજ્ઞાનની રૉકેટગતિને કારણે વર્તમાન સમયમાં માણસ પોતે ભૌતિકતાની સામે વામણો બનીને ઊભો છે. દેખાતી પ્રગતિમાંથી જન્મેલાં દૂષણો જ મનુષ્યને ભરખવા ખડાં છે. મનુષ્યનું આત્મસ્થૈર્ય (આત્માની સ્થિરતા) ડગુમગુ થયું છે. એણે જે કંઈ સર્જન કર્યું છે, એમાંથી બળ મેળવી શકે એમ નથી. અલબત્ત, જીવનમાં સરળતા સાંપડી છે, પરંતુ જીવનનીપજ કંઈ દેખાતી નથી. વિમાસણ અને આતંક વધતા જાય છે. મનુષ્યના વ્યક્તિત્વનો ચમકાર ઝાંખો બની રહ્યો છે. આ બધાંમાં ચિંતાજનક વસ્તુ તો એ છે કે જે કંઈ થઈ રહ્યું છે, એમાં સમાજને કંઈ વાંધાજનક જણાતું નથી.

શ્રીમોટા સંસારની વચ્ચે રહીને જ સાક્ષાત્કારના પ્રગટીકરણની પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. સમાજની આધારશીલા વિના ધર્મ કે આધ્યાત્મિકતા જીવનનો સ્તંભ શી રીતે બની શકે ? ભૌતિકતા જ જો સર્વસ્વ હોય તો અતિ સમૃદ્ધ પશ્ચિમના દેશો, વિશ્વના માર્ગદર્શકો બની શક્યા હોત, પરંતુ તેનાથી ઊલટું બની રહ્યું છે. શ્રીમોટાએ આ વસ્તુને બરાબર જોઈ લીધી છે. તેથી સમાજમાં ગુણ-ભાવનો વિકાસ થાય એ માટે શું શું થવું જોઈએ, એ અંગે જે કંઈ કરવાની પ્રેરણા એમને થઈ એ બધું કરવા હામ ભીડી છે. પછી તે ઉત્તમ પુસ્તકોનું પ્રકાશન હોય કે તરણસ્પર્ધા હોય કે વિજ્ઞાન ક્ષેત્રે કલ્યાણકારી સંશોધન હોય. એ બધાંને શ્રીમોટાએ ઝળકાવ્યાં છે. સાહસ, શૌર્ય, અભય વિનાની વ્યક્તિ કરોડરજ્જુ વિનાના માણસ જેવી છે. વ્યક્તિના યૌવનકાળમાં થનગનાટ અનુભવી ન શકાય, ગર્વભેર પોતાની શક્તિઓના મદાર પર ઊભા રહેવાની હિંમત ન સાંપડે, એ સમાજ-રાષ્ટ્રને માટે શું કરી શકવાનો છે ? અને ધાર્મિકતાનો 'ડૉઝ' કે કથા પારાયણ પણ શું કરાવી શકે ? *મોટા*ની આર્ષદૃષ્ટિએ એ જોઈ લીધું છે. તેથી ઉપદેશ કથાકીર્તનની જગાએ પાયાના સંસ્કારો રેડાય છે. એવા કાર્યક્રમો અને તેને માટે જોઈતું ધન પૂરું પાડી રહ્યા છે.

અત્યાર સુધી અધ્યાત્મવાદી સંતો-મહંતોએ સંપત્તિને અનેક સ્વરૂપે વર્ણવીને એ ‘માયા’થી દૂર રહેવા માટે ઉપદેશ આપ્યો છે. ઈશ્વરાનુભૂતિના માર્ગમાં ભૌતિકતા બાધક છે, એમ પ્રતિપાદિત કર્યું છે, પરંતુ શ્રીમોટાએ તો એનો નિમિત્ત ગણીને સ્વીકાર કર્યો છે. એટલું જ નહિ પણ વિજ્ઞાનની સહાયથી ઉત્તમ શોધ દ્વારા જો માનવજીવનને ઉપયોગી એવી વસ્તુ પ્રાપ્ત થતી હોય તો તેનો સહજ રીતે સ્વીકાર કરવો અને એવું સંશોધન કરનાર વ્યક્તિઓને નવાજવી ! બીજી બાજુ વિજ્ઞાનમાં શ્રદ્ધાવાદીઓ આધ્યાત્મિકતાની ઉપેક્ષા કરતા રહ્યા છે. એ બન્ને વિચારસરણીઓ જીવનના બે છેડાઓ (extremes) દેખાય છે, પરંતુ *મોટા*ની કાર્યરીતિને કારણે તો વિજ્ઞાન-અધ્યાત્મનો સમન્વય થતો જોવા મળે છે. જીવનનું અંતિમ લક્ષ્ય એ આધ્યાત્મિકતા છે. તો વિજ્ઞાન-ભૌતિકતા એ સાધન છે.

ઉત્તમ સાધન વિનાની સિદ્ધિ દુષ્કર છે. મુશ્કેલ છે. વ્યક્તિની જે માગ છે એવી પૂર્તિ જેટલી સહજ અને સરળ બને તેટલું એ વિજ્ઞાનના સહારાથી પ્રાપ્ત કરી લે તો એને પ્રસન્નતા મળવાની છે. પાર્થિવ ગતિથી બીજી અનેક માગણીઓ ઊભી થવાની છે એવી દહેશત અહીં કોઈને થાય પણ ત્યાં જીવનના સાચા રસાયણની વાત પણ *મોટા*એ કરેલી જ છે. એટલે એ ભયને સ્થાન નથી. સમન્વયની ભૂમિકા પર રહીને એમણે કાર્ય આરંભ્યું છે. સંસાર અને સંન્યાસમાંથી પોતે એક પણ છેડે નથી. માત્ર ગુણ-ભાવની વાત નથી કે પર્વતો, નદીઓ, સમુદ્રો જ ખૂંદવાનો આગ્રહ નથી. એ સર્વમાંથી તો વ્યક્તિને જીવન સાંપડે, સમાજનો આત્મા સભાન અને કરુણાવાન બને એ અપેક્ષિત છે. આજે તો વ્યક્તિનું જીવન એ જ જાણે સમગ્ર વિશ્વ હોય એવું જોવા મળે છે. એથી, એના ચેતોવિસ્તારમાં-સમગ્ર જીવનમાં વ્યક્તિની સંકળામણ છે. વ્યક્તિની મર્યાદાની દીવાલ તૂટે, એની ક્ષિતિજો વિસ્તરે, એનામાં માનવીય મૂલ્યોની સ્થાપના થાય એ માટે ઉપદેશોને સ્થાને સ્વકર્મે સદ્‌ગુણો સ્થાપે એવો અવસર ઊભો કરી આપવો એ પવિત્ર કાર્ય છે. અને શ્રીમોટાએ એ કર્યું છે.

પોતે ક્રાંતિકારીના પરિવેશમાં જ પોતાના આગવા તત્ત્વજ્ઞાનને શબ્દોમાં નહિ પણ અનોખી યોજનામાં કાર્યબદ્ધ કરે છે. સમાજ જરીપુરાણી માન્યતાઓ અને પરંપરામાં રમમાણ છે. તેમાંથી મુક્ત કરાવવા એમણે હામ ભીડી છે. એથી તો રોગોના મ્યુઝિયમ શા શ્રીમોટા પોતાના દેહ પાસેથી જે કામ લઈ રહ્યા છે, તેને કારણે અનેકમાં બ્રહ્મનો દીપ પ્રગટાવી શકે છે.

ધર્મમંદિરોને સ્થાને મૌનમંદિરો, ઉપદેશને સ્થાને પરિશ્રમથી પ્રાપ્ત સંસ્કારોની વાત કરીને અનેક પરંપરાને એમણે તિલાંજલિ આપી છે. માણસમાં પ્રચ્છન્ન એવું જે સત્ત્વ છે કે જે માનવીનું ઊર્ધ્વગમન કરાવી શકે. એનું નિર્માણ કેટલું જરૂરી છે એનો ખ્યાલ કોણ આપી શકે ? આ બધું abstract અમૂર્ત છે. તેમ છતાં એ યોજનામાં પ્રત્યક્ષ સ્વરૂપના પૂજ્યશ્રીના સાંનિધ્યને કારણે લાખો રૂપિયા લોકોએ આપ્યા છે, પરંતુ એમનું કાર્ય તો દૂરગામી પરિણામો આપનારું છે. દૂરના સમયને નજીકમાં જોઈને કાર્ય કરનારા એવા પૂજ્યશ્રીને લાખ લાખ વંદન.

* * *

# પૂજ્ય મોટાની વ્યાવહારિકતા

## શ્રી નરસિંહરાવ પ્રભુદાસ ભાવસાર

(પૂજ્ય શ્રીમોટાને પોતાના સાધનામાર્ગમાં જો કોઈ જ્ઞાતિબંધુની હમદર્દી મળી હતી તો તે શ્રી પ્રભુદાસ કહાનદાસ ભાવસારની. શ્રી નરસિંહભાઈ એમના સુપુત્ર અને નડિયાદના કંસારા બજારના મોટા વેપારી અને ભાવસાર જ્ઞાતિના એક આગેવાન છે.)

પ્રભુકૃપાથી છેલ્લાં વીસેક વર્ષથી પૂજ્ય શ્રીમોટાના નિકટવર્તી સાંનિધ્યમાં આવવાનું બની શક્યું છે એને હું મારા જીવનનું પરમ સદ્‌ભાગ્ય ગણું છું. મને જે આ કૃપાલાભ મળ્યો છે એ મારે મન એક મોટી 'કમાણી' છે. એ કમાણીમાં પૂજ્યશ્રીનાં સંસ્મરણો છે, બોધવચનો છે, એમના જીવનઅનુભવોના અણમોલ એવા ઉદ્‌ગારો પણ છે.

સંતપુરુષો નિત્ય નિરંતર ઈશ્વરભક્તિમાં જ રચ્યાપચ્યા રહેતા હોય છે. સાંસારિક વહેવાર-તહેવારની એમને કશી તમા હોતી નથી ! એમ સામાન્ય રીતે કહેવાય છે, પરંતુ મારા જોવા-જાણવા પ્રમાણે પૂજ્ય શ્રીમોટા એક 'સાક્ષાત્કારી' સંત હોવા છતાં, સંસારની કેટલીક સાચવવા જેવી-આચરવા જેવી વ્યાવહારિક બાજુઓ પણ પ્રેમભાવથી સાચવે છે. એ જોઈને એમની વિવેકબુદ્ધિ તરફ, એમની ઝીણવટભરી વ્યવહારદક્ષતા તરફ ભારે આદરમાનની લાગણી પેદા થાય છે, અમારો એક પ્રસંગ યાદ આવે છે. અમો બન્ને ભાઈઓનાં નવાં મકાનોનું હવનવિધિ, પૂજાવિધિ, વાસ્તુપૂજન પૂજ્યશ્રીના વરદહસ્તે કરાવેલું. આ મંગળ પ્રસંગ નિમિત્તે અમે સાંજના ચંપાવાડીમાં નડિયાદની અમારી સમસ્ત જ્ઞાતિનો ભોજનસમારંભ રાખેલો. જ્ઞાતિજનોની પંગતો આગળ પૂજ્ય શ્રીમોટા પણ અનુકૂળ આસને જમવા બિરાજ્યા હતા.

મારું એવું માનવું છે કે નડિયાદની અમારી જ્ઞાતિમાં પૂજ્ય મોટા કદાચ સૌથી પહેલી જ વાર આમ જમવા બેઠા હશે !

પૂજ્ય મોટા ભાવસાર જ્ઞાતિના અને પૂર્વાવસ્થામાં નડિયાદ ભાવસારવાડમાં પણ ઘણો વખત કુટુંબની સાથે રહેલા-તેમ હોવા છતાં એમની એ વેળાની 'હરિજન-પ્રવૃત્તિ'ને લીધે જ્ઞાતિના જમણવારોમાં ભાગ લેવાનું બનતું નહિ, કદાચ 'મોટા' પોતે પણ જમણવારોમાં ભાગ લેવાનું પસંદ કરતા ન હોય એવું પણ હોઈ શકે, પરંતુ આજે આટલે વખતે તો સમય, સંજોગ અને પરિસ્થિતિનો આખો પ્રવાહ બદલાઈ ગયો હતો. 'મોટા' બે હાથ ઊંચા કરી કરીને જ્ઞાતિજનોની બધી બાજુની પંગતોને વારંવાર વંદન કરતા હતા!

લોકો સંતને નમસ્કાર કરે પણ અહીં તો હાથ ઊંચા કરી કરીને સંત લોકોને નમસ્કાર કરતા હતા, અને એ રીતે જ્ઞાતિગંગાને માથું નમાવવાની વ્યાવહારિકતાને વધાવતા હતા ! એમાં જ્ઞાતિ પ્રત્યેનો એમનો દિલનો સદ્‌ભાવ જ વરતાઈ આવતો હતો. 'સકળ લોકમાં સહુને વંદે !' એ લક્ષણ પ્રગટ થતું હતું.

એ મનોહારી દશ્ય આજે પણ અમારી સ્મૃતિના ચોકઠામાં જડાઈ ગયું છે.

પૂજ્ય મોટાની વ્યાવહારિકતાના એક બીજા પ્રસંગની વાત કરું.

'ગુજરાત ભાવસાર સમાજ'ની સંસ્થાના કાર્યવાહકોએ અમદાવાદમાં અમારી જ્ઞાતિનું એક છાત્રાલય બાંધવાનો નિરધાર કરેલો. એ માટે ફંડ-ફાળો ઉઘરાવવાનું અને આજીવન સભ્યો નોંધવાનું શરૂ કરેલું. શુભ આશીર્વાદ મેળવવાના હેતુથી અમોએ પૂજ્ય શ્રીમોટાની આગળ અમારી યોજનાની વાત કરી. પૂજ્ય મોટાને આ વાત બહુ ગમી ગઈ. ધ્યાનસ્થ રીતે આંખો ઢાળી એમણે કાર્યસિદ્ધિના અમોઘ આશીર્વાદ ઉચ્ચાર્યા. એટલું જ નહિ પણ રૂ. ૧૦૧ આપી સંસ્થાના આજીવન સભ્ય તરીકે પોતાનું નામ નોંધાવવાના શ્રીગણેશ કરાવ્યા. સંસ્થાને ભારે પ્રતિષ્ઠા મળી. અમારા ઉમંગ-ઉત્સાહનો પણ પાર ન રહ્યો. અમે વધારે વેગથી કદમ ઉપાડ્યા ! આ ઉત્તરાવસ્થામાં પૂજ્ય મોટા પૈસા ભરીને કોઈ સંસ્થાના 'આજીવન સભ્ય' બન્યા હોય એવો બીજો દાખલો જવલ્લે જ બન્યો હોય ! એની પાછળ અમારા કાર્યને વેગ આપવાની વ્યવહારદૃષ્ટિ જ હતી. એ સમજાય એવી વાત છે.

પૂજ્ય શ્રીમોટાની વિચક્ષણ એવી વ્યવહારદૃષ્ટિ દર્શાવતાં આવા તો ઘણા ઘણા પ્રસંગો બન્યા છે, અને આજની ઘડી સુધી બન્યે જાય છે.

આપણે તો સંસારી જીવ ! આપણું સંસારીઓનું જીવન તો વહેવાર વગર ઘડીભર નભી શકે જ નહિ. એટલે મને તો એમ જ લાગે છે કે આપણી વચ્ચે રહી, આપણને ખરી વ્યાવહારિકતા કેવી હોવી જોઈએ અને કેવી રીતે જાળવવી જોઈએ એનો બોધપાઠ શીખવવાનો આ બધો એમનો 'ખેલ' પણ હોય ! નહિ તો વળી 'મુક્તાત્મા'ને વહેવાર શા ને તહેવાર શા !

એમના પોતાના જ શબ્દો છે કે :

'જીવનનું ઊર્ધ્વજ્ઞાન બધું દર્શાવવાને તે,
યંત્ર માત્ર માધ્યમ છું. કશું તેમાં ન મારું છે !'

* * *

## વ્યવહાર જીવનવિકાસાર્થે

સંસારવહેવારમાં અનેક જીવો સાથે આપણો સંબંધ છે. તે તે બધા જીવો સાથે આપણે સંબંધ છે, તે તે બધા જીવો સાથે તેમનું કંઈ પણ કશું જોયા કર્યા વિના આપણે પોતાના વિકાસ ખાતર સદ્‌ભાવ પ્રગટાવવાનો છે. આપણે તેમને તેમને માટે ત્યાગ કરવાના ઉમળકાવાળાં બનવું જ પડશે. અને આપણે જ તેમને માટે પ્રેમ-ઉમળકાથી વિશેષ ને વિશેષ સહન કરવાનું જે આપમેળે આવે, તેને ઉમળકાથી તપ સમજીને આપણા પોતાના જીવનવિકાસના હેતુને અર્થે તે તે સ્વીકારીને તે તે બધું ભોગવીએ, તો જીવન ઊંચું આવી શકે. આવું આવું થવું અને કરવું એ તો નજીવો યજ્ઞ ગણાય. અને એવું જો આપણે પ્રેમભક્તિથી કર્યા કરીશું તો, તેમાંથી જ જીવનવિકાસની આગળની યોગ્યતા પ્રાપ્ત કરવાને માટે જે મોટો યજ્ઞ થવાની શક્યતા છે, તે શક્યતાનું બળ રોજબરોજનાં વ્યવહારવર્તનમાંથી, આપણાથી બનતા જતા તેવા નાનકડા યજ્ઞમાંથી થયા કરવાનું છે, તે નક્કી જાણશોજી.

('જીવનદર્શન', પૃ. ૧૫૨) **—મોટા**

* * *

# ભક્તાધીન *મોટા*

## શ્રી વિષ્ણુપ્રસાદ સો. પંડ્યા

(અમદાવાદના સાહિત્ય મુદ્રણાલયના માલિક અને પૂજ્યશ્રી તરફ આકર્ષાયેલ સ્વજન.)

તા. ૨૯-૫-૧૯૬૮ના રોજ પૂજ્ય શ્રીમોટાની મારા પ્રેસમાં નવા જર્મન ઑટોમૅટિક મશીનનું ઉદ્‌ઘાટન કરવા પધરામણી થઈ ત્યારથી અત્યાર સુધીમાં મારું સમગ્ર જીવન તેમની સાથે તાણાવાણાની માફક ગૂંથાઈ ગયું છે.

તેમણે મારા મશીનના ઉદ્‌ઘાટનનું આમંત્રણ સહજ રીતે સ્વીકાર્યું. એ મારા માટે મોટા ગૌરવની વાત હતી. આ મશીનનું ઉદ્‌ઘાટન કર્યા પછી તે હજુ સુધી ૨૪ કલાક ચાલે છે, એ પૂજ્યશ્રીની કૃપાનું પ્રતીક છે.

**થોડા વખત બાદ તેમનું પુસ્તક પૂજ્ય શ્રીમોટા જીવન—ભાવંજલિ-માનાંજલિ છાપવાનું મારે ત્યાં થયું હતું. મારે તેના પૈસા પણ લેવાના હતા. મને મન થયું કે આ પુસ્તક હું બે કલરમાં છાપું અને બીજા કલરના પૈસા ન લઉં. પૂજ્યશ્રી તથા શ્રી નંદુભાઈને આ વિચાર વિશે વાત કરી. મારી ભાવના જાણી તેઓ આનંદિત થયા, પરંતુ બે કલરમાં છાપીને પુસ્તકને વધુ સુંદર બનાવવાને બદલે પુસ્તકને એક જ કલરમાં છાપી બીજા કલરની થતી કિંમત બીજા કોઈ સ્વરૂપે મારે આપવી તેવું સૂચન તેમણે કર્યું. સાથે સાથે તેમણે સાદાઈ-કરકસરનો પૂજ્યશ્રીનો સિદ્ધાંત મને સમજાવ્યો. પૂજ્યશ્રીની સાદાઈના વિચારો કેટલા ઉચ્ચ છે, તે આ નાનકડા ઉદાહરણ ઉપરથી ખ્યાલ આવે છે.** નાનપણથી જ તેમણે તેમના જીવનને એક જુદા જ ખમીરથી ખીલવ્યું છે. બે સંસ્થાઓનું કામ જ્યારે તેઓ કરતા તે જોઈને ગાંધીજીએ તેમને પૂછેલું કે તમો બન્ને સંસ્થાઓનું કામ કેવી રીતે સંભાળી શકો છો ? તેમનો જવાબ બહુ જ સ્પષ્ટ હતો. Pitt the younger was the Prime Minister of England at the age of twenty four.

અત્યારની આપણી યુવાન પેઢી માટે આ જવાબ આદર્શ ઉદાહરણ છે. સમગ્ર જીવન દરમિયાન પૂજ્યશ્રીનાં એવાં ઘણાં ઉદાહરણો છે કે જેમાં ઈશ્વરી શક્તિ સિવાય તેઓ ઊગરી શકે તેમ ન જ હોય અને છતાં તેઓ બચી ગયા છે. પૂજ્યશ્રીની કૃપા પામેલાં ઘણાં સ્વજનોને પણ આવા અનુભવો છે અને એમાંનો એક હું પણ તેવો ભાગ્યશાળી છું.

જીવનની ફરજો બજાવતાં બજાવતાં તેમણે સાધના કરેલી. સાધનાના કાળ દરમિયાન તેઓ સ્મશાનમાં સૂતા. કડકડતી ઠંડી કે મુશળધાર વરસાદમાં પણ આ કઠિન પ્રયોગ છોડતા નહિ. ઘણી વખત નિર્જન જગાએ સાધનામાં બેસતા, ભૂખ કે તરસને સહન કરતા. દિવસોના દિવસો તેઓ આ રીતે રહી શકતા. આ તેમની મજબૂત મનોવૃત્તિના કારણે જ કરી શકતા. મેલી વિદ્યા કે પ્રેત વિદ્યા કદીયે તેમણે વિચારી નથી. પવિત્ર હેતુથી જ તેમણે સાધના શરૂ કરેલી અને પોતાની સાધના વડે જનસમુદાયને કેમ બેઠો કરવો તે જ ઇચ્છા રાખી હતી, અને પવિત્ર આશય વડે કરેલી સાધના આજે તેમના હરેક કાર્યમાં બર આવી

રહી છે. પોતાની ફરજોમાંથી વિમુખ થયા સિવાય તેમણે આ સાધના કરેલી અને આ બન્ને વસ્તુઓનો સમન્વય જ તેમના જીવનનું એક ખમીરવંતું પ્રકરણ છે.

શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં વર્ણવેલો કર્મયોગ અને પૂજ્ય શ્રીમોટાનો જીવનયોગ બન્ને સમાંતર રીતે રહે છે. જીવનમાં સરળતામાં તથા કઠિનાઈઓમાં સુખ અને દુઃખમાં અનુકૂળતા તથા પ્રતિકૂળતામાં દરેક વ્યક્તિએ પોતાનો સંસાર-સમાજ તથા કુટુંબીજનો માટેનું કર્તવ્ય કદી વીસરવું ન જોઈએ. હરેક અવરોધ આપણી શક્તિઓને માપવા માટે તથા તેમાંથી નવી શક્તિ પ્રાપ્ત કરવા માટેના માપદંડ સમાન હોય છે. ઊર્ધ્વ જીવનની સાધના કરતી દરેક વ્યક્તિએ સાધના માટે જે લક્ષ આપવાનું હોય છે, તેનાથી પણ વિશેષ લક્ષ રોજબરોજનાં પસાર થતાં રહેતાં વર્તન અને વ્યવહારમાં રાખવાનું હોય છે. આવી રીતે જીવનમાં જે અનુભવો થયા હોય છે, તેમાંથી કાંઈક નવું બળ જીવનને ઘડવા માટે મળતું હોય છે. આથી જ પૂજ્યશ્રી આને જાગૃતિયોગ પણ કહે છે. શ્રીઅરવિંદના પૂર્ણયોગના પાયાના બધા જ સિદ્ધાંતો સાથે પૂજ્યશ્રીની વિચારસરણી પણ સામ્ય ધરાવે છે.

ગુજરાતી સાહિત્યમાં પત્રો દ્વારા પોતાના સાધકોને આધ્યાત્મિક જ્ઞાન આપવું તેનો સૌ પ્રથમ યશ શ્રીમદ્ રાજચંદ્રને ફાળે જાય છે, પરંતુ પોતાની આગવી રીતે અને નવી ઢબથી ઊર્ધ્વ જીવનની શિક્ષા પૂજ્ય શ્રીમોટાના પત્રસાહિત્ય દ્વારા મળે છે. પત્રો દ્વારા પોતાના વિચારો સાધકોને સમજાવી તેમને ઊર્ધ્વ જીવન તરફ વાળવા એ ગુજરાતી સાહિત્યમાં અનોખી ઘટના છે. ગુજરાતી સાહિત્યના ચિંતનાત્મક પત્ર-સાહિત્યમાં પૂજ્ય શ્રીમોટાનું નિરૂપણ ભાષાની દૃષ્ટિએ તેમ જ એક લેખકની શૈલીથી વિશિષ્ટ સ્થાન ધરાવે છે. ભૂતકાળમાં સંતો, મુનિઓ અને ધાર્મિક જ્ઞાન ધરાવનારા પંડિતો ધાર્મિકતા તેમના મગજમાં રાખતા. કદી પણ તેનું મુદ્રણ કરાવતા નહિ. જ્યારે પૂજ્યશ્રી તો તેમના દરેક વિચારને અક્ષરદેહ આપતા ખચકાતા નથી. ભવિષ્યમાં તેઓ આપણી સાથે હશે કે નહિ હોય, પરંતુ જે સાહિત્ય તેમણે ગુજરાતી પ્રજાને આપ્યું છે, તેને માટે જનસમુદાય તેમનો ઋણી જ રહેવાનો.

પૂજ્યશ્રીની પ્રવૃત્તિઓ અન્ય ધર્માચાર્યો કરતાં કાંઈ જુદા જ પ્રકારની હોય છે. 'મારે સમાજને બેઠો કરવો છે.' આ તેમના શબ્દો છે. આર્થિક મદદથી જ સમાજ વધુ સુધરી શકે તેમ તેમનું માનવું નથી. તેઓ માને છે કે બાળકથી માંડીને આબાલવૃદ્ધ વગેરેને એવા પ્રકારની કેળવણી મળવી જોઈએ જેમાં ગુણ અને ભાવ ખીલે. આને માટે તેમણે પ્રામાણિક પ્રયત્ન કર્યા છે. આવી ઊંડી હૈયાસૂઝ ધરાવનાર વિરલ યોગીને ગુજરાતની પ્રજા કદીએ ભૂલી શકશે નહિ.

ઈશ્વરનું નામ સ્મરે તે જ સંત એ વ્યાખ્યા તેમણે ખોટી ઠેરવી છે. ઈશ્વરના નામસ્મણની સાથે લોકોને શું જરૂરી છે અને કયાં સાધનો વડે લોકો વધુ સજાગ થાય તે વિચારીને તેમના હૃદયમાં સાચી સૂઝ પ્રગટાવે તે જ ખરો સંત.

* * *

# ઉન્નતગામી જીવન

## શ્રી 'મ'

(આ લેખના લેખકે પોતાનું નામ પ્રગટ ન થાય તે માટે વિનંતી કરી હોવાથી તેમની માગણીને માન આપી નામ પ્રગટ કરતા નથી, પરંતુ પૂજ્ય શ્રીમોટાની પૂર્વાવસ્થામાં એ એમની જોડે ખૂબ નિકટના સંબંધમાં હતા.)

'મોટા' તો એક પરમ સંત છે. એમનું જીવન, એમના ઉચ્ચ વિચારો, એમની નિયમિતતા, એમનો સૌ પ્રત્યેનો સદ્ભાવ, પ્રેમ વગેરે ગુણોનો વિકાસ એટલો બધો થયેલો છે કે એનો અનુભવ કરનાર સામાન્ય માણસ તો આશ્ચર્યચકિત થઈ જાય. એમનો અડગ નિશ્ચય, આત્મબળ, પ્રાણાંતે પણ ગુરુઆજ્ઞાનું પાલન, પોતાના આત્માને ઉન્નતગામી બનાવવાની પ્રખરમાં પ્રખર તમન્નાએ જ એમને આટલા ઊંચી કોટિના સંત બનાવ્યા છે. એટલે જ તો સ્વજનોને આગળ વધારવાના અને સતત જાગૃત રાખવાના પવિત્ર અને શુભ હેતુથી જ કડક શબ્દોમાં પ્રેમાળ ઠપકો પણ આપતા હોય છે.

તેઓશ્રીના સાધનાકાળ દરમિયાન પણ તેમને ભગવાને ખૂબ જ કસોટીએ ચઢાવ્યા છે. અનેક પ્રકારની મુશ્કેલીઓમાં મૂક્યા. પહાડ કરતાં પણ મોટી મુશ્કેલીઓ અને સખતમાં સખત દુઃખોનો અનુભવ કરાવ્યો. આ બધાંમાં એક મરણિયો નિર્ધાર જ એમને કામમાં લાગ્યો છે. પ્રભુએ જે વખતે જે દિશા એમની સુઝાડી તે દિશાને મક્કમપણે પકડી તો તેઓશ્રી આજે 'પ્રભુના પ્યારા' સંત થયા છે. એ ઓછી ગૌરવની વાત નથી. અને આવા સંતનું બાળપણ પંચમહાલ જિલ્લાના કાલોલ ગામમાં ખૂબ જ ગરીબાઈમાં વીત્યું અને તેમની સાથેના મારા જેવા બાળગોઠિયાઓને જે કાંઈ થોડુંઘણું, ઓછુંવત્તું મળ્યું તે ગામ તેમ જ તેમના બાળગોઠિયાઓ આજે પણ પોતાની જાતને ધન્ય માની રહ્યા છે. એમાંના એક બાળગોઠિયા શ્રી મોહનલાલ મથુરદાસ મહેતાએ પોંડિચેરી આશ્રમમાં સાધના કરી સારી એવી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આ મોહનલાલના ભાઈશ્રી વિઠ્ઠલદાસ આજે પણ પોંડિચેરી આશ્રમમાં જ જઈને બેઠા છે.

આજે તો પ્રભુ જ *મોટા*ની સર્વ વાતે સંભાળ રાખી રહ્યા છે એ વાત ચોક્કસ છે. એ નથી જોતા રાત કે દિવસ, નથી જોતા પોતાની સગવડતા કે અગવડતા, નથી જોતા પોતાની શારીરિક સ્થિતિ કે નથી જોતા આજુબાજુનું વાતાવરણ. પણ જ્યાં જ્યાં જ્યારે જ્યારે કોઈ પણ સ્થળે આમંત્રણ આવ્યું હોય તો જઈને પોતાનું કાર્ય કર્યે જાય છે. આજે તેઓશ્રી જનકલ્યાણ માટે-ઊગતી પેઢી શરીરથી, મનથી અને બીજી રીતે ખૂબ જ મજબૂત બને એ શુભ હેતુથી જ પૈસા એકઠા કરી પોતાની પાસે એક પણ પાઈ રાખ્યા સિવાય મોટી મોટી સંસ્થાઓને દાન દઈ રહ્યા છે. આવા એક સંત મારા બાલસ્નેહી હતા, એનું મને ખરેખર અનોખું ગૌરવ છે.

તેઓશ્રીની ગરીબાઈ તો જેમણે નજરે જોઈ હોય તેને જ ખ્યાલ આવે. આટલી બધી ખરાબ પરિસ્થિતિમાંથી સ્વપ્રયત્ને બહાર આવી અને એક મહાન સંતનું બિરુદ પામ્યા છે એ નાનીસૂની વાત નથી. પ્રાણાંતે પણ મારે એવા થવું જોઈએ કે જેથી આપણને કોઈ નમાવે નહિ. પણ આપમને સૌ નમતા આવે. આમ વિચારીને મોટા થવાની એટલી સખત રઢ લાગી કે કોઈ પણ મુશ્કેલીઓ, અડચણો, આડખીલીઓ, અવરોધો વગેરેને બહાદુરીપૂર્વક દૃઢ નિશ્ચયથી મારી હટાવીને 'મોટા' બન્યા ત્યારે જ

જંપ્યા. અને આજે 'પૂજ્ય શ્રીમોટા' તરીકે પ્રખ્યાતિ પામ્યા. મૌનમંદિરોની ગોઠવણથી એમણે અન્યની સાધના માટે માર્ગ ખુલ્લો કરી આપ્યો.

ભગવાનની અસીમ કૃપાથી તેઓશ્રી એટલી બધી ઉચ્ચ કોટિએ પહોંચ્યા છે કે તેઓશ્રી પોતે પોતાનું ધાર્યું સ્વરૂપ બદલી સૂક્ષ્મ શરીરે જ્યાં વિચરવું હોય ત્યાં વિચરી શકે, પોતાના ભક્તોના રોગનું દુઃખ પોતે લઈ લે. તેમ જ પ્રભુનામ-સ્મરણ તેઓશ્રીના અંતરમાં સતત ચાલુ જ રહે. આ બધું તેઓશ્રી પોતાના દૃઢ અને અગાધ સંકલ્પબળ, પ્રખર મનોબળ અને તીવ્ર તમન્નાથી અકલ્પ્ય સંકટો વેઠી પ્રાપ્ત કરી શક્યા. તેઓશ્રીએ પોતાના સાધનાકાળમાં જે કાવ્યો રચ્યાં છે, તે તેમ જ પુસ્તકોનો સંગ્રહ છે, તેમાં જીવનનો નિચોડ આવી જાય છે. અને સાધકોને માર્ગદર્શન પૂરું પાડે છે. પૂજ્ય શ્રીમોટાએ જે કોઈને જે જે સૂચનો રૂબરૂ અગર પત્ર દ્વારા આપ્યાં હોય તેનો અમલ પ્રેમથી, દૃઢતાથી અને અપાર મનોબળથી કરે તો તે ન્યાલ થઈ જાય. આવા સંતોની આપણા ઉપર અમીદૃષ્ટિ પડે, પ્રેમભરી પ્રેરણા સાંપડે તો ખરેખર આપણે ધન્ય ધન્ય થઈ જઈએ. પ્રભુ આપણને સૌને સદ્‌બુદ્ધિ આપે અને આપણે આવા આવા સંતોના સમાગમમાં આવી આપણાં જીવન ઉજાળીએ એ જ અંતરની છેલ્લી અભ્યર્થના.

* * *

### જીવનસંગ્રામ

આપણી અંદર જીવનસંગ્રામ ખરેખરા ઘોર સ્વરૂપે ચાલવા માંડે છે, અને એ રંગમાં રંગાઈને ગડમથલ કરતા હોઈએ છીએ ત્યારે આપોઆપ એમાં એક પ્રકારનું શૌર્ય પ્રગટે છે અને એ શૌર્યમાં એકતાનતા પ્રગટે છે, અને તે એકતાનતામાં એકલીનતા પણ જન્મે છે, જામે છે. તેનાથી કરીને તેમાં એકાગ્રતાને લીધે આપણને એકમાત્ર લડ્યા કરવાનું જ જીવનું લક્ષ રહ્યા કરે છે અને ઘણીબધી રીતે ઘવાતા હોવા છતાં કદી પણ પાછા ડગ ભરી શકાતું નથી.
('જીવનસંશોધન', પૃ. ૩૩૦) **—મોટા**

* * *

## દિવ્ય છત્ર

### શ્રીમતી ખુરશેદ અડાજણિયા

(પૂજ્યશ્રીના અનેક ચાહકોમાંનાં એક પારસી સ્વજન બહેન.)

પરમ પૂજ્ય શ્રીમોટાના પ્રત્યક્ષ સંપર્કમાં ન આવનાર પણ એમની અદ્‌ભુત જાહેર પ્રવૃત્તિઓથી અજાણ ન જ હોય ! દિવ્ય ચેતનાને વરેલા એવા એઓશ્રીનાં સાંનિધ્યમાં કે એમની પ્રતિમાનું દર્શન કરતાં પણ આપણી ક્ષુલ્લકતાનું ભાન થઈ જાય છે.

એમના સંપર્કમાં આવનાર સૌને કંઈ યોગસાધનામાં જ લગાવી દે છે તેવું નથી. જેવી જેની કક્ષા તે અનુસારનું ઘડતર એમના સંપર્કમાં આવ્યા પછી દરેક વ્યક્તિનું થયા કરે છે. જાણે કોઈ મહાન શિલ્પી નકામા લાગતા પથ્થરમાંથી ભવ્ય શિલ્પને આકાર આપે. મૂળથી જ એકડો ઘૂંટવાનું શીખવતા હોય તેમ સંસારી-દુન્યવી જીવન જીવતાં, આપસઆપસમાં સારી રીતે રહેતાં, દેશને જરૂરી એવું સામાજિક જીવન જીવતાં શિખવાડે છે.

મૂળ જો બરાબર જામ્યાં હોય, તેમાં કંઈ રોગ ન હોય તો જ વૃક્ષ ફળશે, ફાલશે અને પાંગરશે. એવું જ મનુષ્યજીવનનું પણ. ઉત્તમ સામાજિક જીવન જીવીશું તો જ ગુણોનો વિકાસ થશે. દુર્ગુણો પર કાબૂ મેળવાશે. અને ત્યારે જ પોતપોતાની તૈયારી અનુસાર પ્રભુમાર્ગે પ્રગતિ કરાશે. આવું છે પૂજ્ય શ્રીમોટાનું સીધું સાદું ગણિત. એમાં ક્યાંયે ભૂલ થાય એમ નથી. ધ્યેયને સિદ્ધ કરાવવાના જ તેઓ હિમાયતી છે, કારણ કે તેમણે જાતે ધગધગતા દાવાનળમાં ઝુકાવી ઝુકાવીને પ્રચંડ જ્વાળામુખી જેવો પુરુષાર્થ કરી કરીને જ સિદ્ધિ મેળવી છે.

સમાજ વિના સામાન્ય માનવી રહી ન શકે. છતાં સમાજનું મહત્ત્વ આપણને સમજાતું નથી. જીવનમાં તાણાવાણાની માફક વણાયેલા સમાજની સુધારણા માટે પૂજ્ય શ્રીમોટાએ જાણે ભેખ લીધો છે. નાદુરસ્ત તબિયતે અનેક રોગને ભોગવતાં ભોગવતાં મુસાફરીની યાતનાનો પડછાયો પણ વર્તાવા દીધા વિના તેઓ એ કામ કરે છે. કોઈને પણ ન સૂઝે તેવાં કામ કરવાની એમની મૌલિક અદ્‌ભુત સંકલ્પ શક્તિનું ભાન થાય છે ત્યારે મસ્તક નમી પડે છે ! ભલે એ બધી સૂઝ એમને એમનો હજાર હાથવાળો ભગવાન સુઝાડે છે, પણ એ ભગવાનને-એમનામાં રહેલા ભગવાનને એમણે કપરી તપશ્ચર્યા કરી જગાડ્યો છે, પોતામાં વસાવ્યો છે, તેનામાં તદ્રૂપ થઈ ગયા છે ત્યારે જ આવું સંભવી શકે.

આપણું મહાભાગ્ય છે કે આપણને આવા મહાપુરુષનું સાંનિધ્ય મળ્યું છે. એમણે સુઝાડેલા માર્ગે અનુસરીને ચાલવામાં આપણે ભૂલથાપ ન કરીએ એટલી સાવધાનીની જરૂર હોવી ઘટે.

પૂજ્યશ્રી ઉત્સવની ઉજવણી પણ એટલા માટે જ થવા દે છે કે એમની યોજનાને નાણાં મળી રહે. એમનાં સ્વજનો એમાં જે ભેટ મૂકે તેનો આંકડો મોટો થવા જાય છે. સ્થિતિપાત્ર વ્યક્તિઓ તો પીછેહઠ કરતી જ જોવામાં આવે છે. સામાન્ય સ્થિતિના જ દિલાવર દિલથી આપે છે. એ એની ખૂબી છે.

દાનનો એક પૈસોયે પૂજ્યશ્રીના અંગત વપરાશમાં કે આશ્રમોના ખર્ચમાં જતો નથી. ઊલટું પૂજ્યશ્રીનાં પુસ્તકોની અંગત આવક એમણે સામાજિક કાર્યોમાં વાપરી છે. આમ, પૂ. ગાંધીજીની હાકલે દેશસેવાનું જે 'પ્રણ' લીધેલું, તે આ દિવ્ય કક્ષાએ પહોંચ્યા છતાં સાર્થક કરી રહ્યા છે, પરંતુ આજના સમાજના આગેવાનોમાં આવી નિઃસ્વાર્થતા, પરોપકારીપણું, પ્રામાણિકતા અને નિશ્ચયી બની ઝઝૂમવાની શક્તિ ક્યાં છે ? ભગવાને તો *મોટા*ને અનોખી ભેટ આપી છે. તેઓશ્રી તો સઘળામાંથી નિર્લેપ હોવા છતાં પૂછવાનું મન થાય છે કે આપણે એમની શી કિંમત આંકી ?

સન ૧૯૫૯થી પૂજ્ય શ્રીમોટા સાથે થયેલા પરિચયથી અત્યાર સુધી નજર નાખતાં મોટો ફરક એમની તંદુરસ્તીનો છે. આશ્રમના ઉલ્લાસભર્યા વાતાવરણમાં એઓશ્રી સાથે બેસી અમે આશ્રમનાં કામ કરતાં. શ્રીમંતો કે સાહેબોને પણ એ કરવું પડતું.

પૂજ્યશ્રીનું 'સ્વજન' મંડળ વિસ્તૃત છે. તેમાં બુદ્ધિજીવી વર્ગ છે. ત્યારે એમની 'દિવ્ય ફોરમ' જીવનમાં હંમેશાં પ્રસરે એવી પ્રાર્થના કરીએ. 'દિવ્ય ફોરમ' એ તો અનુભવની હકીકત છે.

નડિયાદ આશ્રમના વ્યવસ્થાપક શ્રી મણિકાકાના પુત્રનાં લગ્ન વખતે અમે બધાં એકત્ર થયાં હતાં. ત્યારે અમારાં પહેરેલાં ઘરેણાંની પૂજ્યશ્રીએ મજાક કરી અને એમને પહેરવાનું મન થયું છે એમ જણાવ્યું. મેં મારો હાર કાઢીને આપી દીધો. રાત્રે નડિયાદ ઘરે આવ્યા પછી રાવજીકાકા અમારે ત્યાં આવ્યા.

એમના ગળામાં પેલો હાર. અમને હાર પૂજ્યશ્રીએ પાછો મોકલ્યો તેથી અફસોસ થયો. રાવજીકાકા તો હસાવીને ગયા. એ હાર વારાફરતી બધાંએ લીધો. તેમાંથી ચંદનની મધુર સુગંધ આવતી હતી. અમને થયું કે પૂજ્યશ્રીએ સુખડના તેલનું માલિશ કર્યું હશે. થોડા દિવસ પછી આશ્રમે ગયાં ત્યારે મેં મારી એ શંકા નંદુભાઈને જણાવી. નંદુભાઈ મંદ મંદ હસતાં કહે એવું કંઈ માલિશ નહોતું કર્યું.

સમજાતાં વાર ન લાગી કે એ 'દિવ્ય ફોરમ' શેની હતી ? એક જડ વસ્તુ થોડા કલાકના માટે દિવ્ય અંગ ઉપર સંસર્ગમાં આવતાં આટલું ગ્રહણ કરી શકી અને આપણે !

આવું દિવ્ય છત્ર માથે કાયમ રહે અને જે મૂલ્યવાન માર્ગદર્શન, પ્રેરણા, હૂંફ અને નિર્મળ સ્નેહની શીળી છાયા સંસારી સંબંધોમાં ન મળે, તે દિવ્ય ચરણોમાં રહી મેળવ્યા કરીએ એ જ પ્રભુપ્રાર્થના.

* * *

# ગુણોનો પુંજ

## શ્રી મહેન્દ્ર ગુપ્તા

(પૂજ્ય શ્રીમોટાના મુંબઈના એક સ્વજન. કારખાનું સંભાળવાનો એમનો વ્યવસાય છે.)

માર્ગદર્શન માટે જીવતાજાગતા જીવન્મુક્ત ગુરુની ઝંખના માટે પૂ. ચાચાજી (શ્રી ગુરુદયાળ મલ્લિકજી)એ પૂજ્ય મોટા પાસે જવા સૂચવ્યું. સન ૧૯૫૭ના દશેરાના દિને હું એમને આશ્રમમાં મળ્યો અને અતૂટ સગપણ બંધાઈ ગયું. ગયો હતો એક દિવસ માટે. એમણે રાખી પાડ્યો પાંચ દિવસ માટે. આ સદ્‌ભાગ્ય સરળતાથી મળ્યું નથી. અનેક વાર પત્રોના જવાબ 'ના'માં જ આવ્યા હતા. કદાચ મારી કસોટી કરવા, માપવા માટે તો તેમ ન કર્યું હોય ! હું માત્ર કુતૂહલની વૃત્તિથી તો નથી આવતો ! એથી ટાળવાની ઈચ્છા કદાચ હોય.

એમની નમ્રતા, નિખાલસતા, નિરભિમાનીપણું અને સહજતા પ્રથમ મિલનમાં જ ધ્યાનમાં આવી ગયાં. બીજા આશ્રમો જેવો એ મઠ ન હતો. કલ્પેલું ગુરુપણું-અંતર રાખીને રહેવાનું, હાથ જોડી બેસવાનું, વારંવાર પગે લાગવાનું-જોવા મળ્યું નહિ. 'મારા મિત્ર છે.' એવી જ અન્યને મારી ઓળખાણ આપે. અહીં તો 'સબ સમાન' જેવું હતું.

તે સમયે *મોટા*નો સ્વજનવિસ્તાર મુંબઈમાં ખૂબ મર્યાદિત હતો. મુંબઈ આવતા ત્યારે મારે ત્યાં એક દિવસ તો અવશ્ય રોકાતા. મલબાર હિલ પર કે નેપયન્સી રોડ પર મળવા જાય ત્યારે મને સાથે લેતા જાય. એ એમના હંમેશના પોષાકમાં. હું સૂટ, ટાઈમાં. મારે ખભે હાથ મૂકીને *મોટા* ચાલે ત્યારે અમારી જોડી કેવી શોભતી હશે ! મારા ઓળખીતાઓ પણ પસાર થતા હોય.

તે વખતની એમની કેટલીક ખાસિયતો નોંધપાત્ર હતી. બહાર જવાનો સમય મારા રોજિંદા કામ અને ઑફિસના કામને આડો આવે એવો ન જ રાખે. એમના આવવાથી રજા લેવાનું કરું તો અટકાવે. બીજાના સમયનો અને કામનો સતત ખ્યાલ રાખે. **જ્યારે આશ્રમની મુલાકાતે જઈએ તો દરવાજા સુધી**

**વળાવવા આવે.** મિત્રો જોડે વાદવિવાદ થાય તો 'સાધક માટે વિવાદ સારો નહિ. સાધકે કોઈ પણ જાતનો આગ્રહ રાખવો ન જોઈએ.' એવું ધીમેથી સૂચન કરે.

આશ્રમોમાં અત્યારના જેટલી અવરજવર નહિ. કામ પણ હાથે કરવાનું. *મોટા* પણ અમારી સાથે કામમાં હોય. મૌનાર્થીઓને ભોજનથાળ આપે અને એંઠી થાળો પણ પોતે લઈ આવે. મને વહેલા ઊઠવાની ટેવ નહિ તે *મોટા* પોતે ઉઠાડે. એ ઉઠાડવાના રણકાર હજુ પણ કાનમાં ગૂંજે છે.

પ્રેમ કરતાં શીખવું હોય તો *મોટા* પાસેથી શીખવા જેવું છે. કોઈ પણ જાતની આશા, અપેક્ષા વિનાનો નિઃસ્વાર્થ પ્રેમ. માત્ર શ્રેય માટે છે. માના પ્રેમ કરતાં પણ ઊંચો. માનો પ્રેમ અનન્ય ખરો, પરંતુ પાર્થિવ તો ખરો જ. *મોટા*નો પ્રેમ અપાર્થિવ છે. આટલા માટે જ *મોટા*એ ગુરુમહારાજે આપેલો દંડો ના લીધો.

એમની સહિષ્ણુતા અને ધીરજ પણ અસીમ છે. બધાંનું કેવું કેવું કેટકેટલું ચલાવી લે છે ! આપણે તો કોઈની મૂર્ખતા, અવળચંડાઈ, વિરોધ સહન નથી કરી શકતાં. જ્યારે *મોટા* એવું કેટલું બધું સહન કરે છે ! મેં પણ એમની સૂચના અને આદેશોનું પાલન કર્યું નથી. સંસારી ભાવના કારણે એમને આપણે સહકાર આપતાં નથી. છતાં આપણા પ્રત્યે એમને રોષ નથી અને કોઈ પણ જાતનો અભાવ નથી.

દરેક કર્મ કેટલા ઉમંગથી એઓ કરે છે ! ઝીણામાં ઝીણી વિગતની એમને ખબર હોય છે. રસોઈથી માંડીને સડક બનાવવા સુધીના અનેક વિષયોની ઝીણવટભરી માહિતી એમની પાસે હોય. નડિયાદ આશ્રમની ડામર સડક પહેલાંની પાકી સડક એમની સૂચના અનુસાર જ બંધાયેલી. વસ્તુસ્થાપત્યનું પણ એમનું જ્ઞાન ઍંજિનિયરને શરમાવે એવું છે.

સંતો સાધારણ રીતે 'ઓલિયા' ગણાય. તેઓ આટલી બધી પ્રવૃત્તિ એકીસાથે સંભાળે એવું ભાગ્યે જ બને, *મોટા*માં એ જોવા મળે છે.

ભાષાના કારણે બિનગુજરાતીઓને *મોટા*નો જેટલો લાભ મળવો જોઈએ તેટલો મળી શકતો નથી. એમનું ગુજરાતી સાહિત્ય અન્ય ભાષામાં જેમ બને તેમ જલદી પ્રકાશિત થાય તો સારું એવી મારી નમ્ર પ્રાર્થના.

* * *

## મા અને 'મોટા'

મને કોઈ પણ જીવ વિશે કશી નિરાશા હોતી નથી. આશા રહે છે, કારણ કે જે જીવ હૃદયથી, ભાવનાથી સંબંધમાં આવ્યો હશે, તેનો સંબંધ તો ટકવાનો છે. હૃદયનો જે પ્રેમભાવ છે, તેવા પ્રેમભાવમાં આશા એકલી માત્ર હોય છે તેમ પણ નથી. હૃદયનો પ્રેમભાવ જ્યારે શિક્ષકના ક્ષેત્રમાં ઊતરે છે ત્યારે તેવા ભાવમાં પણ એને ઊતરવું જ પડે છે. મા જેમ બાળક પરત્વે કેટલીક વાર નારાજ પણ થતી હોય છે. બાળકને હઠીલું, જિદ્દી ને અણછાજતું વર્તતું જોતાં ને તે કેમે કર્યું માનતું નથી એવું વલણ એનું જોતાં માને દિલમાં એને કાજે એવું થાય છે. તે કદીક બાળક પર ગુસ્સે પણ થાય છે, જોકે તે બધું જીવદશામાં થયા કરે છે, પણ તેમ છતાં અંતર્ગતપણે માનો બાળક પરનો પ્રેમભાવ તેથી ઘટતો હોતો નથી.

('જીવનસોપાન', પૃ. ૨૭) **—મોટા**

* * *

# જીવદશાવાળો અને અનુભવી

(પૂજ્ય શ્રીમોટાની ટેપરેકૉર્ડેડ વાણીમાંથી **પ્રા. કાર્તિકેય ભટ્ટ સંપાદિત**)

દેખીતી રીતે અનુભવી અને જીવદશાવાળામાં આપણને કોઈ જ ફેર જણાતો નથી. અનુભવીનું વર્તન આપણને સામાન્ય જીવો જેવું જ જણાય છે. આમ છતાં આ બન્નેમાં મોટો તફાવત રહેલો છે. અનુભવી પ્રકૃતિનો સ્વામી હોવાથી જ્ઞાનપૂર્વકનાં હિતોની ચેતનાત્મક સભાનતા તેનામાં રહેલી હોય છે. હેતુને ફળાવવા માટે તેમની ઉત્કટ જાગૃતિ હોય છે. આવી જાગૃતિ જીવદશાવાળામાં હોતી નથી.

આપણે અગાઉ જોયું તે પ્રમાણે અનુભવી જીવદશાવાળા જીવોમાં પ્રકૃતિ દ્વારા પ્રવેશે છે, પરંતુ જીવદશાવાળામાં અનુભવીને સ્વીકારવાની તાકાત હોતી નથી. જેનામાં નિમિત્ત છે, તેના પ્રત્યે અનુભવીની આગ ભભૂકી ઊઠે છે, પરંતુ અનુભવીના ભભૂકવાને આપણે સમજી શકતાં નથી. અનુભવીની આગને જે પ્રેમભક્તિપૂર્વક સ્વીકારી લે છે, તેનું તો કલ્યાણ થઈ જાય છે, પરંતુ એવી તાકાત જીવદશાવાળામાં હોતી નથી.

જીવદશાવાળા જીવોમાં અનુભવી ત્યારે જ પ્રવેશે કે જ્યારે આવા જીવો સ્વીકારાત્મક ભૂમિકામાં આવે. નિમિત્ત પ્રકારના જીવો જ્યાં સુધી સ્વીકારાત્મક ભૂમિકામાં ન આવે, ત્યાં સુધી અનુભવી પણ તેઓમાં નિમિત્ત બની શકતો નથી. આથી, જે જે જીવો નિમિત્ત સાથે સંકળાયેલા હોય તે તે જીવોએ જીવતીજાગતી ચેતનાત્મક અભિમુખતા પ્રગટાવવા માટેની સરળતા, સગવડતા અને સ્વીકારાત્મક ભૂમિકા અપનાવવી પડશે. જોકે કેટલીક વાર અનુભવીના સંસ્કાર આપમેળે જીવોમાં પ્રવેશતા હોય છે.

* * *

હરિ:ૐ

# પૂજ્ય શ્રીમોટા
# રામનવમી—સાક્ષાત્કારદિન
# સ્મૃતિગ્રંથ

# જીવનસ્ફુલિંગ

## ખંડ : ૪

## જીવન-તત્ત્વસમીક્ષા

અધ્યાત્મવિદ્યાની પ્રાપ્તિ માટે વૈચારિક વિશદતા અને સૂક્ષ્મતાની આવશ્યકતા છે. કોઈ પણ અનુભવીને સમજવા તેના વિચારનિરૂપણને સમજવું ઉપકારક થઈ પડે છે. પૂજ્ય શ્રીમોટાએ પચાસ ઉપરાંત પુસ્તકોમાં જીવનવિકાસ અંગેના ઘણા જ માર્મિક અને ગહન વિષયોની છણાવટ કરેલી છે. એ પુસ્તકોમાં વિષયનિરૂપણ ભલે સરળ છે, છતાં વિચારભાવની ગહનતા ઘણી છે. એની સમીક્ષા વિવિધ દૃષ્ટિકોણથી જે જે વિદ્વાનોએ કરી છે તે અને આનુષંગિક અન્ય તાત્ત્વિક છણાવટ કરતા લેખો આ ખંડમાં રજૂ કરવામાં આવ્યા છે. તત્ત્વવિચારને સમજવામાં અભ્યાસીઓ માટે એ રસપૂર્ણ બની રહેશે એવી આશા છે.

**— સંપાદકો**

# અનુભવીની કામગીરી

## સંપાદક : પ્રા. કાર્તિકેય ભટ્ટ

એમ. એ.

(અમદાવાદની લૉ સોસાયટી દ્વારા સંચાલિત બહેનોની કૉલેજના અર્થશાસ્ત્રના યુવાન અધ્યાપક. પૂજ્ય શ્રીમોટા એમને ત્યાં પધાર્યા ત્યારે 'નિમિત્ત' પુસ્તકનું વાંચન થતાં જે સત્સંગ થયો, તેનું પૂજ્ય શ્રીમોટાની ટેપરૅકૉર્ડેડ કરેલી વાણીનું સંપાદન એમણે કર્યું છે, તે અત્રે રજૂ કરીએ છીએ.)

અનુભવીને પરાપૂર્વનું જ્ઞાન થયા કરતું હોય છે. થતા ફેરફારો વિશે અનુભવી કશું જ વિચારતો નથી. અનુભવીને ભવિષ્ય, ભૂત અને વર્તમાન હોતો નથી. તે તો માત્ર વર્તમાનને જ જુએ છે. વર્તમાન સિવાય અનુભવીને બીજી સમજણ હોતી નથી. અનુભવી સદાયે વર્તમાનમાં જ જીવવા માગે છે. અનુભવી વર્તમાનમાં જ જીવતોજાગતો ચેતનાત્મક પ્રત્યક્ષ છે. અનુભવી જે કાળે જે મળે તેને ભગવાનની પ્રસાદી સમજે છે.

આવો અનુભવી નિમિત્ત દ્વારા પોતાની કામગીરી બજાવે છે. અનુભવી કર્મ દ્વારા અનેક જીવોના સંપર્કમાં આવતો હોય છે. જેમ ચેતન સર્વત્ર ફેલાયેલું છે તેમ અનુભવી જુદા જુદા જીવોમાં નિમિત્ત દ્વારા ફેલાય છે. અનુભવી સકલ બ્રહ્માંડમાં ફેલાયેલો હોતો નથી, પરંતુ જ્યાં જ્યાં નિમિત્ત મળે છે, ત્યાં ત્યાં અનુભવી કાર્ય કરે છે. જે જે વ્યક્તિઓ નિમિત્તના કર્મ સાથે સંકળાયેલી છે, ત્યાં ત્યાં અનુભવી રહેલો છે. અનુભવી નિમિત્તના કર્મ વડે જ જે તે જીવમાં પ્રવેશ કરે છે. અનુભવી જીવમાં પ્રવેશ કરતી વખતે પ્રકૃતિનો માધ્યમ તરીકે ઉપયોગ કરે છે. અનુભવી દેખીતી રીતે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરે દ્વારા બીજામાં પ્રવેશે છે. અલબત્ત, તેની પ્રવેશવા માટેની રીત જુદી જુદી હોય છે. કોઈકમાં ક્રોધ દ્વારા તો કોઈમાં તે લોભ દ્વારા પણ પ્રવેશે છે. ટૂંકમાં પ્રકૃતિ દ્વારા તેનું સર્જન થાય છે, પરંતુ પ્રકૃતિને તાબે થતો નથી. આથી જ ગીતામાં લખ્યું છે કે 'પ્રકૃતિ મારી યોનિ છે.'

* * *

# પૂ. શ્રીમોટાને પ્રગટ વિનંતી

## પ્રા. રા. બ. આઠવલે

એમ.એ.

(ગુજરાત વિદ્યાપીઠમાં પૂજ્ય શ્રીમોટાના સંસ્કૃતના પ્રાધ્યાપક હતા. પાછળથી વર્ષો સુધી એલ.ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટના સંસ્કૃત વિભાગના વડા તરીકે અને કૉલેજના ઉપાચાર્ય તરીકે કામગીરી બજાવી. સંસ્કૃતના અઠંગ અભ્યાસી, ઉત્તમ કક્ષાના વિશ્લેષક અને પ્રખર વિદ્વાન. સંસ્કૃત અંગેનાં અનેક પુસ્તકોના લેખક તથા સંપાદક. હાલ નિવૃત્તિકાળમાં મુંબઈનિવાસી.)

ઈ. સ. ૧૯૨૦ પછી હું અમદાવાદમાં નવેસરથી સ્થાપિત થયેલી ‘ગૂજરાત વિદ્યાપીઠ’માં સંસ્કૃતના પ્રાધ્યાપક તરીકે પાંચ છ વરસ કામ કરતો હતો. તે વખતના ભારતીય સ્વાતંત્ર્ય યુદ્ધમાં ભાગ લેવા માટે વિદ્યાપીઠમાં દાખલ થયેલા વિદ્યાર્થીઓમાં ‘શ્રીમોટા’ (તે વખતના વિદ્યાર્થી ભાઈ ચૂનીલાલ ભાવસાર) પણ એક હતા. વિદ્યાપીઠમાં હું સંસ્કૃત વિષયનો પ્રાધ્યાપક હતો અને ચૂનીલાલ ભાવસાર મારા વિદ્યાર્થી હતા.

પણ ત્યાર પછી લગભગ ૨૦-૨૫ વર્ષના લાંબા ગાળા પછી, સાબરમતી સત્યાગ્રહ આશ્રમમાં હું તેમને મળવા ગયેલો, તે મારા જૂના વિદ્યાર્થી તરીકે નહિ પણ મારા (અને મારા જેવા ઘણાના) પરમાર્થ-માર્ગમાં પથદર્શક ગુરુ તરીકે ! તે જૂના વખતનો હું તેમનો વિદ્યાગુરુ. પણ દીર્ઘકાળ પછી તેઓ મારા જેવા સાધકોના અધ્યાત્મવિદ્યાના ગુરુ ! હરીંદ્રનાથ ચટ્ટોપાધ્યાયની એક અંગ્રેજી કવિતાનું (શ્રીઅરવિંદને ઉદ્દેશીને લખેલી કવિતાનું) શીર્ષક ‘The Shaper Shaped’ નામે છે અને તેમાં હરીંદ્રનાથ લખે છે, ‘હું એક વખતે કવિ તરીકે મારી કવિતા વડે મારા સહૃદય વાંચકોના ચિત્તને આકાર (Shape) આપતો shaper હતો, પણ શ્રીઅરવિંદના સંપર્કમાં આવ્યા પછી તેઓએ મારા ચિત્તને આકાર આપ્યો. હું શ્રીઅરવિંદ વડે shaped થયો.

હરીંદ્રનાથની જેમ હું પણ shaperનો shaped બન્યો. શ્રીમોટાને ત્યાર પછી હું વારંવાર મળતો હતો. એકાંતમાં તેમની સાથે પરમાર્થ વિશેની ચર્ચા કરવા માટે. એક વખતે ‘પરમાર્થ સાધનામાં કઈ ઉપાસના મારે માટે વધારે ફળદાયી થશે ?’ એમ પૂછતાં મને તેમણે કહ્યું, ‘તમે જન્મે બ્રાહ્મણ છો, તેથી તમને ગાયત્રીમંત્ર દ્વારા સૂર્યોપાસના કરવી વધારે અનુકૂળ, વધારે લાભદાયી નીવડશે. તેમની આ સૂચનાને અનુસરીને મેં ત્યાર પછી સૂર્યોપાસના કરવા માંડી. તેમની આ સૂચના ઘણી જ યોગ્ય હતી એમ પછી અનુભવથી મને ખાતરી થઈ. અને બીજી રીતે પણ તેમની આ સૂચનાની સુયોગ્યતા સાબિત થઈ. જૂની પેઢીના એક મહાન તાંત્રિક શ્રીગોપીનાથ કવિરાજને પરમાર્થમાર્ગના ગુરુ વિશે મેં એક વખતે પ્રશ્ન પૂછ્યો ત્યારે તેમણે મને પોતાનો નિશ્ચિત ઉત્તમ મત ‘निश्चित मतमुत्तमम्’ કહ્યો – ‘તમે બનતાં સુધી, કોઈ પણ માનુષી વ્યક્તિને ગુરુ માનતા નહિ. જ્યારે જ્યારે તમને સાધનામાં કંઈક શંકા પેદા થાય ત્યારે તેના નિરસન માટે તમારે ભગવાન સૂર્યનારાયણને જ ગુરુ માનીને શરણે જવું-બીજા કોઈને નહિ.’

મહાપુરુષોના વિચારો સરખા જ હોય છે. Great minds think alike એ સુભાષિતનું સાચાપણું મને તે વખતે માલૂમ પડ્યું.

શ્રીમોટા એક સાક્ષાત્કારી પુરુષ છે એ વિશે મને લગીર પણ શંકા નથી. તેમને અંતરાત્માનું સાક્ષાત્ દર્શન થયું છે અને અંતરાત્માનું મનોમન (બાહ્ય ચક્ષુરાદિ ઇંદ્રિયો વડે નહિ) દર્શન થવું એ જ સાધકોનું, યોગીનું એક નિશ્ચિત લક્ષણ છે. 'અંતરાત્માને જુઓ, આત્માનું-'પરાવર' આત્માનું-દર્શન થવાથી હૃદયની બધી અજ્ઞાનની ગ્રંથિઓ છૂટી જાય છે, બધા સંશયો દૂર થાય છે, અને સાધકનાં પ્રાચીન કર્મોનો ક્ષય થઈ જાય છે.' એમ ઉપનિષદ કહે છે.

भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः ।
क्षीयन्ते चास्य कर्माणि तस्मिन्दृष्ट परावरे ॥ (मुण्डकोपनिषद् खंड २-८)

વળી, એ અંતરાત્માની પ્રાપ્તિ, અધ્યાત્મ વિશેનું પ્રવચન સાંભળીને નહિ થાય, કેવળ બુદ્ધિની કસરતથી નહિ થાય, અથવા વિદ્વત્તાથી પણ નહિ થાય, પણ અંતરાત્માનું અખંડ ધ્યાન-અખંડ અજપાજપથી જ-થાય, તે માટે સાધકને અંતર્દષ્ટિ થવું પડે —

(ઉપનિષદના શબ્દોમાં 'આવૃત્તચક્ષુઃ' થવું પડે.) જુઓ (૧) 'नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन । (मुंडकोपनिषद्-३।२।३) (२) आत्मा वारे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः (बृहदारण्यकोपनिषद्) (३) कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्षदावृत्तचक्षुरमृतत्वमिच्छन् । (कठोपनिषद्-२।१।१)

અંતરાત્માનાં દર્શન માટે એવો યોગ, એવી પ્રખર તપસ્યા શ્રીમોટાએ આચરી છે એમ તેમની આપવીતી ઉપરથી-આત્મચરિત્ર ઉપરથી-બધાંને જ્ઞાત છે.

પણ એ એમની પ્રખર તપસ્યા, એવી તીવ્ર સાધના ન કરતાં સહેલાઈથી આત્મસાક્ષાત્કાર થાય એવી વાણિયાવૃત્તિથી આજે શ્રીમોટાની આસપાસ ઘણા કહેવાતા સાધકો ભેગા થયા છે. તેમાં ધનપતિઓ પણ કેટલાક હશે.

એમની ટહેલની ઝોળીમાં પેલા તેમના ભગતો, હજારો રૂપિયા નાખે છે, અને આવા ભેગા થયેલા હજારો બલકે લાખો રૂપિયા સામાજિક કાર્યોમાં ખર્ચાય છે અને આવાં પુણ્યકર્મો વડે સાક્ષાત્કાર થાય એવી ભોળી આશા તેઓ સેવે છે ! મહાત્મા ગાંધીના જમાનામાં પણ એવી ભોળી (ધૂર્ત ?) ભાવના મનમાં રાખીને ઘણા ધનિકો સામાજિક અને રાજકીય કાર્યો માટે મબલક પૈસા આપતા હતા, પણ આવા દાનની સાથે આત્મપ્રાપ્તિ અથવા આત્મદર્શનને જરીકે સંબંધ નથી. અધ્યાત્મપંથ ઘણો જ આકરો છે. તેના ઉપર ચાલવું એ અસ્તરાની ધાર ઉપર ચાલવા જેટલું 'દુરત્યય' ખતરનાક છે-એમ યોગીઓ તથા જ્ઞાનીઓ (સ્વાનુભવથી) કહે છે.

क्षुरस्य धारा निशिता दुरत्यया, दुर्गं पथस्तत्कवयो वदंति ॥ (कठोपनिषद्-१-३-१४)

અને પરમાર્થના માર્ગ કરતાં યોગસિદ્ધિનો માર્ગ તો વધારે આકરો છે, અને યોગસિદ્ધિનો માર્ગ પોતે આક્રમીને તે માર્ગ દુનિયાને બતાવવો, અને તે સિદ્ધિથી પ્રાપ્ત થયેલી શક્તિ વડે જગતનું કલ્યાણ (આધિભૌતિક તથા આધ્યાત્મિક કલ્યાણ) સાધવું એ મહાન કાર્ય (mission) ભારતને ભગવાને સોંપ્યું છે એમ શ્રીઅરવિંદ કહે છે. જગતની શાંતિ-(અને તેમાં એશિયાખંડની સંપૂર્ણ શાંતિ પણ આવી જાય છે.)

સાધવા માટે તથા યોગ વડે પ્રાપ્ત કરેલી અતીંદ્રિય શક્તિ (occult power) વિશ્વશાંતિના કામમાં તથા વૈજ્ઞાનિક શોધખોળના કામમાં વાપરવી એ આવતી કાલના ભારતની જગત માટેની કીમતી દેણ થવાની છે. યોગમાર્ગથી એ શક્તિ પેદા કરવી એટલું જ ભારત માટે આજે શક્ય છે, અગત્યનું છે. આજનો યુગ વિજ્ઞાનનો (Science) યુગ છે. આ યુગમાં વિજ્ઞાને જે અપૂર્વ તથા અકલ્પનીય પ્રગતિ સાધી છે, તેનો જોટો પ્રાચીન ઈતિહાસમાં જોવા મળતો નથી. ચંદ્રમંડળ-ચંદ્રભૂમિ પર દિવસો સુધી વિહાર કરવો, તે વાત પ્રાચીન માનવોના સ્વપ્નમાં પણ આવી ન હતી. પણ આજે તે વાત સિદ્ધ થઈ ચૂકી છે. આવા સમયમાં વિજ્ઞાનના મહાન ચમત્કારોનું વર્ણન અથવા વખાણ ઉપરાંત ભારતના લોકો વધારે કશું કરતા નથી. પણ વિજ્ઞાનની આ સિદ્ધિ કરતાં પણ યોગ-સિદ્ધિના ચમત્કારો વધારે આશ્ચર્યજનક છે, એમ ઉપનિષદોએ જાહેર કર્યું છે. હજારો વર્ષો પહેલાં વિજ્ઞાનની સિદ્ધિ હજુ સુધી તો આધિભૌતિક ક્ષેત્રમાં જ મર્યાદિત રહી છે. પણ યોગ વડે પ્રાપ્ત થતી માનસી શક્તિ અમર્યાદ છે. બેશક, વિજ્ઞાને ઈંદ્રિયગમ્ય જગત ઉપર કાબૂ મેળવ્યો છે. પણ અતીંદ્રિય જગતો સુધી તે હજી પહોંચ્યું નથી. પણ યોગશક્તિથી અતીંદ્રિય જ્ઞાન પ્રાપ્ત થાય છે. આવી યોગશક્તિમાંથી કેટલીક શક્તિ શ્રીમોટાએ પ્રાપ્ત કરી છે. એમ હું પોતે માનું છું. મૃત વ્યક્તિનું પ્રત્યક્ષ દર્શન કરવું, કેવળ દૃષ્ટિપાતથી અચેતન પદાર્થોમાં હિલચાલ શરૂ કરવી. સંકટમાં સપડાયેલી દૂરસ્થ વ્યક્તિની (સહારો આપીને) તેમાંથી મુક્તિ કરવી, વગેરે ચમત્કારો શ્રીમોટાએ પ્રત્યક્ષ કરી બતાવ્યા છે. એમ તેમની આપવીતી ઉપરથી દેખાય છે. એમાંથી કેટલીક સિદ્ધિઓ તેમણે કાપાલિક જેવા તાંત્રિક યોગમાર્ગથી પ્રાપ્ત કરી છે. એવા માર્ગોની સાધના પોતાના શિષ્યો પાસે કરાવીને તેમને પણ તેવી સિદ્ધિ પ્રાપ્ત કરાવી આપે, એ મહાન કાર્ય હવે પછી શ્રીમોટા કરે એવી તેમને મારી આગ્રહભરી વિનંતી છે. તેઓ હવે ઘણા વૃદ્ધ થયા છે. તેથી હવે, તેઓએ અઘોરપંથ કે કાપાલિક પંથ વડે જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે, તેની સાધના શિષ્યોને કરાવે અને યોગ જેવા (occult science) અતીંદ્રિય શાસ્ત્રમાં તેમને પ્રવીણ કરે, બીજું કશું કરે નહિ. એવી તેમને યોગપ્રેમી સજ્જનો વતી હું પ્રાર્થના કરું છું. આવી સિદ્ધિનું સાચાપણું તપાસવા હાલના વૈજ્ઞાનિકો પણ આતુર છે. તેઓ પણ પોતે આવી યોગસિદ્ધિ માટે તલસી રહ્યા છે. અમેરિકા જેવા ખંડમાંના વિચારકો, વૈજ્ઞાનિકો તથા સુશિક્ષિતો યોગસિદ્ધિને માટે એકલા ભારત તરફ જ માર્ગદર્શનની આશાએ જોઈ રહ્યા છે.

આવી પરિસ્થિતિમાં તાંત્રિક યોગના એક સુયોગ્ય પ્રતિનિધિ તરીકે શ્રીમોટા હવે પછી આ Occult Scienceના ક્ષેત્રમાં કંઈક કરી બતાવે એવી, મારા જેવાની આ પ્રસંગે તેમને છેલ્લી વિનંતી છે. સામાજિક, ધાર્મિક અથવા રાજકારણ જેવા નીચલા દરજ્જાનાં ક્ષેત્રોમાં કાર્ય કરવા માટે તેવા દરજ્જાના લોકોને આગળ જવા દો. (આ લેખમાં શ્રી વિવેકાનંદ તથા શ્રીઅરવિંદનાં મંતવ્યોનો મુક્ત હસ્તે અનુવાદ કર્યો છે.)

* * *

# કૃપા* રહસ્ય

**પ્રા. અનુપરામ જી. ભટ્ટ**
એમ.એ.

(સંસ્કૃત સાહિત્યના અતિ નમ્ર અને અજ્ઞાત વિદ્વાન. મુંબઈ યુનિવર્સિટીની એમ. એ. પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં ભાંડારકર પારિતોષિક પ્રાપ્ત કરનાર એક વિરલ ગુજરાતી. એલ. ડી. આર્ટ્સ કૉલેજના સંસ્કૃત વિભાગના વડા. પૂજ્યશ્રીના ઊંડા અનુરાગી.)

કૃપા હરિની સ્વાભાવિક શક્તિ છે. જેમ શિવની જટામાંથી ગંગા સતત વહ્યા કરે છે તેમ પરમેશ્વરમાંથી કૃપાગંગાનો પ્રવાહ નિરંતર વહ્યા કરે છે. જેમ સૂર્યથી પ્રકાશ ભિન્ન નથી, ફૂલથી સુવાસ ભિન્ન નથી તેમ હરિથી કૃપા ભિન્ન નથી. કૃપા એ ભાગવત તત્ત્વ છે. હરિ સર્વત્ર છે તો હરિની તે શક્તિ પણ સર્વત્ર છે. જેમ સૂર્યનો પ્રકાશ સ્વાભાવિકપણે સર્વત્ર પ્રસરેલો હોય છે તેમ કૃપા પણ સહજ રીતે સર્વત્ર પ્રસરેલી હોય છે. અભેદભાવે ઈશ્વરની કૃપા સર્વત્ર વરસતી જ હોય છે પણ તેને ઝીલવાની પાત્રતાના અભાવને કારણે તે વરતાતી નથી. જેમ વરસતું પાણી પાત્રમાં ઝિલાય છે તેમ કૃપા પણ યોગ્ય પાત્રમાં ઝિલાય છે. જેમ ફળદ્રૂપ જમીન પર થયેલી વર્ષા જમીનમાં વાવેલાં બીજને અંકુરિત કરી સફળ બને છે તેમ કૃપા પણ તેના અધિકારીમાં અવતરણ કરી શુભ સંસ્કારોને અંકુરિત કરી તેના જીવનનું દિવ્ય રૂપાંતર કરે છે.

કૃપાનું અસ્તિત્વ સર્વત્ર  હોવા છતાં તે વરતાથી નથી તેનું કારણ અજ્ઞાન છે.

'अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः ।' (૫।૧૫)

'અજ્ઞાનથી જ્ઞાન ઢંકાયેલું છે, તેથી પ્રાણીઓ મોહ પામે છે'-એ ગીતાની ઉક્તિ આ વિષયમાં પણ લાગુ પડે છે. જેમ કોઈ ગાંડો માણસ લક્ષાધિપતિ હોવા છતાં તેને લાખોની માલિકીનું ભાન હોતું નથી તેમ સંસારના વિષયોથી મોહાંધ થયેલાને કૃપા હાજર હોવા છતાં તેનું ભાન હોતું નથી. જેમ બાળકને હીરાનું મૂલ્ય સમજાતું નથી તેમ સંસારની માયામાં આસક્ત પુરુષને કૃપા હોવા છતાં તેનું મહત્ત્વ સમજાતું નથી.

મનુષ્યની ભૂમિકા જોઈને કૃપા અવતરે છે, છતી થાય છે. કૃપા થવાનાં સૂક્ષ્મ કારણો આપણે જાણતાં નથી. ધર્મરાજ યુધિષ્ઠિર ખરેખર સત્યવાદી હતા છતાં શ્રીકૃષ્ણે અર્જુનને વિશ્વરૂપદર્શન કરાવ્યું હતું, તે સુપ્રસિદ્ધ છે. પોતાના અવતરણ માટે કઈ વ્યક્તિને પસંદ કરવી તે બાબતમાં કૃપા સ્વતંત્ર છે. કેટલીક વાર એવું જોવામાં આવે છે કે પાપીમાં પાપી અને લંપટ પુરુષને પણ કૃપા વરે છે. આનું સૂક્ષ્મ કારણ એ હોય કે તેવા પુરુષની કૃપા પામવાની કોઈ અદૃશ્ય ભૂમિકા હોય છે. જેમ કઈ ભૂમિમાં પાણી, હીરા, ધાતુઓ વગેરે રહેલાં છે તેની તેના જાણકારને ખબર હોય છે તેવું કૃપાનું પણ છે. કૃપા પાપીની પણ ભૂમિકા જાણે છે. તેથી જ તેનામાં તે આવિષ્કાર પામે છે અને યોગ્ય ભૂમિકાના અભાવને કારણે યમનિયમોના પાલનમાં તથા કર્માનુષ્ઠાનમાં નિમગ્ન રહેનાર વ્યક્તિને તેનાં દર્શન થતાં નથી. કૃપાનો પ્રદેશ પ્રકૃતિથી પર છે, કેમ કે તે પ્રકૃતિના સ્વામી હરિની શક્તિ છે. આમ હોવાથી તેનાં ધારાધોરણ

* પરમ પૂજ્ય શ્રીમોટાની પુસ્તિકા 'કૃપા' પર આધારિત.

પ્રાકૃતિક નથી પણ અનોખાં છે. કૃપા માણસનું ઉપરથી જણાતું સારું-ખોટું, આડુંતેડું જોતી નથી પણ તેના આંતરસત્ત્વને જુએ છે. જગતની દૃષ્ટિએ પૂરા નાલાયક અને પાપાચારી લેખાતા એવા પુરુષનું પણ ભીતરનું સત્ત્વ એવું હોઈ શકે છે, જેથી કૃપાનો તે અધિકારી બને છે. આવા મનુષ્યનું વર્તન જગતના માન્ય વ્યવહારોથી જુદું હોય છે. જગતમાં સ્વીકારાયેલાં ધારાધોરણ, રીતરસમ, મર્યાદા, સંકોચ વગેરે તેણે આઘાં મૂકી દીધાં હોય છે. દુનિયાના ડાહ્યા ને શાણા ગણાતા માનવોથી તેમ વર્તવું શક્ય નથી. તે સ્વચ્છંદી રીતે વર્તતો હોવા છતાં તેનું આંતરસત્ત્વ ઓર હોય છે, જેથી તે કૃપાનો અધિકારી બને છે. જગતની દૃષ્ટિએ અનૈતિક ગણાતાં કાર્ય કરવા માટેની પણ તેનામાં ઉત્કટ તત્પરતા, સાહસવૃત્તિ, અદમ્ય તાલાવેલી, નિર્ભયતા, એકાગ્રતા, નિશ્ચયબળ વગેરે રહેલાં હોય છે જે તેનું આંતરસત્ત્વ છે. આવા મનુષ્યનું સંસારના વિષયોથી કોઈ પણ કારણસર મુખ ફેરવાતાં તેના આધારમાં એવો કૃપાપ્રપાત થાય છે, જેથી તેનું મહાત્મામાં રૂપાંતર થાય છે. આ સંદર્ભમાં બિલ્વમંગળ વગેરેનાં દૃષ્ટાંતો ઉલ્લેખનીય છે.

કૃપા જેને પસંદ કરે છે, તે જ તેને પામે છે. કઠોપનિષદમાં દર્શાવ્યું છે કે,

'यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनूँस्वाम् ॥' (અધ્યાય ૧, વલ્લી ૨।૨૩)

આ આત્મા જેને પસંદ કરે છે, તે તેને પામી શકે છે, તેની સમક્ષ જ આત્મા પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે. આ કથન કૃપાને પણ લાગુ પડે છે, કારણ કે એ પરમાત્માની જ શક્તિ છે.

કૃપાને મેળવવા ક્યાંય જવું પડે તેમ નથી. તેને માટે અગ્નિના જેવી ભભૂકતી ઉત્કટ અભીપ્સા હોય તો તે અવતરે જ છે. પુરુષાર્થ વિના, તપશ્ચર્યા વિના કૃપા પ્રાપ્ત થતી નથી. પ્રમાદીને કૃપા મળતી નથી. જેમ ભૂમિના પેટાળમાં રહેલાં પેટ્રોલ, ખનીજ વગેરેને મેળવવા પુરુષાર્થ કરવો પડે છે તેમ કૃપા પામવા ઊંડો ભાવ, ઉત્કટ લગની આવશ્યક છે. પ્રાર્થના, નામસ્મરણ, હરિસ્મરણપૂર્વક સ્વધર્મનું આચરણ વગેરેથી હરિ પ્રત્યે ઊંડો ભાવ પ્રગટે છે. હરિ પ્રત્યે અંતરમાં પ્રગાઢ ભક્તિભાવ જામી જતાં કૃપા દોડતી આવે છે, કેમ કે કૃપા હરિનો અંશ છે. ભક્તિ દ્વારા મનુષ્યમાં હરિના ગુણધર્મ પ્રગટે છે. કૃપા અવતરે તેની સંગાથે કૃપાનો સ્વામી હરિ પણ હોય છે.

કૃપાના અવતરણ વિશે આ હકીકત નોંધવા જેવી છે કે જ્યાં સુધી મનુષ્ય સંસારી પદાર્થો, વ્યક્તિઓ વગેરેમાંથી કશાયનો પણ આધાર રાખ્યા કરે છે, ત્યાં સુધી તેને કૃપાનું યથાર્થ દર્શન થતું નથી. જ્યારે તે સંપૂર્ણ નિરાધાર, નિરાશ્રય બને છે ત્યારે તેને કૃપાનો અનુભવ થાય છે. દ્રૌપદી જ્યાં સુધી વસ્ત્રનો છેડો મુખમાં દબાવી રાખે છે, ત્યાં સુધી સહાય આવતી નથી, પણ જ્યાં તેને છોડી દે છે કે શ્રીકૃષ્ણની નક્કર સહાયનો તેને અનુભવ થાય છે. આ ઉપરાંત, બીજી હકીકત એ ધ્યાનમાં રાખવા જેવી છે કે સંસારક્ષેત્રમાં તેમ જ ઊર્ધ્વ માર્ગના પ્રવાસમાં જ્યારે મનુષ્ય પોતાના અસામર્થ્યનો સંપૂર્ણ અનુભવ થતાં વિનમ્રભાવે ઈશ્વરનો જ આશ્રય લે છે ત્યારે કૃપાનો સૂત્રપાત થવા લાગે છે. અસત સાથે યુદ્ધ ખેલી ઊર્ધ્વ જીવનના માર્ગે જવા ઇચ્છતો પુરુષ જ્યારે પુરુષાર્થ કરતાં થાકી જાય છે, પોતાનું બળ કામ આવતું નથી એમ અનુભવે છે અને આર્તનાદે પ્રભુને પોકારે છે ત્યારે *'નિર્બળ કે બળ રામ'* એ કથન અનુસાર કૃપાશક્તિનો તેને અનુભવ થાય છે. આ સંદર્ભમાં ગજેન્દ્રમોક્ષનો પ્રસંગ ઉલ્લેખનીય છે, મગરના મુખમાં પગ પકડાઈ જતાં તેની સાથે સંઘર્ષ કરતો ગજેન્દ્ર હારી થાકી જઈ આર્તભાવે પ્રભુને પોકારે છે ત્યારે

કૃપાનો અનુભવ કરે છે. ગમે તેવા સ્વભાવની નાગચૂડમાંથી પણ આર્તભાવે ને આર્દ્રભાવે ઈશ્વરને પોકાર કરતાં છૂટી જવાય છે, પરંતુ જ્યાં સુધી મનુષ્યને અભિમાન છે, બુદ્ધિનો ફાંકો છે, સંસારી સ્વભાવની પકડમાંથી છૂટવાની ઉત્કટ તમન્ના નથી, ત્યાં સુધી તેનાથી કૃપા દૂર રહે છે.

ભક્તિથી કૃપા પ્રાપ્ત થાય છે એમ દર્શાવવામાં આવ્યું છે, છતાં કૃપા ભક્તિની પણ ઓશિયાળી નથી એ હકીકત છે. આગળ જણાવ્યું છે તેમ કૃપા સ્વતંત્ર છે અને સર્વત્ર છે. કારણ કે તે ચેતનનું જ અવિભાજ્ય અંગ છે. મનુષ્યનાં સત્કર્મ, ભક્તિ વગેરે પર જ કૃપા આધારિત છે એવું નથી. કેટલીક વાર હરિકૃપાથી જ શરણાગતિની ભૂમિકા પ્રાપ્ત થતાં કૃપાનો પૂર્ણ આવિષ્કાર થાય છે. કોઈ પણ વ્યક્તિની આંતરભૂમિકા કોઈ પણ અગમ્ય કારણે તૈયાર થઈ જતાં કૃપા છતી થયા વિના રહેતી નથી. જો મનુષ્યનો આધાર તૈયાર હોય તો કૃપાનું બીજ તેમાં આરોપિત થઈ તેનું રૂપાંતર કરી નાખે છે. 'The seed comes when the soil is ready.' આમ કેટલીક વાર કૃપાથી જ કૃપાની ભૂમિકા રચાય છે એ હકીકત અદ્ભુત છે.

કૃપાને માગવાની નથી. તે છે જ. તેના પ્રત્યે અભિમુખ થવાય, તેને માટે ગરજ જાગે તો તે હાજર થાય છે જ. પ્રાર્થના, જપ, નામસંકીર્તન વગેરેથી કૃપા પ્રત્યે અભિમુખ થવાય છે. તેમ થતાં મનુષ્યના પ્રસન્ન આધારમાં તે અવતરે છે.

ભગવાનની કૃપાના અવતરણ સંબંધી જે કેટલાંક કારણો દર્શાવ્યાં, તે ઉપરાંત એક મહત્ત્વનું કારણ છે 'સંતપુરુષોનો રાજીપો.' જે સંતપુરુષોને તેમની સેવા વગેરેથી પ્રસન્ન કરે છે, તે ઈશ્વરનું કૃપાભાજન બને છે. ગુણાતીત સંતપુરુષનું મિલન, સદ્ગુરુની પ્રાપ્તિ એ કોઈ પૂર્વકૃત પુણ્યકર્મોનું પરિણામ છે. સદ્ગુરુની કૃપા એ ઈશ્વરની જ કૃપા છે કેમ કે સદ્ગુરુ ને ઈશ્વર જુદા નથી. સદ્ગુરુની કૃપાથી જીવનનું દિવ્ય રૂપાંતર થાય છે. એક શ્લોકમાં નોંધ્યું છે કે—

दुर्लभो विषयत्यागो दुर्लभं तत्त्वदर્शनम् ।
दुर्लभा सहजावस्था सद्गुरोः करूणां विना ॥

સદ્ગુરુની કરુણા વિના વિષયનો ત્યાગ, તત્ત્વસાક્ષાત્કાર અને સહજાવસ્થાની પ્રાપ્તિ દુર્લભ છે. ઉપર્યુક્ત કથન અક્ષરશઃ સત્ય છે.

આગળ દર્શાવ્યું છે કે હરિની ભક્તિથી તેની કૃપા પ્રાપ્ત થાય છે તેમ પ્રપત્તિથી પણ કૃપાનો અનુભવ થાય છે, પરંતુ ભક્તિ અને શરણાગતિમાં એક ભેદ છે. ભક્તિમાં પુરુષાર્થ છે, પણ શરણાગતિમાં તેવું નથી. શરણાગતને માત્ર હરિનો જ આધાર છે અને તેને સહારે જ તે જીવે છે. હરિ જેમ પ્રેરે તેમ તે કરે છે. પોતાની આસક્તિઓ, આગ્રહો વગેરે તેનામાં હોતાં નથી. આવા શરણાગતનું ખમીર જ જુદું હોય છે. કોઈ પણ સાંસારિક ધોરણોની મર્યાદા ઓળંગી જવાની તેની હામ કૃપાને માટે પૂરતી છે.

'केनापि देवेन हृदि स्थितेन
यथा नियुक्तोऽस्मि तथा करोमि ॥'
('गर्गसंहिता, अश्वमेध०' ५०।३६)

હૃદયમાં રહેલો કોઈ દેવ જેમ મને નિયુક્ત કરે તેમ હું કરું છું વળી—

यत्कृतं यत्करिष्यामि तत्सर्वं न मयाकृतम् ।
त्वया कृतं तु फलभुक्त्वमेव मधुसूदन ॥

હે મધુસૂદન ! જે કર્યું, જે કરીશ, તે બધું મેં નથી કર્યું, તેં કર્યું છે અને ફળભોગ કરનાર તું જ છે. -એવો ભાવ તેનામાં પ્રગટેલો હોય છે. સ્વપ્રકૃતિને અનુરૂપ ભક્તિયોગ, કર્મયોગ વગેરેમાંથી કોઈ પણ માર્ગનું ભગવત્પ્રીત્યર્થે અવલંબન કરી તદનુસાર વર્તન કરનાર કૃપાપ્રાપ્તિ માટે પ્રયત્ન કરતો હોય છે, પુરુષાર્થ કરતો હોય છે. આવા પુરુષમાં નિષ્કામતા પ્રગટતાં પૂરી ચિત્તશુદ્ધિ થઈ જાય છે અને ક્રમશઃ 'હું કરું છું' એવો ભાવ દૂર થતાં એવો તબક્કો આવે છે, જ્યારે 'હું કરું છું' એવા ભાવને સ્થાને 'તું કરે છે ને કરાવે છે' એવો ભાવ પ્રતિષ્ઠિત થઈ જાય છે. તેનામાં કર્તાપણાનો ભાવ રહેતો નથી. પોતાના સર્વ સંકલ્પવિકલ્પોનો ત્યાગ કરી તે ઈશ્વરને જ સમર્પિત થઈ જાય છે. આવો પુરુષ ભગવાનના યંત્ર તરીકે જ વર્તે છે. કઠપૂતળી તેનો નચાવનાર જેમ નચાવે તેમ નાચે છે તેમ તે ઈશ્વરની પ્રેરણા પ્રમાણે કાર્ય કરે છે. આ પૂર્ણ શરણાગતિનું લક્ષણ છે. આ પ્રપત્તિ કૃપાનું પરિણામ છે અને અંતે થતો પૂર્ણ કૃપાનો અનુભવ જેથી મનુષ્ય મહામાયાના પ્રદેશને પણ ઓળંગી જાય છે, તે પ્રપત્તિનું જ ફળ છે.

આ ઉપરાંત, બીજી એક હકીકત અત્યંત રસપ્રદ ને નોંધપાત્ર છે. આત્મકલ્યાણના માર્ગમાં શ્રદ્ધા-આસ્તિક્યબુદ્ધિ વિના આગળ વધાતું નથી તે સુવિદિત છે. 'श्रद्धावांल्लभते ज्ञानम्' (ગીતા ૪।૩૯) 'શ્રદ્ધાવાન આત્મજ્ઞાન પામે છે'-એ વચન જાણીતું છે. આ શ્રદ્ધાનું બીજ કૃપામાં રહેલું છે. હરિકૃપા વિના શ્રદ્ધા જન્મતી નથી. શ્રદ્ધાને લીધે કૃપા પમાય છે એવું નથી પણ કૃપાથી શ્રદ્ધા ઉદય પામે છે અને તે પરિપક્વ થતાં કૃપાસિંધુ ભગવાન તે 'બુદ્ધિયોગ' (આત્મજ્ઞાન) અર્પે છે, જેથી મનુષ્ય ભગવાનને પામે છે.

પરમાત્મા સાક્ષાત્ કૃપા કરે છે તેમ જ ગુરુ દ્વારા પણ તેની કૃપા અવતરે છે. કૃપાથી અશક્યનું શક્ય થાય છે. તેની કળા અકળ છે. કેટલીક વાર કૃપાપ્રસાદી ભયંકર પણ હોય છે છતાં ભક્ત તેને નમ્રતાપૂર્વક સ્વીકારે છે. આવી કૃપાપ્રસાદી આરંભમાં 'વિષોપમ' હોય, છતાં પરિણામે 'અમૃતોપમ' જ પ્રતીત થાય છે. ગમે તેવી મૂંઝવણો, મુશ્કેલીઓ, ગૂંચો અને કારમા સંઘર્ષોમાંથી કૃપા દ્વારા મનુષ્ય સફળતાપૂર્વક પસાર થઈ જાય છે. દિવ્ય પ્રદેશોમાં-ઊર્ધ્વ પ્રદેશોમાં આરોહણ થતાં જે અટપટા પ્રશ્નો ઉદ્ભવે છે, તેનો ઉકેલ કૃપાથી જ આવે છે. કૃપા થતાં પ્રસન્નતા, આનંદ ને શાંતિનો અનુભવ થાય છે. કૃપાથી મૌલિક સર્જનશક્તિનો પણ ઉદય થાય છે. કૃપાથી ગમે તેવી કસોટીમાંથી પાર પડવાનો આત્મવિશ્વાસ પ્રગટે છે. સાચું નિશ્ચયબળ, સાચી નિર્ણયશક્તિ કૃપાથી ખીલી ઊઠે છે. 'मूकं करोति वाचालं पङ्गुं लङ्घयते गिरिम्' હરિકૃપા મૂગાને વાચાળ બનાવે છે અને પંગુને પર્વત ઓળંગાવે છે.' એ વચનમાં કૃપાની અસીમ શક્તિનું વર્ણન કર્યું છે. કૃપા મનુષ્યને નિશ્ચિંત બનાવે છે. તેનાથી નવું જોમ, નવો ઉત્સાહ, અપૂર્વ પ્રતિભા અને કર્મકૌશલ પ્રગટે છે. કૃપામાંથી એવી માર્ગદર્શક જ્યોત નીકળે છે, જેથી જીવન નવપલ્લવિત થાય છે. કૃપા હરિ સાથે એકત્વનો પણ અનુભવ કરાવે છે.

મનુષ્ય જે સત્પુરુષાર્થ કરવા પ્રેરાય છે, તે કૃપાનું જ પરિણામ છે. તેનામાં જે સદ્રુચિ, સદ્ભાવ છે તે કૃપાનો જ અંશ છે. આ સદ્રુચિ અને સદ્ભાવથી પ્રેરાઈને તે સતને જ પામવાના કર્મયોગ, ધ્યાનયોગ વગેરેમાંથી કોઈ પણ માર્ગનું અવલંબન કરે છે. આવા સત્પુરુષાર્થ કરનારને અસત તત્ત્વો સાથે ઘણાં યુદ્ધો ખેલવાં પડે છે અને ઊર્ધ્વ જીવનમાં પ્રગતિ થતાં એવા ભયંકર સંઘર્ષોમાંથી પસાર થવું પડે

છે, જ્યારે તેનો પુરુષાર્થ લેખે લાગતો નથી. આવી અત્યંત ભયાનક અને કપરી સ્થિતિમાં હરિકૃપા એ જ તેનું અવલંબન બને છે. હવે પરમ સિદ્ધિની અવસ્થાપર્યંત માત્ર કૃપાની જ તેને સહાય રહ્યા કરે છે. તે જ હવે છેવટ સુધી તેના સાથી અને માર્ગદર્શક તરીકે રહે છે. આમ, આરંભમાં પુરુષાર્થ મહત્ત્વનો રહે છે અને અમુક કક્ષા સુધી પ્રગતિ થયા પછી કૃપા જ મુખ્ય ભાગ ભજવે છે. કૃપાવતરણની આવી પ્રક્રિયા જેણે કૃપા અનુભવી પરમ પદની પ્રાપ્તિ કરી છે તે જાણે છે. આવી પરમ સ્થિતિને પામેલા પુરુષમાંથી મહાકરુણાનો ભાવ નિરંતર વહ્યા કરે છે. આવા મહાપુરુષના અનુગ્રહનું પાત્ર થઈ સર્વતોભાવે તેને શરણે ગયેલો પુરુષ પણ વિકાસ પામતો પામતો તે મહાપુરુષના જેવી જ કક્ષામાં આરોહણ કરે છે. કૃપાવતરણની આ ફલશ્રુતિ છે.

❊ ❊ ❊

# પૂજ્ય મોટાના દાનનું તત્ત્વદર્શન


## ડૉ. રણધીરભાઈ ઉપાધ્યાય

પીએચ. ડી.


(એલ. ડી. આટ્‌ર્સ કૉલેજના હિંદી વિભાગના વડા. 'આકાશવાણી' અમદાવાદ પરથી લોકપ્રિય અને લોકભોગ્ય હિંદી શિક્ષણના પાઠો આપનાર વિદ્વાન પ્રાધ્યાપક. એમની અધ્યાત્મ તરફની અભિમુખતાને કારણે પ્રસ્તુત લેખનું સર્જન થયું છે.)

મને પૂજ્ય મોટાનાં જે પાસાંએ સૌથી વધારે આકર્ષ્યો, તે છે તેઓશ્રીની સમાજ-કલ્યાણાર્થે દાન લેવા અને આપવાની પ્રવૃત્તિ. અત્યાર સુધી તેઓશ્રીએ લગભગ પચાસ લાખ રૂપિયા ગુજરાતની જનતા પાસેથી ઉઘરાવ્યા છે અને જ્ઞાન-વિજ્ઞાન, ભાષા-સાહિત્ય, કળા-કૌશલ્ય અને પરાક્રમ-પુરુષાર્થના જનકલ્યાણકારી કાર્યો માટે એ બધી રકમ દાન કરી દીધી છે. પૂજ્ય તો મોટા સંત છે, પરમહંસ છે, જીવન્મુક્ત છે. આવી વિભૂતિએ દ્રવ્યનાં દાન મેળવવા શા માટે પ્રયત્ન કરવા જોઈએ ? સંસારસુધારાના જાગતિક કાર્યો શા માટે કરવાં જોઈએ ? લોકસેવાનાં રચનાત્મક કામોમાં શા માટે પડવું જોઈએ ? આવા પ્રશ્ન ઘણા લોકોના મનમાં ઉદ્‌ભવે છે. જરા આપણે આ પ્રશ્નને સમજીએ. આ વિષયની સાર્થકતા તપાસીએ.

પૂજ્ય મોટા આધ્યાત્મિક ગુરુ છે. ગુરુ તે જે શિષ્યના અજ્ઞાન રૂપી અંધકારને વિચ્છિન્ન કરે, તેના મનની દૃષ્ટિ અને મતિ વિશુદ્ધ કરે. ગુરુના અનુગ્રહથી મનના આગ્રહો નાશ પામે છે અને અહંકાર ઓગળી જાય છે. આંતરિક શુદ્ધતા અને શુચિતા આવે છે. ગુરુ તમોગુણ અને રજોગુણને તિરોહિત કરી સત્ત્વગુણનો આવિર્ભાવ કરે છે. પૂજ્ય મોટા પણ પોતાના શિષ્ય સમુદાય અને મુમુક્ષુવર્ગના આત્મોત્કર્ષ માટે આવા પ્રયત્ન કરે છે.

પૂજ્ય મોટાના સાધના-માર્ગમાં લોકસંગ્રહનું પણ મહત્ત્વ છે. વ્યક્તિનો ઉત્કર્ષ સમાજ સાથે ગાઢ રીતે સંકળાયેલો છે, કારણ કે વ્યક્તિનો વિચાર સમાજના સંદર્ભમાં જ સુસંગત બને છે. સમાજ જો બેઠો થાય તો વ્યક્તિ પણ તેમાંથી તાકાત મેળવી પોતાનો વિકાસ સાધે. તેથી જ પૂજ્ય મોટા વ્યક્તિ અને સમષ્ટિ બન્નેની વિકાસયાત્રા સાથે સાથે ચાલે એવા પ્રયત્ન કરે છે. વ્યક્તિના વિકાસમાં એનો રૂઢ થયેલો 'સ્વભાવ' અને પરંપરાગત 'સ્વરૂપ' આડાં આવે છે. 'સ્વભાવ' પોતાના ગમાઅણગમા મૂકતો નથી. 'સ્વરૂપ' ઉપર પડેલા થર સરળ રીતે ઉખેડાતા નથી. આ વિશે એક સુંદર દાખલો આપું. એકવાર સહજાનંદ સ્વામીએ એક ભંગીના બાળકને 'હું બ્રહ્મ છું' એમ દસપંદર વાર બોલાવી, પૂછ્યું, 'તું કોણ છે ?' તો તે બાળક કહે, 'હું ભંગી છું.' પછી ત્રીસચાળીસ વાર ફરીથી બોલાવી પૂછ્યું, 'તું કોણ છે ?' તો કહે 'હું ભંગી છું.' સોએક વાર બોલાવી ફરી પૂછી જોયું તોય તે બાળક 'બ્રહ્મ'ને બદલે એમ જ કહે કે 'હું ભંગી છું.' આ વાતનો ઉલ્લેખ કરી સહજાનંદ સ્વામીએ શિષ્યોને કહ્યું કે જૂના સંસ્કાર નિર્મૂળ કરવા એ અત્યંત કપરું કાર્ય છે. સ્વભાવ પરિવર્તન એ ભારે પરિશ્રમ માગી લે છે. પૂજ્ય મોટાએ માણસના સ્વભાવ અને

સ્વરૂપના પરિવર્તનનું ભગીરથકાર્ય પોતાની દાન પ્રવૃત્તિ દ્વારા આદર્યું છે. મનુષ્યને પોતાની પ્રકૃતિના કુપ્રભાવમાંથી, તેની પરાધીનતામાંથી મુક્ત કરવા તેઓશ્રી મથે છે. દાન કરાવવું એ એની એક રીત છે. માનવીના સ્વભાવમાં લોભ, રાગ, સંગ્રહવૃત્તિ, ધનલોલુપતા અને કૃપણતાના તામસી ગુણ હોય છે. ધનાઢ્યપણાનો અહંકાર પણ જેવો તેવો નથી હોતો. આ બધાંમાંથી મુક્ત થયા વિના માનવી આધ્યાત્મિક માર્ગે કદી અગ્રેસર થઈ શકે જ નહિ. દાનની વૃત્તિ કેળવવી એ આ દિશાની પૂર્વ ભૂમિકા છે. એનાથી ચિત્તશુદ્ધિ થાય છે અને સાત્ત્વિક સ્વભાવનો પાયો નંખાય છે.

પૂજ્ય મોટા દાન લે છે અને દે છે. 'દાન' શબ્દમાં 'दा' ધાતુ છે. તેના બે અર્થ થાય છે : આપવું અને વિભાજન કરવું. 'दानं संविभागः' એમ શંકરાચાર્યે કહ્યું છે. દાન એટલે સમ્યક રીતે સંપત્તિનું વિભાજન કરવું. સમ-વિભાગ કરવા. માનવીએ ધન અવશ્ય મેળવવું જોઈએ. આપણા અને અન્યના જીવનમાં આપત્તિ આવે ત્યારે ઉપયોગમાં લઈ શકાય એ દૃષ્ટિએ ધન પ્રાપ્ત કરવું જોઈએ અને તેનું રક્ષણ પણ કરવું જોઈએ એમ શાસ્ત્રમાં કહ્યું છે. 'आपदर्थे धनं रक्षेत् ।' આ ધનસંગ્રહ કેવળ સ્વાર્થ માટે નહિ, પણ સર્વજન હિતાય, સર્વજન સુખાય થવો જોઈએ. ધન મેળવ્યા પછી તેનું જે દાન ન કરે તે કૃપણ 'अधम' કહેવાય છે. આ અધમતામાંથી ઉગારવાનો પુરુષાર્થ પૂજ્ય મોટાના દાન-યજ્ઞમાં દૃષ્ટિગત થાય છે. અકાર્પણ્યનો ભાવ કેળવવાથી જીવનવિકાસનો માર્ગ સરળ અને સહજ બને છે, એટલું જ નહિ, અંતશ્ચેતના પણ જાગૃત થાય છે અને ક્રમશઃ આંતર-બાહ્ય ગ્રંથિઓ છૂટે છે. પૂજ્ય મોટા દાન આપનારાઓના મનમાં બાઝેલાં જાળાં તો ફાળો મેળવતાં ખંખેરે છે જ, તદુપરાંત એમની સાથે પ્રેમનો નાતો બાંધી તેમના આત્મોત્કર્ષમાં સહાયભૂત થાય છે. દાન દ્વારા તેઓશ્રી સાધકવૃંદને અને જનસમાજને પોતાની સાથે સ્નેહ સંબંધ બાંધવાની સોનેરી તક પૂરી પાડે છે. જેથી તેઓશ્રી તેમના વિકાસમાં સક્રિય બની શકે. તદુપરાંત આધ્યાત્મિક ઉન્નતિ માટે જે ગુણ-ભાવના જરૂરી છે તે કેળવવા જનસમૂહ તૈયાર થઈ શકે તેની પૂર્વભૂમિકા રચવાનું કામ પણ આ દાન લેવાની પ્રવૃત્તિ પાછળ તેઓશ્રી કરી રહ્યા છે. દાન કરવામાં કેવી મનોવૃત્તિ જરૂરી છે, એ વિશે તેઓશ્રી લખે છે કે—'દાન કરતી વેળા જેને દાન કરતાં હોઈએ તેના પરત્વે હૃદયની ભક્તિ પ્રગટે અને આપણાં કરણો ઉદારતા, વિશાળતા વગેરે ભાવો જ્ઞાનપૂર્વક અનુભવે તથા આપણી સંકુચિતતાની વાડો તૂટે તેવું કરેલું દાન જીવનવિકાસને ફળાવે ખરું. દાન કરવામાં પ્રાયશ્ચિત્તનો ભાવ જીવતો તે તે કર્મે રહી શકે તો દાનનો અર્થ છે. દાન કરવાનો તો આપણો ધર્મ છે. એમાં કલ્યાણ થવાની ભાવના રહે તો તે યથાર્થ નથી.' આમ દાન કરવામાં જે નિઃસ્પૃહતા અને નિરપેક્ષતાનો ગુણ કેળવવાનો છે તેનો અહીં સંકેત કર્યો છે, એટલું જ નહિ, દાન એ પરોપકાર કરવાની પ્રવૃત્તિ નથી, પણ આત્મકલ્યાણાર્થે સંપાદિત કરવાનો સ્વધર્મ છે. જે આ સ્વધર્મ બજાવે છે તે જ આત્મવિકાસ સાધી શકે છે. દાનથી સ્વભાવની સંકુચિતતા ટળે છે, મનનું સાંકડાપણું નાશ પામે છે અને 'સ્વાર્થાય' તથા 'સ્વાન્તઃ સુખાય', જે દ્રવ્ય-સંગ્રહની અત્યંત સીમિત દૃષ્ટિ છે, તે વ્યાપક અને વિશાળ બને છે.

પૂજ્ય મોટાએ દાન આપવામાં હૃદયની ઉદારતા અને મનની પ્રસન્નતા હોવી જોઈએ એવું અવારનવાર કહ્યું છે. 'ખચકાતાં ખચકાતાં કંઈક કશું કોઈનેય આપવાનું બન્યું તો તેવા આપવાપણાથી કશું એની યોગ્યતામાં ફળી શકતું નથી. આપવામાં જો કંઈ કશી ગણતરી, માન્યતા, અપેક્ષા કે આડીઅવળી

સમજણ પ્રગટેલી રહી તો તેવું અપાયેલું મિથ્યા નીવડી શકે છે. જે કંઈ આપવાનું હોય.' તે એક યજ્ઞભાવના તરીકે પોતાના વિકાસાર્થે ને શુદ્ધ નિર્મળ ભાવના પ્રગટાવવા કાજે તેમ કરવાનું હોય. આથી એટલું સ્પષ્ટ થાય છે કે પૂજ્ય મોટા શ્રેયાર્થી પાસે દાન કરાવીને તેના મનમાં ભાવ કેળવવાનું, ગુણ વિકસાવવાનું શ્રેયસ્કર કાર્ય કરે છે. તે દાન કરીને કૃતકૃત્ય થાય છે. દાન દ્વારા તેના ચિત્તમાં 'શ્રીભગવાન ચરણે સમર્પણભાવ' જાગે છે. આવી દાનવૃત્તિ કરુણાભાવમાંથી ઉદ્‌ભવે છે. કરુણાભાવ આધાર-શિલા છે, અમોઘ આયુધ છે. દાન કરનારે એટલું યાદ રાખવું કે ''દાનનો મૂળ હેતુ 'સર્વભૂત હિતરતઃ' થઈ જવાનો છે. દાન અહંતાને પોષવામાં કે વધારવામાં ન પરિણમે અને તેના દ્વારા ઉપરછલ્લો સંતોષ મેળવી આત્મપ્રતારણા ન કરી બેસાય.'' એની કાળજી લેવા પૂજ્ય મોટા વારંવાર ચેતવે છે. માનવી અહંકાર કે આત્મપ્રવંચનાના પોષણથી અધોગતિને પામે છે.

પૂજ્ય મોટાના દાન માગવાના કાર્ય પાછળ એક આધ્યાત્મિક કારણ પણ રહેલું છે. તેઓશ્રી આમાં પોતાના પરમ ગુરુએ આપેલા આદેશને અનુસરે છે. આ વાત તેઓશ્રીના અનુયાયીઓના મુખેથી સાંભળી છે. આમાં પૂજ્યશ્રી દાતાના સ્વધર્મની જેમ પોતાના સ્વધર્મને પણ બજાવે છે.

દાનનો અર્થ વિભાજન પણ છે. પૂજ્ય મોટા મેળવેલ 'દાન'નું દાન કરે છે, સમ્યક વિભાજન કરે છે. આ દાનમાં ''નાણું જાણે 'વિનિમયનું માધ્યમ' મટીને કશીક વિરાટ શક્તિના પ્રાકટ્યના યજ્ઞકુંડમાં જ સમાયા કરે છે'' એવું અનુભવાયા વગર રહેતું નથી. આ પ્રવૃત્તિ યજ્ઞભાવે થાય છે. તેથી પૂજ્ય મોટા પ્રાપ્ત કરેલી ધનરાશિનું દાન આપતી વેળા પોતે છુપાયેલ રહે છે. ક્યાંયે પોતાનું નામ જોડતા નથી. જ્ઞાનગંગોત્રી માટે, કૉલેજના યુવકોના જીવનવિકાસ માટે, સુદૃઢ શરીર અને તેજસ્વી મન કેળવવા માટે કે એવી બીજી કોઈ લોકસંગ્રહની પ્રવૃત્તિઓના વિકાસાર્થે તેઓશ્રી જે દાન આપે છે, તેમાં પોતે તો નિમિત્ત-માત્ર જ બને છે. હમણાં વિજ્ઞાનક્ષેત્રે વિવિધ નૂતન આવિષ્કાર કરનારાઓને પ્રોત્સાહન આપવા સમર્થ ભારતીય વૈજ્ઞાનિકોના નામે પુરસ્કાર આપવાનું જાહેર કર્યું, એવી જ રીતે શ્રીઅરવિંદ સુવર્ણચંદ્રક, ભગિની નિવેદિતા પારિતોષિક વગેરે કેટલાંયે નાનાં મોટાં ઇનામો આપવાનું પ્રયોજ્યું છે. સાહિત્ય અને કળામાં ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરનારને પણ પુરસ્કારવાનું પૂજ્ય મોટા ભૂલ્યા નથી. આ દાનના વિતરણની પ્રવૃત્તિ પાછળ 'સમાજની સામૂહિક ચેતના'ને જાગૃત કરી તેને વિકસાવવાનું અનુષ્ઠાન ચાલે છે, એટલે કે સમાજને બેઠો કરવાની કોશિશ થાય છે. માનવીના હૈયાના હીરને પ્રગટાવવાનો પ્રયત્ન થાય છે. માનવીના સમગ્ર સ્વરૂપને નવો ઓપ, નવો પ્રકાશ આપવાનું આમાં લક્ષ્ય છે અને મનુષ્યના આંતર-બાહ્ય સંસ્કારોને સમૃદ્ધ કરવાનો સંકલ્પ છે. આખા સમાજની ગુણ-ભાવના કેળવવી, તેને સપ્રાણ અને સશક્ત કરવો, તેના સમગ્ર સ્વરૂપને પ્રબળ અને પરિપુષ્ટ કરવો આ ઉચ્ચાશય પૂજ્યશ્રીના દાન યજ્ઞ પાછળ છતો થાય છે.

પૂજ્ય મોટાની દાન-પ્રવૃત્તિ માનવ કેંદ્રિત સમાજની સર્વતોમુખી વિકાસની પ્રવૃત્તિ છે. માનવીમાં જો સાહસ અને તેજ પ્રગટે, જો તે સત્ત્વગુણયુક્ત બને તો જ તે 'અદીઠને' આંબી શકે. દિવ્યતાનો સાક્ષાત્કાર કરી શકે. તેઓશ્રી મંદિરો, મઠો કે ધર્મશાળાઓ બાંધતા નથી. અન્નક્ષેત્રો કે શાળા-કૉલેજનું સંચાલન કરતા નથી. ઇસ્પિતાલો કે અનાથાલયો ખોલતા નથી. આ ચીલેચલુ, પરંપરાગત દાન-યોજનાઓ કરતાં

પૂજ્ય મોટાની યોજનાઓ વિશિષ્ટ પ્રકારની છે. તેઓશ્રી માનવીના સદ્‌ગુણોનો વિકાસ કરવામાં પ્રવૃત્ત છે. નિર્ભયતા, ઉદારતા, વીરતા, શૌર્ય, પરાક્રમ, સહિષ્ણુતા, સહૃદયતા, પ્રેમ આવા ઉત્કૃષ્ટ ગુણોનો સમાજમાં વિકાસ થાય એ દૃષ્ટિએ તેઓશ્રી દાનની યોજનાઓ ઘડે છે. માનવમાત્રમાં રહેલી ગુણ-ભાવનાનું સંવર્ધન થાય અને સમસ્ત સમાજ તે ખીલવે, જેથી માનવીની આંતરિક એકતા સિદ્ધ થાય-આ ધ્યેય રચનાત્મક પ્રવૃત્તિઓ પાછળ દૃષ્ટિગોચર થાય છે.

આમ તો પૂજ્ય મોટાની દૃષ્ટિ સમસ્ત ભારત પર છે, પણ ગુજરાતના સંતાન હોવાને લીધે પ્રાયોગિક ધોરણે તેમણે ગુજરાતની પ્રજામાં આ કાર્ય આરંભ્યું છે, જે ક્રમે ક્રમે સારાયે ભારતમાં પ્રસરશે અને અંતે વૈશ્વિક ચેતનાની સાથે એકત્વ સાધશે. પશ્ચિમમાં વિજ્ઞાન અને યંત્રવિદ્યાએ અભૂતપૂર્વ સિદ્ધિઓ હાંસલ કરી છે, પણ ત્યાં હૃદયના ગુણોની ઉપેક્ષા થઈ છે. પરિણામે ત્યાં બધું મળ્યું છે ખરું પણ માનવી ખોવાઈ ગયો છે. પૂજ્ય મોટા પોતાની દાન-પ્રવૃત્તિ દ્વારા માનવીની મુખ્યત્વે પ્રતિષ્ઠા કરે છે, તેના ઉદાત્ત ગુણોનો વિકાસ કરે છે અને માનવએકતાની આધ્યાત્મિક દિશા ઉઘાડે છે. દાનનું આ વિશિષ્ટ દૃષ્ટિબિંદુ બીજે ક્યાંય જોવા મળતું નથી.

અંતે મારે એટલું જ કહેવાનું છે કે પૂજ્ય મોટાની આધ્યાત્મિક સમાજ રચવાની આ પ્રશસ્ય પ્રવૃત્તિમાં આપણે સૌ ઉમળકાભેર સંમિલિત થઈએ અને આંતરિક રૂપાંતર માટે સમર્પણ કરીએ એવી પ્રભુ આપણને પ્રેરણા આપો એ જ અભ્યર્થના !!

* * *

# આત્મનિષ્ઠ પૂજ્ય શ્રીમોટા


## પ્રા. જયરણછોડ સેવક

એમ. એસસી.


(મૂળ ડાકોરનિવાસી એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદમાં ગણિતના પ્રાધ્યાપક હતા, વધુ વિકાસાર્થે હાલ અમેરિકા છે. ત્યાં પૂજ્યશ્રીની સૂક્ષ્મ હાજરીનો એમનો અનુભવ ખૂબ જ જીવંત છે. બાહ્ય રીતે પણ પૂજ્યશ્રી સાથે નિયમિત સંપર્ક જાળવી રાખી રહ્યા છે.)

ઉત્સાહથી હૃદયનું જળ સીંચી જેણે,
આ ઉર પુષ્પ ખીલવ્યું નિજ પ્રેમભાવે,
તેને ધરું ઉમળકે ચરણારવિંદે,
તે પુષ્પ, વાસ સહુ, ભેટ સ્વીકારી લેજે.

પ્રભુનાં ચરણોમાં પ્રેમભાવથી જે ઉરપુષ્પ ખીલ્યું છે, તે અર્પણ કરનાર પૂજ્યશ્રીને અનેક વંદન હો. પૂજ્યશ્રી ભક્ત કવિ છે. ભક્તિના તાનમાં મસ્ત બનતાં અંતરના ઊંડાણમાંથી ભાવોર્મિની અસ્ખલિત જાહ્નવી પ્રગટી છે, તેને જ તેમણે શબ્દદેહ આપ્યો છે. પૂજ્યશ્રીની ભક્તિ સાંસારિક સુખની વાંછનાવાળી નથી, પ્રભુના પ્રેમ ખાતર જ પૂજ્યશ્રી પ્રભુને પ્રેમ કરે છે. પ્રભુનો પ્રેમ મળે કે ન મળે તેની પણ પરવા નથી.

'છો હાસ્ય તું નવ વેરશે, લાત જો મારે કદા,
તોયે કરીશ પ્રેમે સ્મર્યા, તુજ નામ પ્યારું સર્વદા.'

પ્રભુ લાત મારે, તો તે પણ પ્રેમથી સહેવાની તમન્ના છે. સંપૂર્ણ ફનાગીરીની તમન્ના છે. જાતની પણ પરવા નથી. અસ્તિત્વ ભૂંસાઈ જાય તે માટેની તૈયારી છે.

'સમર્પણની તમન્નામાં, પ્રભુ ! સર્વસ્વ ભુલાજો !
ભુલાજો જાત પણ મારી, સ્મરણમાં માત્ર તું રે'જો.'

ભક્તિની પરાકાષ્ઠાએ પહોંચતાં વહાલાની વિરહવેદનાથી જે તલસાટ જાગ્યો છે, તેની વહાલાને ફરિયાદ કરતાં, મીઠો ઠપકો આપતા હોવા છતાં તે તલસાટમાં પણ જીવનની ધન્યતા અનુભવે છે.

'હૃદયને સોંપી દીધું તુજને, રહ્યું ના હાથ મારે તે,
સકંચે લઈ મને શાને, હવે નાહક સતાવે છે ?
તમારે મન રમત છે, ને અહીં તો જાન રે'સાયે,
તલસવામાં છતાં એવા, પ્રભો ! અહોભાગ્ય મારું છે.'

પ્રભુમિલનમાં વાર લાગતાં વિરહવેદનાથી જે તરફડાટ તેમણે અનુભવ્યો છે, તેનું સચોટ બ્યાન ઉપરની પંક્તિઓમાં છે. પૂજ્યશ્રી એકલા ભક્ત નથી, જ્ઞાની પણ છે. 'જીવનપરાગ', 'જીવનસંદેશ',

'જીવનગીતા' પુસ્તકો વાંચતાં, વિચારતાં આધ્યાત્મિક માર્ગે જનારને સ્પષ્ટ માર્ગદર્શન મળી રહે છે. તેમાંનું કેટલુંક લખાણ તો ઉપનિષદના ઋષિને થયેલ દર્શન સમાન છે. સાધનાના માર્ગમાં અંતરમાંથી જે માર્ગદર્શન પળે પળે મળ્યા કર્યું તેના નવનીત સમાન છે. આ જ્ઞાન જ્યાં જ્યાંથી મળ્યું, ત્યાં ત્યાંથી તેમણે ભેગું કર્યું છે. તેમની પાઠશાળા એ જગત છે.

'ગયો છું જ્યાં જ્યાં હું, તહીંથી શીખવાનું કંઈ મળ્યું,
ખરે ! તારી શાળા જગતભરમાં વ્યાપ્ત પ્રભુ શું !'

સાક્ષાત્ જ્ઞાનમૂર્તિ પૂજ્યશ્રીને વંદન હો. નવું શીખવા જૂનું ભૂલવું પડશે. ફક્ત આચરણ શુદ્ધ કર્યે નહિ ચાલે તેમ તેમણે સમજાવ્યું છે.

'ભલે બાહ્યાચારો જગ તુજ હશે શુદ્ધ સઘળા,
તને કૈં એનાથી નથી જ મળવાની કશી મતા.'

ધર્મ અંગેની આપણી પ્રણાલિકાગત માન્યતાના મૂળમાં જ તેમણે ઘા કર્યો છે. બધું જ પ્રભુ કરશે અને આપણે કંઈ કરવાનું જ નથી. સમાજમાં શ્રમ કર્યા વગર, મૂલ્ય ચૂકવ્યા વિના બધું જ મેળવવાની જે વૃત્તિનાં દર્શન થાય છે, તે સામે તેમણે લાલબત્તી ધરી છે. આધ્યાત્મિક માર્ગમાં કોઈ જ ટૂંકો માર્ગ નથી. તેમાં આગળ વધનારે તેનાં મૂલ્ય ચૂકવવાનાં જ છે.

'કિંમત ચૂકવ્યા વિના કશું ના મેળવાય છે,
'જીવને' તે કમાવાને મૂલ્ય ચૂકવવું પડે.'

પૂજ્યશ્રી શુષ્ક જ્ઞાની નથી કે વેદાંતી નથી પણ સાક્ષાત્ પ્રેમમૂર્તિ છે. તેમના ટૂંક પરિચયમાં આવનારને દિવ્ય પ્રેમથી નવડાવી નાંખે છે. પ્રેમથી દરેકને નવડાવવાનો જ તેમણે ધંધો જીવનભર કર્યો છે.

'જગતને ચાહવાકેરો કૃપાથી તો દીધો અમને,
જીવન ધંધો ફળવવાનો અમારે શો રહ્યો છે તે !'

તેમણે સ્વજનો પ્રત્યે પ્રેમગંગા વહાવે જ રાખી છે. ગંગોત્રીના એ સ્રોતમાંથી ધસમસતો પ્રેમનો પ્રવાહ વહ્યા જ કરે છે. છતાંય સ્વજનો જ્યારે એ પ્રેમનો વળતો જવાબ નથી આપતા ત્યારે પૂજ્યશ્રીનું હૈયું વેદનાથી હચમચી ઊઠે છે.

'દયા ના કોઈને જાગે, સ્વજન નિષ્ઠુર કેવાં છે !
મળેલાં કોઈ ના 'મારો' કહી પોકારતાં મુજને.'

સાક્ષાત્ પ્રેમમૂર્તિ પૂજ્યશ્રીને વંદન હો, જગતમાંના પ્રત્યેક પ્રત્યે પ્રેમના સંબંધથી જોડાતાં તે ખૂબ જ વિનમ્ર બન્યા છે. જ્ઞાનનો ભાર સહેજે તેમને સ્પર્શ્યો નથી. જ્ઞાની હોવાના અહંકારનો અંશ પણ

તેમના વર્તનમાં ક્યાંય વરતાતો નથી. પરમ ભક્ત હોવા છતાં પ્રભુનાં ચરણનો દાસ પણ હોવાનો દાવો કરતા નથી.

'હું તારા દાસોનાં પદની રજનીયે રજ ન છું.' કેવી વિનમ્રતાનાં દર્શન થાય છે. નમ્રતાની સાક્ષાત્ આ મૂર્તિને વંદન હો.

અનેક વ્યાધિ હોવા છતાં, સમાજના કલ્યાણ માટે સતત પ્રવૃત્તિશીલ તેઓશ્રી રહ્યા છે. ક્ષણેક્ષણ જીવન જીવી રહ્યા છે, પ્રગતિશીલ રહ્યા છે. કંઈક ને કંઈક પ્રવૃત્તિઓ મારફતે સમાજને સતત કંઈક આપ્યા જ કર્યું છે. જાતની કોઈ જ પરવા નથી કરી. સતત કર્મ કર્યે જ ગયા છે. પૂજ્યશ્રી સાક્ષાત્ કર્મયોગી જ છે. આટલી પ્રવૃત્તિ હોવા છતાં તેના ભારથી કદાપિ કચડાયેલા કે વ્યથિત થયેલા પણ જણાયા નથી. પૂજ્યશ્રી કર્મયોગીને વંદન હો.

મને કેટલીક વાર સવાલ થાય છે પૂજ્યશ્રીમાં આ બધું આવ્યું ક્યાંથી ? તેમના જીવનપ્રસંગો જોતાં સ્પષ્ટ સમજાય છે કે તેમણે જીવનભર સતત તપશ્ચર્યા કરી છે. જ્ઞાતિએ ભાવસાર હોવા છતાં સાચા તપોધન છે. પૂજ્યશ્રીની અનેકવિધ પ્રતિભાઓ કેવી રીતે પ્રગટી તેનો તાગ મેળવવો મુશ્કેલ છે. જે કાંઈ આપણે તેમનામાં અનુભવીએ છીએ, તેથી તો કેટલુંય વિશેષ તેમણે મેળવ્યું હશે. આપણને તેનો ખ્યાલ આવવો મુશ્કેલ છે. આનો જાણે આપણને ઉકેલ દર્શાવતા હોય એમ તેઓ ખૂબ જ પ્રેમથી ગાય છે :

'મારા વા'લા હરિને તો આપ્યા મહત્ત્વ હું કરું,
એના વડે જ તો કેવો વિશ્વે ઊભો રહેલ હું !'

તેમના જીવનવિકાસની જાણે આ ચાવી છે. સૂર્ય, ચંદ્ર તારા અને નક્ષત્રો જેના તેજથી પ્રકાશે છે તેમ પૂજ્યશ્રીની તમામ પ્રતિભાઓ, કર્તવ્યપરાયણતા, પ્રત્યેક પ્રત્યેનો પ્રેમ, જ્ઞાન, ભક્તિ વગેરેનું મૂળ તે જ પ્રભુનાં તેમણે કરેલ દર્શનમાં જ છે. તેમણે જે આત્મસાક્ષાત્કાર કર્યો છે તે જ મહત્ત્વનું છે. ઉપરનું બધું તો તેની પાછળ સહજ રીતે નીપજ્યું હોય એમ ભાસે છે. જીવનમાં સત્તા, જોબન, ધન, જ્ઞાન કશાની જ મહત્તા નથી. સાચું મહત્ત્વ જો કશાનું હોય તો તે હરિદર્શનનું જ. પૂજ્યશ્રી આત્મનિષ્ઠ યોગી છે. પ્રભુના પ્યારાઓ જગતને શું શું રસલહાણ આપી શકે છે તેનાં દર્શન તેમના જીવનના અનેકવિધ પાસાંમાંથી આપણને સમજાય છે. પ્રભુને જ જીવનમાં મહત્ત્વ આપો એમ એ સતત ગાયા જ કરે છે અને આપણને બધાંને એનું જ ગાન સદાય ગાવા આહ્‌વાન આપે છે. આવા આત્મનિષ્ઠ યોગી પૂજ્યશ્રી મોટાનાં ચરણોમાં અનંત કોટિ વંદન.

❋ ❋ ❋

# અમૃતનિર્ઝરિણી 'શ્રદ્ધા'

## પ્રા. જ્યોત્સ્ના જાની

(વડોદરામાં ગુજરાતી સાહિત્યના પ્રાધ્યાપિકા. લાંબા સમયથી પૂજ્યશ્રી તરફ શ્રદ્ધાપૂર્વક વળેલાં. પૂજ્યશ્રીનાં પુસ્તકોનાં અભ્યાસી બહેન.)

પૂજ્ય શ્રીમોટા વિરચિત 'શ્રદ્ધા' પુસ્તકમાં પૂજ્ય મોટાએ શ્રદ્ધાની પૂર્વભૂમિકા તૈયાર કરી તેની વ્યાખ્યા સહિત પૂર્ણ પરિચય આપ્યો છે. તથા શ્રદ્ધાના પ્રકાર, ગુણધર્મ, પરિણામ, જીવનવિકાસમાં શ્રદ્ધાની અનંત કક્ષાઓ વગેરે દર્શાવી શ્રેયાર્થી માટે તે કેવું અમૂલ્ય અને અદ્વિતીય પાથેય છે તે દર્શાવ્યું છે. આ શ્રદ્ધા કેવી રીતે પ્રાપ્ત થાય ? તેના પ્રાકટ્ય બાદ શ્રેયાર્થી ઊર્ધ્વ માર્ગે કેવો વિકાસ કરી શકે ? અને શ્રદ્ધામાના પ્રેમપરાગનો અનુભવ કરનાર સાધકનાં મન, બુદ્ધિ અને પ્રાણમાં કેવા કેવા ફેરફાર થતા રહે ને સાધનાભ્યાસમાં તે કેવો લગાતાર મંડ્યો રહી ક્રમે ક્રમે વિકાસ કરતો જાય તે વિશદતાથી રજૂ કર્યું છે. અને છેલ્લે શ્રદ્ધાના પ્રસાદે કરી પોતાનું જીવન કેવું ઉત્તમ તીર્થ બન્યું છે તેનો તેઓએ સ્વાનુભવ રજૂ કર્યો છે.

પૂજ્ય શ્રીમોટા વિરચિત 'શ્રદ્ધા'ની અસંખ્ય કંડિકાઓને ગીતા, ઉપનિષદ, શંકરાચાર્યજીના વિવેકચૂડામણિ તથા મહર્ષિ પતંજલિના યોગસૂત્રો તથા શ્રીઅરવિંદના સાહિત્યમાંથી સંપૂર્ણ સમર્થન મળી રહે છે. શાસ્ત્રીય સત્યોનો જેમણે સાક્ષાત્કાર કર્યો છે, એવા અનુભવી ને મર્મીની અનુભવવાણી હંમેશાં સમાંતરપણે જ વહેતી હોય છે. અત્રે એ સમાંતર ધારાનું અવલોકન કરવાનો હેતુ નથી, પરંતુ 'શ્રદ્ધા' દ્વારા પૂજ્ય શ્રીમોટાએ સ્વાનુભવના મૌક્તિકોને પોતે સ્વજનો સમક્ષ ઉદારભાવે લુટાવ્યાં છે. તેમાંથી કોઈ એક પામી શકાય તો પામવાનો જ આ એક નમ્ર પ્રયત્ન છે.

પૂજ્ય મોટાએ તો શ્રદ્ધાના શતદલ પદ્મની પ્રત્યેક પાંખડીને જુદી કરી સૂક્ષ્મ રીતે પૃથક્કરણાત્મક શૈલીમાં સાધકોને માટે એક મર્મીની અદાથી સમજાવીને સ્પષ્ટ કરી દીધી છે. એ રીતે કે સાધકની સમક્ષ શ્રદ્ધાનું સ્વરૂપ પ્રત્યક્ષ થઈ જાય.

સાધનાના માર્ગે વિકાસમાં પણ ચઢતી-પડતીના વિવિધ તબક્કા તો આવ્યે જ જાય છે. પણ આ માર્ગ પરત્વે જો સાધકને હેત હોય, પાયામાં જિજ્ઞાસા અને વિશ્વાસ હોય તેમ જ અભ્યાસનિષ્ઠ ને કર્તવ્યરત રહેવાની તૈયારી હોય, હૃદયમાં નમ્રતા, વિવેક અને વિનય તેમ જ નિર્ભયતા વગેરે ઉગાડી અનેક ઝંઝાવાતમાં સ્વસ્થ રહી નિશ્ચિંતપણે અને જરૂર પડ્યે પ્રાર્થનાભાવે પરમાત્માને પોકારી જો સાધક નિરંતર સાધના કરી ખંતપૂર્વક આગળ વધતો જાય તો શ્રદ્ધાના પ્રત્યક્ષ ચમત્કારને તે અવશ્ય અનુભવે છે.

શ્રદ્ધાને હૃદયમાં જીવતી કરનાર અને તે જ સ્વરૂપનું દર્શન કરાવનાર તો કેવળ સદ્‌ગુરુ જ છે. એ શ્રદ્ધાને સદ્‌ગુરુ દિવ્યશક્તિમાં ફેરવી આપે છે. શ્રેયાર્થીને મન શ્રદ્ધાનું મહત્ત્વ જેવું તેવું નથી. 'જગતજનની' શ્રદ્ધા તો શ્રેયાર્થીની માતા છે. સાધક એનું લાડકું બાળક છે. શ્રદ્ધા અને આત્મા વચ્ચેના પ્રદેશથી 'ભાવ' ઊગે છે. ભક્તિ જાગે છે અને શ્રદ્ધામાની શક્તિ ઝળહળતી પ્રકાશે છે. સર્વત્ર સર્વમાં એના સ્વરૂપનું દર્શન થાય છે. શ્રદ્ધાની ઇચ્છાથી જ શ્રેયાર્થી 'એનું' સ્વરૂપ પિછાણે છે. બાકીના તો 'એને' ખોજવાનાં ફાંફાંય મારી શકતા નથી.

'શ્રદ્ધા' એ 'જીવદશા'નો અંશ નથી, તે તો દિવ્યપ્રદેશની છે. 'જીવ' સાથે તેને કશો જ સંબંધ નથી. પ્રકૃતિ સ્થૂળ ને સ્થિતિસ્થાપક હોવાથી તેમાં જરાય દિવ્યપણું નથી. પણ શ્રદ્ધાની પ્રેરણા જ અદ્વિતીય છે. સાધક ગમે તેટલો નિર્માલ્ય હોય પણ એકવાર હૃદયમાંથી તે જાગ્યો તો શ્રદ્ધા તેને ડૂબતો તારે છે. તે સમયે સાધકના હર્ષ અને ઉન્માદનો પાર રહેતો નથી. શ્રદ્ધા પોતે જ કૃપાપ્રસાદી છે. જેના જીવનમાં તે એકવાર છતી થઈ ગઈ પછી તો તેના વર્તનમાં તે શક્તિરૂપે વિકસતી જાય છે. 'પ્રાણ' તત્ત્વ સાથે સંકળાયેલી શ્રદ્ધા જેમ જેમ પ્રાણમાં શુદ્ધિ થતી જાય તેમ તેમ તે ખીલવા માંડે છે. જે કોઈ ભૂમિકામાં શ્રદ્ધા ઊતરતી રહે તો તેનું અયોગ્ય બધું જ નિતારીને પોતાને યોગ્ય તે બનાવી દે છે. આરંભ, મધ્ય અને અંતમાં શ્રદ્ધાનાં વિવિધ રૂપો છે. પણ આખરે તો તે આત્મરૂપ જ છે. જીવનને બાંધી લેતા અનેક કિલ્લામાંથી આ વિશ્વમાં જો કોઈ છૂટવાનો આરો હોય તો તે એક જ છે, અને તે શ્રદ્ધા. શ્રદ્ધામાં જો હેતુ જીવતો હોય અને હૃદયમાં તે ધારણ કરાયેલ હોય તો સાધકનો બેડો પાર થઈ જાય છે. જે જ્ઞાન શ્રદ્ધાથી જીવનમાં ઊગ્યું હોય અને ભાવથી હૃદયમાં સેવાયું હોય તે જ સાધનામાર્ગે ખપ લાગે છે. સાધક શ્રદ્ધાને સ્વીકારીને આવકારે છે. પછી પ્રેમથી વધાવે તો 'એ' એને બહુ જ કામ આપે છે. શ્રદ્ધાને સેવતાં સેવતાં સાધક શ્રદ્ધાના ભાવથી કર્મો કરતો રહે, તો તેને 'જીવદશા'ની સ્થિતિ રહેતી નથી. રાગદ્વેષ કે ક્લેશ નડતા નથી. જેમ જેમ શ્રદ્ધા પરિપક્વ થતી જશે તેમ તેમ તર્ક ઓગળતો જશે. જો તર્કપરંપરા ઊઠે તો જાણી લેવું કે તે શ્રેયાર્થી નથી કે નથી તેના જીવનમાં શ્રદ્ધાનો પ્રવેશ થયો. પક્વ શ્રદ્ધાની વિચારપદ્ધતિ જ જુદી છે. જે તે ઓચિંતું ઊગે છે ને તે પ્રમાણે સાધક વર્તે છે. જીવનના ધ્યેયમાં ઊંડું ઊંડું ખૂંપતા ક્ષેત્ર કંઈ ઓર જ પલટાય છે. શ્રદ્ધાનું પારખું લેવાની બુદ્ધિની કોઈ તાકાત નથી. પ્રાર્થનાભાવનો સહારો સાધકની બુદ્ધિને જગાડશે. ગમે તેવી તપશ્ચર્યાથી પણ જે બુદ્ધિ શુદ્ધ થતી નથી એવી બુદ્ધિ કેવળ શ્રદ્ધાથી શુદ્ધ થાય છે. શ્રદ્ધાનો એકધારો અભ્યાસ થાય તો બુદ્ધિમાં જીવંત અને પ્રાણવંત પલટો આવે છે. 'જીવદશા'ની બુદ્ધિ શ્રદ્ધાથી પ્લાવિત થઈ સાધનામાર્ગનું જ્ઞાન નિશ્ચયથી ઉગાડે છે.

શ્રદ્ધા હોવા છતાં કોઈને શ્રદ્ધાનું ભાન થતું નથી. અને શ્રદ્ધા પોતાની મેળે છતી થતી નથી. સાધકના અભ્યાસમાં તે સદાય જીવતી અને મોખરે રહે છે. જીવનમાં પૂર્ણ આચારવિચારથી હૃદયમાં સ્મરણ અને પ્રાર્થનાભાવથી તેમ જ કીર્તન, નિત્ય આત્મનિવેદન, સમર્પણ, સત્સંગ, સત્કર્મ તેમ જ સત્‌સોબતથી, ગુણ તેમ જ ભાવથી અને પરમ તત્ત્વની કૃપાથી શ્રદ્ધા કેળવી શકાય છે. શ્રદ્ધા પોતે જ ચમત્કારનું રૂપ છે. પણ તે ચમત્કારમાં માનતી નથી. તર્ક કે દલીલથી શ્રદ્ધાને ખાતરી કરાવવાની જરૂર રહેતી નથી. પણ રોકડ નાણાંની જેમ તે સાધકના જીવનમાં નક્કર ઉઠાવ આપે છે અને એ જ એની સાબિતી છે. સાધકના બધા તર્ક-વિતર્કો શ્રદ્ધા જાગવાથી પ્રક્રિયામાં જ સમાતા જાય છે.

જેના હૃદયમાં શ્રદ્ધા જાગી ગઈ એ શ્રદ્ધા જ સાક્ષાત્‌ કૃપા છે. શ્રદ્ધા અસ્તિત્વમાં ના હોય એ રીતે જીવતી હોય છે. પણ ઉપયોગમાં લેતાં તે પ્રત્યક્ષ વર્તાય છે અને વધતી જ જાય છે. શ્રદ્ધા ગુણને અને ભાવને હંમેશાં પોષે છે અને ચેતનને ઝીલવા ભૂમિકા પક્વ બનાવે છે. જિજ્ઞાસા અને શ્રદ્ધાનો સંબંધ અત્યંત નિકટનો છે. જિજ્ઞાસાનો આધાર શ્રદ્ધા છે અને શ્રદ્ધા જ જિજ્ઞાસાનો પ્રાણ છે. જિજ્ઞાસાથી ઊગેલી શ્રદ્ધા ચિત્તને તટસ્થ રાખી કોઈ પ્રકારનો કશા વિશે ક્ષોભ થવા દેતી નથી. સાધકના આધારમાં આધ્યાત્મિક

તત્ત્વનું સંકલન થાય તે જ શ્રદ્ધા. શ્રદ્ધા તો આત્માની પ્રતીતિ અને આત્મદર્શનની અનુભૂતિ છે. શ્રદ્ધા એટલે આત્મનિવેદન. શ્રદ્ધા પરિપક્વ થતાં નિષ્ઠા ફળે છે. નિષ્ઠામાંથી સાધક કેમેય કરીને ખસી શકતો નથી. અખંડ પ્રાણવંત ભાવ ઝરતો જાય છે તે ભાવ ચેતનનો પ્રવાહ છે. શ્રદ્ધા જીવંત પ્રાણ છે તો નિષ્ઠા ચેતનનું હાર્દ છે. ભાવને આધારમાં પચાવીને તે ખીલવ્યા કરે છે. સાધનાનું જીવન એટલે શ્રદ્ધા અને નિષ્ઠા. જિજ્ઞાસા દ્વારા શ્રદ્ધા ને નિષ્ઠા પોષાય છે. અંતરમાં સ્ફુરેલી શ્રદ્ધા પ્રતિષ્ઠિત થતાં ભાવ જાગે છે. ધારેલું મેળવી આપે છે. શ્રદ્ધા એટલે દૃઢ પ્રતીતિ, ધ્યેયની ખરેખરી સંભાવના અને એ પરત્વેનું જ્ઞાન, જેનો જન્મ થવાનો છે તે વર્તમાનનું દર્શન બની જાય છે. આ જ છે શ્રદ્ધાનું સ્વરૂપ, અનિશ્ચિત વિશેની હૃદયમાં ઊગેલી નિશ્ચિતતા, અંતરમાં તે સક્રિય બન્યા વગર પૂર્ણ વાસ્તવિકતા ઊગતી નથી. શ્રદ્ધા સર્જનાત્મક હોવાથી વિચારને કુંઠિત થવા દેતી નથી અને પ્રેરણા આપે છે. પ્રગટેલી શ્રદ્ધા જીવતો પુરુષાર્થ કરાવે છે અને ફળાવે છે. નિષ્ઠામાં આપમેળે પ્રયત્ન વગર પ્રયત્ન થાય છે. પરિપક્વતાની ટોચે પહોંચતા જ સાધ્ય પાસે છે એમ વર્તાય છે. ધ્યેયને પામવાની જેને શ્રદ્ધા જાગી છે, તે જાગીને, ઊઠીને મથે છે અને પંથ ભૂલતો નથી. પર્વતો જેવી મોટી મુશ્કેલીઓ સામે શ્રદ્ધા ટક્કર ઝીલે છે. અને તેમ કરતાં ટટાર રહી પણ શકે છે. કારમા સંજોગોમાં કદીય નમતું મેલ્યા વગર અપાર બળથી સંગ્રામ આપે છે. લક્ષ્ય સામે નજર કરી પોતે એકલી હોય તોય બધાંને પહોંચી વળે છે. એ જેમાં ભળે છે તેમાં એકાકાર રહી હાર્દ પામ્યા વગર જંપતી નથી. સાધક ધ્યેયમાં શ્રદ્ધાને હેતુપૂર્વક વાપરતો જાય છે તેમ તેમ તે તેને આગળ ધપાવતી જાય છે. શ્રદ્ધાના જ્ઞાને આગળ આગળ ચાલવાનું બધું સ્પષ્ટ થતું જાય છે. શ્રદ્ધાના જેવી પ્રેરણા બીજું કોઈ આપી શકતું નથી.

શ્રદ્ધા પોતે જ અમૃત છે ને અમૃતદાયીની પણ. માર્ગમાં નવું નવું જ્ઞાન તે સંપડાવે છે. જે જે કંઈ શ્રદ્ધા ગ્રહે અને એમાં પ્રાણ પ્રગટે નહિ તો તે તેને મૂકી દે છે. શ્રદ્ધાથી પ્રાણ ન જાગે તો તે શ્રદ્ધા જ નથી. શ્રદ્ધાની ચાલવાની રીત દુનિયાની રીત કરતાં જુદી જ છે. સાધકને શ્રદ્ધાની કળા પોતાના વર્તનમાં પરખાય છે ત્યારે 'ઊભું આપણી સંગાથે કો જણાય છે.'

પૂજ્ય મોટા શ્રદ્ધા અને જિજ્ઞાસાનો તફાવત સ્પષ્ટ કરતાં લખે છે કે જિજ્ઞાસા કદી બુઝાય ખરી પણ શ્રદ્ધા તો ક્યારેય બુઝાયા વગર સાધકને ધ્યેય તરફ જવાની ગતિ માટે પ્રેરણા આપ્યા કરે છે અને ત્યારે શ્રદ્ધાનો આત્મવિશ્વાસ સાધકને ટકોરાબંધ વર્તાય છે.

શ્રદ્ધાની લક્ષ તરફ પ્રેરાવતી ગતિ કેવા પ્રકારની છે તે જોઈએ. શ્રદ્ધા સર્વ પ્રથમ તો સાધકના હૃદયમાં અભ્યાસ ને વૈરાગ્યમાં પરોવાઈ જાય છે. ત્યાર બાદ પ્રભુના મનન ને ચિંતવનમાં એકરાગ કરાવે છે ને પ્રચંડ ભાવથી પુરુષાર્થમાં પ્રેરી છેવટે લક્ષ્ય સાધે છે. શ્રદ્ધાના ભાવ ને શક્તિનાં મૂલ્યાંકનો અનુભવી વગર કોઈ જાણી શકતું નથી. શ્રેયાર્થીએ તો એના મૂલ્યાંકનની ટેવ પણ છોડવી જ પડે. શ્રદ્ધાની કળા કેવળ શ્રદ્ધા જ સમજે છે. શ્રદ્ધા વગર યોગ થઈ શકતો નથી. પ્રત્યેક યોગમાં એ ઓતપ્રોત થયેલી છે. યોગમાર્ગે આગળ ધપતી શ્રદ્ધા વિકાસના કોઈ પણ ક્ષેત્ર કે તબક્કામાં વચગાળામાં પોતાના દોરનો તંતુ ક્યારેય મૂકી દેતી નથી. યોગની ધૂંસરીમાં સાધકને તે પ્રવેશાવે છે. ત્યારેય પોતે નિઃસ્પૃહી ને નિષ્પક્ષ રહે છે તેમ છતાં તે સર્વલક્ષી ને સંપૂર્ણ એકલક્ષી છે. એકમાર્ગી, એકાગ્ર અને કેંદ્રવર્તી શ્રદ્ધા ગતિશીલ, ક્રિયાશીલ અને સર્જનશીલ છે. એકસાથે તે આ પ્રકારે ત્રિગતિ ધારણ કરનારી છે. બધી જ જીવવૃત્તિને

બાળી નાખનાર શ્રદ્ધા તો અગ્નિસ્વરૂપ છે. કાળે કાળે નવાં રૂપ ધારણ કરતી શ્રદ્ધા સંજોગાનુસાર પોતાના પરસ્પર વિરોધી ગુણોને લેખે લગાડીને સાધકને આગળ ધપાવે છે. માર્ગમાં આવતાં દિવ્ય અને ભવ્ય સૌંદર્યથી તે ચળતી નથી પણ દિવ્ય સૌંદર્યનાં દર્શનથી પ્રસન્નતા વધારી ઊંડી ઊંડી ઊતરે છે. ઉત્થાનનું પરિણામ શ્રદ્ધાથી જ નીપજે છે. એના અધિકારને કોઈ જ પડકારી શકતું નથી. પણ તેમ છતાં તે આપખુદ નથી. શ્રેયાર્થીને તો પૂર્ણ સ્વાતંત્ર્ય આપી એની ઇચ્છા પર તે છોડી મૂકે છે.

શ્રદ્ધા ભાવથી પુરુષાર્થ પ્રેરે છે. સમર્પણ અને ફનાગીરીનું મૂલ્ય સમજીને સાધકને પોતાના જીવનમાં ધ્યેય બાબતમાં સાવચેતી, તકેદારી, જાગૃતિ ને સાવધાની રખાવે છે. આમ બનતું દેખાય કે અનુભવાય તો જાણવું કે શ્રદ્ધા કામ કરી રહી છે. પરિવર્તન, શાંતિ અને સમાધાન શ્રદ્ધાનાં લક્ષણો છે. શ્રદ્ધાના વર્તનની વિવિધ પ્રક્રિયાઓ છે. ક્યારેક તે ઊડે છે. કદીક તે નીચે પડે છે. ક્યારેક તે પાતાળે પેસી અદશ્ય થતી લાગે છે. એનું નામનિશાન પણ દેખાતું ન હોય ત્યારે પણ તે પાછી સજીવન થઈ જાય છે. કશું ન કરવા છતાં તે કાર્યશીલ છે. જીવનમાં વર્તન, કર્મ, વિચાર, વ્યવહારવૃત્તિ સર્વનું સમર્પણ કરવું પડે તે સર્વનું સમર્પણ કરાવે છે. હોમાવાની પ્રક્રિયામાં હેતુનું જ્ઞાન હોવાથી તે શુદ્ધિ-યજ્ઞ મંડાવે છે. મૂગી ન હોવા છતાં તે મૌન છે. શ્રદ્ધાની ક્રિયાશીલ ગતિ અગમ્ય છે. શ્રદ્ધા સૌ પ્રથમ જિજ્ઞાસાના ભાવને આધારમાં પ્રસ્થાપિત કરે છે. ને પછી સ્થિરતા પમાડે છે. ને સ્થિર થયેલો તે ભાવ વર્તનમાં વર્તાવે છે. આમ, સાધકને મૂળથી પરિણામ સુધી જિજ્ઞાસા ને શ્રદ્ધાનો પરસ્પરનો અવિનાભાવી સંબંધ છે.

શ્રદ્ધા ક્યારેક તો ગોકળગાયની રીતે ચાલે છે, ક્યારેક ભૂસકો મારે છે. તો ક્યારેક દોડતી હોય છે. અરે, એના ગુણધર્મે ગણીને કાળનેય ફગાવી દે છે ને 'જીવ'ને 'શિવ'માં લાવી મૂકવાનો તો એનો ધર્મ જ છે.

શ્રદ્ધાને સમજાવવી સહેલી છે, અનુભવવી દોહ્યલી છે. પણ 'એને' જગાડીને ચઢાવ્યા પછી નીચે ઉતારવી ઘણી જ મુશ્કેલ છે. શ્રદ્ધાનું ધ્યેય તો આત્માને અનુભવવાનું છે.

શ્રદ્ધાની સામે રહેલાં સઘળાં પરિબળોને શ્રદ્ધા જીતી લે છે અને અંતે એ પરિબળોએ છેવટે હારીને સમન્વય કે સમાધાન સ્વીકારવું પડે છે. પણ તે વેળાએ શ્રદ્ધાની જ્ઞાનપૂર્વકની દૃષ્ટિ તો પોતાનો હેતુ ફળાવવાની જ છે. આસુરી બળો શ્રદ્ધાને આવરી લેતાં હોય છે. ત્યારે તે નમી પડતી નથી પણ ઉગ્ર સામનો કરી તાબે થયા વગર સંગ્રામ ખેલી હારશે એમ લાગતાં પ્રભુનું સ્મરણ કરે છે. શ્રદ્ધા સાધકને મંથનમાં ઉગ્ર, ભયંકર અને તીવ્રમાં તીવ્ર વિષાદ પ્રેરાવે છે અને આધારમાં ઊંડે ઊંડે ચિંતવનમાં પરોવાવે છે. સમર્પણયજ્ઞમાં શ્રદ્ધાભાવે જે તે હોમાયે જતું હોય છે. શ્રદ્ધાનો ભાવ જીવનમાં જીવતાં વર્તનમાં સદા પરોપકારી બને છે ને ધીમે ધીમે તે ભાવ ભક્તિમાં પલટાય છે. એવા સૂક્ષ્મ ફેરફાર થતાં થતાં માર્ગમાં શક્તિ જુદી જુદી રીતે દિવ્ય ને ખુલ્લી થતી જાય છે.

જીવનમાં ભાવની ઉત્કટતા જાગતાં સાધક નવા નવા પ્રદેશમાં પ્રવેશે છે. શ્રદ્ધા જ ભાવનું મૂળ છે. શ્રદ્ધાથી જ રંગ લાગે છે અને સુરતા સધાય છે ને એકધારો નાદ લાગે છે. ભાવ ગાઢ થતાં થતાં અખંડ થતો જાય છે ને અખંડતા જાગવાથી રૂપાંતર થયા કરે છે. આમ, ભાવના દિવ્ય કર્મમાં ફેરફાર થાય છે. ભાવના નશાથી એકાગ્ર અને કેંદ્રિત થવાય છે. એકાગ્રતા 'કેંદ્ર'માં કેંદ્રિત થયા બાદ ત્યાંથી તે સ્થૂળમાં અવતરી ચેતના પ્રવર્તાવે છે. સાધકના ચેતનમાં એકાગ્રતા પ્રસ્થાપિત થવા તે દિવ્ય મંથન અનુભવશે.

જોકે શક્તિનું દિવ્ય કર્તવ્ય અહીં જ પૂરું થતું નથી. આત્માને જે સત્ય અનુભવાય તે જ ધર્મ. શ્રદ્ધા આ ધર્મ પિછાણે છે. છેવટે તો દ્વંદ્વ અને ગુણથી શ્રદ્ધા મુક્ત કરાવવાનું જ ચાહે છે.

માર્ગમાં ભરમાવાનું આવતાં ભેરુ સમી તે મદદમાં ઊભે છે. શ્રદ્ધાને ભાવથી સેવતાં ભાવ જીવંત થાય છે. આ ભાવ સંપૂર્ણ ગાઢ થતાં કરણેન્દ્રિયો વિશે તેનો ઊંડો સ્પર્શ થાય છે, ભાવઉદ્રેક થાય છે ને જ્ઞાનપૂર્વક જાગૃતિ ધરાવીને જ કર્મ કરવાનાં છે, તેમાં તે અવતરિત થાય છે. શ્રેયાર્થીનાં સર્વ કર્મ યજ્ઞભાવે જ થતાં રહે છે. ભાવ ઊંડો ઊંડો ઊતરતાં કેવાંય પરિણામ લાવે છે, તે તો અનુભવી વગર કોણ જાણી શકે ?

યોગ્ય ભૂમિકામાં જ બીજ ઊગે છે ને ફળે છે. લાયકાત વગર આ સૂક્ષ્મ વિદ્યા શિખાતી નથી. પાત્રતા વગર શક્તિનો પડછાયોય ઝિલાતો નથી. શ્રેયાર્થીની સ્વીકારાત્મક ભૂમિકા થયા વિના શ્રદ્ધા જેવી છે તેવી જ ત્યાં રહે છે. શ્રદ્ધાના મૂળમાં ગૂઢ રીતે જ્ઞાન છુપાયેલું છે. જ્ઞાન ને ભક્તિનો યોગ થતાં કર્મ નીપજે છે. શ્રદ્ધા પરિપક્વ થતાં નિષ્ઠા બની જાય છે. ત્યારે બુદ્ધિ પ્રજ્ઞા બની સર્વની પાર નીકળી જાય છે. સહુ સમજણ ને પૂર્વગ્રહોથી તથા ગ્રંથિઓથી મુક્ત થઈને સત્ત્વગુણને પણ વટાવતી દ્વંદ્વાતીત, ગુણાતીત, પ્રજ્ઞાની તે ભૂમિકામાં પ્રત્યક્ષ ચેતન જ તરે છે. સમગ્રતાનું જ્ઞાન અનુભવવા કેવળ પ્રજ્ઞા જ માત્ર શક્તિશાળી છે. વૈરાગ્ય આત્માની નજીકનો છે. નિર્મમત્વ, અનાસક્તિ, નિર્મોહ, લોભમુક્તિ, નિષ્કામ, નિષ્ક્રોધ, નિરહંકારિતા વગેરે અંગોની પૂર્ણ સમગ્રતા થતાં આ તીવ્ર વૈરાગ્યની ભૂમિકામાં જે અભ્યાસ થતો જાય તે જ સાચો વિકાસ છે.

ટૂંકમાં શ્રદ્ધાને પરિણામે જ સાધકના અંતરમાં પ્રકાશ, ભક્તિ અને જ્ઞાન પ્રગટે છે, સર્વ પ્રકારના સંગ્રામોમાં શ્રેયાર્થી વિજેતા નીવડે છે, મુલાયમતા, નમનીયતા, શાંતિ, પ્રસન્નતા, શાતા, આનંદ, સ્વસ્થતા, સ્ફૂર્તિ, જોશ, જોમ, તાટસ્થ્ય ને સમત્વ તે પ્રાપ્ત કરે છે.

શ્રદ્ધા કાળને પણ ટૂંકાવી નાખે છે. આધ્યાત્મિક ભૂમિમાં બી મૂકવાની પ્રક્રિયા શ્રદ્ધાની ભાવનાથી જ થાય છે. શ્રેયાર્થીની ભૂમિકા શાંત, સ્વસ્થ અને પ્રસન્ન થયા બાદ બી ઊગવા સઘળી સરળતા થાય છે, શ્રદ્ધા દ્વારા જ બી ફળે છે. શ્રદ્ધા જામતાં એકાગ્ર ને કેંદ્રિત થવાય છે. અનેક વાર હોમાતાં હોમાતાં પૂરો ખાખ થતાં શ્રેયાર્થીનો નવો જન્મ થાય છે. આમ થતાં શ્રદ્ધા આત્મપ્રદેશમાં પ્રવેશે છે. કેંદ્ર સ્થાને જ્યાં જ્વાળા સમું લાગે છે ત્યારે શ્રેયાર્થીને તલપ અને ઊંડો તલસાટ લાગે છે, તે મસ્ત, તરબોળ ને એકાકાર રહે છે.

❊ ❊ ❊

વિદ્યા સ્વયંભૂ શ્રદ્ધામાં, શ્રદ્ધા નિશ્ચિત તેથી છે,
શ્રદ્ધાને કોઈ પ્રશ્નોમાં ગૂંચવાડો ન થાય છે,
ગૂંચો અટપટી આવ્યે પંથે અવનવા ઊગે-
-કોયડા તે બધા, શ્રદ્ધા નિશ્ચિતે જ ઉકેલશે.

શ્રદ્ધા નિર્ભર છે પોતે નિજ અનુભવો પરે,
આત્યંતિક છતાં ના તે શ્રદ્ધા અનંતવર્તી છે.

(શ્રદ્ધા, પૃ. ૧૧૭) (૧૯-૨૦-૨૪) **—મોટા**

❊ ❊ ❊

# પૂજ્ય મોટાનું જીવંત તત્ત્વજ્ઞાન

## શ્રી કંચનલાલ ગ. શાહ

(પૂજ્ય મોટા પ્રત્યે ખૂબ જ આકર્ષાયેલા આસિસ્ટન્ટ સેલ્સ ટેક્સ કમિશનર, ગુજરાત રાજ્ય, અમદાવાદ.)

આજનો માનવી ભોગપ્રધાન બની પોતાનું અમૂલ્ય જીવન પશુતુલ્ય બનાવી રહ્યો છે. ઊર્ધ્વગામી બનાવવા માટે મફતના આશીર્વાદ માટે દોડાદોડી કરી રહ્યો છે. ધર્મસ્થાનોમાંથી ભાવજીવન ખલાસ થઈ રહ્યું છે. કર્મો પણ શુષ્ક, તેજહીન, ગતાનુગતિક બન્યાં છે. ત્યારે ભગવાન તેની પ્રતિજ્ઞા મુજબ કોઈ સંતને મોકલે છે. તેમ તેમણે પૂજ્ય મોટાને ગુજરાતની તથા સમગ્ર માનવજાતની સેવા માટે મોકલ્યા છે. તેઓશ્રીનું મુખ્ય કાર્ય માનવસ્વભાવનું દિવ્ય રૂપાંતર કરવાનું છે.

તેઓએ ઉગ્ર સાધના, કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગ જીવનમાં આચરી સને ૧૯૩૯ની રામનવમીએ નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર કર્યો અને સહજ રીતે સંસર્ગમાં આવતા જીવોને માર્ગદર્શન આપવું શરૂ કર્યું, અને સાધના, સાધક, પ્રેમ, સુખ, મનની કેળવણી, તપશ્ચર્યા, જાગૃતિ, નામસ્મરણ, વાસનાશુદ્ધિ અને ચિત્તશુદ્ધિ વગેરે બાબતોમાં સાધના કરનારની જે ગેરસમજણો હતી, તેને પોતાના અનુભવની સમજણના આધારે પત્ર-સાહિત્ય દ્વારા દૂર કરવા પ્રયત્ન કર્યો છે. તેમણે મૌનમંદિરોની સ્થાપના કરી સાધકોને પોતાના મનના અભ્યાસ માટે અને તેને સુધારવા માટે સુંદર આયોજન કર્યું છે. તથા સમાજમાં ગુણ અને ભાવના કેળવાય તેવી અને લાંબા ગાળાની વિશિષ્ટ પ્રકારની વૈજ્ઞાનિક સંશોધનની યોજનાઓ હાથ પર લીધી છે. તેઓ ઉપદેશ આપતા નથી. જ્યારે જિજ્ઞાસુ પૃચ્છા કરે ત્યારે અચૂક અનુભવયુક્ત જીવનરસાયણ આપે છે. તેઓ પોતાનો અનુભવ જ ખરો છે એવો આગ્રહ પણ રાખતા નથી. સમગ્ર કર્મ કરતા હોવા છતાં તે અકર્તા છે. એક જ લીટીમાં પૂજ્ય શ્રીમદ્ રાજચંદ્રના શબ્દોમાં કહું તો—

''દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત,
તે જ્ઞાનીનાં ચરણમાં હો વંદન અગણિત.''

જ્ઞાનીનું જીવંત પ્રતીક એટલે જ પૂજ્ય મોટા. શ્રીમદ્દે એક જગ્યાએ કહ્યું છે કે, ''જાતને ઓળખવા આત્મસાક્ષાત્કાર કરવા આત્મિક જ્ઞાનના સિદ્ધાંતને અનુભવવા હોય તો અનુભવી અને નિર્દોષ નરનું કથન માનો...'' અને ગુજરાતને શ્રીમદ્ પછી હાલ જીવંત અનુભવી ને નિર્દોષ નર રૂપે પૂજ્ય શ્રીમોટા સાંપડ્યા છે. શરીરમાં અનેક રોગ અને તેનાં દર્દ હોવા છતાં દેહથી પર એવી દશામાં હંમેશાં જીવતા હોય છે. પણ માનવજાત મરેલાને પૂજનારી છે. જીવતા સંતને નજીક હોવા છતાં ઓળખવા દરકાર કરતી નથી.

પૂજ્ય મોટાની વિચારધારાના અનુભવબિંદુઓ કહે છે **'જીવન' એટલે અનંત જન્મોના સંસ્કાર લઈને આવેલા જીવની ચેતનશક્તિની માનવીદેહ દ્વારા થતી વહનક્રિયા.'** જીવનના ઊર્ધ્વીકરણ માટે તથા જીવનમાં સુખ મેળવવા માટે તેઓશ્રીના જણાવ્યા અનુસાર-પ્રભુનું સતત પ્રેમભાવે સ્મરણ કરતા રહેવું તથા આર્ત ને આર્દ્રભાવે એવી પ્રાર્થના કર્યા કરવી, જેથી જીવનમાં ભાવ જાગે. માત્ર આપણે આપણું સર્વ

કાર્ય મન દઈને, યજ્ઞરૂપે તેના શરણભાવે કર્યા કરીએ અને તેનામાં વિશ્વાસ ધરીએ કે, યોગ્ય કાળે યોગ્ય કરશે. ભગવાનનું નામ બોલતાંની સાથે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ જે સર્વ તથા સમગ્ર આપણા અંગ-ઉપાંગો અને હૃદય એ બધાં જ ભગવાનને શરણે જતા હોય એવી જીવંત ભાવના જાગવી જોઈએ.

પૂજ્ય મોટા ભૂલ કે દોષ થાય તે અંગે માર્ગદર્શન આપતાં જણાવે છે કે –

'ભૂલ કે દોષનું-સ્ખલનનું વારંવાર ચિંતવન કરવાનું ન હોય. તેથી તો દોષના વાતાવરણમાં મન પુરાયેલું રહે છે. માટે તેનાથી સાવધાન બનો.'

આપણે બધાં હાલ જે પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છીએ, તેનો પૂજ્યશ્રીએ પોતાના અનુભવે તેમનાં લખાણોમાં સચોટ ચિતાર આપ્યો છે. થોડાં પુસ્તકો કે પ્રવચનો વાંચી, મનથી મહાજ્ઞાની બનેલાં સામાન્ય જીવ માટે આ અંગૂલિનિર્દેશ પૂરતો છે. તેઓશ્રી સાધનાનું સાચું રહસ્ય સમજી મનને પલટાવવા ઈચ્છનાર સાધકે કેવા પ્રયત્નો કરવા તે સમજાવતાં જણાવે છે કે પ્રભુના નામનું પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનું સતત એકધારું સ્મરણ કરીને રોજબરોજના થતાં સકળ કર્મોમાં શ્રીભગવાનની ભાવના અને ધારણા જીવતી રાખીને જીવનમાં મળતાં સર્વ પ્રસંગોમાં સમતા, શાંતિ, ધીરજ, તટસ્થતા, બીજાઓ પરત્વેની સહાનુભૂતિ વગેરે ગુણો આપણે કેળવતાં રહેવાનું છે, પરંતુ આજે આપણે ભ્રાંત વિચારોનું અનુસરણ કરીએ છીએ અને ગૃહસ્થાશ્રમને અવગણીને 'ન પરણવું' અગર સંન્યાસ લેવો તેમાં મોટી આધ્યાત્મિકતા ગણીએ છીએ. ''કંઈ જ ન કરવું અને તે દ્વારા 'કર્મ ફળો'થી અલગ રહેવાની વૃત્તિને'' મોટાઈ માનવામાં આવી છે, પરંતુ પૂજ્ય શ્રીમોટા પુરુષાર્થના વાસ્તવવાદી દૃષ્ટિકોણ પરત્વે જાગૃત રહી, પરસેવો પાડી જાત ઘસી કામ કરવામાં જ સાચો આનંદ અને સંતોષ પ્રાપ્ત કરવા જણાવે છે.

વાસનાશુદ્ધિ અને સંયમના અંકુશ અંગે તેઓશ્રી જણાવે છે કે વાસનાઓને એમની રીતે ઉપયોગ કરવા જતાં એમનો વેગ વધવાનો છે. એ રીતે કદી તે શુદ્ધ થઈ શકે જ નહિ, પણ એના વહેણના પટથી ભિન્ન રીતે તેનો જ્ઞાનભક્તિપૂર્વક ઉપયોગ કરવાનો છે. નથી એમને નકારવાની કે નથી એમને જડ બનાવી દેવાની. એટલે તો આપણે સતત એકધારો જીવતો પ્રયાસ કર્યા કરીએ અને તેમાંથી ભાવનાનો ધોધ પ્રગટે અને તેવા ઊછળતા ભાવધોધથી તે તે વાસનાઓનાં મૂળને ધોયા કરીએ.

વાસનાશુદ્ધિ પછી ચિત્તશુદ્ધિ અંગે જણાવે છે કે, ઉચ્ચ આત્મામાં હૃદયની પ્રેમશક્તિ જો કેંદ્રિત, એકાગ્ર અને એકાંગી થયેલી હોય તો ચિત્તશુદ્ધિ કરવામાં મદદ કરે છે. કોઈ ખરાબ સંસ્કાર પડે એવી વાતચીત કે પ્રસંગ છે એમ સમજતાં જ સાધકે નામ-જપ કે પ્રાર્થના કે ગુરુસ્મરણ કરવું કે એવું કોઈ સાધન કરીને પેલા સંસ્કારો ઊંડા પડતા અટકાવી દેવા જોઈએ. સાધકની અનાસક્તિ અંગે તેઓ જણાવે છે કે જેને પ્રભુતામાં જ સમાવું છે એણે આરંભ વિનાનાં જ કાર્યો કરવાં ઘટે, નવું કશું ન વાંચવું જોઈએ. જે જે કંઈ કરવાનું આવે તેમાં બિલકુલ આસક્તિ ન હોય અને જે કંઈ કરીએ તે પ્રભુને સમર્પીને કરીએ.

ટૂંકમાં ગતાનુગતિક ગાડરિયા પ્રવાહની જેમ જીવન જીવવાથી જીવનમાં કંઈ જ મળી શકશે નહિ. વાસનાથી મુક્ત થયા બાદ જ અનાસક્તિ આવશે અને તો જ શ્રવણાદિ ફળશે બાકી નહિ. અને જેણે જીવન પ્રાપ્ત કર્યું છે તે હંમેશાં પ્રસન્ન રહેશે. તે કદાપિ સૂતકી ચહેરાવાળા નહિ હોય. પ્રસન્નતા તો જીવનની સાચી સાધનામાંથી પ્રગટે છે.

સુખ-દુઃખની ઉત્પત્તિનું કારણ મન છે. અને તે બીજામાં શોધવાથી મળતું નથી. જે તેને પોતાનામાં શોધે છે તેને જ મળે છે. જ્યારે કોઈ વૃત્તિ દુઃખ નિર્માણ કરવા આવે ત્યારે તેનાથી સજાગ રહી તેને દૂર રાખવા પ્રયત્ન કરવો જોઈએ. સુખ શોધવા બહાર જવાની જરૂર નથી. જેણે આંતરવૃત્તિને વાળી છે, તેને સુખ મળે છે. જીવનમાં પ્રભુ પ્રત્યે પ્રેમ જન્માવવાથી રૂપાંતરે સાચું સુખ મળે છે. આમ, સાધનામાં અનુભવ મેળવવા પૂજ્યશ્રીના કહેવા પ્રમાણે મુખ્ય ત્રણ સાધન છે.

(૧) શુદ્ધ, સાત્ત્વિક વૃત્તિ અને વિચાર.

(૨) સાચી જીવનના ધ્યેય અંગેની ધગશ. તેને માટેની ધગધગતી તમન્ના.

(૩) ધ્યેયના હેતુની શુદ્ધતા.

* * *

## પોતે પોતાને નડતરરૂપ

પ્રશ્ન : **મોટા,** ભગવાનને માર્ગે જવા સંસાર અવરોધરૂપ ન ગણાય ?

ઉત્તર : ના, 'મન હોય તો માળવે જવાય.' તેમ ભગવાનના થવા કાજે તેવું મન હોવું જોઈશે, ને ન હોય તો તેવું થવા કાજે દિલનું ખેંચાણ પ્રગટાવવું જોઈશે. સંસારનો મહાવરો અનાદિકાળથી 'જીવ'ને પડેલો છે. તેમ છતાં સંસારે કોઈને રોકેલ નથી. જે કોઈ સંસારનું નામ લે છે, તે યોગ્ય નથી. જેને જવું જ છે, તે તો જવાનો છે. જેને જવું નથી તેને તો કંઈક ને કંઈક બહાનું શોધવાનું રહે છે. કોઈ કશું નડતરરૂપ નથી. જો હોઈએ તો પોતે પોતાને નડતરરૂપ છે.

(સંપાદક : **પ્રા. રમેશ મ. ભટ્ટ**)

* * *

# પૂજ્યશ્રીનો કવિતાપ્રસાદ

## પ્રા. હેમંત દેસાઈ

એમ. એ.

(ગુજરાતી સાહિત્યના કવિ અને લેખક. સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજમાં ગુજરાતી વિભાગના વડા. તાજેતરમાં પૂજ્યશ્રીના સાહિત્ય (પદ્ય)ના સંપર્કમાં આવ્યા છે.)

અધ્યાત્મના ક્ષેત્રે મૌનના ભારે હિમાયતી છતાં શ્રીમોટાએ વાણીની શક્તિની, તેની ઉપયોગિતાની અવજ્ઞા કરી નથી. લોકકલ્યાણ પ્રવૃત્ત મરમી સંતને એવી અવજ્ઞા પરવડે પણ નહિ. એમને જ્યારે જ્યારે લખવાનું પ્રાપ્ત થયું છે ત્યારે ત્યારે એમણે સીધી સરળ વાણીમાં એમનું વક્તવ્ય રજૂ કર્યું છે. ગદ્યમાં તેમ જ પદ્યમાં, પૂજ્ય મોટાએ આજ લગીમાં પુષ્કળ લખ્યું છે. એ સઘળું લખાણ, મને લાગે છે કે, લેખક કે કવિ તરીકેની કોઈ સભાનતાથી નહિ, પણ સ્વાભાવિક-સ્વયંભૂ રૂપે જ પ્રગટ્યું છે. એનું પ્રેરક બળ લોકકલ્યાણની ભાવના અર્થાત્ સર્વહિતચિંતન કે જીવમાત્ર પ્રત્યેની સ્વાભાવિક પ્રીતિ જ હોવું જોઈએ. અને એટલે જ એમના સર્જનનું પ્રયોજન પણ અધ્યાત્મજ્ઞાનબોધ સિવાય અન્ય કશું જ ન હોઈ શકે. *મોટા*નો ભાવિકવર્ગ ખાસ્સો મોટો છે, વિવિધ પ્રકૃતિ, રસ, વૃત્તિ અને કક્ષા ધરાવનારો છે. એમાં શ્રેયાર્થી સાધકોની સંખ્યાય નાનીસૂની નથી. એ સહુના લાભાર્થે એમણે જે વિપુલ વાઙ્મય-સર્જન કર્યું છે, તેમાંની કવિતા વિશે થોડીક વિચારણા અત્રે પ્રસ્તુત કરવાનો આશય છે.

આપણે ત્યાંની મધ્યકાળની ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યની કવિતાની પરંપરા કોઈ ને કોઈ રૂપે અર્વાચીન કાળમાં પણ જળવાઈ રહી છે. એવી કવિતામાં કર્તાના સ્વાનુભવની અભિવ્યક્તિ ઉપરાંત વાચક માટે પ્રેરણા અને બોધનું તત્ત્વ પણ મોજૂદ હોય છે. બલકે સ્વાનુભવ પણ અન્યને એ પ્રદેશમાં કે એ માર્ગે પ્રેરવા-અભિમુખ કરવા માટે જ વ્યક્ત થતો હોય છે. શ્રીમોટાની કવિતા પ્રસ્તુત પરંપરાના અનુસંધાન રૂપે હોવા છતાં સ્વકીય લાક્ષણિકતાથી અંકિત થયેલી છે. *મોટા*ને પક્ષે કવિતાનું સર્જન અનાયાસ સ્વયંસ્ફુર્ત છે, પણ વાચકોને પક્ષે એનું વાચન સભાન-જ્ઞાનપૂર્વકનું જ રહેવાનું. એથી એને સમજવા-સમજાવવાના પ્રયત્નો પણ થયા છે.

એ કવિતા વિશે કશુંક કહેતાં પહેલાં એની ભૂમિકા રૂપે થોડુંક કહીશ :

સંતવાણી રૂપે પ્રગટતી આ કવિતા યશઃકાંક્ષી રસસિદ્ધ કવિની કવિતાથી કાંઈક જુદી છે. મને લાગે છે કે અનુભવી એટલે પરમ તત્ત્વ સાથે અનુસંધાન પામેલ કે પરમ તત્ત્વસ્વરૂપ, સ્વયં જ્ઞાનસ્વરૂપ પુરુષના સર્જનમાં (કાવ્ય કે ઇતર) અને સંસારી પુરુષના સર્જનમાં પાયાનો એક ભેદ છે. અને તે જ એ બેઉનાં સર્જનોની ભિન્નતા માટે જવાબદાર જણાય છે. સર્જક માત્ર સૂક્ષ્મ આંતરઅનુભૂતિને ભાષાનાં સ્થૂળ માધ્યમ દ્વારા વ્યક્ત કરે છે. અને તે એવી રીતે કે વાચકને તેનો (કવિનો) અનુભવ યથાતથ્ય પહોંચે, પરંતુ હમણાં જણાવ્યા તે બન્ને સર્જકોના આંતરઅનુભવનાં સ્વરૂપો જ તત્ત્વતઃ ભિન્ન હોય છે. એ અનુભવોની કોટિ, કક્ષા જ જુદી હોય છે.

સાહિત્યના સર્જન-આસ્વાદનની સમસ્યા એ છે કે વ્યક્તિના આગવા અનુભવને તેણે અભિવ્યક્તિ આપવાની છે. અને એ અનુભવથી અનભિજ્ઞ માણસને (વાચકને) તે અભિવ્યક્તિ દ્વારા વ્યક્ત થયેલ અનુભવને પામવાનો હોય છે. ભાષાનું માધ્યમ સ્થૂળ-ભૌતિક છે અને અનુભવ સૂક્ષ્મ હોય છે. એટલે લેખક-વાચક વચ્ચે સેતુ બાંધવા-બંધાવાનું કાર્ય મુશ્કેલ બને છે. આ મુશ્કેલી સંસારી સર્જક અને તેના સર્જન પરત્વે થોડીક હળવી થાય છે. કારણ કે તેના અનુભવો, તેના વાચકના હૃદયમાં પણ સંચિત સંસ્કારોની વાસના રૂપે રહેલા હોય છે, જેને ઉદ્‌બોધતા વાચક રસાનુભવ કરી શકે કે સર્જકના વક્તવ્યને પામી શકે છે. જ્યારે અનુભવીના અનુભવો આગવા હોવા ઉપરાંત વિરલ છે. તે અલૌકિક હોય છે. અને તેથી લૌકિક જનોના અનુભવપ્રદેશમાં કે વાસના-સંસ્કાર વર્તુળમાં તે આવતા નથી. કોઈ કોઈ સંસારી જનોના આત્મામાં પૂર્વપુણ્યને કારણે, અનુભવીના એવા અનુભવો, ક્યાંક ખૂબ ખૂબ ઊંડા, સ્વલ્પ રૂપે રહેલા હોય છે. અને એથી એવા વાચકો અનુભવી-મરમીના બોલને યત્કિંચિત્ પામી શકે છે. તેમ છતાં સર્જક તરીકેની મરમી કવિની મુશ્કેલી તો રહે છે જ. અને તે સમજીને જ એવો કવિ પુનરાવર્તનોનો આશ્રય લે છે, જેથી તેનું વક્તવ્ય વારંવાર દૃઢાવીને એ વાચકના ચિત્તમાં સ્થાપી શકે. આમ, કવિતામાં કલાદૃષ્ટિએ આવશ્યક ન હોય તેવી પુનરુક્તિ વર્જ્ય ગણાતી હોવા છતાં મરમીની કવિતામાં તે સહ્ય છે, એટલું જ નહિ અનિવાર્ય પણ છે.

બીજી એક મુશ્કેલી પણ છે. સંસારી કવિના કાવ્યનો વાચક રસથી આર્દ્ર થાય છે. અને તેની આર્દ્ર થયેલી મનોભૂમિમાં તે કવિ સદ્‌વસ્તુનાં બીજ તેને ખબર ન પડે તે રીતે વાવી દે છે. જ્યારે મરમીની કવિતાનો વાચક રસાનુભવ (વધુ ચોકસાઈથી કહીએ તો ભક્તિ કે શાન્ત સિવાયના રસનો અનુભવ) તો કરી શકતો જ નથી. એ ભાવાનુભવ કરી શકે, જો તેનામાં સંસ્કારગત આકાંક્ષા-જિજ્ઞાસા *મોટા* કહે છે તે પૂર્વ 'નિમિત્ત'ને કારણે જાગેલી હોય છે તો. એટલે રુક્ષ ભૂમિમાં જ મરમીએ તો ખૂબ મૂલ્યવાન જ્ઞાનબીજ રોપવાનાં છે. જે કઠિન કાર્ય છે. આથી, એ મરમી કવિ ભાષાની ટાપટીપ, અલંકાર, શૈલીલટકાં કે સંમાર્જિત શબ્દની ઉપાધિમાં નહિ જ પડે. એમ કરવું તેને પરવડે પણ નહિ. કારણ, તો તે વાચક એ પ્રપંચમાં જ અટવાઈ જાય અને 'અમૂલખ વસ્તુ' તરફનું અવધાન ખોઈ બેસે. આથી, કલાકસબીની ઝીણવટ, બારીક નકશીકામ કે સુરેખ રૂપવિધાનની અપેક્ષા આવી મરમીની કવિતા પાસે રાખી શકાય નહિ.

કવિતા લાગણીનો સહજ ઉદ્‌ગાર છે તેટલી જ તે પરિશ્રમસાધ્ય કલા-રચના પણ છે. કલાકાર કવિને પોતાની કવિતા મઠારવી પડે છે, કારણ એ પોતાની અભિવ્યક્તિને અસરકારક ચોટદાર સદ્યોવેધી બનાવવા ઈચ્છતો હોય છે. આકર્ષક બન્યા વિના કવિતા વાચકનું ચિત્ત હરી ન શકે. પણ હરિએ જેનું ચિત્ત હર્યું છે એવા મરમીની કવિતાનો વાચક એવાં આકર્ષણ શોધવા જતો નથી. એ તો પ્રયત્નપૂર્વક એ કવિતામાં પ્રગટેલાં તત્ત્વને પામવા જાય છે. વાચકની એવી તત્પરતાની ખાતરી હોવાથી જ અથવા એવી તત્પરતા વિનાના વાચકની ખેવના ન હોવાથી જ કદાચ મરમી કવિ પોતાની કવિતાને મઠારતો નથી. મરમીને કવિતા એ સાધન છે, સિદ્ધિ નથી. એટલે જ એ એવી પળોજણમાં નથી પડતો. વળી, એને મન સરજોદ્‌ગારનું મહત્ત્વ હોય છે. એ જ એને માટે તો પૂર્ણ અભિવ્યક્તિ-પૂર્ણ કાવ્ય છે.

તેના વક્તવ્યની વિશેષતાને કારણે ભિન્ન એવી મરમીની કવિતાનું સ્તર એકંદરે ઊંચું હોય છે. અને તેને પામવા માટે, હું માનું છું કે વિશેષ યોગ્યતા જોઈએ, પાત્રતા જોઈએ. સર્વસામાન્ય કવિતાના ભાવન માટેની, ભાવક તરીકેની કેળવણી એમાં કામ નહિ લાગે. આધ્યાત્મિક ઉદ્યુક્તતા એને પામવા માટેની પહેલી શરત છે. મરમીની કવિતા કેવળ જ્ઞાનમય, બોધરૂપ કે શુષ્ક હોતી નથી. એમાં ભાવાર્દ્રતા, ભાવના જરાય અલ્પ હોતી નથી, પરંતુ એ ભાવ અને ભાવનાને સીધો અંતઃકરણ સાથે અને તેય સૂક્ષ્મ શરીર સાથે સંબંધ હોય છે. ત્રિગુણાત્મક, વિષયલુબ્ધ સંસારીને એ દુર્લભ-અલભ્ય વસ્તુ જ રહેવાની. આમ છતાં પોતાનું વક્તવ્ય, કોઈ ને કોઈ રીતે, કોઈ ને કોઈ જીવાત્માને, ક્યારેક ને ક્યારેક સ્પર્શી જવાનું છે, યત્કિંચિત્ અસર કરવાનું છે. અને તેનામાં રહેલ દૈવી અંશને-સદ્અંશને જગાડી, તેને ઈશ્વરાભિમુખ થવામાં સહાયકારક બનવાનું છે એવી કોઈ અપૂર્વ શ્રદ્ધાથી મરમી મહાત્માઓ સર્જન કરતા હોય છે. આથી, એને પામવી દુષ્કર હોવાથી કાંઈ એ કવિતા નિરર્થક બનતી નથી.

અધ્યાત્મમાર્ગી કવિતાના સર્જકમાં પણ, અલબત્ત, સર્જક માત્રમાં હોય છે તેવી આત્માભિવ્યક્તિની વૃત્તિ તો ઊંડે ઊંડેય હોય છે ખરી, પરંતુ તે ગૌણરૂપે જ રહે છે. મુખ્યત્વે તો એ કવિતાનું સર્જન અન્યલક્ષી હોઈ તટસ્થ ભાવે જ થતું હોય છે. અને એટલે જ એની પ્રકૃતિ અભિવ્યક્તિપ્રધાન નહિ, પણ વક્તવ્યપ્રધાન છે. ઝાઝાં અલંકરણો નહિ ને બહુધા ઉપમા-દૃષ્ટાંતનો જ આશ્રય લેતી એ કવિતાનું લક્ષ્ય વસ્તુના વિશદ નિરૂપણનું હોય છે તેટલું તેનું સૌંદર્ય સિદ્ધ કરવાનું હોતું નથી. એટલે જ એ મનહર નહિ, મનભર હોય છે.

હજુ બેએક વાત રહી જાય છે. મરમીની કવિતામાં અક્ષય અર્થક્ષમતા હોય છે. ઉપરાંત, એમાં મંત્રશક્તિ પણ હોય છે. (આ બેઉ વાનાં, કહે છે કે 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' અને 'રામચરિત માનસ'માં રહેલાં છે.) આથી, એ કવિતાનું વારંવારનું થતું પઠન નવા નવા અર્થો આપતું આપતું છેવટે કોઈ ધન્ય વિરલ ક્ષણે અપૂર્વ અનુભૂત-અલૌકિક આનંદનો અનુભવ કરાવી જાય છે અથવા સમજ્યા વિના પણ કરેલું તેનું પઠન કે સતત થતું રટણ, મંત્રના બળથી આંતરચેતના જગાડી જાય. કદાચ આ અને આ જ એ કવિતાનો ખરો મહિમા છે.

હવે પૂજ્ય શ્રીમોટાની કવિતા વિશે :

એક સંતભક્તહૃદય સહુ પ્રથમ લયબદ્ધ શબ્દમાં જ પ્રગટ થયું છે. એટલે કે *મોટા*એ જ્યારે શબ્દની શોધ આદરી-શબ્દને સાધવા માંડ્યો ત્યારે તે કવિતાનો શબ્દ હતો, વ્યવહારના ગદ્યનો નહિ. આ નોંધપાત્ર ઘટના છે. 'હરિઃૐ' એ શબ્દનું પ્રગટ ઉચ્ચારણ-સતત જપ કરતાં *મોટા* આત્માને-આત્મસ્વરૂપ બ્રહ્મને, પામ્યા છે, પણ એ પ્રાપ્તિની પ્રક્રિયા દરમિયાન અને એ પછી પણ વાઙ્મય શબ્દને વીસર્યા નથી, બલકે તેને સાધતા રહ્યા છે. શબ્દની ઉપાસના એક રીતે તો બ્રહ્મની જ ઉપાસના છે એમ આપણે ત્યાં મનાયું છે. પૂર્વસૂરિઓએ શબ્દને બ્રહ્મ-બ્રહ્મસ્વરૂપ કહ્યો છે. એટલે બ્રહ્મનો ઉપાસક શબ્દનોય ઉપાસક બને એ સ્વાભાવિક અને ઉચિત છે.

શબ્દની પાસે જઈ *મોટા*એ શબ્દમાં જે વ્યક્ત કરવાનું હતું તે અનાયાસપણે વ્યક્ત કરવા માંડ્યું. પણ સર્જક તરીકેની કોઈ સભાનતા એમણે દાખવી નથી. અને એટલે જ કાવ્યોને મઠારવાં કે કલાકસબની

દૃષ્ટિએ અલંકાર, શૈલી આદિ અંગે પૃથક્ યત્નો કરવા તરફ એમણે લક્ષ આપ્યું નથી. અલબત્ત, એનો અર્થ એવો નથી કે ભાષાની, છંદલયની શુદ્ધિ અને ચોકસાઈ અંગે એ દુર્લક્ષ સેવે છે. ઊલટું, એ બાબતોમાં એમનો ભારે આગ્રહ રહ્યો છે, પરંતુ કવિતા પોતે જ એક સાધન એમને મન હોઈ કવિતાનાં અન્ય સાધનો શબ્દ, છંદ, અલંકારાદિનું સ્વાભાવિક રીતે જ તેઓ બહુ ઊંચું મૂલ્ય આંકતા નથી. પોતાના વક્તવ્યને યથાતથ્ય વ્યક્ત કરવા તરફ જ કેંદ્રિત એવું તેમનું સર્જકચિત્ત અર્થ અને તેની પાછળના મર્મને જ હંમેશાં તાકે છે. કવિતાને સિદ્ધિ તરીકે ન લેખતા હોવાથી આમ બન્યું છે તેમ-એ જ કારણે, કવિયશની બાબતમાં એ કેવળ ઉદાસીન રહ્યા છે. પ્રારંભનાં એમનાં કાવ્યો તો નામ વિના જ પ્રગટ થવા દીધેલાં અને પછીથી નામ સહિત જે પ્રગટ્યાં છે, તેમાંય પોતે તો પ્રકાશન અંગેની કોઈ આળપંપાળ કે જવાબદારી રાખેલી નથી. એમનો વાચકવર્ગ પણ જાણે છે કે પૂજ્ય શ્રીમોટાનું તમામ સાહિત્ય અન્યને હાથે સંપાદિત થઈ પ્રસિદ્ધિ પામેલું છે.

આમ છતાં, કાવ્યરચનાના કૌશલથી એ અજ્ઞ નથી. એટલે, કાવ્યકલાની દૃષ્ટિએ એમના સર્જનનું મૂલ્ય આંકવા ન જઈએ કે કાવ્યતત્ત્વની શોધ એમાં ન કરીએ તોપણ કાવ્યરચનાના નિયમોનું પાલન અને કાવ્યનું ઔચિત્ય એમાં અવશ્ય જોવા મળશે. આ સંબંધમાં પ્રો. અનંતરાય રાવળે નોંધ્યું છે તે યથાર્થ છે : 'એમણે પોતે કવિયશ પ્રાર્થ્યો નથી કે કવિ તરીકે પોતાને માન્યા કે ગણાવ્યા નથી...એમ છતાં શિખરિણી-મંદાક્રાંતાના મિશ્રણનો એમણે પોતાના ભાવકથનને માટે કરેલો પ્રયોગ નોંધપાત્ર ગણાય તેવો છે. છંદ કર્તાને અનાયાસસિદ્ધ છે. અને તજ્જ્ઞ એ નથી એમ ભલે કહેવાયું, પદ્યરચના પર એમનો કાબૂ ઘણો ને સારો છે...આ કાવ્યના ૧૦૯ શ્લોકોની પદ્યરચના સરળ અને પ્રવાહી છે, અને તે સારા એવા પ્રમાણમાં. શબ્દો જરૂરી તેટલા જ અને સાદા તેમ જ વિશદાર્થ છે, અને વાક્યાન્વય ક્યાંય સંકુલ કે ક્લિષ્ટ નથી.' 'શ્રી ગંગાચરણે'ની પ્રસ્તાવનામાં વર્ષો પૂર્વે લખાયેલા આ શબ્દો *મોટા*ની બધી કવિતાને આજે પણ લાગુ પાડી શકાય એવા છે.

રાવળ સાહેબની વાતની પૂર્તિરૂપે થોડુંક અત્રે કહેવાનું છે : છંદ *મોટા*ને સિદ્ધ છે અને તે સિદ્ધિના પુરાવારૂપ વિવિધ છંદો-સંસ્કૃતવૃત્તો, માત્રામેળ છંદો અને છંદોમિશ્રણની એમની રચનાઓ મોજૂદ છે. છેલ્લાં વર્ષોમાં એમણે અનુષ્ટુપ સારા પ્રમાણમાં લખ્યો છે. આ અતિ સરળ જણાતો છંદ ખરેખર તો લખવો ઘણો અઘરો છે. એની સરળતા છેતરામણી છે અને એ ભલભલા કવિઓની કસોટી કરી નાંખે છે. સંસ્કૃતમાં વ્યાસ, વાલ્મીકિ, કાલિદાસ ને ભવભૂતિના અનુષ્ટુપ શ્લોકો ચિરસ્મરણીય છે. આપણે ત્યાં ન્હાનાલાલે 'પિતૃતર્પણ'માં યાદગાર અનુષ્ટુપ આપ્યો છે. બધા પ્રકારના વિષયને-શાસ્ત્રીય નિરૂપણને સુધ્ધાં, અનુરૂપ-અનુકૂળ એવો છંદ *મોટા*એ ખૂબ આસાનીથી લખ્યો છે. ઉપરાંત, હમણાંથી હરિગીતના લયની ગઝલ રચનાઓ પણ એમણે એવી જ સરળ અને છતાં આકર્ષકરૂપની આપી છે.

છંદ જેટલી જ, બલકે એથી વધુ સરળતા અને સાહજિકતા એમના વક્તવ્યમાં તેમ જ ભાવ કે અનુભવમાં છે. અને એટલે એમનું સર્વ કાવ્યસર્જન અનાયાસ છે. શ્રીમોટાની સર્જનપ્રક્રિયા પણ સહજ-નૈસર્ગિક છે. મનમાં કાંઈ પણ સ્ફુરે કે તરત જ તેને પોતે ટપકાવી લેતા હોય છે. અને એમાં ખાસ

છેકછાક કે સુધારા-વધારાની ભાગ્યે જ જરૂર પડે છે. ઘણી વાર પોતે બોલીને બીજા પાસે લખાવે છે. અને તેમાં પણ અસ્ખલિત પ્રવાહરૂપે શ્લોક પ્રતિ શ્લોક ઊતર્યે જાય છે.

ભક્તિભાવ અને જ્ઞાનબોધ એ *મોટા*ની કવિતાના મુખ્ય વિષયો છે. અને તે ઉપરાંત, પોતાના સ્વાનુભવો, જીવનના તેમ જ આધ્યાત્મિક ક્ષેત્રના પણ તેમણે કવિતામાં વ્યક્ત કર્યા છે. ભાવની અભિવ્યક્તિમાં જેવો ઉત્કટતાનો અનુભવ થાય છે તેવો જ જ્ઞાનચર્ચામાં વિશદતાનો અનુભવ એમની કવિતાના વાચકને થાય છે.

કેટલુંક તો પૂજ્યશ્રીએ ભક્તોની વિનંતીથી લખ્યું છે અને તેમાં તત્ત્વજ્ઞાન-અધ્યાત્મવિદ્યા અને સાધનમાર્ગની ખૂબ સમર્થ અને મૂલ્યવાન સામગ્રી પ્રાપ્ત થઈ છે અને એટલે જ એમની કવિતા તે કવિતા નહિ પણ પોતાના ભાવિકોને એમણે ભાવથી અર્પેલ પ્રસાદ છે. એ પ્રસાદ કાવ્યરૂપે હોઈ એમાં કાવ્યની પ્રાસાદિકતા અને સૌંદર્ય છે તેમ પ્રસાદરૂપે મળેલ એ કવિતા આનંદ-રસ-કલ્યાણપ્રદ પણ છે.

છેલ્લે સમાપનમાં એક બે વાત નોંધી વિરમીશ. *મોટા* ખૂબ ત્વરાથી ખૂબ પ્રમાણમાં લખી રહ્યા હોય એમ હમણાંનું લાગે છે. તેમાં પોતાની પાસે જે પડ્યું છે તે નિઃસંકોચ અને નિર્ભેળપણે જેમને જરૂર છે તેમને આપી છૂટવાની વૃત્તિ હોવી જોઈએ. એમના ભાવિકોને ઘટે કે એમના એ અનુગ્રહનો પૂરેપૂરો લાભ ઉઠાવે અને એ લખાતાં તેમ જ લખાયેલાં સાહિત્યનું ચોકસાઈપૂર્વકનું વ્યવસ્થિત અને શુદ્ધ સંપાદન-પુનઃસંપાદન પણ થતું રહે, જેથી એ અમૂલ્ય સામગ્રી ચિરકાળ જળવાઈ રહે અને ભાવિના શ્રેયાર્થીઓને પણ પથદર્શક બની રહે. *મોટા*નું કાવ્યસર્જન અવિરતપણે ચાલ્યા કરો એવી અભ્યર્થના એક કવિતારસિક તરીકે મારી હોવા સાથે તત્ત્વના પણ એક કિંચિત્ રસિક તરીકે એવી ભાવના છે કે એનો બહોળો પ્રચાર થતો રહો. સદ્‌ભાગ્યે આમ થતું રહ્યું છે અને થવાની પ્રતીતિ છે તેનો આનંદ પણ વ્યક્ત કર્યા વિના કેમ રહું ?

❋ ❋ ❋

# પૂજ્ય શ્રીમોટા અને તુકારામ મહારાજની સંતકલ્પના

## શ્રી દ્વારકાનાથ બિનીવાલે

(માધ્યમિક શાળાના નિવૃત્ત આચાર્ય અને હાલ શ્રેયસ શાળા, વડોદરાના અંગ્રેજી શિક્ષક.)

સંતશ્રેષ્ઠ તુકારામ મહારાજે સંતપ્રશસ્તિ કરતાં સંતોના મુખ્ય કાર્યનો નિર્દેશ કરતાં લખ્યું છે કે :

'जगाच्या कल्याणा संताच्या विभूति ।
देह कष्टविती पर उपकारे ॥'

(જનકલ્યાણાર્થે સંત વિભૂતિ કષ્ટ દેહે દેતી પર ઉપકારે.) પૂજ્ય શ્રીમોટા જીવનના ૭૬મા વર્ષે પણ, શરીર અનેક રોગોનું ઘર બન્યું હોવા છતાં જે રીતે પ્રભાતથી તે રાત્રી સુધી શ્રેયાર્થી આત્માઓના કલ્યાણ માટે અને સમાજના પુનરુત્થાન માટે જે ભગીરથ જહેમત ઉઠાવતા જણાય છે, તે ઉપરની તુકારામની ઉક્તિઓની સાર્થકતા સિદ્ધ કરે છે. સંતોનાં હૃદય-

'वज्रादपि कठोराणी । मृदूनि कुसुमादपि ॥'

(વજ્રથી પણ કઠોર અને પુષ્પથી પણ કોમળ હોય છે.) પૂજ્યશ્રીના વહાલસોયા હૃદયના લાડ અને પ્રેમનો લહાવો પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય જેમને પ્રાપ્ત થયું છે, તેઓ જ તેમના નવનીત કોમલ હૃદયની પ્રસાદીની મધુરિમા જાણે છે. સ્નેહમૂર્તિ *મોટા* સમારંભોમાં વ્યાખ્યાન કરતી વખતે પોતાની માતા વિશે કહેતાં ગળગળા બની જાય છે અને તેમની આંખમાંથી દડદડ આંસુઓ ખરવા માંડે છે. એ એમના સુકોમળ હૃદયની ઝાંખી કરાવે છે, પરંતુ એ જ શ્રીમોટા સમાજમાં પ્રવર્તતા અનાચાર, નિષ્ક્રિયતા, અજ્ઞાન અને અન્યાય અંગે બોલે છે ત્યારે ક્રોધથી ધૂંઆપૂંઆ થઈ જાય છે. કોઈ શાપ આપવા તત્પર બનેલા વેદકાલીન આર્ષદ્રષ્ટાની માફક ગરજી ઊઠે છે-'હું બધાંને ચેતવણી આપું છું-ભારે ઝંઝાવાત આવી રહ્યો છે. તેના સપાટામાંથી કોઈ છટકવાનું નથી. લક્ષ્મીના ધણી થઈ બેઠેલાંઓને અને સત્તા ઘેલછામાં દીવાના બનેલાઓને કાળનાં એંધાણ જાણી લેવા હું ચેતવું છું.'

આ પ્રકારે એક બાજુ નવનીત સમ સુકોમળતા અને બીજી બાજુ જ્વાળામુખી સમ ઉગ્રતા દર્શાવતા પૂજ્યશ્રી તુકારામ મહારાજની આ બાબતમાં અનુરૂપ એવી અભંગોક્તિની યથાર્થતાની પ્રતીતિ આપે છે. એ ઉક્તિ છે :

'मेणाहूनी आम्हीं मऊ विष्णुदास ।
कठिण वज़ास भेदू कीं हो ।'

(મીણથીય પોચા અમે વિષ્ણુદાસ કઠણ વજ્રનેય ભેદી દેશું.)

સંતપદની પરમોચ્ચ સ્થિતિને પ્રાપ્ત કરવા માટે પૂજ્યશ્રીને વર્ષો સુધી આંતરિક તેમ જ બાહ્ય રીતે ભીષણ સંઘર્ષ કરવો પડ્યો હતો. જેનું યથાર્થ દર્શન તેમની 'જીવનદર્શન', 'મનને', 'હૃદયપોકાર' વગેરે કૃતિઓમાંથી મળી શકે છે. તુકારામ મહારાજની ગણના મુજબ સંતપદ સુલભ હોતું નથી. એક અભંગમાં તેઓ કહે છે :

‘नाहीं संतपण मीळत हें हाटीं । हिंडता कपाटीं रानी वनीं ॥
नये मोल देतां धनाचिया राशी । नाहीं ते आकाशीं पाताळीं ते ॥
तुका म्हणे मीळे जीवाचिये साटीं । नाहीं तरी गोष्टीं बोलूं नये ॥’

(સંતપણું ન મળે વેચાતું બજારે,
ભટક્યે જંગલે મળે ના એ તો.
ધનરાશિ મૂલ્યે પામી ન શકાયે,
ન મળે આકાશે પાતાળેય તો.
કહે ‘તુકો’ મળે પ્રાણના જ સાટે
માત્ર વાતો તેની વ્યર્થ જ જાતી.)

આવું પ્રખર કષ્ટસાધ્યપૂર્ણ સાધકત્વ પ્રાપ્ત કર્યા પછી સાંનિધ્યમાં આવતા શ્રેયાર્થીઓને પ્રભુના માર્ગે દોરવણી આપવાનું પરમ મંગલકાર્ય પૂજ્યશ્રી અવિતરપણે કરતા રહ્યા છે. આ અંગેની એમની સાહિત્યસંપદા ગુજરાતી ભાષા માટે નહિ, પરંતુ કોઈ પણ ભાષા માટે ગૌરવ લઈ શકાય તેવા અમૂલ્ય ખજાનારૂપ છે. આમાંથી શ્રેયાર્થી પોતાની ગૂંચનો ઉકેલ મેળવી શકે છે. સંતના દિલની તાલાવેલી પોતે અપનાવેલો શ્રેયનો માર્ગ બીજા અપનાવે એવી હોય છે. તુકારામ મહારાજ કહે છે તે પ્રમાણે.

‘आपणां सारिखे करिती तत्काळ ।
नाही काळवेळ तया लागीं ॥’

(પોતાના સમાન કરંતા તત્કાળ સમય વિલંબ ત્યાં ન હોય.)

એ જ એમનું ધ્યેય હોય છે. પરંતુ સાધનામાર્ગ દુષ્કર હોવાથી પૂજ્યશ્રી શ્રેયાર્થી-આત્મીયને માટે એક વહાલસોયી માતા કે પ્રેમાળ પિતાની રીત અજમાવે છે. સાધનામાર્ગે શરૂઆતના ડગ ભરનાર શ્રેયાર્થીને બાળક જેવો ગણી તે પ્રમાણે જે પદ્ધતિ પૂજ્યશ્રી અપનાવે છે, તેનું વર્ણન તુકારામની વાણીમાં યથાર્થ રીતે નીચે મુજબ આપી શકાય :

‘अर्मकाचें साठीं । पंते हातीं धरिली पाटी ।
तैसे संत जगीं । क्रिया करून दाविती अंगी ॥
बाळकाचें चाली । माता जाणुनि पाऊले घाली ॥
तुका म्हणे नाव । जना साठीं उदकीं ठाव ॥’

(બાળુડાંને માટે, પિતા પાટી તે ધરતા.
જગે તેવી સંતો, ક્રિયા એવી આચરતા,
બાલુડાંની સાથે ! માતા ડગલાં ભરતી,
‘તુકો’ સંત નૌકા ! જલે જનાર્થે તરતી.)

આપણે બડભાગી છીએ, કારણ કે પૂજ્યશ્રી જેવી વિભૂતિ આપણી વચ્ચે આપણા શ્રેયની સતત કાળજી રાખતી હાજર છે. શ્રેષ્ઠ સંત વિશે તુકારામ મહારાજની કલ્પના પ્રત્યક્ષ સ્વરૂપે *મોટા*ના રૂપે આપણી સાથે છે, એ ભગવાનની પરમ કૃપા છે : તુકારામ મહારાજની સંતકલ્પના આ પ્રમાણે છે :

'पवित्र तो देह वाणी पुण्यवंत । जो वदे अच्युत सर्वकाल ॥
जगाच्या चिंतने तरतील दोषी । जळतील राशी पातकांच्या ॥
देव इच्छी रज चरणीची माती । धांवत चालती मागे मागे ॥
काय त्या उरले वेगळे आणिक । बैकुंठ नायक जया कंठी ॥
तुका म्हणे देव भक्तांचा संगमा । तेथे ओध नाम त्रिवेणीचा ॥

('પવિત્ર પાતકોની એ દેહ, વાણી પુણ્યવંતી ગાતા હરિનામ સર્વકાળે
સ્મર્યાથી, તેઓને તરંતા તે દોષી ! થતી ભસ્મ રાશિ પાતકોની
દેવોયે વાંછતા ચર્ણરજ જેની પાછળ પાછળ દોડતા તે
ન મળે ત્યાંહી જુદાઈ ભાવના વહાતાં શ્રીપતિ સદા કંઠે
કહે 'તુકો' દેવભક્ત સંગમ જ્યાં ! તહીં ધોધનામ ત્રિવેણીનો.')

આત્મકલ્યાણ વાંછતાં સામાન્ય જનો માટે પૂજ્યશ્રી જેવા સંતને ચરણે સંપૂર્ણ સમર્પણભાવથી લીન થઈ જવું અને તેમનાં કાર્યો આપણાં જ કાર્યો માનીને ઉપાડી લેવાં એ પૂજ્યશ્રીના આત્મીય હોવાનો દાવો કરનારા આપણા માટે ઉચિત છે. મોટાઈની ખોટી કલ્પના દૂર રાખી દાસત્વ અપનાવવું એ વધારે આવકારદાયક છે. મહત્ત્વ પામીને ગૂંગળામણ અનુભવવા કરતાં લીનતા શ્રેયસ્કર છે. એ અંગે સંતશ્રેષ્ઠ કહે છે :

'संकोचतो जीव महत्वाच्या भारें । दासत्वचि बरें बहु वाटे ॥
कळावी जी माझी आवडी हे संता । देणे तरी आतां हेची द्यावे ॥
तुमचे चरण पावविले सेवा । म्हणऊनि देवा हाचि करी ॥
विनवुनि तुका वंदितो चरण । लेखा रजरेण चरणीचा' ॥

(અકળાતો જીવ મોટાઈના ભારે, દાસત્વ એ ઘણું સારું લાગે !
મુજને છે પ્રિય દાસત્વભાવના દેવા જો ઇચ્છો તો એ જ દેશો.
તમ ચર્ણ સેવા પામી જો શક્યો છું, યારી આપી મારા નસીબેયે,
લળી લળી 'તુકો' વંદે છે ચરણ, ગણો રજરેણુ ચરણકેરો !)

આ પ્રમાણે સંતચરણોમાં લીન થઈને ભાવનું સાતત્ય રાખીને આપણે કાર્ય કરીશું તો આપણા માથા પરનો બધો બોજ દૂર થઈ જશે. તુકારામ મહારાજ આ બાબતમાં દૃઢતાપૂર્વક કહે છે કે :

'संताचिये पायीं हा माझा विश्वास । सर्व भावे दास जालो त्यांचा ॥
तेचि माझे हित करिति सकळ । जेणे हा गोपाळ कृपा करी ॥
भागलिया मज वाहतील कडे । त्यांचियानि जोडे सर्व सुख ॥
तुका म्हणे शेष घेईन आवडीं । वचन न मोडी बोलिले तें ॥

(સંત ચરણોમાં મેં રાખ્યો છે વિશ્વાસ
સર્વ ભાવે દાસ તેમનો હું

મારું હિત સર્વ તેઓ જ કરશે !
શ્રીહરિ જેથી તે કૃપા દેશે
થાકી જતાં મને કેડે તેડી લેશે
સંગથી તેઓના થશે સર્વસુખ
કહે 'તુકો' શેષ કરીશ પ્રેમથી
બોલ્યું વેણ નિશ્ચે પાળી રહું !)

પૂજ્યશ્રીના હિમાલયોત્તુંગ શ્રેષ્ઠત્વની ઝાંખી કરાવવી એ મારા અલ્પમતિ માટે અઘરું કાર્ય હતું. તેથી સંતશ્રેષ્ઠનાં વચનોમાં જ ક્ષમા માગવી ઉચિત ગણાશે.

'बोलिलो जैसे बोलविले देवे । माझें तुम्हा ठावे जाति कूळ ॥
करा क्षमा कांही नका धरूं कोप । संत मायबाप दीनावरी ॥
वाचेचा चालक झाला दावी वर्मे । उचित ते धर्म मज पुढें ॥
तुका म्हणे घडे अपराध नेणतां । द्यावा मज आतां ठाव पायीं ॥

(બોલ્યો હું જે બોલ બોલાવ્યા ભગવાને,
મારા જાતિકુળ જાણતા છો.
કરજો ક્ષમા ને ધરશો ના કોપ,
સંત માતાપિતા દીન પરે,
વાચાળ બની હું દોષ જો ઉચ્ચારું,
કુલક્ષણ મારું માની લેજો.
કીધો અપરાધ અજાણતાં ભલે !
'તુકો' યાચે સ્થાન ચરણ પાસે.)

ક્ષમાયાચના પછી પૂજ્યશ્રીનાં ચરણે આખરી વિનંતી કરવાની છે અને તે પણ સંતશ્રેષ્ઠે પોતાના અભંગમાં દર્શાવેલી ભાવનાથી

'शेवटची विनवणी । संत जनी परिसावी ॥
विसर हा न पडावा । माझा देवा तुम्हांसी ॥
आतां फार बोलो काई । अवधें पायीं विदित ॥
तुका म्हणे पडिलो पायां । छाया करा कृपेची ॥
(આખરી આ યાચના સંત તમો જાણી લેશો,
રાંક આ જનને કદી ભૂલી નહિ જશો,
હતું જે કહેવાનું તમ ચરણે નિવેદ્યું છે,
કહે 'તુકો' પગે લાગું છાયા કૃપા કરી માગું !)

❊ ❊ ❊

# 'જીવનઆહ્લાદ' અને ઈશ્વરપ્રાપ્તિની ચાવી


## શ્રી વિરંચિપ્રસાદ મ. ત્રિવેદી ('શ્રી સારસ્વત')

એમ. એ., બી. ઍડ્. વિશારદ


(વડોદરાના એક અભ્યાસી અધ્યાપક. એમનો મૂળ લેખ અતિ સુંદર, અભ્યાસપૂર્ણ અને વિગતભરપૂર છે. પૂજ્યશ્રીના વિચારોને યથાર્થ સ્વરૂપમાં સમજાવતો છે, પરંતુ અમે અહીં સારભાગ આપ્યો છે.)

માનવજીવનના ત્રણ મુખ્ય ધ્યેયો છે. સુખ, શાંતિ અને આનંદની ખોજ. જીવનભર માનવ આ ધ્યેય પ્રાપ્તિ માટે પરિશ્રમ કરતો રહે છે. ધ્યેય પ્રાપ્તિ બાદ તે જીવનસાફલ્યનો સંતોષ અનુભવે છે. મનુષ્ય અન્ય પ્રાણીઓ કરતાં સત્, ચિત્નાં તત્ત્વોની ઈશ્વરદત્ત ભેટને લીધે ઉચ્ચ ગણાયો છે, પરંતુ તે આજીવન જેની ખોજ કર્યા કરે છે, તે આનંદનું તત્ત્વ ઈશ્વરે પોતાની પાસે રાખ્યું છે. આ ત્રણેનો સમન્વય એટલે પરમાત્માનો પરમાનંદ 'સચ્ચિદાનંદ' ભગવાન. ઈશ્વર જેમ નિરાકાર, અજર, અમર અને પ્રેમસ્વરૂપ કે આનંદસ્વરૂપ છે તો તે આનંદ પણ ઈશ્વરની જેમ અનુભવજન્ય, અમર, નિરાકાર છે. માનવ જીવનપર્યંત આનંદની પ્રાપ્તિના પ્રયત્નો કરે છે. વિઘ્નો આવતાં ઈશ્વરને ભજે છે. જ્યારે ઈશ્વરની કૃપા થાય ત્યારે આનંદ 'જીવનઆહ્લાદ'ની અનુભૂતિ થાય છે. શૈવદર્શન અને બૌદ્ધદર્શનની આ વિચારસરણીનો પ્રભાવ પૂજ્ય શ્રીમોટા વિરચિત 'જીવનઆહ્લાદ' પુસ્તકમાં જણાશે.

પ્રસ્તુત ગ્રંથમાં સર્વત્ર ઈશ્વર પ્રત્યે અનુરાગ, ફનાગીરી અને શરણાગતિની ભાવના તરવરતી દેખાય છે. વળી, પૂજ્યશ્રીએ પોતાના અનુભવો, સાધના અને સિદ્ધિ, ભક્તિની રીત, તે દ્વારા મળેલી જીતનું ગીત ગાયું છે. કાવ્યના કુલ દસ વિભાગો પાડીને વિચાર અને ભાવોર્મિની અભિવ્યક્તિને વધારે સુવ્યવસ્થિત બનાવી છે. તે વાચક માટે આવકારદાયક છે. પુસ્તક વાંચતાં સમગ્રતઃ એવી છાપ ઊપસે છે કે 'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને.' પણ જેના પર તેની કૃપા વરસે તેને બીજું કાંઈ જ કરવાનું રહેતું નથી. અને *મોટા* પોતે જ તે માટેનું ઉત્તમ ઉદાહરણ બની રહે છે. 'સ્મરણ' વિશે લખતાં *મોટા*એ સ્વાનુભવ કહ્યો છે. જે સ્મરણ શરૂઆતમાં લૂલું, પાંગળું લાગતું હતું, તે સ્મરણના પ્રભાવે જ ત્રણ કલાકમાંથી ચૌદ કલાકનું થયું. સર્પદંશની કૃપાથી અખંડ બન્યું અને શ્વાસે શ્વાસે 'હરિઃૐ'નો સ્મરણમંત્ર લેવાવા માંડ્યો. તેનાથી ધૈર્ય, ભક્તિ, જ્ઞાન જેવા ગુણો પ્રાપ્ત થયા. આવો છે સ્મરણનો મહિમા. સ્મરણથી માનવજીવનમાં અણધાર્યાં પરિણામો આવે છે. તે આખું જીવનમુખ ફેરવી નાખે છે. અનાસક્તિ, નિરાગ્રહ, નિર્લોભ, નિર્મોહ, આંતરદર્શન, જીવનરહસ્ય દર્શન વગેરે ગુણો કેળવાયા છે.

'હુકમ'ની છણાવટ પણ એમણે કરી છે. પૂજ્ય શ્રીમોટાની દૃષ્ટિએ સદ્ગુરુનો હુકમ જીવનની ચક્રવર્તી પ્રેરણાદાયી શક્તિ છે. તેનાથી જીવનશુદ્ધિ, ઘડતર અને વિકાસના ગુણો કેળવાય છે. તે નોંધારાનો આધાર, ભાંગ્યાનો ભેરુ, સાક્ષાત્ હનુમાન સમાન છે, પરંતુ ભાવ વગરના હુકમનું પાલન પ્રાણહીન શબ સમાન છે. હુકમથી અનુલંઘનીય શિખરો સર કરી જીવનસાફલ્ય મેળવી શકાય.

'ખુમારી'નું આલેખન પણ એટલું જ સચોટ છે. ખુમારી એ અહમ્‌થી પર છે. ખુમારી નિજાનંદ, ઈશ્વરાનુરાગનો અદ્‌ભુત ગુણ છે. પૂર્ણ વિકસિત જીવનનું ફૂલસૌરભ, જીવનહરિયાળી, ક્રાંતિદર્શન છે. જીવંત ચેતનાનું સૂચક છે. જીવનનાં ઘનઘોર વાદળો વચ્ચે વીજળી સમાન છે. તે નિરાલંબી છે. હૃદયની ચેતનાના બાદશાહ વર્તાવનું લક્ષણ છે. એવી ખુમારી સ્થળાતીત, કાળાતીત અને સર્વ મર્યાદાથી પર છે. તેનો આવેગ નદીનાં ઘોડાપૂર જેવો હોય છે. તેનો નશો ઈશ્વર પર કેંદ્રિત થાય છે. ખુમારીનો એક છેડો પ્રભુમય જીવનના એક છેડે અડે છે.

'ગરીબી' વિષયને પણ એમણે છેડ્યો છે. એમની દૃષ્ટિએ બેસી રહેવાથી ગરીબી દૂર થવાની નથી. તે માટે ઈશ્વરના બહાને આળસી ન જતાં વ્યક્તિએ કર્મરત રહેવું જોઈએ. ગરીબ પ્રત્યેના દમનીય વર્તાવનો તાદૃશ ચિતાર તેઓશ્રી આપે છે. છતાં ગરીબ પ્રજાને હિંમત રાખી નીતિના ધોરણે પરિશ્રમ કરવા કહે છે. આત્મસુધારણા પર વધુ ભાર મૂકે છે.

પરંતુ તેથી ધનિકોનો બચાવ સહેજ પણ કરતા નથી. ગરીબ પાસેથી કામ લેવાનું અને તેમને જ લૂંટવાના તથા ધિક્કારવાના માનવસ્વભાવને વિચિત્ર ગણાવે છે. આથી, સમાજને ચેતવે છે કે સમય બહુ ઝડપથી બદલાઈ રહ્યો છે. ગરીબોનો જ્વાળામુખી ફાટશે ત્યારે બહુ માઠાં પરિણામો ભોગવવાં પડશે. તેમના ભારેલા અગ્નિની ભયંકરતા અકલ્પ્ય છે. માન, મર્યાદા, વિવેક, સભ્યતાને બાજુ પર મૂકી અમીર ગરીબ જોડે પશુ જેવો વ્યવહાર કરે છે, તે પ્રસ્તુત ગ્રંથમાં અત્રતત્ર દર્શાવી *મોટા*એ સમાજ પ્રત્યેની પોતાની અભિમુખતાનાં દર્શન કરાવ્યાં છે. સમાજના ચાલી રહેલાં દૂષણો, તેને સુધારવાના માર્ગદર્શનના વિચારો તેઓ યથાસ્થાને આપતા રહ્યા છે. આથી જ ધનિકોને જણાવે છે કે લક્ષ્મી જોઈ મોહાંધ ના બનશો. તેનો સદુપયોગ કરી વ્યભિચારથી બચવાનું સૂચન કરે છે. ગરીબ તેમ જ ધનિકો બન્નેને માટે તેમણે ગુણ પ્રાપ્તિની રીત દર્શાવી છે. સમાજના પાયામાં વ્યક્તિ છે માટે વ્યક્તિ ગુણવાન, ચારિત્ર્યવાન હશે તો જ સમાજ આપમેળે તેટલો સુધરવાનો છે. તેથી ગુણ દ્વારા જીવનના ઘડતરની વાત કરી, સાથે સાથે સમાજની નીતિનું ધોરણ ઊંચું લાવી સામાજિક અધઃપતનને અટકાવી શકાય એમ કહે છે. આમ, દરેક વ્યક્તિ આત્મસુધારણા દ્વારા જ સમાજઘડતર કરી શકે છે. ગરીબ જ ભક્ત થઈ ભગવાનને રીઝવી શકશે. માટે સ્થૂળ ગરીબીના સમયે દિલનો દિલાવર, અમીરો કરતાં પણ કુબેર સમો ધનિક છે.

પૂજ્ય મોટાના મતે 'મન' પ્રત્યે જો બેદરકાર રહીએ તો જીવન પતનગામી બને, પરંતુ જોરજુલમથી તેને જીતી શકાય નહિ. કારણ કે તેના દમનથી તે દ્વિગુણીત વેગથી ઊછળે છે. અને તે સમયે આપણા તમામ પ્રયત્નો બેકાબૂ બને છે. મનના ચંચળ સ્વભાવને વર્ણવી *મોટા* તેને જીતવાની યુક્તિ બતાવે છે કે મનને તેના બધા કોડ પૂરા કરવા દો. તેના પર દમન ના કરો. પણ તેને જીતવાના પ્રયત્નો માટે નિરાશા કે બેદરકારીથી ના વર્તો. તેની કોઈ તરંગી પ્રવૃત્તિમાં રસ ના દાખવો પણ ઈશ્વર તરફ વાળવાનો પ્રયત્ન કરવો. સમય એવો આવશે જ્યારે મન સર્વ પ્રકારે નિર્લેપી બની ઈશ્વરમય બનશે.

*મોટા*ને સાધના દરમિયાન જે પ્રેરણાઓ થઈ તેને હુકમ માની વિના સંકોચે તેમણે પાળી જાણ્યું છે. જ્યારે તમામ પાર્થિવ વસ્તુઓનો મોહ છોડ્યો ત્યારે આઠે પ્રહરના ઈશ્વર સાથેના અનુસંધાનથી, સતત

અભ્યાસથી ખુશ થઈ ભગવાને મહેર કરી છે. આ કૃપા પ્રયત્નથી મળી શકે અને કૃપા તેમ જ મનોબળની પ્રાપ્તિ પછી વ્યક્તિ માત્ર પોતાના નિશ્ચિત ધ્યેયની પ્રાપ્તિનું મનન-ચિંતન કરે તથા સ્વાર્પણ અને અનન્યાશ્રયનો ભાવ કેળવે તો હરિનો પ્રકાશ દેખાય છે. જીવનમાં ઉત્ક્રાંતિ આવે છે, પરંતુ આ વિકાસમાં ગુરુનો ફાળો નાનોસૂનો નથી. માટે તેનું શ્રેય ગુરુને ફાળે જાય છે.

આટલી મોટી સંપત્તિને સિદ્ધ કરવા માટે હલાહલ ઝેર જેવા સંઘર્ષ પસાર કરવા પડે. માનવમાત્રને નિમિત્તપાત્ર માનવું પડે. ઈશ્વરના સ્વરૂપ વિશે પણ પૂજ્ય શ્રીમોટા કહે છે કે નિરાકાર ઈશ્વર ભક્તના ભાવને વશ થઈ તેની ઇચ્છાનુસાર તે પ્રમાણે આકાર લે છે. ભગવાન ભાવનો ભૂખ્યો છે. સર્વ સમર્પણ કર્યા બાદ જીવનવિકાસ પછી ઈશ્વરદર્શન થાય તો બધી જ સમસ્યાઓ હલ થઈ જાય.

પૂજ્ય શ્રીમોટા કહે છે કે મારું સમગ્ર જીવન જ ઈશ્વરકૃપાનો પુરાવો છે.

પ્રસ્તુત ગ્રંથના છેલ્લા વિભાગમાં પૂજ્ય શ્રીમોટાએ માનવદૃષ્ટિ, આત્માનુભવ, સંતનાં લક્ષણ અને કર્મયોગના વિચારો રજૂ કર્યા છે. જે વિચારો સમગ્ર ગ્રંથમાં અત્રતત્ર વેરાયેલા છે જ. ઈશ્વરની પ્રાપ્તિ માટે ભજન, કીર્તન, સ્મરણ, ધૈર્ય, હિંમત, મનોબળ, ભાવ, નિવેદન, એકાંત, નિગૂઢસ્વાર્પણ, અનન્યાશ્રય જોઈએ એમ એઓ કહે છે.

ત્યાર બાદ પૂજ્યશ્રી જનસંપર્ક, માનવસ્વભાવ અને કર્મના વિચારો વિશે ચર્ચા કરે છે. તેઓશ્રી પરનિંદા, વિતંડાવાદ, અહમ્ અને દોષારોપણના દુર્ગુણોને દૂર કરવા કહે છે. તેઓના વિચાર અનુસાર જેને સંતમાં શ્રદ્ધા નથી, ઈશ્વરની કાર્યપ્રેરણામાં વિશ્વાસ નથી અને જેઓ આત્મપ્રતારણા કરે છે, તેઓ સદ્‌ગુરુ વિશે પૂર્વગ્રહ બાંધી લે છે એ યથાર્થ નથી. પુરુષાર્થ વિના ફળની યાચના કરવી તે પણ બાલિશતા છે. વિતંડાવાદના અખાડા યોજવાથી ભગવાન નહિ મળે. તેને માટે ભાવપૂર્ણ ભક્તિ કરવી પડશે. માનવસમાજને શ્રીમોટા સમજાવે છે કે કશું જ આપ્યા વિના ભગવાન પાસે માગવું વાજબી નથી. માટે પાત્રતા કેળવીને વાંછના રાખવી. ઈશ્વર જોઈતો હોય તો મરજીવા જેવી હિંમતથી અથાગ એક જ દિશામાં પરિશ્રમ કરવો પડશે.

લઘુતાગ્રંથિ, તેજોદ્વેષ અને અહમ્‌થી પીડાતા લોકોને સ્વજન માની પૂજ્યશ્રી મોટા તેમનો મેલ ધોવા માગે છે. માનવ પોતાની સાથે સંકુચિતતાનો સ્વાર્થ રાખી વ્યવહાર કરે તે તરફ આંગળી ચીંધી તેમાંથી મુક્ત થવા સૂચવે છે. વળી, સંતપુરુષોને તે સાચા સમાજસેવક તરીકે સેવા આપવા પ્રેરણા આપે છે. માનવસ્વભાવનાં બધાં જ પાસાંને ઉકેલીને સુધારણાને પંથે વાળવાનો તેમાં ઇશારો છે. આ નિમિત્તે વિવિધ પ્રકારની પ્રલોભનવૃત્તિ અને મનોવૃત્તિનું વિશ્લેષણ પણ કર્યું છે અને બગભગતોથી બચતા રહેવા સમાજને લાલબત્તી ધરી છે.

'જીવનઆહ્‌લાદ' માત્ર પદ્યમાં લખાયેલું સાદું અનુષ્ટુપ નથી. તેની વિશેષતા એ છે કે તે સાદું હોવા છતાં તેમાં કાવ્યના ઘણા ગુણો છે, માટે કવિતાની દૃષ્ટિએ તેનો કાંકરો કાઢી નાખવાથી કાવ્યને કદાચ તેટલે અંશે અન્યાય થાય તેમ છે. અનુષ્ટુપ વિવિધ રૂપ, રંગ બદલતું, કાવ્યનાં લક્ષણોને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. આખા કાવ્યમાં ભાવ, ઊર્મિ, ઉપમા, રૂપક, વિવિધ વાગ્છટાઓ, વિવિધ અનુપ્રાસો,

તળપદા અને વિશિષ્ટ શબ્દપ્રયોગો, રૂઢિપ્રયોગો, ઉક્તિલાઘવ, સૂત્રાત્મકતા, કથનરીતિનું કૌશલ, નવસંદેશ, ભાવિકથન, ઉપદેશ, ઉદ્‌બોધન, તુલનાઓ, ક્રિયાપદો દ્વારા ભાવની ગહનતા બતાવવાની પ્રવીણતા, સંસારદર્શન, સાધના-સિદ્ધિનું કૌશલ અને બીજા એવા ઘણા ગુણો છે.

પૂજ્ય શ્રીમોટાનું લખાણ શબ્દોની દૃષ્ટિએ જોઈએ તો તત્ત્વજ્ઞાનની પરિભાષાના શબ્દો જેવા કે દ્વંદ્વાતીત, ગુણાતીત, અનાસક્ત, અનંતાનંત, જીવવૃત્તિ, અહમ્ વગેરે યોગ્ય સંદર્ભ દ્વારા સહજ રીતે સમજાવે છે. અનેક તળપદા શબ્દો અને રૂઢિપ્રયોગો ઠેર ઠેર વેરાયેલા જોવા મળે છે. ‘સ્મરણ-ઔષધ’, ‘સ્મરણ કેવી જડીબુટ્ટી’, ‘હુકમ કેવી દીવાદાંડી’, ‘હુકમ પ્રત્યક્ષ હનુમાન’, ‘જીવનદાવાનળ’, ‘શરીરનો ચરખો’, ‘જીવનની શેતરંજ’ વગેરે નોંધપાત્ર તુલના અને રૂપકોનાં દૃષ્ટાંતો છે. પૂજ્ય શ્રીમોટા સદ્‌ગુરુના હુકમને હરિચેતનાના તણખા તરીકે ઓળખાવે છે. પૂજ્ય શ્રીમોટા જીવન, ઈશ્વરપ્રાપ્તિના પ્રયત્નો, તેમાં આવતી મુશ્કેલીઓ માટે ઉપમા અને રૂપકો યોજે છે.

પૂજ્ય શ્રીમોટાને પોતાને જે કહેવું છે તે વેધક રીતે કહી શકે છે. તેમાં વ્યર્થ વર્ણન પણ કરતા નથી. ‘ચકલીની પાંખમાં ક્યાંથી ગગન ઊડવાની ગુંજાશ.’ આ પંક્તિ ઈશ્વરકૃપા વિના માનવીની શક્તિ નકામી બને છે તેવા અર્થ માટે કેટલું વેધક છે ?

ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે ‘कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन’ની (૨।૪૭) જેમ પૂજ્ય શ્રીમોટા પણ

‘થવું કે ના થવું એનું પરિણામ જ હરિ હાથે,
કશું કરવા, કરવવામાં ગજું કશું ના અમારું છે.’

કહીને કર્મવાદની હિમાયત કરે છે. એમના જીવન પરથી આપણે તેમને ‘Man of Action’ કહી શકીએ.

આવા પુસ્તકના વિચારોનું સારું અનુકરણ થાય તો પરમાનંદ ‘જીવનઆહ્‌લાદ’ મળે તેમાં લેશમાત્ર શંકા નથી.

* * *

# સદ્‌ગુરુ પ્રત્યે સાધકનું વલણ*


## પ્રા. ઈંદુકુમાર દેસાઈ

એમ. એ.

(અમદાવાદની એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં મનોવિજ્ઞાનના પ્રાધ્યાપક અને પ્રસ્તુત ગ્રંથના સંપાદકો પૈકીના એક.)


ભારતીય અધ્યાત્મ-પરંપરામાં મીરાંની ધ્રુવપંક્તિ 'ગુરુ બિન કૌન બતાવે વાટ' અમર બની ગઈ છે. ગુરુનો મહિમા અપાર ગણાયો છે. ગુરુ ભોમિયાની ગરજ સારે છે. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પોતાની ચેતના દ્વારા સદ્‌ગુરુ શિષ્યની સાધનામાં મદદરૂપ નીવડે છે. ગુરુથી સાધનાકાળ ટૂંકાવાય છે. ગતાનુગતિક રીતે, જોઈએ એટલા માટે ગુરુ કરવા એ યોગ્ય નથી, અને અનેક મંથન બાદ જો સદ્‌ગુરુ પસંદ કર્યા જ તો સાધકનું તેના પ્રત્યે કેવું વલણ હોવું જોઈએ ? ચેતનાનિષ્ઠ સદ્‌ગુરુનો સાધકને ઉત્તમ ફાયદો ક્યારે મળે ? વગેરે પ્રશ્નો ખૂબ જ ઉપયોગી છે, એની સ્પષ્ટ સમજણથી સાધનાનો માર્ગ મોકળો બને છે.

ગુરુ પોતે તો હાલતો ચાલતો નથી. એ અલિપ્ત છે. એને કોઈ લેવા-દેવા નથી. એ નિરાસક્ત, નિરાગ્રહી, નિરાવલંબી છે. સાધકના દિલમાં જીવનવિકાસની ગરજ જન્મી હોય તો તેણે જ સદ્‌ગુરુને ચલાવવો પડે છે. સદ્‌ગુરુ પોતે તો નિરિચ્છ છે. પોતા વિશે એ મસ્ત છે. એને ચળવાનું નથી. એ તો જંપી ગયો છે, પરંતુ એને જો નિમિત્ત જાગે તો જ આપમેળે એ જાય છે. જો સાધકને ગુરુની પડી ન હોય તો પછી સદ્‌ગુરુને એની શી પડી હોય ? એ કોઈને જોતરવા નથી જતા. આપણે પોતે પોતાની મેળે ગયા છીએ. એટલે એને ચલાવવા ભક્તિ જોઈશે. એનો સંબંધ ભાવભક્તિ અને હૈયાનો છે. એવી ભાવભક્તિના છાંટા પણ આપણામાં ન હોય તો પછી કશો દહાડો વળે નહિ. આપણે જ સદ્‌ગુરુને વળગી રહેવું પડે. એટલે સાચો શ્રેયાર્થી એમને અંતરે ચાહવાનો ધર્મ બજાવશે. સાધકની તમામ દિનચર્યામાં ગુરુની યાદ રહેવી જોઈએ અને એ સ્મૃતિ પ્રાણવિહીન નહિ પરંતુ ઉષ્માયુક્ત હોવી જોઈએ. સદ્‌ગુરુની યાદમાત્રથી એ દિલમાં તાદશ્ય થવા જોઈએ તો જ સદ્‌ગુરુ શ્રેયદાયી છે. જેમાં તેમાં એને જ મહત્ત્વ આપવું જોઈએ. સ્થૂળ અને સૂક્ષ્મ પ્રત્યેનું મમત્વ એને જ સમર્પી દેવું જોઈએ. સદ્‌ગુરુની જીવતી સભાનતા સાથે તેના હુકમનું, આજ્ઞાનું, શબ્દે શબ્દનું પાલન કરતાં પ્રેમનો ધોધ ઊછળતો હોય અને એમ કરતાં સભાનતા વધતી હોય તો એનાથી જીવનમાં અધિક નૂર પ્રગટે છે. અને તો જ એનો સંતોષ આપણા પર વર્તાશે, એના હૈયાનો રાજીપો મેળવાશે. અને તેમાંથી ઉત્સાહ, પ્રેરણા, જોમ અંતરમાં પ્રકાશશે. આમ, સદ્‌ગુરુને પોતાના અંતરે ઊંડા જાગતા કરવા જોઈએ. જીવનના ધ્યેયહેતુથી અને હૈયાની જ્ઞાનભક્તિથી સદ્‌ગુરુમાં ઊંડા તદ્રૂપ થઈ જઈએ તો તેની સાથે આપણું તાદાત્મ્ય વધે છે. પણ આના માટે એક જ સદ્‌ગુરુની ધારણા હોવી જોઈએ. પણ એનો અર્થ એ નહિ કે અન્ય કોઈ સંત પાસે ન જવું. ગમે તે સંત પાસે જઈએ તોપણ એકાશ્રય તો મહત્ત્વનો છે જ. સદ્‌ગુરુનો પૂરેપૂરો ફાયદો ઉઠાવવા એકમાત્ર ભાવને ટકાવી રાખી સદ્‌ગુરુને સ્તવી સ્તવી પોકાર પાડતા રહેવું જોઈએ.

---

* **પૂજ્ય શ્રીમોટા** પ્રણિત **'શ્રીસદ્‌ગુરુ'** નામના પદ્યપુસ્તકના એક પ્રકરણ પર આધારિત સંક્ષેપ.

આપણને જીવનવિકાસનો કેટલો સ્વાર્થ છે તેના ઉપર તેનો આધાર છે. જો તાલાવેલી અને ઉત્કટ સ્વાર્થ લાગેલો હોય ત્યારે જ એ શક્ય બને. વ્યવહારમાં કોઈની પાસે પણ આપણે કામ લેવું હોય તો જે ગરજથી આપણે કામ લઈએ તેના પર જ આપણું કામ સફળ થવાની આશા છે. તે સમયે આપણે 'ગધેડાને પણ બાપ કહીએ છીએ.' સામી વ્યક્તિનું કંઈ પણ આડુંઅવળું હોય તો તે આપણે જોતાં નથી. સદ્‌ગુરુ પ્રત્યે પણ જો આવા પ્રકારનો સ્વાર્થ લાગી જાય તો જ તેનો લાભ ઉઠાવી શકાય. અને લાભ લેવાની ભૂમિકા સર્જાય. પણ આપણને કેટલી ગરજ જાગી છે, કેટલી જ્ઞાનભક્તિપૂર્વકની ઝંખના લાગી છે તેના ઉપર તેનો આધાર છે.

પણ પ્રશ્ન એ છે કે, ગુરુ પ્રત્યે ભાવ લાગ્યો છે એમ ક્યારે કહેવાય ? એનો ઉત્તર એ છે કે જો એના વિશે કંઈ ને કંઈ અંતરમાં ઊંડું ઊંડું જીવતું ચાલ્યા કરતું હોય તો સદ્‌ગુરુને હૃદયથી વળગવાથી તેના પ્રત્યે ભાવ થાય છે. ભાવથી રસ ઉદ્‌ભવે છે. અને એવા રસથી ભીનું ભીનું થવાય છે. આવો જેને અગ્નિ જેવો ભભૂકતો સ્વાર્થ લાગ્યો હોય તેનાં લક્ષણો વર્તાઈ જાય છે. તેનાં નયનો, વાણી એ બધું બોલી ઊઠે છે. આપણે જ્યાં છીએ તેમાંથી ગુરુ આપણને ઉઠાડવા મથે છે, પણ એક વાત નિશ્ચિત છે કે એનામાં ભળવું હોય તો આપણી રીતે નહિ ભળી શકાય, પરંતુ એની રીતે ભળવું પડશે. આપણે સદ્‌ગુરુ પાસે ગયા પછી આપણે જ સાચા છીએ એમ માની અનેક જાતના બુદ્ધિના ફાંકા રાખીએ છીએ તે યોગ્ય નથી. એને માપવાનું કરવાનું છોડી દેવું પડશે. એને પારખવાની બુદ્ધિ રાખવી નહિ. એને ઓળખવાનું સામર્થ્ય બુદ્ધિનું નથી. એ સંસારથી ન્યારો છે. એટલે સંસારના રિવાજોથી માપવો તે યોગ્ય નથી. આપણે આપણા સાધકજીવનનાં ધારા-ધોરણ, સમજણો, ટેવ, પૂર્વગ્રહો, રિવાજો, મડાગાંઠો છે તેમના તેમ રાખીએ તો કશું પ્રાપ્ત ન કરી શકાય. ખરું તો પોતાના જીવસ્વભાવથી બધું જ ઊલટું ધારણ કરે તો સદ્‌ગુરુ પ્રાપ્ત થાય. આપણે આપણી જ રીતે ચાલવું છે. સ્વચ્છંદી રીતે મહાલવું છે અને વળી પાછો આપણી રીતરસમથી એને દોરવવા ઇચ્છીએ તો એ સૌ નકામું છે. આ રીતે સદ્‌ગુરુને નકામો ખીલે બાંધી રાખવો નહિ. એ તો જંજાળ રૂપ બનશે. કેટલીક વાર આપણે નુક્તેચીનીથી સદ્‌ગુરુનાં વર્તનને મૂલવવાનું કરીએ છીએ. એને વિશે ઊંધુંચતું વિચારીએ છીએ. આમ, આપણે એનો છાલ છોડતાં નથી. એને માપવા જતાં આપણે જ મપાઈ જઈએ છીએ. સંસારી જીવનું જ્યારે ઊંધું વિચારીએ છીએ ત્યારે તેનું પરિણામ તો ભોગવવું જ પડે છે. તો પછી સદ્‌ગુરુ જે જ્ઞાની છે તેનું ઊંધું વિચારવાથી વધારે ભોગવવું પડે. સદ્‌ગુરુ વિશે બીજા ગમે તે માને પરંતુ સાધકે જો શ્રેષ્ઠ પરિણામ જોઈતું હોય તો તેનામાં શ્રેષ્ઠ જ માનવું જોઈએ. એક બાજુ સદ્‌ગુરુના દોષ જોવા અને બીજી બાજુ સદ્‌ગુરુ પાસે લાભ લેવાની વૃત્તિ રાખવી એ બે સાથે કેવી રીતે બને ? એટલે યાદ રાખવું ઘટે કે આપણે આપણી રીતે આપણું સાચવી રાખવું છે તો તો તેને સ્વીકારવાનું આપણાથી બનવાનું નથી. શિલ્પીનાં ટાંકણાં વાપરવાની કળા શિલ્પી જ જાણે. જેનાથી આપણે ઘડાવું છે તો તેની રીતરસમથી ચાલવાની તૈયારી હોવી જોઈએ. જો આપણે આપણો સ્વભાવ છોડતાં ન હોઈએ તો તે ધ્યેયને પહોંચવાની યોગ્ય નેમ નથી. ખરું તો આપણે તેનામાં સંપૂર્ણ દિલ પરોવી દેવાનું છે. દૈનિક વ્યવહારમાં પણ જોઈશું તો સમજાશે કે વિકાસ માટે જેની જોડે ભળી જવાની, ગળી જવાની તમન્ના

હોય તો જ તેની પાસેથી મેળવી શકાય છે. આપણે સદ્ગુરુના ગુલામ છીએ, સદ્ગુરુ આપણો ગુલામ નથી. એટલે સદ્ગુરુનું જે ધર્મકર્તવ્ય છે એમાં સાથ દેવો એ જ સાધકનું મુખ્ય કર્તવ્ય છે.

એટલે સદ્ગુરુને પામવા સ્વીકારાત્મક ભૂમિકા તૈયાર કરવી જોઈએ. પૂરેપૂરી નમ્રતા જોઈએ અને તે ભક્તિથી જ થાય. તમામ નકારાત્મક ભાવ છોડવા જોઈએ. કોણ સાચું ? કોણ ખોટું ? એવી જગતની પંચાતના ભાવ સાધકે છોડી દેવાના છે, તો પછી સદ્ગુરુ વિશે તો એવો વિચાર કેમ થઈ શકે ? એના વિશે કશું ધારવું કે માનવું તેના કરતાં તેની ભક્તિમાં લાગી જવું ઈષ્ટ છે. બે હાથ વિના તાળી ન પડે તેમ સાધકના અને સદ્ગુરુનાં હૈયેહૈયાં મળ્યા વિના કશો જ અર્થ ન સરે. એને માટે ખુલ્લા થવું પડે. ખાલી થઈ જવું પડે. આપણું અકબંધ ભરી રાખી એની પાસે ન જવાય. આપણને જે કાંઈ થાય તે તેને હૈયાથી પ્રાર્થના કરી જણાવતાં રહેવું.

આત્મનિવેદન કરતાં રહેવું. મુનીમ જેમ પોતાના શેઠને આખા દિવસના વેપાર-વણજનો હેવાલ આપી હળવો બને છે તેવું સદ્ગુરુ આગળ આત્મનિવેદન દ્વારા ખુલ્લા થવાથી બનાય. પણ તે સાથે પરિણામની ઝંખના રાખવી જોઈએ નહિ, કારણ કે એવી ઝંખના ઉત્સાહને ઓછો કરે છે. પણ આ બધું ધારીએ તેટલું સહેલું નથી. એટલે જેવા હોઈએ તેવા દેખાઈને સર્વસ્વ તેના પદે ધરવું. આપણું જે છે તે આપણી પાસે જ રહે છે, પરંતુ તેમાં સદ્ગુરુની ભાવના જીવતી રાખવાની છે. એટલે કે માલિકીપણાનો ભાવ છોડવાનો છે. માલિકી તો શ્રીહરિની છે તેમ ધારી વાપરવું. આપણે ચપટી આપીને આખું લેવું છે તો તે ના બને. એટલે ત્યાગ, પુરુષાર્થ, પરમાર્થ, તપશ્ચર્યા કરવી પડશે. સ્વાર્થમાં પડ્યા રહેવાથી સદ્ગુરુની કૃપા સાધવા માગતાં હોઈએ તો એ પ્રયત્ન નકામા જશે. એટલે એનો લાભ લેવાની ઉત્કટ ઝંખના રાખી એને ચરણે બધું સમર્પી દેવું. એનામાં મળ્યા વિના એના પૂર્ણ પ્રેમમાં ગળ્યા વિના સદ્ગુરુનું સ્વરૂપ ઓળખાય નહિ, એટલે એક જ કીમિયો છે કે એને ચાહવો. જે શોધતો રહે છે તેને સદ્ગુરુનું મનનચિંતવન એકધારું થયા કરે છે અને તે ચેતનાનિષ્ઠના ભાવનો સ્પર્શ તેને થાય છે. તેવે વખતે ફાંટાબાજ બુદ્ધિના ફાંકા શમે છે. પરંપરાયુક્ત વિચારવાનું ટળે છે. આપણા દોષોનું ગૌણત્વ પેદા થાય છે. આમ થતાં એની કૃપાની યોગ્યતા થતાં સદ્ગુરુ પ્રત્યક્ષ થશે. ગુરુ વિના જીવવું હરામ થઈ જાય, એના વિના પ્રાણ જાય એવી સ્થિતિ થાય તો જ બધું ફળે, એટલે દિન-રાત ગુરુની લેહ લાગી જવી જોઈએ. ગુરુ કોઈની ખાલી ખાલી ગુલામી કે વૈતરું ન કરે. એ કંઈ રમકડું નથી. એટલે જેને ગુરુ વિશે કશી ગંભીરતા નથી તેનું આ સાધનામાર્ગમાં કામ નથી. આપણે આપણા ભાવને દઢાવવાનું મહત્ત્વ આપવું જોઈએ. નિમિત્ત સાથેનું જે કાંઈ છે તે પ્રેમથી ભોગવવું જોઈએ, પરંતુ આ નેમ પણ જ્યારે સાધક ધરતો નથી ત્યારે તેનું ઊંડું દુઃખ સદ્ગુરુને હોય છે. શરૂઆતમાં ભાવભક્તિ વિના ઊર્ધ્વગામી થવું શક્ય નથી, પરંતુ જ્યારે અગ્નિ જેવી તમન્ના જાગી હોય તો તેવી વ્યક્તિઓ સોંસરવા તીરની જેમ સરી જાય છે. સદ્ગુરુ સાથે દિલનું ઐક્ય થતાં કોઈ ઓર ખુમારી પ્રગટે છે. જીવદશાનો સ્વભાવ પલટાય છે. પ્રકૃતિ

પોતાનો કબજો મૂળમાંથી છોડવાનું કરે છે. સદ્‌ગુરુ તરફ જવામાં ગણતરી કામ ન આવે. હાથમાં માથું રાખીને ઝુકાવ્યા વિના તેના રહસ્યને પામવું દુર્લભ છે. જે બધા અધકચરા અને અધવચલા છે તે તો ખાલી બાલાં જ માર્યા કરશે.

'સદ્‌ગુરુ' 'સદ્‌ગુરુ' બોલ્યા કરવાથી કે એની મૂર્તિ જોવાથી કે દર્શનથી કશું વળે નહિ. હેતુને લક્ષમાં રાખીને તેનો ભાવ સાકાર-મૂર્તિમંત કરવા હૈયાની ભક્તિ લાગી જાય તો સર્વ પ્રશ્નના ઉકેલ સધાય, બુદ્ધિનું કલેવર બદલાઈ જાય અને ઓર સૂક્ષ્મતા પ્રગટે. સદ્‌ગુરુ એ વ્યક્તિ નથી. એ તો ભાવની સમગ્રતા છે. એની ભક્તિ વિકાસ કરાવનારી છે. એ વાત અનુભવ વિના સમજાય નહિ. એની ભક્તિ માટે જ્યાં જ્યાં આપણે ચોંટવાનું બન્યું છે, તેમાંથી મુક્ત થઈને સદ્‌ગુરુ પ્રત્યે અનુરાગ કેળવાવો જોઈએ. એટલે ભાવથી તેને વળગી રહેવું. તર્કપરંપરા રહે ત્યાં સુધી ભક્તિ નથી એમ કહેવાય. જે વ્યક્તિને પ્રસંગો ઊભા થતાં ખૂબ વિચારોથી ડુબાતું હોય, મડાગાંઠો ને મતાગ્રહો શમ્યા ન હોય, તેને ભક્તિનો રંગ લાગ્યો નથી એમ કહી શકાય. ભક્તિ માટે ભાવને મહત્ત્વ દેવાનું છે. ઝાઝું વિચારવાની કે વાગોળવાની ટેવ તે શ્રેયાર્થીએ મૂકી દેવી પડશે.

સદ્‌ગુરુને મનાદિમાં ધારણ કર્યા ન હોય, તેને માટે હૈયું દ્રવતું ન હોય, ચોવીસ કલાક જો સદ્‌ગુરુમાં દિલ ન હોય અને ત્યારે એ આપણું કામ કરે એવું ઇચ્છીએ તો તે વ્યર્થ છે. એને આપણા હૃદયમાં ટકવા માટેની ભૂમિકા ન હોય, એના વિશે વિચારવાનું કે એને સંભારવાનું બનતું ન હોય, ભીંજાતા દિલથી યાદ આવતો ન હોય, એને માટે પ્રાણાર્પણ કરવા હૈયે ઉમળકો ન હોય, મરી ફીટવા માટે પ્રાણ તલસતા ન હોય, તો સદ્‌ગુરુ કઈ રીતે કામ કરે ? સાધક સદ્‌ગુરુને પોકારે તેમાં જો પ્રાણ ધબકતો ન હોય, તેના વિશે હૈયામાં બળતી ઝંખના ન હોય, ખપ જેટલોય તેનો સંગ્રહ ન હોય, તો તેવા સાધક પાસેથી આપણે શી આશા રાખી શકીએ ? આપણે જો તેને વળગ્યાં હોઈએ, તે આપણા મનાદિમાં ઊગી ગયો હોય તો એ વાત જણાયા વિના રહે જ નહિ. માટે સાધકના સામાન્ય વિચારોમાં પણ સદ્‌ગુરુ ઝબકી ઊઠવા જોઈએ. એના પ્રત્યે ખાઈખપૂસીને મંડવું જોઈએ. ત્યારે તેની સહાય પ્રત્યક્ષ થાય. એને માટે બાહ્ય વાતાવરણ પરનો આધાર સાધકે છોડી દઈને અંતર્દૃષ્ટિ કેળવવી. અંદરનો આધાર પકડવો જોઈએ. તો તેનું કર્મ જાગશે. ગમે તેવા સંજોગો હશે તો મથ્યા જવાશે અને આજ નહિ તો કાલ ફવાશે. સદ્‌ગુરુનો રાજીપો પ્રાપ્ત થતાં દિલમાં ગુણનો પ્રસાદ મળી જાય છે. પ્રસન્નતા પેદા થાય છે. આકાશે ઊડવા પાંખ ઊગી જાય છે. માટે નદીનાં પૂરની જેમ સદ્‌ગુરુ પ્રત્યે આપણું વહાલ ઊભરાવું જોઈએ. જો એનો રાજીપો પ્રાપ્ત થયો તો બેડો પાર થઈ જાય, પરંતુ એય કંઈ એકદમ રાજી ન થાય. એમાં તો આપણો દમ નીકળી જાય. કેટલીક વાર એનું ખૂબ કામ કરો છતાં પણ એ ન સંતોષાય. તેવે વખતે યાદ રાખવું કે જે નાની સરખી વૃત્તિ જન્મે છે અને તેની પણ જો કંઈક ગતિ થાય છે તો આવી મોટી ભક્તિની ગતિ કેમ ના થાય ?

પુરુષાર્થના ઠેલા કરતાં તેની કૃપાનો ઠેલો ચડિયાતો હોય છે. છતાં માથું વધેરવાની તાલાવેલીનો પુરુષાર્થ તો જોઈશે જ. એનામાં ભળવાતણો પુરુષાર્થ આપણા હાથમાં છે. જે સદ્‌ગુરુમાં ભળી જાય તેનું

તે સર્વ કરે. એનો આધારનો કબજો સદ્‌ગુરુ લઈ લેશે. અને એનો ભાર સદ્‌ગુરુ પ્રેમથી ઉપાડશે. આમ, સદ્‌ગુરુ પ્રત્યેનો ભાવ અખંડાકાર સાકાર તો સદ્‌ગુરુ પ્રત્યક્ષ થાય.

* * *

## સદ્‌ગુરુનું વર્તન

(અનુષ્ટુપ)

શ્રીસદ્‌ગુરુની સામાન્ય જેવી બુદ્ધિ ન હોય છે,
**एवा**ની બુદ્ધિનું કેવું જુદી જાતનું રૂપ છે !
ધારાધોરણ **ए**નું તો પ્રકૃતિ-ક્ષેત્રનું ન છે,
આપણે માપવા જઈએ કેવા પ્રકૃતિ-ધોરણે !

લાગે કે વળગે **ए**ને કોઈનુંયે કશું ન કૈં,
જ્યાં જ્યાં નિમિત્ત જેવું હો ત્યાં **ए**નો સ્પર્શ હોય છે,
બાકી **ए**ને અડે ના કૈં **ते** કોરો સાવ મુક્ત છે,
પોતાનામાં રમે પોતે એકાકારપણે હૃદે.

('શ્રીસદ્‌ગુરુ'માંથી) **–મોટા**

* * *

હરિ:ૐ

# પૂજ્ય શ્રીમોટા
# રામનવમી–સાક્ષાત્કારદિન
# સ્મૃતિગ્રંથ

# જીવનસ્ફુલિંગ

## ખંડ : ૫

### જીવનસ્પર્શ

પૂજ્ય શ્રીમોટાના નિકટના પરિચયમાં આવેલાં સંખ્યાબંધ સ્વજનોને કંઈક કંઈક અનુભવો થયેલા છે. એમાંના કેટલાક અનુભવો ઇંદ્રિયાતીત છે. સ્વજનોના એ અનુભવો ચેતનાનિષ્ઠના સ્થૂળ કે સૂક્ષ્મ સંપર્કને કારણે હૃદયના ભાવની કોક વિલક્ષણ ક્ષણે પ્રભુકૃપાથી શક્તિના પ્રતીકરૂપે થવા શક્ય છે. એમાં મહાનતા તો પ્રભુની ચેતનાશક્તિની જ છે, અનુભવનાર જીવની નહિ.

અમે રજૂ કરેલામાં કેટલાક આવા અનુભવો હોય તો તે પૂજ્યશ્રીમાં રહેલી પરમ શક્તિની ઝાંખી કરાવનાર પણ હોઈ શકે. અનુભવ પ્રાપ્ત કરનાર વ્યક્તિમાં ગુણ પરત્વેની જાગૃતિ થઈ હોય એમ પણ સંભવે.

પૂજ્ય શ્રીમોટા આવા અલૌકિક અનુભવોને પ્રાધાન્ય આપતા નથી. ગુણ-ભાવ પ્રત્યેની અભિમુખતા કે ઉત્કટતા ન પ્રગટે તો એ નિરર્થક જાય છે. અનુભવનારનું એમાં શું દળદર ફીટે ? ઇંદ્રિયાતીત, માનવાતીત અને અલૌકિક ઘટના નથી બનતી એવું પૂજ્ય શ્રીમોટા કહેવા માગતા નથી, પરંતુ એમનો ઝોક એના યોગ્ય ઉપયોગ પરત્વે-જીવનવિકાસ પરત્વે જ છે. એ તરફ વાચકોનું ધ્યાન ખેંચીએ છીએ.

**– સંપાદકો**

## ચમત્કાર

જીવનમાં જેને સદ્‌ગુરુ માન્યા હોય તેના જીવનમાં ચમત્કારની શક્તિ ન જ હોય એવું નથી, પણ કોઈ અનોખા પ્રસંગે એ શક્તિ ભાગ્યે જ ભભૂકતી હોય છે. માટે ચમત્કાર પરત્વેનો ઝોક ખોટો છે. ચમત્કાર તરફ લક્ષ આપવા કરતાં સાધકે પ્રકૃતિનું રૂપાંતર (sublimation) કરવા તરફ સંપૂર્ણ ઝોક આપવો જોઈએ.

—મોટા

• • •

મુક્તાત્માઓમાં પણ માનવીને છક કરી નાખે એવી શક્તિ તેઓ 'સર્વશક્તિમાન', 'સર્વજ્ઞ', 'સર્વધી' એવા શ્રીભગવાન સાથે એકાકાર, તાદાત્મ્ય થઈ ગયા તેથી પ્રગટી અને તેમનાથી એવાં કર્મો થયાં કે જે બીજાને ચમત્કારી અને અદ્‌ભુત લાગે. ભગવાનની શક્તિ તેઓમાં પણ જેટલા પ્રમાણમાં તેઓ તદ્રૂપ થઈ ગયા હોય તેટલા પ્રમાણમાં તેમના અંતરસત્ત્વમાં છતી થાય છે, (જોકે તેમનાં જગતને દેખાતાં કાર્યોમાં તો તે નિમિત્ત પ્રમાણે પ્રગટે છે) એ વાત બુદ્ધિ સ્વીકારી શકે એવી છે અને તેથી તેમનામાં ઉપર જણાવી તેવી જગતને છક કરી નાખતી શક્તિવાળી જ્ઞાનદૃષ્ટિ કે હૈયાસૂઝ પ્રગટી શકે એ પણ આ વિચારસરણી અનુસાર બુદ્ધિથી સમજાય એવી હકીકત છે.

('જીવનસંશોધન', પૃ. ૪૭) —મોટા

• • •

ચમત્કાર પાછળ સમાજનું જે માનસ છે તે નર્યા અજ્ઞાનથી ભરેલું છે. એના પરત્વેની સમાજની અને આપણી સમજણથી આપણે જેટલા વહેલા મુક્ત થઈએ તેટલું આપણે માટે વધારે કલ્યાણકારક છે.

('જીવનસંશોધન', પૃ. ૨૬૯) —મોટા

• • •

સાધકના દિલને અથવા તેના હૃદયને એકદમ આઘાત આપવા માટે, એટલે કે એના જીવનવલણને પલટાવવા માટે, પ્રેરણાત્મક ભાવનાયુક્ત યોગ્ય ચમત્કારનું સ્થાન રહે છે ખરું. સાધનામાર્ગમાં યોગ્ય ચમત્કારને સ્થાન છે; પરંતુ એવા ચમત્કાર ઉપર જો આપણાં શ્રદ્ધા અને વિશ્વાસ ઠરેલાં ન હોય અને શંકા-કુશંકા તેના પર થયા કરી તો તે પોતાનો ભાવ યોગ્ય રીતે ભજવી શકશે નહિ, ને જોઈતું પરિણામ નિપજાવવામાં નિષ્ફળ જશે. ચમત્કાર એ કોઈ જાદુના ખેલ નથી. હાડકું ઊતરી ગયેલું હોય ત્યારે તેને એક સખત આંચકો મારીને બેસાડવામાં આવે છે, તેવી રીતે સાધકને તેવો અનુભવ શ્રીભગવાન કોક વાર કરાવે છે.

('જીવનપરાગ', પૃ. ૨૮૦) —મોટા

• • •

## જીવન-ઘડતર

## શ્રી ચીમનલાલ માણેકલાલ શાહ

(પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોમાં 'મહાજન'ને હુલામણે નામે સંબોધાતા અમદાવાદની 'મહાજન બુક ડેપો'ના માલિક, પુસ્તક પ્રકાશક અને વિક્રેતા અને શાંત, સુશીલ સાધક.)

એક દિવસ હું દુકાન પર બેઠો હતો. એક ભાઈ પૂછવા આવ્યા. 'અમારી પાસે જૂનાં સંસ્કૃત પુસ્તકો સારી સંખ્યામાં છે, એ લેશો ?' મેં હા કહી. બીજે દિવસે એ ભાઈ પોતાની પાસેનાં પુસ્તકોની યાદી કરી તેની સામે તેના લેખકનું નામ અને તેની કિંમત લખીને કોઠો બનાવીને સવારે સાડા આઠ વાગ્યે લઈ આવ્યા. અને એ યાદીમાં જે છેલ્લી કૉલમ ખાલી હતી તે બતાવી મને કહે, 'આમાં હવે એ દરેક પુસ્તકની તમે શી કિંમત આપશો તે લખો.' મેં કહ્યું, 'આ યાદીનું મારે કામ નથી. તમે પુસ્તકો જ અહીં લઈ આવો.' આખી રાત જાગીને લિસ્ટ તૈયાર કરેલું અને એ નકામું જતાં એ ભાઈ જરા ખચકાયા, પરંતુ તરત કબૂલ થયા અને પાછા સાડા અગિયાર વાગ્યે આવ્યા. હું જમવા ગયેલો એટલે આવીને હું કંઈ પણ વિવેક કરું તે પહેલાં એમણે જ થેલો ખાલી કરી પાથર્યો અને કહ્યું, 'તમે આના પર બેસો અને પુસ્તકો જોઈ કિંમત કહો.' મેં એમને બધાંની કિંમત કહી અને પુસ્તકો લીધાં. પૈસા ચૂકવ્યા.

એમણે કહ્યું, 'તમારી કામ કરવાની ઝડપ ખૂબ કહેવાય. મેં તો ધારેલું કે હું પાંચ વાગ્યા સુધી છૂટો નહિ થઈ શકું, પણ તમે તો મને બાર વાગ્યે જ છૂટો કરી દીધો.'

આ ભાઈ તે બીજું કોઈ નહિ પણ આપણા નંદુભાઈ. અને એ પુસ્તકો શ્રી વજુભાઈ જાનીનાં એમ. એ.ના અભ્યાસના સંસ્કૃત પુસ્તકો હતાં. સાબરમતી આશ્રમમાંથી નંદુભાઈ આપવા આવેલા.

એમણે મારી ઝડપનાં વખાણ કર્યાં એટલે હું જરા ફુલાયો. મને આનંદ થયો. મેડા ઉપર લઈ જઈ બધું બતાવ્યું, એમણે ધંધામાં મારો રસ જોયો. ગુણ જોયા. તે વખતે તો મારું લગ્ન પણ થયેલું નહિ. દુકાનને મેડે જ રહું અને લૉજમાં જમું. પણ મુસાફરીએ ફરવા જવાનો શોખ કેળવેલો. 'આ વર્ષે દક્ષિણમાં મુસાફરીએ જવાનો છું.' એમ કહ્યું ત્યારે એમણે કહ્યું, 'દક્ષિણમાં મારે સારો પરિચય છે, હું તમને ભલામણપત્રો લખી આપીશ.'

એમના ભલામણપત્રનો પહેલો ઉપયોગ મારે બેંગલોરમાં કરવો પડ્યો. ત્યાં શ્રી ઠાકોરભાઈ દેસાઈ ખૂબ મોટા માણસ. એમને ત્યાં નંદુભાઈની ચિઠ્ઠીથી ઊતરેલો. એમણે પૂછ્યું, 'ચૂનીભાઈ આશ્રમમાં જ છે ? તેમની તબિયત કેમ છે ? મજામાં તો છેને ?' મને આશ્ચર્ય થયું. હું વિચારવા લાગ્યો, 'જે ભાઈની ચિઠ્ઠી લઈને આવ્યો છું તેની ખબર કોઈ પૂછતું નથી અને આ ચૂનીભાઈ વચ્ચે ક્યાંથી ટપકી પડ્યા !' 'જાણતો નથી' એમ કહું તો ઓળખાણ બહુ જ આછીપાતળી છે એમ લાગે અને એ રીતે અહીં રહેવું અવ્યવહારુ લાગે. એવું ધારીને હું જૂઠું બોલ્યો, 'હા, આશ્રમમાં જ છે. તબિયત સારી છે. અને મજામાં છે.' પરંતુ તે જ રાત્રે ત્યાંથી નંદુભાઈને પત્ર લખી જણાવ્યું કે હું તો આવું જૂઠું બોલ્યો છું.

દક્ષિણના પ્રવાસેથી આવ્યા બાદ સાબરમતી આશ્રમમાં શ્રી નંદુભાઈને સાઈકલ પર મળવા ગયો. રસ્તે વિચારવા લાગ્યો, 'અત્યારે જઈએ છીએ પણ આ આશ્રમમાં ચા મળશે નહિ. શું કરશું ? ચા પીધા વિના તો કેમ ચાલશે ?'

જેવો નંદુભાઈના નિવાસ તરફ ગયો એટલે એક ભાઈએ ઉમળકાથી આવકાર આપ્યો. એ *મોટા* જ હતા. કહે, 'આવો ભઈલા, ચા પીવી છેને ? જુઓ, હું ચા પીવું છું અને તમે પણ પીવો.' તે સમયે શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાય પણ ત્યાં બેઠેલા. અમે ચા પીધી, પણ આમ મારા મનના વિચારો વાંચી જતા *મોટા*ના પ્રથમ મિલનના પ્રથમ અનુભવથી મને એમના પ્રત્યે આકર્ષણ જન્મ્યું.

પછી તો વારંવાર જવાનું થયું. તે વખતે હું આધ્યાત્મિકતામાં સમજુ પણ નહિ. હા, પોપટિયા લેબલ મારેલા શબ્દો એમની આગળ બોલી જતો. 'ગીતા', 'રામકૃષ્ણ પરમહંસ' વગેરે તેનાથી આગળ કશું નહિ. મારા ધંધાધાપાની વાત કરું. એ વાતમાં પણ રસ લે. વાતોમાં તન્મય થઈ જતા. વળાવતાં વળાવતાં વાડજના બસ સ્ટૅન્ડ સુધી પણ આવ્યા છે. દિલ ખોલીને વાત કરતા. ત્યારથી *મોટા*એ મને સાચવ્યો છે.

મેં એક દિવસ કહ્યું, '*મોટા* ! મારાં લગ્ન થવાનાં છે. તમે આવશો ?' 'હા, જરૂર આવીશ.' *મોટા*એ જવાબ આપ્યો. શેઠ બંસીધરભાઈની મોટરમાં બરાબર છ વાગ્યે *મોટા* આવી પહોંચ્યા. અમે માત્ર છ સાત મિત્રો, સાથે *મોટા*. મારા ગળામાં માત્ર સૂતરની આંટી અને *મોટા*નો ટેકો, અને રીચીરોડ પરથી મારો આવો વરઘોડો નીકળ્યો. કન્યા પધરાવાઈ. ગોર મહારાજ કહે, 'ભાઈને શનિનો ગ્રહ નડે છે અને કન્યાને મંગળ નડે છે માટે જપ કરવા પડશે. એટલે જપ કરવાના રૂ. ૩૫/- આપો.' *મોટા* કહે, 'જપ અમે કરી લઈશું.' આમ કહી પૈસા ન આપ્યા.

તે વખતે મારો એક ભારે શોખ સિનેમા જોવાનો. એક દિવસ દુકાન પર આવીને *મોટા* કહે, 'ચાલ ભાઈ, ફિલ્મ જોઈ આવીએ.' આમ *મોટા* સાથે 'ઝનક ઝનક પાયલ બાજે', 'ચાચા ચૌધરી' અને 'બૈજુ બાવરા' જોયેલાં એ મને બરાબર યાદ છે. હું જે સમજ્યો છું તે એ કે જેને જેમાં રસ હોય ત્યારે તે વ્યક્તિ તેમાં એકાગ્ર થઈ જાય અને તે વખતે એનાં નકારાત્મક વલણો ઓછાં થઈ જાય છે. એટલે અનુભવી પુરુષોને પોતાના સંસ્કાર મૂકવા આવી સ્થિતિ સામી વ્યક્તિમાં હોય એ ઇષ્ટ છે. *મોટા*એ મારી નાડ પારખી હશે. હું સિનેમામાં એકાગ્ર થઈ જતો હોઈશ. ત્યારે જ એ એમનું કામ કરતા હશે.

બીજો એક પ્રસંગ ટાંકી હું સમાપન કરીશ. મારી પત્નીને ટોળાં ભેગાં થાય ત્યાં બહુ મઝા ના આવે. એટલે પૂજ્ય શ્રીમોટાના ઉત્સવમાં ખાસ આવતાં નહિ. એક વખત *મોટા*એ એને કહ્યું, 'વિદ્યા, મારો વરઘોડો ચડે ત્યારે તું કેમ આવતી નથી ?' બે ત્રણ વાર આવી ટકોર કરવાથી એણે મારી સાથે ઉત્સવમાં આવવાનું નક્કી કર્યું. સને ૧૯૬૨માં સુરતમાં રતિભાઈ રંગૂનવાળાને ત્યાં રામનવમીનો ઉત્સવ ઊજવવાનો હતો. અમે આગલે દિવસે નડિયાદ પહોંચી ગયાં. મારી બેબીને-દીપ્તિને ઓરી હતા. એટલે એને તાવવાળી ઘરે મૂકીને નીકળ્યા. જેવા નડિયાદ આશ્રમમાં દાખલ થયા કે *મોટા* કહે, 'અહીં શું દાટ્યું હતું કે બાળકોને ગમે તેવી સ્થિતિમાં મૂકી નીકળી પડો છો !' વિદ્યાને તો આંખમાં આંસુ આવી ગયાં. એટલે કહે કે 'જાવ, જાવ હવે કામથી પરવારો અને સૂઈ જાવ, અમે રાત્રે નવ વાગ્યે સૂઈ ગયાં. બીજે

દિવસે બધાં સાથે સુરત ગયાં. *મોટા*એ અમદાવાદ કૉલ કરીને છોકરીની ખબર પૂછવા કહ્યું. શ્રી હસમુખભાઈ રેશમવાળાને ત્યાંથી કૉલ કર્યો. અમારા આશ્ચર્ય વચ્ચે દીપ્તિએ કૉલ ઉઠાવ્યો. એ તો લહેરથી રમતી હતી. તાવ વગેરે કશું ન હતું.

આવા પૂજ્યશ્રીના તાદાત્મ્યના અને અન્ય અનેક અનુભવો છે, પરંતુ ખરું અગત્યનું તો એઓશ્રી આપણી પ્રકૃતિનું રૂપાંતર કરી ઊર્ધ્વ વિકાસ પર પ્રયાણ કરાવે તે જ છે. એમણે એવું ઠીક ઠીક કરાવ્યું છે, ચિત્તશુદ્ધિ, મનશુદ્ધિ, પ્રાણશુદ્ધિ કરાવી છે. પ્રકૃતિના અનેક સંગ્રામો બતાવ્યા છે. કેટલીક વાર પડતાં આથડતાં પણ આખરે એમાં વિજય અપાવ્યો છે. કેટલીક વાર આવાં કામ માટે એઓ આપણને વાસનાના તળાવમાં ડુબાડે અને ચોટલી જેટલું રહે અને ખેંચી કાઢે. લોભ, મોહ, ક્રોધની ભૂમિકામાંથી ઊંચે લાવે. એને માટે આપણાં કોઈ સ્વજનો, મિત્રો, સગાંસંબંધીઓને પણ નિમિત્ત બનાવી દે છે. સારું અને નરસું બન્નેનો કબજો લઈ લે છે. અને બીજાં પાસાં કેળવે છે. આવું બધું તો એમણે ઘણું કરાવ્યું છે. પણ અત્રે એ રજૂ કરવામાં મૂંઝવણ છે. યથાર્થ રીતે રજૂ ન પણ થાય. અને થાય તો જ્યાં સુધી અનુભવ આવો થયો નહિ હોય ત્યાં સુધી યોગ્ય સ્વરૂપે સમજાય નહિ, પરંતુ પૂજ્ય શ્રીમોટાએ આ રીતે મારા જીવનમાં પરિવર્તન આણ્યું છે અને મારે મન એ જ મહત્ત્વનું છે. બારચૌદ વાર મૌનમાં બેઠો છું અને વધારેમાં વધારે અઠ્ઠાવીસ દિવસનો મૌનમંદિરનો નિવાસ અનુભવ્યો છે તેવે વખતે પણ અનેક પ્રક્રિયામાંથી પસાર થવાનું બન્યું છે.

મારામાં પહેલાં આધ્યાત્મિકતા બહુ નહિ. પણ પ્રાર્થનાની ભૂમિકા ખરી. ભૂમિકા એટલે દરરોજ હૃદયથી પ્રાર્થના કરતો, 'પ્રભુ, તું મને, ધંધામાં પહેલો નંબર આપ. સારું ધન આપ, અને સારી પત્ની આપ.' અને આ બધું મને મળ્યું પણ ખરું. એક દિવસ હોંશે હોંશે આ વાત મેં *મોટા*ને કરી ત્યારે *મોટા*એ કહ્યું, 'ભઈલા, હવે પ્રભુ પાસે એટલું માગવાનું કે મારો અંદરનો માહ્યલો જાગ્રત થઈને કામ કરતો થાય.' અને તે શબ્દોમાં તેવી જ શ્રદ્ધાથી જીવવાનું હવે બને છે અને આપણે સૌને માટે પૂજ્યશ્રીનો આ સાક્ષાત્કારદિન એ જ ધ્રુવતારક બની રહો.

❋ ❋ ❋

# પ્રસંગ ચતુષ્ટ્ય

## શ્રી બેચરભાઈ સોમાભાઈ પટેલ

(એમના વર્તુળમાં 'મોટા'ના હુલામણા નામે બોલાવતા ખેડા જિલ્લાના તમાકુના અગ્રગણ્ય વેપારી, સામાજિક કાર્યો માટે બહોળા હાથે મદદ આપવામાં શૂરા એવા દાનવીર.)

(૧)

પૂજ્ય શ્રીમોટા (હરિઃૐ આશ્રમ)ના પરિચયમાં હું સને ૧૯૬૦ની અગાઉથી આવેલો, પરંતુ વિશિષ્ટ અનુભવના કોઈ પ્રસંગો મારે માટે ઉપસ્થિત થયેલા નહિ. બીજા લોકોને જે અનુભવો થયેલા તે સાંભળવામાં આવેલા, પરંતુ માનવીના મનને વિશ્વાસ બેસવો મુશ્કેલ હોય છે. તેવું જ મારા સંબંધમાં થયેલું અને મને પોતાને અમુક અનુભવો ના થાય ત્યાં સુધી ન માનવાની, મારા અનુભવોને સરાણે ચડાવી જોવાની મારી ટેવ અને વૈજ્ઞાનિક નિદાન કરવાની આદતે આજે પણ ઘણો વખત મન માને અને વળી પાછું પણ પડે. આમ છતાં અનુભવો થાય તે માન્ય રાખે જ છૂટકો. આખરે માનવું જ પડે કે જરૂર કંઈક કંઈક છે. તેવો મને જે કંઈ અનુભવ થયો તે રજૂ કરું છું. સને ૧૯૬૨ના વર્ષમાં મને એકાએક કારતક સુદ ૧૫ની રાત્રે દર્દ ઊપડ્યું. રહેવાય નહિ અને સહેવાય નહિ. રાત્રે ડૉક્ટર આવ્યા. તપાસ થઈ, પણ સમજાયું નહિ તેથી દર્દની રાહત અર્થે ઘેનની ગોળી આપી. ફરીથી સવારે ડૉક્ટર આવ્યા. તપાસતાં હોજરી યા આંતરડું ફાટી ગયેલું. જેથી વહેલી સવારે જ એકદમ સર્જનને ત્યાં વડોદરા જવાનું નક્કી થયું. ત્યાં તપાસતાં ફોટો વગેરે લઈ નક્કી થયું કે હોજરી ફાટી ગઈ છે, તેથી તાત્કાલિક ઑપરેશન કરવું પડે. તે કર્યું ખરું, પણ હોજરી ફાટી જવી તે ગંભીર બાબત ગણાય. અને જીવવા માટે મહેનત કરવાની. પણ ભગવાન સિવાય સહારો નહિ. ઑપરેશન સફળ થયું. ડૉક્ટરોનો અભિપ્રાય હતો કે જો કોઈ કૉમ્પ્લિકેશન ના થાય તો બચી જવાની આશા છે. એટલામાં પૂજ્ય મોટાએ જાણ્યું. તેઓ વડોદરા હૉસ્પિટલમાં પણ આવ્યા. તેમણે કહ્યું, 'ભાઈ ! ભજન કરો. ભગવાન સારું કરશે.' જેથી મને આશા બંધાઈ અને મન સાથે વિશ્વાસ વધ્યો અને 'ફરીથી આવીશ' તેવું કહીને *મોટા* ગયા. પાછા ફરી અઠવાડિયે આવ્યા. તેને બીજે દિવસે ડૉક્ટરે કહ્યું, 'હવે વાંધો નહિ આવે' તેથી મારી શ્રદ્ધા વધી અને ફરીથી ભજન કરતો રહ્યો. બધું સારું થઈ જશે તેવા આશીર્વાદ મળ્યા અને ડૉક્ટરોએ પણ વાંધો નથી એમ કહ્યું. પચીસ દિવસે આરામ થયો. શ્રીમોટા આવ્યા પછી પાછું દસ-પંદર દિવસે, આહારમાં એકલું દૂધ હોવા છતાં દર્દ થવા માંડ્યું. ફરીથી ડૉક્ટરોને બતાવ્યું. ડૉક્ટરોએ કહ્યું, 'ફરીથી હોજરીનું ઑપરેશન કરી હોજરી કાઢી નાખવી પડશે.' આમ છતાં ઑપરેશન બાદ જીવન ટકી શકશે જ એવી કોઈ ખાતરી ડૉક્ટરો આપી શકતા ન હતા. મેં તો મૃત્યુને ભેટવાની તૈયારી કરી મૂકી હતી. ઑપરેશન બાદ જીવતા ઉઠાય એવી શક્યતા ન હતી. એટલે મૃત્યુના પડછાયા નીચે જ જાણે જીવવાનું હતું. ચોકસાઈ કરવા મુંબઈ પાછા ગયા. ત્યાં પણ એ જ નિદાન થયું. ફરી પૂજ્ય શ્રીમોટા ત્યાં મળવા આવ્યા. તેમણે કહ્યું, 'ભાઈ ભજન કરતા રહો, બધું સારું થશે.'

છતાં મનમાં બીક લાગ્યા કરે, બીજી બાજુ સંતોના શબ્દોનો સહારો હતો. એટલે રિબાવું તેના કરતાં જલદીથી ઑપરેશન કરાવી લેવું એવું નક્કી કરીને ઑપરેશન કરાવ્યું. ત્યાં પાંચ કલાક ઑપરેશન ચાલ્યું. તેવે સમયે હૉસ્પિટલમાં કોઈ ને કોઈ મરણ પામે, સમાચાર મળે અને મન પાછું વિચારોએ ચઢે, પરંતુ શ્રીમોટાની યાદ આવે અને ભજન ચાલે. જેથી મન મજબૂત થતું જાય. બીજે જ દિવસે પૂજ્ય મોટા ત્યાં આવ્યા. ફરીથી તે રીતે જ વાત થઈ. ૧૪મે દિવસે બધું સહીસલામત રીતે પાર પડ્યું. ઘરે આવ્યા અને આજે પણ સુખરૂપ છું.

(૨)

બીજા એક પ્રસંગે પૂજ્ય શ્રીમોટા સાથે મારે ફાળા-યાત્રામાં તા. ૧૬-૧૧-૧૯૬૭ના રોજ મધ્યપ્રદેશ જવાનું થયું હતું. સાથે નડિયાદના શ્રી જમનાદાસ અમીન પણ હતા. ઑપરેશન બાદ લાંબી મુસાફરી કરવી મારા માટે હિતાવહ ન હતી. મારે એમની સાથે જોડાવું એવું સૂચન થયું. મારા માટે તો કસોટીનો પ્રસંગ હતો, કારણ કે મારી હોજરીનો માત્ર ૧/૩ ભાગ જ અસ્તિત્વ ધરાવતો હતો. ૨/૩ ભાગ તો ઑપરેશન કરી કાઢી નાખ્યો હતો. તેથી મારે બબ્બે કલાકને આંતરે કંઈક ને કંઈક ખોરાક અલ્પ પ્રમાણમાં લેવો જ પડતો હતો. હોજરીને એકીસાથે વધુ ભાર આપી શકતો ન હતો. આ જવાનો પ્રસંગ ઉપસ્થિત થયો તે પહેલાં હું ટૂંકી ટૂંકી મુસાફરી જ કરતો. આવી ૫૦૦ માઈલની મુસાફરી કરવાનું મારું ગજું ન હતું. પૂજ્ય મોટાની સાથે મારે જવાનું હતું. એ એક મોટું શ્રદ્ધાનું પરિબળ હોવા છતાં આમ નીકળવું તે મારા માટે તો એક દુ:સાહસ જ હતું. આટલું જ પૂરતું ન હોય તેમ રસ્તામાં પૂજ્ય શ્રીમોટાએ મને પ્રેમપૂર્વક પાશેર જેટલો ગુંદરપાક (વસાણું) ખવડાવ્યો. ઘીથી લદબદતું આવું વસાણું પ્રેમપૂર્વક ખવડાવેલું. પણ મને કશું જ ન થયું. એક જ દિવસમાં ૧૪ કલાકને અંતે ૩૦૦ માઈલની મુસાફરી કરી અમે સાગર પહોંચ્યા તે રાત્રે ખાવાને કારણે મારે વેઠવું પડશે એવી ભીતિ હોવા છતાં મને કશું જ ન થયું.

(૩)

ત્રીજી નોંધપાત્ર ઘટના છે મનોકામનાની સિદ્ધિની. મધ્યપ્રદેશમાં ગોંદિયા જતાં પહેલાં સાગર થઈને જવાનું હતું. નડિયાદથી નીકળતા પહેલાં જ જમનાદાસભાઈ અને અમે મનમાં વિચાર્યું કે ગોંદિયાવાળા શ્રી મનોરભાઈ એકલા શ્રીમોટાને પંદર હજાર આપે એમ છે અને કદાચ એટલા આપણને મળી રહેશે. અને સાગરમાંથી દસ હજારની અમારી ધારણા હતી. પ્રવાસને અંતે અમારા બન્નેના આશ્ચર્ય વચ્ચે અમે અનુભવ્યું કે સાગરમાંથી કુલ રકમ દસ હજાર જેટલી જ એકત્રિત થઈ અને શ્રી મનોરભાઈ પાસેથી અક્ષરસઃ પંદર હજારની રકમ મળી. આને શું સમજવું ? ભક્તના સંકલ્પને ભગવાન સિદ્ધ કરે છે. એવું તો ધર્મકથામાં ઘણું વાચ્યું હતું. શું પૂજ્ય મોટાના સંકલ્પબળે આ બન્ને સ્થળે પોતાનું કામ કર્યું ! આનો નિર્ણય તારવવાનું હું વાંચકો પર જ છોડી દઉં છું.

(૪)

મધ્યપ્રદેશથી પાછા ફરતાં નાગપુર થઈને આકોલા આવ્યા. અહીં યજમાનને ત્યાં દૂધપાક-પૂરીનું ભોજન હતું. પૂજ્ય શ્રીમોટાએ મને સારી રીતે દૂધપાક ખવડાવ્યો. મારે માટે તો એ ખતરનાક બિના હતી. પૂજ્યશ્રી તો ખવડાવતા જ ગયા. હું વિસ્મય પામતો ગયો અને ખાતો રહ્યો. તે રાતે પછી મેં જ્યારે

જાણ્યું કે પૂજ્ય શ્રીમોટાને સારી પેઠે ઝાડા થઈ ગયા હતા. ત્યારે મારા આશ્ચર્યની અવધિ ન રહી, મને જે થવું જોઈતું હતું તે *મોટા*ને થયું. મારે જે ભોગવવાનું હતું તે એમણે ભોગવ્યું. મને તો સહેજ પણ પીડા ન હતી. આ પૂજ્ય શ્રીમોટાએ મને નવો અનુભવ કરાવ્યો અને લાંબી મુસાફરી હેમખેમ પૂરી થઈ-પૂરી કરાવી.

❊ ❊ ❊

# દિવ્ય યોગાનુયોગ

## શ્રી શાંતિલાલ સી. દેસાઈ

(જોઈન્ટ ડિરેક્ટર, સેન્ટ્રલ વૉટર ઍન્ડ પાવર રીસર્ચ સ્ટેશન, પૂના.)

આપણા રોજે રોજના જીવનકાર્યક્રમમાં બની આવતા ઘણા યોગાનુયોગ પ્રસંગો ખરા અર્થમાં આકસ્મિક જ હોય છે. અને કાગનું બેસવું અને ડાળનું પડવું એ ન્યાયે એની પાછળ કોઈ પ્રેરણા કામ કરતી હોય છે કે નહિ તે જાણવાનો આપણને રસ નથી હોતો, પરંતુ આધ્યાત્મિક બાબતોમાં બનતી ઘટનાઓ કેવળ યોગાનુયોગ ન હોતાં તેમાં ખરું જોતાં તો દિવ્ય શક્તિનું સંચાલન હોય છે.

ભગવાન અને ભગવાનના સંતો હંમેશાં ભાવના ભૂખ્યા હોય છે. આપણા તેમના પ્રત્યેના ભક્તિપ્રણિત ભાવથી તેમના સાંનિધ્યમાં જ હોઈએ તેવા અનુભવ થયા કરે છે. પૂજ્યશ્રી મોટાએ આવા અનુભવ દ્વારા મને જે સાંનિધ્યનો લાભ આપેલ તે પણ કાંઈક આવા જ પ્રકારનો હતો.

પૂજ્ય શ્રીમોટાનાં દર્શન અને આશીર્વાદનો લાભ મને સને ૧૯૬૭ના ઑગસ્ટ માસમાં પૂના ખાતે બીડી કારખાનાદાર અને મારા મિત્ર શ્રી રાવજીભાઈ દેસાઈના નિવાસસ્થાને મળ્યો. તે વખતે હું ભારત સરકારના પ્રતિનિધિ અને હોઈડ્રોલિક એક્સપર્ટ તરીકે મારી સંસ્થા 'સેંટ્રલ વૉટર ઍન્ડ પાવર રિસર્ચ સ્ટેશન' તરફથી શ્રીલંકાના હાઈડ્રોલિક રિસર્ચ સ્ટેશનનાં વિસ્તરણનાં કામ અંગે શ્રીલંકા જઈ રહ્યો હતો. તેઓશ્રીના આશીર્વાદથી મને સોંપવામાં આવેલ કામગીરી સફળતાપૂર્વક પાર પડી અને અમારી વિશ્વ વિખ્યાત સંશોધન સંસ્થા તથા આપણા દેશની કીર્તિ વધારીને હું પાછો આવ્યો. શ્રીલંકાની આ જ સંસ્થાના વધુ વિસ્તરણ માટે ત્યાંની સરકારે મને ફરી વાર ૧૯મી જાન્યુઆરી, ૧૯૭૧માં આમંત્રણ આપેલ અને આ પ્રસંગે પૂજ્ય શ્રીમોટાનાં દર્શનનો યોગ ફરી વાર ઘડાઈ આવ્યો તે પણ અદ્‌ભુત રીતે ! તા. ૨૦ જાન્યુઆરી, ૧૯૭૧ના રોજ હું વડોદરા, ગુજરાત ઍજિનિયરિંગ રિસર્ચ કમિટીની મિટિંગ માટે ગયેલો. સવારની કડકડતી ઠંડીમાં ૫-૩૦ વાગ્યે પૂજ્યશ્રી મોટાના પરમ ભક્ત અને મારા સ્નેહી, રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના ડિરેક્ટર શ્રી બાબુભાઈ શાહ વડોદરા સ્ટેશને મને લેવા આવેલા. તેમણે જણાવ્યું કે પૂજ્ય શ્રીમોટા શ્રી રમણભાઈ અમીનના બંગલે વડોદરાથી લગભગ ૨૦ માઈલ દૂર મહી નદીના કિનારે પધારેલ છે. અને જો એઓશ્રીનાં દર્શન લાભની ઈચ્છા હોય તો જઈ આવીએ. આવા સંતનાં દર્શનનો લાભ અનાયાસે મળતો હોય તો કોણ ગુમાવે ? અમે સાત વાગતા સુધીમાં ઉદ્યોગપતિ શ્રી રમણભાઈ અમીનને બંગલે પહોંચી ગયા અને પૂજ્ય શ્રીમોટાનાં દર્શનનો અનેરો લાભ લીધો. પૂજ્ય શ્રીમોટાએ મને જોતાંની સાથે જ પૂછ્યું કે તમારી કાંઈ મનોવ્યથા હોય એમ લાગે છે. મેં કહ્યું કે ઑગસ્ટ, ૧૯૬૭માં આપના આશીર્વાદ લઈને હું શ્રીલંકા ગયો અને સફળતા મેળવી. તેવા જ કાર્યક્રમ માટે મારે શ્રીલંકા ફરી વાર જવાનું છે. મારી પુત્રી ચિ. ઇલા બી. એસસી. (હોમસાયન્સ) થયા પછી હાલમાં ફ્રાન્સ અને યુરોપના પ્રવાસે જઈ આવેલ છે. અને તેનાં લગ્ન વગેરે પતાવીને જ શ્રીલંકા જવું છે. પૂજ્ય શ્રીમોટાએ

ક્ષણવાર વિચાર કરી કહ્યું કે પ્રભુની કૃપાથી તમારી આ મુશ્કેલી ત્રણ ચાર મહિનામાં દૂર થઈ જશે. અને ત્યાર બાદ તમારી ઇચ્છા હશે તો જરૂર તમે શ્રીલંકામાં એક્સ્પર્ટ તરીકે જઈ શકશો.

પૂજ્ય શ્રીમોટાના આશીર્વાદના ફળસ્વરૂપે બરાબર અઢી મહિના પછી તા. ૨જી એપ્રિલે અમે વડોદરા ચિ. ઈલાની સગાઈ કરવા માટે ગયા. ત્યાંથી ૩જી તારીખે અમદાવાદ જઈને વિમાન માર્ગે દિલ્હી તથા ભાખરાનાંગલ અને કુલુખીણમાંના બિયાસ બંધનાં ઇન્સ્પેક્શન માટે જવાનું હતું. વડોદરામાં હતા ત્યારે ખબર મળી કે પૂજ્ય શ્રીમોટા અમદાવાદ મુકામે શ્રી સી. ડી. શાહને ત્યાં છે. અમદાવાદમાં તા. ૩જીએ બપોરના એક વાગ્યે પૂજ્ય શ્રીમોટાનાં દર્શન માટે ગયો. તેઓશ્રીએ ન્યુ દિલ્હીમાં હું જે યુનાઈટેડ નેશન્સની ઑફિસમાં મેં આપેલ ઇન્ટર્વ્યૂ ઘણો સફળ થયો અને ન્યુયોર્કની હેડ ઑફિસમાં ઘણી સારી ભલામણ સાથે મારું નામ મોકલવામાં આવ્યું.

તે જ માસની ૨૯મી તારીખે વડોદરા ફરી વાર આવવાનું થયું. વડોદરા યુનિવર્સિટીની પરીક્ષા માટે એક પરીક્ષક તરીકે ત્યાં ગયા પછી ખબર મળી કે પૂજ્યશ્રી મોટા તે જ દિવસે ભાઈ શ્રી લાલજીભાઈ ચૌહાણ સુપ્રિન્ટેન્ડિંગ ઍજિનિયરને ત્યાં પધાર્યા છે. હું તથા મારા જમાઈ શ્રીયુત મહેન્દ્રકુમાર શાહ તેમનાં દર્શનાર્થે ગયા. મને તથા ચિ. મહેન્દ્રકુમારને પૂજ્ય શ્રીમોટાએ આશીર્વાદ આપ્યા. ચિ. ઈલાનાં શુભ લગ્ન તા. ૯ મે, ૧૯૭૧ના રોજ પૂનામાં, ઘણા ઉત્સાહ અને આનંદભર્યા વાતાવરણમાં થયાં અને પૂજ્યશ્રી મોટાના આશીર્વાદ ફળીભૂત થયા. ચિ. ઈલાનાં લગ્ન થયા બાદ સકુટુંબ, નવી ખરીદેલી ફિયાટ કાર મારફત ગુજરાત અને સૌરાષ્ટ્રના પર્યટનનો કાર્યક્રમ ગોઠવેલો. સૌરાષ્ટ્રમાં હું લગભગ નવ વર્ષ પછી જઈ રહ્યો હતો અને ત્યાં રાજકોટ, જામનગર, દ્વારકા, વેરાવળ, સાસણ-ગિર, જૂનાગઢ, ભાવનગર વગેરે શહેરોમાં એક એક દિવસ રહેવાનું હતું.

અમારા કાર્યક્રમ પ્રમાણે અમે પૂનાથી ૨૫મી મે, ૧૯૭૧ના રોજ નીકળ્યા અને તા. ૨જી, જૂને જૂનાગઢ પહોંચવાના હતા, પરંતુ અમદાવાદમાં મારા મિત્ર શ્રી મોહનભાઈ પટેલ ચીફ ઍજિનિયર, પબ્લિક વર્કસ ડિપાર્ટમેન્ટની સલાહથી કાર્યક્રમમાં થોડો ફેરફાર કર્યો અને તે પ્રમાણે જૂનાગઢ તા. ૩જી જૂને પહોંચ્યા. ત્યાં પહોંચ્યા પછી મારા ઍજિનિયર મિત્ર શ્રી રમેશભાઈ પટેલને ત્યાં સમાચાર મળ્યા કે પૂજ્ય શ્રીમોટા તે જ દિવસે શ્રી આર. ડી. પારેખ સાહેબ, કાર્યપાલક ઍજિનિયરને ત્યાં પધારવાના છે અને તેઓશ્રીનો કાર્યક્રમ ફક્ત થોડા કલાક માટેનો જ છે. આ એક ધન્ય ઘડી હતી, જ્યારે હું પૂજ્ય શ્રીમોટાના સાંનિધ્યનો સાક્ષાત્કાર અનુભવી રહ્યો હતો. આ ફક્ત પ્રસંગોનો જ નહિ પણ ભાવનાનો પણ યોગાનુયોગ હતો. પૂજ્ય શ્રીમોટા જ્યાં જતા હતા ત્યાં એમના પ્રત્યેની ભક્તિભાવની પ્રેરણા અમને પણ ત્યાં જ દોરી જતી હતી. જૂનાગઢમાં અમે પૂજ્ય શ્રીમોટાનાં દર્શન કરીને કૃતાર્થ થયાં.

જૂનાગઢથી નીકળીને ભાવનગર વગેરે સ્થળોએ ફરીને અમદાવાદ થઈને અમે જ્યારે નડિયાદ આવ્યા ત્યારે પણ ત્યાં પૂજ્ય શ્રીમોટાનાં દર્શનનો લાભ હરિઃૐ આશ્રમમાં અમને મળ્યો.

આમ સને ૧૯૭૧ના પહેલા ૬ મહિનામાં હું જેટલી વાર ગુજરાતના જે શહેરમાં (સરકારી યુનિવર્સિટી અથવા બીજા કોઈ કામે) ગયો ત્યારે દરેક વખતે અનાયાસે પૂજ્ય શ્રીમોટાનાં દર્શનનો લાભ મળ્યો. અહીં એ યાદ રાખવા જેવું છે કે મારા પ્રવાસ વગેરેનો કાર્યક્રમ પૂનામાં રહીને ફક્ત મારી અને

મારી ઑફિસની સગવડતા પ્રમાણે જ ઘડાતો, પરંતુ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેનો ભક્તિભાવ હંમેશાં તેઓશ્રીનાં દર્શનનો અને આશીર્વાદનો યોગ ઘડાવી આપતો.

આવી જ પ્રતીતિ ૧૯૭૨ના જાન્યુઆરીના છેલ્લાં અઠવાડિયાંમાં ફરી વાર થઈ. એ જાણવું પણ રસપ્રદ થઈ પડશે. સુરત પાસેના ઉકાઈ બંધનું ઉદ્‌ઘાટન લોકલાડીલા વડા પ્રધાન શ્રીમતી ઈંદિરા ગાંધીના હસ્તે તા. ૨૯મી જાન્યુઆરીએ થયું. ત્યારે હું મારી સંસ્થાના પ્રતિનિધિ તરીકે ત્યાં ગયો હતો. અમારી સંસ્થાએ ઉકાઈ પ્રૉજેક્ટના વિવિધ ભાગોની ડિઝાઇન વગેરેમાં સંશોધન મારફત અગત્યનો ફાળો આપેલ છે. ઉદ્‌ઘાટન પછી તા. ૩૦ જાન્યુઆરીએ વડોદરા ગયો ત્યારે વડોદરામાં પૂજ્ય શ્રીમોટા દીક્ષાદિન સુવર્ણમહોત્સવના સમારંભમાં તેઓશ્રીનાં દર્શનનો અપૂર્વ લાભ ફરી વાર મળ્યો.

આમ, મને પૂજ્ય શ્રીમોટા જેવા સંતપુરુષના સાંનિધ્યનો લાભ જે અનાયાસે મળ્યો, તે સામાન્ય દૃષ્ટિએ ભલે ફક્ત પ્રસંગોનો યોગાનુયોગ લાગે, પરંતુ મારા માટે તે ભક્તિ ભાવનાથી રંગાયેલ અપૂર્વ અનુભવનો લહાવો હતો. અને એ મારા જીવનની યાદગાર ઘટનાઓની કૃતાર્થ ક્ષણો હતી.

❊ ❊ ❊

# અલૌકિક અનુભવો

## શ્રી વૈકુંઠભાઈ શાસ્ત્રી

બી. એ., એલ એલ. બી.

(સુરતના જાણીતા ઉદ્યોગપતિ અને સુરત નગરપાલિકાના ભૂતપૂર્વ મેયર તથા માજી રોટરી ગવર્નર.)

સદ્‌ગત પૂ. શંકરદત્તભાઈની સાથેની મિત્રાચારીને લઈને પૂજ્ય મોટાને ૧૯૪૯માં મળવાનું થયું. તે સમયે તો તેઓ અજ્ઞાતવાસમાં હતા. ત્યાર પછી લગભગ દરેક વર્ષે તેઓ અમારે ત્યાં ભોજન માટે પધારતા અને સદ્‌ગત પૂ. પિતાશ્રી સાથેની એમની વાતચીત એ અમારા માટે ખૂબ અગત્યનો સત્સંગ હતો. તેઓશ્રીએ કુરુક્ષેત્રમાં સન, ૧૯૫૬-૫૭ના વર્ષમાં હરિઃૐ આશ્રમ શરૂ કરવાનું નક્કી કર્યું. અને એમની મારા ઉપરની અસીમ કૃપાને લઈને એમણે મને મુરબ્બી શ્રી નારુશંકરભાઈ સાથે પ્રથમ સાધક તરીકે મૌનમંદિરમાં બેસવાનો લાભ આપ્યો.

સને ૧૯૬૦ના ઑક્ટોબરમાં મને હૃદયરોગનો હુમલો થયો. ત્યાર બાદ લગભગ અઢી મહિને અવારનવાર મારા પર હૃદયરોગના હુમલાઓ થયા હતા. અને એ સમયે તો મારા સદ્‌ગત પૂ. પિતાશ્રી તથા ઘરનાં બધાં ખૂબ ચિંતામાં મુકાઈ ગયાં હતાં. અને સુરત શહેરના હૃદયરોગના અનન્ય નિષ્ણાત ડૉ. રમણભાઈ દેસાઈની સલાહથી ડૉ. દાંતેને મને જોવા માટે અમે બોલાવવાનું નક્કી કર્યું. ડૉ. દાંતે અમેરિકા ગયા હતા. એટલે એમને આવતા એક અઠવાડિયું થાય એમ હતું. એ દરમિયાન પરમ પૂજ્ય મોટાને મારી ગંભીર માંદગીની ખબર પડી અને તેઓ દોડતા અમારા ઘેર આવ્યા અને મને જોયો. હું બે હાથ જોડીને પગે લાગતો હતો ત્યારે તેમણે મારા હાથ ઉપર ચુંબન કર્યું. મને અનુભવ થયો કે શરીરમાં કંઈક શક્તિનો સંચાર થઈ રહ્યો છે. તે જ સમયે પરમ પૂજ્ય મોટાએ સંકલ્પ કર્યો કે, ‘હું વૈકુંઠભાઈને માટે એક અઠવાડિયું અનુષ્ઠાન કરીશ.’ એમ કહીને તેઓશ્રી આશ્રમમાં ગયા. પિતાશ્રીને લાગ્યું કે, પરમ પૂજ્ય મોટા જો અનુષ્ઠાન કરવાના હોય તો તેનો ખર્ચ આપણે આપવો જોઈએ. અને એ દૃષ્ટિએ તેઓશ્રી પરમ પૂજ્ય મોટાને મળવા તે જ દિવસે સાંજના આશ્રમ ઉપર ગયા. *મોટા*ને મળીને એમણે એ વાત કરી પણ તેઓશ્રીએ તો કહ્યું કે, ‘મારા અનુષ્ઠાનમાં કોઈ પણ જાતનો ખર્ચ કરવાનો હોતો નથી. હું તો મારા ગુરુને અને પ્રભુને આર્દ્ર ભાવે પ્રાર્થના કરું છું. પણ વૈકુંઠભાઈને કહેજો કે, જાગૃત રહે અને જે કંઈ અનુભવ થાય એ લખીને મોકલે.’

અનુષ્ઠાનના પ્રથમ દિવસે મેં પૂજ્ય મોટાને તેઓશ્રીના ભોંયરામાં સાધનાકાળમાં જે રીતે પલાંઠી વાળીને નગ્ન અવસ્થામાં બેસતા હતા, તે જ પ્રમાણે બેઠેલા જોયા અને એમના મસ્તકની આજુબાજુ એક પ્રકારનું વર્તુળ જોયું. તેમની સામે તેમના ગુરુજીનો ફોટોગ્રાફ હતો. તેમાંથી એક જ્યોત નીકળી. પૂજ્ય મોટાના તિલક સ્થાને આવી અને બેઠી. અને થોડો વખત ત્યાં રહી ભોંયરામાં આવવાનો જે માર્ગ હતો તે માર્ગે જઈ વિલીન થઈ ગઈ. ત્યાર પછી એક દિવસ ખાલી ગયો. ત્રીજા દિવસે મને એવો અનુભવ થયો કે પૂજ્ય મોટા મારે ત્યાં પધાર્યા અને મને કહ્યું, ‘તમે શિવભક્ત છો એટલે ભગવાન શિવજીનાં

દર્શન માટે હું તને લઈ જવા માટે આવ્યો છું.' મેં કહ્યું કે, 'મારી આ અવસ્થામાં તો મારાથી એક ડગલું પણ ભરી શકાય એમ નથી.' ત્યાર બાદ એમણે કહ્યું, 'એ ફિકર તું કર નહિ. મારી પાછળ ચાલવા માંડ.'

અમે એક ગાઢ જંગલમાં સવારના પહોરમાં દાખલ થયા અને ચાલતાં ચાલતાં સાંજના સમયે એક નદી પાસે ખૂબ ભવ્ય શિવલિંગ આગળ આવ્યા. પૂજ્ય મોટાએ મને કહ્યું, 'તું શિવલિંગનાં ભક્તિપૂર્વક દર્શન કરી લે.' મેં શિવના મંત્રો ઉચ્ચારીને ખૂબ ભક્તિપૂર્વક દર્શન કર્યાં. ત્યાં ફૂલ અને ચોખા ચઢેલા જોયા. ત્યારે પરમ પૂજ્ય મોટાને પૂછ્યું કે જંગલમાં શિવ ભગવાનનાં દર્શન કરવાં માટે કોણ આવતું હશે ? ત્યારે એમણે કહ્યું કે, 'તારે આ બધી ફિકર કરવાની જરૂર નથી.' એ જ સમયે સાંજ પડી ગઈ અને ગાઢ વનમાં ખૂબ અંધકાર વ્યાપી ગયો. પરમ પૂજ્ય મોટાને મેં કહ્યું કે, 'આ અંધકારમાંથી હવે આપણે બહાર કેવી રીતે જઈશું ?' એમણે કહ્યું કે, 'તું ચિંતા કરીશ નહિ, મારી પાછળ પાછળ આવજે.' મેં એમની પાછળ જવા માંડ્યું અને થોડો વખત ગયો ત્યારે મેં જોયું કે પૂજ્ય મોટાની આગળ બૅટરીના પ્રકાશમાંથી તેજ નીકળે એવો પ્રકાશ ચાલતો હતો અને એમ કરતાં કરતાં ખૂબ મોડી રાત્રે અમે ઘેર પહોંચ્યા. પૂજ્ય મોટાએ કહ્યું કે 'જો તને કંઈ થયું ? તું હિંમત રાખજે. કંઈ જ થવાનું નથી.' આવાં દર્શનના અનુભવ બાદ પાંચમે દિવસે મેં એમને એલિસબ્રિજની નીચે મંગળદાસ ટાઉનહૉલની બાજુના સાબરમતીના કિનારે, લગભગ રાતના ૧૨-૦૦ વાગ્યે, એમના સાધનાવસ્થાના આસને બિરાજેલા જોયા. એમની આગળ એક ધૂણી ધખતી હતી અને એમની પાસેના વાસણમાંથી તેઓ આ ધૂણીમાં કંઈક નાંખી રહ્યા હતા. હું જ્યારે આ ક્રિયા નિહાળતો હતો તે સમયે મને એકદમ જમણી બાજુ પર એક ભવ્ય યોગીનાં દર્શન થયાં. તેમનું મુખ તેજથી ઝળહળતું હતું. ખૂબ નમ્ર ભાવે એ યોગીજીનાં દર્શન કર્યાં અને સવારે લગભગ ચાર વાગ્યે પૂજ્ય મોટા ઊઠીને ચાલ્યા ગયા. એ યોગી તે પૂજ્ય મોટાના ગુરુમહારાજ હતા. અનુષ્ઠાનના આખા અઠવાડિયા દરમિયાન અને ત્યાર પછીના ઘણા વખત સુધી મને હજુ આજે પણ કોઈ કોઈ વખત મારા સૂવાના ઓરડામાં રાતના અને કેટલીક વખત દિવસે પણ **'નૈનમ્ છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનમ્ દહતિ પાવકઃ'** (૨ાર૩) એ આત્મા વિશેનો ગીતાજીમાં જે શ્લોક છે તે ખૂબ સુંદર રાગમાં મને સંભળાતો હતો. આ બધું પતી ગયા પછી લગભગ એક વર્ષ બાદ આશ્રમમાં પરમ પૂજ્ય મોટા સાથે ભોજન લેવા ગયો હતો. ત્યારે એમને મેં મારા અનુભવ વિશે વાત કરી ત્યારે એમણે એટલું જ કહ્યું કે, 'કોઈ કોઈ વખત મારા ગુરુ મારી પ્રાર્થના સાંભળે છે અને હાજરાહજૂર થાય છે.' ત્યારે મને ખ્યાલ આવ્યો કે તે દિવસે રાતના તેઓશ્રીના ગુરુજીએ એમને તો દર્શન આપ્યાં પણ એમની કૃપાથી મને પણ દર્શન થયાં. પૂજ્ય મોટાએ પ્રેમભાવથી જે અનુભવો કરાવ્યા છે તે વિશે જેટલું લખું એટલું ઓછું છે. હું તો માનું છું કે, હૃદયરોગના હુમલામાંથી હું સારી રીતે પસાર થયો અને પગભર થયો છું તેમાં પૂજ્ય મોટાની અસીમ કૃપાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

સાક્ષાત્કારદિન ઉત્સવ પ્રસંગે એમનાં ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પાઠવું છું. અને પ્રાર્થું છું કે, તેઓશ્રી મારા જેવા અન્યને આધ્યાત્મિક માર્ગે જવાને મદદરૂપ બની રહો.

❊ ❊ ❊

# સૂક્ષ્મ દૃશ્યોનું ગૌણપણું

તમને જુદા જુદા પ્રકારનાં જે સૂક્ષ્મ દૃશ્યો (visions) આવે છે, તે એક રીતે જોતાં સારાં લક્ષણવાળાં કહી શકાય. આવાં સૂક્ષ્મ દૃશ્યો જે પ્રગટે છે, તે આપણા પોતાના અંતરના કોઈ ને કોઈ સંસ્કારના પરિણામરૂપે છે. કોઈક ઉચ્ચતર ભૂમિકામાં અંતરથી અતિરિક્તપણે પણ કેટલાંક વાસ્તવિક દૃશ્યો પ્રગટ થતાં હોય છે અને તે ઘણાં સૂચક હોય છે, પરંતુ હાલમાં જે દૃશ્યોનું તમે તમારા કાગળમાં વર્ણન લખ્યું છે, એવાં visionsમાં-સૂક્ષ્મ દૃશ્યોમાં તમારામાં પ્રગટ થનારા ભવિષ્યના આધ્યાત્મિક જીવનની વાસ્તવિકતા ઝાઝી નથી. આપણે આવાં દૃશ્યોને બિલકુલ મહત્ત્વ આપવાનું નથી. તેમાંથી આપણું મન, ચિત્ત જેટલાં જલદી પાછાં વળી શકે તેટલું ઉત્તમ. વાળવાને પણ બળજબરી ન કરવી. આપણું વલણ જો એવું થઈ જાય કે આવાં જે દૃશ્યો છે, તેના કરતાં આપણા મનમાં નીરવતા પ્રગટે, પ્રસન્નતા અને શાંતિ વગેરે જળવાઈ રહે અને જીવનવિકાસને કાજે તે ઘણાં જરૂરનાં છે, એમ જો આપણી સમજણના પાયામાં આપણને વાસ્તવિકપણે લાગી જાય અને આપણા હાલના જીવનને તબક્કે એમ આપણને સાચેસાચું પૂરેપૂરું લાગી જાય, તો આપમેળે આપણાં મન, ચિત્ત પેલાં દૃશ્યોમાં પકડાઈને પડ્યાં નહિ રહે, પરંતુ તેવું થતાં જ આપણાં મનચિત્તાદિ કરણો એવાં દૃશ્યોને બિલકુલે મહત્ત્વ આપતાં ના હોવાથી અને તેમનો ખરેખરો ખૂબ રસ તો ઉપર જણાવેલી સ્થિતિમાં રહેતો હોય છે. તેથી, તેમાંથી નીકળી જતાં મનાદિકરણોને વાર લાગતી નથી.

('જીવનસંશોધન', પૃ. ૧૧૮) **—મોટા**

❋ ❋ ❋

# મારા માલિક

## શ્રી હસમુખભાઈ શાહ

(દક્ષિણ ભારતમાં વસતા પૂજ્ય શ્રીમોટાના ગુજરાતી સ્વજન અને વેપારી.
પૂજ્યશ્રીના પ્રથમ સ્થાપિત થયેલા કુંભકોણમ્ આશ્રમના સંચાલક.)

પરમ ચેતનને પામેલા વીર પુરુષની સાથેના સંબંધની આ વાત છે. પૂજ્ય મોટા સાથે સંબંધ થયે આજે ૩૨ વર્ષ થયાં, પણ તેમની સાચી સોબત પ્રભુભક્ત સિવાય કોઈ નહિ કરી શકે.

આસરે ઈ. સ. ૧૯૪૦માં પૂજ્ય મોટા શ્રી નંદુભાઈ તથા શ્રી હેમંતભાઈ સાથે કુંભકોણમ્ અમારી પેઢીએ પધાર્યા. મેં તેમને નમીને નમસ્કાર કર્યા. મારામાં જૂના સંસ્કાર કે કોઈ સાધુ સંન્યાસી લોકોની અવગણના કરવી નહિ, તેથી જ નમસ્કાર કરવાનું બન્યું. તેમણે મને જોયો ત્યારથી મારા જીવનમાં તેમણે રસ લેવાનું કર્યું. અને મારી આંતરિક રીતે દેખભાળ કરતા આવ્યા છે.

સામાન્ય રીતે મારે બોલવાનું કે ચર્ચા કરવાનું બહુ જ ઓછું. તેથી તેમની સાથે આજ સુધી મેં કદી ચર્ચા કરી નથી. પણ અમારી વચ્ચે એક પ્રેમનો નાતો બંધાઈ ગયો છે. તેને કેવી રીતે વર્ણવું તે મને સમજાતું નથી. તેને ગુરુશિષ્યરૂપ કે સ્વજનરૂપથી પણ વધુ ગણું છું. માલિક પોતાના માણસોને પ્રેમથી રાખે, નવાજે, દેખભાળ રાખે અને માણસોની અનેક ત્રુટીઓ હોવાં છતાં સમજીને ચલાવી લે, અને યોગ્ય સમયે સમજાવે છે. આવું બધું જ મારા *મોટા* સાથેના સંબંધમાં બન્યું છે, બનતું આવ્યું છે અને બને છે. તેથી મારા સમગ્રપણાના માલિક તેઓ છે. મારા જીવનમાં સાચો પ્રેમ હું માબાપ તરફથી કે બીજાઓ તરફથી પામેલો નહિ. મારા અનેક અવગુણો હોવા છતાં તેમણે કદી મને તે સંબંધી અક્ષર કહ્યો નથી. આંતરિકપણે પ્રકૃતિના અવગુણોથી મુક્ત કરાવતા આવ્યા છે. આ બધી જ ક્રિયા મૌનપણે જ કરી છે. સાચા પ્રેમને મૌન વધારે બંધ બેસે છે. સાચો પ્રેમ મૌનમાં જ જીવનને ઘડે છે. કારણ એમાં કશો જ અવરોધ નથી. એટલે જીવનને સાચા સ્વરૂપમાં પામવું હોય તો બધું જ મૌનપણે નિહાળવું. શાંત ચિત્તે સમજવું વધારે યોગ્ય લાગે છે.

પોતાની જાતને પૈસાદાર ગણાવવી, દુન્યવી કીર્તિ, મોભો-આ બધાંને એમણે સહજ રીતે મારામાંથી દૂર કરાવ્યાં કર્યાં છે. એનો અર્થ એ નથી કે હું અવગુણોથી તદ્દન મુક્ત છું. મારામાં હજી ઘણાય અવગુણો છે. તેમાંથી મુક્ત થવા પ્રયત્ન કરું છું. મને જીવનમાં તેમણે આંતરિક રીતે સમજણ આપેલી છે અને આપતા રહ્યા છે. અમુક બાબત તુરત ન સમજાય ને થોડી ક્ષણો બાદ તેનો ઉત્તર મનમાંથી જ મળી જાય. આવા મહાન પુરુષ સાથે જેટલી નમ્રતા કેળવાય તેટલો લાભ છે.

કોઈ પણ અઘરી બાબત તેમના પ્રેમકિરણથી સમજાઈ જાય. તેમનો પ્રેમ આપણને ઘડવાને સમર્થ છે. કારણ તે પ્રેમની પાછળ સંકલ્પ-સિદ્ધિની સાધના છે. તેમના પરિચય પહેલાં મને અભ્યાસમાં તેમ જ વેપારમાં પણ રસ નહિ. આ મારા જૂના સંસ્કાર. માબાપ તરફથી પ્રેમ જેવું અનુભવેલું નહિ, તેથી જીવનમાં એક જાતની નિરાશા વ્યાપેલી. આ વખતે મારી ઉંમર ૧૮ હશે. ત્યારે પૂ. નંદુભાઈએ વેપારમાંથી

સંન્યાસ લીધેલો અને જૂના માણસોની વચમાં નાના માલિક તરીકે મને મૂકી ગયેલા. મને બિલકુલ સમજણ ન પડે કે મારે શું કરવું. એથી વારંવાર બધું છોડી દઈ જતા રહેવાનું મન થાય. પણ પૂજ્યશ્રીની પ્રેરણાથી વળગી રહ્યો. એમણે મને વેપારમાં રસ લેતો કર્યો અને એમની કૃપાએ જૂના માણસોમાં મારા માટે પ્રેમ અને વિશ્વાસ બેસે તે પ્રમાણે કેળવ્યો. આ બધું જ આંતરિકપણે થયા કર્યું છે. હું અધૂરો, પામર તેમની દિલથી પિછાન, ઘણાં ઘણાં વર્ષો બાદ કરતો થયો. સને ૧૯૪૦ થી ૧૯૫૫ દરમિયાન તેઓ ઘણો સમય કુંભકોણમ્ રહેલા. આવે ત્યારથી મારી સાથે જ હોય. પણ આનો હેતુ તેઓ જ જાણતા. મને તો બહુ જ મોડે જાણ થઈ. મારે બે પુત્રો છે. મોટો ચિ. હરિ અને બીજો નાનો ચિ. કમલ. ચિ. હરિની ખાતર જ તેઓ કુંભકોણમ્ પધારેલા. સને ૧૯૪૪માં મારાં લગ્ન થયાં. અને સને ૧૯૪૯માં માર્ચની ૨૯મી તારીખે મારે ત્યાં ચિ. હરિની પધરામણી થઈ. ચિ. હરિ પર તેમને અત્યંત વહાલ છે. કારણ તેમની વચ્ચે એવો પ્રેમસંબંધ ગત જન્મનો છે. હરિના જન્મ વખતે મારી મા હયાત હોય ને જે કાળજી લે તેના કરતાં તો હજારોગણી કાળજી પૂજ્યે મારી મા તરીકે લીધી છે. કારણ ઘરમાં મારી પત્ની તથા હું અને પૂજ્ય આમ ત્રણ જણનું જ કુટુંબ. હરિના જન્મ બાદ તેની દરેક રીતની દેખભાળ આજ લગી એમની જ રહી છે. ચિ. હરિ એક મહાન આત્મા છે. એ મારા મનની નક્કર હકીકત છે. હરિનો જન્મ લેડી દાક્તરે ઑપરેશન વિના નહિ થાય તેમ કહેતાં જ પૂજ્યે રડતાં રડતાં પ્રાર્થના કરેલી છે અને તુરત જ ઓજાર વગર આપોઆપ જન્મ થયો. ભગવાનની કૃપા અને ચમત્કાર નહિ તો શું ? આ જ પ્રમાણે સન ૧૯૫૮ની સાલમાં મારા નાના પુત્ર કમલના જન્મ વખતે મારી પત્ની પ્રમીલાને ગર્ભાશયમાં જ ગાંઠ અને પેશાબમાં ઍલ્બ્યૂમિન હોવા છતાં પણ સરળતાથી જન્મ થવો અને કમલને શરીરે કોઈ પણ જાતની ખોડ ન હોવી એ બધું જ પૂજ્યશ્રીને આભારી છે. કમલના જન્મ સમયે પૂજ્ય મોટા કુંભકોણમ્ હાજર પણ ન હતા. ત્યાર બાદ પ્રમીલાને ગર્ભાશયમાં ગાંઠને અંગે ઑપરેશન કરાવવું પડ્યું. ત્યારે પણ પેશાબમાં સો ટકા ઍલ્બ્યૂમિન હતું. છતાં દાક્તરે હિંમતથી જન્મ વખતે ઑપરેશન કર્યું. આ બધું પૂજ્યશ્રીને જ આભારી છે. બાકી આવા ઍલ્બ્યૂમિન ઝેર સાથે કોઈ ઑપરેશન કરવાની જવાબદારી ન લે. આવા અનેક નાના મોટા પ્રસંગો મારા જીવનમાં બનેલા છે. પણ આ બધાથી ઉત્તમ તો એ કે મારી જીવનદૃષ્ટિ જ તેમણે ફેરવી છે. તે જ મારે મન મોટી વાત છે. જીવનમાં બધી જ પ્રકૃતિથી મુક્ત રહેવું અને સ્વજનોની સાથે કોઈ જ જાતની અથડામણ મનથી, વાણીથી અને કર્મથી ના થવા દેવી તેવા વલણમાં જ સાચી શાંતિ પમાય છે. એ જીવનઅનુભવ મારે માટે પારસમણિ સમાન છે. આજે મારી અને હરિ (મારા પુત્ર) વચ્ચે જે પ્રેમસંબંધ છે અને કમલ અને પ્રમીલા સાથે જે પ્રેમસંબંધ છે તે તેની સાચી સમજણ સાથે બધું પૂજ્યશ્રીને જ આભારી છે.

મારો અને મારી પત્નીનો પ્રકૃતિ-સ્વભાવ જોતાં મારે ત્યાં ચિ. હરિ જેવા ઉચ્ચ આત્માનો જન્મ થવો એ લગભગ અશક્ય છે. ગુણ અને અવગુણ જેણે પચાવી દીધા છે એવો સમર્થ પુરુષ જ ભાગ્યનો ઉદય કરી શકે. એવા સમર્થ મારા માલિક *મોટા*ને અનેક વંદનો.

* * *

## આંતરિક ત્યાગનું મહત્ત્વ

આપણો માર્ગ જો ઉત્તમ છે અને તેની શ્રદ્ધાપૂર્વકની ખાતરી જો આપણને થઈ ગઈ હોય તો આપણે નિઃશંક થવું. આપણાથી કરી બીજાને ચડભડવા દેવા નહિ. આપમેળે તે તેમ કરે તો આપણે શાંત થવું. તેને તેવી બાબતમાં ઉત્તેજના પ્રગટે તેવો કોઈ શબ્દ આપણા મુખમાંથી ન નીકળવો ઘટે. આપણે તો જેમાં તેમાંથી સમૂળગુંયે મમત્વ કાઢી નાખવાનું છે, તે લક્ષમાં રાખશો. સ્થૂળ સમર્પણ કરી દેવાથી તેના પરત્વેનું આંતરિક મમત્વ સમૂળગુંયે નીકળી જવાનું છે એમ પણ માનવાનું નથી. હોવા છતાં, રહેવા છતાં, સમર્પણની ભાવનાનો યજ્ઞ ચાલ્યા કરે અને સમૂળગુંયે મમત્વ નીકળી જાય એવી સ્થિતિ પ્રગટાવવાની હૃદયની નેમ આપણે રાખવાની છે. Possess but not be possessed. ધનના માલિક થાઓ, ગુલામ નહિ. જે જે પરત્વે જીવનમાં મમત્વ હોય, રાગ હોય, મોહ હોય તે તે આપણામાંથી હઠવા ઘટે - તે નિર્મૂળ ન થાય ત્યાં સુધી. નહિતર સમર્પણયજ્ઞની ભાવના પણ યોગ્ય પ્રકારથી ખીલી ન ઊઠે.

('જીવનમંથન', પૃ. ૧૦૮) **—મોટા**

* * *

# પથપ્રદર્શક મોટા

## શ્રીમતી ચિત્રા ઉષાકાંત દેસાઈ

(સાક્ષરવર્ય શ્રી નરસિંહરાવ દિવેટિયાનાં દોહિત્રી. બનારસમાં પૂજ્યશ્રી જે બે બહેનોની દેખભાળ લેવા વાલીની જગાએ રહેલા તેમાંનાં બીજાં બહેન. અનેક પ્રસંગોમાં સાક્ષી.)

શ્રીમોટાને અમે અત્યંત વહાલથી ચૂનીભાઈ કહેતા. જો તેમણે મારા જીવનમાં રસ ના લીધો હોત તો હું એક અભણ અને સ્વચ્છંદી છોકરી રહી હોત.

મુ. ચૂનીભાઈનો સંપર્ક મારા પિતાના કુટુંબ સાથે ઘણાં વર્ષોનો જૂનો. મારા પર અને મારી બહેન પર મુ. ચૂનીભાઈની છાપ એક વત્સલ વડીલ બંધુની, કે જેની જોડે જીદ પણ થઈ શકે અને છતાં એમની સમજાવટની કુનેહથી આખરે એમનું કહ્યું માનવું જ પડે. મુ. ચૂનીભાઈનું નામ આવતાં પહેલાં એમનું વહાલ તાદૃશ્ય થાય. એક પુરુષ હોવા છતાં એમના સમગ્ર વ્યક્તિત્વમાંથી એક માતાનો, બહેનનો અને મુરબ્બીનો અખૂટ સ્નેહ ઝર્યા જ કરતો હોય, હું ગમે તેટલું તોફાન કરું પણ અત્યંત ધૈર્યથી મને સમજાવીને જીતી લે.

મારી માતાનું અવસાન થયું ત્યારે મારાં છ વર્ષ પણ પૂરાં નહોતાં થયાં. લગભગ અગિયાર વર્ષની થઈ ત્યાં સુધી મારા માતામહ અને માતામહી પાસે રહી. એ બન્નેના અવસાન પછી હું અને મારી મોટી બહેન (અમે બે જ બહેનો હતી) અમારા પિતા સાથે રહેવા ગયાં.

બાળપણમાં મારું સ્વાસ્થ્ય ઘણું જ નબળું હોવાને લીધે, શાળાને મારે તિલાંજલિ આપવી પડી. સામાન્ય જ્ઞાન અને વાંચવાના શોખને લીધે તદ્દન મૂર્ખ તો નહોતી રહી, પરંતુ વ્યવસ્થિત કામનો એક કંટાળો પેસી ગયો. સંજોગવશાત્ મારી બહેનનું મૅટ્રિક પછી એક વર્ષ બગડ્યું અને કૉલેજમાં દાખલ ના થતાં એણે બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયનો અભ્યાસક્રમ કરવાનું નક્કી કર્યું.

મને ઘરે અભ્યાસ કરાવે પણ આળસ પ્રમાદ ઘર કરી બેઠાં હતાં. શાંતિનિકેતનમાં પણ અમને મૂક્યાં પણ અનેક કારણે પાછાં ઘેર આવ્યાં. મારી બહેન બી. એ.ની તૈયારીમાં પડી હતી.

બાપુ મારી જોડે પૂરતા કડક થઈ શકતા નહોતા અને મને અભ્યાસનું મહત્ત્વ હતું નહિ.

એ જ વખતે મુ. ચૂનીભાઈ કરાંચી રહેવા આવ્યા. એમના પર વહાલ ખૂબ, પણ ભણવાનું કહે એટલે ગુસ્સો ચઢે. હું મારી તંદ્રામાંથી કાંઈક પણ જાગી હોઉં તો એમના એક મુદ્દાને લીધે. મુ. ચૂનીભાઈએ મને કહ્યું, ‘બહેન, બધા લોકો તારા બાપુને ગાંડા ગણે છે, કારણ તને નિશાળમાં નથી મૂકી. મોટી બહેને તો ઇન્ટરમાં પાસ થઈને પુરવાર કરી આપ્યું કે ઘેર અભ્યાસ કરી શકાય, પણ તું જો મૅટ્રિકમાં નાપાસ થઈશ તો બધા જ કહેશે કે તને કઈ રીતે ભણાવવી એનો ખ્યાલ જ તારા બાપુને નથી.’ આ વસ્તુ મારે ગળે ઊતરી ગઈ. મારા બાપુને લોકો કાંઈ કહે એ મને પરવડતી વાત નહોતી. છતાં પણ મુ. ચૂનીભાઈએ સખતાઈ તેમ જ કુનેહથી મને ભણવા પ્રેરી ના હોત તો ઘર કરી બેઠેલાં આળસ અને સ્વચ્છંદીપણું મને જરૂર સતાવત. પોતે મારી પછવાડે ખૂબ મહેનત લે. રાતોની રાત મારી જોડે જાગે. પરીક્ષા આપવા

બનારસ ગયાં. ત્યાં બહારથી જમવાનો ડબ્બો આવે. ત્યારે હું ભણતી હોઉં એટલે મારી થાળી પીરસી મને જમવા બોલાવે અને પાસે બેસી જમાડે. આખરે હું સારા માર્કે પહેલી જ વખતે મૅટ્રિક પાસ થઈ ગઈ. ભણતરનો રસ જાગ્યો અને હજી પણ અભ્યાસ ચાલુ છે.

આ બધી ચૂનીભાઈની મહત્તાનાં લક્ષણ જ હતાં. પણ એ અમને ઘણા મોટા અને મહાન છે એવું લાગવાને બદલે ઘણા જ પ્રેમમય છે એવું લાગતું. એક બે ચમત્કાર કહી શકાય એવા પ્રસંગો પણ બન્યા હતા. એ પ્રસંગો વખતે આશ્ચર્ય થતું પણ કોઈ પણ મુશ્કેલીને મુ. ચૂનીભાઈ દૂર કરી શકશે એવી એક આંતરિક શ્રદ્ધા પણ હતી. હજી પણ મુ. ચૂનીભાઈ એટલે લોકોના ગુરુ અને સંત ખરા પણ અમારા તો એક સ્નેહપૂર્ણ મોટા ભાઈ તરીકે જ નજર સામે આવે છે.

આ બધા પ્રસંગોમાં એવું પણ બન્યું હોય કે બાળકબુદ્ધિને લીધે તેમ જ અતિશય નજીક હોવાથી વહાલને કારણે એમને ખરાબ લાગે એવું વર્તન થયું હોય ! પણ એટલું તો હું જરૂર કહું છું કે બહેનો તરીકે તો અખૂટ, નિઃસ્વાર્થ પ્રેમ અમે બન્ને બહેનોએ આપ્યો છે, આપીએ છીએ અને આપીશું. એમની દરેક સિદ્ધિ વખતે પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરી છે અને બહેનો તરીકે શુભ કામનાઓ આપી છે કે એમને સિદ્ધિઓને શિખરે પહોંચાડે અને એમના આધ્યાત્મિક જીવનનો માર્ગ વિશાળ કરી આપે.

* * *

## ઊંચે લાવવાં ઘટે

(અનુષ્ટુપ)

પરતંત્ર બધાં છીએ પ્રભુ એક સ્વતંત્ર છે,
પરતંત્ર રહેવામાં જ્ઞાનભાવોથી લાભ છે.
પોતાનું માન્યું એને તો ઊંચે જ લાવવું ઘટે,
રહેવા પડી ત્યાં ને ત્યાં ઘટે દેવું ન જીવને.
કરીને કોટિ ઉપાય એને તો સમજાવીને,
આવા કલ્યાણને માર્ગે વાળીને લાવવું ઘટે.
'પોતે જ્યાં શ્રેય માનેલું સાચું તે શ્રેય છે નહિ,
એને તે ખાતરી તેવી મથી કરાવતાં જવી.'

**—મોટા**

* * *

# કલ્પનાતીત અનુભવો

## શ્રી નાનુભાઈ નિત્યાનંદ ભટ્ટ

(બહુ વર્ષોથી પૂજ્ય શ્રીમોટાના સંપર્કમાં આવેલા અમદાવાદના સજ્જન, વ્યવસાયે જ્યોતિષી.)

૧૯૪૩ના ફેબ્રુઆરીની ૨૨મી તારીખે ત્રિચિનાપલ્લીમાં પૂજ્ય શ્રીમોટાનાં મને પ્રથમ દર્શન થયાં. તે વખતે સને ૧૯૪૨ની ચળવળના ભાગેડુ માણસ તરીકે હું કિરાપટ્ટીમાં પૂ. શ્રી નંદુભાઈને ઘેર હતો. પત્રવ્યવહાર પર સરકારની નજર રહે, એટલે ઘરના કોઈ સમાચાર મને મળે નહિ. એક દિવસ હેમંતભાઈ અમદાવાદથી સમાચાર લાવ્યા કે મારાં મોટાં બહેન ગુજરી ગયાં. આ બહેન માટે મને ઘણી લાગણી. મારા પર એ બહેન પણ ઘણું હેત રાખે. એટલું હું એ સમાચાર સાંભળી રડી પડ્યો. એટલે *મોટા* કહે, 'ભાઈ રડવાથી શું વળે ?' મેં કહ્યું, '*મોટા*, એમ થાય છે કે હું અમદાવાદ હોત તો એને મળી તો શકત !'

*મોટા* બોલ્યા, 'તારે મળવું જ છેને ? તો મળી શકાશે.'

આટલા દુઃખમાં પણ મને મનમાં હસવું આવ્યું, કે 'આ કેવી બેહૂદી વાત છે ! આવું તે વળી બનતું હશે ?'

પણ ખરેખર એવું બન્યું. ૧૯૪૪ના મે-જૂન માસમાં *મોટા* મને તેમની સાથે કુંભકોણમ્ લઈ ગયા. હું ત્યાં મૌનરૂમમાં બેઠો. પહેલે દિવસે જ *મોટા*ના ફોટા આગળ મને મારાં બહેન દેખાયાં. ત્યાર બાદ સતત ત્રણ દિવસ સુધી રાતના તે મારી પાસે આવ્યાં અને મારા ઘર છોડ્યા પછી જે બનાવો અને હકીકતો મારે ઘેર બનેલી તે મને કહી. આ બનાવની મારા પર એટલી તો જબરજસ્ત પકડ હતી કે સને ૧૯૪૬માં હું જ્યારે ઘરે ગયો ત્યારે એ હકીકતો મેં ચકાસી જોઈ તો એ સાચી નીવડી.

એ જ સમયગાળાનો બીજો એક વેધક અને આશ્ચર્યચકિત કરી મૂકે એવો અનુભવ પણ મને થયો. તે વખતે પૂ. નંદુભાઈએ મને *મોટા*ના પત્રોની નકલો કરવાનું કામ સોંપેલું. આ પત્રોમાં એવી પણ વાતો આવતી કે આપણા માન્યામાં ન આવે. આથી, પૂજ્ય મોટાની વિરુદ્ધમાં અનેક તરંગો મારા મનમાં ઊઠતા. આમ છતાં હું એમના સૂચવ્યા અનુસાર હરિઃૐનો જપ તો કર્યા જ કરતો. એક દિવસ એક પત્રમાં એવી વિગત આવી કે મને તે બિલકુલ ખોટી લાગી. પૂજ્ય મોટાએ એક બહેનને પત્રમાં લખેલું, 'તારા પ્રત્યેના મારા દિલના તાદાત્મ્યને કારણે તારા માસિક અટકાવના દુઃખનો અનુભવ હું કરી રહ્યો છું.' મને વિચારો આવવા લાગ્યા કે કોઈ પુરુષને સ્ત્રીની માફક અટકાવ તે વળી આવતો હશે ? કેવી બનાવટની વાત ! બીજા પર પ્રભાવ પાડવાની સહેલી રીત ! આવો વિચાર જાગ્યો. મારું લખવાનું કાર્ય પતાવી નિત્ય નિયમ મુજબ બંગલાની પાછળના કંપાઉંડમાં આવેલા કૂવામાંથી પાણી કાઢી હું હોજમાં નાહવા પડ્યો. આ સમયે પણ પેલા વિચારો મનમાં ઘોળાયા કરે. હું બિલકુલ વસ્ત્રવિહીન દશામાં ન હતો. તે વખતે મારી ઉંમર ૧૯ વર્ષની. સ્વભાવ પણ અલ્લડ. નાહવા પડ્યો તો ખરો પણ પાણીમાં માથું બોળીને બહાર કાઢતાં કાઢતાં મારો શ્વાસ રુંધાઈ ગયો. હું પુરુષ મટીને સ્ત્રી બની ગયો અને તે પણ ગર્ભવતી-છેલ્લા દિવસોવાળી. હું ગભરાઈ ગયો, 'શું થશે ?' આવું કેવી રીતે થયું ? કાંતાબહેનને બૂમ

મારવા મથું તે પણ ના પડાય. જેમ તેમ કરીને ટુવાલ વીંટાળીને બહાર નીકળ્યો ત્યારે પણ એમ જ લાગે. મને થયું, 'ડૉક્ટર બોલાવવો પડશે. બધાં શું સમજશે ?' પૂજ્ય નંદુભાઈનાં પત્ની શ્રી કાંતાબહેને પણ મને પૂછ્યું, 'શું થયું છે ?' પણ હું શું જવાબ આપું ? થોડો સમય પસાર થતાં મને જણાયું કે મારી સ્થિતિ બદલાઈ. હું મૂળ સ્વરૂપમાં મને દેખાયો. આવું કેમ બન્યું ? આ વખતે પૂજ્ય મોટા કરાંચીમાં હતા. બીજે કે ત્રીજે દિવસે એમનો મારા પર પત્ર આવ્યો. **'ભાઈ ! જે ના સમજાતું હોય તે સમજવાનો પ્રયત્ન કરવો અને છતાં ના સમજાય તો પ્રત્યાઘાતી વિચાર ન કરવા. આવા સમયે જે અનુભવ થાય તેને અંતરમાં ઉતારવો અને ઈશ્વરની અનુભૂતિ ને નક્કરતામાં વધારો થાય તે માટે હૃદયમાં તે સચોટ કર્યા કરવો.'** આ બનેલા બનાવનો પત્ર હજુ મેં શ્રીમોટાને લખ્યો પણ ન હતો અને પત્ર લખું તો તે સમયે દક્ષિણ ભારતમાંથી કરાંચી પહોંચતાં ઓછામાં ઓછા ચાર દિવસ થાય અને જવાબ આવતાં પણ એટલા જ દિવસો થાય, પરંતુ તે પહેલાં જ મને તેમના તરફથી ખુલાસો મળી ગયો !

આ અનુભવો કોઈ સાચા ન માને એવું પણ બને, પરંતુ મારે માટે તે નક્કર હકીકતો છે. એની બહુ અગત્યતા પણ નથી. અગત્યનું તો એ છે કે ઉત્તરોત્તર એમણે મને જીવનમાં ઘડ્યો છે. એમની પ્રત્યે અન્યથા ભાવ ઘણી વાર અનુભવતો હોવા છતાં એમની પ્રતિમાનાં દર્શનથી પણ શાંતિ અનુભવાય છે.

તેઓ જબરજસ્ત રીતે સ્નેહથી નવડાવે છે. છતાં મને અફસોસ છે કે મારાથી મારી જીવનની ઘરેડ છોડી શકાતી નથી. મારી ધંધાદારી મૂંઝવણ પણ એમના સ્મરણ માત્રથી મટતી મેં અનુભવી છે. **તેઓ મારા સંકટ સમયની સાંકળ જેવા છે.** મને લાગ્યા કરે છે કે તેઓ મારું સાંનિધ્ય છોડતા નથી. હમણાં થોડા વખત પહેલાં પણ સ્વપ્નમાં મેં મારી ઉપાસનાની ૧૯મી ગાથા કરવામાં જે મંદતા અનુભવી તેની યાદ એમણે અપાવી. હું મળું ત્યારે મને કહે, 'કાંતિ (મારા ઘરમાં સંબોધાતું મારું નામ) તું ક્યાં ભટકે છે ? કયા અંધારામાં તું ખોવાઈ ગયો છે.' આ વાક્યો મારી હાલની સ્થિતિ વિશે સભાનતા પેદા કરવા પૂરતાં છે.

※ ※ ※

## પ્રેરણાદાતા

## શ્રી બાબુરાવ શાહ

(આઈ. પી. એસ.ના નિવૃત્ત અધિકારી બૃહદ મુંબઈ રાજ્યના સી. આઈ. ડી. બ્રાન્ચના ભૂતપૂર્વ કમિશનર ઓફ પોલીસ. હાલ અમદાવાદમાં નિવૃત્ત જીવન.)

શ્રી નંદુભાઈ મારા જૂના મિત્ર. તેમણે સને ૧૯૫૪-૫૫ની સાલમાં નડિયાદમાં હરિઃૐ આશ્રમમાં કંઈક સમાજવિરોધી તત્ત્વો સતામણી વગેરે કરતાં હતાં તે બાબત લખ્યું. નડિયાદ વિભાગના પોલીસ અમલદારને એ અંગે લખી યોગ્ય કર્યું. પરંતુ પૂજ્ય મોટા વિશે કશી ખબર નહિ. થોડાં વર્ષ બાદ એક વાર સુરત રાંદેર આશ્રમમાં જવાનું થયું. પછી તો વારંવાર જતો પણ કંઈ નિકટ અવાયું નહિ.

સને ૧૯૬૬ની સાલમાં સુરત આશ્રમમાં મૌનમાં બેસવાનું નક્કી કર્યું. મારા પૌત્રને એકાએક માંદગી આવતાં બધું જ મુલતવી રાખવું પડે એમ હતું, પરંતુ પૂજ્ય શ્રીમોટાના સ્મરણથી સ્ફુરણા થઈ કે મુલતવી રાખવું નહિ. અને બીમારીમાં ચમત્કારિક ફેરફાર નોંધાયો. અને આખરે તા. ૩૦-૬-૧૯૬૫માં મૌનમાં બેઠો. મૌનમાં અને બહાર પૂજ્ય શ્રીમોટાના પ્રેમાળ વ્યક્તિત્વનો વધુ ને વધુ પરિચય થતો ગયો.

યોગમાર્ગની અભિરુચિને કારણે પોંડિચેરી શ્રી અંબુભાઈ પુરાણી પાસે ગયેલો. ત્યારે તેમણે કહેલું, ‘જે કંઈ કરો તે પ્રભુને સમર્પણ કરતા જાવ.’ પૂજ્ય મોટા પણ આ જ વાત પર ભાર મૂકે છે, એ જાણ્યું ત્યારે એમના પ્રત્યેનો આદર વધી ગયો.

હું સમજ્યો છું એ અનુસાર એક વખત મુંબઈમાં સત્સંગ દરમિયાન પૂજ્યશ્રીએ કહેલું કે ‘હરિઃૐ’ના જપથી પ્રભુનું દેહરૂપી દૃશ્ય ઊભું થતું નથી. આમ, ઈશ્વરાભિમુખ થવા માટે ‘હરિઃૐ’ના જપનું અતિ મહત્ત્વ છે.

પ્રભુનાં મંગળ સ્વરૂપનાં દર્શન કરવાંને માટે માત્ર અનન્ય ભક્તિની જ જરૂર પડે અને તે જપ યજ્ઞથી જ થઈ શકે. અને આત્માને ઓળખી શકાય. નરસિંહ મહેતાએ કહ્યું છે, ‘જ્યાં સુધી આત્મ તત્ત્વ પ્રીછ્યો નહિ ત્યાં સુધી સાધના સર્વ જૂઠી.’ પૂજ્ય મોટાએ પણ આપણને બધાંને કહ્યું છે કે આત્માને પ્રભુ તરીકે સ્વીકારો.

પૂજ્ય મોટાને જ્યારે મળીએ ત્યારે યુવાનોના ઘડતર માટેની તેમની તમન્ના જણાયા વિના રહે નહિ. આજે યુવાનોના ઘડતર અંગે નથી સરકાર જાગૃત કે નથી સમાજસેવકો. પૂજ્ય મોટાએ તો પોતાના એ અંગેના વિચારોનો અમલ કરવા માંડ્યો છે. યુવાનોના શારીરિક ઘડતર માટે ગ્રામપંચાયતો અને નગરપાલિકા દ્વારા જો પ્રયત્ન થાય તો દેશાભિમાની યુવાનોની ઊણપ ન રહે. પૂજ્ય મોટાની બધી પ્રવૃત્તિઓ આ દિશામાં વળેલી છે. આપણે પ્રજાએ અને સમાજે તેને પ્રોત્સાહન આપવું જોઈએ.

અંતે મારો એક અંગત અનુભવ ટાંકું છું. હું સંધ્યાકાળે ફરવા જતો હતો. ‘હરિઃૐ’નો જપ ચાલતો હતો. માર્ગમાં પૂજ્ય શ્રીમોટાનું તીવ્ર સ્મરણ થયું. અને પચીસ ડગલાં ભાગ્યે જ ગયો હોઈશ, ત્યાં પૂજ્ય શ્રીમોટા વગેરેને મોટરમાં સામેથી આવતા જોયા. તેમણે મારા તરફ તેમની પ્રેમદૃષ્ટિ નાંખી અને હાથ

ઊંચો કર્યો. ત્યાર પછી હું પૂજ્ય મોટાને મળેલો અને મારી લાગણી પ્રદર્શિત કરેલી. ત્યારે પૂજ્ય શ્રીમોટા ખડખડાટ હસી પડેલા.

પ્રભુને પામવા જ્ઞાન, ભક્તિ અને આત્મસમર્પણ જ જરૂરી છે. એવું આચરણ કરવા પૂજ્ય શ્રીમોટા આપણને હંમેશાં પ્રેરણાદાયી નીવડે એવી પ્રભુપ્રાર્થના છે.

❋ ❋ ❋

## વહાલપની રીત

**વચન :**

એક પરિવારમાં પૂજ્ય શ્રીમોટાએ છોકરાંઓ સાથે નિશ્ચિત સમયે બહાર ફરવા જવાનું વચન આપેલું. જવાના સમય કરતાં એક કલાક પહેલાં એક વિખ્યાત વિદ્વાન જ્યોતિષીને મળવાનો સમય અપાયેલો.

બહાર ફરવા જવાના નિશ્ચિત સમયથી પંદર વીસ મિનિટ અગાઉ છોકરાંઓ સૌ તૈયાર થઈ ગયેલાં ! વળી, *મોટા* સાથે આવશે એ વિચારનો પણ ત્યારે આનંદ !

હવે માત્ર બહાર જવાની પાંચ મિનિટ જ બાકી હતી. પણ પેલા વિદ્વાન મહારાજ આવેલા નહિ. પૂજ્ય મોટાએ તો છોકરાંઓને હાક મારી બહાર નીકળવાની તૈયારી કરી. ત્યાં જ પેલા વિખ્યાત વિદ્વાન પુરુષ આવ્યા ! એમને જોઈને છોકરાંઓના ચહેરા પર નિરાશા ફરી વળી.

પણ પૂજ્ય મોટાએ તો એ વિદ્વાન જ્યોતિષીને કહ્યું, 'માફ કરજો, હું હવે તમને નહિ મળી શકું. શું કરું ? મેં મારા બાળમિત્રો સાથે ફરવા જવાનું વચન આપ્યું છે !'

• • •

**શરતપાલન :**

'અલ્યા એય ! આ વખતે પરીક્ષામાં પહેલે નંબરે આવવાનું છે હોં કે !'

'હા. *મોટા.*' જો પહેલો નંબર આવશે તો મારા તરફથી, તારા બાપા તરફથી અને બા તરફથી ઇનામ. પણ જો પહેલો નંબર ન આવે તો મારા જેવું સાફ માથું કરાવવાનું !' 'મંજૂર **મોટા** !'

—છોકરાઓ પહેલે નંબરે ન આવી શક્યા.

પૂજ્ય મોટા તો કહે : 'શરત તો પાળવી જોઈએ !'

હજામને બોલાવાયો અને એ ત્રણેક છોકરાઓએ મુંડન કરાવી દીધું !

પૂજ્ય મોટાને એ છોકરાઓ જિંદગીભર કેવી રીતે ભૂલી શકે !

પૂજ્ય શ્રીમોટાનું વહાલ પામેલાં એવાં અમદાવાદનાં એક સન્નારી. સંપાદિકા : **અરુણાબહેન ભટ્ટ**

❋ ❋ ❋

# પળ પાકી

## ડૉ. ઓચ્છવલાલ ગાંધી

(સુરતના આંખના પ્રખ્યાત સર્જન અને પૂજ્યશ્રીનાં સ્વજનોમાંના એક.)

ઈ. સ. ૧૯૫૩માં પૂજ્યશ્રી સુરતમાં હતા, પરંતુ હું ઓળખતો ન હતો. એક દિવસ એક સ્નેહી સાથે આશ્રમ જવા વિચાર કર્યો, પણ છ મહિના સુધી અમલી ના બની શક્યો. એક દિવસ ઑપરેશન કરેલા એક દર્દીને જોવા પૂજય મોટા મારા દવાખાને આવ્યા. મેં દરદીને *મોટા* આવે ત્યારે મને ખબર આપવા કહી રાખ્યું હતું. પણ પૂજ્યશ્રી તો દરદીને જોઈને બારોબાર ચાલ્યા ગયા. મેં એ અંગે તપાસ કરી તો ખબર પડી કે પૂજ્યશ્રીએ કહેલું, 'ડૉક્ટરને તેમના કામમાં ખલેલ પાડવાની જરૂર નથી. હજુ 'કાળ પાક્યો નથી.' વળી, ત્રણ-ચાર મહિના બાદ એક દિવસ આશ્રમ જવાનું બની શક્યું. પહેલી જ મુલાકાતે તેઓશ્રીએ પ્રેમથી બાંધી લીધો. હું વૈષ્ણવ ધર્મનો હોવાથી સંત અગર બીજા ગુરુઓ વિશે કંઈ સમજ કે જ્ઞાન ન હતું. પરંતુ જ્યારે મેં કહ્યું કે હું નડિયાદનો છું ત્યારે તેઓશ્રીએ હર્ષથી મને કહ્યું, 'આ શરીર પણ નડિયાદનું જ છે. અને હું તમોને હવે 'ઓચ્છુભાઈ' કહી બોલાવીશ.' પછી હું ધીરે ધીરે વધુ ને વધુ આશ્રમમાં જવા લાગ્યો. સગાંઓ બધાં મનમાં મારી ટીકા કરતાં હતાં. કે મારા જેવો ભણેલો ગણેલો માણસ આશ્રમમાં દોડે છે. અને નવાઈ પણ પામતાં હતાં, પરંતુ પ્રભુકૃપાથી તે બધાં જ મિત્રો અને સંબંધી ધીમે ધીમે પૂજ્યશ્રીના સંપર્કમાં આવ્યાં છે અને મારા કરતાં પણ વધારે સત્સંગ માટે આશ્રમમાં જતાં થઈ ગયાં છે.

મૌનમંદિરમાં જંગલમાં ગયા વિના નામસ્મરણ કરવાની અને આંતરખોજ કરવાની તક મળે છે. સારામાં સારી હોટલમાં પણ ચાપાણી તથા જમવા માટે જવું પડે છે અને ટાઈમ બગાડવો પડે છે. જ્યારે અહીં તો તે પણ તૈયાર. ટાઈમસર ટકોરાબંધ રૂમમાં આવી જાય છે. વળી, ત્યાં મોટેથી નામસ્મરણ બારથી ચૌદ કલાક કરવા છતાં પણ ગળું દુઃખતું નથી. જ્યારે બહાર તો બે કલાક પણ મોટેથી બોલીએ તો ગળું દુઃખવા આવે છે કે બેસી જાય છે.

તેઓશ્રી ઘરનાં બધાંની ખૂબ પ્રેમપૂર્વક તપાસ અને સંભાળ રાખે છે. અને બધાંને પ્રેમપાશથી એટલા બધા બાંધી લે છે કે આશ્રમમાં આવનાર દરેક માણસ એમ જ માને છે કે તેને પૂજ્યશ્રી સાથે ખૂબ ગાઢ અંગત સંબંધ છે, પછી તે ગમે તે ન્યાતનો કે સામાજિક દરજ્જાનો માણસ હોય.

તેઓશ્રી ચમત્કારમાં માનતા નથી, પરંતુ કોઈ વાર સહેજમાં નિમિત્ત પેદા થતાં થઈ જાય તો જુદી વાત છે એમ કહે છે. તેઓશ્રી કહે છે કે ચમત્કારથી માણસને આશ્ચર્ય અને આનંદ થાય છે, પરંતુ તે અનુભવ માથા ઉપરથી પસાર થઈ જાય છે અને તેની કોઈ અસર તે માણસ ઉપર પડતી નથી. તેનામાં શ્રદ્ધા કે આધ્યાત્મિકતા વધારવામાં કશો ફાળો આપતા નથી. અને ચમત્કાર અનુભવનાર માણસ હતો તેવો જ રહે છે. તેના ઘણા દાખલા તેઓશ્રી પાસે છે અને જણાવે છે.

**તેમને તેમના સમાજોત્થાનના સંકલ્પ પૂરા કરવા સમાજમાંથી પૈસા મળી જ રહે છે. અને તેટલા**

**માટે જ તેઓ છાપાંમાં હવે તેમના વિશે માહિતી આવવા દે છે. નહિ તો તેઓ જાહેરમાં પોતાની ઓળખ થવા દેતા જ ન હતા. સને ૧૯૬૫ પહેલાં તો સુરતમાં પણ તેઓશ્રીને બહુ જ ઓછા માણસો જાણતા હતા, પરંતુ તેમણે સહેતુક હવે સમાજમાં નામ બહાર આવવા દીધું છે.**

તેઓ કોઈ ધર્મ કે પંથનો પ્રચાર કરતા નથી. તેમના મૌનમંદિરમાં પણ જેને જે નામનું સ્મરણ કરવું હોય તે કરવાની છૂટ છે. તેઓ તો એટલું જ કહે છે કે આ કપરા કાળમાં સંસારનાં કર્મ કરતાં કરતાં બને તેટલું વધુ પ્રભુનું નામ લો તો બસ છે.

❋ ❋ ❋

**મજાક :**

'રાવજીકાકા, પેલા પ્રોફેસર સાહેબ આવે છે. જુઓ, એ શું કરવા આવે છે ખબર છે ?' મને પ્રશ્નો પૂછવા આવે છે, એ પ્રશ્નોત્તરી તૈયાર કરીને છપાવવા. મારે એના જવાબ આપવાના.

આ પ્રોફેસરો બહુ હોશિયાર હોં. પ્રશ્નો એવા પૂછે કે એનો જવાબ આપવો મારા-તમારા જેવાને મુશ્કેલ પડી જાય !

• • •

**ચીમકી :**

એક મોટા ધનપતિને ભરી સભામાં પૂજ્ય મોટાએ કહ્યું :

'સાહેબ, તમે પૈસા આપો છો એ કંઈ નવાઈ નથી કરતા. સાહેબ, મારી સોબત કરી છે તે ભારે પડશે. એવો દિવસ આવશે કે જો તમે નહિ આપો તો લૂંટી લઈશ.'

સંપાદિકા : **અરુણાબહેન ભટ્ટ**

❋ ❋ ❋

# એક દર્શન

## શ્રી ચંદુલાલ ભાવસાર

(સેલ્સ ટૅક્સ પ્રૅક્ટિશનર, હરિઃૐ આશ્રમ ટ્રસ્ટ, નડિયાદના ટ્રસ્ટીમંડળના એક સભ્ય.)

સુણો સુણો હે મોટા વહાલા ! આવ્યો તમારે દ્વાર.
નથી પ્રભુ મુજ અધિકાર કૈં તોયે ભીડી હામ
તુજ કરુણાની એ એંધાણી જેથી લીધી વાટ.
હે રંગારા ! મને રંગજો ભીતર ખૂલે દ્વારા,
બની જાઉં હું ભલે બાવરો ભીતર ચાંપો આગ.
'હરિ હરિ' હું રટ્યા કરું ને અંતર યાચું ભાવ.
તમે દયા દયાળુ દેજો મુજને ના કરતા નિરાશ,
શુષ્ક જીવનમાં રહી છે મારે એકલી તારી આશ,
સુણો સુણો હે *મોટા* વહાલા, આવ્યો તમારે દ્વાર.

હજી પૂરતી મધરાત જામી નહોતી. રાતપાળીની વ્હિસલો પણ સંભળાઈ ન હતી. મન હરિના સ્તવનમાં વળતું હતું.

ઉપરનું ભજન મનોમન ગવાતું હતું અને એ ગાવાથી આંખોમાંથી આંસુ વહ્યે જતાં હતાં.

ચાંદની રાત હોવા છતાં આકાશ તરફ દૃષ્ટિ કરવાનું પણ મન થયું ન હતું. માત્ર સ્તવન, ભજનની મસ્તી દિલમાં ઊભરાતી હતી. આ પ્રકારની મસ્તી અને મગ્નતા મારામાં આટલી વેળામાં પ્રગટે એ પણ મારી કલ્પના બહારની હકીકત હતી. પૂજ્ય શ્રીમોટાના સ્મરણથી પ્રભુસ્મરણ અને સ્તવનની આવી મસ્તી જાગેલી હતી. પૂજ્ય શ્રીમોટાનું સ્મરણ થતાં થતાં મનોમન રહેલું તેઓશ્રીનું સ્વરૂપ એકાએક મારી સમક્ષ પ્રગટ થયું. એ સ્વરૂપને હું જોઈ જ રહેતો.

તેમનું એ સ્વરૂપ વિલક્ષણ હતું. હું એમના પરિચય અને સંસર્ગમાં ખરો, પણ મારી ખુલ્લી આંખે પૂજ્ય શ્રીમોટાનું આટલું ભવ્ય સ્વરૂપ મારી કલ્પના બહાર હતું. એમનાં ચરણ ઓરડાની ફરસ ઉપર હતાં અને મસ્તક ઉપરની છતને સ્પર્શતું હતું. શરીર પરના રોમ એક ઈંચ જેટલા લાંબા હતા. આ બધું જોતાં મેં અપાર ધન્યતા અનુભવી. હૃદય ઊંડા ભાવમાં ડૂબકી ખાઈ ગયું. થોડીક પળોનું આવું દર્શન શક્ય બન્યું એમાં આત્મનિષ્ઠની ચેતનતાનો જ પ્રભાવ છે. એનો ખ્યાલ મને પાછળથી આવ્યો.

પૂજ્ય શ્રીમોટાએ એક વખત જણાવેલું, 'જ્યારે મનાદિકરણમાં ભાવ પ્રગટે છે ત્યારે આપણાં આંતરિક કરણ (inner dimensions)માં ફેરફાર થાય છે. એથી પણ યથાવત્ સ્વરૂપ આપણને magnified સંવર્ધિત લાગે એ સંભવિત ખરું.'

પછી મને વિચાર કરતાં એમ લાગ્યું કે ચેતનાનિષ્ઠનું સ્મરણ કેટલું બધું પ્રભાવશાળી હોય છે ! ચેતનાનિષ્ઠનું સ્મરણ થતાં, એમના ભાવનો સ્પર્શ સહેજ પણ થાય છે ત્યારે જીવનું અંતઃકરણ જીવકક્ષાનું

હોવા છતાં કેટલી બધી શક્યતા ધારણ કરે છે ! આખાય દર્શન પાછળનો જો કોઈ હેતુ હોય તો તે એ છે કે, આપણને આપણાં અંતઃકરણની શક્તિ પરત્વે સભાનતા પ્રગટે. અને દર્શનનું હાર્દ એ છે કે એ શક્તિને જગાડીને સક્રિય કરવાનું કામ જીવનું એકલાનું નથી પણ કોક સમર્થની સહાય આ અંગે મળી જ રહેતી હોય છે.

અર્જુનને શ્રીકૃષ્ણમાં વિરાટસ્વરૂપનાં જે દર્શન થયેલાં, એનું તાર્કિક તારતમ્ય પણ મને થયેલા થોડીક પળના આ અનુભવ પરથી મળે છે.

* * *

## શ્રેયાર્થી

શ્રેયાર્થીમાં ભૂગર્ભમાં શક્તિઓ પડેલી હોય છે. અને આ શક્તિને કારણે જ શ્રેયાર્થી ઉદય પામતા ચેતન માટે જાગૃત થાય છે. આ પ્રકારની જાગૃતિને કારણે તેને ગુરુ મળે છે. ગુરુને મળવાનું કારણ નથી. કારણ કે તે તો નિઃસ્પૃહી છે. પણ નિમિત્ત ગુરુને આકર્ષે છે. ગુરુને-અનુભવીને ઇચ્છા નથી. દરેકનું મૂળ તો આપણામાં જ છે, જે દરેકને માટે સાચું છે.

શ્રેયાર્થી માટે ભૂત એટલે અનેક પ્રકારના સંસ્કારોની 'ટોટૅલિટી' અને એમાંથી જ નિમિત્ત પ્રગટે છે. અને વર્તમાન એટલે-વર્તમાન આ શ્રેયાર્થી એવી રીતે જીવ્યો કે, જેથી ભગવાન પ્રત્યેની તેની અભિમુખતા પ્રગટતી ગઈ. વર્તમાન અને ભૂત બન્ને શ્રેયાર્થી માટે જ છે.

શ્રેયાર્થી અને જીવદશાવાળા વચ્ચે સૌથી મોટો તફાવત એ છે કે, શ્રેયાર્થી Receptive છે. જ્યારે જીવદશાવાળો નથી. આમ છતાં અનુભવીમાં આકાશ તત્ત્વ મોખરે હોવાથી તે બધાંમાં પ્રસરી શકે છે. જેવી રીતે તે શ્રેયાર્થીમાં પ્રગટે છે તેવી રીતે જીવદશાવાળામાં પણ પ્રગટે છે. જીવદશાવાળામાં બધું જ સ્થૂળ હોય છે. તે સૂક્ષ્મ અને કારણને સમજતો નથી. આવા જીવદશાવાળામાં અનુભવીના સંસ્કારો તેના સૂક્ષ્મ ચિત્તમાં પડે ત્યારે તેના ચેતનનો ઉદય થાય છે. જીવમાં લાંબો સમય આ પ્રકારના સંસ્કારો પ્રસ્થાપિત થાય છે તો શ્રીમદ્ રાજચંદ્ર કહે છે તેમ, અનુભવીના પ્રસંગમાં જીવ આવ્યો તો તે જીવદશાવાળો હોવા છતાં એકવીસ જન્મે પણ તેનો છુટકારો થયા વગર રહેતો નથી.

(પૂજ્ય શ્રીમોટાની ટેપરૅકૉર્ડેડ વાણીનું સંપાદન. સંપાદક : **પ્રા. કાર્તિકેય ભટ્ટ**)

('શ્રીમોટા-વાણી-૧૩', આ.૧, પૃ. ૧૫, ૧૭, ૨૨, ૨૪)

* * *

# તેને ચિંતવતો પ્રભુ

## શ્રી જયરણછોડ સેવક

(મૂળ ડાકોર નિવાસી. એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદમાં ગણિતના પ્રાધ્યાપક હતા. વધુ વિકાસાર્થે હાલ અમેરિકા છે. ત્યાં પૂજ્યશ્રીની સૂક્ષ્મ હાજરીનો એમને અનુભવ ખૂબ જ જીવંત છે. બાહ્ય રીતે પણ પૂજ્યશ્રીની સાથે નિયમિત સંપર્ક જાળવી રાખી રહ્યા છે.)

યુનાઈટેડ સ્ટેટ્સના કેલિફોર્નિયામાં Yosemite નેશનલ પાર્ક તેનાં પ્રાકૃતિક સૌંદર્ય માટે ઘણો જ જાણીતો છે. તેનું સૌંદર્ય આપણા કાશ્મીરની યાદ આપે છે. માર્ચ મહિનો હતો. બપોરનો વખત હતો. અમો સાત જણ ચારેબાજુ બરફાચ્છાદિત ગિરિશૃંગો નિહાળતા આનંદથી કારમાં ધીમી ગતિએ જઈ રહ્યા હતા. બરફની વર્ષા ચાલુ હતી. રસ્તો બરફથી છવાયેલો હતો. બુલડોઝર બરફ ખસેડી રહ્યું હતું. પણ ટૂંક સમયમાં જ રસ્તો બરફથી છવાતો હતો. ખૂબ જ ધીમી ગતિથી અને અત્યંત સાવધાનીથી કાર હંકારવામાં આવી રહી હતી. એકાએક કાર બરફ ઉપરથી લપસવા માંડી. કાર ચલાવનાર ભાઈ તેને કોઈ જ રીતે કાબૂમાં રાખી ન શક્યા. અમારા બધાંના જીવ ઊંચા થઈ ગયા. આંખના પલકારામાં તો રસ્તાની ધાર ઉપર આવી ગયા. રસ્તાની ધાર ઉપરથી કારને ખીણમાં ગબડતી રોકવા માટે પથ્થરના કઠેડા જેવું કાંઈ જ હતું નહિ. નજર સામે જ ભયંકર ખીણ. બચવાની કોઈ જ આશા ન રહી. છતાંય ગંભીર શાંતિમાં વહાલાના નામનું ઉચ્ચારણ થયું. ચમત્કાર સર્જાયો. કારનું આગલું પૈડું એકદમ ધાર ઉપર આવીને અટક્યું છે અને કાર અર્ધવર્તુલ ઘૂમીને સ્થિર થઈ ગઈ. અમો ટપોટપ કારમાંથી બહાર નીકળી ગયાં. પૂજ્યશ્રીને પત્રથી આ સમાચાર મેં જણાવ્યા. પ્રત્યુત્તરમાં શ્રી નંદુભાઈએ લખ્યું. 'Lord be and is with you.'

તા. ૪-૧-૧૯૭૦ની વહેલી સવારમાં મૌનમંદિરમાંથી બહાર નીકળ્યા બાદ પૂજ્ય શ્રીમોટાનો ફોટોગ્રાફ આશ્રમમાંથી પ્રસાદીરૂપે લઈ પૂજ્યશ્રીને તેમના હસ્તાક્ષર લખવાની વિનંતી કરતાં મને તેમણે લખી આપ્યું. **'ચિંતવે પ્રભુને હૈયે, તેને ચિંતવતો પ્રભુ.'**

ત્યાર બાદ પૂજ્યશ્રીએ મારી પ્રવૃત્તિ અંગે પૂછતાં વધુ અભ્યાસર્થે અમેરિકા જવાની મારી ઈચ્છા તેઓશ્રી આગળ વ્યક્ત કરી. બી. એ. તથા એમ. એ. બન્નેમાં મારી દ્વિતીય શ્રેણી (Second class) હોવાથી અમેરિકાની યુનિવર્સિટીમાં ઍડ્‌મિશન મેળવવાની મુશ્કેલીનો ખ્યાલ આપ્યો. પ્રથમ શ્રેણીમાં પરીક્ષામાં ઉત્તીર્ણ થયા વગર ઍડ્‌મિશન મેળવવું અશક્ય છે તેમ પણ જણાવ્યું. આશ્રમેથી બપોરના ઘેર પાછો આવ્યો. જમીને બધી ટપાલો વાંચતા મારા આશ્ચર્ય વચ્ચે 'Fresno State College' (ફ્રેઝનો સ્ટેટ કૉલેજ)માં ઍડ્‌મિશન મળ્યા બાબતનો પત્ર વાંચતાં હું તો આનંદવિભાર બની ગયો. નાચી ઊઠ્યો. ખરેખર પૂજ્યશ્રીએ સવારમાં આપેલ મંત્રના રહસ્યનું પ્રત્યક્ષ દર્શન થયું. મને જે અશક્ય હતું તે વહાલાની કૃપાથી શક્ય બન્યું. બે દિવસ બાદ ફરીથી આશ્રમમાં જઈ પૂજ્યશ્રીને મળી બધી વાત કરી. પૂજ્યશ્રીએ મને અંતરના ઉમળકાથી ફતેહ મળે તેવા આશીર્વાદ આપ્યા. ભારતમાંથી વિદાય થયો તેના

આગલા દિવસે પૂજ્યશ્રીને મળવા ભાદરણ ગયો. તેમનાથી ઘણે દૂર હું જઈ રહ્યો છું તેવા ખ્યાલે હૈયું કશુંક અવનવું અનુભવી રહ્યું હતું. તેમનાં દર્શન, વાણી અને સાંનિધ્યનો લાભ હવે નહિ મળે તે વિચારોથી હું ખૂબ જ ગ્લાનિ અને દુઃખ અનુભવી રહ્યો હતો. પૂજ્યશ્રી આગળ આ મૂંઝવણ રજૂ કરતાં મને સમજણ આપી કે 'બે હૈયાંના સ્થૂળ મિલન કરતાં બે હૈયાંનું ભાવથી મિલન થવું એ જ સાચું મિલન છે.' જ્યારે પણ જરૂર લાગે ત્યારે તેઓશ્રીને યાદ કરવાની મને સલાહ મળી.

પૂજ્યશ્રીના આશીર્વાદ અને મને આપેલ ઉપરનો મંત્ર અને છેવટની વખતની મને આપેલી હૈયાધારણ એ ત્રણેના જોરે મારું નાવ હંકારી રહ્યો છું. અમેરિકાના મારા ત્રણ વર્ષના આ વસવાટ દરમિયાન પળે પળે વહાલાની કૃપાનાં દર્શન હું કરી રહ્યો છું. પ્રભુ પળે પળે મારું જતન કરી રહ્યો છે. તેની કૃપા મારા ઉપર વરસી રહી છે. એમ સતત લાગ્યા કરે છે. પણ હું તેનું કેટલું ચિંતવન કરું છું તેનો ખ્યાલ નથી.

સંતોની વાણી જીવનમાં શું કરી શકે છે એ પૂજ્યશ્રીની કૃપાથી મને જાણવા મળ્યું છે. પૂજ્યશ્રી સાથેનો મારો સ્થૂળ પરિચય ઝાઝા દિવસોનો નથી. પણ એ પારસમણિના સ્પર્શે મારા જીવનમાં નવી તાજગી ભરી છે. મારી નિર્બળતાઓનું ભાન કરાવ્યું છે. અહીંથી કંઈક મૂંઝવણો થતાં તે વિશે પૂજ્યશ્રીને લખતાં તેમણે ખૂબ જ ભાવથી પ્રભુમાં વિશ્વાસ રાખવાનું જણાવ્યું છે. પ્રભુની મસ્તીમાં જીવનારની ખુમારી ઑર હોય છે.

'શ્રદ્ધા-વિશ્વાસ જેનામાં પ્રભુ વિશે ઊંડો હ્રદે,
નાસીપાસ કદી તેવો થતો નથી કશા વિશે;
આત્મવિશ્વાસ જેનો જીવતો જાગતો હ્રદે,
તેવા શા માનવી મર્દ ! ખુમારી કેવીથી જીવે !'

આવી ખુમારીથી જીવવાનું શીખવ્યું છે. પૂજ્યશ્રીએ રચેલ 'રાગદ્વેષ'ના પ્રથમ અધ્યાયના અંતમાં જણાવ્યું છે, 'જેની દોરવણી ઈચ્છો તેની સન્મુખતા હ્રદે-જેટલી ભાવનાવાળી તેટલી વધુ યોગ્ય તે.' પૂજ્યશ્રીએ મારા જેવા કંઈકના જીવનમાં પ્રભુ પ્રત્યેના પ્રેમના અંકુરો વાવ્યા છે, ચેતનાના દીપ પ્રગટાવ્યા છે. એમણે વાવેલ એ અંકુરોનું જતન કરવાનું, પ્રગટેલ ચેતનાના દીપનું જતન કરવાનું કામ મારું છે. આ જવાબદારી 'તેમની સન્મુખતા હ્રદે' ધારીને અદા કરવાનું બળ પૂજ્યશ્રી મને અર્પે એ જ મારા અંતરની આશા. અંતમાં, મારા એ આરાધ્યદેવનાં ચરણોમાં અનંત કોટિ વંદન.

* * *

# પૂજ્યશ્રીની ચેતનાનો સ્પર્શ

## શ્રી રમાકાંત જોશી

બી. એસસી.

('દાઢીવાળા ૧૦૮ શ્રી રમાકાંત'ના પ્રેમભર્યા શબ્દોમાં પૂજ્યશ્રી વડે સંબોધાતા અને પૂજ્યશ્રીના માર્ગદર્શન અનુસાર સાધનાપથે વળેલા જૂના જોગી. અમદાવાદ નગરપાલિકામાં ઑક્ટ્રોય વિભાગમાં લાંબા સમયથી સેવા આપી અધિકારી પદે પહોંચ્યા છે.

ઈ. સ. ૧૯૩૮ના અંત ભાગમાં હું ગુજરાત કૉલેજની હૉસ્ટેલની લોબીમાં કઠેરાને ઝાલીને દૂર રમાતી મેચ જોતો ઊભો હતો. ત્યાં સફેદ ખાદીનાં વસ્ત્રોમાં ઝભ્ભો, ધોતિયું, સફેદ ટોપી પહેરેલા એક સાધુ પુરુષ જેવા માણસે આવીને કહ્યું, 'તને અત્યંત દુઃખ પડવાનું છે. માટે તે સહન કરવાની તૈયારી કર.' આ સત્ય હતું કે ભ્રમનું દૃશ્ય તે નક્કી ન કરી શક્યો. છતાં મારા તે વખતના રૂમના સાથી ડૉ. વાસુદેવ જે. રાવળે પણ એ સાંભળ્યું હતું. બહુ વિચાર્યું પણ કંઈ ગેડ બેઠી નહિ. મેં તો સુવાળું જીવન છોડી ખડતલ જીવન બનાવવું શરૂ કર્યું. સૂવાનું શેતરંજી પર કર્યું. દોઢેક માસ બાદ પૂ. પિતાજીનું અવસાન થયું. એક વર્ષ બાદ મોટી બહેન ગુજરી ગયાં. થોડા વખત પછી મા પણ ચાલ્યાં ગયાં. કુટુંબમાં હું જ મોટો. કોઈની ઓથ નહિ. સાથ નહિ, સહકાર નહિ. અલબત્ત, ક્યાંક ક્યાંક સ્નેહની વીરડીઓ હતી. પેલા સાધુ પુરુષે મને ચેતવ્યો ન હોત તો આ આફતો હું જીરવી ન શકત. ઘણા વખત પછી હું જ્યારે ઈ. સ. ૧૯૪૬માં યુ. પી.માં હતો ત્યારે કાકાકાકીને ત્યાં એક મહાત્માને જોયા. જોતાં જ થયું કે આ તો પેલા અમદાવાદની હૉસ્ટેલમાં ચેતવી ગયેલા તે. તેવો જ પોષાક. ઈ. સ. ૧૯૪૬માં યુ. પી. માં ભટકતો હતો. નિરાશા ઘેરી વળી હતી. યોગને માર્ગે જવાની તમન્ના હતી. Fruit Preservation and Canningનો કોર્સ કરતો હતો. આજે જે કંઈ છું તે પૂજ્ય મોટાને આભારી છે. એમણે જ મને સ્થિર કર્યો. યુ. પી.થી પાછા વળવા કહ્યું. પાલેજમાં શિક્ષકની નોકરીનું પણ ગોઠવ્યું. જોકે અભિમાનમાં તે વખતે અસ્વીકારાત્મક ભૂમિકાને કારણે તે સ્વીકાર્યું નહિ, પરંતુ એમણે મને દીક્ષિત તો કર્યો જ.

ઊંઘમાં દીક્ષા આપવાનો પણ એક પ્રકાર છે. અમે બધાં સૂતાં હતાં. પૂજ્ય શ્રીમોટા ઊઠીને મારી પાસે આવ્યા અને મારા કાનમાં 'હરિઃૐ' એમ, બેત્રણ વાર કહ્યું. હું ઊંઘતો હોવા છતાં આ બધું સ્પષ્ટ બનતું જોઈ શકતો હતો. મારો ક્યાંય મનથી પણ વિરોધ ન હતો. તેમના શરીરમાંથી અને મારા શરીરમાંથી બે તેજસ્વી શરીરો નીકળી હવામાં તરવા લાગ્યા. *મોટા* મને મંત્ર આપવા આવ્યા ત્યારે પણ તેમનું એક શરીર તો સૂતેલું જ હતું. જે હું જોઈ શકતો હતો. થોડી મિનિટો અને ત્યાં જ ઊડ્યા કર્યું. પછી દુનિયામાં ક્યાંક ઊડતાં ઊડતાં જવા લાગ્યા. નિરાશાની પળોમાં આજે પણ એ દીક્ષાની સ્મૃતિ આશ્વાસન આપે છે. પ્રેરણા આપે છે. જીવદશાવાળા ઘોર તામસમાં પડેલા જીવ માટે દીક્ષાનો આ પ્રકાર સારો ગણાય. તો જ એની આંતરચેતનાનો સ્પર્શ થાય.

જીવનના દરેક ક્ષેત્રમાં મળેલી અત્યંત નિરાશાથી મારી પાસે હું બે કાતિલ ઝેર રાખતો. આની કોઈને પણ ખબર નહિ, પરંતુ મારા મહદ આશ્ચર્ય વચ્ચે પૂજ્ય શ્રીમોટાના અંતર્યામીત્વપણાને કારણે એમણે એ જાણી લીધું. અને મને પૂછ્યું એટલે મેં એમને સાચી વાત કરી અને તેમણે એ માગી લીધાં. બીજી એકવાર પણ મારા જન્મદિવસે બનારસ જઈ જળસમાધિ લેવાનું મેં નક્કી કરેલું. ત્યારે પણ એમની સહજ વિચાર-વાંચનની શક્તિને પરિણામે એ જાણી ગયા અને મારાં કાકીને ખાનગીમાં સૂચના આપી કે એ દિવસે એને બહાર જવા દેશો નહિ. કાકાકાકીએ પ્રેમભર્યો આગ્રહ કરી મારી વર્ષગાંઠ ઊજવવાનું નક્કી કર્યું. આ પ્રેમને ઠોકરે મારીને નીકળી શકાય એમ હતું નહિ. બેત્રણ દિવસ પછી નિશ્ચયનો અમલ કરીશ એવું ધાર્યું પણ પછી એ ન થયું તે ન જ થયું. આમ, મને એમણે બચાવ્યો.

**એમની કૃપાની શી વાત કરવી ? કેટકેટલી અનેકવિધ રીતે એ મને મળી છે. ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૬૫ નો દિવસ. પાણિયારે પાણી પીવા જતાં હૃદયનો સખત દુખાવો ઊપડ્યો. તરત નિવેદનની નોટમાં લખ્યું. 'મારી તબિયત અચાનક બગડી રહી છે. તમારું સ્મરણ કરું છું.' ઉપરાઉપરી કુલ ત્રણ હુમલા થયા. બીજા હુમલા પછી નીચે ઊતરી રિક્ષા કરી ડૉક્ટર પાસે ગયો. ત્યાં ત્રીજો હુમલો થયો. છતાં પૂજ્યશ્રીની એકધારી સ્મૃતિ અને સતત જપ ચાલ્યા કરતા હતા. સહેજે અકળામણ, ઉશ્કેરાટ કે ગભરાટ નહિ. શાંતિ હતી અને પ્રસન્નતા પૂરેપૂરી જળવાઈ રહી હતી. આ એક મૃત્યુ જ હતું. ડૉક્ટરની પણ આવા પ્રકારની નોંધ છે. છતાં એમની કૃપાથી બચ્યો.**

માત્ર આટલું જ નહિ, પરંતુ અમદાવાદ આવીને ઑક્ટ્રૉય ડિપાર્ટમેન્ટમાં નોકરી લીધા પછી ઉત્તરોત્તર વગર સિફારસે બઢતી થતી ગઈ. તેમાં એમનો જ કૃપાપ્રસાદ અનુભવું છું. નોકરીમાં પ્રામાણિક રહેવાના મક્કમ નિર્ધારને લીધે હેરાનગતિ થતી, ખોટા આક્ષેપો મુકાતા, કેસ કર્યા હોય તે માણસોએ 'અમે લાંચ ન આપી એટલે હેરાન કરે છે. એવા આક્ષેપો કોર્ટમાં પણ મૂકેલા છે. છતાં તે વખતે પણ મેં મનોમન પ્રાર્થના કર્યા કરી છે અને એમાંથી હેમખેમ પાર ઊતરી જવાયું છે. એટલું જ નહિ, એવી વ્યક્તિઓ પાછળથી હરિઃૐ આશ્રમની પ્રેમી બની ગઈ છે.

માત્ર દુન્યવી લાભની ગણતરીમાં પડી રહેવું યોગ્ય નથી. મારી પ્રકૃતિના રૂપાંતરમાં પણ એમણે મને યોગ્ય સહાય કરી જ છે. નોકરીમાં મળેલી ઉત્તરોત્તર પ્રગતિને કારણે તથા નૈતિક નિયમોના પાલને જે ખુમારી આવે છે તેણે મારામાં તુમાખીનું સ્વરૂપ લીધેલું. ચમરબંધો, મ્યુનિસિપાલિટીના સભ્યોને પણ કેસ કર્યા વિના જવા દેતો નહિ. આવા કર્તવ્યપાલનમાં તુમાખીનું દર્શન ન થાય એ માટે, મારી તામસી પ્રકૃતિને કારણે જે નિદ્રા પરનો કાબૂ નથી રહેતો તેને માટે ટોકી ટોકીને, જાહેરમાં પણ કહી કહીને, ઠપકારી ઠપકારીને ઘડ્યો છે અને મારું પ્રકૃતિરૂપાંતર પ્રયોજ્યું છે. એ રૂપાંતરથી મારા સ્ટાફના પણ કેટલાકને આજે લાગે છે કે જોશી સાહેબ તો બદલાઈ ગયા. એ પ્રતાપ પૂજ્ય શ્રીમોટાનો છે એ કોણ સમજી શકે ?

મેં લગ્ન નથી કર્યાં એ હકીકત છે, પરંતુ લગ્ન ન કરે એથી વાસનાના વિકારો થોડા મટે ? વળી, એમાં બાલ્યકાળ અને વિદ્યાર્થીકાળથી જ દાંપત્યજીવનની મારી મધુર કલ્પનાઓ હતી. લગ્ન ન જ કરવાં એવું પણ ન હતું, પરંતુ કૌટુંબિક સંજોગોએ અર્પેલી જવાબદારી એક પછી એક એવી આવી કે મારે

લગ્નનો વિચાર મોકૂફ રાખવો પડ્યો. છતાં વાસનાના વિચારો તો મને પજવતા. હું યુવાન પણ હતો. સંજોગાનુસાર બેચાર સ્ત્રીઓ ગાઢ પરિચયમાં પણ આવેલી. પરિસ્થિતિનો પૂરો સાથ, સાનુકૂળ સંજોગો, એ સ્ત્રીઓની પણ દેહસંબંધ બાંધવાની તૈયારીઓ છતાં ખરા સમયે પૂજ્યશ્રીનું પ્રબળ સ્મરણ થઈ આવતું અને હું બચી જતો. એક પ્રસંગે તો લાલચુ મને પૂજ્યશ્રીના સ્મરણનો ઈન્કાર પણ કરેલો, પણ સ્મરણ મને છોડે તેમ ન હતું. આમ, મને પતિત બનતાં પૂજ્યશ્રીની ચેતનાએ અટકાવ્યો છે. છતાં વિકારમુક્ત બનવું એ સ્થિતિ તો દુર્લભ છે. એકવાર બીજી કોઈ વ્યક્તિ સાથે વાત કરતાં કરતાં પૂજ્યશ્રીએ કહ્યું, 'વિકારો એ જ્ઞાનતંતુની ઉશ્કેરણી સિવાય કશું જ નથી.' ત્યારથી વિકારો જન્મે તો જ્ઞાનતંતુને શાંત કરવા પ્રાર્થના કરતો. એ એક પ્રકારનો પ્રયોગ હતો. આને લીધે મન બહાર કોઈ જગાએ ભટકતું ક્રમશઃ બંધ થવા લાગ્યું.

આખરે, સને ૧૯૬૪ના આખાય મૌનમંદિરના ગાળા દરમિયાન આ જ જાતની પ્રાર્થનાઓ કરતો, તે દિવસોમાંનો એક પ્રસંગ આ રીતે મેં નોંધપોથીમાં નોંધ્યો છે. 'પરિચિત અને અપરિચિત જીવંત વ્યક્તિઓ પ્રત્યેની વિકારી દૃષ્ટિ અચાનક આજે જીવનમાંથી જતી રહી હોય એમ લાગે છે.' આવું બની જતું અનુભવાયું તદ્દન અચાનક. મનોમન પ્રભુનો તે કાજે અનહદ આભાર માન્યો. આનો અર્થ વિચારમુક્તતા નથી પણ મન હવે સ્વયં રસ લઈ વિકારમાં રાચતું નથી. માત્ર વિકારનું સ્વરૂપ બદલાયું. એ લાંબું ટકી શકતું નથી. હવાનાં મોજાંની લહેર માફક આવીને જાય છે.

પૂજ્યશ્રીએ એકવાર ટકોર કરી કે 'જરાક જેટલા અંધારાથી બીઓ છો ! અમે તો જિંદગી સ્મશાનમાં ગાળી છે.' એટલે રાત્રી સ્મશાનમાં સૂવાનું નક્કી કર્યું. એક દિવસ દૂધેશ્વરના સ્મશાનમાં વિના વિઘ્ને પસાર કર્યો અને સવારના ચાર વાગ્યે સાબરમતી આશ્રમમાં પૂજ્યશ્રીને જઈ હોંશે હોંશે બહાદુરીની વાત કરી, એમણે 'પૂછ્યા વિના આવું ન કરવું.' એવી ટકોર કરી. છતાં રોજ જવાની અનુમતિ મળી. જૂનાં કપડાં પહેરીને જવાનું સૂચવ્યું. અનેક ડાઘુઓ, માણસો, બાવાઓ અને પોલીસોની કનડગતના અનુભવો થયા છે, પરંતુ મક્કમતા અને નિર્ભયતા કેળવાતી ગઈ.

એક દિવસ ચાર ડિગ્રી તાવ હતો. ચોમાસાના દિવસો હતા, પરંતુ નિયમ એટલે નિયમ. સૂવાનું નક્કી કર્યું. ઘરથી નાની બહેન વગેરેએ ના પાડી. પણ હું તો ગયો જ. રાત્રે બેચાર વાર વરસાદ પણ આવ્યો. ઓઢવાનું પલળી જતું, પરંતુ હું અને મારાં કપડાં કોરાં રહેતાં. ઘરે આવી બહેનને બતાવ્યું કે 'જો નિયમપાલન કર્યું તો ભગવાને કેવો સુંદર અનુભવ કરાવ્યો ?' સવારે તાવ પણ ઊતરી ગયો. ત્યારથી પૂજ્યશ્રીની ચેતનાનો મારી ચેતના સાથે Psychic contact–ચૈતસિક સંપર્ક થયો છે. મારી આ સમજ વિશેની સંમતિ પણ પૂજ્યશ્રીએ આપેલી છે.

સ્મશાનમાં હું એકલો ન હતો. પૂજ્યશ્રીની ચેતના મારી સાથે જ હતી. એવી અનેક ખાતરીઓ એમણે વિવિધ અનુભવોમાં મને કરાવી છે. ઘરથી સાઈકલ પર નીકળી આશ્રમમાં સાઈકલ મૂકી બિસ્તર લઈ સ્મશાનમાં જતો. સવારે પાછો એનાથી ઊંધો ક્રમ.

પૂજ્યશ્રીની સૂચનાથી ભાઈશ્રી ઇંદુભાઈ શૅરદલાલ જોડે પણ સ્મશાનમાં સૂવા જવાનું બનતું. અનેક વખતની માફક એકવાર એક ડાઘુ કુતૂહલવશ થઈ તપાસ કરવા આવ્યો. સાથે ટોળું. સાદા વેશમાં એક

પોલીસ છું એવું જણાવ્યું. ઇંદુભાઈ શૅરદલાલને કનડ્યા. એમણે મારા તરફ આંગળી ચીંધી. ટોળું મારી પાસે આવ્યું. મેં કહ્યું કે અમારી પાસે ઓળખાણ છે પોલીસ એમની ઓળખાણ આપે. ઇંદુભાઈએ તો સાબરમતી આશ્રમમાં જતા રહેવા સૂચવ્યું. મેં આંખ લાલ કરી, ઊંચા સાદે ગર્જના કરી. ઇંદુભાઈને સૂઈ જવા હુકમ કર્યો અને કોણ મને અહીંથી ખસેડી શકે છે એવો પડકાર ફેંકાયો ! અને કરતાલ લઈ હરિઃૐનો જપ મોટે મોટેથી શરૂ કર્યો. જો અહીં ઢીલું મૂક્યું હોત તો કાયમ માટે મુશ્કેલી આવત. પૂજ્યશ્રીએ પણ આ જાતના વર્તનને અનુમોદન આપ્યું.

સ્મશાન સાથે બીકના સંસ્કાર જોડાયેલા છે. પાછળ કોઈ દોડી આવતું હોય એવો અનુભવ થતો. એનો અર્થ હું એ ઘટાવતો કે મને ઘર ભેગો કરવાનો એ પ્રયાસ છે. આમ, આખી રાત મારી પાછળ દોડાનાર અને કષ્ટ ઉઠાવનાર પૂજ્યશ્રી પોતે જ હતા. સ્મશાનમાં પ્રકાશના જે અનુભવો થતા તે એની ખાતરી આપતા હતા. એકવાર રાત્રે નડિયાદ જવાનું થયું. આશ્રમના કડક નિયમને લઈને અંદર દાખલ ન થયો. સ્મશાનમાં સૂઈ રહેવું એવું નક્કી કર્યું. હું ઊંચી ટેકરી પર જઈ સ્મશાનમાં બેઠો જપ કરવા લાગ્યો. પરંતુ થોડીક વારમાં વાતાવરણે જબ્બર ભીંસ લેવા માંડી. ક્ષણવાર તો લાગ્યું કે મને ઊંચકીને નદીમાં ફેંકી દેશે, પરંતુ હું નિર્ભય હતો. બધી જ પરિસ્થિતિ માટે તૈયાર હતો. પેલા વાતાવરણે પકડ ઢીલી કરવા માંડી જાણે કોઈએ નદીમાં ભૂસકો માર્યો. ધબાકો થયો. એટલે ઊંચે પણ છાંટા સારી પેઠે ઊડ્યા.

આ બધી પૂજ્યશ્રીની કરામત જ હતી. મારું મન પાછું આ અનુભવને પ્રભુકૃપાના અનુભવ તરીકે સ્વીકારે કે નહિ અને શંકાકુશંકા કર્યા કરે છે કે નહિ તેનો ખ્યાલ કરાવવા ધબાકાના અવાજ અને પાણીના છાંટાનો સ્પર્શ કરાવ્યો. પાછળથી મારા એક સાધક મિત્ર શ્રી જયંતીભાઈ દલાલે કહેલું 'જો બીક લાગી હોત તો તું મરી તો ન જ જાત પણ માંદો તો જરૂર પડત.'

આમ, નિર્ભયતાનું શિક્ષણ પૂજ્યશ્રીએ મને સ્મશાનનિવાસ દરમિયાન આપ્યું છે.

આવા બીજા અનેક મૌનના પણ અનુભવો છે. એકવાર મૌનમાં કાનનો દુખાવો ઊપડતાં દવા વાપરી શકાય નહિ એવી ચિઠ્ઠી આપતાં પ્રાર્થનાથી મથ્યો. બીજા એક મૌનમાં મોઢું આવી ગયેલું. તે વખતે પૂજ્યશ્રીને પણ કુંભકોણમ્‌માં મોઢું આવી ગયેલું અને એ બાબતની ખાતરી હસમુખભાઈએ પત્ર દ્વારા કરાવેલી. એમની આત્મીયતાનો અને તાદાત્મ્યતાનો આ પુરાવો છે. સુરતમાં ચૂનીકાકાને ત્યાંના મૌનમાં અંદરનું હવામાન અને બહારનું હવામાન તદ્દન ભિન્ન હોય છે તેનો અનુભવ થયો. મને સખત ઠંડી લાગતી હતી. વધુ ઓઢવાનાં મંગાવ્યાં ત્યારે ચિઠ્ઠીથી જાણ્યું કે બહાર ગરમી ખૂબ છે. અને રાત્રે લૂ વિશેષ અકળાવે છે.

નડિયાદના જૂના મૌનઓરડામાં એક ઓટલો છે, એના પર પૂજ્યશ્રીનો ફોટો રહે. પૂજ્યશ્રીના ફોટા તરફ માથું રાખી હું સૂતો. એક દિવસ મારા પગ તરફથી સિંહની જેવી ઘૂરઘૂરાટી સાંભળી. એટલે મનમાં ઊગ્યું કે પૂજ્યશ્રીની કૃપાથી કોઈ અનુભવ થવાનો હશે. એટલે મન પ્રાર્થનામાં પરોવ્યું. થોડી વારે મારા પગ તરફનો ભાગ ઊંચકાયો, પછી નીચો થયો અને માથા તરફનો ઊંચકાયો. આમ બેત્રણ વાર થયું. વૈજ્ઞાનિક માનસે વિચાર્યું, 'ધરતીકંપ થયો લાગે છે.' પરંતુ પછી તો મારું ડાબી જમણી બાજુનું શરીર

પણ ઊંચકાવા લાગ્યું. ખાસ્સું ચાર થી છ ઈંચ જેટલું દર વખતે ઊંચકાતું. આમાં જરાય અતિશયોક્તિ નથી. મૌનરૂમની દીવાલમાં હજુ એ ફાટો છે. એ અનુભવ નક્કર વાસ્તવિક ને નહિ કે માત્ર મનની ભ્રમણા. એ પુરવાર કરવા ફોટો જરૂરી હતો. આ અનુભવ આપણને સંત જ્ઞાનેશ્વરની યાદ અપાવે છે. આગળ પાછળ પ્રકાશના અનુભવ, અંધારા ઓરડામાં મંદ મંદ ઝાંખો પ્રકાશ રહે, એક જગ્યાએ એક તેજકિરણ આવી કેંદ્રિત થઈ ધીરે ધીરે ઉપર ચાલ્યું જાય, એવા અનેક અનુભવો પણ થયા છે.

હું સ્વાદનો ભારે વરણાગિયો. સ્વાદની સૂક્ષ્મતાને ઓળખવાનું કંઈક અભિમાન પણ ઊંડે ઊંડે ખરું. જુવાનીના દિવસો. યુ. પી.ની વાત. પૂજ્યશ્રી ત્યાં આવેલા અને હું સ્વાદનું પૃથક્કરણ કરું. જેમાં મીઠું મને વધારે લાગે તે બેધડક કહું. કાકી બોલવાની ના પાડે પણ હું માનું નહિ. મારા આશ્ચર્ય વચ્ચે એ જ વાનગીમાં બધા મીઠું માગીને નાંખે. એનાથી વિરુદ્ધનું પણ બનતું. આમ, મારું સૂક્ષ્મ અભિમાન તોડવા પૂજ્યશ્રી આવા ખેલ કરતા એમ મને પાછળથી સમજાયું.

એમનાં વિવિધ દર્શનો, નીલરંગમાં ખાસ મને થયાં છે. એ પણ એમની કૃપાથી જ. આમ, આ રીતે મને અનુભવો કરાવી કરાવીને સને ૧૯૬૪ની સાલમાં મૌનમાંની ઘોર નિરાશામાંથી બહાર લાવ્યા. મારા મન પરનો ભાર હઠી ગયો. અને હું સ્વસ્થ જીવન જીવતો થઈ ગયો. આમ, સમજણપ્રધાન અને અનુભવો ગૌણ બનાવીને સાધના આગળ ચાલી રહી છે. અન્ય સાધકોને જીવનવિકાસમાં મારી માફક પ્રકૃતિને ઓળખી તેનું રૂપાંતર કરવામાં તથા રાગ, દ્વેષ આદિ મોળા પાડવામાં મારા આવા અનુભવોની જાણકારી ફાળો આપશે તો તે યથાર્થ લેખાશે.

પૂજ્યશ્રીનાં ચરણે વંદન કરીને વિરમું છું.

❋ ❋ ❋

## જીવનપ્રવાસના રક્ષણહાર

## શ્રીમતી પુષ્પાબહેન દલાલ

(પૂજ્ય શ્રીમોટાના કૃપાપાત્ર બનેલાં અને નિકટના સંપર્કમાં આવેલાં બહેનોમાંનાં એક અમદાવાદ નિવાસી બહેન.)

પૂજ્ય શ્રીમોટાના સંપર્કમાં ઈ. સ. ૧૯૫૧માં કુંભકોણમ્‌માં અચાનક આવવાનું થયું. તે પહેલાં એમના પ્રત્યેની શુભભાવના તો જન્મી ચૂકી હતી. મળ્યા પછી કેટલાય દિવસો સુધી એમને ભૂલી જ શકી નહિ. ત્યારથી અનોખો સંબંધ બંધાયો. મેં એમને ગુરુ માન્યા. એમની ચેતનાના અનુભવો મને અનેક થયા છે.

તા. ૨-૨-૧૯૫૧ની બપોરે અમદાવાદમાં પૂજાના રૂમમાં બેસાડીને પૂજ્ય શ્રીમોટાએ નામસ્મરણ કરવાનું કહ્યું. હરિસ્મરણ કરતાં મને કશો જ ખ્યાલ ન રહ્યો. ને એમણે મારા બ્રહ્મરંધ્રમાં બ્લેડથી કાપ મૂકીને લોહી ચૂસી લીધું. આ બધી ક્રિયાની પણ ખબર ન પડી. આ ક્રિયા કરતી વખતે મન-હૃદય ઊંડા આનંદથી ભર્યાં ભર્યાં લાગતાં હતાં. તેમણે મને પૂછ્યું, 'માથામાં કંઈ ભીનું લાગે છે ? આંગળી ફેરવી જો.'

એક દિવસ અમદાવાદના સાબરમતી આશ્રમના હીંચકે *મોટા* બેઠા હતા. હું પાસે બેસીને એક વ્યક્તિ માટે અન્યથા ભાવથી વિચારો કરતી હતી. પૂજ્ય શ્રીમોટાએ કહ્યું, 'પુષ્પા ! આપણે આવા વિચાર ના કરવા જોઈએ. આપણા માટે તે શોભાસ્પદ નથી.' હું એકદમ ચમકી, મારા મનમાં ચાલતો વિચાર તેમણે પકડી પાડ્યો.

એક દિવસ એમને હું મળવા ગયેલી. તેમણે એક આંગળી કાનમાં ઘસીને મારા નાક આગળ ધરી. તેમાંથી ગુલાબના અત્તરની સુવાસ આવતી હતી. બીજા કાનમાં બીજી આંગળી ઘસી તો તેમાં મોગરાની સુવાસ હતી. મેં બેઠા કરીને ખાતરી કરી જોઈ કે ક્યાંય અત્તર તો નથી. ફરીથી એમની આંગળીઓ સૂંઘી જોઈ. બિલકુલ સુવાસ ના મળે. ત્યારે ખાતરી થઈ કે 'આ તો એમની ચેતનાનો અનુભવ હતો.' એક દિવસ મારે બાને ઘરે પૂજ્ય શ્રીમોટા અને ભીખુકાકા મળવા આવ્યા. પૂજ્ય મોટાએ મને કહ્યું, 'આવતી કાલે આશ્રમમાં રસોઈ કરવા આવજે.' માસિકમાં હોવાને કારણે મેં ના કહી. પૂજ્યે કહ્યું, 'પ્રભુકૃપાથી બધું ઠીક થઈ જશે.' પૂજ્યના ગયા બાદ એકાદ કલાક પછી માસિક બંધ થઈ ગયું. બીજે દિવસે હું આશ્રમમાં ગઈ. રસોઈ બનાવી. પાછી આવી પછી પાછું માસિક ચાલુ થયું. મારી જિંદગીમાં આવું જોયેલું નહિ કે સાંભળેલું નહિ એટલે ખૂબ નવાઈ લાગી. આમ, પૂજ્યની ચેતનાનો અનુભવ મારાં મન-હૃદય પર અંકાયે જતો હતો.

એક દિવસ આવા અનુભવની વાત હું મારી બહેનપણીને કરતી હતી. ત્યારે મને 'ના'નો અવાજ સંભળાયો. પરંતુ મેં લક્ષ ના આપ્યું. ફરી કહેવાની શરૂઆત કરું ત્યાં તો અવાજ આવ્યો. મારાથી બોલાઈ ગયું, '*મોટા*નો ફોટો ટેબલ પરથી પડ્યો.' એ ફોટો તો વચલે માળ હતો. કાચ તૂટ્યો ન હતો. મને સમજાયું કે મને બોલવાની ના કોણ કહેતું હતું.

સને ૧૯૫૪ના એપ્રિલમાં ગંગોત્રી-જન્મોત્રી જવાનું નક્કી થયું. મારા પગમાં વાને લીધે સણકા

મારતા હતા. મેં *મોટા*ને પુછાવ્યું. એમણે રજા આપી. પ્રવાસમાં અમને એક સાધુ ભેટ્યા. 'હું એમને ઓળખું છું, ઓળખું છું.' એમ થયા કરે.

એક દિવસ આમ ચાલતા હતા ત્યાં ઊંચે પહાડ પરથી હરિઃૐની બૂમ સંભળાઈ. હંસાભાભીએ પણ એ અવાજ સાંભળ્યો. આની વાત થઈ એટલે સાધુ હસ્યા. તે જ વખતે મને થયું કે આ સાધુનું મુખ તો પૂજ્ય શ્રીમોટાની છબીમાં જોયું હતું. તે વખતે ગંગોત્રી જવાનો સ્વપ્ને પણ ખ્યાલ ન હતો. પૂજ્ય શ્રીમોટાની ચેતનાએ અણજાણ સાધુના રૂપમાં મદદ કરી.

એ સાધુ મારી ખૂબ સંભાળ રાખે. તે સાધુના રૂપમાં પૂજ્ય શ્રીમોટા જ મારી સાથે હતા એમ કહું તો બિલકુલ ખોટું નથી. હું એમને પજવતી ગુસ્સે થઈ જતી. છતાં હસીને સાબરશિંગું ઘસી આપતા અને મારા વા પર હું લગાડતી.

એક દિવસ માસિકમાં હતી. ઉપવાસવાળો દિવસ, અસહ્ય ઠંડીમાં માથે બોળીને નાહી. ત્યાંના ગોરે મારી સ્થિતિ જોઈ કંડી કરી લેવા સૂચવ્યું. *મોટા*એ પગપાળા જાત્રા કરવાનું સૂચવેલું છતાં મેં કંડી કરી. 'હું સાથે છું પછી શ્રદ્ધા ગુમાવવાની શી જરૂર છે !' તે આખો દિવસ મારી સાથે બોલ્યા નહિ.

સાધુથી છૂટા પડવાનું આવ્યું. મેં પૂછ્યું, 'મારાથી ગંગોત્રીને માર્ગે ચાલી શકાશે ?' તેમણે રૂપિયો આપ્યો ને કહ્યું, 'આમાંથી પ્રસાદ લેજે ને રોજ ખાજે, ગુરુ અને ગંગોત્રી તને સહાય કરશે.' એમને એક ધાબળો આપવા પ્રયાસ કર્યો તો કહે, 'ગુરુ અને ગંગોત્રીએ મને ઘણું આપ્યું છે.' આ તો *મોટા*ના જ શબ્દો. પ્રભુકૃપાથી મારાથી વા-વાળા પગે યાત્રા થઈ શકી.

એક દિવસ મારા પગ સૂજી ગયા. જાજરૂ-પેશાબ માટે નીચા વળાય નહિ. મારાથી બિસ્તરામાંથી ખસાય નહિ. બધાંને એમ થયું હવે શું થશે ? રાત્રે મેં મનોમન પોકાર પાડ્યો '*મોટા* ! પગમાં ખૂબ વેદના થાય છે. શું કરવા મને યાત્રા કરવા આવવાની હા પાડી ! કાલે જો નહિ ચલાય તો આબરૂ તમારી જશે.' આવો પોકાર પાડવાનું હજી સુધી બન્યું નથી. તે દિવસે અમે દસ માઈલ ચાલ્યા. મુકામે આવીને પગે શેક કરવા ગરમ પાણી કરાવ્યું. પગે જોયું તો બિલકુલ સોજા ન મળે.

આ બનાવોની નોંધ હું કરતી. મને પગની વેદના થતી હતી તે જ દિવસોમાં મને તેમનો પત્ર ઉત્તરકાશીમાં મળ્યો. તેમાં લખ્યું હતું. 'હમણાં ખૂબ વેદના થાય છે અને વિન્ટોજીન લગાવું છું.' મેં મારી નોંધ મેળવી જોઈ. મને પગે દર્દ હતું તે જ દિવસે એમને પણ દર્દ હતું.

આવા તાદાત્મ્યતાના તો અગણિત અનુભવો કરાવ્યા છે. આ બધું આપણને જીવદશામાંથી ઊંચે ઊઠાવવા માટે છે, પણ આપણે એવા ને એવા રહીએ તો તેમાં દોષ એમનો નથી આપણો છે. એમનાં ચરણે અનેક વંદનો.

❊ ❊ ❊

# નિઃસ્વાર્થ પ્રેમી

## શ્રી બાબુ સરકાર

(બી.કૉમ.)

(મદ્રાસના એક ગુજરાતી વેપારી અને પૂજ્યશ્રીનાં વર્ષોથી સ્વજન બની રહેલા સજ્જન.)

ઈ. સ. ૧૯૪૧-૪૨માં જ્યારે મારી ઉંમર લગભગ ૯ કે ૧૦ વર્ષની હતી. ત્યારે પૂજ્ય શ્રીમોટાના સંપર્કમાં આવવાનું બન્યું હતું. તેઓ પોતે અમારે ઘરે પધારેલા, પરંતુ તે વખતે ખાસ દિલથી મળવાનું નહોતું બન્યું. દર વરસે તેઓ અમારે ત્યાં પધારે. અને એ રીતે ધીમે ધીમે તેમની સાથેનો મારો પરિચય ગાઢ થતો ગયો.

એક વખત તેઓએ મને બોલાવીને મારી સાથે ખાનગીમાં વાતો કરી-જેની અસર મારા જીવન ઉપર ઘણી જ થઈ.

તેઓએ મને તેમના ગુરુ તરીકે સ્વીકારવાની ના પાડી અને કહ્યું કે ‘તું મને ગુરુ તરીકે સ્વીકારીશ તો હું તારાથી દૂર થઈ જઈશ-તું મને તારા નજીકના એક સ્વજન તરીકે સ્વીકારતાં અટકી પડીશ, પરંતુ હું તો તારો મિત્ર જ છું અને તું મને તેમ સ્વીકારશે તો હું રાજી થઈશ. મને આજથી પગે લાગવાનું બંધ કર, તને કોઈ પણ મુશ્કેલી હોય તો તારે મને કહેવું-હું ગમે ત્યાં હોઉં તોપણ તારે મને લખવું. ભગવાનની કૃપાથી જે કોઈ શક્તિ મને મળી છે, તે હું તારા ઉપયોગમાં વાપરું એવું હું ઈચ્છું છું. એથી હું ખરેખર ધન્ય બનીશ.’

આ પછી હું તેમની વધુ નજદીક આવ્યો અને મારા જીવન વિશે બધું તેમને લખતો થયો. તેમના પ્રત્યે ખુલ્લો થતો ગયો. એક બે પ્રસંગો મારી જિંદગીમાં એવા બન્યા કે જેથી મને ખાતરી થઈ કે તેઓ મારા અંતરના વિચારો કે ભાવો જાણે છે. તેઓ મારી જિંદગીમાં રસ લે છે અને ભાગ પણ લે છે.

મને તેઓએ બે ચેતવણી નાનપણમાં આપેલી, જે મને બહુ જ ઉપયોગી નીવડી છે. જેનાથી ખરેખર હું બચી ગયો છું.

એક તો મને છોકરીઓ, નાની છોકરીઓની સાથે વર્તનમાં સાવધાની રાખવાનું કહેલું. ઘણા જુવાનિયા નાની ઉંમરે લપસી પડે છે અને જિંદગી બગાડે છે. અને વેડફેલું જીવન ફરીથી મળી શકતું નથી. ગુમાવેલું ધન ફરીથી મેળવી શકાય પણ જિંદગીનું તેવું નથી.

બીજી ચેતવણી એમણે મને હસ્તમૈથુન અંગેની આપી હતી. અમદાવાદ અને મુંબઈ જેવાં શહેરોમાં આ ખરાબ ટેવ ઘણાને લાગેલી તેમણે જાણેલી એટલે મને ચેતવ્યો કે એકવાર આવી ટેવ પડતાં તે જલદીથી જતી નથી અને મનુષ્યની અમૂલ્ય શક્તિ આમાં વેડફાઈ જાય છે. આધ્યાત્મિક એ તો બહુ મોટો શબ્દ છે, પરંતુ એક વ્યક્તિ પોતાની જિંદગીને વેડફતી અટકાવી શકે અને પોતાના જીવનમાં વ્યવસ્થા આણી શકે તોય ઘણું ઘણું થઈ ગયું.’

હું જે કંઈ આજે છું તે તેમને લીધે જ -તેમને આભારી છું. અમારા સંબંધમાં તેમણે મને નિઃસ્વાર્થ

પ્રેમ આપ્યો છે. વિષયવાસના કે જાતીય આવેગોમાં પલટો કે પરિવર્તન લાવવાનું કામ-Sublimation of sex instinct એમણે મારા જીવનમાં કર્યું છે. આ થઈ જીવનપરિવર્તનની વાતો, પરંતુ હવે છેલ્લો પ્રસંગ ટાંકું છું.

વર્ષો પહેલાં તેમણે મને દર ગુરુવારે પોતાને યાદ કરવા સૂચવેલું. એક ગુરુવારે હું સંપૂર્ણપણે બેચેન બની ગયેલો. કારણ સમજાય નહિ. પછીથી સ્ફુર્યું કે આજે ગુરુવાર છે. પૂજ્યને યાદ જ કર્યા નહિ. એ હું ભૂલી ગયો. એ મને યાદ કરતા હશે ?

ત્યાર પછી દર ગુરુવારે કોઈ ને કોઈ નિમિત્તે મોડા ઊંઘવાનું થાય છે અને પૂજ્ય શ્રીમોટાનું સ્મરણ થયા જ કરે છે. તેમને વિશે વાતો થાય છે અને આનંદ આવે છે. આ બધું આપમેળે થાય છે.

❋ ❋ ❋

# અદ્‌ભુત અનુરાગ

## શ્રીમતી લતાબહેન મ. દેસાઈ

(આણંદ ખેતીવાડી કૉલેજના અધ્યાપકનાં ધર્મપત્ની. સ્ત્રી-પ્રવૃત્તિઓમાં રસ લેનાર. પૂજ્યશ્રીનાં ચાહક બહેન)

ઈ. સ. ૧૯૬૩ની સાલ હતી. ત્યારે પૂજ્યશ્રી અજ્ઞાતવાસમાં રહેતા. એમનામાં વહેતાં પવિત્ર અને દૈવી ગુણોનાં ઝરણાંને કોઈ ખાસ જાણે નહિ. આંગળીને વેઢે ગણાય એવા થોડા જ એમનામાં રહેલી પ્રચંડ શક્તિને ઓળખી શકેલા. ગુજરાતમાં ક્યાંક હરિઃૐ આશ્રમ છે એમ સાંભળેલું, પણ એનું સ્પષ્ટ ચિત્ર મળેલું નહિ. અંતરમાં થાય કે આવા સંતનાં દર્શન કરવાં જોઈએ અને અચાનક એ ઈચ્છા પૂર્ણ થઈ.

સંત-દર્શન યોગાનુયોગ જ થાય છે. હરિઃૐ આશ્રમનાં દર્શનની પ્રથમ તક નડિયાદમાં ઈ. સ. ૧૯૬૩માં મળેલી. તે સમયે પૂજ્યશ્રી ત્યાં વિરાજેલા હતા. આશ્રમના દ્વારે જ એ પૂર્વજન્મનું અનુસંધાન ન હોય એવી સચોટ પ્રતીતિ થઈ અને પ્રવેશતાં જ ત્યાંના અલૌકિક અને ક્રિયાશીલ વાતાવરણથી પ્રભાવિત થઈ પૂજ્યશ્રીનાં દર્શન કરી, ત્યાં એમની સામે અમે ઘણાં ભાઈ-બહેનો બેઠાં. મનમાં પ્રશ્નોની ઊથલપાથલ થવા માંડી અને પ્રશ્નોના સમાધાનકારક ઉત્તરો બીજાની સાથે વાર્તાલાપ કરતા પૂજ્યશ્રી પાસેથી મળી રહ્યા ત્યારે તો મન વધુ ઝોલે ચડ્યું. પ્રથમ પુસ્તક 'જીવનસંશોધન' ત્યાંથી લાવી હતી, તે રાત્રિભર વાંચ્યું. ઊંડું મંથન જાગ્યું. ત્યાંથી જ અલૌકિક પ્રેમના દોરે બંધાઈ. એમની કૃપાએ જગતમાં પ્રથમ પંક્તિનો ગણાતો માતૃપ્રેમ, અનહદ અદ્‌ભુત અનુરાગ મેળવવા ભાગ્યશાળી બની. બાળપણમાં માતાની ઝાંખી ન થઈ ત્યાં માતાએ વિદાય લીધી. પણ આજે કહી શકું કે મને મા મળી છે. *મોટા* મારી મા છે. એ મેં મારાં નિવેદનોમાં પણ લખ્યું છે. એવી કૃપાપાત્ર બનવા માટે ભાગ્યશાળી બની છું કે જે લખવા માટે મારી પાસે શબ્દો નથી. એ બુદ્ધિનો વિષય નથી. હૃદયના અનુભવનો વિષય છે.

આશ્રમદર્શન એટલે એમાં વસતા ભગવાંધારી, નાક પકડીને આસન લગાવી ધ્યાનમાં બેઠા હોય. સંતદર્શન એટલે એ ટીલાં ટપકાં, છાયાતિલક, માળાની હાર હોય, આંખો બંધ કરી ગંભીર થઈ પ્રભુમાં એકલીન થવા મથતા હોય એવા પૌરાણિક કથાઓના આશ્રમનો બાળપણથી રૂઢ થયેલો પૂર્વગ્રહ તૂટી ગયો. ત્યાં તો મળેલાં કર્મોને પ્રસન્નચિત્તે સફળ બનાવવાનાં હતાં. અને તે એમ ને એમ નહિ પણ સાથે સાથે સ્મરણભાવ જીવતોજાગતો રાખીને યજ્ઞ રૂપે. આ છે એના ઘડવૈયાની મૌલિકતા. પ્રભુપ્રાપ્તિ માટે જીવન છોડીને નાસી જવાનું નથી, પણ સંસારમાં રહી સરળતાથી જ્યાં છો ત્યાં રહીને કરવાનું છે.

વર્ષોથી માંદગીના કારણે ઈતરપ્રવૃત્તિ બંધ થઈ ગયેલી. એથી આધ્યાત્મિક જીવન તરફ મન ઢળતું રહેલું. **એમાં છેલ્લાં ઘણાં વર્ષોથી પૂજ્યશ્રીનાં દર્શન અને એમાં પણ મૌનમંદિરમાં વિશેષ લાભ મળતો. ત્યાં સૂક્ષ્મ ચેતનાનાં દર્શન અવારનવાર થતાં જ રહેતાં. મૌનમાં સૂક્ષ્મ-ચેતનાનો પ્રવાહ વહ્યા જ કરતો હોય છે. એમાંથી ક્યારેક અલૌકિક આનંદની ઝલકની પ્રાપ્તિ થાય છે. એમાંથી ઘણું ઘણું ભાથું મળે છે. ભૂત, વર્તમાન અને ભવિષ્યનાં દશ્યોને ચિત્રપટની જેમ સળંગતા રાખીને હસાવી, રડાવી, નચાવી, પશ્ચાત્તાપ કરાવી, ઘડી ઘડી ટકોરીને સાચે માર્ગે એ દોરી જાય છે. મૌનમંદિરમાં જતો જીવ એટલે**

**જીવનવિકાસની કેડી ઉપર ડગ માંડતો જીવ. મૌનમાં તેમ જ બહાર, જે કંઈ પ્રભુએ આપ્યું છે તે તેમનાં ચરણકમળમાં સમર્પિત કરું છું.**

❋ ❋ ❋

## હરિભાવ કલ્યાણકારક

હરિભાવ કલ્યાણકારક જ હોય છે. ભગવાન આગળ સારું ખોટું કેમ ટકી શકે ? જગતનું સારું ખોટું કોણ કરે છે ? ભગવાન કરે છે ? ભગવાન તો સદાયે કલ્યાણકારક જ છે. ભયંકર ધરતીકંપો, અકસ્માતો વગેરે તો Actionનું Reaction છે.

ભગવાન તો ક્યારેય સારું ખોટું કરતો નથી.

(પૂજ્ય મોટાની ટેપરેકૉર્ડેડ વાણીનું સંપાદન) સંપાદક : **પ્રા. કાર્તિકેય ભટ્ટ**

## સાચો યોગ

જીવનનો સાચો યોગ તો સમન્વય કરી જાણવામાં સમજે છે. વિસંવાદમાં પણ સંવાદ તે અનુભવે છે. જીવનઆદર્શ પ્રમાણેની દૃષ્ટિ, વૃત્તિ જે જીવ જીવનમાં જાગતા પ્રસંગોમાં જીવતા રાખી શકે છે, તેને અંતરમાંથી હિંમત, ધીરજ, ઓથ, સહાનુભૂતિ, પ્રેમ વગેરે મળ્યા કરતાં તે અનુભવી શકે છે.

('જીવનસંશોધન', પૃ. ૧૩૯) **—મોટા**

❋ ❋ ❋

# માનવતાના હિતચિંતક

## શ્રી જોઈતારામ પટેલ (ચોકસી)

(અમદાવાદના માણેકચોકના સોના-ચાંદીના વેપારી અને પૂજ્યશ્રીનાં સ્વજનોમાંના એક)

હું રહ્યો વેપારી. લખવાનો મહાવરો નહિ. છતાં જેવું આવડે તેવું લખવું નક્કી કર્યું અને લખવા બેઠો.

બાર વર્ષ પહેલાં શ્રી ચંદુલાલ ભાવસાર અને શ્રી વેણીભાઈ વકીલને કામ અંગે મળવાનું થાય ત્યારે તેઓ પૂજ્ય મોટા વિશે વાત કરતા 'એક સંત પુરુષ છે, તો તેમનો પરિચય કરવા જેવો છે.'

આપણા સમાજમાં ગામે ગામ અને શહેરોમાં તીર્થસ્થાનોમાં અનેક સાધુ-સંતો છે. આ એક સંત હશે તેવું સમજી આ વાત હું ટાળી દેતો.

ધાર્મિક અને આધ્યાત્મિક પુસ્તકો વાંચવાની મને પહેલેથી ટેવ. પૂજ્ય શ્રીમોટાનાં લખેલાં કેટલાંક પુસ્તકો મેળવી વાંચ્યાં. વાંચ્યાં પછી રૂબરૂ મળવાની ઇચ્છા જાગૃત થઈ. એક દિવસ નડિયાદ પહોંચ્યો. રાત્રે આઠેક વાગ્યે શેઢી નદીના કિનારે હરિઃૐ આશ્રમમાં પહોંચ્યો.

પરોઢિયે વહેલી પ્રાર્થના થાય. તે વખતે પૂજ્યશ્રી મોટાનાં દર્શન કર્યાં. ધાર્મિક, સામાજિક, રાજકીય બાબતો પર વાતચીત થઈ, મનમાં મૂંઝવણો હોય તેવી બાબતોના ખુલાસા પૂછ્યા અને દિલમાં કંઈક અનેરો અનુભવ થયો, તેનું વર્ણન લખવાની મારી કલમમાં શક્તિ નથી.

'આ સંત જુદી કોટીના છે' તેવું અનુભવ્યું. પૂજ્યશ્રી મોટાને પ્રણામ કરી રજા માગી, ખિસ્સામાંથી જે મળ્યા, તે પૈસા પૂજ્યશ્રીના પગે મૂક્યા-ફક્ત રૂ. ૫-ની નોટ હતી, જેવી મેં તેમનાં ચરણે ધરી તેવી જ તેમણે ઉપાડી લઈ મને પાછી આપવા માંડી, 'રાખ તારી પાસે અમદાવાદ જવા ગાડી ભાડું તો જોઈશે ને !' મેં ફરી વાર મારા ખિસ્સામાં હાથ નાખ્યો તો ખિસ્સું ખાલી ! ફક્ત રૂ. ૫- હતા તે જ પૂજ્યશ્રીનાં ચરણે ધરેલા. ઘેરથી પૈસા લેવાનું ભૂલી જ ગયેલો. પૂજ્યશ્રીના હાથમાંથી નોટ પાછી લીધી. મને હસવું આવ્યું ! પૂજ્યશ્રી પણ હસ્યા !

ગામેગામમાં મઠ, મંદિરો, આશ્રમો આવેલાં છે. તેમાં અનેક સાધુ સંતો છે. તેઓ પણ સમાજના કલ્યાણ માટે કામ કરે તો આપણો દેશ જલદી બેઠો થાય.

પૂજ્ય શ્રીમોટાના સંસર્ગથી તેમનાં પુસ્તકોના વાંચનથી દિલમાં અનેરો ભાવ પ્રગટ થાય છે. જીવન સારી રીતે જીવવા માટે સતત જાગૃતિ રહ્યા કરે છે. પૂજ્ય શ્રીમોટાના આશીર્વાદથી અંતરમાં અનેરી શાંતિ અનુભવાય છે.

માનવજાતના સાચા હિતચિંતક પૂજ્યશ્રી મોટાને મારાં કોટી કોટી વંદન.

* * *

# આંગણે પધાર્યા

## શ્રીમતી વિદ્યાબહેન

(લોનાવાલા નિવાસી પૂજ્યશ્રીનાં એક ચાહક બહેન.)

એક નહિ પણ અનેક મુલાકાતો પરમ પૂજનીય શ્રીમોટાની સાથે આજ સુધીમાં સધાઈ. કંઈ કેટલીયે વાર એઓશ્રીનાં દર્શન કરવાંનું ભાગ્ય સાંપડ્યું. દરેક મુલાકાતે આ કર્મયોગીને અવનવે રૂપે નિહાળ્યા, પરંતુ પ્રત્યેક વેળા અંતરના તારમાં મીઠી શી ઝણઝણાટી થતી. કેવી હતી એ રોમાંચક પળો તે આજે આ કલમ ને કાગળ હાથમાં લેતાં પ્રત્યક્ષ અનુભવાય છે, પરંતુ કળાવી નથી શકાતી !

આ ક્રિયાયોગી સાથેની પહેલી મુલાકાત દરમિયાન જ તેઓશ્રીનો પ્રશ્ન હતો 'તમારું નામ શું ?' સામે મેં પ્રત્યુત્તર કર્યો, 'વિદ્યા' અને ઘણી જ મર્મપૂર્ણ સામેથી ટકોર થઈ. 'નામ સાર્થક કરવાનો પ્રયાસ કર' પણ મૂઢમતિ સમ આ 'અવિદ્યા'ની હજી 'વિદ્યા' નથી બની શકી !

આ મહાત્મા સાથેના પ્રથમ મિલન બાદ અમો પતિપત્ની-એકબીજાને તેઓશ્રીનાં દર્શનથી શાં શાં સંવેદનો જાગ્યાં તેની આપલે કરતાં કરતાં ઘર તરફ પાછા ફર્યાં. બેઉને લગભગ સરખો જ અનુભવ થયેલ ! એવું કંઈક અગમ્ય તત્ત્વ હતું શ્રીમોટાની માયામાં, કે જે અમને તેઓશ્રીની તરફ આકર્ષી રહ્યું હતું. ઘણી ઘણી વાતો કરવી હતી તેઓશ્રીની સાથે પણ જાણે કે મોં સિવાઈ જતું અને અંતરપ્રદેશના ઊંડાણમાં ઊતરતાં જાણે શાંતિનો ભાસ થતો. જોકે કેટલીક વખત એવો પણ અનુભવ થતો કે, અંતરમન જાણે ભાવશૂન્ય બને છે, અને તેઓશ્રીના અન્ય ભક્તજનો સાથેની વાતચીતમાં અન્ય ગૃહસ્થધર્મીઓ જેવી જ રોજબરોજની વાતચીતો તરફ મન દોડી જતું. અમારી પૂજ્ય શ્રીમોટા સાથેની મુલાકાત નવી જ કહેવાય, પરંતુ યોગાનુયોગ કહો કે એઓશ્રીની મૂક કૃપા કહો, અમારે ઘરે બે દિવસમાં પધારવાનું તેઓએ સ્વીકાર્યું.

આટલાં વર્ષના પરિણીત જીવન દરમિયાન અમારા કુટુંબ માટે આ પ્રથમ અમૂલ્ય લહાવો હતો. કેટલીક પ્રાથમિક તૈયારીઓ *મોટા*ના નિકટના સહવાસમાં રહેતાં અમારા એક સંબંધી બહેનને પૂછી પૂછીને કરવા માંડી. બાળકોને પણ આ મહાન વ્યક્તિનાં દર્શન કરવાંનું કુતૂહલ જાગ્યું.

એ શુભ ઘડી આવી પહોંચી અને એ પાવનકારી પદસંચાર થતાં અમારું આંગણું પાવન બન્યું. કર્મવીરની સાથે સાથે અનેક ભક્તોનાં પગલાં પણ થયાં અને એ બે દિવસ ક્યાં વહી ગયા, તે ભાન પણ ન રહ્યું. જોકે વર્ષોથી અજ્ઞાનરૂપી ધૂળના થરો બાઝેલાં હોઈ આ જ્ઞાનદીપક આંગણે આવી રહ્યો હોવા છતાં પૂરતાં અજવાળાં અંતરે ન પડી શક્યા પણ એ દીપકના તાપે બાઝેલાં પ્રમાદના થરો પીગળવાનું ભગીરથ કાર્ય જરૂર આરંભ્યું. તેઓશ્રીના સહવાસ દરમિયાન જે જે બિનાઓ બની અને તે પરથી જે રીતે રોકટોક થઈ, તેનો આજે વિચારવિનિમય કરતાં ઘણો ઘણો ફાયદો થતો જણાય છે. મારી નાનકડી પુત્રીના મનમાં પણ એની પાસે હિંમત વધે એવાં કાર્ય કરાવીને હિંમતનાં બીજ રોપ્યાં કે જે આજે અમે બેઉ પ્રત્યક્ષ પાંગરતાં નિહાળી રહ્યા છીએ. કેવી ગહન છે એ ક્રિયાયોગીની શક્તિ !

આ સમયે સ્વપ્ને પણ અમને ખ્યાલ ન હતો કે તેઓશ્રી કેટકેટલી મીઠાશ અને વળી પોતાની ઉગ્ર તપશ્ચર્યાનાં આંદોલનો અમારા નિવાસસ્થાનના કણેકણમાં પ્રેમથી ભરી ગયેલા. આજે હવે આંતરમનની એકાગ્રતા કરી એ જ દીવાલોની વચ્ચે શાંતિથી બેસતાં જાણે કે એ આંદોલનો તન અને મનને અપૂર્વ શક્તિથી ભરી દે છે. અને એ શક્તિ સુપ્ત આત્માને ઢંઢોળતી અનુભવાય છે.

દિનપ્રતિદિન બનતા પ્રત્યેક પ્રસંગો અને અનુભવોમાં જાણે કે શક્તિ કાર્ય કરી રહી છે. અને તેઓશ્રીની કૃપાદૃષ્ટિ આપણા પર પડતાં જ પ્રગતિના પંથે પ્રયાણનો પ્રારંભ થાય છે.

❊ ❊ ❊

## ભગવાન પ્રત્યેની અભિમુખતા

ભગવાન પ્રત્યેની અભિમુખતા ભૂમિકા વિના જાગતી નથી કેટલીક વાર એમ બનતું હોય છે કે આંતરિક ભૂમિકામાં આ પ્રક્રિયા ચાલતી હોય છે. જેની આપણને પણ જાણ હોતી નથી. જ્યારે ભગવાન પ્રત્યેની પ્રચંડ અભિમુખતા જાગી ઊઠે ત્યારે જીવને-અનુભવીને અથવા શ્રેયાર્થીને નિમિત્ત કારણ બને છે. આ માટે કોઈ પણ બાબતની પ્રચંડ ધૂન હોવી અતિ આવશ્યક છે. ભલભલા ગુંડાઓમાં સામાન્ય સંસ્કારી કરતાં ભગવાન તરફ વળવાની શક્યતા વધારે હોય છે. ઇતિહાસ નોંધે છે કે, વ્યભિચારીઓ ભગવાનના પરમ ભક્ત થઈ ગયા. ટૂંકમાં, કોઈ પણ પ્રકારનું અનોખાપણું-મસ્ત ધૂન તેનામાં હોવી જોઈએ. જોકે આપમેળે કશું જ પ્રગટતું નથી. જેવી રીતે ભૂગર્ભમાં પડેલા તેલને બહાર લાવવા માટે ભારે પ્રયત્નો કરવા પડે છે, તે રીતે વ્યક્તિએ પણ મથવું પડે છે.

(પૂજ્ય શ્રીમોટાની ટેપરેકૉર્ડેડ વાણીનું સંપાદન) સંપાદક : **પ્રા. કાર્તિકેય ભટ્ટ**

('શ્રીમોટા-વાણી-૧૩', આ.૧, પૃ. ૧૦, ૧૧, ૧૩, ૧૫)

❊ ❊ ❊

# પરોપકારી સંત

## શ્રી જિતેન્દ્ર જરીવાલા

બી. કૉમ.

(પૂજ્ય શ્રીમોટાના ચાહક સ્વજન એવા સુરતના એક ઉદ્યોગપતિ)

**પરોપકારી સમાજસેવક સંત :**

'આ શરીર પરોપકાર માટે છે.' એ મંત્રનો સાક્ષાત્કાર પૂજ્ય શ્રીમોટામાં જોવા મળે છે. પૂજ્ય શ્રીમોટા સમાજને માટે જ જીવે છે. દર્દની પીડા પુષ્કળ થતી હોય છે. છતાંય ભક્તો સાથે જાણે કશું જ થતું ન હોય તે રીતે વર્તતા હોય છે. આવી શરીરની હાલતમાં પણ તેઓ તેને ભગવાનની કૃપા ગણી પ્રાર્થના-ભજનો લખતા-કરતા હોય છે. સામાન્ય માણસથી એવું લખાણ શક્ય જ ન હોય, પૂજ્ય શ્રીમોટા પૅડ અને પેન સાથે રાખે છે અને તે સૂતાં સૂતાં કે કોઈકને ત્યાં મુલાકાતે ગયા હોય તો ત્યાં પણ સતત લખતા હોય છે. એમનાં લખાણો પુસ્તકાકારે પ્રસિદ્ધ થતાં તેની આવક પણ શ્રીમોટા દાનમાં જ આપી દે છે. આશ્રમનો નિભાવ આ રીતે મળતાં દાનોમાંથી નથી થતો.

કેટલાંક લોકો પૈસાનું ઉઘરાણું કરે છે ત્યારે ખુશામત કરવી પડે છે. જ્યારે પૂજ્ય શ્રીમોટા તો લાખો રૂપિયા દર વર્ષે ઉઘરાવે છે. અને એમની યોજના મુજબ જે વર્ષે સંકલ્પ કર્યો હોય તે જ વર્ષમાં આપી દે છે. તેઓ તો કહે છે કે 'હું તો પૈસાનો પૂજારી છું, મારે માટે પૈસા નથી જોઈતા.' તમારા માટે, તમારા સમાજ માટે તમારા છોકરાઓમાં ગુણ અને ભાવના પ્રગટે તે માટેની યોજનાઓ પાર પાડવા માટે મારે પૈસાની જરૂર છે. તમે નહિ આપશો તો મારો હજાર હાથવાળો ભગવાન બેઠો છે. તે મારાં કામ પૂરાં કરશે.' ખરેખર એમનો હજાર હાથવાળો સમાજરૂપી ભગવાન એમના સંકલ્પો પૂરા કરાવે છે. ખૂબીની વાત એ છે કે એમણે જેટલો સંકલ્પ કર્યો હોય તેથી વધુ રકમ મળી રહે છે. એને આપણે સંકલ્પસિદ્ધિ ગણાવીએ તો કાંઈ અજુગતું નથી. એમણે સમાજસેવા અને ધર્મને એક ગણ્યો છે. આથી જ પૂજ્ય શ્રીમોટા બીજા સંતો કરતાં આગવી પ્રતિભા ધરાવે છે. સમાજસેવા અને ધર્મને ભેગા કરી સંતોને પણ સેવા કરવાની નવી પદ્ધતિ આપી છે. એમણે દઢ થઈ ગયેલી પ્રણાલિકાનું ખંડન કરી આજના સમય અને સંજોગોને અનુસરી આપણો સમાજ કેમ ઊંચો આવે, જુવાન ઊગતી પેઢીમાં સાહસ, હિંમત જેવા ગુણો ખીલે એ દૃષ્ટિને કેંદ્રમાં રાખી એ ગુણો ખીલવવાના હેતુથી અનેક પ્રવૃત્તિઓ ચાલુ કરી છે. એમણે ફક્ત તરણસ્પર્ધા ગુજરાતમાં જ નહિ, પરંતુ મહારાષ્ટ્રમાં પણ સ્પર્ધા યોજી ત્યાંની રાજ્ય સરકારને દાન આપ્યું છે.

પૂજ્યશ્રી મોટાનું દિલ પુષ્પ કરતાં પણ કોમળ છે અને એમના કોઈ સ્વજનના દુઃખથી એમનું દિલ ભરાઈ આવે છે. પૂજ્ય શ્રીમોટા દિલની બધી જ વાત જાણતા હોય છે. અને તેમને મળવા આવનારનું દિલ જાણી એના મનના ભાવોનો પડઘો પાડતા હોય છે. તેઓ ચમત્કારો વિશે મૌન સેવતા હોય છે.

**એમણે ઘણા ભક્તોનાં કામ કર્યાં છે અને પ્રાર્થનાથી કેટકેટલાના રોગ અને દુઃખ દૂર કર્યાં છે.** તેઓ તેમની આગવી રીતે કાર્ય કરે છે. એમના વિશે ખોટો પ્રચાર સમાજમાં ન ફેલાય અને ચમત્કારને ઉત્તેજન ન મળે તે માટે તેઓ ખૂબ સજાગ છે. કારણ કે ચમત્કારથી કોઈનું ભલું થતું નથી. જેઓ ફક્ત કુતૂહલ વૃત્તિવાળા અગર દંભી હોય તેઓ પ્રત્યે તેમનું વલણ ખૂબ જ 'કડક' હોય છે. એવું આપણને લાગે અને કદાચ આવનાર માણસ એમને માટે ખોટી છાપ પણ લઈ જાય. પરંતુ સંતોનાં લક્ષણો અને એમનાં વલણને આપણે સમજી શકવાને અશક્તિમાન હોઈએ છીએ. **તેઓ તે સ્પષ્ટ કહે છે કે મારે લોકોનાં ટોળાં ભેગાં નથી કરવાં. એમને તો શાંતિથી જીવવું છે. માટે જે ખાસ જિજ્ઞાસુ હોય તેવા જ આશ્રમની મુલાકાતે આવે. એથી આશ્રમમાં મુલાકાતનો સમય, સુરત આશ્રમ માટે સવારના ૬ થી ૯ વાગ્યાનો રાખ્યો છે. બાકીના સમયમાં કોઈને મુલાકાત આપતા નથી. સમયપાલનના તેઓ ખૂબ જ આગ્રહી છે અને આશ્રમમાં પણ નિયમિત ક્રમબદ્ધ રીતે કાર્ય થવું જોઈએ તે માટે દઢ આગ્રહ રાખે છે અને તેઓશ્રીની ખરાબ તબિયત હોવા છતાં (અને હવે તો પથારીવશ છે એમ કહીએ તો ચાલે.) નિયમનું પાલન પોતે કરતા હોય છે.**

યોગનું લક્ષણ કાર્યમાં કુશળતા લાવવાનું છે. અને જો તે સામાન્ય જીવનવ્યવહારમાં લાવી શકાતી ન હોય તો તે યોગ નથી. એમણે ક્યારે પણ યોગને માટે કર્મને કે સમાજને છોડ્યો નથી. અને કુટુંબ વચ્ચે પોતાની જવાબદારીને પૂરેપૂરી સમજપૂર્વક ઉઠાવીને પુષ્કળ ગરીબાઈમાં દિવસો વિતાવીને ઈશ્વરનું સ્મરણ અને ભજન સજાગપણે કરતાં કરતાં મળેલું કર્મ કર્યું છે. ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો છે. અને આજે આપણે એમને સંત તરીકે ઓળખતાં થયા છીએ. એમણે આપણા સમાજમાં દઢ થઈ ગયેલા ધર્મ વિશેના ખ્યાલો અને ચીલાઓ બદલ્યા છે અને નવી દૃષ્ટિ આપી છે. ધર્મકાર્ય અને દાનનો ઉપયોગ સમાજને માટે અને સમાજના ઉત્કર્ષ માટે કરતા હોય છે. મંદિરો બાંધવાં કે સપ્તાહ કરવી કે યજ્ઞો કરવાને ઉત્તેજન આપતા નથી. તેનો વિરોધ પણ કરતા નથી, પરંતુ આ કાળમાં એને ઉત્તમ કાર્ય ગણાવતા નથી. એથી સમાજનો ઉત્કર્ષ થઈ શકશે નહિ એવું તેઓ મંતવ્ય ધરાવે છે. તે માટેની યોજના અગર **જે કાંઈ નવું કાર્ય કોઈએ કર્યું હોય અને તેની એમને ખબર પડે તો તરત જ તેની પાસે જઈ એના કાર્યની પ્રશંસા કરે છે અને જરૂર પડે તો તેમને સુવર્ણચંદ્રક વગેરે આપી એમનું બહુમાન કરે છે. સાહસના કામમાં નાણાકીય જરૂર હોય તો તે પણ પૂરી પાડે છે. અને એને એ રીતે લોકો પાસેથી મળેલાં દાનનો સદુપયોગ કરે છે. સમાજમાં એઓ ભગવાનનું પ્રતિબિંબ જુએ છે.**

દાન માગતી વખતે તેઓ કહે છે, 'તમારે દાન આપવું હોય તો આપજો. પરંતુ દાન કરવાથી સવાયું કે દોઢું થઈને તમને પાછું મળશે એવી ભાવનાથી મને દાન આપશો નહિ. માટે સમજીને જ મને આપજો.' આવું નગ્ન સત્ય કહે છે. અને છતાં એમના હજાર હાથવાળો ભગવાન એમની ઝોળી લાખો રૂપિયાના સંકલ્પ કરતાં વધુ રકમ દ્વારા છલકાવી દે છે.

એમને રાજ્યના કે ભાષાના સીમાડા આડે આવતા નથી. ગુજરાત માટે કે મહારાષ્ટ્ર માટે કે કોઈ જ્ઞાતિ માટે તેઓ કાર્ય કરતા નથી. પણ સમગ્ર સમાજ માટે કરે છે. તેમાં ન્યાત-જાત કે ભાષાનો ભેદ એમને જણાતો નથી.

એમને તો સમાજનો ઉદ્ધાર કરવો છે. સમય ઘણો ઓછો છે, કારણ કે હવે જીવનરૂપી નાવ કિનારે આવી પહોંચી છે અને તે પહેલાં જેટલું વધારે કાર્ય થઈ શકે એટલું કરવું છે. કાયાની ઉપરવટ જઈને બદલામાં સમાજ શું આપશે ? તે તો ભગવાન જાણે ! ક્યારેક કટાક્ષમાં કહે છે, 'આપણો સમાજ તો કબરોને પૂજનાર છે. જીવતાને પૂજતો નથી.' આપણે એમના જીવનમાંથી એક તણખલા જેટલું પણ પ્રાપ્ત કરી શકીએ તો ધન્ય થઈ જવાય, પરંતુ એ કાળ પાકે તો અને એમની કૃપા મેળવી શકીએ તો. તેઓ કહે છે, 'ભાઈ બીજું કાંઈ ન આપશો તો ચાલશે. પૈસા નથી જોઈતા પણ તમારું દિલ આપો.' પણ કોણ દિલ આપી શકે ? જેમ હીરાની પરીક્ષા ઝવેરીથી જ કરી શકાય.

❊ ❊ ❊

# આપત્તિ પળે સ્મરણ

## શ્રી કાંતિભાઈ ફડિયા

(કે. એમ. ફડિયાથી ધંધાક્ષેત્રે ઓળખાતા અમદાવાદનિવાસી આ ભાઈએ ડિપ્લોમા ઈન રેડિયો ઍન્જિનિયરિંગ કોર્સ ૧૯૪૪ (બોમ્બે) કર્યો છે. અને સારાભાઈ ગ્રુપની 'ટેલિરેડ' રેડિયો ટ્રાનઝિસ્ટર્સ એન્ડ ટેલિવિઝનના વેચાણ પ્રતિનિધિ તરીકે કામ કરે છે.)

પૂજ્ય શ્રીમોટાના પ્રત્યક્ષ પરિચયમાં આવવાનું ઈ. સ. ૧૯૬૦માં બનેલું. જીવનવિકાસ કે આધ્યાત્મિક જીવન વિશે હું એ પળે ખાસ કશું જાણું સમજું નહિ. પણ તેઓશ્રીને જોતાં જ મને એમની પરત્વે ખૂબ જ આકર્ષણ થયું અને અંતરમાં ન કળી શકાય એવો ઉમળકો થયેલો. ત્યાર બાદ હરિઃૐ આશ્રમના કંઈ કામકાજ અંગે તેઓશ્રીને મળવાનું થાય.

મારી પુત્રી એક વખત ગંભીર બીમાર પડી. એને હૉસ્પિટલમાં ખસેડવી પડી. એને 'મૅનિંજાઈટિસ' છે, એમ નિદાન થયું. એ દીકરીને હૉસ્પિટલમાં રાખીને સારવાર અપાય એ મારાં પત્નીને ગમ્યું નહિ. પણ સંજોગોએ જ અનિવાર્યતા સર્જેલી. હું આવા સંજોગોમાં ઘણો જ મૂંઝાયેલો રહેતો હતો. એ પળે મને મારા એક મિત્રે કહ્યું, 'તું આ અંગે *મોટા*ને જણાવને !' મને થયું કે, *મોટા*ને આવી બધી વાતો કહેવાય નહિ. ત્યાર પછી એમ પણ થયું કે, આપણા આત્મીયજનને આપણે કહી શકીએ તો *મોટા*ને કહેવામાં શો વાંધો ? એમ વિચારીને મેં તો પત્ર દ્વારા *મોટા*ને જણાવ્યું. એ જ દિવસે મારી દીકરીની તબિયત ગંભીર બની ગઈ. ડૉક્ટરોએ આશા મૂકી દીધી. હું સૂનમૂન બેઠેલો, ગંભીર હતો. પણ દિલમાં દુઃખનો અણસાર સરખો ન હતો. દીકરીની છેવટની ઘડીઓ હતી. આ પળે મારું મોં બંધ હોવા છતાં અંતરથી 'હરિઃૐ'નો મંત્ર જપાતો હતો. અને હું જ જાણે એ સાંભળતો હતો.

કેટલોક સમય પસાર થયો. ડૉક્ટરોએ મારી દીકરીને ફરીથી તપાસી. તો એમને આશા જણાઈ. વધુ સારવાર કરી અને ડૉક્ટરોએ ચિંતા ન કરવા જણાવ્યું.

ત્યાર બાદ મારાં પત્નીની પાસે બેઠેલાં એમનાં એક બહેનપણીએ મારાં પત્નીને કહ્યું, 'તમારા પતિ ખૂબ જ મોટેથી 'હરિઃૐ' બોલ્યે જ જતા હતા. મને ખૂબ અચરજ થયું.'

એ બહેનની આ વાત સાંભળી મને પણ આશ્ચર્ય થયું. મારી અંદર કોઈક બીજી શક્તિ આટલે મોટેથી 'હરિઃૐ' બોલતી હતી ? મારા હોઠ બંધ હતા. છતાં એ બહેનને જ કેમ સંભળાયું ?

મારી એ બીમાર દીકરીને દવાખાનામાંથી રજા અપાઈ. એને ઘેર લાવ્યા. પછી થોડા દિવસો પછી તેનું અવસાન થયું. એના અવસાનથી અમને અવશ્ય દુઃખ થયું. પણ એથી અમે કાંઈ લેવાઈ ગયા ન હતાં.

સત્પુરુષોનો સમાગમ અને એમનું સ્મરણ આપણા દિલમાં કેવું અપૂર્વ બળ પ્રેરી શકે છે, એનો આ જીવતોજાગતો અનુભવ મને થયો. વળી, જેવા ગુણો તેઓશ્રી ધરાવે છે એવા ગુણોનો સ્પર્શ આવી પળે

આપણને થાય છે. આજે હું એ ઘટનાને યાદ કરું છું, ત્યારે એમ થાય છે કે આવા કરુણ પ્રસંગે હું આટલી હિંમત, સ્વસ્થતા અને શાંતિ કેવી રીતે જાળવી શક્યો ?

યોગાનુયોગ કહો કે પ્રભુકૃપા પણ મારાં પત્નીની ઇચ્છા દીકરીને દવાખાને મરવા દેવાની ન હતી. એ પણ કેવી સંતોષાઈ ગઈ !

પણ મને ત્યારથી લાગ્યું છે કે જીવ જો પ્રભુનું સ્મરણ કરવા માટે છે અને જો એ કરી પણ શકે તો એ પણ પ્રભુની એક મહાન કૃપા જ ગણાય !

પૂજ્ય શ્રીમોટાનું સ્મરણ મારા જીવનની એ કેવી નાજુક પળે, આર્દ્રતાથી થઈ ગયું એનું પરિણામ આજે મને જાગ્રત રખાવે છે-એ જાગૃતિ પણ પ્રભુકૃપાને લીધે જ છે એમ મને સ્પષ્ટ લાગે છે.

❈ ❈ ❈

# ક્લેશ હરનાર
# શ્રી ધીરુભાઈ મોદી

(જાણીતી પ્રકાશન અને પુસ્તક વિક્રેતા સંસ્થા આર. આર. શેઠની મુંબઈની શાખાના મૅનેજર)

ત્રણેક વર્ષ પર શ્રીમોટાના પરિચયમાં આવવાનું થયું. તે પહેલાં અનેક ભ્રમ અને જડ માન્યતાઓ સેવતો હતો. તે બધી પંદર મિનિટની પ્રથમ મુલાકાતમાં જ નષ્ટ થઈ ગઈ. એક ધસમસતા પૂરની જેમ તેઓ મારા જીવનમાં પ્રવેશ્યા. 'બધાંયમાં મારો વહાલો એ બિરાજે છે માટે બધાંયને ખૂબ ખૂબ પ્રેમ કરો' એ એમનો ખાસ ઉપદેશ છે એમ સમજ્યો છું.

મારા મામાઓ, આર. આર. શેઠની કંપનીના ભાગીદાર ભાઈઓ, છૂટા થયા તેમાં હું કંઈક નિમિત્ત બનેલો. એટલે ૧૪ વર્ષનાં વહાણાં વાયાં છતાં મોટા મામાના કુટુંબ સાથે સંબંધ તૂટી ગયા હતા. પૂજ્ય મોટાનું સાહિત્ય વાંચતાં મને થયું કે ગમે તે પક્ષની ભૂલ કે ગેરસમજ થઈ હોય, ભલે સંબંધો બગડ્યા હોય, મારે મોટા મામાના કુટુંબ સાથે સામેથી જઈને માફી માગીને સંબંધ જોડવો જોઈએ. પૂજ્ય શ્રીમોટાની પરબની પ્રવૃત્તિનું શુભ નિમિત્ત લઈ મોટા મામાના જ્યેષ્ઠ પુત્ર હરકીશનભાઈ પાસે ગયો. માફી માગી, ગઈ ગુજરી ભૂલી જવા કહ્યું. તેમણે ૫૦૧-રૂ.નો ચેક આપ્યો. અમારા સંબંધો જાણે તૂટ્યા જ ન હતા એવા ફરી સંધાઈ ગયા.

**મારા નાના કુટુંબમાં ભારે અશાંતિ. મારાં પત્ની અને મારાં બાની વચ્ચે ભારે ઝઘડા થાય. બાએ મૌનમાં જવાનું નક્કી કર્યું. આવ્યા પછી મને કહ્યા કરે કે મારે તને વાત કરવી છે નિરાંતે કરાય તો સારું. મારા મનમાં કે મારાં પત્ની અને મને એક મોટું પ્રવચન ભક્તિ કેમ કરવી તે વિશે સાંભળવાનું મળશે. એ પ્રસંગ જ્યારે આવ્યો ત્યારે મારા આશ્ચર્ય વચ્ચે સાઠ ઉપરની ઉમરનાં મારાં બા પાંચ વરસના નાનાં બાળકની જેમ મારા ખોળામાં સૂઈને ધ્રૂસકે ધ્રૂસકે રડે. 'મેં મારા એકના એક દીકરાને ને વહુને ખૂબ દુઃખ દીધું. આટલાં વર્ષ જરાય ચેનથી રહેવા દીધાં નથી. ભયંકર ગુનો કર્યો છે.'**

**આ મારા માટે અણધાર્યો સુખદ અનુભવ હતો. મારી બાની પ્રકૃતિમાં ફેર પડે એવી મને આશા ન હતી. અમારાં કુટુંબની અશાંતિ જેમ અમારા સગાંવહાલાંને જાણીતી હતી તેમ આ પ્રકૃતિપલટાની વાત પણ બધે જાણીતી થઈ. પ્રકૃતિ ફેરવવી અશક્ય હશે પણ પૂજ્ય મોટા જેવા મહાન યોગીની કૃપાથી તો તે પણ શક્ય બને એની ખાતરી થઈ. જોકે અનુભવે સમજાયું છે કે ભક્તિ અને મૌનનો સતત સંપર્ક જરૂરી છે.**

પૂજ્ય મોટા કહે છે કે 'મનુષ્યમાં પોતાનામાં જ એટલા દુર્ગુણો અને દોષો છે કે એને બીજાના દોષો જોવાનો સમય મળે છે એ જ નવાઈ. માણસ પોતાના દોષ જોવા માંડે તો આખી જિંદગી ક્યાંય પૂરી થઈ જાય તોય પાર ન આવે.' કબીર સાહેબે કહ્યું છે–

'બૂરા દેખન મૈં ગયો, બૂરા ન મીલો કોઈ
જો તન દેખા આપકા મુજસા બૂરા ન કોઈ.'

પૂજ્યશ્રીનાં ચરણે વંદન કરી આપણા દોષો જોવાની શક્તિ આપણામાં આવો એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના.

✻ ✻ ✻

## નિરાગ્રહીપણું

સવાલ : આપ નિરાગ્રહીપણા પર ભાર મૂકો છો. તો સાધકને મન તેનું શું મહત્ત્વ હોઈ શકે ?

જવાબ : સર્વ કોઈ પરિસ્થિતિમાં સંપૂર્ણપણે જ્ઞાનાત્મક દશા પ્રગટાવવી હોય તો ઉપયોગના જ્ઞાનભાન સાથે નિરાગ્રહીપણું રાખીએ તો સદાય નિરાંત, નિશ્ચિંતતા, પ્રસન્નચિત્તતા, સમતા, શાંતિ આદિ પેદા થયા કરે.

(સંપાદક : **પ્રા. ઈંદુકુમાર દેસાઈ**)

✻ ✻ ✻

# બધું જ ચોક્કસ

## શ્રી નાનુભાઈ પટેલ

(ન્યુ ઈરા મોટર રિપેરિંગ સર્વિસ અમદાવાદના ભાગીદાર અને પૂજ્યશ્રીના ચાહક.)

ઈ. સ. ૧૯૫૮માં કોકે કહેલું કે નડિયાદથી કપડવંજના રસ્તે હરિઃૐ આશ્રમ છે, ત્યાં એક સંતપુરુષ રહે છે. હું અને ડૉ. પી. એમ. મહેતા હરિઃૐ આશ્રમે ગયા ત્યારે ઉઘાડા શરીરે એકમાત્ર ચડ્ડી પહેરીને બેઠેલા એ સંતપુરુષે અમને ખૂબ જ ઉમળકાપૂર્વક આવકાર આપ્યો અને અમારી ખબરઅંતર પૂછી. અમે પરસ્પર તદ્દન અજાણ્યા છતાં પણ આટલા બધા ઉમળકાનો ભાવ ! અમને આશ્ચર્યમાં ડુબાડી રહેલા આ કોઈ ગાંધીવાદી કાર્યકર છે એવી છાપ લઈને અમે તો પાછા ફરેલા. સંત વિશેનો જે પરંપરિત ખ્યાલ હોય છે એથી જુદી છાપ પડેલી.

પણ પછીથી પૂજ્ય શ્રીમોટાના સંપર્કમાં આવવાનું જેમ જેમ બનતું ગયું એમ એમ એમની પરત્વે મારું આકર્ષણ વધતું ગયું. હું એમની પાસે જઉં બેસી રહું. ચીંધે તેટલું કામ કરું પણ કશું જ બોલું નહિ. વળી, અમારી વચ્ચે એવી કોઈ વાતો પણ થાય નહિ. ધર્મ કે આધ્યાત્મિકતાના વિષયમાં હું ઊંડો ઊતરેલો નહિ. છતાં કોક એવી વાતો પૂજ્ય મોટા સાથે કરે એ હું સાંભળું ખરો.

**આજે છેલ્લાં પંદર વર્ષના ગાળા દરમિયાન બનેલી ઘટનાઓનું તારતમ્ય કાઢતાં મને એટલું લાગે છે કે એમને મળ્યા પછી મને સૌ પ્રથમ મારા દોષો દેખાવા લાગેલા. એ જ દોષોને હું 'દોષ' રૂપે જોતો નહોતો. વળી પાછું એ બધું ડંખવા પણ લાગ્યું. જીવનમાં વ્યવસ્થિત રહેવું, નિયમિત રહેવું, કામમાં ચોકસાઈ રાખવી, કાળજીપૂર્વક કામ કરવું વગેરે બાબતો પ્રત્યે હું ઘણી જ ઉપેક્ષા સેવતો. પણ પૂજ્ય શ્રીમોટાને વારંવાર મળવાનું થતાં તેઓએ કશું પણ મને દર્શાવ્યું નથી. છતાં મને મારા આ દોષોનું ભાન થયું, એનું મને ખૂબ આશ્ચર્ય થયું.**

ત્યારથી એ બધા દોષોમાંથી બહાર નીકળવાની મથામણ આરંભાઈ. હરિઃૐ આશ્રમ દ્વારા થતાં કાર્યને હું જોતો. નાનામાં નાનાં કામ પરત્વે મોટામાં મોટાં કામ જેવી કાળજી રખાતી. કોકે ડબ્બામાં નાસ્તો બાંધી આપ્યો હોય, અને એની ઉપર કપડું બાંધીને આપ્યું હોય તોપણ એ ડબ્બો અને કપડું વ્યવસ્થિત રીતે પાછું મળી જ ગયું હોય ! આટલાં બધાં કામોમાં કપડું પણ એટલું જ સચવાઈને પાછું મળે એવી અપેક્ષા તો આપનારે પણ નહિ જ રાખી હોય.

પહેલાંના પ્રમાણમાં હું થોડોક વધુ વ્યવસ્થિત, ચોક્કસ અને સમયપાલનમાં નિશ્ચિત બન્યો છું. મને પૂરેપૂરી ખાતરી છે કે આ જાગૃતિ પૂજ્ય શ્રીમોટાની ચેતનાના પ્રભાવથી જ થયેલી છે. નહિતર અગાઉ આ જ દોષો મને ગમતા હતા. કોઈએ પણ સૂચવ્યું હોય તો હું મારી પદ્ધતિ ન જ ફેરવી શક્યો હોત. પણ પૂજ્ય શ્રીમોટાના મૌન દ્વારા પણ આ ફેરફાર અકળ રીતે બન્યો છે, એ જ મારે માટે સૌથી મોટો અનુભવ છે.

* * *

# 'હું બંધાયેલો, તું છૂટો'

## શ્રી લક્ષ્મીપ્રસાદ સી. અમીન

(બી. એ., એલ એલ. બી.)

(એલ. જી. અમીન ઍન્ડ કંપની ઍઝબેસ્ટૉસ સિમેન્ટ પ્રોડક્ટ્સ અને પેઈન્ટસના વિક્રેતા તથા પૂજ્ય શ્રીમોટા રામનવમી સાક્ષાત્કારદિન ઉત્સવ સમિતિના મંત્રી)

મારા ભાગીદાર શ્રી વનરાજભાઈ સત્સંગપ્રેમી. એમના એક મિત્ર ડેપ્યુટી કલેક્ટર શ્રી નરોત્તમભાઈ પટેલ હતા. એ બન્ને સાથે કુતૂહલવશ એકવાર નડિયાદ હરિઃૐ આશ્રમ જવાનું થયું. ઈ. સ. ૧૯૬૫નો ફેબ્રુઆરી મહિનો હતો. બારીકાઈથી નિરીક્ષણ કર્યું. મૌનમંદિરના નિયમો વાંચ્યા. આશ્રમથી પ્રભાવિત થઈને મેં જ્યારે નરોત્તમભાઈના ઘરે મૌનમાં બેસવાનો વિચાર કર્યો ત્યારે મારા ટીખળી સ્વભાવથી પરિચિત હોય એમણે સાચું માન્યું નહિ, પરંતુ મેં આગ્રહ ચાલુ રાખતાં ફરીથી આશ્રમ પૂછવા માટે ગયા. તે જ સમયે એક ભાઈનો તાર હતો કે બીજે દિવસથી તે બેસવાના નથી. તેની જગ્યા મેં સ્વીકારી લીધી અને બીજે દિવસે સવારે મૌનમાં બેઠો.

મૌનના દિવસો આનંદમાં ગયા. બહાર નીકળ્યો ત્યારે પૂજ્ય શ્રીમોટા ન હતા. એટલે બીજે અઠવાડિયે દર્શને ગયો. વીસપચીસ ભાઈઓ બેઠેલા, મેં *મોટા*ને પૂછી નાંખ્યું, 'મહારાજશ્રી, ઘણા કહે છે એવો ચમત્કાર કે અનુભવ મને તો મૌનમંદિરમાં ન થયો. મને આપ કોઈ આવો અનુભવ કે ચમત્કાર કરાવો તો જ માનું કે તમે ખરા સંત છો.' બીજા સત્સંગીઓ મારા પ્રત્યે ઘૃણાથી જોવા લાગ્યા. એક જણે તો ધીમેથી મને કહ્યું પણ ખરું, 'પૂજ્યશ્રી બહુ જ મોટા સંત છે. તેમની આગળ આવી રીતે પ્રશ્નો મૂકવાની ધૃષ્ટતા યોગ્ય નથી.' મહારાજશ્રીએ બધાંને જણાવ્યું, 'તે ભાઈને જે કંઈ કહેવું હોય તે છૂટથી કહેવા દો.' ત્યાર બાદ મને ઉદ્દેશીને કહ્યું, 'મારી પાસે કોઈ ચમત્કાર કરવાની શક્તિ નથી છતાંયે તમારો દુરાગ્રહ અને ઈચ્છા છે તો મને રૂપિયા પચીસ હજારની જરૂર છે. આપી શકશો ?' તરત જ મેં જવાબ આપ્યો 'એક બાજુથી મારી પાસે કોરો ચેક લો, બીજી બાજુ ચમત્કાર કરી બતાવો તો હું ગમે તેટલી રકમ આપવા તૈયાર છું.' **પૂજ્યશ્રીએ જિજ્ઞાસા, અશ્રદ્ધા, હિંમત અને ઘમંડની પરીક્ષા કરી લીધી. એટલે જવાબ આપ્યો, 'મારે તમારા પૈસાની કોઈ જરૂર નથી. છતાંયે તમે છૂટા અને હું ચમત્કાર અને અનુભવ કરાવવા બંધાયેલો. જરૂર પ્રસંગે યાદ કરજો.'**

સમયના વહેણ સાથે બધું જ ભુલાઈ ગયું. એક વખત અચાનક અમને બન્ને ભાગીદારોને બેસતા વર્ષના દિવસે તા. ૨૫-૧૦-૧૯૬૫ના રોજ મહાજન બુક ડેપોવાળા શ્રી ચીમનભાઈ મહાજનને ત્યાં પૂજ્યશ્રી સાથે જમવાનું આમંત્રણ મળ્યું. અમે બન્ને ગયા. વિદાય લેતાં લેતાં પૂજ્યશ્રીએ બે ત્રણ વાર 'તબિયત સાચવજો' એવું કહ્યું. આની કંઈ જ નોંધ ગંભીરતાપૂર્વક લીધેલી નહિ. ત્રીસેક દિવસ બાદ હું મુંબઈની ઍઝબેસ્ટૉસ સિમેન્ટ લિમિટેડના ઝોનલ મૅનેજરને તા. ૨૪-૧૧-૬૫ના દિને કામા હોટલમાં મળવા ગયો. ત્યાં ડ્રાઈવર તેડવા આવ્યો. ઘરે આવ્યો તો મારા ભાગીદાર તદ્દન બેશુદ્ધ હાલતમાં હતા

અને લકવો થઈ ગયેલો. ગુલાબબાઈ જનરલ હૉસ્પિટલમાં તેમને ખસેડ્યા. એ દરમિયાન પૂજ્ય શ્રીમોટાને અને બીજા એક સંતને તારથી ખબર આપેલી. બીજે દિવસે મહાજન સવારે હૉસ્પિટલમાં આવ્યા અને *મોટા*ને સમાચાર મળ્યા છે એ વિગત જણાવી અને કહ્યું કે '*મોટા*ના ફોટા આગળ તમે અગરબત્તી ના સળગાવો. એથી *મોટા*ને ધ્યાનમાં હેરાનગતિ થાય છે.' ત્રીજે દિવસે સાંજે સાડાસાતના સુમારે વનરાજભાઈને એક છીંક આવી અને શરીર ખાટલામાંથી બેએક ફૂટ જેટલું ઊછળ્યું. ત્યાર બાદ ડૉક્ટરોએ શરીર તપાસ્યું અને બ્રેઈનહેમરેજ થઈ ગયું છે એમ જણાવ્યું અને સલાહ આપી, 'હવે આમાં કંઈ નથી, ઘરે લઈ જાવ.' ડૉ. સુમંત શાહ તથા શ્રી પી. એમ. મહેતા જેવા ડૉક્ટરોનો અભિપ્રાય એવો હતો કે હવે બચવાની કોઈ આશા નથી. નાડી પણ જતી રહેલી હતી. તેથી બધી સારવાર બંધ થઈ, પરંતુ અનેક સામાજિક અને કૌટુંબિક કારણોને લઈને મેં એમને ઘરે લઈ જવાની ઇચ્છા રાખી નહિ અને પ્રસંગ આવ્યે દવાખાનેથી જ સ્મશાને લઈ જવું એવું ધાર્યું.

તે રાત્રી મારે માટે કસોટીની હતી. અંતર પોકારી પોકારીને કહેતું હતું કે ભાગીદાર બચી જાય તો ઘણું સારું. મેં મારા જપ અને પ્રાર્થના શરૂ કર્યાં. મને *મોટા*એ કહેલી વાત યાદ આવવા લાગી એટલે આર્દ્ર હૃદયથી પ્રાર્થના કરતાં કરતાં કહ્યું કે **'*મોટા*, તમે કહેલું, 'જરૂર પ્રસંગે યાદ કરજે' તો કહું છું કે તમે મારા ભાગીદારને બચાવો અને ચમત્કાર બતાવવાનું તમે જે વચન આપેલું તે પાળો તો ખરા. મારા ભાગીદારને જીવતદાન આપો.'**

બીજે દિવસે ચોવીસ કલાક બાદ નાડીના મંદ મંદ ધબકારા ફરી પકડવા લાગ્યા. એટલે ડૉક્ટરોએ ઑક્સિજન આપવાની શરૂઆત કરી અને થોડા દિવસમાં આશા જન્મી. હૉસ્પિટલમાં આવ્યાને સાત દિવસ બાદ પૂજ્યશ્રી જાતે હૉસ્પિટલમાં પધાર્યા. કર્ણોપકર્ણ સાંભળેલી વાતથી હૉસ્પિટલનો તમામ સ્ટાફ ભેગો થઈ ગયો. પૂજ્યશ્રીએ તેમને પૂછ્યું, 'તમને આ કેસ કેમ લાગે છે ?' તેમણે કહ્યું, 'અમારી શક્તિ બહારનો.' પૂજ્યશ્રીએ વનરાજભાઈના આખા શરીરે હાથ ફેરવ્યો અને મને ઉદ્દેશીને બોલ્યા, 'ભાઈ જીવશે અને બોલશે, બોલશે એટલું જ નહિ પણ હરતાં ફરતાં થઈ જશે. હિંમત રાખજો અને ભગવાનનું નામ લેતા રહેજો.'

શરીર સાજું થઈ ગયું ધીમે ધીમે તદ્દન હરતાંફરતાં થઈ ગયા.

અમદાવાદ ગીતાબાગ સોસાયટીના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને ત્યાં પૂજ્યશ્રી પધારેલા ત્યારે હું, વનરાજભાઈ અને ત્રીજા મૂલચંદભાઈ અમીન એમનાં દર્શને ગયેલા. અચાનક બધાંની હાજરીમાં મને અને મારા ભાગીદારને બોલાવીને મને પૂછ્યું, 'હવે કંઈ અનુભવ થયો હોય એવું લાગે છે ?' અને મારા ભાગીદારને કહ્યું, 'તમે તમારા ભાગીદારને લીધે જીવતા છો. તેમની ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખીને બાકીની જિંદગી રામનામના વેપારમાં પૂરી કરજો.' આ વખતે અમને ભાન થયું કે માંદગીમાંથી ઊઠવા માટે પૂજ્યશ્રીની કૃપા જ કારણભૂત હતી. છતાં પૂરેપૂરાં વિશ્વાસ કે શ્રદ્ધા બેસે નહિ. મને મનમાં વિચાર આવ્યો કે 'મેં મનોમન જે પ્રાર્થના કરી તે મારા સિવાય તો કોઈ જાણે નહિ. પૂજ્યશ્રીને તો હું મળ્યો પણ નથી. એમને આ વાતની ક્યાંથી ખબર ?'

બીજી એકવાર હું, ચીમનભાઈ શાહ (મહાજન) અને વનરાજભાઈ ત્રણે જણા સુરત મૌનમાં બેઠા હતા. અમદાવાદ પાછા આવ્યા પછી નડિયાદ પૂજ્યશ્રીનાં દર્શને અમે ત્રણે જણા ગયા ત્યારે ડૉ. મુક્તાબહેન અમીન વગેરે સવારના કાયમી સત્સંગી ત્યાં હતા. મુક્તાબહેને પ્રશ્ન પૂછ્યો, 'કોઈ વ્યક્તિ ફક્ત એક જ વાર કે થોડી વાર સંતના સમાગમમાં આવે ત્યારે તેનું કામ થઈ જાય ખરું ?' *મોટા*એ જવાબ આપ્યો, 'હા, નિમિત્ત હોય તો કોક વાર એવું બને પણ ખરું.' તે મુક્તાબહેને ફરીથી પૂછ્યું, 'તમારો એવો અનુભવ કોઈને થયેલો ખરો ?' જવાબમાં અમદાવાદમાં જ હમણાં જ એક ભાઈને આવો અનુભવ થયો છે એમ કહ્યું. આ સમયે જ અમારો આશ્રમમાં પગ મુકાયો અને પૂજ્યશ્રીએ હર્ષાવેશમાં આવી જઈને પ્રશ્ન પૂછનારને કહ્યું કે, 'મારો ભગવાન હાજરાહજૂર છે. આ આવનાર ભાઈઓને પૂછી જુઓ.'

આ પ્રસંગ પછી પૂજ્યશ્રીમાં મને શ્રદ્ધા બેઠી, પણ પાકી તો નહિ જ. આવા તો બીજા પણ અનુભવ થયા છે. અકસ્માતમાં હરિઃૐના સતત જપથી અને પૂજ્યશ્રીના સતત સ્મરણથી મારી સમક્ષની વિકટ પરિસ્થિતિ હળવી થતી અનુભવી છે. છતાં પૂજ્યશ્રી પ્રત્યેનું મારું વલણ સગડગવાળું રહ્યા કર્યું છે. બુદ્ધિ શંકાઓ ઉઠાવ્યા કરે. પૈસા ઉઘરાવવા બાબત પણ મારું વલણ સંકોચવાળું રહ્યા કરે. એટલે કેટલીકવાર એમણે પ્રેમથી સમજાવ્યું છે કે એમનો હેતુ એમાં બીજો જ હોય છે. જોકે તેની મેં કેટલીકવાર ખાતરી કરી.

આમ છતાં મારી ગાંઠ છૂટે નહિ એટલે આ ઉત્સવની જવાબદારી મારા પર નંખાવી અને મારા વિકાસનું એ એક પાસું બની ગયું.

એવા ગુરુમહારાજને અનેકાનેક વંદન.

❋ ❋ ❋

# કૃપાનુભવ

## શ્રી રમેશભાઈ રાવળ

(આસિસ્ટન્ટ કમિશનર ઑફ સેલ્સટૅક્સ. સેલ્સટૅક્સ ઑફિસ, ભાવનગર)

સને ૧૯૫૯માં મારી બદલી રાજકોટથી અમદાવાદ થઈ. ત્યારે રાજકોટના સ્થાયી જીવનમાંથી અમદાવાદ જેવા મોટા શહેરમાં બદલી થતાં મકાનભાડા, બસભાડા વગેરેનો આર્થિક ફટકો સહન કરવો પડે અને તેથી આવી બદલી અટકાવવાનો પ્રયત્ન કરવા મન સ્વાભાવિક રીતે લલચાય છે. પણ તે પણ ઈશ્વરસૂચિત હશે તેમ માનીને બદલી સ્વીકારી લીધી. ખરેખર ભવિષ્યમાં ઈશ્વરકૃપાથી ગુરુમિલાપ થશે તેની કલ્પના પણ ન હતી. અમદાવાદમાં બાળકોનાં પુસ્તકો ખરીદવા મહાજન બુક-ડેપોમાં જતાં ભાઈશ્રી ચીમનભાઈ શાહ પાસેથી પૂજ્યશ્રી ગુરુદેવ મોટાનું નામ સાંભળ્યું. તેઓ જ એક વખત સને ૧૯૬૧માં નડિયાદ હરિઃ ૐ આશ્રમમાં પૂજ્ય મોટાનાં દર્શને લઈ ગયા અને તે શુભ ઘડીએ *મોટા*નાં દર્શન થયાં.

મૌનમાં બેસવાની ઈચ્છા થતાં સને ૧૯૬૧માં ડિસેમ્બરના છેલ્લા માસમાં અઠવાડિયા માટે મૌનમાં બેઠો. સરકારી કર્મચારી તરીકે સાધનામાં બેસવા માટે સમયની મુશ્કેલી હોય છે, તેથી જ દર સાલ ડિસેમ્બરના છેલ્લાં અઠવાડિયાંમાં બેસી શકાતું. આ અંગત પુરુષાર્થ કે નિશ્ચયને કારણે બન્યું ન હતું, કારણ કે ગુરુકૃપા ન હોત તો માંદગી, સાંસારિક ઘટના, અન્ય વ્યાવહારિક સંજોગો સ્વાભાવિક રીતે આડે આવે. એ જોતાં વર્ષ આખરે છ પરચૂરણ રજા અકબંધ બાકી જ રહે તે પણ કદાપિ બની ન શકત.

સને ૧૯૬૫માં સરકારી કામગીરી અંગે મારે ડિસેમ્બરના પ્રથમ અઠવાડિયામાં દિલ્હી જવાનું થયેલું એટલે હું સમયસર મૌન માટે પહોંચી શકું કે કેમ તે પ્રશ્ન હતો. ગુરુકૃપાથી ખૂબ ખૂબ દિલથી પ્રાર્થના થતી હતી. અને એ મારી હૃદયની આરજૂ ગુરુદેવે સાંભળી. તેને પરિણામે જ મારું કાર્ય સમયસર આટોપીને મૌનમાં નિયત સમયે બેસી શક્યો. સને ૧૯૭૧ની લડાઈના વાતાવરણ વચ્ચે અને ગઈ સાલ ૧૯૭૨માં સરકારી કર્મચારીઓની સંપૂર્ણ હડતાલની પરિસ્થિતિ ઊભી થયેલી ત્યારે પણ ગુરુકૃપાથી નિર્ધારિત સમયે એટલે કે ડિસેમ્બરમાં અને નિશ્ચિત સમયે એટલે કે છેલ્લાં બે અઠવાડિયાંમાં સતત બેસી શકાયું છે. તે ગુરુકૃપા વગર ન બની શકે.

દરેક સાંસારિક જીવને આત્મકલ્યાણ કરવાની ઝંખના તો હોય છે જ, પરંતુ સાંસારિક પરિબળો જેવાં કે આશા, તૃષ્ણા, મોહ, માયા, મમતા વચ્ચે એટલો બધો અટવાયેલો રહે છે કે આત્મઝંખના હોવા છતાં આ પરિબળો સામે આત્મચિંતન સહજતાથી અને સુદૃઢપણે કરી શકતો નથી. આવું ચિંતન કરવા માટે ચાલુ સાંસારિક વાતાવરણથી અલિપ્ત રહીને થોડા સમય માટે એકાંતવાસ ગાળવાની આવશ્યકતા રહે છે. આ માટે પૂજ્ય શ્રીમોટાએ હરિઃૐ આશ્રમમાં સાધનારૂમોનું આયોજન કર્યું છે. તે દરેક સાધનાપિપાસુ જીવો માટે આશીર્વાદરૂપ છે. તેમાં એકાંતવાસ ગાળવા માટે ચાલુ જીવન જરૂરિયાતની બધી સુવિધાઓ પૂરી પાડી છે. તેમાં તો ફક્ત જિજ્ઞાસુએ એકાંતવાસ ગાળવાનો છે. પૂજ્ય મોટાની

પ્રેરણાથી જે જિજ્ઞાસુ આવા સાધનારૂમમાં આત્મચિંતન અને નામસ્મરણ માટે બેસે છે, તેને સહજતાથી અવિરત નામચિંતન થઈ શકે છે. એમ તેમાં પૂજ્યશ્રીની ચેતનાનું પ્રેરકબળ મળી રહે છે તેવો દરેક સાધકને વધતા ઓછા અંશે અનુભવ મળી રહે છે.

❋ ❋ ❋

## નિમિત્તના પ્રકારો

નિમિત્તના ત્રણ પ્રકારો પાડવામાં આવે છે. કારણનિમિત્ત, સૂક્ષ્મનિમિત્ત અને સ્થૂળનિમિત્ત. કારણનિમિત્તમાં બીજરૂપે સ્થૂળ અને સૂક્ષ્મનિમિત્ત રહેલાં છે. સૂક્ષ્મનિમિત્તમાં બીજરૂપે સ્થૂળ અને કારણનિમિત્ત રહેલાં છે. સ્થૂળ નિમિત્તમાં સૂક્ષ્મ અને કારણનિમિત્ત બન્ને રહેલાં છે, પરંતુ બીજરૂપે નહિ. સ્થૂળમાં તો તે વ્યક્ત થયેલાં જ હોય છે. દા.ત. પૃથ્વીમાં જળ, તેજ, વાયુ, આકાશ વગેરે તત્ત્વો વ્યક્ત થયેલાં જ છે.

આપણું જીવન પાંચ કરણોનું બનેલું છે. (૧) મન (૨) બુદ્ધિ (૩) ચિત્ત (૪) પ્રાણ (૫) અહમ્. આમાં અહમ્ આપણને ગતિ કરાવે છે. ત્યારે પ્રાણ અને બુદ્ધિ જ ખાસ અગત્યનાં છે. નિમિત્ત જુદા જુદા પ્રકારે શાથી પ્રગટે છે? કારણ કે આપણામાં કામ, ક્રોધ, મોહ, લોભ, મદ, આશા, ઈચ્છા, તૃષ્ણા, લોલુપતા, આ બધાંમાંથી જુદા જુદા સંસ્કારો પ્રગટે છે. આ સંસ્કારોની સમગ્રતામાંથી નિમિત્ત પ્રગટે છે, જે જુદા જુદા પ્રકારે હોય છે.

(પૂજ્ય શ્રીમોટાની ટેપરેકૉર્ડેડ વાણી પરથી **પ્રા. કાર્તિકેય ભટ્ટ** સંપાદિત)

('શ્રીમોટા-વાણી-૧૩', આ.૧, પૃ. ૧૮, ૧૯)

❋ ❋ ❋

# ‘એ છે મારો કૃષ્ણ’

## શ્રી ચંદુલાલ મોતીભાઈ પટેલ

(પૂજ્ય શ્રીમોટાના ઉત્કટ ચાહકોમાંના એક. અમદાવાદ, અસારવાના
ચંદુલાલ મુખી તરીકે લોકોમાં જાણીતા સાધક. હાલ નિવૃત્ત જીવન.)

પૂજ્ય શ્રીમોટાના ભાઈ મૂળજીભાઈ ભક્તના સાળા સોમાભાઈ ભાવસાર એકવાર મને સાબરમતી આશ્રમમાં *મોટા*નાં દર્શને લઈ ગયા. એ મારું પૂજ્યશ્રી સાથેનું પ્રથમ મિલન. અન્ય સાધુ, સંન્યાસી અને બાવાઓનો હું નિકટ પરિચય સાધતો. એટલે પ્રથમ મુલાકાતે એવી પ્રતીતિ થઈ કે આનામાં કશુંક વિશેષ છે.

અવારનવાર મળવા જાઉં એટલે મને કહ્યું, ‘તારે ઘરનાં બધાંની અનુમતિ લઈને આવવું.’ હું મારા પિતાશ્રીને લઈને ગયો. એમને ગીતાનો રસ ખરો. એમણે *મોટા*ને પ્રશ્નો પૂછ્યા અને તેનાથી ખૂબ સંતોષ પામ્યા. મને ઘરે આવીને કહે, ‘મારામાં શિથિલતા વ્યાપી ગઈ છે. આ શરીરથી હવે એને પકડાય એમ નથી, પરંતુ તારાથી જો એના પદ છૂટી જશે તો આ જીવનમાં કંઈ પણ પામી શકીશ નહિ. એટલે તું જે રસ્તે જાય છે, ત્યાં ભૂલો પડ્યો નથી. મારી તને રજા છે.’

મને થયું. ‘મારા પિતાએ મને જન્મ આપ્યો છે અને જગત પર મૂક્યો છે. અને એ પિતા જો કહે છે કે ‘આનું નામ ઈશ્વર’ તો મારે બીજે ખોળવા જવું નથી.’ એમ ધારી *મોટા*ને વળગ્યો. હું નિરાકાર અને સાકાર ઈશ્વરની વાત સમજતો ન હતો, પરંતુ મારા પિતાજીએ મને સાકાર ઈશ્વર બતાવી દીધો.

એક દિવસ સાબરમતી આશ્રમમાં બેઠેલો. *મોટા* કહે, ‘મુખી, તું આવે છે અને જાય છે. કંઈ બોલતો નથી. આજે ઈશ્વર મારો આપવા બેઠો છે. મુખી તારે શું જોઈએ ?’

મારું મન ચકડોળે ચડ્યું. ગડમથલ અનુભવી. ‘લક્ષ્મી માગું ? પણ જ્યાં ઈશ્વર છે ત્યાં લક્ષ્મી છે જ. પણ જ્યાં લક્ષ્મી છે ત્યાં ઈશ્વર નથી.’ અંતે મેં કહ્યું, ‘મારે ઈશ્વરદર્શન જોઈએ છે. તે પણ તમારે કાંધે ચડીને નહિ પણ તમે આંગળી ચીંધો અને હું પ્રયત્ન કરું એ રીતે.’

*મોટા* બે મિનિટ અંતર્મુખ થઈ ગયા પછી બોલ્યા, ‘ભાઈ ! ઈશ્વરદર્શન અશક્ય નથી, પરંતુ ઈશ્વર કાંઈ એમ રેઢો પણ પડ્યો નથી કે રસ્તામાં ભેટી જાય. એટલે ઈશ્વર જે માગણી મૂકે તે કબૂલ રાખતો હોય તો હું તને આંગળી ચીંધું એ માટે બે કામ કર.

૧. આજીવન બ્રહ્મચર્યનું પાલન કરવું પડશે.

૨. કુટુંબ અને સ્વજનો પ્રત્યેની ફરજો બજાવતા રહેવું પડશે.

આ બે શરત સાથે એક આસને, એક સ્થળે, એક જ સમયે બેસી ઈશ્વરનામ લીધા કર.’

મેં તો એ રીતે શરૂ કરી દીધું. રાત્રીના ૧૦-૧૧ પછી મારું આસન શરૂ થાય. સન્મુખતા પૂજ્ય શ્રીમોટાની જ કેળવી. એકવાર તો ગૂંચવણમાં પડેલો તે *મોટા*એ સાકાર થઈને તેનો ઉકેલ પણ દર્શાવેલો. એ દિવસોમાં ઠંડીમાં મને ખરજવું થયેલું, આસન વાળીને પ્રાર્થના થઈ ન શકે. આર્તનાદે પ્રાર્થના થાય.

અંદરથી અવાજ આવ્યો, 'આસન છોડવાનું નથી. મને ભજે જા. દર્દ ઊપડે છે તેને માટે ગરમ મોજાં લાવી પહેરી લે, એટલે મટી જશે.' અને એ રીતે દર્દ નાબૂદ પણ થયું.

સાતેક વર્ષ બાદ પૂજ્ય શ્રીમોટા પાસે આબુ તરફ જવાની રજા માગી ત્યારે મારાં પત્નીને કહે, 'તારા ધણીને વાઘ ફાડી ખાશે તો મારી જવાબદારી નહિ. તારે ના જવા દેવો હોય તો ના જવા દઈશ.'

આખરે મને સૂચના આપી, 'કોઈ મનુષ્ય પ્રવેશે નહિ છતાં પાણીનું સાધન હોય ત્યાં જજે.' મેં ગુરુશિખરની પાછલી બાજુએ માઈલ દોઢ માઈલનું સ્થાન પસંદ કર્યું. ત્યાંના બાવાને સૂચના આપેલી, 'ચાર દિવસ ખાવાનું મોકલશો નહિ અને પાંચમે દિવસે મોકલો ત્યારે હરિઃૐનો પોકાર પાડજો અને સામે હું હરિઃૐનો પોકાર કરીશ ત્યારે બતાવેલી જગ્યાએ મૂકીને જતા રહેવું. મને મળવું નહિ.'

રાત્રી થઈ. મન ગભરાયું. હિંસક પશુઓ બહાર આવવા લાગ્યા. તેમના અવાજો પણ સંભળાય. ગભરાઈને એક બખોલમાં બેઠો. રાત્રે બારેક વાગ્યા હશે ને પેશાબની હાજત થઈ પણ મન તો ઊઠવા ના પાડે. ત્યાં *મોટા*નો અવાજ સંભળાયો, પહેલાં તો મેં એને ભ્રમણા માની. બીજી વાર અવાજ સ્પષ્ટ આવ્યો. 'જો હું તારી સમીપ ઊભો છું. તું એકલો નથી અને જે રાત તને ભયંકર લાગે છે તે કેટલી રળિયામણી છે તે તો જો.' આ સાંભળી હિંમત આવી અને બહાર નીકળ્યો. એક જાતનો આનંદ પ્રવર્ત્યો. પછી બહાર એકવીસ દિવસ અવધૂત દશામાં બેઠો. આમ, *મોટા*એ નિર્ભયતા પ્રગટાવી. બીજી વાર આબુ ગયો. તે તો શાંતિ અનુભવવા જ. પણ ત્યારે મારું હુક્કાનું વ્યસન સાકાર સ્વરૂપ લઈ સામે આવ્યું અને કહે, 'મને કાઢી મૂકવું હોય તો હું જાઉં.' મેં કહ્યું, 'હું આઠ વર્ષનો હતો ત્યારથી તારી સેવા કરું છું. હવે કોઈ ભરી ના આપે અને વાનાં કરે તેનાં કરતાં તું જાય તો સારું !' એણે જ્યારે મને કહ્યું, 'હું જાઉં છું.' ત્યારે મારામાં એક પ્રકારની હળવાશ આવી ગઈ. પહેલાં જ્યારે મહિનો મહિનો મૌનમાં બેસતો ત્યારે બહાર નીકળી *મોટા*ને પૂછતો, 'હુક્કો મૂકી દઉં ?' ત્યારે *મોટા* ના જ પાડે. *મોટા* કહેતા, 'તું જે કરે તે કર પણ કશાના બંધનમાં ના રહીશ.' જ્યારે હુક્કાનું સાકાર સ્વરૂપ મારામાંથી ગયું અને મને હળવાશ પ્રવર્તી ત્યારે *મોટા*ની વાત સમજાઈ કે જે જવું જોઈએ તે પ્રાણમાંથી જવું જોઈએ.

**ઓડ પિરાણા કેનાલ પર મારી જમીન છે. ત્યાં દસેક જણ સાથે કૂંડાળા વચ્ચે હું બેઠેલો. ત્યાં કાળોતરો નાગ આવી ધોતિયામાં ભરાઈ જઈને કરડ્યો. મેં ધોતિયું કાઢી નાંખી તેને ગળામાંથી પકડ્યો. લબડતો રાખી કહ્યું, 'કરડનાર પણ તું અને કરડાવનાર પણ તું.' એમ કહી કેનાલમાં ફેંકી દીધો. ઝાટકા સાથે ઝેર ચડવા માંડ્યું. ત્યારે જપ કરતાં કરતાં ભગવાનને પ્રાર્થના કરી. 'દેહ પાડવો હોય તો પાડી દે પણ તારું નામ લેતાં લેતાં પાડજે.'**

**ત્યાં ને ત્યાં આખી રીત જપ કર્યો તે સવાર સુધી. સવારે એ ઝેર ડંખની જગ્યાએ સ્થગિત થઈ ગયેલું. બે-ત્રણ મહિના એની અસર ભારે રહેલી. પણ મારું 'કર્મ છોડવતો નહિ.' એવી પ્રાર્થના કર્યા કરતો અને લથડિયા ખાતો કર્મ કરતો.**

એકવાર હું, હીરાલાલ બેચરદાસ અમીન, ભોગીલાલ કુબેરદાસ અને શાંતિલાલ મોહનલાલ વકીલ પૂજ્ય મોટાનાં દર્શનાર્થે સાબરમતી આશ્રમમાં જતા હતા. મેં નદીમાંથી જ જવાનો નિશ્ચય કરેલો. નદી કિનારે જઈને જોયું તો નદીમાં પૂર. મારે નિશ્ચયમાં ફરવું નહોતું. મારા સાથીઓ તો પુલ પરથી ગયા.

હું નદીમાં સીધો ઊતર્યો. એક સ્વામીનારાયણ મહંતે મને રોક્યો, 'મૂર્ખો છે. આમાં ક્યાં જઈશ. નદી તો ઉલાળા મારે છે.' મેં કહ્યું, 'સામે કાંઠે મારો ભગવાન છે. તે મારું રક્ષણ કરશે જ. આ ગંગામા છે, નહિ જવાયું તો એની ગોદમાં જઈશ. બેમાંથી એકેમાં ગેરફાયદો હોય તો કહે.' તે કંઈ ન બોલ્યો. મેં તો ઝંપલાવ્યું. મને જાણે કોઈ હથેળી આપી પાર કરાવતું હોય એમ લાગ્યું. હું તો ભાવ મસ્તીમાં હતો. સામે કાંઠે પહોંચ્યો ત્યારે હથેળી ગાયબ. નાચતો કૂદતો ઓવારો ચઢવા જાઉં તો સામે જ *મોટા* લેવા આવેલા. તેમણે બાથ ભીડી દીધી. મને બિરદાવ્યો. તે દિવસથી હું લોકોને કહું છું કે, 'મારા એ કૃષ્ણ છે. એના આદેશને માથે ચડાવું છું. મને કેટલાક વખતથી અંતરાત્માએ આજ્ઞા કરી કે, 'હવે તું આ સાધન છોડી દે અને આશાના ત્યાગ સાથે નિષ્કામ કર્મ કર.' હવે તો ગોપીઓના શબ્દોમાં માગું છું માત્ર મારા *મોટા*ની ભક્તિ.

* * *

# પ્રસંગયુગ્મ


## શ્રી રમેશભાઈ એમ. શાહ

એમ. કૉમ.


(મુંબઈની ડનલોપ કંપનીની ઑફિસમાં નોકરી કરતા પૂજ્યશ્રીના એક યુવાન મિત્ર.)

અમારી પૂજ્યશ્રી સાથેના સંબંધની શરૂઆત અમારાં લગ્નના સમયથી થયેલી. મહાજન બુક ડેપોવાળા શ્રી ચીમનભાઈ મારા મામા થાય છે અને એમને લીધે પૂજ્ય મોટાને આ પ્રસંગે મળવા ગયો.

પરંતુ આ અંગે મારા વડીલોની સ્પષ્ટ ના હતી. અમે બન્ને પૂજ્યશ્રીને મળ્યાં. તેમણે આશીર્વાદ સાથે જણાવ્યું કે 'તમારા બન્નેમાં મક્કમતા હશે તો જરૂરથી તમારા વડીલો જ જાતે તમારાં લગ્નમાં ભાગ લેશે, પરંતુ તમારે આ અંગે ધીરજ રાખવી પડશે. તમોને તમારા વડીલોની સંમતિ મળશે જ અને તેથી જ તમો સુખી થશો.'

અમારાં રોજબરોજનાં કામોમાં પણ પૂજ્યશ્રી પ્રત્યેની શ્રદ્ધા કેટલી કામ કરે છે, તેનો એક તાજો જ પ્રસંગ લખું છું. મારી મુંબઈ બદલી થઈ. મકાન મળે નહિ. ઘણી તપાસ કરાવી, ૧૫ થી ૨૦ હજાર રૂપિયા પાઘડી અથવા રૂ. ૩૦૦/- ભાડું એવી માગણી કરે જે મને તો પોષાય નહિ, પરંતુ મારાં પત્નીને પૂજ્યશ્રીમાં અતૂટ શ્રદ્ધા. તેણે તેમને વાત કરી ત્યારે તેઓએ જણાવ્યું 'તું બાથરૂમ સ્વતંત્ર હોય તેવું મકાન લેજે.' મારાં પત્નીએ જણાવ્યું કે તેવું મકાન મળવાની શક્યતા નથી, પરંતુ પૂજ્યશ્રીએ ત્યારે પણ જણાવ્યું, 'બહેન, તને જરૂર મળી જશે.' ત્યાર પછીના જ અઠવાડિયે મારા એક સંબંધીએ મને બોલાવી એક મકાન ફક્ત રૂ. ૪૦ના ભાડાથી અપાવ્યું. ડિપૉઝિટ રૂ. ૩૫૦૦ જ હતી. 'જે અશક્ય હતું તે શક્ય બન્યું કૃપાથી જેની'ના જેવો આ અનુભવ અમને તો જીવનમાં ખૂબ ખૂબ ઉપયોગી બની રહ્યો છે.

* * *

# વત્સલ મોટા

## શ્રીમતી કુસુમબહેન પટેલ

બી. એ., જી. બી. ટી. સી.

(સહકારી ક્ષેત્રના જાણીતાં સ્ત્રી-કાર્યકર. વિઠ્ઠલ કન્યા વિદ્યાલય, નડિયાદના સ્ત્રી અધ્યાપનમંદિરનાં આચાર્યા.)

પૂજ્ય મોટા વિશે લખતાં હૈયું ભરાઈ આવે છે. ઘણી વાર એમ થાય છે કે પૂ. ભીખુભાઈ જેવો ઉત્કટ ભાવ ઈશ્વરે મને કેમ ન આપ્યો ? જોકે હું સાત દિવસના મૌનમાં ઘણી વાર બેઠી છું. હમણાં બે વર્ષથી બેસી શકી નથી, તેનું દુઃખ મનમાં રહ્યા જ કરે છે. મૌનના સાત દિવસના અનુભવો, પ્રસન્નતા, ભક્તિભાવ, સ્મરણ આખું વર્ષ શ્રદ્ધા, સંતોષ અને વિશ્વાસનું વાતાવરણ મનમાં સર્જી દે છે. વ્યાપક પ્રેમભાવનાનું બળ સહેજે પ્રાપ્ત થતું નથી. પણ મૌનના દિવસોનું વાતાવરણ અને એ વાતાવરણમાંથી સર્જાયેલો ભાવ એ દિશામાં આપણું મોઢું તો ફેરવી જ આપે છે. એ મૌનના દિવસોમાં જાણે પૂજ્ય મોટા આપણી સાથે જ છે, એવો સૂક્ષ્મતમ ભાવ મનમાં રહ્યા જ કરે છે. મારાં માતુશ્રી અત્યારે સત્તાણું વર્ષનાં છે. એઓ મૌનમાં બેસતાં ત્યારે એમ કહેતાં, ‘સવારે ત્રણ વાગ્યે *મોટા* બૂમ પાડે, મા, ઊઠ’ અને હું ઊઠી જાઉં. હું તો એકલી રૂમમાં હોતી જ નથી. પૂજ્ય મોટા એમની સરસ ભજનમંડળી લઈને આવી જાય અને શું ભજનમંડળી જામે ! ખુશ થઈ જવાય. કેટલી ભવ્ય કલ્પના ! ઘડિયાળમાં જોતાં પણ નહિ આવડે અને એલાર્મ મૂકતાં પણ ન આવડે. સુંદર ભજનો ગાતાં આવડે પણ વાંચતાં નહિ આવડે, એટલે એલાર્મ મેળવે કેવી રીતે ? એટલે એમનો ભાવ અને શ્રદ્ધા પણ પૂજ્ય મોટાના તરફની અનન્ય ભક્તિ અને વિશ્વાસમાંથી જન્મ્યાં અને એક અભણ બહેને આટલી મોટી ઉંમરે પ્રસન્નતાપૂર્વક, પૂરેપૂરું સ્વાસ્થ્ય જાળવીને સાડત્રીસ દિવસ મૌનમાં ગાળ્યાં. તેઓ બહાર નીકળ્યાં ત્યારે હું એમનાં દર્શન કરવાં ગયેલી.

પૂજ્ય મોટા અમારા કુટુંબમાં આવ્યા, તે પછી અમારાં બા કર્મયોગી તો રહ્યા જ પણ ભક્તિયોગ તરફ પણ બરાબર વળ્યાં. પૂ. બાને જ્યારે ઘણી વાર ભાવવિભોર થતાં હું જોઉં છું ત્યારે મને તો એમનામાંથી આવો પ્રેમભાવ કેળવવાની પ્રેરણા મળે છે.

અમારા એક સગાંની માંદગી વખતે મારાં માજીએ જઈને જે ભક્તિભર્યું વાતાવરણ સર્જ્યું તેનાથી બધાંને આશ્ચર્ય થયું. એમણે હરિઃૐનો જપ શરૂ કરી દીધો. માંદા માણસની સેવામાં લાગી ગયાં. તેમનું મોત સુધરી ગયું. આ બધું એમના જીવનમાં *મોટા* ન મળ્યા હોત તો કેવી રીતે બનત ?

અત્યારે પણ લગભગ પાંચ છ કલાક ભક્તિ કરે છે અને આટલી મોટી ઉંમરે પ્રસન્નતાપૂર્વક તંદુરસ્ત જિંદગી જીવે છે. પૂજ્ય મોટાના સાંનિધ્યમાં બા ન આવ્યાં હોય તો આજે જે એમનાં દર્શન અમે કરી શકીએ છીએ તે ન કરી શકત.

**પૂજ્ય મોટાનું ‘જીવનદર્શન’ પુસ્તક મેં વાંચ્યું ત્યારે વાંચતાં વાંચતાં આંખમાંથી અશ્રુધારા વહેતી રહેતી.** પૂજ્ય મોટાએ ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા કેળવીને, અનન્ય ભક્તિભાવ કેળવીને, જીવનને ઉન્નત

બનાવી દીધું છે. *મોટા*માં હંમેશાં મેં અધ્યાત્મભાવ સાથે વાસ્તવદર્શન કર્યું છે. એમના જીવનનું એ ઊંચામાં ઊંચું પાસું મને લાગ્યું છે કે એમનું જીવન એકાંગી નથી પણ સર્વાંગી રહ્યું છે. અને તેથી જ ભક્તોને એક સંતની પ્રેરણા અને હૂંફ તો મળે જ છે. પણ સાથે સાથે એક વડીલની, મિત્રની, પિતાની, માતાની બધી જ હૂંફ મળે છે. કેટલાંયે કુટુંબો એમના સંબંધમાં આવે એ બધાં કુટુંબોને બરાબર નામ સાથે યાદ રાખે. એમનો કયો દીકરો કે દીકરી કેવાં છે તેનો પણ ખ્યાલ રાખે અને અવારનવાર વાલીઓને અને બાળકોને જરૂર પડ્યે ઠપકો, પ્રોત્સાહન, શાબાશી વગેરે આપી તેમના માટે એક પ્રેરણાત્મક વાતાવરણ ઊભું કરી દે છે.

એમને બહેનો, હરિજનો, સાહસિકો, પરોપકારી બધાંને ખ્યાલમાં રાખ્યા છે. અને એ બધાંમાં સાચી સાત્ત્વિક શક્તિ પ્રેરાય એવા કાર્યક્રમો યોજ્યા છે. ઘણા સંતોને એમના ભક્તો પાસે લાચારી ભોગવતા જોયા છે. પૂજ્ય મોટાને તો મેં હંમેશાં એમના ભક્તોને કહેતા સાંભળ્યા છે, ‘જુઓ ભાઈઓ, તમે મને પૈસા ઉપકાર કરીને આપતા નથી. હું તમારી પાસે નથી માગતો. હું તો મારો હક્ક છે અને તેથી હું માગું છું.’ આટલું જોરદાર અને હક્કપૂર્વક કોણ પ્રજા પાસે માગી શકે ? જેમની પાસે આત્મતેજ છે તે અને ઈશ્વર સારાં અને ઉત્તમ કામ માટે પૈસા આપવાનો જ છે એવી અનન્ય શ્રદ્ધા હોય તે જ માગી શકે. આવી અનન્ય શ્રદ્ધા પ્રજામાં પણ પ્રેરાય તો આજની આંટીઘૂંટીઓમાંથી માનવો મુક્તિ પ્રાપ્ત કરી શકે. ઈશ્વર સૌને *મોટા*ના વિચારોને લાયક બનવાની શક્તિ આપે એવી પ્રાર્થના.

❈ ❈ ❈

# દૃષ્ટિસંસ્કાર

## વૈદ્ય શ્રી પ્રભુભાઈ મ. ભક્ત

(આયુર્વેદ મહાવિદ્યાલય સુરતના પ્રાધ્યાપક)

અખો ગુરુ ગોતવા નીકળ્યો ને તેને નિષ્ફળતા સાંપડી. છતાં અનાયાસે ગુરુપ્રાપ્તિ થઈ ને ગુરુનાં પ્રવચનો ઉપદેશમાં હુંકાર દેનાર શિષ્યો અર્ધનિદ્રિત હતા, એટલે અખાએ પર્ણકુટિ બહારથી હુંકાર દીધો ને જ્ઞાનપ્રાપ્તિનો સંજોગ થયો. આવી કોઈ ધન્ય ઘડીએ ગુરુપ્રાપ્તિનો પ્રસાદ થાય છે.

ક્યાં હું દવાખાનામાં બેઠેલો એક વૈદ્ય અને ક્યાં જ્ઞાનમય સ્વરૂપસ્થ મહાત્મા પૂજ્ય શ્રીમોટા ! એઓનું દર્શન, એમની મારી દવા લેવાની ઈચ્છા, મારા દવાખાને એમનાં પુનિત પગલાં સ્થિર થવાં, દવાખાને પધારો તો આનંદ થાય. મારી ખુરશી પર બિરાજો તો ધન્ય થાઉં. એવું મારું હાર્દિક મનોમન નિમંત્રણ સાકાર થતાં મારા હૃદયમાં કોઈક ઉષઃકાલ જેવી ભ્રાંતિ થઈ છે અને એ મહાત્માના સૌમ્ય પ્રેરક દૃષ્ટિના યોગે ઉત્તરોત્તર વૃદ્ધિ થતી રહે છે. ધન્ય એ ઘડી જ્યારે મારું પ્રથમ મિલન અને દૃષ્ટિસંસ્કાર થયાં.

❋ ❋ ❋

# મૌનમંદિરનું માહાત્મ્ય

## શ્રી વ્રજલાલ રૂગનાથ ગાંધી

(મુંબઈની ડાઈ કલરની પ્રતિષ્ઠિત પેઢીના એક ભાગીદાર)

આજથી દસેક વર્ષ પહેલાં સૌરાષ્ટ્રનાં યાત્રાનાં સ્થળોએ અમે ગયેલાં. ત્યાંથી પાછા આવતાં કુદરતી પ્રેરણાથી હરિઃૐ આશ્રમ જોવા ગયાં. કંપાઉંડમાં પગ મૂકતાં જ રમ્ય વાતાવરણમાં આનંદપ્રદ શાંતિ અનુભવ્યા બાદ ઑફિસ જોઈ રસોડામાં ગયાં. વાંસ અને માટીની દીવાલોથી બનેલ રસોડાની વ્યવસ્થિત ગોઠવણી, સ્વચ્છતા અને સાદાઈ જોઈ પ્રભાવિત થયો. મૌનમાં બેસનાર માટેની વ્યવસ્થા જોવાનો લાભ મળ્યો. અનાયાસે આશ્રમ જોવાનો લાભ મળ્યો તે પરમાત્માની પરમ કૃપાથી અને સદ્‌ગુરુદેવ શ્રીમોટાની કૃપા અને પ્રેરણાથી જ બની શકેલું.

આશ્રમમાંથી પાછા જતાં રસ્તામાં જ મૌનમાં બેસવાનો ભાવ જાગ્યો. થોડા સમય બાદ પરમ પૂજ્ય શ્રીમોટાનાં દર્શનનો પ્રથમ લાભ મુંબઈમાં મળ્યો. **જૂન મહિનામાં મૌનમાં બેસવાની ચૌદ દિવસ માટેની તારીખો નક્કી થઈ સુરત આશ્રમેથી આવી ગઈ. મારું ચરબીવાળું ભારે શરીર હોવાથી ગરમી સહન કરી શકીશ કે કેમ તે બદલ કશો જ વિચાર આવ્યો નથી. અને હું મૌનમાં પ્રથમ વખત જ બેઠો. મૌનમંદિરમાં તો જરૂર પૂરતાં જ હવાઉજાસ આવી શકે તેવી વ્યવસ્થા છે. જૂન મહિનાની ગરમી તેથી મને શરૂઆતના ચાર પાંચ દિવસ અસહ્ય ગરમી લાગી. પરસેવો તો પાણીના રેલાની માફક ચાલ્યો જ જાય. છતાં 'હરિઃૐ'નો જપ ચાલુ રાખી મક્કમતાથી રહી શક્યો.** પરમ પૂજ્ય શ્રીમોટાની કૃપાથી એ શક્ય બન્યું ત્યાર બાદ દર વર્ષે મૌનમાં બેસવાની પ્રેરણા રહી.

મૌનમંદિરની અંદરનું વાતાવરણ શાંત દિવ્યતાવાળું હોય છે. જેનો અનુભવ દરેક સાધકને થાય છે.

**આવા શુદ્ધ પ્રભુમય વાતાવરણમાં બાહ્ય જીવનમાં કરેલાં સર્વે દુષ્કૃત્યો યાદ આવતાં પશ્ચાત્તાપ થાય, ભવિષ્યમાં તેવાં કર્મોથી અલિપ્ત રહેવાની ભાવના જાગે તેટલા અંશે મનનો મેલ ધોવાય છે. ચિત્ત શુદ્ધ થાય છે. ઈશ્વરઉપાસના માટેની ભાવના થયા કરે તે માટે સદ્‌ગુરુદેવ પરમ પૂજ્ય શ્રીમોટાની સહાયતા માટેની યાચના પણ કુદરતી જ થતી રહે છે.** મૌનમંદિરમાં એકાંતમાં અંધારામાં રહેવું અને બોલવાની પ્રકૃતિવાળા હોવા છતાં મૌન પાળવું દુષ્કર છે. જે ગુરુદેવની કૃપાથી અને પ્રેરણાથી જ શક્ય બને છે.

ઘણા સંત મહાત્માઓનાં જીવનચરિત્રો વાંચ્યાં છે. તે બધાંથી આ સદ્‌ગુરુદેવ નિરાળા લાગે છે. સંત મહાત્માઓ ઈશ્વર સાથે એકાકાર રહી આત્મોન્નતિ કરે છે. સાથોસાથ જે કોઈ તેમના સંસર્ગમાં આવે તેમને જ્ઞાનોપદેશ આપી આધ્યાત્મિક પંથે સહાયતા કરે છે. જ્યારે પૂજ્યશ્રીએ સાક્ષાત્કાર કરી જીવનમાં સાફલ્ય કર્યું છે અને સમાજનાં કાર્યો શરૂ કર્યાં છે.

આવા ગાંધીયુગના સેવાવ્રતધારી સંત આપણને મળ્યા છે, તે આપણા અહોભાગ્ય છે. ઈશ્વર તેઓશ્રીને દીર્ઘાયુષ્ય બક્ષે તેવી પ્રાર્થના સહ તેમને વંદન કરું છું.

* * *

# પૂર્ણપુરુષ મોટા

## શ્રી વેણીભાઈ પટેલ

બી. એ., એલ એલ. બી.

(જૂની સંયુક્ત કૉંગ્રેસના અમદાવાદના કાળુપુર વિભાગના કાર્યકર્તા, સંતપુરુષોમાં અભિરુચિ ધરાવનાર સજ્જન વકીલ.)

સને ૧૯૫૩ના દિવાળીની આસપાસ અસારવામાં રહેતા મારા વકીલ મિત્ર શ્રી શાંતિલાલ પટેલે મને કહ્યું કે ગાંધીઆશ્રમમાં એક સંતપુરુષ આવેલા છે, તેમનાં દર્શન કરવાં જેવાં છે. આ વાત કર્યાને બેચાર દિવસ બાદ સવારમાં સ્વપ્ન આવ્યું. તે સંતપુરુષ એક ઓરડીમાં ખાટલા ઉપર ભીંતે તકિયો અઢેલીને માથે સાફો બાંધેલા બેઠા છે અને હું તેમનાં ચરણે વંદન કરી રહ્યો છું.

આ વાત શ્રી શાંતિલાલને જણાવી કહ્યું, 'આજે તે સંતપુરુષનાં દર્શન કરવાં છે.' આમ, અમે બન્ને જણા કોર્ટમાંથી સાંજના હરિજન આશ્રમે ગયા. તે વખતે હું પૂજ્ય મોટાને ઓળખતો ન હતો કે તેમના વિશે કંઈ જાણતો ન હતો. જ્યારે અમે બન્ને જણા ગયા ત્યારે તેઓ મીરાંબહેનવાળી ઓરડીમાં સ્વપ્નમાં જોયા હતા એ જ સ્થિતિમાં બેઠા હતા. અમે ચરણવંદન કર્યાં અને બેઠા. આ પ્રસંગથી હું તેમના સંસર્ગમાં આવ્યો અને ત્યારથી પૂજ્ય મોટાનાં દર્શન કરવાંનું અવારનવાર બનતું રહ્યું છે જ.

આ પ્રસંગ બાદ પૂજ્ય શ્રીમોટા તા. ૨૮-૧૨-૧૯૫૩ના બેએક દિવસ અગાઉ વહેલી સવારે મારે ત્યાં પધારેલા. આ તેમનો અનુગ્રહ અને પ્રેમ. એમને ભેટ ધરેલી રકમ તા. ૨૮-૧૨-૧૯૫૩ના રોજ મને પરત મોકલી આપી તેથી હું વિસ્મય પામ્યો ! અને વિચાર આવ્યો કે કોઈ સાધુસંતને ભેટ કરેલ રકમ તે પરત તો ન જ કરે. તો પૂજ્ય શ્રીમોટાએ આમ કેમ કર્યું હશે ? આ સમયમાં પૂજ્ય શ્રીમોટા અમદાવાદમાં અને બલકે ગુજરાતમાં આજના જેટલા ખ્યાતિમાં ન હતા. આ પ્રસંગનું ગૂઢ રહસ્ય તેઓ પોતે જ જાણે. હા, તેઓએ તેમના પત્રમાં મને જણાવેલ કે પરત કરેલ રકમ બૅંકમાં કે પોસ્ટઑફિસમાં જમા કરાવવી અને દર માસે રૂ. ૧૫ કે ૨૫ની રકમ જમા કરાવવી. શરૂઆતમાં તે મુજબ પ્રયત્ન કરેલો. પણ પાછળથી તે નિયમ જળવાઈ શકેલ નહિ. આ પ્રસંગથી મને એમ લાગેલું કે પૂજ્ય શ્રીમોટા એક નિઃસ્પૃહ સંતપુરુષ છે.

નડિયાદમાં તે પછી હરિઃૐ આશ્રમની સ્થાપના કરવામાં આવેલી. એટલે તેમનાં દર્શન માટે ત્યાં જતો.

એક વખતે પૂ. શ્રી નંદુભાઈના મોટા ભાઈ શ્રી વાડીભાઈ સાથે નડિયાદ દર્શનાર્થે ગયો. ત્યારે તેમ જ બીજી અનેક વખત સ્વપ્નમાં પૂજ્ય શ્રીમોટાનાં દર્શનના પ્રસંગ જોયેલા. આવાં સ્વપ્ન અવારનવાર બે ત્રણ માસના અંતરે આવ્યા જ કરે છે.

સ્વાભાવિક રીતે પ્રશ્ન એ થાય કે આવા પ્રસંગો જીવન પર શી અસર કરે ? આમ તો હું વકીલાત કરું છું અને રાજકારણમાં પડેલો છું, એટલે સ્વાભાવિક રીતે જીવનવ્યવહારમાં રાગદ્વેષ ભરેલા હોય જ, પરંતુ સને ૧૯૫૩થી પૂજ્ય શ્રીમોટાના સંસર્ગમાં આવ્યા બાદ આ પ્રકારના રાગદ્વેષ ઓછા થયેલા અનુભવ્યા છે. એટલું જ નહિ પરંતુ જે તે સમયમાં દોડાદોડની પ્રવૃત્તિમાં પહેલાં રહેતો હતો, તે આપોઆપ ઓછી થઈ ગયેલી મેં અનુભવી છે. નામસ્મરણ તરફ અભિરુચિ વધતી ગઈ છે. એકલા પડતાં પ્રભુસ્મરણ તરફ

મન દોડે છે. બીજાઓની સાથે બેઠા હોઈએ ત્યારે શૂન્યમનસ્ક બેઠા હોઈએ તેવું લાગે. તેમની વાતમાં ખાસ રસ પડે નહિ, જે કંઈ કામ કરવાનું હોય તે આંતરિક ઉદાસીનતા સાથે પણ પ્રેમપૂર્વક કરાય છે.

એક દિવસ પૂજ્ય શ્રીમોટાને સ્વાભાવિક વાત કરી કે અમુક પ્રકારે અપ્રમાણિક વર્તન કરવાથી પૈસા મળે તેમ છે તો પૂજ્ય શ્રીમોટા કહે તે રીતે પૈસા આપણે મેળવવા નથી. 'ભલે લોકો આપણને ડફોળ કહે. તેથી કંઈ નાસીપાસ થવાનું ન હોય.' મૂળથી જ અપ્રમાણિક રીતે પૈસો ન મેળવવો તેવી નીતિ રહેલી તેમાં પૂજ્ય શ્રીમોટા આ રીતે પ્રોત્સાહન આપતા રહેલા છે. પૂજ્ય શ્રીમોટાને હું સર્વાધિક અને સર્વજ્ઞ માનું છું. આ દર્શન તેમનાં પુસ્તકો વાંચવાથી થયેલું છે. તેમનાં પુસ્તકોમાં તેમના ગુરુ સાથેના વ્યવહાર અંગેના તથા ચમત્કારો વિશે જે ઉલ્લેખો કરેલા છે, તે પ્રસંગો કોઈ સાધારણ વ્યક્તિના સામર્થ્યની વાત નથી. પણ એક પૂર્ણ પુરુષના સામર્થ્યની વાતો છે. પૂ. ગાંધીજી તેમના જીવન દરમિયાન ઘણી વખત જાહેર સભાઓમાં બહેનો પાસેથી સોનાનાં ઘરેણાં હરિજન કાર્યો માટે ઊતરાવતા હતા. તે વાત આપણે સૌ સારી રીતે જાણીએ છીએ. તેમના પછી જાહેર સભામાં બહેનો પાસેથી આજના સમયમાં તેમનાં સોનાના દાગીનાઓ ઊતરાવતા *મોટા*ને મેં નજરે જોયેલા છે. અને બહેનોએ હસતે મોઢે પોતાના દાગીના ઉતારી આપેલાં છે. તે પણ કોઈ રોકટોક વગર. શું આ હકીકત પૂર્ણપુરુષના સામર્થ્ય સિવાય બની શકે?

પૂજ્ય શ્રીમોટાના જીવનનું જો સૂક્ષ્મ દૃષ્ટિએ અવલોકન કરીએ તો આપણે સૌને તે એક સામર્થ્યવાન પૂર્ણપુરુષ છે તેમ લાગ્યા સિવાય રહે જ નહિ. પૂજ્ય શ્રીમોટાનું શરીર ઘણા રોગોનું ચાલતું હાલતું પ્રદર્શન છે. આદરેલ પ્રવૃત્તિઓને પરિપૂર્ણ કરવા માટે સેંકડો માઈલોની મુસાફરી મોટરમાં કરે છે, તે છતાં તેઓ સ્વસ્થ, શાંત અને હસમુખા રહે છે. આથી, તેઓ પ્રકૃતિથી પર વિચરતા હોય તેમ લાગે છે. તેઓ કાળચક્રની ગતિને પારખે છે. કાળથી થતાં પરિવર્તનો તેમને અસ્વસ્થ કરી શકતાં નથી. તેઓ પોતે જ પરાકાષ્ઠા છે. તેઓ સ્તુતિનિંદાથી પર છે. તેઓને કોઈ પાર્થિવ પ્રેમ નથી. તેઓ ગગનસ્પર્શી છે. તેમની પ્રવૃત્તિઓનો તાગ કાઢવો પણ આપણા જેવાઓ માટે મુશ્કેલ છે. પૂજ્યશ્રી પૂર્ણપુરુષ હોવા છતાં સંખ્યાબંધ દુન્યવી પ્રવૃત્તિઓ આદરી છે. ખરી રીતે તેમણે જે પ્રવૃત્તિઓ આદરી છે તે સરકારે કે ધનિક વર્ગે આદરવી જોઈતી હતી. *મોટા*ની પ્રવૃત્તિઓ માટે જોઈતા નાણાં તેઓ મધ્યમવર્ગના માણસો પાસેથી ભેગાં કરે છે. કોઈ ધનિકે કે મહાજને તેમની વિવિધ પ્રવૃત્તિઓ માટે ઉમળકો બતાવેલ નથી. તેમ છતાં આજદિન સુધીમાં પચાસ લાખ રૂપિયા જેવી રકમ ભેગી કરી જુદી જુદી પ્રવૃત્તિઓ અંગે વિવિધ સ્થાનિક, પ્રાંતીય કે દેશવ્યાપી સંસ્થાઓને દાન આપી છે. તેમાં પોતાના નામનો ઉપયોગ સરખો પણ કરેલો નથી.

છેલ્લાં પાંચેક વર્ષથી પૂજ્યશ્રી જાહેરમાં કહેતા આવ્યા છે કે બહુ જ કપરો કાળ આવી રહ્યો છે. હજુ તો પાશેરામાં પહેલી પૂણી છે, માટે સમાજે જાગૃત થઈ સમાજોત્થાનનાં કામમાં પોતપોતાના ગજા પ્રમાણે મદદ કરવી જોઈએ, પરંતુ પૂજ્યશ્રીની આગાહી પર કોઈનું લક્ષ્ય ખેંચાયું નથી. આજે ખરેખર કપરો કાળ આવી રહ્યો છે. આપણે તે અનુભવીએ છીએ, ખાવા માટે પૂરતું અન્ન નથી. પીવા પાણી નથી. ઢોરો માટે ઘાસ નથી. શહેરોમાં આની અસર ઓછી દેખાતી હશે, પરંતુ ગામડાંઓમાં વિશેષ પરિસ્થિતિ સર્જાઈ ચૂકી છે. તેની વ્યાપક અસર ઉનાળાના કપરા દિવસોમાં સૌ કોઈને થશે. પૂજ્ય શ્રીમોટાના વિચાર અનુસાર જીવન ગોઠવવા પ્રભુ આપણને આશીર્વાદ આપે.

* * *

# સર્વપ્રિય મોટા

## 'અજ્ઞાત'

(લેખકની વિનંતીથી તેમનું નામ છાપવાનું ન હોઈ સંપાદકોએ 'અજ્ઞાત' નામ આપ્યું છે.)

એક મિત્રે પૂજ્યશ્રી મોટાનો 'જીવન્મુક્ત' તરીકે નિર્દેશ કરેલો અને થોડા વખતમાં મુંબઈ પધારવાના હોઈ મળવા જણાવેલું. પહેલી મુલાકાત શ્રી હસમુખભાઈને ત્યાં થઈ. તેમની સાથે ગીતા વિશે વાર્તાલાપ થયો. સાથે જમવાનો પણ લહાવો મળ્યો. કુંભકોણમૂથી પાછા ફરતાં મુંબઈ એકવાર *મોટા* અમારે ત્યાં જમવા પધાર્યા. ફેક્ટરીમાં અમારે ત્યાં પહેલી વાર પધારેલા ત્યારે અમે મુશ્કેલીઓમાં ગળાબૂડ હતા. અમે પૂજ્યશ્રી મોટાની મુલાકાતનો ઉત્સવ મનાવેલ.

પૂજ્યશ્રી પપ્પા-સ્વામી રામદાસ મને બાથમાં લે, મારે ત્યાં જમે. આવી અપૂર્ણ રહેલી મનોકામના જ્યારે *મોટા*એ પૂર્ણ કરી ત્યારે ખાતરી થયેલી કે *મોટા* એ પપ્પાનું જ સ્વરૂપ છે. સર્વ 'એ'નાં જ સ્વરૂપ છેને !

ઈશ્વરના શબ્દો એટલે કે શાસ્ત્રો અને ઈશ્વરના દૂતો એટલે સંતો. સંતો એકાંતની અગત્યતા પર ઘણો ભાર મૂકે છે. હાલના ધમાલિયા જીવનમાં એકાંત શોધવું ઘણું કઠિન છે. પૂજ્યશ્રીએ શરૂ કરેલાં મૌનમંદિરો એ જરૂરિયાત પૂરી પાડે છે. સૌથી પહેલાં તો કુતૂહલ વૃત્તિથી પ્રેરાઈ **સુરત મૌનમંદિરમાં બીજાને થયેલા અનુભવો વાંચી આપણને પ્રતીતિ થાય છે કે જરૂર આ મૌનમંદિરમાં *મોટા*ની કોઈ અનન્ય શક્તિ સ્થાપિત થયેલી છે. જે સતત કાર્ય કરતી રહે છે. ખુલ્લી હવા બે કલાક પણ ન મળે તો મારું માથું ચડે ! પણ મૌનમંદિરમાં ખુલ્લી હવા ન હોવા છતાં, મને માથાના દુઃખવાની કોઈ ફરિયાદ થયેલી નહિ.** દર વખતે એવા નિશ્ચયથી મૌનમંદિરમાં પગ મૂકતો કે સ્મરણના આશ્રયે મૌનરૂમમાં રહેવું. પણ દૃઢતાની ખામીને લઈ *મોટા*નાં પુસ્તકોનો આશ્રય મારે લેવો પડેલો.

*મોટા* જે કામ હાથ પર લે તેમાં પૂરા ઓતપ્રોત થઈ જાય, તેની પાછળ પોતાનું બધું જીવનબળ રેડી દે છે, અને તેથીયે વધુ અગત્યનું એ કે તેમના દરેક કાર્ય પાછળ ભાવનાની જ્યોતિ સદાય ઝળહળતી રહે. આ કાર્ય પછી અભ્યાસ હોય કે સેવા હોય કે પોતા પર આવી પડેલી ફરજ હોય, હરિજન સેવાનાં કાર્યમાં કંઈ બાકી રાખ્યું નહિ. ઉપરથી ઉપાસનીબાબાની સેવાનો પ્રસંગ આવ્યો ત્યારે બધા અંતરાય દૂર કરી તેમનું અંતર જીતી લીધું અને તેમને આશ્રમે આવવાનું નિમંત્રણ મેળવ્યું. તેમના આશ્રમે ગયા ત્યારે બાબાએ કેવી કપરી કસોટી કરી શુદ્ધિ બક્ષી ! જ્યારે ગુરુમહારાજ ધૂણીવાળા દાદાથી સર્વ કોઈ ડરતા ત્યારે તેમણે તેમની સેવાની એક પણ તક જવા ન દીધી. કરાંચીમાં ફકીર સાથેની ચકાસણીમાંથી પાર ઊતરી ધ્યાનની પ્રક્રિયાની શીખ મેળવી. સને ૧૯૪૨ની ચળવળ દરમિયાન હરિજન સંઘના ફંડ માટે, પોલીસના માર અને પોતાની તબિયતની પરવા કર્યા વગર પગે ચાલી સારું એવું ફંડ એકઠું કરી ઠક્કરબાપાને આશ્ચર્યચકિત કરી દીધા. ફંડ માટે બોગસ રકમ લખાવનાર શેઠને પોતાની ધીરજ, સહનશક્તિ અને નમ્રતા વડે જીતી ખરેખર રકમ મેળવી. આ બધાંમાં તેમનાં ખંત, ધીરજ, સહનશક્તિ અને નમ્રતા

બહાર આવેલાં છે. સર્વ સાથે સદ્ભાવ, સર્વનો સહકાર અને સર્વનો સદુપયોગ તેમનાં વિશિષ્ટ લક્ષણો છે.

આપણો મોટામાં મોટો શત્રુ દંભ અને અહંકાર છે. પણ પૂજ્યશ્રીનું જીવન નાનપણથી જ સરળ, નિખાલસ અને નિરભિમાની રહેલ છે. સાધનાપથ પર હોવા છતાં તેમના અંગત મિત્રો કે સહકાર્યકર્તાઓ પણ તેમની સાધનાથી વર્ષો સુધી અજાણ હતા.

**સંત એટલે પ્રેમનો અવતાર. સમાગમમાં આવનારને પૂજ્યશ્રી પ્રેમથી નવડાવી દે છે. આપણે એ પ્રેમનો ઉત્તર દઈ શકતાં નથી. *મોટા* આપણને મળે છે ત્યારે કેટલા વહાલથી મળે છે ! તેમની આંખો ભીની થઈ જાય છે. પણ આપણે તો ઠંડાગાર, જડ લાકડાં જેવા જ હોઈએ છીએ.** આપણે એમના પ્રેમનો પડઘો પાડી શકતાં નથી. આપણા હૃદયમાં પ્રેમની નિષ્પત્તિ થવાને માટે ભૂમિકા જોઈએ. પૂજ્યશ્રી આપણામાં પ્રેમ પ્રગટે તે માટે જ તલસે છે. આવા પ્રેમના તે ભૂખ્યા છે. *મોટા* કહે છે કે સાધકનો ગુરુ પ્રત્યેનો પ્રેમ જ તેનો તારક બને છે. સંત તરીકે તેમને ઓળખવા એ આપણું ગજું નથી. પણ આપણામાંથી ઘણાએ આપણા કુટુંબના 'મોટા' તરીકે મુરબ્બી તરીકે જાણ્યા છે. આપણા વડીલ તરીકે, આપણા મિત્ર તરીકે આપણી દેખભાળ લે છે.

તેમની ઉત્કટ ઇચ્છા છે કે સ્વજનો પોતાનો વિકાસ કરે, ઘરેડમાંથી બહાર આવી જીવનના ઉદ્દેશ ભણી સજાગ બને, જીવનલક્ષ્ય અદા કરવામાં લાગી પડે. આપણે તે ઇચ્છા પૂર્ણ કરીએ એ જ પ્રાર્થના.

* * *

# નરોડા આશ્રમનાં સ્વજનોના અનુભવો

## (૧)

## શ્રી અમૃતલાલ જેસીંગભાઈ પટેલ

(તમામ પ્રકારની ચીજોના નરોડાના વેપારી)

અસારવાના ભાઈ શ્રી ચંદુભાઈ મુખીના પુત્રની સાથે મારી પુત્રીના વિવાહ કરવામાં આવેલા. પણ વિધિનિર્મિત એ સગાઈ તૂટી ગઈ. ત્યારે ચંદુભાઈએ મને કહ્યું કે 'આપણો આ સંબંધ તૂટે તો વાંધો નહિ પણ ભક્તિનો સંબંધ તૂટવો જોઈએ નહિ.' આમ, એમની સાથેનો ભક્તિનો સંબંધ અમારો ચાલુ રહ્યો. અને એ રીતે એમના દ્વારા પૂજ્ય મોટાના પરિચયમાં હું આવ્યો.

સંવત ૨૦૧૪માં હું નડિયાદ હરિઃૐ આશ્રમમાં મૌનમાં બેઠો. તે સમયે મને વિચાર આવ્યો કે, મારું ભાડે આપેલું મકાન ખાલી પડે તો તેમાં આવું મૌનમંદિર શરૂ કરી શકાય. ઈશ્વરની કૃપાથી મારા મુનીમ ખબર લઈને આવ્યા કે, એ મકાનનો ભાડૂત ભાડાના પૈસા આપીને અચાનક શહેરમાં રહેવા ચાલ્યો ગયો. આવું બનવાની કોઈ શક્યતા હતી નહિ. છતાં એ બન્યું તેમાં મેં ઈશ્વરનો આદેશ માન્યો. મૌનમાંથી બહાર નીકળ્યા બાદ મેં *મોટા*ને કુંભકોણમ્ આશ્રમમાં પત્ર લખ્યો. એમણે તારથી 'હા'માં જવાબ આપ્યો. અને અમે એ મકાનમાં હરિઃૐ આશ્રમની સ્થાપના કરી. ત્યાર બાદ અમારી ભક્તિ પૂજ્યશ્રી તરફ વધતી જ ગઈ. અને એમની કૃપા પણ અમે અનુભવતા ગયા.

એક વખત પૂજ્ય શ્રીમોટાના આમંત્રણથી હું કુટુંબસહિત એમની સાથે સુરત આશ્રમ ગયો. ત્યાં થોડા દિવસ રહ્યાં, એ દરમિયાન ભાઈ શ્રી રમણભાઈને ત્યાંથી જમવાનું આમંત્રણ કહેવામાં આવ્યું. અને પૂજ્ય શ્રીમોટાના કહેવાથી અમે એ સ્વીકાર્યું. પાછા ફરતી સમયે બસસ્ટૅન્ડ ઉપર અમે ઊભા હતા અને સંજોગવશાત્ અમારે એક બસ જવા દેવાની હતી. આનો ખ્યાલ મારા નાના દીકરા વિષ્ણુને કેવી રીતે હોઈ શકે ? એટલે એ બસમાં ચઢી ગયો પરંતુ ચઢ્યા પછી અમને ન જોતાં દોડતી બસમાંથી તે કૂદી પડ્યો. પડ્યો ખરો પરંતુ ફૂલની માફક ફૂટપાથ ઉપર ગોઠવાઈ ગયો. એને કોઈ પણ પ્રકારની ઈજા ન થઈ. આમાં પૂજ્ય શ્રીમોટાની કૃપાનું દર્શન હું કરું છું.

•

## (૨)

## શ્રી ઉમેદભાઈ ધનાભાઈ પટેલ

(નરોડાના બીડીના વેપારી)

ભાઈશ્રી અમૃતભાઈએ નરોડામાં હરિઃૐ આશ્રમ સ્થાપ્યો. તેમાં શરૂઆતથી જ તેની તમામ પ્રવૃત્તિમાં હું સહકાર આપતો આવ્યો છું. અમે બધાં પૂજ્ય શ્રીમોટા પ્રત્યેની ભક્તિના કારણે એકબીજા સાથે

સંકળાયેલા રહીએ છીએ અને યથાશક્તિ જીવનવિકાસ સાધવા યત્ન કરીએ છીએ. વારંવાર મંદતા આવે છતાં ફરી ફરીથી એ માર્ગે જવાનો પ્રયત્ન કરીએ છીએ અને જીવનમાં સ્નેહ, પ્રેમ અને ભક્તિ વિકસે એવા સતત પ્રયત્નો કરીએ છીએ. પૂજ્ય શ્રીમોટા સાક્ષાત્કારદિને અમને એ તરફ વિકાસ કરવાની તક મળે એ શુભ કામના.

•

## (૩)

## શ્રી ચૂનીભાઈ મોહનભાઈ પટેલ

(નરોડાના ખેતીનો વ્યવસાય કરતા એક ભક્ત સજ્જન)

પૂજ્ય શ્રીમોટાની અનુમતિથી શ્રી અમૃતભાઈએ આશ્રમ શરૂ કર્યો ત્યારે એની બાજુમાં આવેલી મારી બે રૂમોમાં ભાડૂતો રહેતા હતા. અમૃતકાકાએ એ રૂમ આપવા માટે મને અનેક વાર કહેલું. હું આપતો ન હતો. આમે મારે એમની સાથે ભક્તિનો સંબંધ ખરો. મારા ભાડવાતનાં વર્તનથી અને વ્યવહારથી મૌનમંદિરમાં બેસતા સાધકોને અનેક પ્રકારની ખલેલો અને અડચણો ઊભી થતી. એટલે એક દિવસ મનમાં જોરદાર સંકલ્પ થતાં શ્રી અમૃતભાઈને એ રૂમો આપી દેવાનું નક્કી કર્યું. ભાડૂતોને સમજાવી મારા અન્ય રૂમોમાં વ્યવસ્થા કરી આપી અને એ રૂમો સુંદર બનાવીને હરિઃૐ આશ્રમને આપી. હજી એક રૂમ બાકી છે. એ રૂમ હરિઃૐ આશ્રમને ભાડે આપેલી છે. એનો યોગ ક્યારે આવે એ તો પ્રભુ જાણે. પરંતુ આ જે કંઈ કર્યું તે કોઈના ઉપર કશા ઉપકાર કરવા નહિ પણ જીવનની કૃતાર્થતા અનુભવવા કર્યું છે.

•

## (૪)

## શ્રી અમૃતભાઈ ગોવિંદભાઈ પટેલ

(નાના અમૃતભાઈ તરીકે ઓળખાતા નરોડાના અનેક પ્રકારની ચીજોની દુકાન ધરાવતા વેપારી)

શ્રી અમૃતભાઈની પુત્રીના વિવાહ અસારવાના શ્રી ચંદુભાઈ મુખીને ત્યાં થયા, તે પ્રસંગે રૂપિયો આપવાની વિધિ પ્રસંગે પૂજ્ય શ્રીમોટાને જોવાનો લહાવો મળ્યો. ચંદુભાઈ એમને ભગવાન જ માને એટલે મારા હૃદયમાં પણ એ મૂર્તિ ઘર કરી ગઈ. સન ૧૯૫૪-૫૫ની સાલ હશે. તે સમયે હું દુકાન તરીકે નાની સરખી કૅબિન ધરાવું. એકવાર નરોડામાં પૂજ્યશ્રી પધાર્યા ત્યારે રાતના એમને ગોરમટી માટી વગેરે મૂકવાની સેવાનો લાભ મને મળ્યો. ત્યારે પૂજ્ય શ્રીમોટા મને કહે, **'તારી પેઢીમાં રૂપિયે એક પૈસો મારો ભાગ.' તે સમયે મારો દરરોજનો વકરો દિવસના માત્ર એક-દોઢ રૂપિયા જેટલો પણ ત્યારથી તે આજ સુધી મેં એ આપ્યે રાખ્યો છે. પણ હું શું આપતો હતો ? એમણે મને કેટલું બધું આપ્યું છે. કૂદકે અને ભૂસકે મારો ધંધો ફાલતો ગયો. આજે હું સ્થિતિપાત્ર ગણાઉં એવું થયું. હું પૈસા માટે મક્કે જાઉં**

**એવો છું. પણ શ્રીમોટાને હું જે કંઈ આપું છું તેમાં કોઈ જ ખંચકાટ અનુભવતો નથી. અને 'હું' આપું છું એવો ભાવ પણ અનુભવતો નથી. તેનું છે, ને અલ્પાંશ તેને આપું છું.**

એકવાર અમૃતકાકાના દીકરા ગણપતભાઈનાં લગ્ન નરોડામાં હતાં. તે ઘડીએ નરોડામાં પૂજ્યશ્રીએ મને બોલાવ્યો અને કહ્યું કે, 'ભાઈ ત્રણચાર મહિના તું યદ્વાતદ્વા રીતે જીવે એવા આવશે' મેં પૂછ્યું. 'એવું શું આવશે ?' તેમણે કહ્યું 'આવશે ત્યારે વાત કરીશ. પણ કુંતાએ જેમ અમર રક્ષા બાંધેલી તેમ મારા ગુરુમહારાજની કંઠી હું તને આપીશ અને તે તારું રક્ષણ કરશે.' આ વાત મેં શ્રી વૈકુંઠ ઉપાધ્યાયને તે રાત્રે કરેલી અને ટૂંક સમયમાં એ સમય આવી પહોંચ્યો. હું માનસિક રીતે અસ્વસ્થ બની ગયો. નરોડા આશ્રમનાં સ્વજનો મને આશ્રમમાં જ રાખે. અમૃતકાકામાં મને વિશ્વાસ અને એમનામાં જ શ્રદ્ધા. એ મને કેટલીક વાર સાથે સુવડાવી રાખે. તે સમયે આર્ત હૃદયથી કલાકોના કલાકો ખૂબ પ્રાર્થના પણ કરું અને વળી પાછું બીજું પાસું પણ છતું થઈ જાય. એકવાર એવી સ્થિતિમાં સુરત આશ્રમમાં ગયો. ત્યારે મેં કંઠી માગી અને પૂજ્ય શ્રીમોટાએ તે મને આપી. બીજી વાર ગયો ત્યારે પૂજ્ય શ્રીમોટા મને જોઈને જ બોલી ઊઠ્યા, 'આ બધી પંચાત તું છોડી દે, ભગવાનનું નામ લે. અને તારાથી તે લેવાશે.' ત્યાંથી આવ્યા બાદ જે 'હરિઃૐ'નું સ્મરમણ થયું તે દિવસોના દિવસો સુધી. એવું તો સતત અને અખંડ રહ્યું કે તેણે મને બચાવી લીધો. ગમે ત્યાં જાઉં કોઈ ઑફિસમાં જાઉં ત્યાં પણ મોટેથી 'હરિઃૐ'નો જપ ચાલ્યા જ કરે. એ ત્રણ ચાર મહિના દરમિયાન કસોટીકાળમાં પણ બ્રહ્મચર્યનું પાલન થયું હતું. મારા નામસ્મરણથી બીજાને ખલેલ પહોંચે, કોઈ મને ટોકે અને હું અટકાવવા ધારું તોપણ અટકે નહિ. મને ખાતરી છે કે કોઈ બીજી જ શક્તિએ મારી પાસે કરાવ્યું, કારણ કે આજે એટલું તીવ્રપણે નામસ્મરણ થતું નથી. આ પ્રસંગ બન્યા પહેલાં હું શંકાશીલ સ્વભાવનો હતો. ઝઘડી પણ પડતો. કોઈ વાત કરે તો મારી જ કરે છે એમ માની લેવાનો સ્વભાવ હતો. આજે મારી એ તમામ પ્રકૃતિનું રૂપાંતર થયું છે. એ પેલા જોરદાર નામસ્મરણને કારણે જ. હવે કેમ નામસ્મરણ આટલું તીવ્ર નથી એમ ઉમેદકાકાએ પૂજ્ય શ્રીમોટાને પૂછ્યું, ત્યારે એમણે હસતાં હસતાં જવાબ આપ્યો 'વૈદ્ય રોગ મટે ત્યાં સુધી જ દવા આપે.'

•

## (૫)

## શ્રીમતી શારદાબહેન

(નરોડા આશ્રમમાં મૌનમંદિરના સાધકોની જરૂરિયાતો તરફ ધ્યાન આપનાર અને વ્યવસાયે શિક્ષિકા)

પૂજ્ય શ્રીમોટા નરોડામાં આવે ત્યારે ઉમેદભાઈ મને આમંત્રણ આપે ત્યારે હું મજાક કરું, 'તમારે ત્યાં નાના મોટા કેટલાક મહારાજ આવે છે ?' એક દિવસ *મોટા* સામેથી પસાર થાય અને મેં તેમને જોયા. થોડુંક આકર્ષણ થયું. મારા કાકાનો દીકરો અને કાકી મૌનમાં બેઠેલાં. તેમને મૌનમાંથી બહાર

આવતી વખતે સ્વાગત કરવા હું નરોડા આશ્રમે ગઈ હતી. **હું શરીરે પહેલેથી નબળી. ડૉક્ટરોની દવા ચાલે. મારું શરીર ધોવાય દવા ખાઈને પણ કંટાળી ગઈ હતી. અચાનક નરોડા આશ્રમમાં મૌનમાં બેસવાનો નિર્ણય કર્યો. પહેલાં જ મૌનની અંદર મારી તબિયત સુધર્યાનો અને શરીરની ફરિયાદનો અંત આવ્યાનો અનુભવ થયો.** વધારેમાં વધારે ત્રણ મહિના હું મૌન બેઠી છું. અને તે પણ નરોડા આશ્રમમાં જ. એ મૌન દરમિયાન કેટલાક સાધકોને થતા પ્રકાશ વગેરેના અનુભવો મને થયા છે. આજે હું નરોડા હરિઃૐ આશ્રમમાં જ રહું છું અને મૌનમંદિરના સાધકોની સગવડતા તરફ મારી નોકરીની સાથે સાથે ધ્યાન આપું છું.

•

(૬)

## શ્રી ગોવિંદભાઈ પટેલ

(વ્યવસાય-ખેતી)

ભક્તિના રંગે રંગાયેલો હોઈ બધાંની સાથે નરોડા હરિઃૐ આશ્રમની પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લઉં છું. મને ખાસ રસ પ્રભાતની 'હરિઃૐ' નામની ફેરીમાં. જોકે હાલ તે પણ બંધ. મારા જીવનનો એ પ્રસંગ યાદગાર બની રહેશે. પૂજ્ય શ્રીમોટાએ નરોડામાં બહેનોનો એક યજ્ઞ કરાવેલો, તે નિમિત્તે તે ત્યાં પધારેલા. રાત્રે ઠાકરડા-વાસમાંથી જતા મારી પિંડીમાં **કૂતરું કરડ્યું એટલે ડૉક્ટરોને બતાવ્યું. ડૉક્ટરોએ તો ૧૪ ઈન્જેક્ષન લેવાના કહ્યા. અમૃતકાકાએ મને લઈને પૂજ્ય મોટાને બતાવ્યો. *મોટા*એ કહ્યું, 'ભાઈ, આપણે ઈન્જેક્ષન નથી લેવાં.' રાત્રે ઘરે જઈને સૂઈ ગયો. અને મારા પગે સવારે તો તદ્દન સારું થઈ ગયું. પણ હું જ્યારે નરોડા આશ્રમમાં પહોંચ્યો ત્યારે જોયું તો *મોટા*એ પોતાના પગે પાટો બાંધેલો.** અમૃતકાકાએ એમની સારવાર કરેલી અને જે જગાએ મને દાંત પડ્યા હતા તે જ જગાએ *મોટા*ને પગે પણ દાંતનો ઘા જણાયો. *મોટા*એ થોડાક દિવસ સુધી સારવાર લીધી. આવો તાદાત્મ્યતાનો અનુભવ મને થયો.

❊ ❊ ❊

# 'જાચક રૂપ થયા જગજીવન'

## શ્રી પ્રભુદાસ જાની

(ગુજરાત રાજ્ય સહકારી જમીન વિકાસ બૅંક લિ. અમદાવાદમાં અધિકારી તરીકે ફરજ બજાવે છે અને પૂજ્યશ્રીનાં સ્વજનોમાંના એક છે.)

'ભાઈ ! આપણે લખાણ કરો, એમ ને એમ મોઢાની વાત ના ચાલે.'

'*મોટા* ! શું લખાણ કરીએ ?'

'કે તું પહેલા નંબરે પાસ થાય તો મારે તને રૂ. ૧૦૦ ઈનામ આપવું અને જો પહેલો નંબર ન આવે તો મારી જેમ તારે પણ માથે ટોલો કરાવવો. આજની રાત વિચાર કરી જો.'

પૂજ્ય શ્રીમોટા અને દસમા ધોરણમાં અભ્યાસ કરતા અમારા પુત્ર ચિ. પંકજ વચ્ચેનો આ હળવો છતાં ગંભીર વાર્તાલાપ અમે આનંદ અને આશ્ચર્ય સાથે સાંભળી રહ્યા હતા. માથે મુંડન કરાવવાની સ્થિતિ અંગે કંઈક મથામણ અનુભવ્યાને અંતે બીજે દિવસે એ લખાણ થયું. સહી સાક્ષી પણ કરાયાં.

અભ્યાસ પ્રત્યેની નજર, પ્રયત્નો અંગેનું બળ અને હેતુની સભાનતા પૂજ્ય શ્રીમોટાએ આવું લખાણ કરાવીને આપ્યા હતા. પરિણામના દિવસે માનસિક રીતે તૈયાર થઈને, મૂંડન કરાવવાના પૈસા ખિસ્સામાં લઈને ચિ. પંકજ સ્કૂલમાં ગયો હતો. પણ પૂજ્ય શ્રીમોટાએ તેને ઈનામ રૂપે એક ઔર ધબ્બો લગાવ્યો.

'બેટા ! ચીલેચલુ ચાલ ચાલીશ નહિ.' એવા શ્રીસદ્‌ગુરુના આદેશ મુજબ સમાજને બેઠો કરવા માટે સાહિત્ય, કલા, સાહસ, ધર્મ વગેરે અનેક ક્ષેત્રોમાં મૌલિક કાર્યો કરવા માટે પૂજ્ય શ્રીમોટા નાણાં ભેગાં કરી રહ્યા છે. **લક્ષ્મીને તેઓશ્રી પ્રભુની શક્તિ ગણે છે અને સમાજને જીવતો જાગતો ઈશ્વર ! 'રોટલા ખાવા'ના આમંત્રણમાં 'દક્ષિણા'ની શરત પહેલી મૂકીને પૂજ્ય મોટા પોતાને 'લોભી' તરીકે ઓળખાવે છે. પણ મારે મન તો છે 'જાચક રૂપ થયા જગજીવન.'**

મારા પરમ મિત્ર શ્રી સુરેશભાઈ સંત મારફત પૂજ્ય શ્રીમોટાના પરિચયમાં આવવાનું બનેલું. તેમનાં પુસ્તકોમાંથી જીવન જીવવાની કળા અંગેનું ઘણું ભાથું મને મળેલું છે. કર્મ-ફરજ પ્રત્યેનો પૂજ્ય શ્રીમોટાનો દૃષ્ટિકોણ મને ખૂબ જ પ્રેરણાદાયી રહેલો પણ ઉપરના પ્રસંગે તો કુટુંબના અન્ય સભ્યોને પૂજ્યશ્રી પ્રત્યે પ્રેમથી આકર્ષ્યા ! ચિ. પંકજને હજી પણ આગળના અભ્યાસમાં પૂજ્યશ્રીનું માર્ગદર્શન, હૂંફ અને પ્રેરણા મળી રહ્યાં છે.

મદદ કરનારને ક્યારેક એમ થાય કે અમે પૂજ્ય શ્રીમોટાને મદદ કરી છે, પરંતુ પૂજ્યશ્રી કહે છે કે આપણી પાસે જે છે તેનો એક કણ પણ આપણે આપ્યો નથી અને વળી જે આપ્યું છે 'તેનો દિલ હિસાબ તમારે છે.'

પ્રેરણામૂર્તિ અને પ્રેમમૂર્તિ તરીકેનો પૂજ્યશ્રીનો અનુભવ સ્વજનોને છે. 'પ્રેમ' સાધનથી તેઓ પોતાનું કાર્ય કરી રહ્યા છે. તેઓ કહે છે :

'આપનો પ્રેમ માગું છું લળીને પાદ પંકજે
ભૂખ્યો કેવો રહું છું હું, પૂરો પ્રેમ વિના હૃદે !'

॥ હરિઃૐ ॥

હરિ:ૐ

## પૂજ્ય શ્રીમોટા
## રામનવમી–સાક્ષાત્કારદિન
## સ્મૃતિગ્રંથ

# જીવનસ્ફુલિંગ

**ખંડ : ૬**

## કાવ્યાંજલિ

જેમને કદી પણ કાવ્ય કે સાહિત્યના સંસ્કાર નથી એવી વ્યક્તિઓ દ્વારા સ્ફુરણરૂપે કેટલીક પદ્યરચનાઓ પ્રગટેલી છે. એમાંની કેટલીક રચનાઓ આ વિભાગમાં મુકાઈ છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભાવને લીધે આવી રચનાઓ થઈ છે. એમાં કાવ્યાંશ હોય જ એવું નથી, પરંતુ એ રચનાઓના સ્ફુરણ પાછળની શક્તિઓને અને ભાવનાઓને જોવી રહી. આ વિભાગમાં પૂજ્યશ્રીની પણ એક રચના લીધી છે.

**– સંપાદકો**

# પૂજ્યશ્રી મોટાની સ્વજનોને પ્રાર્થના

પ્રભુકૃપાથી આ જીવના સદ્‌ગુરુ એટલા બધા સમર્થ હતા કે તેઓશ્રીએ જો ધાર્યું હોત તો તો આ ગધેડાશંકર તેમના સહજ કૃપાના ઈશારાથી ચેતનામાં પ્રતિષ્ઠા પામી શક્યો હોત, પરંતુ તેમણે તેમ ન કર્યું. તેમણે કૃપા કરીને આ જીવને સાધનાના અનેક પ્રકારના તબક્કાઓમાં પ્રવેશાવી ઘડવાનું કર્યું. જે જે સ્થિતિ, સંજોગ, પરિસ્થિતિ એમની કૃપાથી મળ્યાં, તેનો હૃદયના ઉમળકાથી સ્વીકાર કરી તેને તેને દિલના ભક્તિભર્યા સહકારથી વધાવી વધાવી તેમાં યથાયોગ્ય વર્તી વર્તી તેમના હેતુને ફળાવવાને પ્રભુકૃપાથી જ્ઞાનભાવે મથવાનું બન્યા કર્યું. ત્યારે જ આજે જે છું તે સ્વીકારીને જે જે કંઈ મળે તેનો સહર્ષ સ્વીકાર કરી તેને જ્ઞાનભાવે સહકાર આપી જીવનને ફળાવવાનું જ્ઞાનભાન પ્રગટાવવાનું કરી કરી, ચેતનાને પ્રગટવા માટેની યોગ્ય ભૂમિકા સરળ કરી આપવાનું કર્યા કરશો, ત્યારે જ સદ્‌ગુરુની કૃપા ફળી શકવાની છે. બાકી, મિથ્યાડંબરમાં પડ્યા રહેવાથી તો દંભ વધવાનો છે. આપણે સદ્‌ગુરુ ભાવને સાનુકૂળ વર્તવાનું જ્ઞાનભાન પણ રાખવું નથી, સદ્‌ગુરુની ખાતર સર્વ ભાવે ને સર્વ રીતે પ્રેમઉમળકાથી પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક ન્યોછાવર થઈ જવાનું દિલ પ્રગટેલું નથી, ત્યાં સદ્‌ગુરુ જે તે બધું કરી દેશે, તેવી માન્યતામાં નર્યું અજ્ઞાન અને દંભ છે, તે નક્કી જાણશોજી. સદ્‌ગુરુનું ચેતન આપણા આધારમાં કદીક એવા અણધાર્યા પ્રસંગોએ કામ કરતું ચોક્કસપણે અનુભવાય છે. તે હકીકત સાચી છે. જેમ કે એક બહેનને 'પ્રેમકુંજ'માં ૨૧ દિવસના સતત અખંડ ઉજાગરા કરાવવાનું બન્યું હતું. તેવી રીતે બીજા જીવોના જીવનમાં કોઈક ને કોઈક રીતનું તેવું સદ્‌ગુરુનું વ્યક્તત્વ પ્રગટેલું આપણે જોયેલું છે, પરંતુ તેથી આપણી યોગ્ય લાયકાત પ્રગટ્યા વિના આપણા સમગ્ર આધારને તે માત્ર આપણા તે પરત્વેના કશા પ્રયત્ન વિના ચેતનમય કરી દેશે એમ માનવું તે મિથ્યા છે. માટે આટલું તો ખાસ ધ્યાનમાં રાખશો.

મળેલાં કર્મમાં જે જીવ પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક એકાગ્રતા ને કેંદ્રિતતા પૂરેપૂરી સાધી શકે છે. તેવો જીવ જ જ્ઞાનને અનુભવવાને પાત્ર છે. જ્ઞાન કંઈ મંત્રોના, ખાલીખાલી માત્ર કથાવાર્તાના શ્રવણથી કે ઉપદેશથી મળી શકતું નથી.

પ્રમાદી ને આળસુને જ્ઞાન થવાની કદી પણ શક્યતા નથી.

જે જીવને નિર્ણયાત્મક નિશ્ચયબળ પ્રગટેલું નથી, તે કદી જ્ઞાન પામી શકતો નથી.

(પૂજ્ય શ્રીમોટાનાં લખાણોમાંથી. સંપાદક : **પ્રા. રમેશ મ. ભટ્ટ**)

* * *

હરિ:ૐ

# ભક્તિતણો રંગ

## શ્રીમોટા

: અનુષ્ટુપ :

જેને મેળવવાનું છે તેની લગનીને વિષે
-એકાકાર, લગાતાર જે રમમાણ છે હૃદે;
મનન-ચિંત્વને જેના છે તલ્લીન મનાદિ જે,
એવી છે ભૂમિકા જેની તે ભક્તિમાં પ્રવેશશે. ૧-૨

'જીવદશા નથી જેમાં, પ્રકૃતિ દિવ્ય શક્તિમાં
-પરિણીત થતાં, ભક્તિ ઉત્તમોત્તમ શી તદા ! ૩

ભક્તિની લગની જેના મનાદિમાં થયેલ છે,
બાહ્યાંતરે પછી તેવો હરિભાવે તર્યા કરે,
અનેક રસ ને રંગે જૂજવે, જૂજવે રૂપે
-જુદા જુદા બહુ વેષે એવો શો રમતો દીસે ! ૪-૫

દિવ્ય તે ચેતના-શક્તિતણું માધ્યમ ભક્તિ, તે
-ચેતનાને વહેવાર્થે ભક્તિ તો પટ શ્રેષ્ઠ છે. ૬

જાગેલો જે, પછી તેવો છો ને દેખાય ઊંઘતો,
જે ઊંઘતાપણા વિષે एને છે જ્ઞાન-ભાવ શો !
એવું વર્તાય શી રીતે ? કોણ ચાવી બતાવશે ?
ભક્તિ લાગ્યા વિના ઊંડી તારતમ્ય પમાય ના. ૭-૮

નિશ્ચયાત્મક રીતે તો કોઈ ના વર્તતું જગે,
જુદા જુદા પ્રસંગોની પ્રમાણે સર્વ વર્તશે;
જ્ઞાની-અજ્ઞાનીમાં ફેર પછી વર્તાય શી રીતે ?
પૂર્વગ્રહોથી સંપૂર્ણ જ્ઞાની શો મુક્ત હોય છે !
જ્યારે અજ્ઞાની તો વૃત્તિ કામ ક્રોધાદિની રીતે
-હંકારતો જતો છે તે, પ્રવાહ નદીના પટે. ૯-૧૦-૧૧

એવાની બુદ્ધિ મર્યાદાવાળી અનેક રીતની,
મડાગાંઠોથી સંપૂર્ણ બંધાયેલી જ છે વળી,

એવી બુદ્ધિતણા જે તે અનુમાનો બધી રીતે,
પૂરેપૂરાં જ સાચાં તે હોવા ના શક્યતા ખરે. ૧૨-૧૩

સમગ્રતાથી સંપૂર્ણ તેનીય પાર સત્ય જે,
एने तो પ્રીછવા એવી તાકાત બુદ્ધિની ન છે.
એવી બુદ્ધિ વિષે ભક્તિતણો જ્યાં રંગ લાગતાં,
જીવદશાપણું ત્યારે એનું ઓગળતું તદા;
ત્યારે બુદ્ધિમહીં ઊગે ઉદારતા, વિશાળતા,
પૂર્વગ્રહો, મડાગાંઠો ઓગળતી જતી તદા
અનેક પાસથી ત્યારે બુદ્ધિ મુક્ત થતી જતી,
ત્યારે તટસ્થતા કેવી ઊગતી જતી લાગતી;
તીરે ઊભાં ઊભાં ત્યારે તમાશો સૌ થયાં જતો,
નીરખવાતણી ચેષ્ટા આપમેળે બને જ શી! ૧૪-૧૮

બુદ્ધિમાં ભક્તિ શી રીતે લાગે કેમ કરી ઊંડે?
એનો ઉપાય છે સૂહેલો જેને જો કરવો જ છે.
ચેતનાત્મક અભ્યાસે એકના એકમાં હૃદે
-અખંડાકાર ભાવેથી પરોવાઈ જતાં ઊંડે,
પાસ એનો પછી ત્યારે લાગવા માંડતો ખરો,
રંગાવા માંડતાં કેવાં મનાદિ પછી મસ્ત સૌ,
જ્વાળામુખી સમી જેની જિજ્ઞાસા અગ્નિ જેવી છે,
જલંતી ભડકે ઉગ્ર તેવાના એકલાતણું
આ પંથે કામ છે; બાકી બીજા સૌ રવડી મરે. ૧૯-૨૨

પ્રામાણિક પ્રયત્નો છે કિંતુ જેના ખરેખરા,
એવાને ચિત્ત સંસ્કાર પડ્યા તે કરશે બધા;
તેવા સંસ્કાર તે પાછા જ્યારે ઉદય જીવને
-થતાં રહેતાં પ્રમાણે તે ગતિ જીવનની થશે. ૨૩-૨૪

પ્રામાણિક પ્રયત્નો સૌ નકામા તે જતા નથી,
રહે વળગી નિશ્ચે એકધારું મથ્યા કરી,

રસ જ્યારે હૃદે ઊંડો પડવા લાગતો થતાં,
તે પછી સુતરું કામ થવાનું જાણજો તદા,
ઉત્તરોત્તર તો એમ ચલાતાં, ચાલતાં પથે,
પ્રકાશ પામવાનો ત્યાં લ્હાવો સાંપડશે હૃદે. ૨૫-૨૭

* * *

## અક્ષયજન્મના શુભ દિને

(શાર્દૂલવિક્રીડિત)

આજે અક્ષય નોમની શુભ ઘડી ચૈતન્યના જન્મની,
જેના મંગલ જન્મથી પ્રગટતી પ્રેમૈક્યની જ્યોત શી !
એવી પ્રેમલ જ્યોતની અમ હૃદે જ્યોતિ જલાવો પ્રભુ !
તારા અક્ષયજન્મના શુભ દિને શ્રીરામ હૈયે વસો. ૧

જન્મ્યા જે દિન રામ આ જગ પરે તે ધન્ય દિને ગુરો !
તારા અક્ષયજન્મનું પ્રભુ તને સૌભાગ્ય બક્ષી રહ્યો.
આજે ઉત્સવનોય ઉત્સવ અહો શો દેવલોકે થતો.
પ્રાર્થું : અક્ષયજન્મના શુભ દિને શ્રીરામ હૈયે વસો. ૨

તારી ઉરનિકુંજ રામ રમતા માંગલ્ય મૂર્તિ રૂપે
સાક્ષાત્કાર થતો તને હરપળે રહે રામ જ્યોતિ હૃદે.
તારો ચેતન જન્મ આ જગ પરે કલ્યાણ રેલી રહ્યો.
પ્રાર્થું : અક્ષયજન્મના શુભ દિને શ્રીરામ હૈયે વસો. ૩

જે આદર્શ હતો શ્રીરામ યુગમાં પ્રેમૈક્યને પામવા
તે આદર્શ ગુરો તમે શીખવતા કલ્યાણને સાધવા !
આધિ વ્યાધિ ઉપાધિ સર્વ હરીને ભક્તિ સુધા સીંચજો
પ્રાર્થું : અક્ષયજન્મના શુભ દિને શ્રીરામ હૈયે વસો. ૪

જન્મોજન્મતણાં તિમિર હરીને કલ્યાણને અર્પવા,
આવ્યા પ્રેમરૂપે તમે જગતમાં અમૃત વર્ષાવવા,
મીઠા પ્રેમ પ્રવાહથી જીવનનાં અજ્ઞાન ટાળો ગુરો !
પ્રાર્થું : અક્ષયજન્મના શુભ દિને શ્રીરામ હૈયે વસો. ૫

તારા જન્મ થકી અમે જનમિયાં વિશ્વાસના વિશ્વમાં,
તારા ચેતનદીપથી અમ પથે પામી રહ્યા પ્રેરણા,
માયા, મોહ, વિદારવા, અમ ઉરે શક્તિ કૃપા સીંચજો,
પ્રાર્થું : અક્ષયજન્મના શુભ દિને શ્રીરામ હૈયે વસો. ૬

વેરાને વનકંટકોમહીં પ્રભો આ છોડ ઊગ્યો હતો !
તારી પ્રેમનિકુંજમાં જીવનનો ઉત્કર્ષ સાધી રહ્યો,
આત્માના અમી સીંચને જીવન આ કલ્યાણકારી બનો,
પ્રાર્થું : અક્ષયજન્મના શુભ દિને શ્રીરામ હૈયે વસો. ૭

પુષ્પો પ્રેમલ ભાવનાં ગ્રહી હૃદે આનંદથી અર્પવા
ગૂંથી છે શુભ માળ ભાવતણી આ અર્પી નમું પાયમાં,
'યાવત્ ચંદ્ર દીવા કરૌ ઝળહળો જ્યોતિ તમારી ગુરો !'
શ્રીસીતાપતિ રામનાં ચરણમાં એ પ્રાર્થના છે પ્રભો ! ૮

**—પુષ્પાબહેન દલાલ**
(લાંબા સમયથી પૂજ્યશ્રીના નિકટના સંબધમાં
આવનાર અમદાવાદના ભક્તહૃદયનાં સન્નારી.)

* * *

## પૂજ્ય શ્રીમોટાને : રામનવમીએ

(શિખરિણી)

તમે જન્મે જન્મે કર ધરી પ્રભો ! આ અવનીપે
અહો, કેવાં શસ્ત્રો, અવતરી પ્રભો, ધન્ય કરિયાં
પ્રમાદે પોઢેલા અમ જીવનનાં મેલ હણિયા !
હવે આવ્યા યુદ્ધે પ્રભુ, જગવવા આ 'સ્વજન' ને !

તમારાં નેત્રો શી, પ્રભુ, ચમકતી કૈં અવનવી
અહો કેવી જ્યોતિ ! નીત છલકતા ને ગરજતા
દિલે વ્યાપ્યા સિન્ધુ અલખ જગવે-પ્રેમ કરતા,
કરી પહેલાં મુગ્ધ પ્રભુ ! પછી અમોને જગવતા.

તમારા સેનાની બનવું પ્રભુ એ કર્મ અઘરું.
સદા જાગી રે'વું, લડત લડતાં નિત્ય હસવું,
તમારે તો 'રાજા' લડત કરવી ઘોર જબરી,
'છૂપેલા મોટાને પ્રગટ કરશે એ જ વિજયી.'

તમારા આ જન્મે 'જયતુ જયતુ' હ્યાં ગરજશું !
વસ્યા છો વિસ્તારે પણ નજરથી તો હરખશું.

**—કનૈયાલાલ દવે**

(માનવમંદિર ટ્રસ્ટ, મુંબઈના મૅનેજિંગ ટ્રસ્ટી અને જાણીતા કવિ)

* * *

## અર્પણ

(રામનવમી મંગલાષ્ટક)

(શાર્દૂલવિક્રીડિત)

આજે મંગલ નોમની સુભગ શી, ઊગી પ્રભા પાવની !
સાક્ષાત્કાર થયો અનંત પ્રભુનો, ચૈતન્યધારા વહી.
આજે હો ગુરુવર્યને હૃદયની પાદામ્બુજે અર્ચના,
ચેતાવો પથદીપિકા જીવનમાં તારી ગુરુ ચેતના ૧

પામ્યા જે સ્થિતપ્રજ્ઞની વિરલ શી, શાંતિ હૃદે શાશ્વતી;
આજે ગાઉં પ્રશરિત હું હૃદયથી આ કર્મયોગીતણી,
નિર્મોહી, નહિ રાગદ્વેષ હૃદયે જેને કદી સ્પર્શતા,
ના ભોગી; નહિ કામ, ક્રોધ, મદ ને ના ઊઠતી કામના ૨

જેના અંતરમાં અખૂટ સમતા ના છે કશીયે સ્પૃહા,
આનંદી સુખ દુઃખ દ્વંદ્વ પર જે, નિત્યે રમે ભાવમાં,
યોગી એ જલપદ્મ શા જીવનમાં, નિર્લેપ નિત્યે શુચિ,
આત્માનંદમહીં સદા વિહરતા, મુક્તિ સદેહે લહી. ૩

આસક્તિ નહિ લેશમાત્ર જીવને, જેને કદી બાંધતી,
દિવ્યાનંદમહીં સદાય રત જે એવી સમાધિસ્થિતિ,
નિષ્કામી પ્રભુયંત્ર નિત્ય બનતાં કર્મો જગે આચરે,
ચેતાવી પ્રભુપ્રેમ યજ્ઞ જીવને કલ્યાણ સૌનું કરે. ૪

રોમેરોમ પ્રફુલ્લતા પ્રગટતી જેને પ્રભુમસ્તીની !
અંગેઅંગ ઝરે જીવનનું ચૈતન્ય જેનામહીં;
એવા જીવન્મુક્તને હૃદયની પાદામ્બુજે અર્ચના !
ચેતાવો પથદીપિકા જીવનમાં તારી ગુરુચેતના. ૫

જેની મંગલ છત્રાછાંય જીવને શાંતિપ્રદા મોક્ષદા !
જેની પાવન ગોદ તો ભવરણે શક્તિપ્રદા પ્રાણદા;
એવા હે ગુરુદેવ ! આજ તુજને પાદામ્બુજે વંદના;
ચેતાવો પથદીપિકા જીવનમાં તારી ગુરુચેતના. ૬

આજે ધન્ય ઘડી પ્રભુ મિલનની આ જન્મ સાફલ્યની,
તારા મંગલ પર્વની હૃદયમાં હો પાવની સંસ્મૃતિ.
આજે કો ગુરુવર્યને હૃદયની પાદામ્બુજે અર્ચના.
ચેતાવો પથદીપિકા જીવનમાં તારી ગુરુચેતના. ૭

અર્પું મંગલ પ્રાર્થના તવ પદે, તારી કૃપાથી રચી;
તારા ચેતનદાનથી જીવનની ભાવાંજલિ અર્પવી;
વાવ્યાં ચેતન-બીજ તેં જીવનમાં ફાલીફૂલીને ફળો;
તારી દિવ્ય કૃપા વડે જીવન આ હો ધન્ય ને પૂર્ણ હો. ૮

**—સરોજબહેન કાંટાવાળા** બી. એ.
(ઈ. સ. ૧૯૫૮થી નિયમિત સાધના અંગે મૌનમાં
બેસી તે દ્વારા કાવ્યસ્ફુરણ પામેલાં બહેન.)

* * *

## પૂજ્ય શ્રીમોટા

બાવન અને પચીસના બે આંકડામાં બે હરફ
પહેલા પડ્યા બારાખડીના-એમનાં સન્માનના,
જો શોધ બેની થાય તો ત્રીજાતણી પણ સહેલ છે.
જે 'તાત'માં મળતું નથી, મળશે સદા તે 'માત'માં.

ઉત્તર અને દક્ષિણમાં કે પશ્ચિમે જે નવ મળે
ચોથી દિશામાંથી મળે ચોથો હરફ પળવારમાં
'વર્જ્ય'માંથી વર્જ્ય શું ને 'ત્યાજ્ય'માંથી ત્યાજ્ય શું
તે પાંચમે વરસે થતું નક્કી અમારા રાજ્યમાં.

યુદ્ધે ચઢ્યા છે શારદા ને શ્રી કળિના કાળમાં
નક્કી કરી લ્યો આપ છઠ્ઠું-આપ કોની પાંખમાં,
આવે પછી એ નામના બે મુખ્ય અક્ષર અંતિમ
જ્યાં અંત્ય અક્ષરમાં પડ્યા છે બે બીજેન્દુ બંકિમ.

વાત વિસ્મયની ઊતરશે શીઘ્ર ગુણિયલને ગળે
એ 'પૂજ્ય મોટા' માનવીનો પ્રાસ ખોટાથી મળે.

**—હસમુખ મઢીવાળા**

(ભાઈશ્રી હસમુખ મઢીવાળા નડિયાદના આસિન્ટન્ટ જજ છે. ગુજરાતી સાહિત્યના કવિ પણ છે. સ્વામી શ્રીકૃષ્ણાનંદે એમના 'કોઈ કંકર કોઈ મોતી'એ પુસ્તક (અંગ્રેજી)માં એક Puzzle કાવ્ય પૂજ્ય શ્રીમોટા વિશે લખેલું. હસમુખભાઈને એનો અનુવાદ કરવાનો હતો. ગુજરાતીમાં એવાં કાવ્યો સાંગોપાંગ ઉતારી શકાતાં નથી. એટલે અનુવાદનો વ્યર્થ પ્રયત્ન છોડી નવેસરથી જ કાવ્ય લખી દીધું.)

* * *

## સમર્પણની ભાવના

પંખી બનીને મારે ઊડવું છે,
મારે 'મોટા' પ્રભુજીને મળવું છે,
એનાં દર્શન પાવન કરવાં છે,
એના પ્રેમપારાવારમાં ન્હાવું છે.

એનાં નયનોનાં કામણ ન્યારાં છે.
જેમાં વ્હાલપના તો ઝરણાં છે,
એનાં ચરણો અમૂલખ શરણાં છે,
જેમાં સડસઠ તીર્થોનાં તરણાં છે.

એનું ચરણામૃતે સુખ લેવું છે,
એનાં ચરણની રજ બની રહેવું છે,
એની નિશદિન સેવા કરવી છે,
એની સ્મૃતિને ચિત્તડે ધરવી છે.

એનું હાસ્ય અલૌકિક અનુપમ છે,
જેમાં બટુક સ્વરૂપનું દરશન છે,

એનાં મંત્રનો મોટો મહિમા છે,
જેથી જીવ-શિવ પ્રભુમય બનિયા છે.

મને જીવનમાં સહેજે મળિયા છે
મારા 'મોટા' તો સાચે બળિયા છે.

**—ડૉ. કાંતાબહેન રામભાઈ**
એલ. સી. પી. એસ. એલ. જી. ઓ.,
એલ. એમ. (ડબ્લીન)
ડી. સી. એચ. સી. (લંડન)

(ડૉ. કાંતાબહેન પૂજ્ય શ્રીમોટાના નિકટનાં સ્વજન.
હાલ. સ્વર્ગસ્થ)

* * *

## અમારાં અહોભાગ્ય !

(અનુષ્ટુપ)

તમારું નામ તો 'મોટા' છતાં નાના તમે રહી,
આત્મકલ્યાણની વાતો કેવી આ વિશ્વને કહી !

(મંદાક્રાંતા)

આ સંસારે મનુજ સઘળાં બંધનોમાં જ ગ્રસ્ત,
કો'ને કો'ની પડી નવ કંઈ સૌ ગુમાને જ મસ્ત;
માયાકેરાં પડળ ધરીને વિશ્વમાં સૌ રહેતાં,
ને જીવે છે જગત ઉપરે પ્રેમથી એમ કહેતાં.

(અનુષ્ટુપ)

પ્રભો ! સંસારમાં બાજી એ રીતે રમતાં બધાં,
તમે એ દેખતા રહેતા નિરાળા બની તે છતાં,

(શિખરિણી)

તમારે તો માયા જગત પરની ભસ્મ કરવી,
ધખાવીને ધૂણી જીવનતણી આહુતિ ધરવી;
ન કો'ને કહેવાનું, પરંતુ દેવાનુંઃ
સદાયે વહેવાનું બસ હૃદયમાં એ જ રટણા,
તમારી તો એવી અજબ ભરી કેવીક ઘટના !

(અનુષ્ટુપ)

ગંગામૈયા સમા મીઠાં સૌને શીતળ પાન દો,
પ્રભુના નામનાં સાથે મધુરાં પ્રેમગાન દો.
જનેતા જેમ કો વેળા વ્હાલ શા અમને કરો !
પિતાની પેઠ ક્યારેક ગ્રહીને આંગળી ફરો.
તમે તો સાધના સાધી જીવતો પ્રેમને કર્યો,
સર્વને પ્રેમ સીંચીને સંસાર મીઠડો કર્યો.

(શિખરિણી)

તમારે તો વિશ્વે સહુ હૃદયમાં વાસ કરવો,
વસીને સૌનામાં નવજીવનનો શ્વાસ ધરવો;
અહો ! આ પૃથ્વીપે મનુજ સહુ જે જે અવતર્યાં,
તમે ચાહો તેને ઝળહળ કરી તેજસભર્યાં.

(અનુષ્ટુપ)

અજ્ઞાને અટવાયાં જે તેમને જ્ઞાન દૃષ્ટિ દો,
પ્રેમના તાંતણે જાણે સૌની ફેરવી સૃષ્ટિ દો.

(શિખરિણી)

તમારે તો ચ્હાવું જગતજનને એ જ સપનું,
સદા સૌને દેવો જીવનરસ એ કામ ખપનું;
જગે ત્રાસેલાં જે સકળ જનને શાંતિ ધરવી,
તમારે તો સૌના જીવનતણી રક્ષા જ કરવી.

(અનુષ્ટુપ)

તમે સર્વસ્વ આપીને સંસારે તો સદા હસો,
અહોભાગ્ય અમારાં કે અમારી સાથમાં વસો.
તમારા અંતરે ભાવ અમારી પ્રતિ જાગજો,
માગીએ ના બીજું કાંઈ એટલું બસ આપજો.

**—સોમાભાઈ ભાવસાર**

(બાળસાહિત્યના રચનાર અને બાળકોની કવિતાના ખ્યાતનામ
સર્જક, શ્રીમોટાના નાના ભાઈ. હાલ સ્વર્ગસ્થ)

* * *

## સ્પર્શ પાવન તુજ થતાં

ભક્તિ ભાવે હૃદય તુજ ચરણોમહીં ઝૂકી રહ્યું,
સ્વપ્નોમહીં તુજ સ્નેહમૂર્તિ ભાવથી નીરખી રહું,
નિમિત્ત શ્રેયસ્ જીવન મુજ ભળવા તુંમાં દીસે ખરું
કાર્ય તુજ ભળવાતણું દિલ ભાન જાગ્યું શું કરું ?

વર્ષો વહ્યાં મુજ જીવનનાં ના યાદ તારી કંઈ કરી
સ્પર્શ પાવન તુજ થતાં નવચેતના ઝળહળી ઊઠી,
ઉત્સાહ જીવનપંથ શો લાધ્યો મને થનગાવતો
ત્યાગ ને ભક્તિતણાં ગુંજે અહર્નિશ ગુંજનો !

તુજ ભાવને અવતારવા જીવન મળ્યું મુજને દીસે
પણ ઝીલવા તુજને અહો કંઈ સંકટો મુજને નડે !
હામ મારી ભાંગીને હરગિજ ના રઝળાવશે !
વિશ્વાસ છે તુજ સાથ મારા માર્ગને અજવાળશે !

સત્કર્મો ને સેવાતણા સંદેશ તું દે હર પળે,
ભળવા તુંમાં પૂરું મને દે ભાન જાગૃત જીવને !
નામ પાવન તાહરું રે' ગુંજતું અંતરતમે-
-રસબસ કરી દે ચેતનામાં પામવા તું હરદમે !

**—રસિકભાઈ ર. ભટ્ટ**

(શ્રેયસ વિદ્યાલય, વડોદરા.)

* * *

## પ્રેમની પરબડી

માંડી પરબડી પ્રેમની રે
સંત ! તેં તો માંડી પરબડી પ્રેમની !

આવતાં ને જાતાં ઘેલી બનીને
મેં તો ઝીલી રસધારા એ પ્રેમની રે...
તેં તો માંડી પરબડી પ્રેમની.

અઘડી ઘડી પલ પલ સૌ તૃષા છુપાવે
હાથ ઝાલે અમ સૌનો તું પ્રેમથી રે...
તેં તો માંડી પરબડી પ્રેમની.

અસુખિયાંઓ આવતાં ને દુઃખિયાંયે આવતાં
તું તો ચીંધે પથ સહુને એ પ્રેમથી રે...
તેં તો માંડી પરબડી પ્રેમની.

અતારી વાટેથી કોઈ તરસ્યું જન જાય ના
સહુ પાવન થઈ જાય તારા પ્રેમથી રે...
તેં તો માંડી પરબડી પ્રેમની.

હોંશે હોંશે છે કીધાં વાણીનાં પાન તારી
તેં તો પ્રકટાવ્યા દીપ હૈયે પ્રેમથી રે...
તેં તો માંડી પરબડી પ્રેમની.

**—લીલુબહેન દેસાઈ**

(અમદાવાદના સમાજસેવિકા, સંસ્થા
કૉંગ્રેસના સ્ત્રી-વિભાગના અગ્રગણ્ય કાર્યકર)

* * *

# તારી લીલા અપરંપાર !

પ્રભુ તારી લીલા અપરંપાર
જડ-ચેતનને અણુએ અણુમાં દેખાતો સાક્ષાત્...પ્રભુ

વૃક્ષોનાં પર્ણોમાં તું તો
લહેરાતો લહેરાય...પ્રભુ

પક્ષીના મધુર કલરવમાં
ગાન રસાળાં ગાય...પ્રભુ

સાગરની લહેરોમાં પ્રભુ તું
આવી આવીને સમાયા...પ્રભુ

પુષ્પોના પ્રતિક્ષણ પમરાટે
મહેકી ઊડતો સદાય...પ્રભુ

અકળિત તારી લીલા દેખી
મારું મન મોહિત થાય...પ્રભુ

**—લતાબહેન દેસાઈ**

(ખેતીવાડી કૉલેજ આણંદમાં એક ગૃહિણીની ફરજ બજાવતાં અને સ્ત્રી-પ્રવૃત્તિમાં રસ ધરાવનાર બહેન.)

* * *

# વંદના

જે ચેતના ઝરણ વિશ્વ વિશે સ્ફુરંત,
વ્યાપે દિલે અમ હઠાગ્ર વિદારવાને;
ને સુપ્ત ઊર્મિ ઉરની પ્રગટાવતો જે,
તે જોગીને હૃદયથી નમું પ્રેમભાવે.

હું તો પડ્યો ચરણમાં શરણે તું લેજે,
દેતો સુધારી મુજ સૌ ઊણપો કૃપાએ,
દેતો ભગાડી દિલથી મુજ રાગદ્વેષો,
તે જોગીને હૃદયથી નમું પ્રેમભાવે.

જેને પદે નિત રહી મમ અર્ઘ્ય અર્પું,
નિત્યે સ્મરું હૃદયમાં શુભ નામ જેનું;
અંકિત હો જીવનમાં મુજ સર્વકાર્યે,
તે જોગીને હૃદયથી નમું પ્રેમભાવે.

એ ઢૂંઢતો સ્વજનને દિલથી જ ચાહવા,
કોઈ ન દે દિલ કદી તવ માગી લેતો;
જે સર્વ સાથ બનતો દિલ એક કેવો,
તે જોગીને હૃદયથી નમું પ્રેમભાવે.

જે શક્ય ના દીસતું આ જગમાં સદાયે,
તે શક્ય છે કૃપાબળથી જેના સદાયે;
થાતો ફના સ્વજન કાજ સદાય જોગી,
તે જોગીને હૃદયથી નમું પ્રેમભાવે.

જે પ્રેમથી સ્વજનનું દિલ સીંચી દે છે,
ને ભાવથી હૃદયને ભરતો સદાયે;
જે ભાવથી જીવન આ વિકસાવી ર્હે છે,
તે જોગીને હૃદયથી નમું પ્રેમભાવે.

સંતોતણી જઈ રહી વણઝાર કેવી !
એંધાણ એ વિમળ પ્રેમતણી નિશાની;
સાચું સ્વરૂપ તવ પ્રેમતણું નિહાળી,
તે જોગીને હૃદયથી નમું પ્રેમભાવે.

ઓજાર દિવ્ય કશું ચેતનનું ઘડે છે,
ઘાટો ઘડે સ્વજનનાં કંઈ પ્રેમ યંત્રો;
જીવો બધાય તુજ પ્રેમ થકી ઘડાયે,
એવો વિશુદ્ધિ તવ પ્રેમ કળાય ના તે.

**—વૈકુંઠ ઉપાધ્યાય**

(શ્રી વૈકુંઠ ઉપાધ્યાય. હાલ સ્વર્ગસ્થ. પૂજ્યશ્રીના એક સ્વજન)

* * *

## "गुरुदेव तेरी जय हो"

गुरुदेव तेरी जय हो
'हरिःॐ' तेरी जय हो !
जन्म जन्म शरन तेरी आऊं
भव भोग तज जरनन पाऊं
हरि प्रेम मेरे अंतर जागे
कोटि जन्म की निद्रा भागे

प्रभो, , गुरु तेरी जय हो !
प्रिय मोटा तेरी जय हो !

श्वास श्वास प्रेम की माला हो !
विरह तेरा, अंतर ज्वाला हो !
भव-ताप सब भस्म बनें
'हरिःॐ' का नाम मुख में रहे !
प्रेमभाव विभोर बनूँ
**मोटा** तेरे प्रेम में मस्त रहूं
मन आनंद मगन बने
गुरु **मोटा** में मस्त बने !
जय हो जय हो जय हो
गुरुदेव मेरे तेरी जय हो !

**—मौनीबाबा**

(ફિરોઝપુર, પંજાબના જાગીરદારના પુત્ર. દીર્ઘ સમયના મૌન લેનાર સાધક.)

* * *

HariOm

Pujya Shree Mota
Ramanavami - Sakshatkar–Day
Souvenir

# JIVANSFULING

## CANTO : 7

## English Section

Pujya Shree Mota has His many admirers in other parts of India outside Gujrat. The articles and poems by some of them who belonged to the mother-tounge other than Gujarati and a for other who found it more at ease to write in English, are inclucled in this section.

**–Editors**

# “Mota – An Apostle On Move”

He is an apostle on move with a begging bowl in hand,
To trod and cultivate many a human land.
Cutting and chiselling our weaknesses, to ascend,
with His unmatchable Love, - a unique brand !

The apostle moves with his simple native apron
With his charm, and love, often being drapped on
A layman feels as if he is bathed on
With his touch, manifold, and embrace splashed on !

He is an apostle who moves and moves,
To collect funds, he suffers and suffers,
To legitimate causes, he pours and pours,
And, like phonix he creats and creats.

He is an apostle who has nothing for self,
Everything he has, he has for eveready help,
From stones to calls, even to pelt,
And he has fierce love, even to melt !

He untangles and tangles many a knot,
To dry, itching brains, he is total naught,
For causes many and genuine, he has fought,
Many a life, he has saved from rot.

To every Swajan, he is an individual lover,
Dipping and drying, with different waves of fervour,
Without any compliants, nor with a slight murmur,
In Lord’s name, he is an ambrosial server !

Again with bowl in hand, he is an unique apostle,
As Lord’s courier, carrying Lord’s epistle,
To sign ‘Give and Take Contract of Love’,
For births, whipping and goading, till we vow !

**–Hari Mehta**

[A beloved friend of Mota from his cradle, was reared up by Mota during the first five years of his infancy.]

❊ ❊ ❊

# Champion of Neglected Causes

## Pujya Swami Shree Krishnanand

[Welknown Saint who has renunciated the worldly life and leading a life of a monk having his 'Shanti Ashram' at Bhadaran, Dist. Kheda. He is also the author of many spiritually inspiring books which are also translated in Gujarati.]

**I have had unique privilege of having come in close contact of Rev. Shri Mota since the last twelve years.**

**Right from my first meeting with HIM** and the subsequent memorable ones, all these years, has created in me an irresistable pull towards **HIM** even as it has been the common experience of thousands of others who have been lucky enough to enjoy his saintly association.

Rev. exudes simplicity, sweetness and serenity. To put it otherwise, there is something magical about **HIS** presence, smile, laughter, talks, humour, writtings, dealings, planning and all, and keep the people gripped to HIM-openly revealing as well, **HIS** high sense of belonging and oneness with everyone and everything.

**He** does not preach high sounding and confusing philosophies. Instead, by personal example, **He** exhorts us to free ourselves from bonds of ignorance, fear, superstitions and prejudices before wanting to experience inner freedom-journey from continual - conflicts to collective calmness. As a forerunner to attaining the above spiritual state, **HE** recommends character building.

**He** appeals to open minds, minds willing to admit weaknesses, willing to improve and willing to evolve.

**His** practical suggestions to the awakened aspirants spring from the rich reservoir of **HIS** personal experiences gained by the dint of taxing confrontations and spiritual struggles. **He** is therefore a strict disciplinarian ane does not allow compromising with lapses and lethargy.

Unlike the current day irresponsible preachers, **Rev. Mota** is not cut off from the main - stream of life. This is clearly evidenced by his having championed many neglected causes which affect the general wel-being of the society.

**His** divine motto of **"Share & Bear"** has resulted in **HIS** having wondrously executed a good many educative and physical development projects costing millions of rupees-for the benefit of Gujarat and other provinces. **He** is

undoubtedly a master planner and I am inclined to believe that he is usually guided by the wisdom in the following couplets :-

**"Money & means, time, place & deed, decide these five first & then proceed."**

It is certainly our good fortune that we have been blessed with **HIS** enriching association and it behoves us all keep ourselves unremittingly engaged in the calls of self-improvement and upliftment.

With so much said, in conclusion, I wish to be understood as of the sincere opinion that the **Venerable Shri Mota** is verily great by **HIS** own attainments and wordy adulations from novices like me are not necessary to sparkle **HIS** greatness.

❊

**HariOm**

# Sustaining Faith

Vainly so oft have I implored Thee
Yet never Thy grace has favoured me.
Cruelly so indifferent why Thou art ?
I know not what faults be there on my part.
Surrendered is this heart so humbly to Thee,
Futile to cherish hopes else for me,
Return for my gift I don't expect
Know this, O Lord, and be at rest.
Solve if I can't this heart's entanglement,
A Total misfit "I"–how true the statement,
Heated shall I be when in Thy furnace bright,
My feelings so sincere shall flow so right.
Engulfs my heart this darkness deep,
Let Thy Mercy's rays through it so peep,
Him Thou helpest who helps himself,
This faith so steadfast sustains this self.

**Mota**

From "JeevanDarshan"

[From News Bulletin, Shreyas Vidyalaya, Vadodara.]

❊ ❊ ❊

# Dedicated Sadhu

**Dr. Shantilal C. Sheth**

M. D., F. R. C. P. (Lond), Hon. F. A. A. P. (U. S. A,).
F. A. Sc. F. C. P. S., F. C. C. P., D. C. H. (Lond), J. P.

[A man of great eminence belonging to the field of medicine. Great authority in his own branch of knowledge. President of Medical Council of India.]

Dear Prof. Desai,

I am writing this to congratulate you and the members of the Ramanavami Celebration Committee for bringing out a souvenir in celebration of the Realisation Day of Pujya Shri Mota of Hari Om Ashram. It is a fitting tribute to the multi-faceted humane and compassionate personality of Pujya Shri Mota. His life is an example for many of our Religious Heads, Sadhus, Sanyasins to emulate. It has rightly been said that he is a glorious and shining example of a real Sadhu in the true sense of the word. He is a devoted and dedicated self-less religious head who leads a simple life. He preaches what he practices. His practical, social and humanitarian outlook has endeared him to one and all who come in contact with him. He is an accepted religious head. He has seen through the needs and problems of the present day society and has tried to channelise and guide human endeavour in that direction. His line of thinking and contributions have helped to activate the society and give a new impetus and guide lines to the religious leaders. The various contributions by the Ashram are the eloquent tributes to the new and varied line of modern thinking that this visionary has. His contributions for the growth of youth activities, for promoting agricultural and medical research, emancipation of women, industrial research and the progress of science, low income housing projects, etc. will benefit the humanity and the modern society a good deal. It has been truly said that pujya Shri Mota is a growing example of a KARMA YOGI and a realist. It is a very happy augury that he had given a lead to the religious leaders in advising them to spend the public money for the cause of common man in these days of materialism and individualism.

On behalf of the Medical Council of India, I have great pleasure in receiving the donation of Rs. 3 lakhs for establishing a medical research award. It is in

keeping with his modern and progressive thinking. I am sure, the fruits of this research will benefit many and will be a blessing to the humanity at large.

On behalf of the Medical Council of India, I wish Pujya Shri Mota a long life to give inspiring lead in this direction by introducing new line of thought and deed in the service of humanity.

With kind regards,

yours sincerely,
sd/. **Shantilal C. Shah.**

❊ ❊ ❊

**HariOm**

# Run To My Succour

Whom shall I tell my tale of Woe ?
Dying I am - this Thou must know-
Sprinkling the waters of Thy mearcy sure,
Let this heart-plant mine so ever endure.
        Implored art Thou yet forgettest me
        Kindly at my heart Thou steady be
        Blessed be my life, if happens it so
        And Thy love's fountain for me does flow-
Ungrateful, villainous a sinner I am
'To surrendered partial'-so is Thy fame
My love so I direct to Thy feet
Security sure, Lord, let me meet.
        Even with a Master like Thee, O Hari !
        For me there be why pain and worry ?
        Immerse me O Lord, in Thy love divine
        Show me O Lord, some mercy Thine.
Elsewhere Thou showest Thy ringing might
I die, yet no concern Thou showest slight.
Duty-bound run to Succour me, Lord.
Sprinkle me Lord, with Thy sweet accord.

**–Mota**

(From : "Aartpokar")

[From News Bulletin, Shreyas Vidyalaya, Vadodara.]

❊ ❊ ❊

# Profile

## The Fragrance Of Platinum

### Shree V. Movin Kurve

[Staff Correspondent Times of India.]

In an age in which the Yogi flies his personal jet, figures in flossy, high-society magazines, and offers three-week courses in transcendental meditation, **Shri Mota might seem some what old fashioned.**

**But he too is a "modern" Sadhu-in a new, different, striking way.**

**He might be called a spiritual socialist.** He has collected and given away in wide-ranging donations over Rs. 50 lakhs. The beneficiaries are children, youths, backward classes, universities, district panchayats and municipalities.

Many wonder where all this money comes from. **"Oh, I am only God's Treasurer"**, Shri Mota explains. He does not say that he puts in a 16-hour day making charitable collections from the rich and not-so-rich, all over Gujarat. His four* Ashrams in Kumbakonam (Tamil Nadu), Surat, Nadiad and Naroda (near Ahmedabad)-are also wellknown for the modern facilities provided for meditation.

Followers and admirers of Shri Mota are meeting in Ahmedabad today to felicitate **'His Ramanvami Sakshatkar-Day.'** The platinum jubilee also marked 50 years only last year since Shri Mota was given initiation in his spiritual quest.

It is typical of Shri Mota that he would like the occasion to be commemorated in a way useful to society. He has launched a Rs. 10.5 lakh foundation which will help, finance and reward young scientists doing research in physical, medical and agricultural disciplines These "mini-Nobel Prizes" will be of the cash value of Rs.10,000 each, and will be awarded on an all India basis, by the University Grants Commission, the Indian Council of Medical Research, and the Indian Council of Agricultural Research.

Shri Mota hopes that the three prizes to be awarded by the U. G. C. Dr. Meghnad Saha Prize for Theoretical Research, Dr. C.V. Raman Prize for Experimental Research, and Dr. H. J. Bhabha Prize for Applied Research-would infuse zeal for research among young scientists and lead to the enrichment of science.

* At present only two. One at Surat and another at Nadiyad.

While a Sadhu sponsoring scientific research is unique enough, universities and munipalities are grateful to Shri Mota for the fillip his donations have given to scores of worthwhile projects. Thus, the Sardar Patel University at Vallabh Vidyanagar has embarked on a 30 volume Gujarati Encyclopaedia-on the lines of the Encyclopaedia Britannica-thanks to a Rs. 4-lakh foundation grant by Shri Mota. M. S. University-Vadodara has been bequeathed a Rs. 1-lakh recurring grant for promotion of the fine arts-vocal and instrumental music, dance, painting etc. Children may soon have a Gujarati pictorial "Book of Knowledge" because of another Rs. 2 lakh endowment by Shri Mota.

Athletics, Swimming, Hiking, Rowing and Cycling are among other likely beneficiaries of the 'Karma Yogis' munificence, in cities like Surat, Nadiad, Vallabh Vidyanagar, Vadodara and Khambhat. The Maharashtra and Gujarat Governments have been almost shamed into launching all-India swimming and boating competitions, by a Rs. 2 lakh donation given by Shri Mota.

The fragrance of encouragement of constructive activities has reached out far and wide. It includes Rs.2,500 cabled to Mihir Sen in Londan when the Sadhu heard of his feet of crossing the English Channel another Rs.2,500 to the Kheda Panchayat to plant fruit tress, and Rs.500 to Acharya Bhave for his mission of reclaiming dacoits in Uttar Pradesh.

Against this back-drop of spreading sunshine, it seems odd that Mr. Chunilal Aasharam Bhavsar (now Shri Mota) should have once attempted to commit suicide. This happened in 1921-and it proved to be a turning point. He was then gripped with chronic hysteria, ("an effeminate disease" as he called it) and thought of drowing his pain, misery and worries in the River Narmada at Garudeshwar. He jumped into the river-but waves in the flooded river threw*. him out on to a muddy embankment nearby. **"By His grace, I am meant for someting !"** muttered 24-year-old Chunilal. The attempt did not cure him of his chronic hysteria-but the "Hari Om" mantra of a yogi on the river-bank, did about six months later.

Born in a poor dyer's family in Savli, Vadodara district, Chunilal saw dire poverty as a growing boy. Taking on petty jobs, he completed his school education in Petlad, and joined the (then) Baroda College. He, however, left College in Junior B. A., in response to Gandhiji's call. From 1922 A. D. onwards-after the suicide attempt-he immersed himself in Harijan uplift work

* After jumping in the River Narmada, as soon as his leg trouched the holy water of River Narmada, a mighty storm of wind was produced from current and lifted the body of Shree Mota and threw him quite far on land on nearby bank which was about 150 feet in height from where he jumped.

under Gandhiji and Thakkar Bapa. Colleagues like Parikshitlal Majmudar and Indulal Yagnik speak highly of his didication. He courted imprisonment in four satyagrahas, spending nearly three years in jails at Yeravada, Visnagar, Sabarmati etc. However, his main interest remained in his spiritual quest-and he attained his goal on March 29, 1939 at Varanasi.

Shri Mota built his first Ashram in Kumbakonam, in 1950 and the subsequent Nadiad, Surat and Naroda* ashrams came later. These were called "Moun Mandirs" or 'Temples of Silent Meditation.' Apart from Hindus, several Parsi and Christian (American) people have written about their experiences in solitude in the ashrams. Experiences vary–but most practitioners concede that there is a spiritual aura about these ashrams–and that those in search of true peace find them heavens of contentment.

It is a measure of Shri Mota's spiritual commitment to science that he should have voluntarily agreed to donate his eyes or any part of his body to those learning medicine or likely to benefit thereby. "Erect no memorial or expensive statues when I go," he has said. "Save any money collected for a ocially worthwhile cause-that is the only lasting memorial."

Noble words from "God's earthly treasurer" !

[By the courtesy of the Times of India.]

❉

## Never The Same

Last night, Guru I dreamed,
Thou didst come to greet me.
But to me hard it seemed,
Friend, even to meet Thee.
I ran forward to hold Thee,
But could just behold Thee.
I would I could embrace Thee,
But Thou didst still grace me.
Ye vanished even as ye came,
And I was never again the same.

**–Babu Sarkar**

(A devotee from Madras, a businessman.)

* Naroda and Kubhakonam ashrams are no more in operation.

❉ ❉ ❉

# My Spiritual Guide

**Shree P. C. Goyal**
M. A., LL. B., I. R. S.

[Shree P. C. Goyal is the Retired Commissioner of Income Tax. He was serving in that position in Gujarat during the period of 1961 to 1965. Now he is at Kanpur.]

I had come to Ahmedabad on transfer from Calcutta in the year 1961, and that day in the **year 1962, when I happened to meet Pujya Mota Shri for the first time, turned out to be most auspicious for me. I say so, because the very first meeting, by the Grace of the Almighty Father, enabled me to see the invisible, viz. the Jivanmukta–a highly evolved soul dwelling in his visible body of flesh and blood.** Needless to say, my fascination for him increased progressively as I sat at his feet to learn spiritual wisdom not by precept so much, as by the depth of his Atma Vidya in action and his ready willingness to enlighten me on all sorts of points raised by me, verbally as well as in writing.

The 'height' of his virtue in the form of Humility is reflected in the first parts of his reply to my letter as thus, "Please do not address me as Mota Maharaj, simple 'Mota' would do. I am by His Grace an insignificant being and am insignificant personality, as myself cannot come under the category of 'Maharaj'.

Other spiritual problems raised by me and answered by HIM were as follows:-

"I have to see my own doshas (defects, failings etc). and I have to shed them by constant practice and *vairagya* so as to enable me to do the *prapta karma* (duties falling to my lot) better and better, more and more efficiently, carefully and devotedly with the higher motive of serving the Lord, while, the ignorant one would do so with the motive of serving the self-interest. Am I correct ?" **Ans.** "Yes, you are right... to him (the detatched and selfless soul) the *prapta karma* is Lord's work, and he cannot displease his Lord, at each moment, he is thinking of **His Grace and of His Love."**

Negatively, I put this dogma to him for clarification : Some say that a detatched and self-less worker loses interest in the *prapta karma*, does it less efficiently etc. and yet wrongfully believes that he is doing the God's will.

In reply, he pointed out the example of Shrimad Rajchandra who was a yogi and at the same time was a house-holder (grahasthashrami) under whose influence Gandhiji was attracted towards Hinduism and Aryan Culture. ‘He always used to see that by his dealings with the customers the customers too should be benefitted by their mutual transactions... “Such high souls do not always think of the immediate material gain or profit, but they give more importance to the well being of others, also.” When requested to elucidate on how an Incometax man should work according to spiritual principles, Motaji Maharaj’s answer was :

‘‘The officer’s treatment towards the people should be such that the tax-payers may not feel harassment in giving the taxes. People will feel great relief if those cases which would take a few hours are decided as early as possible. A competent officer should not be prejudiced against the tax-payers as a whole being rogues, liars and dishonest. Even if dishonesty is proved in any given case, the officer may take legal steps but he should not behave towards the evil doer with hatred and politeness. A good officer will never be impertinent to the assessees... is a living link between the Government and the people.’’

To a similar question regarding the spiritually inspired behaviour of a factory owner, his elucidation was in the following sense :-

“Factory cannot work with wealth alone. A capitalist alone cannot run it. The hands and feet of the factory are its manager, clerks and labourers etc. One whose hands and feet are healthy and strong will have proper working capacity. So, if the factory owner wishes to be happy he should discharge his duty towards his associated workers cheerfully and lovingly,... and should have such a trend of heart and head that he may feel close affinity with them. He should never surrender to their rowdyism under any circumstances.”

Once, it so happened that I was camping at the canal inspection bungalow in Nadiad. In the morning I had met Motaji Maharaj in his Ashram there, when he informed me that he would be coming to the bungalow at a certain time in the evening. He reached there at the fixed time while I was absent, because, having gone to swaminathji’s temple, my motor car gave some trouble on the way, which delayed me by about half-an-hour. After apologies I put a very natural question to him.

“When I had gone to Bhagwan's temple, for a religious purpose, and wanted to come back well in time to have satsang with you, for another religious purpose, why God allowed my car to go-off like this ?”

He replied, “It is wrong to suppose that God and his powers activate in such matters either in favour of the religious or against the ir–religious. Events of this kind have to be tolerated or interpreted in their physical perspectives without importing the hand of God therein.

❈

**HariOm**

# A Supplication

At final call, Lord, this Thou grant,
Thy name so feelingly I may chant.
Showered on me be Thy nectarly love,
Blessed, O Lord, let this pauper prove.
No more shall I then orphaned stay
A drop of Thy mercy if Thou dost pay.
Fondle my head, with Thy hand benign.
All miseries end with Thy help divine.
Omnipotent is the warmth of Thy love
Yet, for me, it does so feeble prove,
Am I a sinner so abject low,
Thy glance of grace I do not know ?
Devoid of sense, a dunce am I,
Surpassing all fools, a super fool I.
Lovingly guard each moment of mine.
I shall mess up all with no help Thine.
Ceasest Thou, if, to care for me.
A wretched death my end shall be
Be Thou my guardian, and watch my way
Guide me, O Lord if I go astray ?

**–Mota**

(From ‘JeevanDarshan’)

[From News Bulletin Shreyas Vidyalaya, Vadodara.]

❈ ❈ ❈

# Shree Mota's Sustaining Grip

**Prof. Shyamsundar Gupta**
M. A.
[Proffessor of English in Ferozepor College. He is in-charge of MAUN MANDIR at Ferozepor]

**"It is hypocrisy-coming here all the distance. This body is just clay and the Ashram, and edifice of mortar and bricks. Unless you lead a 'Sativic' life, observe complete Brahmcharya and constantly recite Name with love and devotion, coming here to meet Mota or entering for 'Maun' will be of no use.** Without active Sadhana and 'Sat Karmas' no progress is possible. Only by your doing so would I become receptive and act for your spiritual uplift through some 'Nimitt' and possess your spiritual heart. If your practice so you may have some Divine experiences in Maun, otherwise only pure good 'Sankalpas' will be formed, Cry to Him and pray, May God bless and help you"...

These were the words with which Pujya Shree Mota greeted me as I bowed at His Lotus feet when I went to meet him and to enter Maun Mandir at Surat last in June 1968. In one stroke he had fixed me to my place and shown me his assessment of may pace of development to which I was not unaware, though. This was also, perhaps, in answer to my unexpressed wish for a long time past to request Shree Mota to bless me with an experience of Samadhi just once so that I may pine and struggle for it throughout the rest of my life.

Yet it was not for first time that he had blessed me for blessing it was to be addressed in such a frank, straightforward and piercing vein by, of all the persons, Shri Mota. Even on my two earlier visits he had occasions to come closer to me in that thought-provoking, jolting and fault realizing manner. Obviously He was tunning my heart-strings.

However, Shree Mota has also been so indulging, overlooking and condescending : "GuptaJi, Mota remembers you very much. There is a chain of relations between us which your intellect cannot comprehend." He remarked the same evening to me during our talk.

He has also been regretting and expressing his sorrow over my failures. The next afternoon he was finding some difficulty in passing urine on account of his prostrate glands and I suggested that why he did not get it operated. His answer was; "This passing of urine is of no trouble to me. If it does not pass now, it will pass after some time. But I feel greatly pained and troubled if someone proves untrue to Mota."

Outside the Maun Shree Mota is very accomodating and is soft and tender like a mother. Inside he is very strict, ruthless and exacting. It does not mean, however, that he believes in 'double-dealing'. He actually acts according to a Sadhak's need differently on different occasions. He is never casual. Whenever he talks even though, as it may appear, in passing, he is very serious and his words are very significant which must not be taken lightly. And the other, which is the most important in Shree Mota, is that once he takes hold of you, he will never leave you even if you prove untrue to him and do not heed to him, though at your own peril. He is a fountain of compassion, love and mercy.

Since I met Shree Mota for the first time in May, 1961, I have all along been conscious of his loving grip that has never relaxed its subtle hold on my mind although I have been often acting contrary to his injunctions. No doubt my behaviour has stood seriously in the way of my spiritual progress, yet I have always had an awareness that he would never let me go beyond the point of no return.

I have often complained to him of my want of Brahmacharya and have pleaded for his help on my every meeting with him. But unfortunately, whenever his help was available, I missed it through my ignorance and also because I did not understand the significance of his casual words, as I took them to be. During my first visit, before I returned, he presented me through Nandubhai, a pair of his loin clothes, which earlier he had asked me to wear in Maun. And the fool as I was, I have lost them during these years. During my second visit in 1964 he, on my requests, initiated me formally and presented me his photograph in miniature embossed on a stone. I wore it in my ring and I cannot express its symbolical power in sustaining me. But as I gradually slipped towards degradation over these years I found it one day, to my utter surprise, missing from my ring. It was about two years back. So that I may not take it as a chance, the similar thing happened to a friend of mine within a couple of days who had also got it from Surat Ashram during one of his 'Mauns' and who had also gone off the track-He has since then rehabilitated himself and is progressing fast on the spiritual path. I have only been able to preserve some flowers which Shree Mota was so gracious to bless me with during my first visit. These have been of tremendous help to me and the other members of my family in tiding over many calamities in our lives.

However, I have observed that as I have been falling headlong on the precipitous path of my life from one mistake to another, Shree Mota has been bearing with me with such a patience and tenacity that I don't find some-times even in one's parents.

I remember that when I started drinking again, during early stages, he would invariably appear to me in my dream that night in on form or the other. It was very intriguing and I could not understand its significance till it was too late. I did not take the hints that by thus coming to me, he was reminding me and warning me of my lapses. For a pretty long time he persisted in this way, and I presisted on my own and a time came when these visions would not recur.

With the dropping of his photo from my ring he also changed his method. Now he was becoming more strict and the 'grip' was tightening. I opened a Poultry Farm adjoining my house in partnership with one of my relatives to supplement my income. Of course, I did not have the heart to write to Shree Mota. Within a few days of the arrival of one day old chicks, one evening, I got suddenly conscious of a nodular growth in my throat which assumed a serious turn within a week's time despite the best medical care available locally and I was complaining of choking and difficulty in breathing. I had to rush to Delhi and got it investigated at All Indial Institute of Medical Sciences. It was diagnosed to be an adenoma of Thyroid which had pressed and deflected the trachea. And as it was found to be a cold nodule. I was admitted forthwith and had to undergo a major operation of Hemithyroidectomy. The surgeon appreciated my promptness in going over to the Institute as it could have developed into cancer. I remembered Shri Mota's blessings who, on hearing from me that it was suspected to be a cancerous growth, had observed in his rejoinder that he hoped it would be a benign one. Just before the operation, Biopsy investigations showed it to be a benign one. By Shree Mota's grace, symbolised also by those preserved flowers which I always kept with me, tied to my arm in a handkerchief, during my operation and afterwards. I recovered fast and was discharged form the hospital earlier than is usual in such cases.

In 1964 my father was operated upon for Hiatus-Hernia which is also a major operation. We kept these preserved flowers under his pillow during his operation and convalescence. The Surgeon's remarks while discharging him from his Nursing Home were that he had never seen such a remarkably fast recovery in such cases.

After the first season my partner left the poultry business scard away by the last Indo-Pak war, but I decided to continue in this business alone in order to recover the losses suffered during the first year. And the second session was heralded by the serious illness of my youngest son. After his chest X-Ray and other investigations the doctors here diagnosed it to be a case of Pulmonary Tuber-culosis. We put him on the specific treatment. However in answer to our prayers to Shree Mota, an inner voice urged me to take him to Delhi where the specialists told me after his chest scrutiny that it was just a Pnemanatic patch which had disappeared. For the second opinion he referred to the top radiologist of Delhi who compared the X-Ray taken by him to the earlier X-ray taken here. He wrote in his report that the erosion seen in the earlier X-Ray had been completely resolved. His Monto test was taken. Surprisingly, it was negative which indicated that even the germs of Tuber-culosis had never entered the child's body and he was, therefore, protected by B.C.G. Vaccination. Shree Mota's grace was acting in its own subtle and sure way. Surely it could not be otherwise, for T. B. cannot be cured by 2 or 3 days treatment.

Yet my eyes did not open. I did not realize that I was being led to such crisis and then saved miraculously at the eleventh hour so that I might relent and give up my circuitous path. I could not, for practical and financial, reasons close the business abruptly though I decided and also intimated to Shree Mota, for the first time, that I must terminate it on completion of this season whether I earn or lose and never think of such ventures again. The season is cowing to the close and I think I shall suffer a heavy financial lose. But what of that ?

As regards Brahmcharya I could not maintain it and have often passed through interludes of dissipation. Despite my consciousness of the evil effects of such behaviour and actions and thoughts which are 'Unsatvic', I succumbed to the temptations whenever these seduced me. One fine day-about a couple of months back-I suddenly got conscious of the bankruptcy of my potency. Of late I have got allergic to strong drinks which causes stuffy nose and difficulty in breathing and though the temptation is still there, I am increasingly getting sick of it. His grip is, now, perhaps, manipulating itself in a different way which, though jerking and jolting, is more effective for persons of my incorrigible and stubborn nature, product of weak will-power. It appears that my past 'Sanskaras' are so powerful that, inspite of myself I have been drifting irresistably towards 'Kama', 'Krodha', 'Lobha', 'Moha', 'Ahankar', Tamasa and 'Rajas'.

I have never been oblivious of my failings, my weaknesses and my lapses. I have been introspecting and praying for forgiveness. And not even once, despite my gross short–comings and spiritually anomalous behaviour and actions, has Shree Mota failed me. He has been adopting both the methods-soft as well as strong–to help and mend me. And to take out the dross from my mind he has been even twisting his finger when I did not respond to the straight one.

He still abides with me and His grace is ever raining its 'Manna–dew'. Only I have to be receptive to him and positive in my attitude. To squeeze away even the last drop of venom from my mind, as I feel, all my legitimate and illegitimate desires have been fulfilled. Shree Mota has been condescending to do so in order to make me realize their hollowness and also to show that their satisfaction does not terminate the process, rather it intensifies the thirst and the cravings.

The process is continuing. The struggle is on. The competition is persisting – whether my 'Sanskaras' win in throwing me into the inferno of spiritual hell or His Grace sustains me through these vicissitudes till one day, all passions spent, I find myself awake to a new Heaven, and, chastened, to diligently work out my own salvation.

Shree Mota's Subtle spiritual grip is ever tightening despite the challenge of my circumstances.

"I have not repeated His Name
Nor made penance, practised austerities nor been pious,
I have not served my Lord's saints nor thought of Him,
Nanak saith, my acts have been low,
Preserve me from Shame O, Lord,
Since I take my shelter in Thee."

❊ ❊ ❊

# Prayer Songs In Rev. Mota's 'JeevanDarshan'

**Principal Rajnikant Jani**

M. A. LL. M.

[Principal of Shreyas Vidyalaya, a High School of Vadodara. The School is running with sound blessings of Shree Mota. Shreyas Vidyalaya News Bulletin has been giving in its month issues translations of prayers from 'JeevanDarshan' for the last three years. The article is based on the translation apperaring in the News Bulletin. Some specimen are also given elsewhere in this section.]

Revered Shree Mota's **'JeevanDarshan'** is a book remarkable in itself. It is in the form of a collection of letters addressed to Shree Hemantkumar Nilkantha, when he was treading his first steps on the path of Sadhana. But the book is much more than a mere collection of letters. Shree Nilkantha as a novice to the path of Divine Realization was often very naturally bogged down on his way, beset with confusing problems and conflicting doubts. The letters were meant to show him guide lines providing a solution to the problems confronting him.

Whle guiding Shree Nilkantha, Shree Mota has very deftly woven his intimate autobiographical events in support of the clarifications and explanations offered to him. So every letter breathes an air of solicitude for one bent on Divine Realization, and is in the nature of a true guide, philosopher and friend.

At the head of each letter is a prayer which welled up from the heart of Shree Mota he himself was in that state of volcanic urgency of seeking ultimate merger with the Supreme Entity. Shree Mota is fully in agreement with Tennyson who says–

"More things are wrought by prayer
Than this world dreams of"

To Mota prayer is his very life blood. But according to Mota the prayers in 'JeevanDarshan' are not mere lyrical outbursts. They have a definite significance. About this Shree Mota explains :-

"When we are striving most sincerely and strenously to be completely in tune with our intense urge towards Sadhana, if there arises a slackening in that intense urge, and if to do away with this slackening we struggle the way

we should-through praying, such a rare answer is received to our praying by the emergence in that prayer on upsurge of intense feelings-This is an experience too intimate for words. The inner mosts sentiments of the heart receive the answer quite akin to them - When this happens the result aimed at is achieved.

Let this be very clearly and explicitly understood that nothing is achieved in respect of Sadhana or fulfilment of life by a mere literary prayer."

Thus the prayer at the head of every letters is indicative of the problem faced by the Sadhaka and of the way out suggested by Shree Mota–A convincingly appropriate autobiographical episode is interwined with the deft solution and guidance lent by Shree Mota.

The sequence of the letters and the head of them have a special significance. They give us an indication of different stages through which the Sadhaka is passing and finally is assured of reaching that stage where the totality of Sadhaka's unification with the Divine Essence is achieved when "all conflicts end, all doubts cease."

The prayers as a rule are more or less uniform in content as they echo a cry from the heart of the Sadhaka in his sustained state of inadequacy in achieving what he is struggling to achieve.

The prayers in general start with a frank expression of the object unfitness of the Sadhaka to achieve the high ideal he has set for himself. Lines like the following express this :-

"A Thickheaded fool sure am I
Easily lured, to temptations fly.
In ignorance sheer I forget Thee
O hope of the forlorn, why forget me !"

also –

"Devoid of sense a dunce am I
Surpassing all fools, a super fool I."

Then follows an intense yearning on the part of the Sadhaka to get a glimpse of and to seek merger with the Divine Entity, which finds expression thus :-

"The lotus feet's comfort when shall I see ?
Assuaged my heart's thirst when shall it be ?
When will Thou teach me Thy secret lore ?
When will Thy shelter for me assure ?"

But inspite of his intense yearning the Sadhaka is conscious of his limitations which he does not hesitate to lay bare before his Master thus

"Service upto Thee what can I render ?
Praiseful prayer how can I tender ?
Worship Thee mentally truly I can't ?
Foolishly, hence, Thy name I chant."

But inspite of his short comings and incompetence the Sadhaka is firmly determined to go ahead on the path of God realization. This finds expression in lines like–

"Even mounts of misery shall I firmly face
And a death so dreadful even embrace."

OR

Striving ceaseless with spirit all
Goal I shall win, though life may fall.

The devotee, however, has an infinite faith in the abiding compassion of God and so he says,

"Though a foolish lustful rogue I be
Thy Mercy's grace shall sure save me."

He is sure that if he holds on to his path, God will surely help him, and he says,

"Him Thou helpest who helps himself
This faith so steadfast sustains this self."

Finally the Sadhaka realises that his salvation lies in complete surrender to God and so he says :

"Surrender to Thee is my supreme bliss."

OR

"In surrender my faith shall mature be
Thy grace shall fill this heart of me.
This faith alone does keep me going
With heart fortified and faith a glowing"

The yearning for the Divine light is always there and the prayer ends with an appeal to the Supreme Being for light and guidance such as–

"Be Thou my guide and watch my way
Guard me, O Lord, If I go astray."

Ultimately, the Sadhaka is quite confident of achiving his Supreme bliss, and he expresses this faith thus–

“My miseries shall end sure at Thy feet
And enjoy shall I life’s rarest treat.”

❈

**HariOm**

# Forgive This Fool

When this heart begins to falter,
Thy aid I need in a measure greater
Alone, myself I cannot stand,
So vitalise me to strive to the end.
Offering my head at Thy lotus feet.
Enshrine Thee I in the heart’s retreat.
My heart-sprung prayer though dry and dull,
Thou accepting it, be merciful.
Tired to death, have I wandering been.
The same ill fate this life has seen.
Efforts desperate to escape I make.
Yet Thy grace alone can see me safe.
Without Thy help, a weakling I,
Imploring Thee, I almost die,
If mercy’s ocean Thou truly art,
A little drop to me Thou grant.
Why from me Thy love Thou sparest ?
I am so loathesome, this Thou barest.
If I have ever offended Thee,
Deem me a fool, and forgive me.

**–Mota**

(from ‘JeevanDarshan’)

❈ ❈ ❈

# Unique Saint

**Shree Rasiklal Barai**

[A merchant in Madras* having old and long relation with Pujya Shree Mota]

Pujya Shree Mota is an unique Saint who wants the Society to awaken from its present lethargy which is deep rooted since thousands of years, through his Mission to cultivate Guna & Bhava in the young and old.

There is no age bar to cultivate the above two main qualities in man's heart. Pujya Mota in his mission tells the people those are near and dear to him to contribute their might of wealth to the cause of uplift of the Society.

Though the Government is doing all this to uplift the society, it has miserably failed. So, people have no faith in Govenment efforts and the Government cannot do this magnificient job alone. Pujya Shree Mota has thus taken up a noble job on his ownself. He himself has contributed everything he had to the uplift of the society viz., poor and trodden. Unless people understand this, society cannot come up; and society has to come up of its own accord and no use of depending on the Gavernment.

So, I request to all those who know Pujya Shree Mota to contribute their might to this noble cause to fulfill his mission during his lifetime. A river though very thin in the begining i.e., at source, looks like a sea when it joins the sea. Like that though Pujya Mota's begining in this mission looks small in the begining, in the end it will be like a river joining the sea. Shortly, it all depends on the contributions of the society towards this mighty Mission.

I know Pujya Shree Mota since more than 3 decades, doing this noble work even without caring his own health, for the sake of troddden poor society. He says that my God is in the society and not Apart from the society. He is a *great karma* yogi and all pray Almighty to bestow success on his selfless devout mission.

❈ ❈ ❈

* Chennai

**HariOm**

# With Raging Fires All Around

With raging fires all around,
No hope of escape ever found,
Nowhere this heart does ease enjoy
Scarce for this ill-fated true sorrow or joy.

No greater idler than I is here
Senseless talk to me is dear
My days I pass in doing nothing
Hereafter what ? Know I not a thing.

delf controlled still I have not been
Constant efforts though make I keen
"Struggle to the end", my motto be
Failure or success lies with Thee.

Thy willing bonds-man have I been
Supermost bliss in Thy slavery seen
A wee dust particle at Thy feet
Blessed state this, be my sole retreat.

Thought-borrow have I never been
I take the way my heart be keen
Reaching by habit the heart of the matter
I help myself to know things better.

Hadst Thou suffered what I've done
A trying test Thou 'wouldst have known
And a bit of mercy wouldst have shown
But futile this ! Thou hast not known.

**–Mota**

(From 'JeevanDarshan')

❊ ❊ ❊

**HariOm**

# "Strengthen Me."

My faults and failings
Admit I at thy feet,
Chastisment all
So humbly meet.
Though cautious am I.
Yet I go astray
Warned. still a fool,
ever I stay.

My fear - free shelter
Thou truly art,
Snowing I betake it,
With all my heart
Lovingly so gathered
In Thy blissful fold
When I so fortunate
Myself behold ?

Ever Thou help me
In distress dire
Steeled be my heart
To sufferings, sire,
Be I strengthened,
So that single handed
I grapple with them
And see them ended.

**–Mota**
(From 'JeevanDarshan')

* * *

॥ હરિઃૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-મોટા**

# આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા-ટેપવાણી | ૧૮ |
| ૪. | શ્રીમોટા પ્રવચન-વાણી | ૭ |
| ૫. | સ્વજનોને શ્રીમોટાના પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૩ |
| ૮. | જીવનકવન | ૧૦ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |
| ૧૩. | આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. | અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. | જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. | ભાવ | ૧૯૭૧ |
| ૧૭. | જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. | જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. | જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. | જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. | શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. | જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. | જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. | જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. | જીવનઆહ્લાદ | ૧૯૭૨ |
| ૨૬. | રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. | નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. | ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. | જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. | જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. | જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. | જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. | જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. | પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. | મોહ | ૧૯૭૩ |
| ૩૬. | કૃપા | ૧૯૭૩ |
| ૩૭. | સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. | શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. | કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. | જીવનપ્રભાત | ૧૯૭૩ |
| ૪૧. | જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૨. | જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૩. | જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૪. | જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૫. | ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૬. | ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૭. | ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૮. | ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૯. | ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૫૦. | જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. | મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | શ્રીમોટાની દાંપત્ય-ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા-પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

•

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા-ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | **મોટા** - મારી મા | ૨૦૦૩ |

•

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

•

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મ-મૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | શ્રીમોટા-વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા-જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી **મોટા**નો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના **મોટા** | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ (શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ) | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટાચરણે-આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટાચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

•

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तकों का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम (श्रीभगवान के अनुभव का स्थान) | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के **मोटा** | २०१२ |
| ११. | विद्यार्थी **मोटा** का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## English book available at Hariom Ashram Surat.

**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet | 1948 |
| 2. | To The Mind | 1950 |
| 3. | Life's Struggle | 1955 |
| 4. | The Fragrance Of A Saint | 1982 |
| 5. | Vision Of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-Interest | 2005 |
| 9. | Inquisitiveness | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites And Rituals | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota For Children | 2008 |
| 14. | Against Cancer | 2008 |
| 15. | Faith | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human To Divine | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace | 2012 |
| 20. | I Bow At Thy Feet | 2013 |
| 21. | Attachment And Aversion | 2015 |
| 22. | The Undending Odyssey (My Experience Of Sadguru Sri Mota's Grace) | 2019 |

●

॥ હરિ:ૐ ॥



હરિઃ ૐ

આકાશે પ્રસરેલ છે અનંત જે અનંતતા
તેમ પ્રત્યક્ષ છે ગૂઢ શ્રીહરિની અનંતતા.
સૂર્યને ઓળખાવે છે ઉષા, પ્રભાત, તેમ તે
તેનું અનુભવાય છે ઝાંખી દાન હરિની જે.
મહાશિવરાત્રી : ૩ : ૩ : '૭૩ ; મોટા

કિંમત : રૂ. ૭૫/-